गुजराती भाषानी उत्क्रान्ति

(बारमा सैकाथी अढारमा सैका सुधी)

श्री. ठक्कर वसनजी माधवजी व्याख्यानमाला

गुजराती भाषानी उत्क्रान्ति

(बारमा सैकाथी अढारमा सैका सुधी)

व्याख्याता

अध्यापक बेचरदास जीवराज दोशी

प्रकाशक

मुंबई युनिवर्सिटी

१९४३

Rs 215=00

Printed by M. N. Kulkarni, at the Karnatak Printing Press,
Karnatak House, Chira Bazar, Bombay and published
for the University by S. R. Dongerkery, Registrar,
University of Bombay, Fort, Bombay 1.

वक्तव्य

मने १९३८-३९ नां ठ० ठक्कर वसनजी माधवजी व्याख्यानमाळानां व्याख्यान आपवा मुंबई-विद्यापीठे मने आमंत्रण आप्युं, ते अनुसार में ता. ५थी ९ फेब्रुआरी १९४० नी दरमियान उक्त विद्यापीठना मकानमां 'गुजराती भाषानी उत्क्रांति' (भाषा संबंधी [illegible]) ए विषय ऊपर पांच व्याख्यानो आप्यां. ते अहीं प्रकाशित थाय छे.

आ व्याख्यानोमां अंगे अने अमदावादना शेठ कस्तूरभाई लालभाई ज्ञानविद्या-लयना पुस्तकालयनो, भरूचना विद्यालयना पुस्तकालयनो, गुजरातवर्नाक्युलर-सोसायटीना पुस्तकालयनो तथा भोगीलाल लेहेरचंद पुस्तकालयनो मारा माटे उपयोग करवा देवा बदल ते ते पुस्तकालयना संचालकोनो हुं आभारी छुं तथा जे जे ग्रंथकारो अने ग्रंथसंपादकोना ग्रंथोनो अहीं उपयोग थयेलो छे ते बधाने पण हुं तेमनुं ऋण स्वीकारुं छुं.

व्याख्यानोनां श्रुति अविशेष भाषणोनी लखाणो छे, तेम छतां कोई स्थळे दोषोने गुणग्राहक वाचको शुद्ध करीने समजवानी कृपा करशे.

विषय, व्याकरणशास्त्रनो होवाथी नीरस अने लूखो छे तो पण अहीं तेने सरळ रीते समजावता माटे बनतुं थतुं ज कर्युं छे. आवा विषयो जेम वधारे गंभीर तेम वधारे सरळ अने स्पष्ट थवा योग्य छे.

व्युत्पत्ति अने व्याकरणशास्त्रना मारा प्रिय विषय संबंधे बोलवाने मुंबई-विद्यापीठे मने अवसर आप्यो ते माटे तेनो हुं सविशेष आभारी छुं. तथा आवा शुष्क विषयने पण मारां भाषणो वखते अधिक श्रोताओए सांभळीने मने उत्तेजन आप्युं ते अंगे तेमनो पण हुं आभारी छुं.

ओगस्ट ९-१९४१
अमदावाद.

बेचरदास जीवराज दोशी

विषयानुक्रम

व्याख्यान पहेलुं–आमुख–पृ० १—२१८

कंडिका	विषय	पृष्ठ
१	उपक्रम	१
२	हेमचंद्र, गुजरातीना पाणिनि अने वाल्मीकि	२
२	निबंधनो क्रम	२
३	शब्दस्वरूप	३
,,	शब्दस्वरूप विशे अनेक मतो–कपिल	९
,,	गौतम–कणाद	१०
,,	जैन	,,
,,	बौद्ध	१२
,,	पतंजलि–भर्तृहरि	,,
,,	शब्द अने शब्दार्थ	१३
४	भाषास्वरूप–	१३
,,	'शब्द'नुं मूल "शप् आक्रोशे" धातुमां	१४
५–६	भाषाभेदनां निमित्तो अने भाषाना भेदप्रभेदो	१४
७	शुद्ध उच्चारणवाळा समाजमां पण भाषाभेदनां निमित्तो	१५
८	उच्चारण करनाराओनी विविध परिस्थिति अने उच्चारणो उपर एनी विधविध असर	१७
	अवेस्तानुं उच्चारण	१९
९	पोतानी कल्पना प्रमाणे शुद्ध उच्चारणोना प्रचारनो प्रयत्न छतां पोते कल्पेलां अशुद्ध उच्चारणो कदी भूंसावानां नथी	१९
१०	शुद्ध उच्चारणो माटेनो प्रयत्न	२०
,,	छेवटे अशुद्धने पण शुद्ध मानीने चलावबुं पड्युं	२१
११	संस्कृतमां पण बीजां उच्चारणोनी असर	२२
१२-१३	यास्कनुं उदाहरण	२२
	पाणिनिनुं उदाहरण	२३
१४	उच्चारणभेदनुं परिणाम	२५
१५	संस्कृतमां अन्य भाषाना धातुनो प्रवेश, ए विशे यास्क अने भाष्यकार	२६
१६-१७	वेदोमां पण अनार्य शब्दोनो प्रवेश	२७
१८	विविध उच्चारणोनुं सांकर्य छतां संस्कृतिनी दृष्टिए भाषा–भाषा वच्चेना भेदनी परख	२८

कंडिका	विषय	पृष्ठ
१९	तुलनात्मक रीते सर्व आर्यभाषाओना मूलभूत व्यापक प्राकृतनी चर्चा	२८
,,	व्यापक प्राकृतनुं साहित्य	२९
२०	आदिम प्राकृतनुं स्वरूप अने समय	२९
२१-२२	जीवती वैदिक भाषा अने आदिम प्राकृत ए बन्ने एक ज छे	२९
२३	जीवती वैदिक भाषामां उच्चारणोनुं अनियंत्रण	३०
२४	जीवती भाषामां उच्चारणोनी व्यवस्था न ज रही शके	३०
,,	महाभाष्यकारे दर्शावेलां उच्चारणोनां दूषणो	३१
२५	जीवती भाषामां एक ज शब्दनां विविध उच्चारणोनां उदाहरणो	३२
,,	आवेस्तिक पदो	,,
२६	स्थूल पदार्थना परिवर्तननी पेठे भाषादेहनुं परिवर्तन शीघ्र गम्य थतुं नथी	३३
२७	आर्योनो विस्तार अने तेमनी भाषानुं परिवर्तन	३४
,,	विजयी अने पराजित प्रजाना संपर्कथी भाषानुं परिवर्तन	,,
२८	आर्योना अंतःपुर सुधी आदिम जनतानो प्रवेश अने तेनी भाषा ऊपर असर	३५
२९	आर्य भाषामां प्रवेशेल म्लेच्छ शब्दोनो अर्थ जाणवा म्लेच्छोनी सहायता	३६
,,	आर्यशाखानी अने म्लेच्छशाखानी भाषा जाणनारा द्वैभाषिक आर्यो	३८
३०	म्लेच्छपदोने बोलवानी आर्योए स्वीकारेली उच्चारणपद्धति	३९
,,	केटलाक द्रविडी शब्दोनां आर्योए करेलां उच्चारणो	,,
,,	द्रविडी पदोनां एवां उदाहरणो	४०
३१	ह्युएनसंगनां उच्चारणो अने आपणा शब्दो	४१
३२	अंग्रेजोए करेलां एवां विलक्षण उच्चारणोनां उदाहरणो	४२
३३	भाष्यकारे अने हेमचंद्र वगेरेए दर्शावेलां एवां विलक्षण उच्चारणोनां तथा अनार्यपदोनी व्युत्पत्तिनां उदाहरणो	४३
,,	अनार्यशब्दनुं आर्योए फेरवेलुं उच्चारण	,,

कंडिका	विषय	पृष्ठ
३३	खास विशेष प्रकारना 'घोडा' माटेना शब्दो	४४
,,	बीजा शब्दो	४५
३४	व्यापक प्राकृतनो उद्भव	४६
३५	'प्राकृत' शब्दनो अर्थ	,,
३६	लौकिक संस्कृतनी घटना अने तेनुं प्रयोजन	४७
३७	लौकिक संस्कृत समग्र-लोकव्यापक न हतुं	४८
३८	'लौकिक संस्कृतनो विकार ते प्राकृत' ए मतनो प्रतिवाद	४९
,,	उक्त प्रतिवाद विशे पांच हेतुओ	,,
३९	लौकिक संस्कृत ऊपर पण आदिम जातिओनी भाषानो प्रभाव	५०
४०	जीवती वैदिक भाषानो वारसो व्यापक प्राकृतमां छे	५१
४१	ए विशेनां उदाहरणो-बाहुल्य (१)	५१
	धातुओमां गणभेद नथी (२)	,,
	आत्मनेपद-परस्मैपदनी अनियतता (३)	५२
	'ते' नो ए (४)	५३
	कालव्यत्यय (५)	,,
	विभक्तिव्यत्यय (६)	५३
	अन्त्यव्यंजनलोप (७)	५४
	'स' नो ष (८)	५५
	'र' नो लोप (९)	,,
	'य' नो लोप (१०)	५६
	'ह' नो ध (११)	,,
	'थ' नो ध (१२)	,,
	'य' नो ज (१३)	५७
	'ह' नो 'घ' अने भ (१४)	,,
	'ड' नो 'ल' तथा 'ळ' (१५)	,,
	अनादिस्थ 'य' अने 'व' नो लोप (१६)	५८
	'र' नो वधारो (१७)	,,
	अनादिस्थ 'च' अने 'क' नो लोप (१८)	,,
	आंतरवर्णनो लोप (१९)	५९
	स्वरभक्ति (२०)	,,
	'ऋ' नो 'र' अने 'उ' (२१)	६०
	'द'-'ड' (२२)	६१
	'अव' नो 'ओ' अने 'अय' नो 'ए' (२३)	,,
	संयुक्तनी पूर्वे ह्रस्व (२४)	६२
	'क्ष' नो 'छ' (२५)	,,
	अनुस्वारनी पूर्वे ह्रस्व (२६)	,,
	'विसर्ग' नो 'ओ' (२७)	६३
	संयुक्तनो लोप थतां पूर्वस्वरनी दीर्घता (२८)	६३

कंडिका	विषय	पृष्ठ
	निपातोमां दीर्घ उच्चारण (२९)	६४
	अक्षरव्यत्यय (३०)	६५
	हेत्वर्थसूचक प्रत्यय (३१)	,,
	आज्ञार्थसूचक मध्यम पुरुष एकवचन (३२)	६६
	संबंधक भूतकृदंत (३३)	,,
	'भि' अने 'हि' (३४)	६७
	त्रीजो पुरुष बहुवचन 'रे' प्रत्यय (३५)	,,
	वैदिक रूपो अने व्यापक प्राकृतमां रूपो (३६)	६८
	गुजरातीनो भाववाचक 'आइ' प्रत्यय (३७)	६८
	गुजरातीनो 'नो' प्रत्यय (३८)	६९
	अनुस्वारलोप (३९)	,,
	द्विवचन अने बहुवचन (४०)	७०
	लिंग वगेरेनो विपर्यय (४१)	,,
	'अन' प्रत्यय (४२)	,,
	भूतकाळमां आदिमां 'अ' नो अभाव (४३)	७१
	संधिनो अभाव (४४)	७१
	केटलाक धातुओ (४५)	७२
	'णो' प्रत्यय (४६)	,,
	विभक्ति विनाना प्रयोगो (४७)	७२
	दिवेदिवे (४८)	७३
	गुजराती 'ई' (४९)	,,
	अकारांत अने अकारांत सिवायनां नामो माटे समान विधान (५०)	७४
	'कुह' अने 'न' नो प्रयोग (५१)	,,
४२	व्यापक प्राकृतमां जीवती वैदिक भाषानुं प्रतिबिंब	७४
४३	तळपदी गुजराती अने जीवती वैदिक भाषा	७५
४४	'प्रकृतिः संस्कृतम्' वाक्यना अर्थनी संगतता अने असंगतता	७६
४५	प्राकृतने समझाववा संस्कृत वाहनरूप छे	,,
,,	जेम 'वैदिक'ने समझाववा संस्कृत वाहनरूप छे	७७
४६-४७	पाणिनिना समयनो शिक्षितवर्ग संस्कृतप्रिय	,,
४८	भाषातत्त्व अने इतिहास-दृष्टि	७९
	आदेश अने स्थानी	,,
४९	'पालि' भाषा माटे 'पालि' वाहन	८१
५०	'प्रकृतिः संस्कृतम्' विशे रुद्रटनो टीकाकार	८१
५१	राजशेखरनी प्राकृत-भक्ति	८३

कंडिका	विषय	पृष्ठ
५२	वाक्पतिराजनी प्राकृत-भक्ति	,,
५३-५४	आदिम प्राकृत अने लौकिक संस्कृत वचेनो भेद	८४
५५	व्यापक प्राकृत अने लौकिक संस्कृत ए बन्ने बहेनो छे	८६
५६	नानी बहेन संस्कृत ऊपर मोटी बहेन प्राकृतनी प्रबल असरनां उदाहरणो-	८६
	'स्थाल' अने 'थाल' (१)	,,
	'शूर्प' अने 'सूर्प'(२)	८७
	'श' नो 'स' 'स' नो 'श' तथा 'प' नो 'स'	८८
	'क्ष' नो 'ख' अने 'क्ष' (३)	८९
	'त' नो 'ट' (४)	,,
	'र' नो लोप (५)	,,
	स्वरभक्ति (६)	९०
	अनुस्वारयुक्तता (७)	,,
	'आ' नो 'अ' (८)	,,
	'इ' नो 'ए' (९)	९१
	'अ' नो 'आ' (१०)	,,
	'ऋ' नो 'रि' (११)	,,
	'भ' नो 'व' (१२)	,,
	'ण' नो 'ल' (१३)	,,
	'औ' नो 'उ' (१४)	,,
	'न' नो 'ण' (१५)	
	'ह' नो 'थ' (१६)	९१
	'त' नो 'ट', 'ठ' (१७)	,,
	'स्म' नो 'म्म'	९२
	तथा 'क' नो 'ग' (१८)	,,
	'ट' नो 'ड' (१९)	,,
	'ब' नो 'व' तथा 'द' नो लोप (२०)	,,
	'ड' नो 'ल' (२१)	,,
	'स' नो लोप (२२)	,,
	'य' नो लोप अने	९३
	'र' नी वृद्धि (२३)	,,
	'क' नो लोप (२४)	,,
	'द' नो लोप (२५)	,,
	'म' नो 'व' (२६)	,,
	'व' नो 'म' (२७)	,,
	'स' नो 'प' तथा	,,
	'ख' नो 'ह' (२८)	,,
	'प' नो 'व' (२९)	,,
	'व' नो लोप (३०)	,,
	'क्ष' नो 'ख' (३१)	९४
	'य' नो लोप (३२)	,,
	'क्ष' नो 'छ' (३३)	,,
	'त्स' नो 'च्छ' (३४)	,,
	'त' नो 'थ' (३५)	,,
	'ति' नो 'रि' (३६)	,,
	'य' नो 'ज' (३७)	,,
	'ह' नो 'घ' (३८)	९५
	'द्र' नो 'द' तथा 'र' लोप (३९)	

कंडिका	विषय	पृष्ठ
	'श्च' नो 'छ' (४०)	९५
	अनुस्वारलोप (४१)	,,
	वचला स्वरनो लोप अने वचला स्वरसहित व्यंजननो लोप (४२)	,,
	'थ' नो 'ध' (४३)	९६
	'ई' नो 'ए' (४४)	,,
	'क' नो 'ग' 'अ' नो 'इ' 'इ' नो 'ए' (४५)	९६
	'र' नो 'ल' तथा 'ऋ' नो 'ऌ' (४६)	,,
	'ल' नो लोप (४७)	९७
	'श' नो 'ष' (४८)	,,
	'द' नो 'त' (४९)	,,
	'र' नो लोप थया पछी द्विर्भाव (५०)	,,
	'अय' नो 'ओ' (५१)	९७
	'प' नो 'व' (५२)	,,
	अंत्यव्यंजननो लोप (५३)	,,
	स्वर अने संयुक्त वर्णोनां विलक्षण उच्चारणो (५४)	९८
	'ण' नो 'न' (५५)	९९
	'ष' नो 'स' (५६)	,,
५७	संस्कृतना अभ्यासिओनुं प्राकृतना अभ्यास तरफ दुर्लक्ष अने तेनुं दुष्परिणाम	,,
	नाटकोना प्राकृतनी दुर्दशा	१००
	'प्राकृत' नीच पात्रोनी भाषा छे?	१०२
	'प्राकृत' भाषाना अभ्यास विना संशोधन कार्य ज अशक्य छे	,,
५८	'प्राकृत'ना अभ्यास विना भाई-भाई वच्चे पडेलुं अंतर	१०३
५९	व्यापक प्राकृतमां समाती भाषाओ	,,
६०	बौद्धमागधी-पालि-नो परिचय	१०४
६१	आर्षप्राकृत-अर्धमागधी-नो परिचय	१०७
	'अर्धमागधी'नो अर्थ-विचार	११०
	अर्धमागधीमां 'त' श्रुति	१११
	अर्धमागधी अने जैन-परंपरा	११२
	आर्षप्राकृतनी पूज्यता	१२०
	आर्षप्राकृतना सांगोपांग व्याकरणनो अभाव	,,
६२	साधारण प्राकृतनो परिचय	,,
	'महाराष्ट्र प्राकृत' नो अर्थ	१२४

कंडिका	विषय	पृष्ठ
	साधारण प्राकृतनी विविधता	,,
	चंड अने हेमचंद्र	,,
	चंड अने लक्ष्मीधर	१२६
	'तत्सम' नो अर्थ	१२७
	'तद्भव' नो अर्थ	,,
	देश्य एटले तद्भवही	१२९
	आर्यसंतानीय देश्य अने अनार्यसंतानीय देश्य	,,
	अनार्यसंतानीय देश्य शब्दो	१३०
	राजकुमारोना उछेर माटे अनार्य दासीओ	१३१
६३-६४-६५	वैदिक संस्कृतमां पण देश्य शब्दो	१३३
६६	शौरसेनी भाषानो परिचय	१४४
	दिगंबर जैन साहित्य अने शौरसेनी भाषा	,,
	शौरसेनीनी विविधता	१४६
६७	मागधी भाषानो परिचय	,,
	सूत्रमागधी अने व्याकरणमागधीनो संकेत	१४७
	मागधीनी विविधता	१४९
६८	पैशाची भाषा अने चूलिका-पैशाची भाषानो परिचय	१५०
	पैशाचीनुं प्रभवस्थान	१५१
६९	चूलिका-पैशाची	१५१
	पैशाचीनी विविधता	१५२
	वर्णविकारोनी दृष्टिए भाषाओनो क्रम	१५४
७०	अपभ्रंशभाषानो परिचय	,,
	अपभ्रंशनो सामान्य अर्थ	१५८
	अपभ्रंश अने वैदिकयुगनुं आदिम प्राकृत	,,
	महाभाष्यकार अने अपभ्रंशनो सामान्य अर्थ	१५९
	अपभ्रंशनो विशेष अर्थ	,,
	भाषाविशेषपरत्वेना अपभ्रंशनो ऊहापोह	,,
७१	रूढार्थक अपभ्रंश अने नाट्यशास्त्रकार भरत	१६०
	नाट्यशास्त्रमां अपभ्रंशपद्यो	१६१
	चंड अने रूढार्थ अपभ्रंश	१६२
	अपभ्रंशप्रबंध	१६३
	अपभ्रंश अने दाक्षिण्यचिह्न	,,
७२	महायानपंथना ललितविस्तर आदि ग्रंथोनां अपभ्रंशपद्यो	१६५
	ललितविस्तरनां पद्यो	,,
	बोधिचर्यावतारनुं पद्य	१६८
	लंकावतारनां अपभ्रंश पद्यो	,,

कंडिका	विषय	पृष्ठ
	जैनग्रंथ 'वसुदेवहिंडि' वगेरेमां अपभ्रंश पद्य अने गद्य	१७१
	उक्त जैन ग्रंथोनो समय	१७२
	ललितविस्तरनो समय	१७३
	बोलचालनुं अपभ्रंश	,,
	साहित्यिक अपभ्रंशनो समय	,,
७३	अपभ्रंशनुं साहित्य	१७४
	अवहट्ट अने अपभ्रंश	,,
	अपभ्रंशनुं वैविध्य	,,
	राजशेखर अने मार्कंडेये जणावेला अपभ्रंशना भेदप्रभेदो	१७५
	प्राकृत-संस्कृत अने अपभ्रंश ए त्रणे बहेनोमां परस्पर सद्भाव	१७५
	गुजरातीनी माता उक्त अपभ्रंश. व्यापक प्राकृत मोटी माशी अने संस्कृत नानी माशी	१७८
	गुजरातीनी मातामही	,,
	वैदिक युगनुं आदिम प्राकृत	१७८
	गुजरातीमां मातामहीनो वारसो	,,
	आमुखनो उपसंहार	१७९
७४	हेमचंद्रना समयनी लोकभाषानी हेमचंद्रे आपेली समजुती	१७९
	हेमचंद्रना शब्दोमां ते लोकभाषानो नमूनो	१८०
	हेमचंद्रनां पद्योनी भाषा अने वर्तमान गुजराती भाषा	१८२
	कुवलयमालामां आवेलो गुज्जरो लाटो अने मालवोनी भाषानो उल्लेख	१८३
	अपभ्रंश अने प्रांतिक भाषाओ	१८४
	अंतिम अपभ्रंश के ऊगती गुजराती	१८५
	'देशीराग' अने 'मेळो' अर्थनो 'गुर्जरी' शब्द	१८६
७५	गुज्जरीनी वाणीनो नमूनो	१८७
७६	हेमचंद्रनुं ऊगती गुजरातीनुं व्याकरण	१८८
	स्वरपरिवर्तन	,,
	लघु उच्चारण	१८९
	व्यंजनपरिवर्तन	१८९
	'र'नो लोप अने वधारो	१९१
	केटलाक शब्दो	,,
	केटलाक निपातो	१९४
	अनुकरण शब्दो	१९७
	पादपूरको	,,
	अव्ययो	१९८

कंडिका	विषय	पृष्ठ
	जातिनुं अनियंत्रण	२०२
	काव्यनुं अनियंत्रण	,,
	शौरसेनीवत्-सूत्रनो आशय	२०३
	नामविभक्ति	२०४
	लुप्तविभक्ति	२०६
	संबंधसूचक प्रत्ययो	,,
	सर्वादि शब्द	,,
	इकारांत अने उकारांत नाम	२१०
	नारीजाति नाम	२११
	क्रियापद विभक्ति	,,
	देश्यधातु	२१३
	कृदंतो	२१४
	तद्धितप्रत्यय	२१६
७७	हेमचंद्रे दर्शावेली जूनी गुजराती अने वैदिक भाषा वच्चेनी समानता	२१७
	चालु गुजराती अने वैदिक भाषा वच्चेनी समानता	२१८

व्याख्यान बीजुं-बारमो अने तेरमो सैको पृ० २१९-३८२

कंडिका	विषय	पृष्ठ
७८	अभयदेव-वादिदेवसूरि-हेमचंद्र अने सोमप्रभ-धर्मसूरि-विजयसेन एमनी कृतिओ	२१९
७९	अभयदेवनो समय	,,
८०	देवसूरिनो समय	२२०
८१	हेमचंद्रनी कृतिओ	२२१
८२	सोमप्रभनो समय	२२३
८३	धर्मसूरिनो समय	२२३
८४	विजयसेननो समय	,,
८५	बारमा अने तेरमा सैकानी भाषामीमांसा	२२४
८६	ते ते कृतिओनां वाक्यो अने शब्दो	२२४
	अभयदेवनां वाक्यो	२२५
	देवसूरिनां वाक्यो	,,
	हेमचंद्रनां वाक्यो	,,
८७	अभयदेवना शब्दो	२२९
	देवसूरिना शब्दो	२३०
	हेमचंद्रना शब्दो	२३१
८८	अभयदेव-देवसूरि-हेमचंद्रे वापरेली नामविभक्तिओ अने तेनी चर्चा	२३७
	प्रथमा अने द्वितीया विभक्ति	२३८
	भाषामां विशेष्य प्रमाणे विशेषणमां प्रत्यय न होवानी पद्धतिने वैदिक भाषानी एवी पद्धतिनो टेको	२४२

कंडिका	विषय	पृष्ठ
८९	त्रीजी विभक्ति	२४४
	एकवचन	,,
	बहुवचन	२४५
	वेवडा प्रत्ययो अने वैदिक भाषानी पद्धति	२४५
९०	चतुर्थीने बदले छट्ठी विभक्ति	२४६
	'ते माटे' अर्थना द्योतक निपातो	,,
	'रेषा' उपरथी 'रेसि' लाववानी भ्रामक कल्पना	२४७
९१	व्युत्पत्ति माटे केवल अक्षरसाम्य भ्रामक छे	२४८
	ते बाबतनां उदाहरणो	२४८
९२	छट्ठी विभक्ति	२५२
	षष्ठी सूचक 'तण'नी व्युत्पत्तिचर्चा	२५५
९३	पंचमी विभक्ति	२५६
९४	सातमी विभक्ति	२५७
९५	बारमा सैकानी क्रियापद–विभक्ति	२५८
९६	क्रियापदना प्रत्ययोनी व्युत्पत्ति	२५९
९७	भविष्यकालनां क्रियापदो	२६४
९८	विध्यर्थ क्रियापदो	२६४
९९	कर्मणि क्रियापदो	२६५
१००	कर्मणि अने भावेप्रयोगनी चर्चा	२६६
१०१	'जणाय' ना 'आय'नी व्युत्पत्तिचर्चा	२६९
१०२	करीए'ना 'ईए'नी व्युत्पत्तिचर्चा	२७१
१०३	'अच्छइ'नी व्युत्पत्तिचर्चा	२७२
	बेचरनी भ्रांत कल्पना	२७५
	श्रीनरसिंहरावभाईए जणावेलो अर्थ बराबर नथी	,,
	टेसिटोरीनी विवादास्पद कल्पना	२७६
	बीम्स महाशयनी 'अक्ष' द्वारा 'अच्छ' लाववानी कल्पना	,,
१०४	'अच्छि' क्रियापदनी व्युत्पत्ति	२७९
१०५	'घेप्प्' धातुनुं मूळ	,,
१०६	'पहोंचवुं'नी व्युत्पत्ति-चर्चा	२८०
१०७	भाषामां शैलीनी विशेषता–	२८३
	'भण्'नो उपयोग	२८४
१०८	बारमा सैकानां कृदंतो अने तेमना प्रत्ययोनां मूळ	२८६
१०९	भूतकृदंत	२८७
११०	वर्तमान कृदंत	,,
१११	संबंधक भूतकृदंत	२८८
	'करी' अने 'करीने'ना 'ई' तथा 'ईने' नी व्युत्पत्ति	२८९

कंडिका	विषय	पृष्ठ
११२	भूतकृदंतो द्वारा भूतकाळ-सूचक क्रियापद	२९१
११३	'आव्यो'नी व्युत्पत्ति	२९३
११४	कर्तृसूचक कृदंत	२९४
११५	विध्यर्थ कृदंत	२९५
	'करवाउं'नी व्युत्पत्ति	२९६
११६	बारमा सैकानां सर्वनामो	२९६
	'कवण' विषे निदर्शकार	२९९
११७	बारमा सैकानां विशेषणो अने अव्ययो	३०१
११८	'आवइ'नी व्युत्पत्ति	३०४
११९	'ले'नी व्युत्पत्ति	३०५
१२०	तेरमा सैकाना शब्दो	३०५
१२१	सोमप्रभनो समय	३१४
	धर्मसूरिनो समय	३१५
	विजयसेनसूरिनो समय	३१५
१२२	'आप्युं'नी व्युत्पत्ति	३१६
१२३	'सवडि'नी व्युत्पत्ति	३१७
	'मोरंडि'नी व्युत्पत्ति	३१८
	'जगडो'नी व्युत्पत्ति	३१९
	'दीणार' परदेशी शब्द	,,
१२४	'जोवुं'नी व्युत्पत्ति	,,
	'पाखर'नी व्युत्पत्ति	३२१
	'ढांकवुं'नी व्युत्पत्ति	३२१
१२५	'तण'नो स्वतंत्र उपयोग	३२३
१२६	'वंदणह' वगेरेनी व्युत्पत्ति	,,
१२७	'लेवा'नी व्युत्पत्ति	३२४
१२८	भविष्यकाळनां क्रियापदो	३२५
	'छांडवुं'नी व्युत्पत्ति	३२६
१२९	'मेल्हावीओ' वगेरेनी व्युत्पत्ति	३२७
	'वेसाडवुं'नी व्युत्पत्ति	,,
१३०	'नात्रां' 'भडिवाड'नी व्युत्पत्ति	३२८
	'रूडुं'नी व्युत्पत्ति	३२९
	'आंगमे'नी चर्चा	,,
१३१	'सांभळवुं'नी व्युत्पत्ति	३३०
१३२	पंचमीसूचक 'हुंतु'नी व्युत्पत्ति	३३१
१३३-१३४	'साटे' अने 'वडे'नी व्युत्पत्ति	३३३
१३५	'ढिउ' वगेरेनी चर्चा	३४१
१३६	'पहेला'नी व्युत्पत्ति	३४३
१३७	'कडवानी' व्युत्पत्ति	३४४
	'रळी'नी व्युत्पत्ति	३४५
	बारमा अने तेरमा सैकानुं पद्य	३४७

व्याख्यान चोथुं—चौदमो अने पंदरमो सैको पृष्ठ ३९१–४३६

कंडिका	विषय	पृष्ठ
१३८	चौदमा सैकाना पद्यगत शब्दो	३९१
१३९	चौदमा सैकाना गद्यगत शब्दो	४००
१४०	विनयचंद्रनो समय	४०३
	जिनपद्मसूरिनो समय	,,
१४१	चौदमा सैकानी भाषा-मीमांसा	४०४

कंडिका	विषय	पृष्ठ
१४२	'चडउत्तर'नी व्युत्पत्ति	४०५
	'वज्जर्'नी चर्चा	४०६
	'सरवणि'नी व्युत्पत्ति	,,
	'झिज्जइ'नी व्युत्पत्ति	,,
	'झवक' वगेरे अनुकरणो	,,
	'झूरवुं'नी चर्चा	४०७
	'नत्थी' वगेरेनी चर्चा	,,
१४३	भींजवुं'नी व्युत्पत्ति	४०८
१४४	'अनेरा'नी व्युत्पत्ति	४०९
	'देखाडवुं' 'वाडो' वगेरेनी चर्चा	,,
१४५	'ऊपरि'नी व्युत्पत्ति	४१०
१४६	'वलिवलि' 'जित्तउ' 'टोहणकालि' 'हिल्ली'नी व्युत्पत्ति	४१२
	'गमार' 'मावइ' 'पतीजसि' 'नडवुं'नी व्युत्पत्ति	४१३
	'धीय' 'सुहाली' 'पांगरवुं' 'गिहिल्ली' 'थिउ'नी व्युत्पत्ति	४१४
	'चूक' 'दीस' 'मुहाडि' 'भुंडानिलाडि' 'माल' 'चिणय' 'मिरिय' 'अउगी'नी व्युत्पत्ति	४१५
	'दोयलुं' 'फरवुं'नी व्युत्पत्ति	४१६
	'ऊवाहुलि' 'फाग' 'ऊतावलि' 'रहेवा' 'वहेलो'नी व्युत्पत्ति	४१७
	'ल्हकंती' 'जोडंती'नी व्युत्पत्ति	४१८
	'धीरिम' 'मनावइ'नी व्युत्पत्ति	४१९
	'मडप्फर' 'आछुं' 'संथउ' 'बोरीयावाडि'नी व्युत्पत्ति	४२०
	'थापण' 'थनक' 'फाडेइ' 'कांचुलिय' 'कचोळुं' नी व्युत्पत्ति	४२१
	'गालिमसूरा' 'कुवडिय' 'माणवुं' 'खंभ' नी व्युत्पत्ति	४२२
	'हिंडोला' 'घाघरिं' 'महमह' 'मूं सिउ' 'मलियउ' 'अनेराकण्हइ' नी व्युत्पत्ति	४२३
	'ओछो' 'कने' 'मात्रा' 'देवंदण' नी चर्चा	४२४
	'कवळी'नी व्युत्पत्ति	४२५
	'सारसंभाल' 'यउ' 'हिवडातणइ' उत्ताणु' नी व्युत्पत्ति	४२६
	'थापणिमोसु' 'कूडो' 'विढाविढि' 'छानउ' 'पाडइ' 'तूल' 'सिउणइ' 'पति' 'राडिमेडि'	४२७-२८
	'पाडोसि'नी व्युत्पत्ति	

कंडिका	विषय	पृष्ठ
	'भापि' 'सोनिरायड'	४२९
	'कृपाल' 'वैनवुं' नी व्युत्पत्ति	
१४७-१४८-१४९	चौदमा शतकना संग्रामसिंहनी बालशिक्षाना केटलाक प्रयोगो	४३०–३७
१५०	संदेशकरासना शब्दो	४३८
१५१	संदेशकरासनी भाषा	४४०
१५२-१५३	संदेशकरासना कर्तानो परिचय	४४७
	पंदरमा सैकानी कृतिओ	४५०
१५४	कुलमंडननी कृति	४५१
	कुलमंडननो परिचय	,,
१५५	कुलमंडनना नामविभक्तिना प्रयोगो	४५२
१५६	तरुणप्रभना प्रयोगो	४५४
१५७	सोमसुंदरना प्रयोगो	४५५
१५८	पारसी लेखक लक्ष्मीधरना प्रयोगो	४५५
१५९	हेमहंसना प्रयोगो	४५६
१६०	असाइतना प्रयोगो	४५७
१६१	भीमना प्रयोगो	,,
१६२	तरुणप्रभना बीजा शब्दो	४५८
१६३	सोमसुंदरना बीजा शब्दो	४६०
१६४	लक्ष्मीधरना बीजा शब्दो	४६१
१६५	हेमहंसना बीजा शब्दो	४६२
१६६	असाइतना बीजा शब्दो	४६३
१६७	भीमना बीजा शब्दो	४६४
१६८	कुलमंडनना विशिष्ट प्रयोगो	४६७
	कुलमंडने आपेला केटलाक प्रयोगो अने विभक्तिओ वापरवाना नियमो	४६८
१६९	पंदरमा सैकानी भाषामीमांसा	४७१
१७०	पांचमीना प्रत्ययोनी चर्चा	४७३
१७१	'छे' नो उपयोग	४७५
१७२	पारसी लेखक अने जैन लेखक ए बन्नेनी समान गुजराती	४७६
१७३-१७४	वैदिक लेखक अने जैन लेखकनी समान गुजराती	४७८
	श्रीदलालनो अभिप्राय	४७९
१७५	व्यवहितविभक्तिवाळा प्रयोगो	४८१
१७६	गुणरत्नना प्रयोगो	४८२
	गुणरत्नना प्रयोगोनी मीमांसा	४८७
	वर्तमान कृदंत अने भूतकृदंतनो विवेक	४८८
१७७	'लेवुं'नी चर्चा	४८९
१७८	'रखे'नी चर्चा	,,
१७९-१८०	गुणरत्न अने कुलमंडननी गुजरातीनां विशिष्ट लक्षण ,,	४९०
	चौदमा अने पंदरमा सैकानुं पद्य तथा गद्य	४९३

कंडिका विषय पृष्ठ कंडिका विषय पृ

व्याख्यान चोथुं–सोळमो अने सत्तरमो सैको पृ० ५३७–६०२

१८१ लावण्यसमय–नरसिंह–पद्मनाभ–भीम बीजो, मांडण–सिद्धिचंद्र–विष्णुदास–नाकर ५३७
१८२ लावण्यसमयना शब्दो ५३८
१८३ नरसिंहना शब्दो ५३९
१८४ पद्मनाभना शब्दो ५४१
१८५ भीम बीजाना शब्दो ५४४
१८६ मांडणना शब्दो ५४५
१८७ सोळमा सैकानी भाषा-मीमांसा ५४७
'तिणि' नी चर्चा ५५
१८८ 'लीहाला'नी चर्चा ५५
१८९-१९० सिद्धिचंद्र अने अमरेलीना शिलालेखना शब्दो ५५३
१९१ विष्णुदासना शब्दो ५५५
१९२ नाकरना शब्दो ५५७
१९३ सत्तरमी सदीनी भाषा-मीमांसा ५५८
सोळमा अने सत्तरमा सैकानुं पद्य तथा गद्य ५६१

व्याख्यान पांचमुं–अढारमी सदीनी गुजराती अने उपसंहार पृ० ६०३–६६५

१९४ लक्ष्मीरत्न–रत्नेश्वर–प्रेमानंद–यशोविजय ६०३
१९५ लक्ष्मीरत्न–रत्नेश्वर–प्रेमानंदना विभक्तिवार प्रयोगो ६०३
१९६ लक्ष्मीरत्ननां क्रियापदो ६०५
रत्नेश्वरनां क्रियापदो ६०६
प्रेमानंदनां क्रियापदो
१९७ लक्ष्मीरत्न—रत्नेश्वर–प्रेमानंदनां कृदंतो ६०६
१९८ लक्ष्मीरत्न–रत्नेश्वर–प्रेमानंदना केटलाक शब्दो ६०७
१९९ यशोविजयजीना विभक्ति-वाळां नामोनी यादी ६०८
यशोविजयजीनां क्रिया-पदोनी, कृदंतोनी अने केटलाक शब्दोनी यादी ६०९
२०० अढारमी सदीनी भाषामीमांसा ६१०
अढारमा सैकानुं पद्य अने गद्य ६११
२०१ उपसंहार ६३३
२०२-२१० गुजराती भाषानी उत्क्रांति ६३५
२११-२१९ कृतिओनुं अभिधेय ६४१
२२० 'गुजरात'नी व्युत्पत्ति ६४८
२२१ फारसी गुजर ६५१
२२२ गुजरातनी भौगोलिक मर्यादा ६५२
२२३-२२८ पांचसे वर्ष पूर्वे एक जेवी भाषा, ते संबंधे उदाहरणो ६५३
२२९ मातृभाषानो विशिष्ट अभ्यास ६५९
'छे' नी विशेष चर्चा (परिशिष्ट) ६६३
विशेषशब्दसूचि ६६५

सुधारीने वांचवुं

पृ० ७ टिप्पण-(छेडेथी त्रीजी पंक्ति)
संचार, नाद्.

पृ० ७५ (छेडेथी पहेली पंक्ति)
लेखुं तो

पृ० ७७ (छेडेथी सातमी पंक्ति)
वैदिक संस्कृतनो

पृ० १४३ पं० ११ (वर्ग ८, गा० ६६)

पृ० ४०५, चडउत्तर (१४२ मी कंडिका)

गुजराती भाषानी उत्क्रान्ति

(बारमा सैकाथी अढारमा सैकासुधी)

१ आमुख

श्रीमहावीराय नमः

प्रणम्य परमात्मानं सकलान् शाब्दिकांस्तथा ।
वक्ष्ये हैमानुसारेण गुर्जरीवाच उत्क्रमम् ॥

उपक्रम

१ प्रस्तुत निबन्धमां विक्रमना बारमा सैकाथी लईने अढारमा सैकासुधीना गुजराती पद्य अने गद्य साहित्यनी भाषानुं व्याकरणनी दृष्टिए अवलोकन करवानुं छे. एटले के आचार्य हेमचन्द्रे पोताना आठमा अध्यायना चोथा पादमां अपभ्रंशना मथाळा नीचे जे जे नियमो आप्या छे ते नियमो त्यार पछीना साहित्यमां कया कया प्रकारे परिवर्तन पाम्या छे—नामरूप अने विशेषणरूप शब्दोनुं, नामोने अने धातुओने लगती विभक्तिओनुं, हेत्वर्थकृदंत, संबंधक भूतकृदंत, वर्तमानकृदंत, भूतकृदंत, भविष्यत्कृदंत अने कर्तृसूचककृदंतने लगता प्रत्ययोनुं, अव्ययोनुं तथा मूळ धातुओनुं क्यां केवुं परिवर्तन थयुं छे अने शब्दोमां पण प्राकृत शब्दोनुं, संस्कृत शब्दोनुं, देश्य शब्दोनुं अने अन्य भाषाना शब्दोनुं चलण क्यां केवी रीते थतुं आव्युं छे ए बताववा साथे ए बधुं स्पष्टपणे ध्यानमां आवे ए सारु ते ते समयना गुजराती साहित्यमांथी सविस्तर उदाहरणो पण टांकी बताववानां छे.

हेमचंद्र गुजरातीना पाणिनि अने वाल्मीकि

२ आचार्य हेमचन्द्रने व्याकरणनी दृष्टिए गुजरातीना पाणिनि समझुं छुं अने साहित्यिक काव्यनी दृष्टिए गुजरातीना–गुजराती साहित्यना–आदिम वाल्मीकि पण तेओ छे एथी तेमनो समय आ निबंधमां पूर्वावधिरूप छे अने उत्तर मर्यादानी दृष्टिए उपाध्याय यशोविजयजी के कविराज प्रेमानंद सुधी मारे पहोंचवानुं छे.

ते बे समयना वचगाळामां थयेला जैन, वैदिक तथा पारसी अने मुसलमान साहित्यकारोनी गुजराती पद्य वा गद्य कृतिओने तपासवानी छे.

तेमनी ते ते कृतिओ तो पारविनानी छे एटले ते ते सैकावार मळती एक बे के त्रण कृतिओने ज तपासीने ते द्वारा उक्त परिवर्तनोनी रेखा दोरवा धारी छे. प्रसंग पडतां गमे ते कविनी त्रणथी वधारे कृतिओनो पण उपयोग करीश.

पाठोनी चोक्कसाई माटे यथाप्राप्त हस्तलिखित प्रतिओमां आवेला पाठोनो उपयोग करनार छुं अने ज्यां मुद्रित पाठ वहेम पडे तेवा नहीं होय त्यां तेमनो पण उतारो टांकीश.

निबंधनो विषयानुक्रम आ प्रमाणे गोठव्यो छे:

निबंधनो क्रम

१ आमुख
२ बारमो अने तेरमो सैको
३ चौदमो अने पंदरमो सैको
४ सोळमो अने सत्तरमो सैको
५ अढारमो सैको अने उपसंहार

ते ते सैकाना कविनी कृतिविशे बोलतां पहेलां ते ते कविसंबंधे पण यथाप्राप्त वृत्तांतानुसारे संक्षेपमां जणाववानी धारणा राखी छे.

मूळ निबंध ऊपर आवतां पहेलां गुजराती भाषाना इतिहास अने क्रमविकास साथे जेमनो गाढ संबंध छे एवा आमुखरूप नीचेना मुद्दाओ तरफ श्रोताओनुं ध्यान खेंचीश :

१ शब्दस्वरूप

२ भाषास्वरूप

३ भाषाभेदनां निमित्तो अने भाषाना भेदप्रभेदो.

शब्दस्वरूप

३ वर्तमानमां विज्ञाननी अनेक शाखाओमां यांत्रिक शोधोनुं प्रत्यक्ष प्रमाण प्रवर्ते छे. जे समये इंद्रियप्रत्यक्षनी आवी यांत्रिक सामग्री न हती ते समये आपणा ऋषिमहर्षिओए चराचरनां जे दृश्यो—पदार्थो—बनावटो स्थूलदृष्टिए—नरी आंखे—समझाय तेवां न हतां तेमने समझवा—समझाववा आत्मानुभव—आत्मप्रत्यक्ष–द्वारा अनेक प्रयोगो करेला छे अने तेम करी तेमणे पोतपोताना अमुक चोक्कस सिद्धांतो घडी राखेला छे.

भारतवर्षनां समग्र दर्शनोनुं उत्थान अने तेमना अनेक प्रवाहो तरफ दृष्टि मांडतां ज उक्त हकीकत ध्यानमां आवे एवी छे.

---

१ जैन विचारको, वैदिक विचारको अने बौद्ध विचारको आत्मा, ईश्वर, कर्म वगेरे तर्कातीत प्रमेयोविशे भिन्न भिन्न अभिप्राय धरावे छे. तेमज अंधकार, छाया, तेज वगेरे दृश्यपदार्थोविशे पण तेमनी विचारसरणी भिन्नभिन्न प्रकारनी छे. इंद्रियोमां कई प्राप्यकारी छे अने कई अप्राप्यकारी छे ए बाबत ते बधानी जुदी जुदी मान्यता प्रवर्ते छे, आ बधी विवादास्पद वस्तुओ माटे ते त्रणे विचारकोए लाखो श्लोकोमां लांबी लांबी चर्चाओ करेली छे. ते विचारको वच्चे आवी भिन्नता होवा छतां ते बधानुं लक्ष्य एक निर्वाण छे ए ध्यानमां राखवा जेवुं छे.

आपणने सौने विदित ज छे के शब्द, श्रोत्रइंद्रिय द्वारा जाणी शकाय छे. शब्दनां माधुर्य, कठोरता, तीव्रता, मंदता वगेरेने अनुभविए छिए एटलुं ज नहीं पण वर्तमान वजारोमां शब्दे एक घणुं मोटुं स्थान रोकी राख्युं छे—आ रीते शब्द, अतिप्रचलित छतांय ए शुं छे? शानो बनेलो छे? एनुं मूळ क्यां छे? एवी एवी जिज्ञासाओ भाग्ये ज कोईने ऊठती हशे.

---

२ जे शब्द आपणे बोलिए छिए तेनी उत्पत्तिनो क्रम आपिशलिनामना वैयाकरणे नीचे प्रमाणे जणाव्यो छे:—

"नाभिप्रदेशात् प्रयत्नप्रेरितः प्राणो नाम वायुः ऊर्ध्वम् आक्रामन् उरःप्रभृतीनां स्थानानाम् अन्यतमस्मिन् स्थाने प्रयत्नेन विधार्यते। स विधार्यमाणः स्थानम् अभिहन्ति। तस्मात् स्थानाभिघातात् ध्वनिः उत्पद्यते आकाशे, सा वर्णश्रुतिः—स वर्णस्य आत्मलाभः। तत्र वर्णध्वनौ उत्पद्यमाने यदा स्थान-करण-प्रयत्नाः परस्परं स्पृशन्ति सा स्पृष्टता। यदा ईषत् स्पृशन्ति सा ईषत्स्पृष्टता। यदा सामीप्येन स्पृशन्ति सा संवृतता। दूरेण यदा स्पृशन्ति सा विवृतता। एषः अन्तःप्रयत्नः। स इदानीं प्राणो नाम वायुः ऊर्ध्वम् आक्रामन् मूर्ध्नि प्रतिहतः निवृत्तः कोष्ठम् अभिहन्ति, तत्र कोष्ठे अभिहन्यमाने कण्ठबिलस्य विवृतत्वाद् विवारः। संवृतत्वात् संवारः। तत्र यदा कण्ठबिलं विवृतं भवति तदा श्वासो जायते, संवृते तु नादः। तौ अनुप्रदानम् आचक्षते। तत्र यदा स्थान-करणाभिघातजे ध्वनौ नादः अनुप्रदीयते तदा नादध्वनि-संसर्गाद् घोषो जायते। यदा तु श्वासः अनुप्रदीयते तदा श्वासध्वनिसंसर्गाद् अघोषो जायते। अल्पे वायौ अल्पप्राणता। महति महाप्राणता—महाप्राणत्वाद् ऊष्मत्वम्। यदा सर्वाङ्गानुसारी प्रयत्नस्तीव्रो भवति तदा गात्रस्य निग्रहः कण्ठबिलस्य च अणुत्वम् स्वरस्य च वायोः तीव्रगतित्वाद् रौक्ष्यं भवति तम्—उदात्तम्—आचक्षते। यदा तु मन्दः प्रयत्नो भवति तदा गात्रस्य स्रंसनम् कण्ठबिलस्य च महत्त्वम् स्वरस्य च वायोर्मन्दगतित्वात् स्निग्धता भवति तम्—अनुदात्तम्—आचक्षते। उदात्ता-ऽनुदात्त-स्वरसंनिपातात् स्वरित इत्येष कृत्स्नो बाह्यप्रयत्नः"।—सिद्धहेम—१—१—१६। अर्थात्

"कोई पण बोलनार ज्यारे बोलवानो प्रयत्न करे छे त्यारे ते प्रयत्नद्वारा सौथी प्रथम प्राण नामनो वायु नाभिए—डुंटीए—थी गतिमान थाय छे. नाभिएथी गतिमान थयेलो प्राणवायु ऊपर प्रसारो करे छे अने ते ऊपर धसी आवतो वायु, बोलवानां गमे ते स्थानोमांनां कोई एकमां जगा मेळवे छे. [बोलवानां स्थानो आठ छे:

१ उर–छाती, २ कंठ–गळुं, ३ माथुं, ४ जीभनुं मूळ, ५ दांत, ६ नासिका–नाक, ७ ओष्ठ–होठ अने ८ ताळवुं. प्रयत्न बे छे : आस्यप्रयत्न अने बाह्यप्रयत्न. मुखनी अन्दर थतो प्रयत्न ते आस्यप्रयत्न. होठथी मांडीने कंठमणि–हडिया–सुधीना भागनुं नाम मुख. मुख सिवाय शरीरना अन्यभागमां–कोठामां–थतो प्रयत्न ते बाह्य प्रयत्न. जिह्वानुं मूळ, मध्यभाग अने अग्रभाग ते त्रण करण छे] कोई एक उच्चारणस्थानमां जगा मेळवतां ज ते प्राणवायु, पोताना आश्रयरूप स्थान साथे अथडाय छे—ए रीते स्थान साथे वायुना अथडावाथी बहार–आकाशमां–ध्वनि थाय छे. ए ध्वनिनुं नाम शब्द–ए ध्वनि पोते ज शब्दनो आत्मा. हवे ज्यारे ते ध्वनि उत्पन्न थाय छे त्यारे जो स्थान, करण अने प्रयत्नो ए बधां य एक बीजां परस्पर स्पर्श करतां होय तो ते स्पर्शनुं नाम स्पृष्टताप्रयत्न. ते बधां परस्पर जराजरा ज अडकतां होय तो ते जराजरा अडकवानुं नाम ईषत्स्पृष्टता. ते बधां एक बीजांनी समीप रहीने अडकतां होय तो ते क्रियानुं नाम संवृतता अने ते बधां एक बीजांथी दूर रहीने स्पर्श करतां होय तो ते स्पर्शनुं नाम विवृतता. ए चार प्रयत्नो मुखमां थाय छे माटे तेमनुं नाम आंतर प्रयत्न (आस्यप्रयत्न) छे. वळी पाछो ऊपर धसतो ते प्राणवायु माथामां अथडाई पाछो वळतो आपणा कोठा साथे अथडाय छे. कोठा साथे अथडातां कंठबिल–गळानुं छिद्र–विवृत थाय छे–ए विवृत थवानी क्रियानुं नाम विवार. वळी, ए वायु कोठा साथे अथडातां कंठबिल संवृत थाय छे–संवृत थवानी क्रियानुं नाम संवार. वळी, ते वखते ज्यारे कंठबिल विवृत थाय छे त्यारे एक श्वासरूप क्रिया थाय छे अने कंठबिल संवृत थाय छे त्यारे एक नादरूप क्रिया थाय छे. श्वास अने नाद ए बन्नेनुं एक नाम 'अनुप्रदान' छे. ["अनुप्रदान एटले अनुस्वान अर्थात् घंट के झालर वागी रह्या पछी अथवा वागतां होय त्यारे जे तेमना मुख्य अवाज साथे के पछी झणझणाट थाय छे तेनुं नाम अनुप्रदान" एवो बीजाओनो अभिप्राय छे.] हवे ते वखते स्थान अने करणोनी अथडामणी थतां ते द्वारा पेदा थता ध्वनिमां ज्यारे नादनुं अनुप्रदान थाय छे त्यारे नाद अने ध्वनिना संसर्गथी घोष नामनी क्रिया थाय छे अने ते वखते ज्यारे श्वासनुं अनुप्रदान थाय छे त्यारे श्वास अने ध्वनिना संसर्गथी अघोष नामनी क्रिया थाय छे. ते वखते वायु अल्प होय तो अल्पप्राणतानो प्रयत्न होय अने वायु वधारे होय तो महाप्राणतानी क्रिया समजवी. ए महाप्राणताने लीधे ऊष्मता थाय छे. ज्यारे ते वखते सर्वांगानुसारी प्रयत्न तीव्र होय त्यारे गात्र कठण थाय छे. कंठबिल नानुं थाय छे अने

वायुनी तीव्रगतिने लीधे स्वरमां रूक्षता आवे छे—आवी उच्चारणनी क्रियाने 'उदात्त' प्रयत्न कहेवामां आवे छे. वळी, ज्यारे ए सर्वांगानुसारी प्रयत्न मंद होय छे त्यारे गात्र ढीलुं पडे छे, कंठबिल मोटुं थाय छे अने वायुनी मंदगतिने लीधे स्वरमां स्निग्धता आवे छे—आ जातनी उच्चारण क्रियाने 'अनुदात्त' प्रयत्न कहेवामां आवे छे. हवे ज्यारे उदात्त स्वर अने अनुदात्त स्वर ए बन्ने स्वरो भेगा थाय त्यारनी उच्चारणप्रवृत्तिनुं नाम 'स्वरित' प्रयत्न छे. आ रीते १ विवार, २ संवार, ३ श्वास, ४ नाद, ५ घोष, ६ अघोष, ७ अल्पप्राण, ८ महाप्राण, ९ उदात्त, १० अनुदात्त अने ११ स्वरित ए अगियार बाह्य प्रयत्नो छे. प्रत्येक स्वर अने व्यंजननां स्थान, करण, आस्यप्रयत्न अने बाह्यप्रयत्ननी समझूती नीचे प्रमाणे छे :

अवर्ण (अ–आ)	क वर्ग, ह अने विसर्ग—कंठ
इवर्ण (इ–ई)	च वर्ग, य अने श—तालु
उवर्ण (उ–ऊ)	प वर्ग अने उपध्मानीय—ओष्ठ
ऋवर्ण (ऋ–ॠ)	ट वर्ग, र अने ष—मूर्ध
ऌवर्ण (ऌ–ॡ)	त वर्ग, ल अने स—दंत
ए ऐ	... तालु
ओ औ	... ओष्ठ
व	... दंत—ओष्ठ

जिह्वामूलीय	... जिह्वा
अनुस्वार	... नासिका
ङ, ञ, ण, न, म	पोत पोतानां पूर्वोक्त स्थान अने नासिका
'क' थी 'म' सुधीना व्यंजनो... ...	स्पृष्ट प्रयत्न (आस्यप्रयत्न)
य, र, ल, व	ईषत्स्पृष्ट प्रयत्न

શ, ષ, સ, હ	...	...	...	ઈષદ્વિવૃત પ્રયત્ન
'અ'થી 'ઔ' સુધીના સ્વરો ...			...	વિવૃત પ્રયત્ન
એ—ઓ	...	...	...	વિવૃતતર પ્રયત્ન
ઐ—ઔ	...	...	...	અતિવિવૃતતર પ્રયત્ન
અ—આ	...	...	...	અતિવિવૃતતમ

'અ' થી માંડીને 'લૃ' સુધીના સ્વરોમાંના પ્રત્યેક સ્વરનાં અઢાર અઢાર ઉચ્ચારણો થાય છે. નમૂના માટે આ નીચે માત્ર એક 'અ' ના અઢાર ઉચ્ચારણો આપ્યાં છે:

નિરનુનાસિક ઉચ્ચારણ—

૧ હ્રસ્વ ઉદાત્ત અ	૪ દીર્ઘ ઉદાત્ત આ	૭ પ્લુત ઉદાત્ત અ ૩
૨ ,, અનુદાત્ત અ	૫ ,, અનુદાત્ત આ	૮ ,, અનુદાત્ત અ ૩
૩ ,, સ્વરિત અ	૬ ,, સ્વરિત આ	૯ ,, સ્વરિત અ ૩

સાનુનાસિક ઉચ્ચારણ—

૧૦ હ્રસ્વ ઉદાત્ત અઁ	૧૩ દીર્ઘ ઉદાત્ત આઁ	૧૬ પ્લુત ઉદાત્ત અઁ ૩
૧૧ ,, અનુદાત્ત અઁ	૧૪ ,, અનુદાત્ત આઁ	૧૭ ,, અનુદાત્ત અઁ ૩
૧૨ ,, સ્વરિત અઁ	૧૫ ,, સ્વરિત આઁ	૧૮ ,, સ્વરિત અઁ ૩

આ જ પ્રમાણે 'લૃ' સુધીના તમામ સ્વરોનાં અઢાર અઢાર ઉચ્ચારણ સમજવાનાં છે. એ, ઓ, ઐ, ઔ—એ ચારેનું સંસ્કૃતપ્રયોગોમાં હ્રસ્વ ઉચ્ચારણ થતું નથી માટે તેનાં પ્રત્યેકનાં હ્રસ્વ સિવાયનાં પૂર્વોક્ત બાર બાર ઉચ્ચારણો સમજવાં.

ય લ વ—એ પ્રત્યેકનાં બબ્બે ઉચ્ચારણો છે:—એક સાનુનાસિક અને બીજું નિરનુનાસિક.

ય—લ—વ—નિરનુનાસિક

યઁ—લઁ—વઁ—સાનુનાસિક

	બાહ્યપ્રયત્ન:
ક ખ, ચ છ, ટ ઠ, ત થ, પ ફ, શ, ષ, સ, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય	વિવાર, શ્વાસ અને અઘોષ
ગ ઘ ઙ, જ ઝ ઞ, ડ ઢ ણ, દ ધ ન, બ ભ મ, ય ર લ વ, હ અને અનુસ્વાર	સંવાર, નાદ અને ઘોષ
ક ગ ઙ, ચ જ ઞ, ટ ડ ણ, ત દ ન, પ બ મ, ય ર લ વ	અલ્પપ્રાણ

ख घ, छ झ, ठ ढ, थ ध, फ भ, श ष स ह	महाप्राण

केटलाक स्वर अने व्यंजननी उच्चारण प्रक्रियामां प्राचीनोए मतभेद बताव्यो छे. जेमके—

१ अवर्णनुं स्थान–आखुं मुख–मुखमां रहेलां बधां स्थानो.
२ ह अने विसर्गनुं स्थान–उरस्–छाती.
३ कवर्गनुं स्थान–जिह्वामूल
४ रेफनुं स्थान–दांतनुं मूल–दंतमूल
५ ए—ऐ ,,—कंठ अने तालु
६ ओ–औ ,,—कंठ अने ओष्ठ
७ व नुं स्थान सृक्–गलोफुं
८ जिह्वामूलीयनुं स्थान–कंठ
९ अनुस्वारनुं स्थान–कंठ–नासिका
१० श ष स ह–ए चार ऊष्माक्षरनो आंतरप्रयत्न विवृत
११ अकारनो ,, संवृत
१२ 'ऌ' नुं दीर्घ उच्चारण नथी माटे तेना बार भेद समजवा.

प्राणवायु अने स्थानोनो अभिघात–अथडामण–थतां जे उच्चारणव्यापार थाय छे तेनुं नाम आस्यप्रयत्न अने प्राणवायु तथा कोठानो अभिघात थतां जे व्यापार थाय छे तेनुं नाम बाह्यप्रयत्न. ए, ते बे प्रयत्नोनुं सामान्य स्वरूप छे. आस्यप्रयत्नो ध्वनि नीकळवाने समये ज थाय छे अने बाह्यप्रयत्नो ध्वनि नीकळ्या पछी थाय छे. ए, ते बे प्रयत्नोनी विशेषता छे." उच्चारणशास्त्रना अभ्यासी माटे उच्चारणो संबंधी आटलुं विवरण उपयोगी थशे.

शब्दनां उच्चारणो शुद्ध, शुद्धतर, शुद्धतम करवा माटे शिक्षासंग्रहमां जे बाह्यविधि बताव्यो छे ते आ प्रमाणे छे :

"आम्र–पलाश–बिल्वानां अपामार्ग–शिरीषयोः ॥ ३३ ॥
वाग्यतः प्रातरुत्थाय भक्षयेद् दन्तधावनम् ।
खदिरश्च कदम्बश्च करवीर–करञ्जकौ ॥ ३४ ॥
एते कण्टकिनः पुण्याः क्षीरिणश्च यशस्विनः ।
तेनाऽऽस्य-करणं सूक्ष्मम् माधुर्यं चोपजायते ॥ ३५ ॥

स्पर्श, गंध, रस अने रूप जेटला स्पष्ट छे तेटलो शब्द नथी. शब्दनुं स्वरूप आवुं अगम्य जेवुं होवाने लीधे ज तत्त्वज्ञानना प्राचीन पुस्तकोमां तेने माटे घणां पानां रोकायेलां छे एटलुं ज नहीं पण तेना संबंधमां प्राचीन चिंतकोए जुदा जुदा विचारो बांधी राख्या छे.

शब्द स्वरूप विशे अनेक मतो कपिल

सांख्यतत्त्वज्ञानना आद्य पुरुष कपिलमुनिए शब्दने प्रकृतिनो विकार कह्यो छे. प्रकृति जडस्वरूप छे, व्यापक छे. आकाश पण प्राकृतिक छे अने तेनी उत्पत्ति शब्दतन्मात्राओ द्वारा थयेली छे. ('तन्मात्रा'नो ख्याल 'परमाणु' शब्दथी आवी शके छे.)

त्रिफलां लवणाक्तेन भक्षयेच्छिष्यकः सदा।
क्षीण(अग्नि)मेधाजनन्येषा स्वरवर्णकरी तथा" ॥ २६ ॥—याज्ञवल्क्यशिक्षा पृ० ५ तथा नारदीयशिक्षा पृ० ४४२ (बनारस-संस्कृत सिरिझ १८९३) अर्थात्

"सवारना पहोरमां ऊठीने आंबानुं, खाखरानुं, बीलानुं, अघेडानुं, शिरीषनुं तथा खेरनुं, कदंबनुं, कणेरनुं अने करंजक [करणजी] नुं दातण करवुं जोईए, एनाथी वाणीनी शुद्धि थाय छे. ए उपरांत बधां कांटावाळां अने दूधवाळां वृक्षोनां पण दातण स्वरशुद्धि माटे लाभकारक छे. लवण साथे त्रिफळां खावाथी स्वरमां शोभा आवे छे, बुद्धि वधे छे अने अग्नि पण प्रदीप्त थाय छे."

२ सांख्यतत्त्वकौमुदीमां शब्दने आकाशनो गुण कहीने जणावेलो छे :

"प्रकृतेर्महान् ततः अहंकारः तस्माद् गणश्च षोडशकः।
तस्मादपि षोडशकात् पञ्चभ्यः पञ्च भूतानि" ॥ २२ ॥

व्याख्या—"पञ्चभ्यः तन्मात्रेभ्यः पञ्च भूतानि—आकाशादीनि तत्र शब्दतन्मात्राद् आकाशं शब्दगुणम्"—(सांख्यतत्त्वकौमुदी)

"प्रकृतिथी महान् (महत्-तत्त्व) नीपजे छे, तेमांथी अहंकार अने अहंकारमांथी सोळ पदार्थोनो गण पेदा थाय छे. पांचमांथी पांच भूतो नीपजे छे." २२. "पांच तन्मात्राओमांथी पांच भूतो—आकाश वगेरे—नीपजे छे. शब्दतन्मात्रामांथी आकाश ऊपजे छे अने आकाशनो गुण शब्द छे."

न्यायदर्शनना[४] अग्रणी गौतममुनिए अने वैशेषिक[५] दर्शनना पुरोधा कणादमुनिए शब्दने आकाशनो गुण कहीने वर्णव्यो छे. कदंबगोलकन्याये वा वीचितरंगन्याये शब्दनुं प्रसरण पण तेओ माने छे.

गौतम–कणाद

जैनदृष्टि[६] मुख्यपणे बे तत्त्वोने स्वीकारे छे: चेतन अने जड. जडना बे भाग छे—एक अमूर्त कोटिनुं अने बीजुं मूर्तकोटिनुं. पुद्गल मूर्तकोटिनुं जड कहेवाय अने आकाश अमूर्त कोटिनुं. शब्द मूर्तिमंत छे माटे ज ते, जड पुद्गलनो विशेष प्रकारनो परिणाम छे. शब्द अने आकाश वच्चे गुणगुणीनो वा कार्यकारणनो संबन्ध जैनदृष्टि स्वीकारती नथी. भाषानी–शब्दनी–वर्गणाओ आखा य लोकाकाशमां पथरायेली छे. ('वर्गणा'नी समज माटे 'परमाणु' शब्द पूरतो छे.)

जैन

मूलद्रव्यग्राही द्रव्यार्थिक[७] नयनी दृष्टिए जोतां 'शब्द' नित्य कहेवाय

---

४ "गन्ध–रस–रूप—स्पर्श–शब्दानां स्पर्शपर्यन्ताः पृथिव्याः। अप्–तेजो–वायूनां पूर्वं पूर्वम् अपोह्य आकाशस्य उत्तरः"—गौतममुनिप्रणीत न्यायसूत्र अध्या० २ आह्नि० १ सूत्र ६०.

५ "तत्र आकाशस्य गुणाः शब्द–संख्या-परिमाण–पृथक्त्व–संयोग–विभागाः"—वैशेषिक दर्शन-प्रशस्तपादभाष्य.

"परिशेषाद् गुणो भूत्वा आकाशस्य अधिगमे लिङ्गम्"—
वैशेषिकद० आकाशानुमानप्रकार पृ० २५.

६ "सद्द–अंधयार–उज्जोओ पभा छाया–ऽऽतवु त्ति वा।
वण्ण–रस–गंध–फासा पुग्गलाणं तु लक्खणं" ॥१२॥—उत्तराध्ययनसूत्र अध्य० २८

७ वक्तानो जे अभिप्राय मूळ द्रव्यविशे प्रवर्ते अने द्रव्यगत गुणादि धर्मो प्रति उपेक्षावृत्ति दाखवे ते अभिप्रायनुं नाम द्रव्यार्थिकनय–भेदनो निषेध न करती अभेदग्राही दृष्टि–सन्मतिप्रकरण गा० ३।

अने परिणामनी पर्यायार्थिक नयनी दृष्टिए जोतां 'शब्द' अनित्य कहेवाय.

शब्दनुं उपादानकारण शब्दनी वर्गणाओ छे अने प्रेरककारण या संयोगजकारण जीव छे. शब्दना अणुओनी आकृति वज्रनी छे. उत्पद्यमान या ध्वन्यमान शब्द गतिशील छे. महाप्रयत्नथी नीकळतो शब्द वच्चे बाधक सामग्री न होय तो लोकना छेक छेडा सुधी पहोंचे छे अने पछी ते तूटी जाय छे त्यारे मंदप्रयत्नथी पेदा थतो शब्द अमुक ज योजनो सुधी फेलाई पछी वीखराई जाय छे.

भाषानी वर्गणाओ शब्दरूपे परिणमे छे. तेमां रूप, रस, गंध अने अविरोधी बे स्पर्श पण होय छे. वर्गणाओ पोते गतिशील नथी परंतु शब्दरूपे परिणाम पामेली वर्गणाओ गतिशील छे.

---

८ पदार्थोने जे अभिप्राय द्रव्यगत गुणादि धर्मोविशे प्रवर्ते अने मूळद्रव्य प्रति तटस्थता धारणे ते अभिप्रायनुं नाम पर्यायार्थिक नय—सामान्यने न निषेधती भेदग्राही दृष्टि—सन्मतिप्रकरण गा० ३।

९. " चउहिं समएहिं लोगो भासाइ निरंतरं तु होइ फुडो ।
लोगस्स य चरमंते चरमंतो होइ भासाए " ॥ १० ॥

इह कश्चिद् मन्दप्रयत्नो वक्ता भवति स अभिन्नान्येव शब्दद्रव्याणि विसृजति तानि च विसृष्टानि असंख्येयात्मकत्वात् परिस्थूलत्वाच्च विभिद्यन्ते, भिद्यमानानि च संख्येयानि योजनानि गत्वा शब्दपरिणामत्यागमेव कुर्वन्ति। कश्चित्तु महाप्रयत्नः स खलु आदाननिसर्गाभ्यां भित्त्वैव विसृजति तानि च सूक्ष्मत्वाद् बहुत्वाच्च अनन्तगुणवृद्ध्या वर्धमानानि षट्सु दिक्षु लोकान्तमाप्नुवन्ति" इत्यादि—आवश्यक सूत्र-निर्युक्ति-पृ० १७.

आ संबंधे वधारे समजवा माटे प्रज्ञापनासूत्रनुं अगियारमुं भाषापद अने तेनुं विवेचन जोई लेवुं.

बौद्धपरंपरानी दृष्टिए समग्र विश्व पंचस्कंधात्मक छे, तेमां रूपस्कंधमां शब्दनो समावेश छे ए जोतां ए दृष्टि पण शब्दनुं भौतिकस्वरूप स्वीकारे छे.

बौद्ध

महान वैयाकरण पतंजलि[11] अने वाक्यपदीयना प्रणेता भर्तृहरिए[12] स्फोटरूप निरवयव शब्दने नित्य कह्यो छे अने मुखादि द्वारा ध्वन्यमान शब्दने अनित्य कह्यो छे. ते बन्ने वैयाकरणो शब्दना परमाणुओ होवानुं स्वीकारे छे. श्रवणगोचर थता ध्वनिओनुं तेमणे 'वैखरी'[13] वाणी नाम आपेलुं छे एटलुं ज नहीं पण—

पतंजलि भर्तृहरि

" अनादिनिधनं शब्द–ब्रह्मतत्त्वं यद्–अक्षरम् ।
विवर्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः " ॥

[वाक्यपदीय श्लो० १]

---

१० बौद्धमतमां चार आर्यसत्योने तत्त्वरूप जणावेलां छेः दुःख, समुदय, मार्ग अने निरोध. दुःखना पांच प्रकार छेः विज्ञान, वेदना, संज्ञा, संस्कार अने रूप. दुःखना प्रकारभूत एक 'रूप'मां शब्दनो समावेश छे :–षड्दर्शनसमुच्चय–बौद्धदर्शन.

११ " किं पुनर्नित्यः शब्दः आहोस्वित् कार्यः? संग्रहे एतत् प्राधान्येन परीक्षितम् × × × तत्र त्वेष निर्णयः–यद्येव नित्यः अथापि कार्यः उभयथाऽपि लक्षणं प्रवर्त्यम् "–महाभाष्य–अभ्यंकरशास्त्री पृ० १३.

१२ " अणवः सर्वशक्तित्वाद् भेद-संसर्गवृत्तयः ।
छाया-ऽऽतप-तमः–शब्दभावेन परिणामिनः ॥ ११२ ॥
स्वशक्तौ व्यज्यमानायां प्रयत्नेन समीरिताः ।
अभ्राणीव प्रचीयन्ते शब्दाख्याः परमाणवः ॥ ११३ ॥
—वाक्यपदीय प्रथम कांड.

१३ " स्थानेषु विवृते वायौ कृतवर्णपरिग्रहा ।
वैखरी वाक् प्रयोक्तृणां प्राणवृत्तिनिबन्धना" ॥
—स्याद्वादरत्नाकर प्रथम भाग पृ० ८९, अवतरण.

अर्थात्–"अनादि अनंत अने अक्षरात्मक शब्दब्रह्म, अर्थरूपे विवर्त पामे छे अने तेनाथी जगतनी प्रक्रिया चाली रही छे"–एम कही तेओ शब्दतत्त्वनी अपूर्व–अवर्ण्य–प्रतिष्ठा वर्णवे छे.

आ रीते आपणा महर्षिओने शब्दतत्त्वनुं दर्शन जुदी जुदी दृष्टिए थयेलुं छे. ए बधां आर्षदर्शनो अने यांत्रिक शब्दविज्ञाननी वर्तमान दृष्टि–ए बे वच्चे क्यांय सुमेळ बेसे छे के केम? एनो खुलासो तो पाकट अनुभववाळो शब्दविज्ञानशास्त्री ज आपी शके.

जे रीते शब्दना स्वरूपविशे प्राचीन लोकोए जुदा जुदा अनुभवो घडी राख्या छे ते ज रीते 'शब्द' अने 'शब्दार्थ' वा 'पदार्थ' वचेना संबंधपरत्वे पण तेमनी भिन्न भिन्न मान्यताओ प्रवर्ते छे.

शब्द अने शब्दार्थ

प्राचीन चिंतकोना उक्त विचारो द्वारा आपणे शब्दना स्वरूपविशे कोई एक निर्णीत सिद्धांत नथी मेळवी शकता ए भले, परंतु जे समये आवा यांत्रिक शोधननी आटली बधी सामग्री न हती अने अत्यारे शिष्ट गणाती प्रजा असंस्कारी जीवन गुजारती हती तेवे समये पण आपणा पूर्वज चिंतकोना चिंतनीय प्रदेशमां 'शब्द' पण विशेष स्थान रोकी रह्यो हतो अने ए गूढ तत्त्वने समजवा तेमणे प्रबल प्रयत्न य सेव्यो हतो–एटली ज हकीकत आपणे माटे आजे गौरवरूप नथी?

४ तरततुं जन्मेलुं बाळक मात्र रडवानो ध्वनि करी शके छे, जेम जेम ए मोटुं थतुं जाय छे तेम तेम हसवानो ध्वनि य करतुं थई जाय छे. पछी तो ए पोतानी वृत्तिओने व्यक्त करवा शारीरिक चेष्टाओनो य आश्रय करतां शीखे छे अने एम करतां करतां अर्थसूचक भांग्या तूट्या व्यक्त शब्दो बोलतुं बोलतुं ते, तद्दन स्पष्ट उच्चारण सुधी आवी जाय छे.

भाषास्वरूप

ए ज न्याय मानवसमाजनी भाषाना घडतर माटे पण घटमान छे.

'शब्द'नुं मूळ "शप् आक्रोशे" धातुमां

मानवसमाज पोताना बाल्यकाळमां हतो त्यारे अस्पष्ट शब्दोनो किकियारीओनो, मूक मानवनी पेठे शारीरिक निशानीओनो अने विशेष स्पष्ट व्यवहार माटे चित्रोनो य उपयोग करतो करतो प्रौढ वय पामी स्पष्ट उच्चारणना युगमां आव्यो त्यारथी भाषानी शरूआत थई कहेवाय.

स्पष्ट उच्चारणनुं ज नाम भाषा. 'भाषॅ्' धातुनो मूळ अर्थ 'व्यक्त वाणी' छे.

भाषाभेदनां निमित्तो अने भाषाना भेदप्रभेदो

५ 'बार गाउए बोली बदलाय' ए न्याये जोईए तो भाषाओनो आरोवारो नहीं जणाय. भाषाभेदनो आ प्रवाह सनातन छे. स्पष्टरीते जुदां जुदां नामपूर्वक भाषाभेदनो उगम अने तेनो प्रचार थतां भले युगो वीत्या होय परंतु स्पष्ट भाषानां बीज ज्यारथी रोपायां, भाषाभेदनां बीज पण त्यारथी नखायां भासे छे.

भाषाभेदनां निमित्तो

६ भाषाभेदनां निमित्तो[16] सर्वकाळे सदा संभवे एवां छे: भौगोलिक परिस्थिति, ऋतुओनी अनियमितता, शीततानुं आधिक्य, उष्णतानी प्रबळता, राज्योनी क्रांति, अन्य अन्य भाषाओनो संपर्क, स्वच्छ-शुद्धभाषाना आग्रहनी खामी, शरीरनुं अने उच्चारणनां साधनोनी रचनानुं वैविध्य, बोलवानां स्थानो,

१४ वैयाकरणोए 'शब्द' पदनुं पृथक्करण करीने एम जणाव्युं छे के तेमां 'शप्' प्रकृति छे अने 'द' प्रत्यय छे. 'शप्' धातुनो अर्थ 'आक्रोश' छे. 'शब्द' पदना मूळमां रहेलो 'शप्' आ किकियारीओनो संवादक जणाय छे.— (सिद्धहेमचंद्र अध्याय ४-२-२३७)

१५ "भाषि व्यक्तायां वाचि"—सिद्धहेमधातुसंग्रह तथा पाणिनीय धातुसंग्रह.

१६ "सर्वेषां कारणवशात् कार्यो भाषाविपर्ययः।
माहात्म्यस्यै परिभ्रंशं मदस्यातिशयं तथा॥

आस्यप्रयत्नो, करणो अने बाह्यप्रयत्नोनी विविध प्रकारनी अशुद्धिओ, अज्ञान, एक ज शब्दनां अनेकविध उच्चारणो, विजयी प्रजा अने पराजित प्रजा वच्चे गाढ संपर्क, पराजित प्रजानो ठेठ अंतःपुर सुधी प्रवेश अने लोहीनो संबंध, देशदेशांतरमां भ्रमण अने व्यापारादि कार्य माटे स्थिरवास, मिथ्याअभिमान, अशुद्ध उच्चारण, अशुद्ध वाचन अने व्याकरण तथा व्युत्पत्ति प्रति बेदरकारी वगेरे अनेकानेक कारणो भाषाभेदने नीपजावी शके छे.

शुद्ध उच्चारण-वाळा समाजमां पण भाषाभेदनां निमित्तो

७ एक वार एम कल्पी लईए के कोई एक समाज शुद्ध उच्चारणोनी विशेष तरफेण करनारो छे. बहारनो खास संपर्क नथी. अने व्याकरण वा व्युत्पत्तिशास्त्र साथे सहानुभूति पण छे. तेम छतां प्रकृतिए निर्मेलां मानवनां उच्चारण-स्थानो सदा एकसरखां होवां के रहेवां संभवित नथी. वळी, उच्चारणस्थानो ऊपर जेमनी असर सदा रहे छे एवी प्राकृतिक गरमी, शरदी, खानपाननी विशेष प्रकारनी अनुकूलता वगेरेनी परिस्थिति सदा एकसरखी रहेवी पण घटमान नथी. एवां एवां सर्व सुलभ अनेक निमित्तोने लीधे उच्चार्यमाण वर्णनो रणको सदा काळ एकसरखो रहेतो नथी.

प्रच्छादनं च विभ्रान्तिं यथालिखितवाचनम् ।
कदाचिद् अनुवादश्च कारणानि प्रचक्षते"

—रूपकपरिभाषा (षड्भाषाचंद्रिकामां अवतरण)

१७ "शब्दे प्रयत्ननिष्पत्तेरपराधस्य भागित्वम्"

—मीमांसादर्शन अ० १, पा० ३ अधि० ८ सूत्र २५.

"महता प्रयत्नेन शब्दमुच्चरन्ति । वायुर्नाभेरुत्थितः उरसि विस्तीर्णः कण्ठे विवर्तितः मूर्धानमपहाय परावृत्तः वक्त्रे विचरन् विविधान् शब्दान् अभिव्यनक्ति । 'तत्र अपराध्येत अपि उच्चारयिता । यथा शुष्के पतिष्यामि इति कर्दमे पतति,

सकृद् उपस्प्रक्ष्यामि इति द्विः उपस्पृशति। ततोऽपराधात् प्रवृत्ता 'गावी'-आदयो भवेयुः। न नियोगतोऽविच्छिन्नपारंपर्या एव इति"—शाबरभाष्य.

यदि हि एकान्तेन यादृशः परमुखात् शब्दः श्रूयते तादृगेव सर्वेण सर्वदा उच्चार्येत ततो वृद्धव्यवहारपरम्परायां सत्यां गवादिभिरिव न गाव्यादिभिः कश्चिदपि कालः शून्य आसीत् इत्यध्यवसायाद् अनादित्वमङ्गीक्रियते।

अपराधजस्य शब्दस्य संभवात् तु तदाशङ्कायां सत्यां नैकान्ततः सर्वेषामनादित्वम्। 'प्रयत्ननिष्पत्तेः' इति। पूर्वोक्तन्यायावधारितप्रयत्नाभिव्यक्तिरेव हेतुत्वेन उपदिश्यते। अपर आह—'अप्रयत्ननिष्पत्तेरपराधस्य भागिता' इति। यो हि अस्खलितप्रयत्नः शब्दम् अभिव्यनक्ति तस्य परम्परागतशब्दोच्चारणमात्रात् सर्वे समानविधाना भवेयुः। यदा तु अप्रयत्ननिष्पत्तिरपि शब्दे संभाव्यते तदा तत्र अपराधजरूपान्तरापत्तिप्रसङ्गाद् न नियोगतः सर्वशब्दानां समानविधानत्वम्। अथवा शब्दविषयस्य प्रयत्नस्यैव या निष्पत्तिस्तस्यामपराधः सुनिपुणानामपि अविकलकरणानां दृश्यते किमुत अनिपुण-विगुणकरणानाम्।

यश्च प्रयत्ननिष्पत्तावपराधः कृतास्पदः।
शब्दे स तदभिव्यङ्ग्ये प्रसजन् केन वार्यते ?॥
अतश्चानपराधेन व्यज्यमानेषु साधुता।
सापराधेष्वसाधुत्वं व्यवस्थैवं च तत्कृता॥

* * *

अपराधस्य भागित्वादुभयं सावकाशकम्।
साधोरनियता प्राप्तिरसाधोश्च प्रयोज्यता॥

* * *

एक एवायं शब्दः पुरुषाऽशक्ति-प्रमादकारणादिभेदात् तां तां वर्णन्यून-अतिरेक-क्रमान्यत्व-आदिअवस्थामुपनतस्तेन तेन अपभ्रंशरूपेण गृह्यमाणः तमेव अर्थं प्रतिपादयति इति न पर्यायकल्पनया वाचकशब्दान्तरत्वैकान्तसिद्धिः"—(उक्तसूत्रनुं तन्त्रवार्तिक पृ० २७५-२७६ आनन्दाश्रम)

"अशक्तिजानुकरणार्थः—अशक्त्या कयाचिद् ब्राह्मण्या 'ऋतकः' इति प्रयोक्तव्ये 'लृतकः' इति प्रयुक्तम्"—(महाभाष्य अ० शा० पृ० ४५)

उच्चारण करनाराओनी विविध परिस्थिति अने उच्चारणो ऊपर थती विधविध असर

८ गमे ते वर्णनुं उच्चारण करती वखते कोईनुं वलण वधारे पडतुं विवृत होय छे वा संवृत होय छे, घोष होय छे वा अघोष होय छे, कोईनुं वलण वधारे पडतुं नासिक्य रहे छे, एवो पण संभव छे के दन्त्य अक्षरो ज न बोली शकाय एटले तवर्गने बदले टवर्ग ज बोलाई जाय वा दन्त्य 'ल' ने बदले 'र' ज नीकळी जाय, मूर्धन्य 'ण' ने बदले 'न' ज आवी जाय, बोलतां बोलतां एकने बदले बीजो पण सवर्ण वर्ण ज खरी पडे, केटलीक वार वर्णोनो विपर्यास पण थई जाय, वधारे पडतुं दीर्घ उच्चारण के वधारे पडतुं ह्रस्व उच्चारण थई जाय, उदात्त अनुदात्त अने स्वरितना भेदनुं अज्ञान होई वधारे पडतुं तीव्र के मंद उच्चारण थई जाय, 'श' 'ष' 'स' के 'च' नो भेद जतो रहे, 'ऋ' नां विविध उच्चारणो प्रवर्ते, 'ऐ' के 'अइ' ना भेदनो तेम ज 'औ' के 'अउ' ना भेदनो ख्याल भूंसाई जाय, बे स्वरो अव्यवहित रीते साथे आवतां तेमनुं उच्चारण

---

१८ पाणिनि वगेरे वैयाकरणोए पोताना व्याकरणमां खास एक स्वरसंधिनुं प्रकरण राख्युं छे ते ज, आ बाबतनुं प्रबळ उदाहरण छे :

दण्ड + अग्रम् – दण्डाग्रम् । तव + एषा – तवैषा । देव + इन्द्रः – देवेन्द्रः ।
प्र + ऊढः = प्रौढः । प्र + ऋणम् – प्रार्णम् । इह + एव – इहैव ।

बिम्ब + ओष्ठी – { बिम्बोष्ठी, बिम्बौष्ठी | प्र + एजयति – प्रेजयति ।

दधि + अत्र – { दध्यत्र, दधियत्र | नदी + एषा – { नदि–एषा नद्येषा |

ने + अनम् – नयनम् । नै + अकः – नायकः ।
लो + अनम् – लवनम् । लौ + अकः – लावकः ।
ते + अत्र – तेऽत्र । गो + अक्षः – गवाक्षः ।
दधि — दधिँ, दधि । मधु—मधुँ, मधु वगेरे.

बदलाई जाय, त्यांथी बोलवा जतां वचेना के अंतिम वर्णो खवाई जाय वा बदलाई जाय, विसर्ग अने 'ह', उपध्मानीय अने 'ह' तथा जिह्वामूलीय अने 'ह' ए बधा वच्चेनो विभाग जतो रहे, वे व्यंजेनो अव्यवहित

---

१९ पाणिनि वगेरे वैयाकरणोए पोताना व्याकरणमां खास एक व्यंजनसंधिनुं प्रकरण आप्युं छे ते ज, आ बाबतनुं समर्थक उदाहरण छेः

ककुप् + मण्डलम्— ककुम्मण्डलम्, ककुन्मण्डलम्.	अन्यय् + याति—अन्ययाति ।
वाग् + मयम्—वाङ्मयम् ।	वृक्षौ + इह— वृक्षाविह, वृक्षाइह
वाग् + हरिः—वाग्घरिः।	कः + उ—कयु ।
वाक् + शूरः—वाक्छूरः ।	देवाः + आसते—देवायासते ।
कः + खनति— क≍खनति ।	सुगण् + इह—सुगण्णिह ।
कः + पचति—क ≍ पचति ।	कन्या + छत्रम्—कन्याच्छत्रम् ।
कः + शेते—कश्शेते	अर्कः—अर्क्कः, अर्कः ।
कः + चरति—कश्चरति ।	त्वक्—त्वक्क्, त्वक् ।
भवान् + चरः—भवाँश्चरः ।	पुनर् + रात्रिः—पुनारात्रिः ।
पुम् + कामा—पुँस्कामा ।	गूह् + तम्—गूढम् ।
नॄन् + पाहि—नॄँःपाहि ।	उत् + स्थानम्—उत्थानम् ।
सम् + कर्ता— संस्कर्ता, सस्कर्ता	सः + एष—सैष (पादपूरणे) ।
	वाक्—वाक्, वाग् ।
त्वम् + करोषि— त्वं करोषि, त्वङ् करोषि	चक्षुः + श्च्योतति—चक्षुश्च्योतति ।
	क्षीरम्—क्ष्वीरम्, क्षीरम् ।
सम् + राट्—सम्राट् ।	अप्सराः—अफ्सराः, अप्सराः ।
सुगण् + शेते—सुगण्ट्शेते ।	तत् + शेते—तच्शेते ।
भवान् + साधुः—भवान्त्साधुः ।	तत् + टकारः—तट्टकारः ।
कः + अर्थः—कोऽर्थः	तत् + लूनम्—तल्लूनम् ।
देवाः + यान्ति—देवायान्ति ।	भवान् + लुनाति—भवाँल्लुनाति । वगेरे.

रीते साथे आवतां तेमनुं उच्चारण बदली जाय, संयुक्त[२०] व्यंजननुं उच्चारण करवा जतां आगळ के वच्चे गमे ते स्वर उमेराई जाय तथा 'देव' बोलवा जतां 'दएैव'[२१] एवुं बोलाई जाय—आवां अनेकानेक कारणोने लीधे नीपजतां भिन्न भिन्न उच्चारणो ज समय जतां भाषाभेदना प्रवाहने जन्मावे छे.

अवेस्तानुं उच्चारण

पोतानी कल्पना प्रमाणे शुद्ध उच्चारणोना प्रचारनो प्रयत्न छतां पोते कल्पेला अशुद्ध उच्चारणो कदी भूंसावानां नथी

९ 'अमुक प्रकारनां ज उच्चारणो शुद्ध छे अने एथी ऊलटां अशुद्ध छे' एवु प्रामाणिकपणे मानता अने ए ज प्रमाणे वर्तता एवा भाषासंस्कृतिना केटलाक प्रेमीओ पोते स्वीकारेलां शुद्ध उच्चारणोनो ज प्रचार करवा अने पोते कल्पेलां अशुद्ध उच्चारणोनो समूळ ध्वंस करवा प्रबळ प्रयत्न सेवे छतां य ते अशुद्ध उच्चारणो उक्त कारणोने लीधे समाजमांथी सर्वथा अश्राव्य थयां नथी, थतां नथी तेम थवानां पण नथी ज.

---

२० 'स्त्री' नुं 'इस्त्री,' 'स्टेशन' नुं 'इस्टेशन,' 'स्थिति' नुं 'इस्थिति' 'भार्या'नुं 'भारजा' वगेरे उच्चारणो सुप्रतीत छे।

२१ संस्कृत उच्चारण. — आवेस्तिक उच्चारण.

एषाम्	अएषाम्
प्रति	पइति
पृथु	पेरेथु
भेषज	बएषज
श्रेष्ठ	श्रएस्त

वगेरे अनेक उदाहरणो प्रतीत छे.

१० शुद्ध उच्चारणोना प्रवर्तन माटे शिक्षाओ रचाई, स्वरोना भेदप्रभेदो

२२ व्याकरण शास्त्रमां ए, ऐ, ओ, औ सिवायना तमाम स्वरोना अढार अढार भेद बतावेला छे अने ए, ऐ, ओ, औना बार बार भेद कहेला छे :

ह्रस्व—अ
दीर्घ—आ
प्लुत—अ ३ (३णनो अंक त्रिमात्रिक उच्चारणनो द्योतक छे)
१ ह्रस्व अ उदात्त
२ ह्रस्व अ अनुदात्त
३ ह्रस्व अ स्वरित
४ दीर्घ आ उदात्त
५ दीर्घ आ अनुदात्त
६ दीर्घ आ स्वरित
७ प्लुत अ ३ उदात्त
८ प्लुत अ ३ अनुदात्त
९ प्लुत अ ३ स्वरित

ह्रस्व अ उदात्त सानुनासिक अने निरनुनासिक
ह्रस्व अ अनुदात्त „ „
ह्रस्व अ स्वरित „ „

ए ज प्रमाणे दीर्घ अने प्लुत 'अ' ना पण सानुनासिक अने निरनुनासिक एवा बे बे प्रकार समजवा.

आ रीते एक 'अ' नां ज अढार उच्चारणो थाय छे. ए ज प्रमाणे 'इ' वगेरे बधा स्वरोनां अढार अढार उच्चारणो समजवानां छे.

'ए' वगेरे चार स्वरोनुं 'ह्रस्व' उच्चारण, पाणिनि वगेरे संस्कृत वैयाकरणोए स्वीकार्युं नथी तेथी तेमना प्रत्येकना बार बार प्रकार ज थाय छे.

आ प्रमाणे स्वरोनां अनेकविध उच्चारणो थाय छे. ए दरेक उच्चारण अर्थवाहक छे ए ध्यानमां राखवानुं छे.

वर्तमानमां तो मात्र भेदो ज गणावવाना रहे छे परंतु ते प्रत्येक भेदनुं शुद्ध उच्चारण करवुं के शोधी काढवुं अने तेनी अर्थवाहकता समजवानुं लगभग अगम्य जेवुं जणाय छे.

शोधाया, उच्चारणसंबंधी नाना मोटा अनेक[23] दोषोनी गवेषणा थई, शुद्ध शब्दने ज कामधेनुनुं रूप अपायुं, अशुद्ध शब्द घातकरूपे वर्णवायो, शुद्ध उच्चारण ज मोक्षनुं असाधारण साधन कहेवायुं अने सर्वथा शुद्ध उच्चारण करे एवो एक श्रोत्रिय वर्ग ज ऊभो करवामां आव्यो—ए रीते शुद्ध उच्चारणनी प्रतिष्ठा माटे अनेकानेक प्रयत्नो थया छतां य अशुद्ध उच्चारणनी फरियाद मटी नहीं अने छेवटे 'शिष्टोनी उच्चारण पद्धति विविध छे' एम ठरावी ए प्राकृत उच्चारणोने—स्वाभाविक उच्चारणोने पण आर्षताने लीधे शुद्ध मानीने नभावी लेवानुं ज आव्युं.

शुद्ध उच्चारणो माटेनो प्रयत्न

छेवटे अशुद्धने पण शुद्ध मानीने चलाववुं पड्युं

---

२३ "के पुनः संवृतादयः ?—संवृतः, कलः, ध्मातः, एणीकृतः, अम्बूकृतः, अर्धकः, ग्रस्तः, निरस्तः, प्रगीतः, उपगीतः, क्ष्विण्णः, रोमशः"

"ग्रस्तं निरस्तमविलम्बितं निर्हतमम्बूकृतं ध्मातमथो विकम्पितम् ।
संदष्टमेणीकृतमर्धकं द्रुतं विकीर्णमेताः स्वरदोषभावनाः—" (महाभाष्य पृ० २० वा० अ०)

२४ "एकः शब्दः सम्यग्ज्ञातः सुष्ठु प्रयुक्तः स्वर्गे लोके कामधुग् भवति" इति । —(सर्वदर्शनसं० पाणिनिदर्शन पृ० २९६ वा० अ०)

"नाकमिष्टसुखं यान्ति सुयुक्तैर्वद्वाग्रथैः ।
अथ पत्काषिणो यान्ति ये चिक्कमितभाषिणः ॥" —(सर्वदर्शनसं० पाणिनिदर्शन पृ० २९६ वा० अ०)

२५ दुष्टः शब्दः स्वरतो वर्णतो वा
मिथ्या प्रयुक्तो न तमर्थमाह ।
स वाग्वज्रो यजमानं हिनस्ति
यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात् ॥—(महाभाष्य—पृ० ४ वा० अ०)

संस्कृतमां पण बीजां उच्चारणोनी असर

११ वर्तमानमां जे भाषा 'संस्कृत' ना नामथी प्रसिद्ध छे तेमां य अनार्यजनसंपर्कने[२६] लीधे जुदी जुदी भाषाना शब्दो पेसी गया छे अने विविध उच्चारणो थयांने कारणे नीपजतो शब्दभेद[२७] पण तेमां वधी गयो छे.

१२ महान् शब्दशास्त्री यास्के अने आद्य वैयाकरण महर्षि पाणिनिए संग्रहेलो शब्दसंग्रह जोईशुं तो जणाशे के तेमां केटला य धातुओ अन्य भाषाना पेसी गया छे अने केटला य धातुओ तो विविध उच्चारणोने प्रतापे एकमांथी अनेक जेवा थई गयेला छे.

यास्के[२८]—

यास्कनुं उदाहरण

"लोटते–लोठते। पिस्यति–विस्यति। प्रवते–प्लवते। कवते–गवते। रजति–लजति। ऋण्वति–ऋणोति। इयर्ति–ईर्ते। भ्रति–भ्राति–भ्रयति। जयति–जवति। द्रमति–द्रवति"—[निरुक्त पृ० १९८] ऊपर जणावेला बधा प्रयोगो 'गति'अर्थवाळा छे.

"दाशति–दासति"—आ प्रयोग 'दान'अर्थवाळो छे.

—[निरुक्त पृ० २४१]

---

२६ पिक अने तामरस जेवां अनार्यपदो वेदमां पण पेसी गयां छे तथा मूळतः अनार्य एवां शाखि (शाहि–शाह) तुरुष्क (तुर्क–तरक) भिल्ल अने म्लेच्छ (मलेक–मलेछ–मुलक) वगेरे पदो पण विशिष्ट संस्कार पामीने संस्कृतसाहित्यमां प्रचार पामेलां छे.

२७ क्षुर–खुर । हर्ष–हरिष । चन्द्र–चन्दिर । वगेरे संस्कृत पदो, विविध उच्चारणनो स्पष्ट संवाद छे.

२८ निरुक्त—वेंकटेश्वर प्रेसनी आवृत्ति.

"नवम्—नव्यम्—नूतम्—नूतनम्"—नवुं—[निरुक्त पृ० २४४]
"हरितः—सरितः"—नदी —[निरुक्त पृ० १६१]
"तोयम्—तूयम्"—पाणी —[निरुक्त पृ० १६०]
"उपरः—उपलः"—मेघ —[निरुक्त पृ० १५४]
"गभीरा—गम्भीरा । स्वरः—स्वरः । वाणी—वाणः"। —एटले वाणी —[निरुक्त पृ० १५६—१५७]
"ग्मा—ज्मा । क्ष्मा—क्षा—क्षमा"। एटले पृथ्वी । —[निरुक्त पृ० १५५]

पाणिनि—

पाणिनिनुं उदाहरण

"जि-ज्रि अभिभवे[1] । द्रु-द्रु गतौ[2] । क्षि-क्षै-सै क्षये[3] । शु-स्रु गतौ । गृ-घृ सेचने[4] । घृ-ह्वृ कौटिल्ये[5] । कै-गै शब्दे[6] । स्रै-श्रै पाके[7] । पै-वै शोषणे[8] । राख्-लाख् शोषण-अलमर्थयोः[9] । द्राख्-ध्राख् शोषण-अलमर्थयोः । वख्-मख् गतौ । रङ्घ्-लङ्घ् गतौ । इख्-ईख् गतौ । युङ्ग्-जुङ्ग् गतौ । अर्च्-अञ्च् पूजायाम्[10] । ग्रुच्-ग्लुच् स्तेये"[11] । लक्ष्-लक्-लाक्ष् लक्षणे[12] । ह्रीड्-ह्री लज्जायाम्[13] । स्फुर्छा-स्मूर्छा विस्मृतौ[14] । घृज्-घृञ्ज् ध्वज्-ध्वञ्ज् ध्रज्-ध्रञ्ज् गतौ । वज्-व्रज् गतौ । गुज्-गुञ्ज् अव्यक्ते शब्दे[15] । जज्-जञ्ज् युद्धे[16] । तप्-धूप् संतापे[17] । किट्-खिट् उत्त्रासे[18] । यभ्-जभ् मैथुने[19] । चम्-छम्-जम्-झम् अदने[20] । शुच्य्-चुच्य् अभिषवे[21] । मील्-श्मील्-स्मील्-क्ष्मील् निमेषणे"[22] ।

---

२९ सिद्धांतकौमुदी—धातुसंग्रह.

[१ पराजय करवो । २ गति करवी—जवुं । ३ क्षीण थवुं । ४ सींचवुं । ५ कुटिलता । ६ शब्द करवो । ७ रांधवुं । ८ शोषावुं । ९ अलमर्थ-बस-सर्यु-पत्युं । १० पूजवुं । ११ चोरी करवी । १२ चिह्न-निशान करवुं । १३ लाजवुं । १४ भूलवुं । १५ गूंजवुं । १६ जूझवुं । १७ तपवुं । १८ त्रासवुं । १९ अदवुं । २० खावुं । २१ प्रवाही पदार्थमां बीजो प्रवाही भेळववो । २२ संकोचावुं ।]

शाख–श्लाख् व्याप्तौ[1] । खल्–स्खल् चलने[2] । जोत्–द्योत् भासने[3] । तक्ष्–त्वक्ष् तनूकरणे[4] । वाक्षु–वाञ्छु काङ्क्षायाम्[5] । दे–त्रै पालने[6] । लोक्–लोच् दर्शने[7] । वृध्–ऋध्–एध् वृद्धौ[8] । शीभ्–चीभ् कत्थने[9] । व्ये–उय् तन्तु-संताने[10] । ग्रस्–ग्लस् अदने । भक्ष्–म्लक्ष् भक्षणे । टल्–ट्वल् वैक्लव्ये[11] । पृच्-पृज्-पिञ्ज् संपर्चने[12] । चुण्–छुट् छेदने[13] । लज्-लस्ज् व्रीडे[14] । खड्-खण्ड् भेदे[15] । एठ्-हेठ् विबाधायाम्[16] । तस्-दस् उपक्षये[17] । दश्-दंस् दर्शने[18] । यज्-यक्ष् पूजायाम् । तिम्-तीम्-ष्टिम्-ष्टीम् आर्द्रीभावे[19] । अपनी-ओण् अप-नयने[20] । प्युष्-प्युस्-पुस् विभागे[21] । भृश्-भ्रंश् अधःपतने[22] ।

—[पाणिनि धातुसंग्रह]

धातुओनां रूपोमां—

करति-करोति । अपनयति-ओणति । काशते-काश्यते । ध्रवति-ध्रुवति । नौति-नुवति । कौति-कुवति । धूनोति-धूनाति । मानते-मानयते । लुण्टति-लुण्टयति । श्रणति-श्राणयति । बोधति-बोधयति । ब्रुडति-बोल्यति । पूर्यते-पूरयति । चेतति-चेतयति । महति-महयति । स्तनति-स्तनयति । घोषति-घोषयति । भूषति-भूषयति ।

उक्त बधां नामो, धातुओ अने धातुरूपोमां नीपजेली उच्चारणोनी विविधता अछती रहे एवी नथी.

१३ एमां कयुं उच्चारण पहेलुं अने कयुं पछीनुं अथवा कयुं उच्चारण शुद्ध अने कयुं अशुद्ध एवो विभाग शी रीते बतावी शकाय? छतां ए

[१ व्यापवुं । २ खडी जवुं । ३ प्रकाश । ४ पातळुं करवुं । ५ वांछवुं । ६ पाळवुं । ७ जोवुं । ८ वधवुं । ९ श्लाघा करवी । १० वणवुं । ११ विह्वल थवुं । १२ मिश्र थवुं । १३ छेदवुं । १४ लाजवुं । १५ भेदवुं । १६ बाधा करवी । १७ क्षीण थवुं । १८ जोवुं । १९ भीनुं थवुं । २० दूर करवुं । २१ विभाग करवो । २२ अधःपात थवो ।]

संग्रह जोतां एम तो कल्पी शकाय एवुं छे के संग्रहकारे जे शब्दने प्रथम लीधो छे तेनुं उच्चारण आद्य उच्चारण होय अने पछी लीधेलो शब्द ते, ए आद्य उच्चारणनुं बीजुं उच्चारण होय.

१४ उक्त कल्पना असंगत न भासती होय तो ए बधो शब्दसंग्रह आ नीचे जणावेलां विविध उच्चारणोनो समर्थक छे एम कही शकाय:

उच्चारणभेदनुं परिणाम

ऊपर जणावेला शब्दसंग्रहमां क्यांक 'ट' नो 'ठ,' 'प' नो 'व,' 'र' नो 'ल,' 'क' नो 'ग,' 'व' नो 'ओ,' 'इय्' नो 'ई' थयो छे. क्यांक 'अ' नो 'आ' के 'अय्,' 'म' नो 'व,' 'श' नो 'स' बोलायो छे. क्यांक 'त्न' नो 'तन,' 'क्ष्म' नो 'क्षम' एवुं अन्तःस्वर-वृद्धिवाळुं उच्चारण थयुं छे, क्यांक 'ह' नो 'स,' 'ओ' नो 'उ' तथा अनुस्वारनो वधारो थयेलो छे. क्यांक 'ग' नो 'ज,' 'व' नो वधारो, 'र' नो वधारो, 'इ' नो 'ऐ' अने 'क्ष' नो 'स' थयेलो छे. क्यांक 'ग' नो 'घ,' 'ध' नो 'ह,' 'स' नो 'श,' 'प' नो 'व,' 'द' नो 'ध,' 'ब' नो 'म' अने ह्रस्वनो दीर्घ थयेलो छे. वळी क्यांक 'य' नो 'ज,' 'वक्र' ना 'वंक' नी पेठे 'अर्च्' नो 'अञ्च्,' 'दर्श्' नो 'दंस्' अने 'लछ्' नो 'लाञ्छ्' थयेलो छे. क्यांक न्यूनाक्षरता आवी गई छे. क्यांक 'स्फ' नो 'स्म,' 'त' नो 'ध,' 'क' नो 'ख,' 'च' नो 'छ,' 'ज' अने 'झ,' 'श' नो 'च' तथा 'श' 'स' 'क्ष' अने 'ल' नो वधारो थयेलो छे. क्यांक 'द्य' नो 'ज,' 'क्ष' नो 'छ,' 'द' नो 'त,' 'ए' नो 'ऐ,' 'क' नो 'च' थयेलो छे. क्यांक आद्य 'व' लोप पामी शेष 'ऋ' नो 'इ' थई 'ए' थयेलो छे. क्यांक 'क' नो 'च,' 'वे' नो 'ऊ,' 'च' नो 'ज' तथा 'छ,' 'ए' नो 'हे,' 'त' नो 'द' थयेलो छे. क्यांक 'ष' वधी गयो छे, क्यांक 'प'

नो 'स' अने 'ऋ' नो 'र' बोलायो छे. तथा 'अपनी' नो 'अप' उपसर्ग 'ओ' रूपे थई 'ओण्' धातुमां अंगरूप बनी गयो छे अने 'नी' नो अन्त्य 'ई' खरी गयो छे.

ए रीते कहेवाती संस्कृत भाषाना उपर्युक्त शब्दोमां अने उदाहरणरूपे टांकेलां केटलांक क्रियापदोमां उच्चारणभेदनो प्रवाह अविच्छिन्नपणे घणा लांबा समयथी चाल्यो आवे छे त्यारे प्राकृत भाषाओमां तो ए प्रवाह निरन्तर वही ज रह्यो छे.

संस्कृतमां अन्य भाषाना धातुनो प्रवेश, ए विशे यास्क अने भाष्यकार

१५ उक्त धातुसंग्रहमां बीजी बीजी भाषाना धातुओ पण पेठेला छे ए हकीकत तो खुद यास्के अने महाभाष्यकारे पोते पण जणावेली छे: "शवतिर्गतिकर्मा कम्बोजेषु एव भाष्यते" × × × "विकारमस्य आर्येषु भाषन्ते 'शवः' इति"—[यास्क निरुक्त पृ. १०४] "स एषः शवतिर्गतिकर्मा गत्यर्थो धातुः कम्बोजेष्वेव भाष्यते—म्लेच्छेषु प्रकृत्या प्रयुज्यते शवति-गच्छति-इत्यर्थः"—[निरुक्तनी दुर्गाचार्यकृत वृत्ति पृ० १०५—तथा महाभाष्य[२०] आह्निक १ पृ० २१]

आ उपरांत ए ज पाना ऊपर "सर्वे देशान्तरे" वाक्यना भाष्यमां जणाव्युं छे के—"हम्मतिः सुराष्ट्रेषु, रंहतिः प्राच्यमध्येषु, गमिमेव तु आर्याः प्रयुञ्जते।" अर्थात् 'शव्' एटले 'जवुं' एवो प्रयोग अनार्य एवा कंबोज देशमां ज प्रचलित छे, आर्यलोको तो 'शव' नो अर्थ 'मडदुं' करे छे. 'हम्म्' एटले 'जवुं' एवो प्रयोग सुराष्ट्र देशमां प्रचलित छे अने प्राच्यमध्य देशमां 'रंह्' एटले 'जवुं' नो प्रयोग चाले छे, त्यारे आर्यलोको 'गम्' (एटले 'जवुं') नो प्रयोग करे छे.

---

२० श्रीवासुदेवअभ्यंकरशास्त्रीजीवाळी मराठीभाषांतरयुक्त आवृत्ति.

भाष्यकारनो उक्त उल्लेख एवुं ठरावे छे के 'गम्' धातु आर्यशाखानो छे, 'शव्' कंबोज प्रदेशनो छे अने 'हम्म्' धातु सुराष्ट्र तरफनो तथा 'रंह्' धातु प्राच्यमध्य बाजुनो छे. (प्राच्यमध्य एटले पूर्वना मध्य देशो—आर्यावर्तमां जे देशो पूर्वमां आवेला छे तेओमां जे मध्यवर्ती देशो छे ते 'मगध' वगेरे देशो.)

वेदोमां पण अनार्य शब्दोनो प्रवेश

१६ खुद वेदमां पण 'पिक' वगेरे केटलाक शब्दो एवा मळे छे के जेमनी परंपरा म्लेच्छोमां जळवायेली होय. महर्षि जैमिनिए रचेला मीमांसादर्शनमां "चोदितं तु प्रतीयेत अविरोधात् प्रमाणेन"—[अध्याय १ पाद ३ सू० १० अधिकरण ५] एवुं एक सूत्र छे. तेना भाष्यमां श्रीशबरमुनि जणावे छे के—

"अथ यान् शब्दान् आर्या न कस्मिंश्चिदर्थे आचरन्ति म्लेच्छास्तु कस्मिंश्चित् प्रयुञ्जते यथा पिक-नेम-सत-तामरस-आदिशब्दाः तेषु संदेहः। किं निगम-निरुक्त-व्याकरणवशेन धातुतोऽर्थः कल्पयितव्यः उत यत्र म्लेच्छा आचरन्ति स शब्दार्थः? इति" तात्पर्य ए छे के वेदोमां 'पिक' 'नेम' 'सत' 'तामरस' वगेरे एवा केटलाक शब्दो मळे छे के जेमनो प्रयोग आर्य लोको करता नथी पण म्लेच्छो करे छे तो पछी एवा अनार्य शब्दोनो अर्थ शी रीते समजवो? शुं निगम निरुक्त के व्याकरण द्वारा एवा शब्दोनो अर्थ मेळववो के म्लेच्छो जे अर्थमां ते शब्दोने वापरे छे ते अर्थ ग्रहण करवो? आना उत्तरमां भाष्यकार जणावे छे के "ज्यां वैदिक परंपरा साथे कशो विरोध न आवतो होय त्यां म्लेच्छोए मानेलो अर्थ लेवामां य कशो बाध नथी."

उपर्युक्त उल्लेखो द्वारा एवुं प्रमाणित थाय छे के आर्यभाषामां अनार्य भाषाना शब्दो पेसी गयेला हता अने ते पण लांबा समयथी.

---

२१ आनंदाश्रम (पूना) वाळी आवृत्ति.

"न म्लेच्छितवै नापभाषितवै म्लेच्छो ह वा एष यद् अपशब्दः म्लेच्छा मा भूम इति अध्येयं व्याकरणम्"—[महाभाष्य पृ० ४] अपभ्रष्ट बोलनारने आ रीते म्लेच्छ थई जवानी सख्त धमकी छतां य आर्यभाषामां अनार्य शब्दोनो पेसारो अटकी शक्यो नहीं.

१७ तात्पर्य ए छे के उच्चारणोनी शुद्धि जाळवनारा समाजमां पण ए रीते भाषाभेदनां निमित्तो हमेशने माटे ऊभां ज होय छे तेथी ऊपर कह्युं छे तेम स्पष्टभाषानी उत्पत्ति अने तेनां भेदक कारणोनी उत्पत्ति ए बन्ने सहभू होवी असंभवित भासती नथी.

१८ एम छे छतां य संस्कृतिनी दृष्टिथी भाषा-भाषा वच्चेनो विवेक थई शके छे. भाषाभेदनां निमित्तो गमे तेटलां प्रबळ होय तो पण शब्दो पोताना मूळ स्वरूपने छोडता नथी, उच्चारणोमां विपर्यासनो प्रवाह प्रबळरीते वहेतो होय तो पण तेवां विपरीत उच्चारणोमां य प्राचीनतम वटवृक्षना मूळनी पेठे ते ते शब्दो मूळरूपे दटायेला ज होय छे. धूळ-धोया जेवा शब्दशास्त्रीओ एवां मूळ रूपोने शोधी काढी अने तेमनुं परस्पर तुलनात्मक परीक्षण करी भाषा-भाषा वच्चेना विभागने समजी शके छे अने आपणा वेदवाराना इन्द्रादिक शब्दशास्त्रीओए ए रीते ज आर्यभाषा अने अनार्यभाषा वच्चेना भेदने पारखी तारवी बताव्यो छे.

विविध उच्चारणोनुं सांकर्य छतां संस्कृतिनी दृष्टिए भाषा-भाषा वच्चेना भेदनी परख

१९ अहीं गुजराती भाषाना तुलनात्मक संबंधने लक्ष्यमां राखीने वर्तमान सर्व आर्यभाषाओना मूळभूत व्यापक प्राकृत भाषाना प्रादुर्भावनी थोडी चर्चा करी लेवानी छे.

तुलनात्मक रीते सर्व आर्यभाषाओना मूळभूत व्यापक प्राकृतनी चर्चा

ते मूळभूत प्राकृतनुं आदिम स्वरूप आपणी सामे नथी परंतु विशेष परिवर्तनवाळुं तेनुं साहित्यिक स्वरूप वर्तमानमां उपलब्ध छे. प्राचीन प्राकृतमां लिपिबद्ध थयेली अशोकनी धर्मलिपिओ वगेरे शिलालेखो, आचारांग वगेरे जैन अंगउपांग ग्रंथो अने मज्झिमनिकाय आदि बौद्ध पिटक साहित्य वगेरेमानुं जे प्राकृत आपणने वांचवा मळे छे ते द्वारा आदिम मूळभूत प्राकृतना स्वरूपनी आछी कल्पना करी शकाय खरी.

व्यापक प्राकृतनुं साहित्य

२० आदिम प्राकृतना समयविशे कहेवुं होय तो एम जरूर कही शकाय के जे काळे वेदोनी भाषा जीवती हती ते काळने आदिम प्राकृतना आविर्भावनो काळ गणी शकाय—वेदोनी ऋचाओमां जे भाषा वर्तमानमां सचवायेली छे ते आज हजारो वर्षथी बोलाती बंध थई गई छे. परन्तु ज्यारे ते मात्र शिष्टोनी नहीं किन्तु सर्वजनमां व्यापेली साधारण भाषारूपे जीवती हती त्यारे तेनुं 'आदिम प्राकृत' नाम आपी शकाय.

आदिम प्राकृतनुं स्वरूप अने समय

२१ उक्त कारणोने लीधे परिवर्तनना प्रवाहमां पडेली जीवती वैदिक भाषाने आर्योनी जीवंत भाषा कहो के आदिम प्राकृत कहो: ज्यारे भाषा बोलवाना व्यवहारमां होय छे त्यारे प्राणवंती होय छे, एवी चेतनवंती भाषा कदी एक रूपमां ज जकडाई रहेती नथी, तेमां एक ज शब्दनां अनेक उच्चारणो प्रवर्ते छे. आ जातनुं उच्चारणवैविध्य ज भाषानुं जीवंतपणुं छे.

जीवती वैदिक भाषा अने आदिम प्राकृत ए बन्ने एक ज छे.

२२ आपणे एक एवो समय कल्पीए के ज्यारे वैदिक भाषा बोलवाना अने लखवाना बन्ने उपयोगमां आवती हती. अहीं ए न भूलवुं जोईए के

जे भाषा लखवाना उपयोगमां रूढ थई गई होय—लिपिबद्ध साहित्यमां ऊतरी गई होय—तेमां परिवर्तननो अवकाश नहिवत् रहे छे. परंतु जे भाषा निरंतर बोलवाना प्रवाहमां वहेती होय, जेने स्त्रीओ, वृद्धो, अभण लोको जेवा के गोवाळियासुद्धां वापरता होय ते भाषा परिवर्तनना प्रवाहमां पड्या विना न ज रही शके.

जीवती वैदिक भाषामां उच्चारणोनुं अनियंत्रण

२३ अमुक स्वर उदात्त बोलवो, अमुक स्वर अनुदात्त बोलवो ए प्रकारनां वैदिक शब्दो संबंधे प्रवर्ततां उच्चारणनियमनो जोतां ए जरूर जणाई आवे एवुं छे के ज्यारे ते भाषा बोलवाना पूरपाट प्रवाहमां तणावानी अवस्थाए पहोंची हशे त्यारे तेमां ते नियमनो सचवावां शक्य ज नहीं रह्यां होय. संस्कारी लोकोमां य वैदिक स्वरोनां उक्त उच्चारणो आजे अशक्य जेवां थई पड्यां छे तो पछी यास्कनी पहेलांना साधारण जनसमूहमां आजनी जेवी अशक्यता कल्पवी कठण भासती नथी. ऊलटुं पाणिनिए प्रवर्तावेली स्वरप्रक्रियानां नियमनो एम सूचवे छे के तेमना समये साधारण जनसमूहमां उच्चारणोनी अराजकता प्रवर्तती हती अने ते अराजकता वैदिक कर्मकांडमां न पेसे ते माटे तेमने आखी स्वरप्रक्रिया रचवी पडी हती.

जीवती भाषामां उच्चारणोनी व्यवस्था न ज रही शके

२४ आजे पण आपणी चालु भाषामां एक शब्द संबंधे य स्वरगत उच्चारणो जुदां जुदां माल्म पडे छे: काम—कांम—कॉम। लींबडो—लेंबडो। ईम—एम। जीम—जेम। तीम—तेम। नथी—नथ। नानुं—नेनुं। जेनुं—जीनुं। ए रीते बोलवाना व्यवहारमां आवता वैदिक शब्दोमां य स्वरगत विविध उच्चारणो प्रवर्ततां हतां.

સંવૃત[32], કલ, ધ્માત, એણીકૃત, અંબૂકૃત, અર્ધક, ગ્રસ્ત, નિરસ્ત, પ્રગીત, ઉપગીત, ક્ષ્વિણ્ણ, રોમશ, અવિલંબિત, નિર્હત, સંદષ્ટ અને વિકીર્ણ, વગેરે ઉચ્ચારણ સંબંધી અનેક દોષોનું મહાભાષ્યકારે જે વિવરણ કરેલું છે તે પણ તેમની અગાઉ પ્રવર્તેલી ઉચ્ચારણોની અરાજકતાનું સમર્થક છે.

મહાભાષ્યકારે દર્શાવેલાં ઉચ્ચારણોનાં દૂષણો

---

૩૨ જુઓ ટિપ્પણ ૨૩.

સંવૃત—ઉચ્ચારણ કરતી વખતે ખરા ઉચ્ચારસ્થાનની લગોલગ જીભ આવી જતાં સંવૃત દોષ થાય છે. સંવૃત = આચ્છાદિત અર્થાત્ ઉચ્ચારણસ્થાનની લગોલગ જીભ આવી જતાં શુદ્ધઉચ્ચારણ ઢંકાઇ જાય છે.

કલ—ઉચ્ચારણ કરતી વખતે જીભ ખોટા ઉચ્ચારણસ્થાન તરફ વળે ત્યારે 'કલ' દોષ થાય છે.

ધ્માત—ઉચ્ચારણ કરતી વખતે જોઈએ તે કરતાં પ્રમાણમાં વધારે શ્વાસવાયુનો સંચાર થવાથી 'ધ્માત' દોષ થાય છે: આ ધ્માત દોષને લીધે હ્રસ્વ વર્ણ પણ દીર્ઘ જેવો ભાસે છે.

એણીકૃત—સંશયયુક્ત ઉચ્ચારણ.

અંબૂકૃત—ઉચ્ચારણ કરતી વખતે ઉચ્ચાર્યમાણ શબ્દ મોઢામાંને મોઢામાં જ રહે પણ બહાર વ્યક્ત ન થાય તે અંબૂકૃત.

અર્ધક—ઉચ્ચારણ કરતી વખતે જોઈએ તે કરતાં પ્રમાણમાં ન્યૂનરીતે શ્વાસવાયુનો સંચાર થવાથી અર્ધક દોષ થાય છે. અર્ધક દોષને લીધે દીર્ઘ વર્ણ પણ હ્રસ્વ જેવો ભાસે છે.

ગ્રસ્ત—જ્યારે ઉચ્ચારણ ખવાઈ ગયા જેવું થાય ત્યારે ગ્રસ્ત દોષ થાય.

નિરસ્ત—ઉચ્ચારણમાં જ્યારે નિષ્ઠુરતા આવે ત્યારે નિરસ્ત દોષ થાય.

પ્રગીત—ઉચ્ચારણ જ્યારે ગીત જેવું થાય ત્યારે પ્રગીત દોષ થાય.

ઉપગીત—જ્યારે ઉચ્ચારણ પ્રગીત જેવું ભાસે ત્યારે ઉપગીત દોષ થાય.

ક્ષ્વિણ્ણ—જ્યારે ઉચ્ચારણ કંપાયમાન જણાય ત્યારે ક્ષ્વિણ્ણ દોષ થાય.

રોમશ—ઉચ્ચારણ કરતી વખતે જ્યારે જોઈએ તે કરતાં પ્રમાણમાં વધારે ઘેરાપણું આવે ત્યારે રોમશ દોષ થાય.

२५ उच्चारणोनी अराजकता ज भाषाना देहरूप मूळ शब्दोने अनेक आकारोमां परिणमावे छे. स्वरगत तेमज व्यंजनगत उच्चारणोनी विविधताने लीधे एक शब्द अनेक जेवो भासमान थाय छे:

जीवती भाषामां एक ज शब्दनां विविध उच्चारणोनां उदाहरणो

लोट्-लोठ् । प्रव्-प्लव् । हरित्-सरित् । क्षुद्रक-खुड्डग । क्षुल्लक-खुल्लग । पश्चात्-पश्चा-पच्छा । युष्मासु-तुम्हासु । युष्मे-तुम्हे । अस्मासु-अम्हासु । अस्मे-अम्हे । मह्यम्-मम्हं-मज्झं-मह । त्वा-त्वया-तइ । त्वे-तुवे । त्वयि-तयि-तइ । श्रवणा-श्रोणा-सोणा । हस्त-झस्त । प्रति-पइति । अभ्र-अव्र । देव-**दएव** । त्वा-**थ्वा** । सा-हा । विश्वस्य-**विस्पहे** ।

स्थूल अक्षरवाळां पदो आवेस्तिक भाषानां छे

द्वारम्-**द्वारेम्** । एतस्मिन्-**अएतम्हि** । सखायः-**हखय** । अह्नि-**अस्नि** । पश्चात्-**पस्कात्** । स्तौमि-**स्तओमि** । प्र-**फ्र** । ब्रूते-**म्रूते** । असि-**अहि** । हुताशा-**आतिश** । सकृत्-**हकेरेत्** । वसुमते-**वोहुमइते** । तया-तधा । तावत्-दाव । आर्य-आरिय-अय्य-अज्ज । भवति-भोदि-भोति । पूर्व-पुरव । देवात्-देवातो-देवादो । एव-य्येव । नर-नल । हंस-हंश । शुष्क-सुस्क । कष्ट-कस्ट । पट्ट-पस्ट । अर्थ-अस्त । सार्थ-शस्त । जन-यण । अन्य-अन्न-अञ्ञ । गच्छ-गश्च । यक्ष-यऽक । प्रेक्ष-पेस्क । राज्ञा-राचिना-रञ्ञा । पर्वत-पव्वत । सदन-सतन । शील-सीळ-सील । कुटुम्ब-कुतुंब । स्नान-सिनान । कष्ट-कसट । यादृश-जारिस-जादिस-जातिस-यातिस । दृष्ट-दिट्ठ-तिट्ठ । दुर-तूर । मेघ-मेख ।

अविलंबित—बहु वेगथी उच्चारण करतां अविलंबित दोष थाय.

निर्हत—उच्चारणमां रूक्षता आवे त्यारे 'निर्हत' दोष थाय.

संदष्ट—लांबा स्वर-राग द्वारा उच्चारण करवा जतां संदष्ट दोष थाय.

विकीर्ण—विवक्षित वर्णने बदले तेने मळतो ज बीजो वर्ण बोलाय ते विकीर्ण दोष. 'व' ने बदले 'ब' नुं के 'प' ने बदले 'फ' नुं उच्चारण विकीर्ण कहेवाय.

વ્યાઘ્ર-વગ્ઘ । રાજા-રાચા । પૃષ્ઠ-પટ્ટ-પિટ્ઠ-પુટ્ઠ । ગૌરી-ગઉરી-ગોરી । તૃણ-તણ-તિણ । દયિતેન-દયિએણ-દઇયિણ-દઇએં । દેવસ્ય-દેવસ્સ-દેવસ્સુ-દેવસુ-દેવહો । તૃણાનામ્-તણાણં-તણહં । તરોઃ-તરુહે । દત્ત-દિણ્ણ-દિન્ન ।

આગળ જણાવેલા યાસ્ક અને પાણિનિના શબ્દસંગ્રહમાં અને આ શબ્દોમાં જે પહેલો શબ્દ છે તેને મૂળરૂપે કલ્પ્યો છે અને પછીના શબ્દોને, તે મૂળ શબ્દના જ ઉચ્ચારણભેદથી નીપજેલા કલ્પ્યા છે.

૨૬ અહીં જે સ્થૂલ દૃષ્ટિએ જુએ તેને તો એમ જ ભાસે એવું છે કે તે પ્રથમ શબ્દ અને તે પછીના બીજા બીજા શબ્દો તે બધા એક બીજાથી તદ્દન જુદા જુદા છે જ્યારે ખરી રીતે તેમ નથી, કિંતુ જે જીવતી ભાષા ઉચ્ચારણભેદના સપાટામાં આવે છે તેનું ઘડતર જ આમ થાય છે.

સ્થૂલ પદાર્થના પરિવર્તનની પેઠે ભાષાદેહનું પરિવર્તન શીઘ્ર ગમ્ય થતું નથી

સોનું વિશિષ્ટ નિમિત્તને લીધે પોતાની પૂર્વ આકૃતિ કલશરૂપતાનો પરિત્યાગ કરે છે અને અન્ય આકૃતિ—મુકુટરૂપતા—ને ધારણ કરે છે. એ બનાવ જેટલો સરળ અને ગમ્ય છે તેમ કોઈ પણ મૂળભાષાના શબ્દદેહમાં પરિવર્તન—પરિણામાંતર—થવાનો બનાવ એટલો સરળ નથી અને ગમ્ય પણ નથી. અમુક કાળે બધા લોકો એક સાથે કોઈ પણ ચાલતી ભાષાને તજી દે અને તેને સ્થાને બીજી તદ્દન નવી ભાષાને અપનાવી લે એવો તર્ક પણ ભાષાના પરિણામાંતર માટે ઘટતો નથી. કેટલીક એવી પ્રવૃત્તિઓ હોય છે કે જે લોકધારણાને અધીન રહીને ચાલે છે ત્યારે ભાષાના પરિણામાંતરની પ્રવૃત્તિ તેથી ઊલટી છે.

ભાષામાં તો જમીનમાં વાવેલા બીજની પેઠે કાલપરિપાકાનુસાર પરિવર્તનની ક્રિયા નિરંતર ચાલ્યા જ કરે છે. પરિવર્તનની ક્રિયા જ એવી છે કે જે જાણ્યે અજાણ્યે પ્રવર્તમાન રહી પરિણામાંતરને નીપજાવે છે.

२७ जे समयनी भाषाविशे आपणे चर्चा करिए छिए ते, आर्योनी प्रथमावस्थानो समय छे. तेवे समये आर्य प्रजानो निवास अमुक एक परिमित स्थान ऊपर हतो. एथी तेमनी वच्चे बोलाती जीवती भाषा कांई चपटी वगाडतां ज परिणामांतरने न पामे.

आर्योनां विधविध उच्चारणो चालु होय अने तेने अंगे भाषामां परिणामांतरे य प्रसरतुं होय. आ क्रियानी चालु स्थितिमां ज्यारे आर्यो

आर्योनो विस्तार अने तेमनी भाषानुं परिवर्तन

विस्तरवा लाग्या–सिंधु पंचनद–सरस्वती–दृषद्वती अने गंगायमुनाने काठे थताक तेओ आखा आर्यावर्तमां फेलाया अने ठेठ दक्षिण सुधी पहोंची गया त्यारे तेमनी जे भाषा एक समये खास परिणामांतरथी मुक्त हती ते हवे तेवी ज न रही शकी. ज्यारे अन्य अन्य भाषभाषी प्रजासाथे अनेक रीते गाढ संपर्क थाय त्यारे मूळ भाषा परिणामांतरने न पामे ए बने पण केम ?

विजयवंत प्रजा ज्यां ज्यां पोतानो विजयझंडो फरकावे छे त्यां त्यां तेने

विजयी अने पराजित प्रजाना संपर्कथी भाषानुं परिवर्तन

लोकप्रिय शासकनी रीते अनेक लोकोना गाढ संबंधमां आववुं ज पडे छे. पराजय पामेली प्रजा साथेना व्यवहारमां विजयी प्रजानो भाषाप्रवाह छूटथी वहेतो होय छे एवे प्रसंगे विजयी प्रजानी अने पराजित प्रजानी भाषा परिणामांतरने नपामे एम बने ज नहीं.

विजयी प्रजा पोतानी मूळभाषाने लेश पण विकृत कर्या विना व्यवहार चलाववा जाय तो तेनो भाषाव्यवहार ज अटकी पडे. अने शासकनी स्थितिमां मूकायेली कोई पण प्रजा मात्र भाषाना मूळ देहनी रक्षा माटे पराजित लोकोसाथे भाषाव्यवहार ज न राखे ए तो तद्दन

अनिवार्य छे. आवी परिस्थितिमां बंने प्रजा अमुक प्रकारनो संबंध बांधे, के एकठी आवेल प्रजा, पोतानी मूळभाषाना शब्दोमां पराजित प्रजानी भाषाना अनेक शब्दो आवता है अने तेनुं उच्चारण पोतानी ढबे करे. पण पराजित प्रजा नबळी पडे अने पराजित प्रजाओ, पण तेमनी मूळभाषामां विजयी प्रजानी भाषाना शब्दो भेळवी अने तेनुं पोतानी ढबे पण आगळ उच्चारी शके एटलुं ज उच्चारण करतुं रह्युं.

आम घणी अनेकविध सन विषम उच्चारणोनी असर भाषा उपर पडी चालु रहे छे के जेने लीधे ते अमुक भाषा केम जाणे बोलाई न गई होय अने तेने स्थाने प्रजानी तद्दन नवी भाषा न आवी गई होय एवी परिस्थिति आवी जाय छे.

अनंत वर्षोनी आर्योनी भाषा पण ए ज स्थितिमां मूकाई गई हती.

२८ जेम अत्यारे अंग्रेजो आपणामां वसता रहे छे, आपणामां भळता नथी, मळतुं पडे त्यां अळगा रहेता रहे छे, आपणी साथे तेमनो कौटुंबिक संबंध नथी तेम ते वखते आर्यो नहीं होय.

आर्योना अंतःपुर सुधी आदिम जनतानो प्रवेश अने तेनी भाषा उपर असर

एको तो जेम जेम विस्तरता गया तेम तेम अनेक आदिम जातिओना संसर्गमां आवता गया, विविध जातिनी आदिम जनता के आर्योना अंतःपुर सुधी पहोंची गई, आदिम जातिनी अनेक स्त्रीओए आर्योनुं गृहिणीपद शोभाव्युं. आम शासक अने शासित वच्चे एटलो संबंध बंधायो अने अनेकानेक आदिम जातिओ आर्योमां ओतप्रोत थई गई. आवी परिस्थितिमां शासक अने शासित वच्चे शुं व्यवहार नहीं प्रवर्त्यो होय? लेवडदेवडनो, प्रेमनो, विद्याना आदानप्रदाननो, वाक्योनो, एक बीजाना तहेवार उत्सवोनो,

घरने लगतां अनेक कार्योना आदेशप्रत्यादेशनो आवा आवा अनेक प्रसंगो उपस्थित थतां ते बन्ने प्रजाने बन्नेने साधारण एवी एक भाषा विना चाली शके खरुं ?

२९ तन्त्रवार्तिककार कुमारिल भट्ट कहे छे के—

आर्य भाषामां प्रवेशेल म्लेच्छ शब्दोनो अर्थ जाणवा म्लेच्छोनी सहायता

"[३३]जेवुं पद वेदवेदांगमां वपरायुं छे बराबर तेवुं ज पद म्लेच्छभाषामां उपलब्ध होय अने त्यां तेनो अर्थ आर्यशास्त्रद्वारा न थई शकतो होय एवे स्थळे उभय शास्त्रमां सचवायेला एवा अविप्लुत-अविकृत-पदनो अर्थ समजवा म्लेच्छभाषानो पण आश्रय लेवो पडे तो ते अयुक्त नथी. पण ज्यां आर्योए म्लेच्छभाषानां पदोने पोतानी रीते फेरवी नाखी नवो घाट आप्यो होय

---

३३ "चोदितमशिष्टैरपि शिष्टानवगीतं प्रतीयेत यत् प्रमाणेन अविरुद्धं तद् अवगम्यमानं न न्याय्यं त्यक्तुम्। × × × तस्मात् पिक इति कोकिलो ग्राह्यः, नेमः अर्धम्, तामरसम्—पद्मम्, सत इति दारुमयं पात्रम् × × × परिमण्डलं शतच्छिद्रम्"।

"ये शब्दा न प्रसिद्धाः स्युः आर्यावर्तनिवासिनाम्।
तेषां म्लेच्छप्रसिद्धोऽर्थो ग्राह्यो नेति विचिन्त्यते॥
निरुक्त—व्याक्रियाद्वारा प्रसिद्धिः किं बलीयसी।
समुदायप्रसिद्धिर्वा म्लेच्छस्यैवाथ वा भवेत्॥
आर्याश्च म्लेच्छभाषाभ्यः कल्पयन्तः स्वकं पदम्।
पदान्तराक्षरोपेतं कल्पयन्ति कदाचन॥
न्यूनाक्षरं कदाचिच्च प्रक्षिपन्त्यधिकाक्षरम्।

तद्यथा— द्राविडादिभाषायामेव तावत् व्यञ्जनान्तभाषापदेषु स्वरान्त—विभक्ति—स्त्रीप्रत्ययादिकल्पनाभिः स्वभाषानुरूपान् अर्थान् प्रतिपद्यमाना दृश्यन्ते। तद्यथा—'ओदनम्' 'चोर्' इत्युक्ते 'चोर' पदवाच्यं कल्पयन्ति। 'पन्थानम्' 'अतर्' इत्युक्ते 'अतर' इति कल्पयित्वा आहुः—सत्यं दुस्तरत्वाद् 'अतर' एव पन्था इति। तथा,

'पाए्' शब्दं पकारान्तं सर्पवचनम्—अकारान्तं कल्पयित्वा सत्यं 'पापः' एव असौ—इति वदन्ति। एवं 'माल' शब्दं स्त्रीवचनं 'माला' इति कल्पयित्वा सत्यमित्याहुः। 'वैर्' शब्दं च रेफान्तम्—उदरवचनम्—'वैरि'शब्देन प्रत्याम्नायं वदन्ति—सत्यम् सर्वस्य क्षुधितस्य अकार्ये प्रवर्तनाद् उदरं वैरिकार्ये प्रवर्तते इति।

तद् यदा द्रविडादिभाषायामीदृशी स्वच्छन्दकल्पना तदा पारसी—बर्बर—यवन—रौमकादिभाषासु किं विकल्प्य किं प्रतिपत्स्यन्ते इति न विद्मः।

तस्माद् म्लेच्छप्रसिद्धं यत् पदमार्यैर्विकल्प्यते।
न कश्चित् तत्र विश्वासो युक्तः पद—पदार्थयोः॥
निरुक्त—व्याक्रियाद्वारा यस्त्वर्थः परिगम्यते।
पिक—नेमादिशब्दानां स एवार्थो भविष्यति॥ इति प्राप्तम्।
एवं प्राप्ते वदामोऽत्र पदं निपुणदृष्टिभिः।
विज्ञायेताऽविनष्टं यत् तत् तदर्थं भविष्यति॥
देशभाषा—ऽपभ्रंशपदानि हि विप्लुतिभूयिष्ठानि न शक्यन्ते विवेक्तुम्।
यत् तु वेद—तदङ्गेषु पदं दृष्टमविप्लुतम्।
म्लेच्छभाषासु तद्रूपमर्थं क्वचन चोदितम्॥
तत् तथैव प्रतीयेत प्रमाणेनाऽविरोधतः।
पिक—नेमादि तद्धयेवं निपुणैरवधारितम्॥
चोदितं ह्युपदिष्टं वा प्रयुक्तं वा क्रियागतम्।
म्लेच्छैरवधृतं पश्चाद् आर्यैर्द्विभाषिकैः क्वचित्॥
तादृशं तु प्रतीयेत प्रामाण्येनेति निश्चितम्।
न तद् धर्मप्रमाणेन वेदाख्येन विरुध्यते॥

अपि च—

पदार्थ-पदसंबन्धज्ञानापेक्षप्रवर्तनात्।
प्रसिद्धिर्यत्र तत्रस्था वाक्यार्थायानुगम्यते॥
पिकादिशब्दवाच्यं वा म्लेच्छैर्यदवधारितम्।
अविरोधात् प्रमाणेन तद्विधा वेदनोदितम्॥
चोदितं वा प्रमाणेन वेदेनेत्यस्य संगतिः।
आर्यैः सहाऽविरुद्धत्वात् तस्य तैरप्यपेक्षणात्॥

त्यां मात्र साधारण अक्षरसाम्यनो आश्रय लई तेमने म्लेच्छपदो साथे सरखावी अर्थनिश्चय करवामां जोखम छे. प्रस्तुतमां 'पिक' 'नेम' वगेरे शब्दो जेवा म्लेच्छभाषामां प्रचलित छे तेवाने तेवा–अनिप्लुत-अविकृत–आर्यशाखामां पण प्रचलित छे. आर्योए ए पदोने विशेष रीते बदल्यां नथी एटले ए अने एवां बीजां अरूपांतरित अने जेमनो अर्थ आर्यशाखामां उपलब्ध नथी तेवां पदोनो अर्थ समजवा म्लेच्छभाषानी कोई शाखानो आश्रय लेवो पडे तो जरूर लेवो, तेम करतां एटलुं जरूर जोवुं जोईए के कोई पण वैदिक विधिने लेश पण बाध न आवतो होय. जे पदो म्लेच्छोए पोतानी परंपराओमां अवधारी राखेलां होय अने एवां ज पदो आर्यशाखामां पण उपलब्ध थतां होय, तेमना अर्थनो निर्णय करवा आर्योनी अने म्लेच्छोनी भाषा जाणनारा एवा द्वैभाषिक आर्यो एवां विवादास्पद पदोनी परख करे छे, परख करतां बन्ने पदोनी अविप्लुतता जणाय तो म्लेच्छपरंपरा प्रमाणे तेमनो अर्थ करी शकाय छे."

आर्यशाखानी अने म्लेच्छ-शाखानी भाषा जाणनारा द्वैभा-षिक आर्यो

"वेदोमां पशुना कोई एक अवयव माटे 'क्लोम' वगेरे शब्दो वपरायेला छे. वैदिक अध्वर्युने खबर नथी के 'क्लोम' वगेरे शब्दो पशुना कया अवयवने सूचित करे छे. 'क्लोम' वगेरेनो खरो अर्थ न जणाय तो वैदिक विधिने दूषण लागे छे. आवे प्रसंगे वैदिक विधिनी शुद्धिने माटे, जे लोको रातदिवस

यथैव 'क्लोम' आदयः पश्ववयवा वेदे चोदिताः सन्तः अध्वर्य्वादिभिः स्वयम् अज्ञायमानार्थत्वाद् ये नित्यं प्राणिवधाभियुक्तास्तेभ्य एव अवधार्य विनियुज्यन्ते । यथा च निषादेष्ट्यां 'कूटं दक्षिणा' इति विहिते य एव एतेन व्यवहरन्ति तेभ्य एव अर्थतत्त्वं ज्ञात्वा दीयते तथा पिक–नेम–तामरस–आदिचोदितं सद् वेदाद् आर्यावर्तनिवासिभ्यश्च अप्रतीयमानं म्लेच्छेभ्योऽपि प्रतीयेत इति"—तन्त्रवार्तिक पृ. २२७.

पशुहननमां अभियुक्त छे एवा ववको पासे जईने अध्वर्युए ए 'क्लोम' वगेरे शब्दोना अर्थो अवधारी लेवा जोईए. अहीं जेम ववको पासेथी पण अर्थ समजवामां वांधो नथी तेम जे जे पदोनो अर्थ आर्यशाखा द्वारा गम्य नथी अने एवां ज पदो म्लेच्छशाखाओमां प्रचलित छे त्यां तेमनो अर्थ म्लेच्छभाषाओ द्वारा करवामां हरकत नथी."

म्लेच्छपदोने बोलवानी आर्योए स्वीकारेली उच्चारणपद्धति

३० वळी, म्लेच्छभाषानां पदोने आर्यलोको केवी रीते फेरवीने बोले छे ते बाबत ते ज ग्रन्थकार जणावे छे के—"आर्यलोको प्रसंगने लीधे म्लेच्छभाषाओमांथी पदो मेळवीने तेमने पोतानी रीते करसे छे: म्लेच्छभाषानां केटलांक पदोमां बीजा पदना अक्षरो मेळवी दईने बोले छे, केटलांक पदोने ओछा अक्षरवाळां करीने वापरे छे अने केटलांक पदोमां अक्षरो वधारी दईने चलावे छे. द्रविड वगेरे देशोनी भाषामां जे पदो व्यंजनांत छे, आर्यो तेमने स्वरांत बनावीने वापरे छे. केटलांक द्रविड पदोने आर्यो पोतानी भाषामां वपराती विभक्तिओ लगाडीने वापरे छे, केटलांक तेवां म्लेच्छपदोने आर्यो पोतानी भाषामां वपराता स्त्रीलिंगसूचक प्रत्ययो लगाडीने बोले छे अने आ रीते म्लेच्छभाषाओनां अनेक पदोने आर्यो पोतानी रीते अनेक प्रकारे संस्कारयुक्त करे छे अने तेम करीने ते पदो द्वारा स्वभावाने अनुसरतो अर्थ मेळवता आर्यो आजे पण देखाय छे."

केटलाक द्रविडी शब्दोनां आर्योए करेलां उच्चारणो

"जेमके द्रविड भाषामां 'ओदन' अर्थनो सूचक रकारांत [३४]'चोर्'

---

३४ 'चावल' शब्द साथे द्रविडी 'चोर्' शब्दने सरखावी शकाय एम छे. अने संस्कृत 'कूर' अने प्रस्तुत 'चोर्' ए बे पदो वच्चे पण समानता छे.

शब्द छे. आर्यो ते शब्दने अकारांत 'चोर' बनावीने वापरे छे. द्रविड भाषानो ळकारांत 'माळ्' छे तेने आर्यो 'माला'[25] करीने बोले छे. द्रविड भाषाना 'सर्प'अर्थना पकारांत 'पाप्' शब्दनो आर्यो 'पाप' एवो बोल बनावे छे अने 'सर्प' पापरूप छे माटे तेने 'पाप' कहेवो योग्य छे एम कहीने 'पाप'नुं निर्वचन पण करे छे. द्रविड भाषानो 'अतर्' शब्द 'मार्ग' अर्थनो छे तेने आर्यो 'अतर' बोले छे अने जे 'दुस्तर' छे ते 'अतर' कहेवाय एम कहीने आर्यो द्रविड भाषाना ए 'अतर्' शब्दने आर्यप्रसिद्ध 'तॄ–तरवुं' धातुमांथी नीपजावे छे. द्रविडलोकोमां 'वैर्'[26] शब्द 'पेट'ना अर्थमां प्रसिद्ध छे. आर्य लोकोमां 'वैरी' शब्द 'शत्रु'ना अर्थमां जाणीतो छे. आर्यो कहे छे के 'पेट' माणसपासे गमे तेवुं अकार्य पण करावे छे माटे ते शत्रु जेवुं छे—आ रीते 'वैरी' अने द्रविड 'वैर्' वच्चे साम्य साधी आर्यो 'वैर्'ने पण 'पेट' अर्थमां वापरे छे."

द्रविडी पदोनां एवां उदाहरणो

"आ प्रकारे आर्यलोको विजातीय भाषाना अनेक शब्दोने पोतानी रीते फेरवीने काममां ले छे."

---

२५ स्त्रीवाचक 'महिला' के 'महेला' पद साथे प्रस्तुत 'माला' पदनी तुलना संभवे छे.

२६ वर्तमानमां पण द्रविडीभाषामां 'पेट' अर्थे 'वैर्' शब्द सुप्रतीत छे, ए हकीकत एक द्रविडी मित्र पासेथी जाणी छे. संस्कृत कोशमां पण 'वेर' शब्द 'शरीर' ना पर्याय तरीके नोंधेलो छे. 'वेर–संहनन–देह–संचराः" (हेमकोश कांड ३, श्लो० २२७.) अने

'कुवेर' एटले जेनुं वेर–शरीर, कु–कद्रुपुं छे ते–एवो अर्थ करीने 'कुबेर'नी व्युत्पत्ति आपता कोशकारे तेमां पण 'वेर' पद ने शरीरवाचक कर्युं छे.

"कुत्सितं वेरम्–शरीरम्–अस्य कुष्ठित्वात् कुबेरः"—(हेमकोश कांड २, श्लो० १०३)

तंत्रवार्तिककार कहे छे के “ आर्यावर्तनी पडोशमां आवेली द्रविडादि भाषाओना शब्दोने आर्यो पोताने फावे ते रीते फेरवीने स्वच्छंदपणे वापरे छे तो पछी पारसीक, बर्बर, यवन अने रोमक वगेरे देशोनी भाषाना शब्दोने वापरती वखते आर्यलोको ते ते शब्दोमां कोण जाणे केवो य फेरफार करता हशे अने ते ते शब्दोनुं नवुं नवुं रूप कल्पीने तेमांथी केवो केवो अर्थ काढता हशे ते संबंधे शुं कही शकाय ? ”

जैमिनि, शबर अने कुमारिल भट्टनुं उपर्युक्त निवेदन एम सिद्ध करवाने पूरतुं छे के जे क्रियाओमां म्लेच्छोनी छाया पण असह्य छे एवी वैदिक विधिओने लगतां विधानोमां य म्लेच्छभाषाना शब्दो पेसी गया हता तो पछी आर्यो अने अनार्यो वच्चे प्रवर्तती जनसाधारणनी भाषामां तो अनार्य शब्दोनो प्रभाव केटलो बधो वधारे हशे ? ए प्रभावने लईने आर्योनी अने आदिम जातिओनी भाषा एकमेक जेवी थई गई हती.

३१ ते ते आदिम जातिओ आर्योना शब्दोने केवी रीते फेरवीने बोलती हशे ते विशे विशेष प्राचीनतम उदाहरणो मळवां दुर्लभ छे छतां य चीनी प्रवासी ह्युएनसंग (विक्रमनो सातमो सैको) नां उच्चारणो द्वारा अने अंग्रेजोनां अत्यारनां उच्चारणो द्वारा ए फेरफारोनी कल्पना आवी शके खरी.

	ह्युएनसंगनां उच्चारणो	आपणा शब्दो
	[देश अने नगरनां नामो]	
चीनी प्रवासी ह्युएनसंगे करेलां विलक्षण उच्चारणोनां उदाहरणो	किउँचेलो[३७]	गुर्जर
	सुलच	सुराष्ट्र
	ओनंतोपुलो	आनन्दपुर
	फलिपि	वलभी

३७ आ बधां नामो माटे जुओ 'ऑन युआनच्वांग' (वॉटर्स) नो विशेष नामोनो इंडेक्स तथा 'बुद्धिस्ट रेकर्ड्झ् ऑफ धि वेस्टर्न वर्ल्ड'नो विशेष नामोनो इंडेक्स.

हुएनसंगनां उच्चारणो	आपणा शब्दो
मोलपो	मालवा
मोहोलच्च	महाराष्ट्र
कीच	कच्छ
पोलुकीचेपो	भृगुकच्छ
अंतल	अन्ध्र
शेतोतुलु	शतद्रु
चेलंतोलो	जालंधर
उशेयेन्न	उज्जयिनी
सिंतु	सिन्धु
किओसलो	कोशल
तम्मोलिति	ताम्रलिप्ति
चेंपो	चम्पा
मोकीटो	मगध
नेपोलो	नेपाल
फीशेली	वैशाली
पोलोनिस्से	वाराणसी
किओशांम्पि	कौशाम्बी
पोलोयेकिअ	प्रयाग
ओयुतो	अयोध्या
मोतुलो	मथुरा
किअशिमिलो	काश्मीर
तचशिलो	तक्षशिला
कींतोलो	गान्धार
उतोयेन्न [राजानुं नाम]	उदायन

किअौचेये [रेशमी वस्त्रनुं नाम] कौशेय

इत्यादि.

अंग्रेजोए करेलां एवां विलक्षण उच्चारणोनां उदाहरणो

३२ आधुनिक अंग्रेजोनां 'भरुच'नुं 'ब्रोच', 'खंभात'नुं 'केम्बे,' 'मथुरा'नुं 'मुत्रा', 'वडोदरा'नुं 'वरोडा' वगेरे उच्चारणो जाणीतां छे.

भाष्यकारे अने हेमचंद्र वगेरेए दर्शावेलां एवां विलक्षण उच्चारणोनां तथा अनार्यपदोनी व्युत्पत्तिनां उदाहरणो

३३ ए ज रीते आर्यो, ते ते आदिम जातिओना शब्दोने फेरवीने केवी रीते वापरता हशे ते बाबत विशेष तो कही शकाय एवुं नथी छतां संस्कृत अने प्राकृत साहित्यमां सचवायेला एवा केटलाक शब्दो उपरथी आर्योए करेला फेरफारनी कल्पना थई शके खरी :

अनार्य शब्द	आर्योए फेरवेलो शब्द
तरबूज	[३८]त्रपुस (भाष्यकार)
तुर्क	[३९]तुरुष्क-तुरुक (अमर तथा हेमचंद्र)
फारस	[४०]पारसीक-पारसीय (,,)

३८ " दधि—त्रपुसं प्रत्यक्षो ज्वरः" महाभाष्य अ० १ पा० १ आह्निक ८ सूत्र ५९.

३९ " तुरुष्कः पिण्डकः सिल्हो "—(अमर० कां० २ श्लो० १२८ मनुष्यवर्ग)
" तुरुष्कः "—(हैमकोश कां० ३ श्लो० ३१२)

४० " वनायुजाः पारसीकाः काम्बोजाः बाल्हिका हयाः " (अमर० कां० २ श्लो० ४५ क्षत्रियवर्ग तथा हैमकोश कां० ४ श्लो० ३०१)

अनार्य शब्द	आर्योए फेरवेलो शब्द
शाह	[४१] साखि (हेमचंद्र)
शाहन्शाह	[४२] साखानुसाखि-साहंसाही-(कालककथा)
	साहाणुसाही-साहानसाहि (जिनदेव)
रिश्वत् अथवा रुश्वत्	[४३] वातरूप
जीन	[४४] जयन-जयण

खास विशेष प्रकारना घोडा माटेना शब्दो

खोङ्गाह[४५]

सेराह

हरिय

खुङ्गाह

---

४१ "तुरुष्काः साखयः स्युः"–(हेमकोश कां० ४ श्लो० २५)

४२ "पत्तो सगकूलं नाम कूलं, तत्थ जे सामंता ते साहिणो भण्णंति। जो सामंताहिवई सयल-नरिंदवंदचूडामणी सो साहाणुसाही भण्णइ"—(कालककथा) "तेनाचचक्षे मम योऽस्ति राजा साहानसाहिः स भण्यतेऽत्र"—(तपा० कालक०)

"ये स्युस्तत्र च सामन्तास्ते साखय इति स्मृताः।
तेषां तु नृपतिः साखानुसाखिरिति श्रुतः॥"—(जिनदेव–कालक०)

४३ "वातरूपः उत्कोचो लञ्चा" —(हेम–अनेकार्थ० कां० ४ श्लो० ३२३)

४४ "जयनं विजये–अश्वादिसंनाहे"–"जयति जयनशाला वाजिनां राजकीया"–(हेम–अनेकार्थ० कां० ३ श्लो० ३६८)

४५ "खोङ्गाहः श्वेतपिङ्गले"

× × ×

"हलाहः चित्रितो हयः"

"'खोङ्गाहः' आदयः शब्दा देश्यप्रायाः। व्युत्पत्तिस्तु एषां वर्णानुपूर्वीनिश्चयार्थम्"—(हेमकोश कां० ४ श्लो० ३०३ थी ३०९)

आ स्थळे हेमचंद्रे 'खोङ्गाह' वगेरे बधा शब्दोनी व्युत्पत्ति संस्कृत प्रमाणे आपेली छे.

क्रियाह्
नीळक
त्रियूह्
बोह्यह्
उराह्
सुल्हक
बोल्खान
तुल्गाह्
उकलाह्
शोण
हरिक
हाळक
पङ्गुल
हल्गाह्

बीजा शब्दो

खिद्मत	ख्तमर्थु[४६] (जिनप्रभसूरि)
रह्मान	रह्माणु
सलाम	सलामु
हराम	हरामु
जानवर	जानूवर

४६ " ख्तमथुः भक्तिः । रहमानो महेश्वरः । अथ रह त्यागे धातुः—रहति रागद्वेषौ त्यजति—इत्येवं शीलः "शीलिकामिभक्ष्याचरिभ्यो णः" इति णानट्, आन्, मोऽन्त पत्वे कृते रहमान इति रूपम् " इत्यादि (जैनसाहित्यसंशोधक खंड २ अंक १ पृ० २१–२९ फारसी भाषामां ऋषभदेवस्तवन)

व्यापक प्राकृतनो उद्भव

३४ कहेवानुं तात्पर्य ए छे के मूळ जीवती भाषामां आर्योनां विविध उच्चारणोनो उद्भव थयो अने तेमनो अनेक आदिम जातिओ साथे गाढ संपर्क थयो एथी एक एवी नवा जेवी बीजी सर्व जनसाधारण भाषा नीपजी गई के जे आर्योनी न कहेवाय तेम आदिम जातिओनी पण न कहेवाय पण 'व्यापक प्राकृत' ना नामे संबोधी शकाय.

'प्राकृत' शब्दनो अर्थ

३५ 'प्राकृत' शब्द मनुष्यना विशेषणरूपे वपराय छे तेम भाषाना नाम माटे पण वपराय छे. नागरिक लोको जे जे प्रवृत्तिओने संस्काररूपे माने छे ते बधी प्रवृत्तिओ विनानो मनुष्य 'प्राकृत मनुष्य' कहेवाय छे. प्राकृत मनुष्यमां स्वभावनी स्थिरता होय छे, ते प्रकृतिने अनुसरे छे, बनावटी उपायो द्वारा पोतानी स्थितिने फेरवतो नथी, प्रकृति माता तेने जे रीते राखे छे—पोषे छे ते रीते ते वर्ते छे अने वधे छे. जे लोको प्राकृत नथी एटले प्राकृत मानवथी विरुद्ध प्रकारना छे—नागरिक छे तेओ प्रकृति प्रमाणे चालता नथी, एवा लोको पोता उपर अनेक प्रकारना बनावटी उपायो द्वारा विविध संस्कारोने लादे छे—पोते दूषणरूप मानेलुं प्राकृतपणुं दूर करवा सतत प्रयत्न सेवे छे अने ए रीते मूळे प्राकृत छतां पछी संस्कृत—संस्कारसंपन्न—बने छे.

चालु भाषामां कहीए तो 'गामडियुं' 'गामठी' 'देशी' 'तळपदुं' अने 'प्राकृत' ए बधा पर्यायवाचक शब्दो छे. आ विशेषणवाचक 'प्राकृत' 'शब्द' 'प्रकृति' साथे संबंधित छे तेम भाषावाचक 'प्राकृत' शब्द पण 'प्रकृति' साथे ज संबंधित छे. प्रकृति एटले स्वभाव-अकृत्रिमता

मूळ स्वरूपनी स्थिति. जे भाषा स्वभावद्वारा आवेली छे वा स्वभावद्वारा नीपजेली छे तेने 'प्राकृत' नाम आपी शकाय—वधारे स्पष्टरीते कहीए तो जे भाषानी निष्पत्ति माटे कोई खास प्रकारना कृत्रिम उपायो नथी लेवाया, जेमां एनी मेळे ज विविध उच्चारणो—रूपांतरो जन्म्यां, जेना संस्कार माटे कोई खास शास्त्र नथी रचायुं अने जे, मूळ चालती स्वाभाविक जीवती भाषा हती ते ज उक्त निमित्तोने बळे आपोआप रूपांतर पामी सर्वसाधारणमां प्रसरी—आबाळगोपाळ सुधी पहोंची ते भाषा स्वाभाविक कोटिनी कही शकाय अने एवी ज भाषा 'व्यापक प्राकृत' ना नामने लायक कहेवाय.

लौकिक संस्कृतनी घटना अने तेनुं प्रयोजन

३६ मूळ वैदिक भाषाना जीवता देहनी आवी परिस्थिति थतां ए समये जे लोको आर्यताना ज चुस्त हिमायती हता, आर्यभाषामां थतां अनेक परिवर्तनो जेमने अक्षम्य लागेलां तेमने एम भासवुं स्वाभाविक छे के सर्वजनसाधारण भाषानो ज प्रभाव प्रबळपणे वधतो रहे अने आर्योनी भाषाविषयक विशिष्टताने बतावनारुं एक पण साधन न जळवाय तो आर्योनी संस्कृति जाय अने साथे साथे आर्योनी मूळ भाषानो देह पण पडे एटले परिणामे मूळगी आर्यता ज भूंसाई जाय, ए रीते संस्कृतिना रक्षणनी प्रबळ प्रेरणाने लीधे इन्द्रादि ऋषिओए ते समये जे कांई मूळरूपे बच्युं हतुं अने विकृतशब्ददेहमांथी य जे कांई मूळरूपे शोधी शकाय एवुं हतुं ते बधानो आधार लई आर्योनी भाषानुं एक विशिष्ट बंधारण घडवानुं निर्धार्युं.

उक्त बंधारण करवुं पण कांई सरल न हतुं, ए तो मूळ प्रयोगो भेगा थाय, विकृत प्रयोगो भेगा थाय—आ प्रयोगो य कोई हजार बे हजार न

हता, लाखो करोडोनी संख्यामां हता—ए बन्ने प्रकारना प्रयोगोनो संग्रह कर्या पछी तेमनुं तुलनात्मक परीक्षण थाय, मूळरूपनी समझ पडे, विकृतरूपनी ओळख थाय अने आवुं चोक्कस तारण कर्या पछी ज मूळ प्रयोगोनो निर्णय थाय, आ रीते विशाल संशोधननुं कार्य चाल्या पछी ज आर्योनी भाषाना बंधारणनुं घडतर करी शकाय; परंतु आवुं दीर्घकालापेक्ष अने महाप्रयाससाध्य आयोजन थतां पहेलां तो ते मूळभाषा अनेक परिणामान्तरो पामी चूकी हती.

वेदोमां सुद्धां अनार्य शब्दो पेसी गया हता अने बोलचालना प्रवाहमां पडेली ते मूळभाषानो नमूनो मात्र वेदोनी ऋचाओमां जळवायो हतो अने ते पण सर्वथा अविकृत तो न होतो ज अने बीजी तरफ सर्वजनसाधारण भाषानो प्रवाह प्रभावशाली बनतो जतो हतो. आवी स्थितिमां परंपरा, तुलनात्मक परीक्षण वगेरे कसोटीनो आश्रय लईने ते परिवर्तित भाषाना खोखामां ज प्राण पूरी इन्द्रादि वैयाकरणोए मूळभाषानुं बंधारण घड्युं अने मूळभाषाने सजीवन करवानी पोतानी धारणा पूरी करी.

तेमणे करेलुं ए बंधारण ते ज लौकिक संस्कृतना देहनी घटना. वर्तमानमां इन्द्रे करेलुं ऐन्द्र व्याकरण तो उपलब्ध नथी परंतु तेमना प्रतिनिधिरूप पाणिनिऋषिए रचेलुं व्याकरण उपलब्ध छे.

लौकिक संस्कृत समग्रलोकव्यापक न हतुं

३७ लौकिक संस्कृतनो अर्थ एवो नथी के ते क्यारे य समग्रलोकव्यापक संस्कृत हतुं परंतु वैदिक संस्कृत करतां तेनी घटना कोई अपेक्षाए जुदा प्रकारनी हती. वैदिक संस्कृतथी तेनो पृथग्भाव बताववा सारु इन्द्र, पाणिनि वगेरे ऋषिओए घडेली भाषाने लौकिक संस्कृत नाम अपायुं छे, ए ध्यानमां रहे.

३८ एक एवो मत छे के लौकिक संस्कृत ज विकार पामीने प्राकृतरूपे परिणत थयुं, ए मत मारा नम्र अभिप्रायप्रमाणे प्रामाणिक नथी.

'लौकिक संस्कृतनो विकार ते प्राकृत' ए मतनो प्रतिवाद

लौकिक संस्कृतमांथी प्राकृतनो प्रादुर्भाव मानवा जतां केटलांक बाधक कारणो उपस्थित थाय छेः

उक्त प्रतिवाद विशे पांच हेतुओ

[१] लौकिक संस्कृतनी व्यवस्थित नियंत्रणवाळी घटना थया पहेलां, घटना थई ते वखते तथा त्यार पछी पण सर्वजनसाधारण भाषा कई हती ?

[२] लौकिक संस्कृतनी नियत घटनाना समये आर्योनी मूळभाषा तो अनेक परिणामान्तरोने पामी चूकी हती, एटले ए घटनाना समये जे भाषा सर्वजनसाधारण हती तेने शुं नाम आपी शकाय ?

[३] लौकिक संस्कृतनी सुबद्ध घटना ज एवा प्रकारनी छे के ते, जे रूपे नियमनमां मूकायेली छे ते रूपे क्यारे पण सर्वजनसाधारण भाषा बनी ज न शके. छतां य जो तेने सर्वजनसाधारण भाषा तरीके स्वीकारवामां आवे तो सर्वजनसाधारणमां बधा शब्दोनुं एक सरखुं ज उच्चारण प्रवर्ततुं हतुं एटले ब्राह्मण, क्षत्रिय, वैश्य, शूद्र, स्त्रीओ, वृद्धो, बाळको, नटो, बीजा तद्दन अभण लोकोमां–सोनी, घांची, मोची, सुतार, कोळी, आहिर, ओड वगेरे लोकोमां–सर्वत्र सदाकाळ एक सरखुं ज उच्चारण प्रवर्ततुं हतुं एम मानवुं जोईए; परंतु अनुभव, एवी मान्यतानो विरोध करे छे अने आगळ जणावेला भिन्न भिन्न उच्चारणोवाळा शब्दो पण एवी मान्यताना बाधक छे.

[४] लौकिक संस्कृतनी घटनाना प्रमुख पुरुष महाभाष्यकार कहे छे के शब्दो करतां अपशब्दो घणा छे अने ए बधा अपशब्दोने 'अपभ्रंश' ना नामे तेओ ओळखावे छे, तो जे शब्ददेह 'अपभ्रंश' नामे तेओए ओळखावेलो छे ते शब्ददेह वैदिक भाषानो न हतो तेम लौकिक संस्कृतनो पण न हतो, त्यारे ए शब्ददेहने कई भाषानो समजशो ? मारा नम्र कथन मुजब ए शब्ददेह जे भाषानो हतो ते भाषाने ज अहीं व्यापक प्राकृतनुं नाम आप्युं छे. अने तेनो प्रादुर्भाव जीवंत वैदिक संस्कृत द्वारा जणाव्यो छे.

[५] लौकिक संस्कृतनी घटनाने समये आर्योनी मूळभाषा मूळरूपे तो रही ज न हती, रही होत तो भाष्यकार पोते 'एक शब्दना अनेक[४७] अपभ्रंशो छे' एम शामाटे कहेत ? तेमणे जे अनेक अपभ्रंशो बताव्या छे ते आव्या क्यांथी ? ए बधा य अपभ्रंशो आदिम जातिओनी भाषामांथी आव्या छे, एम तो केम कही शकाय ? एटले ते बधा अपभ्रंशो जे भाषामांथी ऊतर्या छे ते आर्योनी मूळभाषा हती अने ते ज भाषा व्यापक प्राकृतना प्रादुर्भावमां असाधारण कारण छे एम कहेवामां जराय असंगति नथी.

लौकिक संस्कृत ऊपर पण आदिम जातिओनी भाषानो प्रभाव

३९ ते ते आदिम जातिओनी भाषानो प्रभाव लौकिक संस्कृत ऊपर पण पड्यो छे छतां जेम लौकिक संस्कृतनुं मूळ स्रोत वैदिक भाषामां छे तेम आदिम जातिओनी भाषाथी प्रभावित थयेली व्यापक प्राकृतनुं मूळ स्रोत पण ते ज आदिम वैदिक भाषामां छे.

---

४७ "एकैकस्य शब्दस्य बहवः अपभ्रंशाः, तद्यथा—'गौः' इत्यस्य शब्दस्य गावी, गोणी, गोता, गोपोतलिका–आदयः अपभ्रंशाः"—(महाभाष्य पृ० ११ ना० स०)

४८ जुओ ऊपरनुं टिप्पण.

४० वेदोमां वपरायेलां पदो अने पाणिनिए दर्शावेलुं ते पदोनुं बंधारण तथा व्यापक प्राकृतना साहित्यमां वपरायेलां पदो अने कच्चायण, चंड तथा हेमचंद्र वगेरेए दर्शावेलुं व्यापक प्राकृतनुं बंधारण, ए उभय बंधारणनी तुलनात्मक समीक्षा करतां ए तद्दन स्पष्ट जणाई आवे छे के जीवती एवी वैदिक भाषानो वारसो व्यापक प्राकृतभाषाए साचवी राख्यो छे. एटले एम कहेवुं जराय वधारे पडतुं नथी के वैदिक भाषाना जीवंत स्रोत साथे व्यापक प्राकृतनो गाढ संबंध छे.

जीवती वैदिक भाषानो वारसो व्यापक प्राकृतमां छे

४१ आ संबंध बतावनारां केटलांक उदाहरणो आ प्रमाणे छे:

बाहुल्य

[१] वैदिक प्रक्रियामां "बहुलं छन्दसि" २–४–३९ । "बहुलं छन्दसि" २–४–७३ । आ प्रकारनां अनेक सूत्रो आवे छे. तेनो अर्थ ए छे के वैदिक रूपोमां सर्वत्र बहुलाधिकार प्रवर्ते छे त्यारे व्यापक प्राकृतमां तेना समग्र बंधारणमां बहुलाधिकार प्रवर्ते छे. ए, "क्वचि लोपं" [संधिकप्प कांड ४ सू० ९] "जिनवचनयुत्तम्हि" [नामकप्प कांड १ सू० १] तथा "बहुलम्" [८-१-२] "आर्षम्" [८-१-३] एवां सूत्रो रचीने कच्चायण अने हेमचन्द्रादि वैयाकरणोए स्पष्टपणे बतावेलुं छे. लौकिक संस्कृतमां उक्त बहुलाधिकार तद्दन विरल छे.

धातुओमां गणभेद नथी

[२] लौकिक संस्कृतमां अमुक धातुओ प्रथम गणना, अमुक बीजा गणना अने अमुक त्रीजा गणना, ए रीते धातुओना दश विभाग करवामां आव्या छे, अने ए विभाग प्रमाणे प्रथमगणना धातुओने विकरण प्रत्यय 'अ' लागे छे. बीजा, त्रीजा गणना धातुओने विकरण

४९ जुओ कच्चायणनुं पालिव्याकरण (विद्याभूषण–पृ० २७ तथा ३७)

प्रत्यय नथी लागतो अने चोथा गणना धातुओने 'य' विकरण लागे छे. ए रीते ते ते धातुओने माटे ते ते गण प्रमाणे जुदा जुदा विकरणोनुं विधान करवामां आव्युं छे, त्यारे वैदिक प्रक्रियाना अने व्यापक प्राकृतना बंधारणमां ते जातनो खास गणभेद नथी अने गणवार जुदा जुदा विकरणोनुं विधान पण चोक्स नथी.

लौकिक सं०	वैदिक सं०		व्यापक प्राकृत
हन्—हन्ति	हनति	[वै० प्र० २—४—७३]	हनति—हणइ
शी—शेते	शयते	[,,]	सयते—सयए
भिद्—भिनत्ति	भेदति	[वै०प्र० ३—१—८५]	भेदति—भेदइ
मृ—म्रियते	मरते	[,,]	मरति—मरइ
दा—ददाति	दाति	[वै० प्र० २—४—७६]	दाति—दाइ
धा—दधाति	धाति	[,,]	धाति—धाइ
भुज्—भुङ्क्ते	भोजते	[ऋ०वे० ४७४ म०सं०]	भोजते
वर्ध्—वर्धयन्तु	वर्धन्तु	[वै० प्र० ३—४—११७]	वड्ढन्तु

आत्मनेपद-परस्मैपदनी अनियतता

[३] लौकिक संस्कृतमां केटलाक धातुओ आत्मनेपदी होय छे अने केटलाक धातुओ परस्मैपदी होय छे. आत्मनेपदी धातुओ माटे आत्मनेपदी प्रत्ययो नियत छे-अने परस्मैपदी धातुओ माटे परस्मैपदी प्रत्ययो नियत छे, त्यारे वैदिक पद्धतिमां तेम व्यापक प्राकृतमां एवुं बंधारण नियत नथी.

इच्छति	इच्छते	[वै०प्र० ३—१—८५]	इच्छते—इच्छए
युध्यते	युध्यति	[,,]	जुज्झति—जुज्झए

[४] लौकिक संस्कृतमां त्रीजा पुरुषना एकवचनमां 'ते' प्रत्यय छे त्यारे वैदिक पदोमां अने व्यापक प्राकृतना पदोमां 'ते'ने बदले 'ए'पण आवे छे.

ते–ए

शेते — शये [वै० प्र० ७–१–४१] — सेए

ईष्टे — ईशे [ऋ० वे० पृ० ४६८ म० सं०] ईसे–ईसए

[५] लौकिक संस्कृतमां वर्तमान होय त्यां वर्तमानकाळ अने भूत होय त्यां भूतकाळ एम काळनो प्रयोग नियत छे, त्यारे वैदिकभाषामां अने व्यापक प्राकृतभाषामां ए रीते काळनो नियत प्रयोग नथी. ए बन्नेमां क्यांय वर्तमानने स्थाने भूतकाळ पण अने भूतकाळने स्थाने वर्तमानकाळ पण वपराय छे.

काल-व्यत्यय

वर्त० म्रियते ने बदले परोक्ष० ममार (वैदिक) [वै० प्र० ३–४–६]
परोक्ष० प्रेक्षांचक्रे ,, ,, वर्त०पेच्छइ (व्यापक प्राकृत) [है० व्या० ८–४–४४७]

परो० आबभाषे ,, ,, वर्त० आभासइ
वर्त० शृणोति ,, ,, भूत० सोहीअ

[६] लौकिक संस्कृतमां विभक्तिओनो प्रयोग नियत छे. द्वितीया योग्य होय त्यां द्वितीया अने तृतीया योग्य होय त्यां तृतीया. ए रीते विभक्तिओनी नियतता छे, त्यारे वैदिक अने व्यापक प्राकृतमां विभक्तिओना प्रयोगनी अनियतता छे. वेदोमां अने व्यापक प्राकृतमां चोथी विभक्तिने बदले छट्ठी विभक्ति वपराय छे: [वै० प्र० २–३–६२] तृतीया विभक्तिने बदले छट्ठी विभक्ति वपराय छे: [वै० प्र० २–३–६३]. व्यापक प्राकृतमां कच्चायणना कहेवा प्रमाणे क्वचित् क्वचित् सप्तमीने बदले तृतीया वपराय छे:

विभक्ति-व्यत्यय

"सत्तम्यत्थे च" [पालिव्या० कारककप्प कां० ६ सू० २०] छट्ठीने बदले द्वितीया आवे छे: "क्वचि दुतीया छट्ठीनं अत्थे" [सू० ३६] तृतीया अने सप्तमीने बदले द्वितीया तथा छट्ठी विभक्ति वपराय छे: "ततीयासत्तमीनं च" [सू० ३७] तथा "छठी च" [सू० ३८] ए ज प्रमाणे द्वितीया अने पंचमीने बदले छट्ठी विभक्तिनो प्रयोग थाय छे: "दुतियापंचमीनं च" [सू० ३९] बीजी, त्रीजी अने निमित्तसूचक विभक्तिने बदले सप्तमी वपराय छे: "कम्म-करण-निमित्तत्थेसु सत्तमी" [सू० ४०] चतुर्थीने बदले सप्तमी तथा पंचमीने बदले पण सप्तमी विभक्तिनो व्यवहार छे: "संपदाने च" [सू० ४१] "पंचम्यत्थे च" [सू० ४२] ए ज प्रमाणे आचार्य हेमचंद्रना जणाव्या प्रमाणे पण द्वितीयादि सप्तमी सुधीनी विभक्तिओने बदले षष्ठी वपराय छे: [हैं० व्या० ८–३–१३४] द्वितीया अने तृतीयाने बदले सप्तमी वपराय छे: [हैं० व्या० ८–३–१३५] क्यांय पंचमीने स्थाने तृतीया अने सप्तमी वपराय छे: [हैं० व्या० ८–३–१३६] सप्तमीने बदले द्वितीया अने तृतीया वपराय छे अने क्यांय प्रथमाने बदले द्वितीया वपराय छे: [हैं० व्या० ८–३–१३७] ए ज रीते उभय भाषामां एकवचनने स्थाने बहुवचन अने बहुवचनने स्थाने एकवचन वपराय छे.

अंत्यव्यंजनलोप

[७] व्यापक प्राकृतमां शब्दनो अन्त्य व्यंजन लोप पामे छे तेम वैदिक रूपोमां पण शब्दनो अन्त्य व्यंजन लोपायेलो मळे छे.

वैदिक

पश्चात् ने बदले	पश्चा–पश्चार्ध	[वैं० प्र० ५–३–३३]
उच्चात् ,, ,,	उच्चा	[तैं० सं० २–३–१४]

वैदिक

नीचात् ने बदले	नीचा	[तै० सं० १–२–१४]
दिद्युत् ,, ,,	दिद्यु	["अन्त्यलोपः छान्दसः "– भाष्य. ऋ० वे० पृ० ४६६ म० सं०]
युष्मान् ,, ,,	युष्मा	[वा० सं० १–१३–१। शत० ब्रा० १–२–९]
स्यः ,, ,,	स्य	[वै० प्र० ६–१–१३३]

व्यापक प्राकृत

तावत् ,, ,,	ताव
यावत् ,, ,,	जाव
कर्मन् ,, ,,	कम्म

[८] व्यापक प्राकृतमां 'स्प' ने बदले 'प' बोलाय छे, तेम वैदिक रूपमां पण 'स्प' ने बदले 'प' वपरायेलो छे.

स्प–प

वैदिक

'स्पृशन्य' ने बदले 'पृशन्य'

[ऋ० वे० पृ० ४६६ म० सं०]

व्यापक प्राकृत

'स्पृहा' ,, ,, 'पिहा'

[९] व्यापक प्राकृतमां अने वैदिक प्रयोगोमां संयुक्त 'र' कार लोप पामे छे.

'र' नो लोप

	वैदिक		व्या० प्रा०
'अप्रगल्भ' नुं	अपगल्भ	[तै० सं० ४–५–६–१]	अपगब्भ

'य' नो लोप

[१०] व्यापक प्राकृत अने वैदिकमां संयुक्त 'य' नो लोप थाय छे.

वैदिक

त्रि + ऋच := त्र्यृच :—तृच : [वै० प्र० ६–१–३४]

—वास्त्व्यम् अने वास्त्वम् [वै० प्र० ६–४–१७५]

व्या० प्रा०

श्याम—साम

'ह' नो 'ध'

[११] वैदिकमां अने व्यापक प्राकृतमां 'ह' नो 'ध' बोलाय छे.

वैदिक

सह—सध [वै० प्र० ६–३–९६]

सहस्थ—सधस्थ „

गाह—गाध [निरुक्त पृ० १०१]

वहू—वधू „

शृणुहि—शृणुधि [वै० प्र० ६–४–१०२]

व्या० प्रा०

इह—इध

तायह—तायध

'थ' नो 'ध'

[१२] वैदिकमां अने व्यापक प्राकृतमां 'थ' नो 'ध' बोलाय छे.

वैदिक

माघव–माथव [शत० ब्रा० १–२–३–१०, ११, १७]

व्या० प्रा०

नाथ–नाध

[१३] वैदिक अने व्यापक प्राकृतमां 'द्य' नो 'ज' बोलाय छे.

'द्य' नो 'ज'

वैदिक

द्योतिस्—ज्योतिस् [अथ० सं० ४–३७–१०]
[निरुक्त पृ० १०१, १२]

द्योतते—ज्योतते
द्योतय—ज्योतय [निरुक्त पृ० १७०, १६]

अवद्योतयति—अवज्योतयति [शत० ब्रा० १. २. ३.१६]

अवद्योत्य—अवज्योत्य [का० श्रौ० ४–१४–५]

व्या० प्रा०

द्युति–जुति

उद्द्योत–उज्जोत

[१४] प्राकृतमां दाह–दाघ, विह्वल–विब्भल, जिह्वा–जिब्भा; एवा प्रयोगो थाय छे तेम वैदिकमां आह्वणि–आघृणि [निरुक्त पृ० ३८२, ३९] विदेह–विदेघ [शत० ब्रा० १–३–३. १०, ११, १२], मेह–मेघ [निरुक्त पृ०१०१, १] गृहीत–गृभीत, गृहाण–गृभाय, जहार–जभार; एवा प्रयोगो थाय छे: [वै० प्र० ३–१–८४]

'ह' नो 'घ' अने 'भ'

[१५] व्यापक प्राकृत अने वैदिक प्रक्रिया बन्नेमां 'ड' नो 'ल' तथा 'ळ' थवानुं बाहुल्य छे.

'ड' नो 'ल' 'ळ'

लौ० सं०	वै० सं०	व्या० प्रा०
ईडे	ईळे	ईड–ईल–ईळ (पै०)
अहेडमानः	अहेळमानः	अहेलमानो–अहेळमानो
दृढ	दृळ्ह [वै० प्र० ६–३–११३]	दळ्ह (पालि)
सोढा	साळ्हा ["]	सोळ्हा

अनादिस्थ 'य' अने 'व' नो लोप

[१६] वैदिक प्रक्रियामां केटलांक एवां पदो मळे छे के जेमां असंयुक्त एवो अनादिस्थ 'य' अने 'व' लोपायेलो छे अने व्यापक प्राकृतमां पण ए जातना 'य' अने 'व' लोप पामे छे.

लौ० सं०	वै० सं०	व्या० प्रा०
प्रयुग	पउग [वा० सं० १५–९]	पउग

वैदिक 'सीमहि' [ऋग्वेद पृ० १३५, ३] रूप 'षिवु' धातु ऊपरथी आव्युं छे अने तेमां 'षिवु' नो 'व' लोपायेलो छे.

'र' नो वधारो

[१७] वै० पृथुजवः पृथुज्रयः [निरुक्त पृ० ३८३–४०] व्या० प्रा० पिथुजवो पिथुजयो. अहीं 'पृथुज्रयः' मां 'व' लोपाया पछी व्यापक प्राकृतमां (लावण्य–लायण्ण) थाय छे तेम 'य' श्रुति थयेली छे अने अपभ्रंशमां 'व्यास' नुं 'व्रास,' 'चैत्य' नुं 'चैत्र' थाय छे तेम 'जव' नुं 'ज्रय' एवुं 'र' वाळुं रूप पण थयेलुं छे ए ध्यानमां राखवा जेवुं छे. आवां अपभ्रंशनी जेवां 'र' ना वधारावाळां बीजां पण वैदिक पदो मळे छे. अधिगु–अध्रिगु [निरुक्त पृ० ३८७–४३]

अनादिस्थ 'च' अने 'क' नो लोप

[१८] व्यापक प्राकृतमां अनादिस्थ असंयुक्त एवो 'च' अने 'क' लोप पामे छे. वैदिक पदोमां पण एवो 'च' अने 'क' लोपायेलो छे.

लौ० सं०	वै० सं०
याचामि	यामि [निरुक्त पृ० १००, २४१]
अन्तिके	अन्ति [ऋग्वेद पृ० ४९६ म० सं०]
	व्या० प्रा०
कचग्रहः	कयग्गहो
लोकः	लोओ

[१९] बन्ने भाषामां अनेक पदोमांनो आंतर अक्षर लोपायेलो छे.

आंतरवर्णनो लोप

लौ० सं०	वै० सं०	
शतक्रतवः	शतक्रत्वः	[वै० प्र० ७–३–९७]
पशवे	पश्वे	[,,]
निविविशिरे	निविविश्रे	[ऋ०सं० ८–१०१–१८]
आगताः	आताः	[निरुक्त पृ० १४२ दिशानाम]
	व्या० प्रा०	
राजकुल	राउल	
आगत	आत-आय	
प्राकार	पार	

व्यापक प्राकृतमां सस्वर व्यंजन लोपायेलो छे त्यारे वैदिक पदोमां मात्र स्वर लोपायो छे अने 'आगताः' पदमां तो सस्वर व्यंजन 'ग' लोपायो छे.

[२०] वे संयुक्त व्यंजन वच्चे स्वरनो उमेरो थवानी पद्धति बन्ने भाषामां छे.

स्वरभक्ति

लौ० सं०　　वै० सं०

तन्वम्— तनुवम् [तै० आ० ७—२२—१]
स्वर्गः— सुवर्गः [तै० आ० ४—२—३]
त्र्यम्बकम्—त्रियम्बकम् [वै० प्र० ६—४—८६]
विभ्वम्— विभुवम्
सुध्यो— सुधियो
रात्र्या— रात्रिया [यजु० वे०]
सहस्र्यः— सहस्रियः [,,]
तुभ्यासु— तुभ्रियासु [वै० प्र० ४—४—११५]

व्या० प्रा०

क्ष्मा— छमा
रत्नम्— रतनं—रयणं
स्नेहः— सनेहो
प्लक्षः— पलक्खो
अर्हति— अरिहइ

'ऋ' नो 'र' अने 'उ'

[२१] व्यापक प्राकृतमां आद्य 'ऋ' ने बदले 'रि' बोलाय छे. त्यारे वैदिकमां तेने बदले 'र' बोलाय छे तथा बन्ने भाषामां केटलाक शब्दोमां आवेला 'ऋ' नो 'उ' बोलाय छे.

[कशो बाध न आवतो होय त्यां अहीं आपेलां बधां उदाहरणोमां प्रथम प्रथम रूप लौकिक संस्कृतनुं समझवानुं छे.]

लौ० सं०　　वै० सं०

ऋजिष्ठम्— रजिष्ठम् [वै० प्र० ६—४—१६२]

व्या० प्रा०

ऋजु—रिजु—रिउ

वैदिक

वृन्द—वुन्द [निरुक्त पृ० ५३२ अं० १२८]

तृ—ततुरिः [वै० प्र० ७–१–१०३]

गृ—जगुरिः ["]

वृणीत—वुरीत [शु० य० सं० पृ० ६२ मंत्र–८]

कृत—कुट [निरुक्त पृ० ४२२, ७०]

व्या० प्रा०

वृन्द—वुन्द

ऋषभ—उसभ–उसह

ऋतु—उतु–उउ

[२२] बन्ने भाषामां 'द' नो 'ड' पण बोलाय छे.

'द'–'ड' वै० सं०

दुर्दभ—दूडभ [वा० सं० ३. २६]

पुरोदाशः—पुरोडाशः [शु० प्रा० ३–४४]

[वै० प्र० ३–२–७१]

व्या० प्रा०

दण्ड—डंड

दम्भ—डंभ

[२३] बन्ने भाषामां 'अव' नो 'ओ' अने 'अय' नो 'ए' बोलाय छे.

'अव' नो 'ओ'
'अय' नो 'ए'

वै० सं०

श्रवणा—श्रोणा [तै० ब्रा० १. ५–१. ४; ५. २.९]

अन्तरयति—अन्तरेति [शत० ब्रा० १. २–२. १८; ४. २०; ३. १. १६]

व्या० प्रा०

अवहसित—ओहसिअ

नयति— नेति

[२४] बन्ने भाषामां संयुक्ताक्षरनी पूर्वेनो दीर्घ स्वर ह्रस्व बोलाय छे.

संयुक्तनी पूर्वे ह्रस्व

वै० सं०

रोदसीप्रा—रोदसिप्रा [ऋ. सं. १०. ८८. १०]

अमात्र—अमत्र [ऋ. सं० ३. ३६. ४]

व्या० प्रा०

मात्रा—मत्ता

[२५] उभय भाषामां 'क्ष' 'छ' रूपे परिणमेलो छे.

'क्ष' नो 'छ' वै० सं०

अक्ष—अच्छ [अथ० सं० ३. ४. ३.]

व्या० प्रा०

अक्षि—अच्छि

[२६] बन्ने भाषामां अनुस्वारनी पूर्वेनो दीर्घस्वर ह्रस्व बोलाय छे.

अनुस्वारनी पूर्वेनो ह्रस्व

वै० सं०

युवाम् युवम् [ऋ. सं० १–१५–६]

व्या० प्रा०

मालम् मालं

ऋजु—रिजु—देवानं

[२७] व्यापक प्राकृतमां साधारण रीते 'अ' पछीना विसर्गनो 'ओ' बोलाय छे त्यारे वैदिक पदोमां 'अ' पछीना विसर्गनो 'ओ' थवानो संभव नथी त्यां पण 'ओ' कायम रहेलो छे.

'विसर्ग'नो 'ओ'

व्या० प्रा०

देवः देवो

पुनः पुणो

वै० सं०

सः चित् सो चित् [ऋ० वे० पु० ११११ म० सं०] ऋ० सं० १-१९१-१०-११]

संवत्सरः अजायत—संवत्सरो अजायत [ऋ० सं० १०-१९०-२]

उपप्रयन्तः अध्वरम्—उपप्रयन्तो अध्वरम् [वै० प्र० ६-१-११५]

उरः अन्तरिक्षम्—उरो अन्तरिक्षम् [वै० प्र० ६-१-११७]

शिवासः अवक्रमुः—शिवासो अवक्रमुः [वै० प्र० ६-१-११६]

आपः अस्मान्—आपो अस्मान् [वै० प्र० ६-१-११८]

जुषाणः अग्निः—जुषाणो अग्निः [,,]

वृष्णः अंशु—वृष्णो अंशु [,,]

प्राणः अङ्गे—प्राणो अङ्गे [वै० प्र० ६-१-११९]

[२८] बन्ने भाषामां संयुक्त व्यंजननो लोप थतां पूर्वस्वरनुं दीर्घ उच्चारण प्रचलित छे.

संयुक्तनो लोप थतां पूर्वस्वरनी दीर्घता

व्या० प्रा०

निःश्वासः—नीसासो
दुर्भगः— दूहवो
दुस्सहः— दूसहो

वै० सं०

दुर्दभ—दूदभ [वा० सं० ३—२६ । ऋ०
दुर्लभ—दूळभ सं० ४—९—८]
दुर्नाश—दूनाश [शु० प्रा० ३—४३]

निपातोमां दीर्घ उच्चारण

[२९] बन्ने भाषामां केटलाक निपातोमां रहेलो ह्रस्व स्वर दीर्घ बोलाय छे.

व्या० प्रा०

प्रसुप्त—पासुत्त
प्रकट—पायड
प्रसिद्धि—पासिद्धि

वै० सं०

एव—एवा [वै० प्र० ६—३—१२६]
अच्छ—अच्छा [,,]
तु—तू [वै० प्र० ६—३—१३३]
नु—नू [,,]
घ—घा
मक्षु—मक्षू
कु—कू
अत्र—अत्रा
यत्र—यत्रा

निपात सिवाय वीजा शब्दोमां पण दीर्घ उच्चारणनो नियम बन्ने भाषामां अनियत रीते प्रवर्ते छे.

वै० सं०

पुरुषः पूरुषः [वै० प्र० ६-३-१३७]

व्या० प्रा०

परकीयं	पारकं
चतुरन्तम्	चातुरन्तं

[३०] शब्दमां रहेला अक्षरोनो व्यत्यय, बन्ने भाषामां प्रवर्ते छे.

अक्षरव्यत्यय

वै० सं०

निस्-कर्त्य—निष्टर्क्य	[वै० प्र० ३-१-१२३]
कृत्-कर्तुः—तर्कुः	[निरुक्त पृ० १०१-१२]
नमसा—मनसा	[ऋ० वे० पृ० ४८९ म० सं०]
तक्कः—कङ्कतः	["तकतेर्गत्यर्थस्य वर्णव्यत्ययेन कङ्कत इति 'सरन्' भवति"—ऋ० वे० पृ० ११०९ म० सं०]

व्या० प्रा०

लघुक—हलुअ

ललाट—णडाल-णलाड

आलान—आणाल

[३१] हेत्वर्थ कृदन्तनो सूचक प्रत्यय-वैदिक प्रक्रियामां-'तवे' छे त्यारे ए ज प्रत्यय व्यापक प्राकृतमां पण सचवायेलो छे.

हेत्वर्थसूचक प्रत्यय

लौ० सं०	वै० सं०		व्या० प्रा०
कर्तुम्	कर्तवे	[वै० प्र० ३-४-९]	कत्तवे-कातवे-कारिलए
नेतुम्			नेतवे
निधातुम्			निधातवे
गणयितुम्			गणेतुये
द्रष्टुम्	दृशे		दक्खितावे

'एतुम्' ('इ' धातुनुं हेत्वर्थक) अर्थ माटे व्यापक प्राकृतमां 'एतसे' पद [पालिप्र० संकीर्ण क० कृ० पृ० २५८] सूचवायेलुं छे; ते, वैदिक प्रक्रियामां वपराता तुमर्थक 'से,' 'सेन्' अने 'असे' प्रत्ययोवाळां रूपो साथे सरखाववा जेवुं छे. [वै० प्र० ३-४-९]

ए ज प्रकारे अपभ्रंश प्राकृतमां तुमर्थे 'एवं' [है० व्या० ८-४-४४१] प्रत्यय आवे छे, ते, वैदिक प्रक्रियाना तुमर्थक 'तवे' 'तवै' के 'दृशे' रूपमां लागेला तुमर्थक अन्त्य 'ए' प्रत्यय साथे सरखावी शकाय एवो छे.

आज्ञार्थसूचक मध्यम पुरुष एकवचन

[३१] मध्यम पुरुषना आज्ञार्थ सूचक एकवचनना प्रत्यय 'हि' या 'स्व' ने बदले अपभ्रंश प्राकृतमां 'इ' 'उ' अने 'ए' एवा त्रण प्रत्ययो आवे छे. तेमांनो 'इ' प्रत्यय वैदिक प्रक्रियामां वपरायेला आज्ञार्थ मध्यम पुरुष एकवचन सूचक 'बोधि' (बोध्+इ) [निरुक्त पृ० १०१ पं० ३] रूप ना 'इ' प्रत्यय साथे विशेष मळतापणुं राखे छे.

संबंधक भूतकृदंत

[३२] सम्बन्धक भूतकृदन्तने सूचववा माटे व्यापक प्राकृतमां नीचेनां रूपो वपराय छे.

लौ० सं०	व्या० प्रा०
श्रुत्वा	सुणित्तान
गृहीत्वा	गहाय

त्यारे वैदिक प्रक्रियामां ते अर्थे वपरायेलां रूपो आ प्रमाणे छे :

लौ० सं०	वै० सं०	
इष्ट्वा	इष्ट्वीनं	[वै० प्र० ७–१–४८]
पीत्वा	पीत्वी	[वै० प्र० ७–१–४९]
गत्वा	गत्वाय	[वै० प्र० ७–१–४७]
विष्ठुत्य	विष्ठूय	[वै० प्र० ६–४–५८]
वियुत्य	वियूय	[,,]

उक्त बन्ने प्रकारनां रूपोमां विशेष समानता नजरे आवे एम छे. वळी, अपभ्रंश प्राकृतमां [हे० व्या० ८–४–४३९] ए अर्थमां वपरातो 'इ' प्रत्यय वैदिक 'पीत्वी' साथे मळतो आवे एवो भासे छे.

संबंधक भूतकृदन्त सूचक वैदिकरूप [वै० प्र० ७–१–३८] 'परिधापयित्वा' साथे व्यापक प्राकृतनां 'उवसंकमित्ता' 'निज्झाइत्ता' 'आगमेत्ता' वगेरे रूपो स्पष्ट साम्य धरावे छे.

[३४] व्यापक प्राकृतना 'ओसहीहि' रूपमां वैदिक 'ओषधीभिः' [वै० प्र० ६–३–१३२] रूपनुं बराबर प्रतिबिंब छे.

'भि' अने 'हि'

[३५] व्यापक प्राकृतमां गच्छरे, विच्छुहिरे वगेरे रूपोमां त्रीजा पुरुष बहुवचन माटे 'रे' के 'इरे' प्रत्यय वपराय छे ते वैदिक प्रक्रियामां आवता दुह्रे (दुह्+रे) रूपना 'रे' साथे साम्य धरावे छे. [वै० प्र० ७–१–८]

त्रीजो पुरुष बहुवचन 'रे' प्रत्यय

वैदिक रूपो अने व्यापक प्राकृतनां रूपो

[३६] नीचे जणावेलां वैदिक रूपो व्यापक प्राकृतनां रूपो साथे बराबर सरखावी शकाय एवां छे.

लौ० सं०	वै० सं०		व्या० प्रा०
पत्या	पतिना	[वै० प्र० १—४—९]	पतिना—पइणा
गवाम्	गोनाम्	[वै० प्र० ७—१—५७]	गोनं—गुन्नं
युष्मासु	युष्मे	[वै० प्र० ७—१—३९]	तुम्हे
अस्मभ्यम्	अस्मे	[,,]	अम्हे
यूयम्	युष्मे	[,,]	तुम्हे
वयम्	अस्मे	[,,]	अम्हे
त्रयाणाम्	त्रीणाम्	[वै० प्र० ७—१—५३]	तिन्नं, तिण्हं
नावा	नावया	[वै० प्र० ७—१—३९]	नावाय, नावाए
देवैः	देवेभिः	[वै० प्र० ७—१—१०]	देवेहि
इतरत्	इतरं	[वै० प्र० ७—१—२६]	इतरं

गुजरातीनो भाववाचक 'आइ' प्रत्यय

[३७] भाषामां 'चतुराई,' 'भलाई,' 'पंडिताई,' 'मूर्खाई,' वगेरे शब्दोमां 'चतुर+आइ' एवुं पृथक्करण करी शकाय. ए ऊपरथी एवुं जणाय छे के प्रकृति 'चतुर' छे अने तेने भाववाचक 'आइ' प्रत्यय लागेलो छे. आ 'आइ' प्रत्ययनी मूळ प्रकृति 'ताति' रूपे वैदिक रूपोमां सचवायेली छे. वैदिक प्रक्रियामां जणाव्युं छे के "भावे च" [वै० प्र० ४—४—१४४] "भावे चार्थे छन्दसि विषये शिवादिभ्यः 'तातिल्' प्रत्ययो भवति 'शिवस्य भावः शिवतातिः" वेदोमां ए प्रत्यय 'शिव' 'शम्' अने 'अरिष्ट' शब्दोने लागे छे अने बीजा शब्दोने पण लागे छे—ज्येष्ठताति, सर्वताति. त्यारे लोकभाषामां ए प्रत्यय गुणवाचक शब्दमात्रने लागु पडतो भासे छे. 'ताति' नुं रूपांतर 'ताइ—आइ' लोकभाषामां ज

सचवायेलुं जणाय छे. व्यापक प्राकृतमां तो भाववाचक तरीके 'त्तन–त्तण,' 'इमा' अने 'प्पण' प्रत्ययो वपराय छे.

गुजरातीनो 'नो' प्रत्यय

[३८] भाषामां 'केटलानो पगार छे' 'केटला वरसनो छोकरो छे' 'सो रुपियानो पगार छे' 'पांच वरसनो छोकरो छे' ए बधामां 'केटलानो' 'वरसनो' 'रुपियानो' पदोमां जे अन्त्य 'नो' छे ते स्पष्टपणे 'परिमाण' अर्थने बतावे छे. वेदोमां 'पञ्चदशिनोऽर्धमासाः' 'त्रिंशिनो मासाः' वगेरे प्रयोगो मळे छे. 'पञ्चदशिनः' एटले 'पंदर दिवसना'–'पंदर दिवसना परिमाणवाळा' अने 'त्रिंशिनः' एटले 'त्रीश दिवसना परिमाणवाळा' एम परिमाण अर्थने सूचववा सारु दशान्त शब्दोने अने 'त्रिंशत्' वगेरे शब्दोने 'इन्' प्रत्यय लगाडवो एम वैदिक प्रक्रिया कहे छे. [५–१–५८]. जेम वैदिक 'इन्' प्रत्यय परिमाणने सूचवे छे तेम 'केटलानो' 'वरसनो' वगेरे भाषानां पदोने लागेलो 'न' प्रत्यय परिमाण अर्थने बतावे छे. 'केटलानो'–केटली संख्याना परिमाणवाळो, 'सो रुपियानो'–सो रुपियानी संख्याना परिमाणवाळो, एवा अर्थमां 'केटला' अने 'रुपिया' वगेरे शब्दोने लागेलो 'न' प्रत्यय मने भासे छे के वैदिक 'इन्' नो औरस छे. ए रीते जोतां 'केटलानो' वगेरे पदो षष्ठी विभक्तिवाळां छे के प्रथमा विभक्तिवाळां छे ? ए विचारणीय छे. वर्तमानमां तो 'केटलानो' वगेरे प्रयोगो बधी भाषामां षष्ठी विभक्तिवाळा मनाय छे. तो पण ए प्रयोगो खरेखर तेवा ज छे के 'परिमाण' दर्शक 'न' प्रत्ययवाळा छे ए जरूर शोधनीय खरुं.

अनुस्वारलोप

[३९] व्यापक प्राकृतमां अनुस्वारवाळा केटलाक शब्दोनो अनुस्वार लोप पामे छे. जेमके 'मांस' उपरथी 'मास.' वैदिक प्रक्रियामां पण 'मांस' अर्थमां 'मास' शब्द वपरायेलो छे. [वैदिक ग्रामर कंडिका ८३–१]

द्विवचन अने बहुवचन

[४०] व्यापक प्राकृतमां द्विवचन अने बहुवचननां रूपो एकसरखां बने छे. जिना, देवा, बुद्धा.' वैदिक परंपरामां पण ए बधां रूपो एकसरखां मळे छे. उभा, देवा, वेनन्ता [ऋग्वेद पृ० १३६–६] इन्द्रावरुणा [ऋ० सं० ७–८२–१–५] मित्रावरुणा, या, सुरथां, दिविस्पृशा, अश्विना [वै० प्र० ७–१–३९] सृण्याँ वगेरे. व्यापक प्राकृतमां द्विवचननो प्रयोग समूळगो नथी. तेने बदले बहुवचननां रूपो वपराय छे. त्यारे वैदिक रूपोमां द्विवचन सूचवायेलुं छे, परंतु तेनां केटलांक रूपो उपर जणाव्या प्रमाणे बहुवचन जेवां पण छे.

लिंग वगेरेनो विपर्यय

[४१] "सुप्–तिङ्–उपग्रह–लिङ्ग–नराणां
काल–हल्–अच्–स्वर–कर्तृ–यङां च ।
व्यत्ययमिच्छति शास्त्रकृदेषां
सोऽपि च सिध्यति बाहुलकेन ॥" वै० प्र० ३-१-८५ ।

अर्थात् लिंगनो विपर्यास जेवो वैदिक रूपोमां छे तेवो ज व्यापक प्राकृतमां छे. वैदिक प्रक्रियामां जणावेलुं छे के नामनी विभक्तिओनो, क्रियापदनी विभक्तिओनो, आत्मनेपद-परस्मैपदनो, लिंगनो, पुरुषोनो, काळनो, व्यंजनोनो, स्वरोनो, कारकोनो, कारकवाची प्रत्ययोनो–ए बधांनो वैदिक रूपोमां विपर्यास थाय छे. व्यापक प्राकृतमां पण आवो विपर्यास साधारण छे.

'अन' प्रत्यय

[४२] लौकिक संस्कृतमां कर्तृसूचक 'तृन्' प्रत्यय वपराय छे, तेने बदले व्यापक प्राकृतमां 'अणअ' प्रत्ययनो व्यवहार थाय छे. वैदिक रूपोमां पण ए 'तृन्' ने बदले 'अन' प्रत्यय वपरायेलो छे.

---

५० तंत्रवार्तिक पृ० १५७ ["आकारः छन्दसि' द्विवचनादेशः"]–आनंदाश्रम ।

व्या० प्रा०

मर + अगम—मारगइ—मारगगो [हे० प्रा० ८-४-४४२]

येद् + अगम—येदगइ—येदगगो

भर् + अगम—भरगइ—भरगगो—भरगगो

वै० सं०

पत्नगमन: — गर + अन = गमन [वै० प्र० ३-२-६५]

पुरोगमन: [वै० प्र० ३-२-६६]

पुरोगमन:

स्वगमन:

भूतकाळमां आदिमां 'अ' नो अभाव

[४३] लौकिक संस्कृतमां ह्यस्तन अने अद्यतन भूतकाळनां क्रियापदोनी आदिमां 'अ' मूकवानी पद्धति छे: अभूत, अगमत् वगेरे. आ पद्धति केटलांक वैदिक रूपोमां नथी, तेम व्यापक प्राकृतमां पण नथी।

लौ० सं०	वै० सं०		व्या० प्रा०
अमथ्नात्	मथीत्	[ऋ० वै० पृ० ४६५ मं० सं०]	मथीअ
अरुजन्	रुजन्	[,, ,, ४६४ ,,]	रुजीअ
अभूत्	भूत्	[,, ,, ४६५ ,,]	भवीअ

संधिनो अभाव

[४४] केटलांक बे पदो वच्चे प्राप्त थतो संधि वैदिक प्रक्रियामां अने व्यापक प्राकृतमां य थतो नथी.

	वै० सं०	व्या० प्रा०
[वै० प्र० ६-१-१२६]	ईषा + अक्षो	निसम + आयवो
[,,]	ज्या + इयम्	वास + इसी
[,,]	पूषा + अविष्टु	साउ + उअयं

केटलाक धातुओ

[४५] व्यापक प्राकृतना 'कुण्–(करवुं) अने 'जिण्'–(जितवुं) धातुनुं मूळ वैदिक 'कृणू'–(करवुं) [ऋ० वे० पृ० २२६–२२७ म० सं०] 'जिन्'–(जितवुं) धातुमां छे. वैदिक 'जेन्य' [ऋ० वे० पृ० ४६५ म० सं०] पदमां उक्त 'जिन्' धातुनी हयाती छे.

'णो' प्रत्यय

[४६] व्यापक प्राकृतमां इकारान्त, उकारान्त नरजातिक नामोने प्रथमाना बहुवचनमां एक 'णो' प्रत्यय पण लागे छे. ते 'णो' प्रत्यय प्रथमा बहुवचनना वैदिक रूप 'अत्रिणः' मां उपलब्ध छे. लौकिक संस्कृतमां 'अत्तारः' अने वैदिकमां 'अत्रिणः' थाय छे. वेदभाष्यकार लखे छे के "तृजन्तस्य 'अत्तृ' शब्दस्य जसः छान्दसः 'इनुड्' आगमः"–[ऋ० वे० पृ० ११३–५ सूत्र. मेक्स०]

विभक्ति विनाना प्रयोगो

[४७] व्यापक प्राकृतमां केटलांक पदो विभक्ति विनानां पण चाले छे तेम वैदिक प्रक्रियामां पण प्रवर्ते छे.

	वै० सं०	व्या० प्रा०
[वै० प्र० ७–१–३९]	आर्द्रे चर्मन् (सप्तमी)	बहुशत शाकियानां
[,,]	लोहिते चर्मन् (,,)	संगीति योजयेथा
[,,]	परमे व्योमन् (,,)	ईदृश ते निमित्ता
[ऋ० वे० पृ० ४६४ म० सं०]	वीळु (द्वितीया)	धरणि कंपयमान
[,,]	दळ्हा (,,)	गय (गजानाम्)
[,, ४७२]	अभिद्यु (,,)	एइ (एते)

[४८] व्यापक प्राकृतमां 'प्रतिदिन' अर्थमां 'दिविदिवि' शब्द वपरायेलो छे ते वैदिक 'दिवेदिवे' नुं स्पष्ट अनुकरण छे.

दिवेदिव

"व्रासु महारिसि एउ भणइ जइ सुइसत्थु पमाणु ।
मायहं चलण नवन्ताहं दिविदिवि गङ्गाण्हाणु" ॥है०व्या०८–४–३९९.

वै० सं०

"दधासि श्रवसे दिवेदिवे"

"दिवेदिवे प्रतिदिनम्"—वेदभाष्यकार [ऋग्वेद–पृ० २२७
—महाराष्ट्र वैदिक संशोधन मंडळ]

[४९] तळपदी गुजरातीमां 'आ' के 'ए' ना अर्थमां 'ई' शब्द आजे पण वपराय छे. तेम वैदिक भाषामां 'आ' के 'ए' ना अर्थमां 'ई' शब्द वपरायेलो छे.

गुजराती 'ई'

गु० प्र०	वै० सं०
ई, ईने, ईणे, ईनुं,	"मथीत् यत् ईम्"—ईम्–एने. "ईम् एनम् अग्निम्" –वेदभाष्यकार [ऋग्वेद पृ० ४६५ म० सं०] "महे यत् पित्रे ईं रसम्"–ईम्–आने. "महे महते, पित्रे पालयित्रे, ईम्–इमम्" वेदभाष्यकार [ऋग्वेद पृ० ४६६ म० सं०]

અકારાંત અને અકારાંત સિવાયનાં નામોને પણ સમાન વિધાન

[૫૦] વ્યાપક પ્રાકૃતમાં જે જે વિધાનો અકારાન્ત નામોને માટે કર્યાં હોય છે તે વિધાનો અકારાન્ત સિવાયનાં નામોને પણ લાગુ પડે છે. આવી વ્યવસ્થા વૈદિક પ્રક્રિયામાં સચવાયેલી છે.

વ્યાપક પ્રાકૃતમાં અકારાન્ત નામોને માટે ત્રીજીના બહુવચનમાં 'હિ' પ્રત્યયનું વિધાન છે. તે 'હિ' પ્રત્યય અકારાન્ત નામો સિવાયનાં નામોને પણ લાગે છે. એ જ રીતે અકારાન્ત નામોને માટે વિહિત થયેલો ત્રીજીના બહુવચનનો 'ऐस्' પ્રત્યય વૈદિક પ્રક્રિયામાં ઈકારાન્ત નામોને પણ લાગે છે. જેમકે—"नद्यैः" [૭–૧–૧૦ પાણિ૦ કાશિકા]

'કુહ' અને 'ન'નો પ્રયોગ

[૫૧] વ્યાપક પ્રાકૃતમાં 'કુહ' અવ્યય 'ક્યાં' અર્થમાં અને 'નં' અવ્યય ઉપમા અર્થમાં વપરાય છે. વેદની ભાષામાં પણ 'કુહ' [ઋ૦ વે૦ પૃ૦ ૭૩૩ મ૦ સં૦, નિરુક્ત પૃ૦ ૨૨૦] 'ક્યાં' અર્થમાં અને 'ન' ઉપમા અર્થમાં આવે છે [ઋ૦ વે૦ પૃ૦ ૪૬૦–૪૬૨–૫૨૮–મ૦ સં૦]

ઉક્ત પ્રકારે જણાવેલાં અનેક ઉદાહરણો દ્વારા એમ સિદ્ધ કરી શકાય એવું છે કે વ્યાપક પ્રાકૃતના પ્રવાહનો સીધો સંબંધ વેદોની જીવતી મૂળ ભાષા સાથે જ છે. નહીં કે જેનું સ્વરૂપ પાણિનિ પ્રભૃતિ વૈયાકરણોએ નિશ્ચિત કર્યું છે એવી લૌકિક સંસ્કૃત સાથે.

વ્યાપક પ્રાકૃતમાં જીવતી વૈદિક ભાષાનું પ્રતિબિંબ

૪૨ ઉપર્યુક્ત મત સિદ્ધરૂપ છે છતાં જે કોઈ વ્યાપક પ્રાકૃતનો સીધો સંબંધ લૌકિક સંસ્કૃત સાથે સાધવા પ્રયત્ન કરે તેને એમ પૂછવું જોઈએ કે ઉક્ત વૈદિક ઉદાહરણોમાં જણાવેલા તે તે પ્રયોગો લૌકિક સંસ્કૃતમાં મુદ્દલ નથી અને વ્યાપક પ્રાકૃતમાં તેનું પ્રતિબિમ્બ

तो मळे छे तो ए प्रतिबिम्ब व्यापक प्राकृतमां क्यांथी आव्युं--बीजी कई भाषामांथी आव्युं ?

विचारशील अभ्यासी स्थिरपणे मनन करशे तो स्पष्टपणे जाणी शकशे के व्यापक प्राकृतमां जेमनुं प्रतिबिम्ब छे ते बधा प्रयोगो वेदोनी ए समयनी जीवती मूळभाषामां ज हता, अने ते द्वारा ज ते प्रयोगोनो प्रवाह व्यापक प्राकृतमां भारोभार उतर्यो. जे भाषामां ए प्रयोगोनुं अस्तित्व ज नथी एवी लौकिक संस्कृतना प्रतिबिंबरूपे व्यापक प्राकृतने केम कही शकाय ?

वळी, आर्योना ए प्रारंभिक समयमां आर्योमां जीवती वैदिक भाषानो ज प्रचार हतो. ए सिवाय बीजी कोई भाषा लौकिकभाषारूपे आदर-पात्र नहीं बनेली एथी अर्थात् एम सिद्ध थयुं के वेदोनी जीवती भाषाना ज परिणामान्तररूप व्यापक प्राकृत नीपजेलुं छे.

तळपदी गुजराती अने जीवती वैदिक भाषा

४२ वेदोनुं अध्ययन करतां चोक्खुं जणाय छे के वैदिक भाषानो प्रवाह डगले ने पगले जेम व्यापक प्राकृतमां देखाय छे तेम तळपदी गुजरातीमां पण क्वचित् भळेलो ए प्रवाह अछतो नथी रहेतो. ए हकीकत बे एक प्रयोगो द्वारा ऊपर बतावी दीधी छे.

मने तो चोकस खात्री छे के वेदोनुं फक्त भाषादृष्टिए विशेष गंभीर अध्ययन करवामां आवे तो आर्यावर्तनी तळपदी भाषाओमां अने अनार्य-भाषाओमां पण वैदिक भाषानो सचवायेलो प्रवाह जड्या विना नहीं ज रहे.

प्रस्तुतमां तो मारो उद्देश वेदोनी जीवती भाषा अने व्यापक प्राकृत भाषा ए बे वच्चेनी सांसर्गिक सांकळ बताववा पूरतो हतो, तेथी तळपदी गुजरातीमां सीधा ऊतरेला वैदिक भाषाना प्रवाह संबंधे विशेष उदाहरणो शोधीने मूकी शक्यो नथी, परंतु ए कार्य करवा जेवुं तो अवश्य छे.

'प्रकृतिः संस्कृतम्' वाक्यना अर्थनी संगतता अने असंगतता

४४ केटलाक प्राचीन वैयाकरणोए "प्रकृतिः संस्कृतम्-तत्र भवम् तत आगतम् वा प्राकृतम्" एम कहीने प्राकृत भाषानी जननी तरीके संस्कृतने मूकी छे.

'प्राकृत' शब्दनो तेओए बतावेलो उक्त अर्थ एक रीते संगत थई शके अने बीजी अपेक्षाए संगत न थई शके एवो छे.

प्राकृतना मूळरूपे बतावेला 'संस्कृत' शब्दनो अर्थ 'वेदोनी जीवती संस्कृत' एवो करवामां आवे तो 'प्रकृतिः संस्कृतम्' व्युत्पत्ति संगत थाय खरी. परंतु 'प्रकृतिः संस्कृतम्' ना 'संस्कृत' पदनो 'पाणिनि वगेरे वैयाकरणोए जेनुं बंधारण घड्युं छे एवी परिमार्जित संस्कृत' एवो अर्थ तेमणे विवक्षित कर्यो होय तो भाषातत्त्वना विकासनी दृष्टिए तद्दन असंगत छे.

प्राकृतने समझाववा संस्कृत वाहनरूप छे

४५ आ विशे विशेष मनन करतां मने एम लागे छे के ज्यारे ते ते प्राकृत व्याकरणोनी रचना थई त्यारे भणेलागणेला वर्गमां अत्यारे जेम अंग्रेजीनुं छे तेम संस्कृत भाषानुं प्राबल्य हतुं अने लोकोमां प्राकृत ज चालु हतुं. लोकोमां बोलातुं जीवन्त प्राकृत अने साहित्यिक प्राकृत ए बे वच्चे वर्तमानमां भणेलागणेलाओनी भाषा अने गामडियानी भाषा वच्चे जेवुं अन्तर वर्ते छे तेवुं अंतर प्रवर्तमान हतुं. एवे समये प्राकृतभाषाना शब्दोनी व्युत्पत्तिने समझवा सारु तुलनात्मक दृष्टिए प्राकृत व्याकरणनी घटनामां वाहन तरीके परिमार्जित संस्कृत भाषानो उपयोग कर्यो होय अने ते बताववा ते ते वैयाकरणोए 'प्रकृतिः संस्कृतम्' लख्युं होय तो ए बनवाजोग छे अने संगत पण छे.

महर्षि पाणिनिए अष्टाध्यायी रची, तेमां लौकिक संस्कृतने लगता ज नियमो घडी, पछी पछी "छन्दसि वाहुलकम्," "छन्दसि उभयथा" एवां वैदिक नियमो पण सूत्र्यां. पाणिनि कोई पण नियम घडती वखते प्रथम लौकिक संस्कृतने लगतुं नियम घडे छे अने पछी खास फेरफार बताववा वैदिक नियमने मूके छे. आनो अर्थ एवो नथी के वैदिक भाषानी प्रकृतिरूप लौकिक संस्कृत भाषा छे अथवा लौकिक संस्कृत भाषामांथी वैदिक भाषा जन्मी छे, ए तो शब्दोनी परस्पर तुलनात्मक परीक्षामाटे अमुक भाषाने वाहनरूपे राखवी आवश्यक छे, ए दृष्टिए ज पाणिनिए वेदोनी भाषानुं व्याकरण बनाववा माटे लौकिक संस्कृतने अग्रस्थान आप्युं छे.

जेम 'वैदिक' ने समजाववा संस्कृत वाहनरूप छे

४६ पाणिनिए वेदोनी भाषानुं व्याकरण प्रथम रच्युं होत अने त्यार पछी ज लौकिक संस्कृतमां थता विशेष फेरफारो दर्शाव्या होत तो ए, भाषातत्त्वना क्रमविकासनी दृष्टिए वधारे उचित थात. परंतु एमना समये वेदोनी भाषा जीवती न हती अने एमना वखतनो भणेलोगणेलो समाज खास करीने याज्ञिक समाज लौकिक संस्कृतनो विशेष पक्षपाती हतो, तेमणे ए भणेला वर्गनी रुचि तरफ [illegible] राखीने पोताना व्याकरणमां लौकिक संस्कृतने प्रथम स्थान आप्युं छे अने बीजुं स्थान वैदिक भाषाने माटे राख्युं छे. तात्पर्य ए के पाणिनिए वैदिकभाषानी पद्धति समजाववा माटे लौकिक संस्कृतने वाहन तरीके वापर्युं छे, तेम प्राकृतभाषाना व्याकरणोने बनावनारा ते ते आचार्योए तुलनात्मक दृष्टिए प्राकृतभाषानी रचनाने समजाववा सारु ज लौकिक संस्कृतने वाहन तरीके

पाणिनिना समयनो शिक्षितवर्ग संस्कृतप्रिय

योज्युं छे. परंतु 'प्राकृतनी माता लौकिक संस्कृत छे' एवुं समजीने 'प्रकृतिः संस्कृतम्' एवुं कहेलुं नथी.

४७ अत्यारे कोई अंग्रेजने तुलनात्मक पद्धतिथी संस्कृत शिखववा माटे कोई शिक्षक एवी पद्धति योजे के :—

अंग्रेजी.	संस्कृत.	गु० अ०
थ्री	त्रि	(त्रण)
बोय	पोत	(छोकरो)
केमल	क्रमेल्क	(ऊंट)
ओक्स	उक्षन्	(बळद)
इझ्	अस्	(छे)
बी	भू	(होवुं)
नाइन्	नवन्	(नव)
टेन्	दशन्	(दस)
ट्री	तरु	(झाड)

तो आ पद्धतिनो अर्थ एवो नथी के संस्कृतनी प्रकृति अंग्रेजी भाषा छे, परंतु शीखनारने जे भाषा आवडे छे ते भाषाने वाहनरूपे राखीने जेम उक्त रीते अंग्रेजी मारफत संस्कृत शिखवुं सरळ पडे छे तेम भणेला लोकोमां ज्यारे संस्कृत भाषानो प्रभाव प्रबळ हतो, ते समये तेमने जे भाषा तरफ विशेष आकर्षण होय अने तेमने जे भाषा वधारे अभ्यस्त होय ते भाषाने वाहन तरीके राखीने बीजी कोई भाषा शिखववी वधारे सरळ थाय छे. एटले हुं समजुं छुं त्यांसुधी ए दृष्टिए ज प्राकृतव्याकरणना रचनाराओए 'प्रकृतिः संस्कृतम्' कहेलुं छे.

४८ आजे इतिहासनी दृष्टिने प्रधानपणे राखीने भाषातत्त्वना विकास संबंधे पण आपणे विचारता थया छिए तेम आपणा पूर्वजोमां कोई पण तत्त्व संबंधे इतिहासदृष्टिनो विशेष ख्याल न हतो अने भाषातत्त्वना विकास विशे तो तेमणे ए ख्याल भाग्ये ज राखेलो. एटले तेमणे पोतपोतानां व्याकरणोमां आदेशोनी पद्धति स्वीकारी छे. परंतु कोई पण शब्द वा तेनां रूपोने तेओए शब्दविज्ञाननी दृष्टिए साधी बताव्यां नथी छतां तेमां

भाषातत्त्व अने इतिहासदृष्टि

जाण्ये अजाण्ये शब्दविज्ञाननी दृष्टि तो जळवायेली छे. अने एम छे माटे ज तेमणे "आदेशः स्थानी इव" एवुं विधान करेलुं छे. 'दधि—अत्र' शब्दना संहितावाळा प्रयोगमां तेओ 'इ' ने 'य' ना रूपमां थवानुं कहे छे. पण 'व' रूपमां थवानुं कहेता नथी. एमां ज तेमनी शब्दविज्ञाननी दृष्टि मालूम पडे छे. परंतु ए दृष्टि पाछळना इतिहास विशे तेमनी उपेक्षा हती एटले तेओ, ए अने एवां बीजां अनेक परिवर्तनोने शब्दविज्ञाननी दृष्टिए घटावी शक्या नथी.

आदेश अने स्थानी

आ रीते शब्दविज्ञाननी दृष्टिना अभावने लीधे तेओए आदेशो करवामां य 'आदेशः स्थानी इव' नुं पोतानुं विधान शब्ददृष्टिए तोडी[51] नाख्युं छे अने सरळ उपाय समजीने 'प्रकृतिः संस्कृतम्' नो उल्लेख करेलो छे.

---

५१ दधि+अत्र=दध्यत्र. आ प्रयोगमां 'दधि' नो अन्त्य 'इ' स्थानी छे अने तेने स्थाने थयेलो 'य' आदेश छे. 'इ' अने 'य' वच्चे उच्चारणस्थाननी अपेक्षाए समानता छेः 'इ' तालव्य छे अने 'य' पण तालव्य छे, एम ए बे वर्णो वच्चे समानता छे तेथी तेमनी वच्चे 'आदेश' अने 'स्थानी' नो संबंध घटमान छे. ए ज रीते ज्यां ज्यां जे बे स्वरो, व्यंजनो, स्वर-व्यंजनो के शब्दो वच्चे उच्चारणस्थाननी, अक्षरानुपूर्वीनी के एवी ज बीजी कोई प्रकारनी समानता होय त्यां ज 'आदेश' अने 'स्थानी' नो संबंध घटी शके छे. आ जातनो समग्र

वैयाकरणोनो–सिद्धांत छे. अने आ ज सिद्धांत शब्दविज्ञानशास्त्रनी दृष्टिए पण सुसंगत छे. उक्त सिद्धांत समग्र वैयाकरणोने संमत छे, छतां य अनेक प्रयोगोनी निष्पत्ति करतां तेओए ए सिद्धांतने तोडी नाख्यो छे.

नीचेनां केटलांक उदाहरणोथी ए वात समजी शकाय एम छे:

स्थानी	आदेश	
अन्तिक	नेद	पा० ५।३।६३
बाढ	साध	,,
वृद्ध	वर्ष	पा० ६।४।१५७
युव	कन	पा० ५।३।६४
अल्प	कन	,,
प्रशस्य	श्र	पा० ५।३।६०
प्रशस्य	ज्य	पा० ५।३।६१
वृद्ध	ज्य	पा० ५।३।६२
अपर	पश्च	पा० ५।३।३२
दृश	पश्य	पा० ७।३।७८
ब्रू	आह	पा० ३।४।८४
दा	यच्छ	पा० ७।३।७८
सृ	धाव	पा० ७।३।७८
कथ	बोल	हेम० ८।४।१
कथ	वज्जर	,, ,,
बुभुक्ष	णीरव	,, ८।४।५
क्षि	णिज्झर	,, ८।४।२०
तुल	ओहाम	,, ८।४।२५
स्ना	अब्भुत्त	,, ८।४।१४

ऊपर जे जे शब्दो स्थानीरूपे अने आदेशरूपे जणावेला छे तेमां कोई पण प्रकारनी समानता नथी. 'अन्तिक' अने 'नेद' वा 'स्ना' अने 'अब्भुत्त' एमनी वच्चे कोई प्रकारनी समानता नथी ए देखीतुं ज छे.

४९ जो के बहुमत तरीके 'प्रकृतिः संस्कृतम्' वाळी वात छे. तो पण पालिव्याकरणना प्रणेता कच्चायणे पालिभाषाने समझाववा वाहन तरीके 'पालि' भाषाने ज राखी छे. अने प्रकृतिरूपे पण 'पालि' भाषाने ज वापरी छे. एटले 'पालि' भाषा माटे 'प्रकृतिः संस्कृतम्' नुं कथन सर्वथा असंगत छे. परंतु कच्चायणे ए पद्धति स्वीकारी एथी एनो अर्थ एवो तो नथी ज के पालिभाषा कांइ अद्धरथी आवी गई छे. वा ए अनादि काळथी एवी ने एवी ज चाली आवे छे. भाषाविज्ञाननी दृष्टिए जोनार प्रत्येक अभ्यासी एम समझी शके एवुं छे के ए भाषा पण मूळ वैदिक जीवती भाषाना प्रवाहमांथी उतरेली छे. 'प्रकृतिः संस्कृतम्' लखनाराओमां जेम भाषाविज्ञाननी दृष्टि नथी तेम 'पालि'ने अप्रकृतिक समझनार कच्चायणमां पण ए दृष्टि न हती ए स्वीकार्या सिवाय आज तो चाले तेम नथी.

'पालि' भाषा माटे 'पालि' वाहन

५० वळी, "प्रकृतिः संस्कृतम्" नो अर्थ असंगत जेवो लागवाथी केम जाणे रुद्रटना टीकाकार श्रीनमिसाधुए 'प्राकृत' शब्दनुं निर्वचन तद्दन जुदी रीते बताव्युं छे. ते जणावे छे के—"सकलजगज्जन्तूनां व्याकरणादिभिरनाहितसंस्कारः सहजो वचनव्यापारः प्रकृतिः तत्र भवम् सैव वा प्राकृतम् ××× वा प्राक् पूर्वं कृतं प्राकृतम् बालमहिलादिसुबोधम् सकलभाषानिबन्धनभूतं वचनमुच्यते मेघनिर्मुक्तजलमिव एकस्वरूपं तदेव च देशविशेषात् संस्कारकरणाच्च समासादितविशेषं सत् संस्कृताद्युत्तरविभेदान् आप्नोति। अत एव शास्त्रकृता प्राकृतम् आदौ निर्दिष्टम् तदनु संस्कृतादीनि। पाणिन्यादिव्याकरणोदितशब्दलक्षणेन संस्करणात् संस्कृतमुच्यते" रुद्रटना काव्यालंकारमां (२, १२) नीचेनो श्लोक मळे छे—

प्रकृतिः संस्कृतम् विशे रुद्रटनो टीकाकार

"प्राकृत–संस्कृत–मागध–पिशाचभाषाश्च शौरसेनी च।
षष्ठोऽत्र भूरिभेदो देशविशेषाद् अपभ्रंशः ॥"

आ श्लोकमां प्राकृत, संस्कृत, मागधी, पैशाची, शौरसेनी अने छठी अनेकभेदवाळी अपभ्रंश एम छ भाषानां नाम गणाव्यां छे. तेमां सर्वथी प्रथम 'प्राकृत' नो उल्लेख छे. ग्रंथकार लौकिकसंस्कृतनो उद्भट विद्वान होईने तेनो ज पक्षपाती होय ते बनवाजोग छे, छतांय तेणे बधी भाषाओमां 'प्राकृत' ने ज अग्रस्थान शा माटे आप्युं छे? एनो खुलासो आपवा श्रीनमिसाधुए 'प्राकृत' शब्दनां पूर्वोक्त बे निर्वचनो कर्यां छे, तेमां पहेलामां बताव्युं छे के–स्वाभाविक वचनव्यापारनुं नाम 'प्रकृति' छे. जे उच्चारणो सहेजे सहेजे नीकळे छे, जेमनी ऊपर व्याकरण वगेरे भाषासंबंधी शास्त्रोए संस्कारनो ओप नथी चडाव्यो एवां उच्चारणो 'प्रकृति' कहेवाय. जे भाषानो देह एवां उच्चारणोथी घडायो छे ते भाषानुं नाम प्राकृत अथवा एवां उच्चारणो द्वारा जे भाषा नीपजी छे ते 'प्राकृत' भाषा कहेवाय. बीजा निर्वचनमां 'प्राक्+कृत' एवा बे शब्दोद्वारा 'प्राकृत' शब्द नीपजाव्यो छे अने एनो अर्थ 'जे सर्वथी प्रथम करेलुं होवाथी बधी भाषाओनुं कारणरूप छे तेनुं नाम प्राकृत' एम बताव्यो छे. पहेला निर्वचनमां जे अर्थ कह्यो छे ते ज अर्थ आ बीजामां बताव्यो छे. मारा नम्र मत मुजब पहेलुं ज निर्वचन विशेष योग्य छे. जो के पहेला अने बीजाना भावमां खास भेद नथी छतां 'प्राक्+कृत' मांथी प्राकृत शब्द नीपजाववो ए करतां 'प्रकृति' मांथी नीपजाववो विशेष संगत छे तेथी पहेला निर्वचन तरफ मारो पक्षपात छे.

प्राकृत शब्दनो जे अर्थ आगळ बतावी गयो छुं ते अने उक्त नमिसाधुए प्राकृतनो जे अर्थ समझाव्यो छे तेमां लेश पण भेद नथी, माटे

मारा नम्र कथन प्रमाणे 'प्रकृतिः संस्कृतम्' ने बदले 'प्रकृतिः स्वभावः' अर्थ ज भाषाना प्रस्तावमां उचिततम छे.

५१ यायावरीय कविराज राजशेखर कहे छे—

राजशेखरनी प्राकृत-भक्ति

"यद् योनिः किल संस्कृतस्य सुदृशां जिह्वासु यद् मोदते
यत्र श्रोत्रपथावतारिणि कटुर्भाषाक्षराणां रसः।
गद्यं चूर्णपदं पदं रतिपतेस्तत् प्राकृतं यद्वचः
तान् लाटान् ललिताङ्गि! पश्य नुदती दृष्टेर्निमेषव्रतम्"॥
—(बालरामायण ४८–४९)

आ श्लोकनुं तात्पर्य ए छे के—"जे भाषा संस्कृतनी जननी छे, स्त्रीओनी जीभ उपर रमे छे अने जेने सांभळ्या पछी बीजी भाषाना अक्षरो कर्णकटु लागे छे तेवी प्राकृत भाषाने लाटना लोको बोले छे."

राजशेखरनी समज प्रमाणे संस्कृत भाषा, प्राकृतमांथी आवी छे. कविनी ए समजमां मने तो प्राकृत भाषा तरफ कविनी विशेष भक्ति ज माळुम पडे छे. परंतु भाषाविज्ञाननी दृष्टिए जोतां प्राकृतभाषामांथी संस्कृत भाषा आवी छे एवुं कही शकाय एम नथी. अहीं ए याद राखवुं जोईए के 'संस्कृत' शब्दथी कविनी विवक्षा लौकिक संस्कृतनी छे. लौकिक संस्कृतनी घटना अने साहित्यमां विद्यमान व्यापक प्राकृतनी घटना वच्चे कार्यकारणमां होय तेवुं साम्य देखातुं नथी; एथी एम केम कही शकाय के प्राकृत उपरथी संस्कृत भाषा आवी छे?

५२ विक्रमना आठमा सैकानो महापंडित वाक्पतिराज पोताना प्राकृत काव्य 'गउडवहो'मां जणावे छे के:—

वाक्पतिराजनी प्राकृत-भक्ति

"सयलाओ इमं वाया वसंति एत्तो य णेंति वायाओ।
एंति समुद्दं चिय णेंति सायराओ च्चिय जलाइं॥

णवं अत्थदंसणं संनिवेससिसिराओ बंधरिद्धीओ
अविरलं इणमो आभुवणबन्धं इह णवर पययम्मि ॥
—(गउडवहो पृ० २८-२९ गा० ९२-९३)

"जेम मेघनां पाणी समुद्रमां पडे छे अने फरी पाछां समुद्रमांथी बहार नीकळे छे तेम बधी भाषाओ प्राकृतमां समावेश पामे छे अने प्राकृतमांथी बहार नीकळे छे. ९२.

नवा नवा अर्थोनी घटना, नवा नवा बंधोनी रचना वगेरे ए बधुं ज्यारथी सृष्टि सर्जाई त्यारथी एक मात्र प्राकृत भाषामां सुलभ छे. ९३.

'पायय' अने 'पयय' ए बन्ने शब्दो 'प्राकृतभाषा'ना सूचक छे. उक्त गाथामां कविए 'पयय' शब्द प्रयोजेलो छे. गाथानो अर्थ जोतां कवि, प्राकृतभाषा तरफ पोतानी प्रबल भक्तिने सूचवतो होय एवुं भासे छे. परंतु कविना ए कथनमां शब्दविज्ञाननी दृष्टि होय एम जणातुं नथी. अथवा विवरणकारना कथन प्रमाणे कविए अहीं 'प्राकृत' शब्दनो उपयोग 'शब्द-ब्रह्म' माटे कर्यो छे अने ते द्वारा एम सूचव्युं छे के सर्व भाषाओ ए 'शब्दब्रह्म'नी विकृतिरूप छे. कविना ए सूचनमां पण भाषाने लगती वैज्ञानिक दृष्टि करतां 'शब्दब्रह्म'नी विशेष भक्ति ज तरी आवे छे.

आदिम प्राकृत अने लौकिक संस्कृत वच्चेनो भेद

५३ निष्कर्ष ए आव्यो के वेदोनी ऋचाओमां सचवायेली जे भाषानो नमूनो आपणी सामे छे ते भाषा ज्यारे लोकोनी बोलचालनी हती अने बोलचालनी होवाने लीधे जे आपोआप परिवर्तनो पाम्ये जती हती, जेने संस्कारवा खास कोइ प्रयत्न नथी थयो एवी आबाल-गोपाल सुधी प्रसरेली भाषा ते आदिम प्राकृत वा व्यापक प्राकृत. अने ए ऋचाओनी भाषाना अने उक्त आदिम प्राकृतभाषाना प्रयोगोने ध्यानमां

कई संस्कृतभाषीओनी दृष्टिए जे प्रयोगो शुद्ध जणाया तेमने तेमांथी लौकिक संस्कृतनी घटना करनाराओए वीणी. शुद्ध करेली, मांजेली ने संकलना करी तेनुं नाम लौकिक संस्कृत भाषा.

ए माटे रत्नोनी वखारनुं उदाहरण

५४ धारो के हजारो वर्षोथी जेम पडेली एवी रत्नोनी एक मोटी वखार होय, जेमां घाटघुट विनानां अने चित्रविचित्र वर्णवाळां अनेक प्रकारनां रत्नो भरेलां होय, तेमांथी साधारण लोको ए घाट विनानां रत्नो लई पोतानुं काम चलावे अने बीजा चतुर लोको तो ए चित्रविचित्र रत्नोने पण ओपीओपीने पोताना कामनां लई पहेरे एनो अर्थ एम तो न ज थाय के पेलां घाटघुट विनानां रत्नोमांथी ए ओपेलां रत्नो नवां ज नीपज्यां छे. ए न्याये अहीं लौकिक संस्कृतनी घटना करनाराओए पोताने गमी गयेला प्रयोगोने वीणवानी दृष्टिए (लौकिक संस्कृतनी घटना करवामां) आदिम प्राकृतनो उपयोग कर्यो होय, एटला मात्रथी कांई एम न कही शकाय के प्राकृत भाषा संस्कृतनी जननी छे. खरी रीते तो आदिम प्राकृत अने लौकिक संस्कृत ए बे प्रवाहो जुदा जुदा वह्या छे तो पण ते बन्नेनुं मूळ कोई एक प्रवाहमां छे एमां शंका नथी अने एम छे माटे ते बन्ने प्रवाहोना शब्ददेहनी घटना अने विद्यमान वैदिक शब्ददेहनी घटना परस्पर आश्चर्यकारक रीते मळती आवे छे.

५५ व्यापक प्राकृत अने वैदिक भाषा ए बन्ने वच्चे गाढ संबंध छे एटले तेनो अर्थ एवो नथी ज के व्यापक प्राकृत अने लौकिक संस्कृत वच्चे कशो संबंध नथी.

ए बन्ने एक प्रवाहमांथी नीकळेली होवाथी मा-दीकरी नथी पण बे बहेनो छे. लौकिक संस्कृतनुं क्षेत्र परिमित होवाथी ते नानी बहेन छे अने प्राकृतनुं क्षेत्र विशाळ होवाथी ते मोटी बहेन छे. बे बहेनोमां जेवो

स्नेहसंबंध होय छे तेवो संबंध ए बे भाषा वच्चे छे. वर्तमानमां तो नथी बोलाती प्राकृत[५२] तेम नथी बोलाती संस्कृत. परंतु बन्ने भाषानुं विपुल साहित्य उपलब्ध छे, ए ऊपरथी ए बे बहेनो जेवी भाषाओ वच्चेनो संबंध समजी शकाय एम छे. मोटी बहेन जेम नानी बहेनने पोतानां अलंकारो आपी शोभावे छे तेम प्राकृत भाषाए पोतानां मृदु आभूषणोथी नानी बहेन संस्कृतने मंडनयुक्त करी छे.

व्यापक प्राकृत अने लौकिक संस्कृत ए बन्ने बहेनो छे.

५६ नीचे जणावेलां थोडां उदाहरणो द्वारा आ बाबत स्पष्ट थशे:

नानी बहेन संस्कृत ऊपर मोटी बहेन प्राकृतनी प्रबल असरनां उदाहरणो

[१] संस्कृत साहित्यमां 'साळा' अर्थमां 'स्याल' अने 'श्याल' बन्ने शब्दोनो उपयोग छे. आ विशे विशेष गवेषणा करतां जणाय छे के 'स्याल' शब्द मूळरूप छे अने 'श्याल' शब्द तेनुं बीजुं उच्चारण छे. ऋग्वेदमां "अश्रवं हि भूरिदावत्तरा वां विजामातुरुत वा घा स्यालात्" [ऋग्वेद पृ० ६६१—सू० २] ए मंत्रमां 'स्याल' शब्दनो प्रयोग छे. निरुक्तमां[५३] पण उक्त मंत्रमां छे तेवा 'स्याल' शब्दनुं निर्वचन आप्युं छे.

'स्याल' अने 'श्याल'

---

५२ प्रस्तुतमां वपरायेलो 'प्राकृत' शब्द तेना 'अमुक प्रकारनी भाषा' एवा रूढार्थनो द्योतक छे. 'प्राकृत' नो व्युत्पत्त्यर्थ तो 'स्वाभाविक भाषा—प्रचलित लोकभाषा' एवो थाय छे परंतु ते अर्थ अहीं विवक्षित नथी. "प्राकृत वाणी वदुं" ए वाक्यमां प्राकृत शब्दनो रूढार्थ नथी परंतु व्युत्पत्त्यर्थ छे माटे ज ए वाक्यमां वपरायेलो 'प्राकृत' शब्द गुजराती भाषाने पण सूचवे छे.

५३ 'स्याल' नुं निर्वचन आ प्रमाणे छे.

"स्यात् लाजान् आवपति—इति वा" 'स्यम्' इति 'सूर्पम्' उच्यते तस्माद् असौ गृहीत्वा कन्यकाया भगिन्या विवाहकाले लाजान् भृष्टधान्यान् आवपति—

ए ज रीते संस्कृत साहित्यमां आ नीचे जणावेला जे द्विविध शब्दो प्रवर्ते छे, तेमना द्विधा उच्चारणनुं कारण मोटी बहेन प्राकृतनी व्यापक असर छे, एम समझवानुं छे.

'श' नो 'स'
'स' नो 'श'
तथा 'ष' नो 'स'

काशी—कासी	(शब्दर०	कां०	४	श्लोक०	२५)
अश्रु—अस्रु	,,	,,	२	,,	१२०
शाक—साक	,,	,,	३	,,	४३
शर्करा—सर्करा	,,	,,	४	,,	१२
श्वान—स्वान	,,	,,	४	,,	३१६
शुभ—सुभ	,,	,,	१	,,	१७
शाम्बरी—साम्बरी	,,	,,	३	,,	३४८
शूर—सूर	,,	,,	३	,,	१९
शर्वरी—सर्वरी	,,	,,	२	,,	३४
शची—सची	,,	,,	२	,,	६२
उर्वशी—उर्वसी	,,	,,	२	,,	६९
स्याल—श्याल	,,	,,	३	,,	१४६
अस्र—अश्र	,,	,,	२	,,	१२०
दासी—दाशी	,,	,,	३	,,	३५२
(अर्थ—धीवरी)					
सूरि—शूरि	,,	,,	३	,,	६
वृषी—वृसी	,,	,,	३	,,	२९८
चाष—चास	,,	,,	४	,,	३५४
(अर्थ— विशेष प्रकारनुं पक्षी)					
मषी—मसी	,,	,,	३	,,	९८

[३] संस्कृत साहित्यमां 'क्षुर' अने 'खुर' बन्ने शब्दो मळे छे.

'क्ष' नो 'ख' अने 'क्ष'

'क्षुर' नो अर्थ छे 'खरी—बहुला धरती बगेरे'. 'क्षुर' ना 'क्ष' नुं 'ख' उच्चारण ए प्राकृतनी असरनुं परिणाम छे. रघुवंशना प्रथम अने द्वितीय सर्गना श्लो० ८५, ना, २ जामां महाकवि कालिदासे 'खुर' शब्दनो उपयोग कर्यो छे.

[४] ऋग्वेद मंडल १० सूक्त १५५ ना पहेला मंत्रमां 'विकट' शब्दनो प्रयोग छे. भाष्यकार तेनो अर्थ 'विकृत

'त' नो 'ट'

अंग' व 'विकृत गमन' बतावे छे. संस्कृत साहित्यमां 'विकृत गमन' अर्थ माटे 'विकृत' शब्द सुप्रसिद्ध छे. प्राकृतमां केटलाक शब्दोमां 'त' नुं 'ट' उच्चारण थयेलुं छे. एवी असरने लीधे 'विकृत' नुं 'विकट' उच्चारण थयुं छे. अने ए रीते आजेय ते 'विकट' शब्द ठेठ आजसुधी पहोंच्यो छे.

[५] 'गधन' ना ज्ञात अर्थनो सूचक 'शियाल' अने 'श्रियाल' शब्द छे. 'श्रियाल' ना 'र' नो लोप थई 'शियाल'

'र' नो लोप

शब्द नीपज्यो छे. अने आ रीते संयुक्त 'र' नो लोप थवानी पद्धति प्राकृतमां ज छे. कोशकारो ए बन्ने शब्दोने संस्कृत मानीने नोंधे छे. "गजाशनः शियालः स्यात्" (हैम० कां० ४, श्लो० २०८) "गजाशनं शियालः स्यात्" (अमर० कां २, श्लो० ३५ वनौषधिवर्ग). कालिदासे कुमारसंभवमां 'शियाल' शब्दनो उपयोग पण कर्यो छे. "कृताः शियालद्रुमवर्जगाम्"—(कु० ३, श्लो० ३१)

५५. "रजसाऽस्य खुरोद्धूतैः स्पृशद्भिर्गात्रमन्तिकात्।"
"नदाः खुरन्यासपवित्रपांसु" इत्यादि।

आ उपरांत जे शब्दोनां वच्चे उच्चारणो छे अने जेमांनुं एक मूळभूत छे अने बीजुं संस्कृत ऊपर व्यापक प्राकृतनी असरने लीधे नीपजेलुं छे, एवा अनेक शब्दो आ नीचे विशेष स्पष्टताने माटे आपुं छुं. ए शब्दो शब्दरत्नाकरकोशमां, अमरकोशमां अने हेमचन्द्रना अभिधानचिन्तामणि वा अनेकार्थसंग्रहमां विद्यमान छे. माटे ते शब्दोना खास खास स्थानो नथी बताववानो, तेम विशेष काळक्षेपना कारणे तेमनो साहित्यमां थयेलो प्रयोग पण नथी नोंधवानो.

[६]—हर्ष—हरिष

स्वरभक्ति	दद्रू—दद्रुर	प्राकृतनी असरने लीधे 'भार्या'ना 'भारिया' नी पेठे संयुक्त व्यञ्जनमां स्वरनो वधारो
	कम्र—कमर	
	गर्भ—गरभ	
	वर्षा—वरिषा	
	वर्ष—वरिष	
	पर्षत्—परिषत्	
	मनोऽर्थ—मनोरथ	

अनुस्वारयुक्तता [७] 'वक्र' ना प्रा० 'वंक'नी पेठे आवेला शब्दो :

भद्र—भन्द्र

लक्षण—लाञ्छन

अत्तिका—अन्तिका

[८] 'आ'—'अ'

'आ'नो 'अ'

कुमार—कुमर

फाल—फल

कलाञ्ज—कलञ्ज

'इ'—ए

'इ' नो 'ए' [९] मुहिर—मुहेर (अर्थ—मूर्ख)

'अ' नो 'आ' [१०] 'अ'—'आ'

पति—पाति

'ऋ' नो 'रि' [११] 'ऋ'—'रि'

ऋज—रिज—(अर्थ—पति)

'भ' नो 'व' [१२] 'भ'—'व'

करम्भ—करम्व

'ण' नो 'ल' [१३] 'ण'—'ल'

श्लेष्मण—श्लेष्मल

'औ' नो 'उ' [१४] औ—उ

कौङ्कुण—कुङ्कुण

कौतुक—कुतुक

'द' नो 'ज' [१५] द—ज

दस्यती—जस्यती—वैदिक शब्द

'ह' नो 'अ' [१६] ह—अ

हट्ट—अट्ट

'त' नो 'ट,' 'ट्ट' [१७] त—ट, त्त—ट्ट

कर्तक—कण्टक (वैदिक शब्द)

पत्तन—पट्टन

'कर्तक' ना 'र' नो लोप अने अनुस्वारनुं आगमन पण प्राकृतप्रभव छे. जुओ पृ० ८९, अङ्क ५ तथा पृ० ९०, अङ्क ७.

'श्म' नो 'म्भ' तथा 'क' नो 'ग' [१८] श्म—म्भ तथा क—ग

काश्मरी—कम्भारी—गम्भारी

'ट' नो 'ड' [१९] ट—ड

तटाक—तडाक

पेटा—पेडा

कुटी—कुडी

'व' नो 'ब' तथा 'द' नो लोप [२०] व—ब, 'द' लोप

द्वार—बार

'ड' नो 'ल' [२१] ड—ल ["अफिडादीनां डश्च लः" २—३—१०४ हैमव्या०]

ताडक—तालक

बालिश—बाडिश

जड—जल

दुलि—दुडि

बिडाल—बिलाल

कलेवर—कडेवर

कलत्र—कडत्र

बडिश—बलिश

नाडी—नाली

'स' नो 'लोप' [२२] 'स' लोप

स्तूप—तूप

[२३] 'य' લોપ અને 'र' વૃદ્ધિ

'य' નો લોપ અને 'र' ની વૃદ્ધિ

चैत्य—चैत्र

पामर—प्रामर—(આમાં 'य' નો લોપ નથી.)

[२४] 'क' લોપ

'क' નો લોપ

योक्त्र—योत्र

[२५] 'द' લોપ

'द' નો લોપ

कुद्दाल—कुद्दाल

[२६] म—व

'म' નો 'व'

श्रमण—श्रवण

[२७] व—म

'व' નો 'म'

द्रविड—द्रमिड

यवनी—यमनी

[२८] स—ष, ख—ह

'स' નો 'ष' તથા 'ख' નો 'ह'

मुसल—मुषल—मुखल—मुहल

[२९] 'प'—व ["जपादीनां पो वः" २—२—१०५ हैमव्या०]

'प' નો 'व'

कपाट—कवाट

पारापत—पारावत

जपा—जवा

लिपि—लिवि

[३०] 'व' લોપ

'व' નો લોપ

ऊर्ध्व—ऊर्ध

'क्ष' नो 'ख' [३१] 'क्ष'—ख

क्षुल्लक—खुल्लक

पक्ष—पुक्ख

क्षुर—खुर

'य' नो लोप [३२] 'य' लोप

स्थाली—शाली

मत्स्य—मत्स

तूर्य—तूर

'क्ष' नो 'छ' [३३] क्ष—छ

पक्ष—पिच्छ

क्षुरी—छुरी

कक्ष—कच्छ

'त्स' नो 'च्छ' [३४] त्स—च्छ

मत्स—मच्छ

'त' नो 'थ' [३५] त—थ

पीती—पीथी

'ति' नो 'रि' [३६] ति—रि

प्रतिदान—परिदान

'य' नो 'ज' [३७] य—ज

यभन—जभन

जौनि[५६]—यानि

---

५६ " जानिः यानिः कुल्त्री च "—(शब्दरत्नाकर कांड ३, श्लो० १४७)

यातु—जातु

यातुधान—जातुधान

'ह' नो 'घ' [३८] ह—घ

अंह्रि—अङ्घ्रि

घस्त—हस्त

'ष्ट्र' नो 'ढ' तथा 'र' लोप [३९] ष्ट्र—ढ, 'र' लोप

दंष्ट्रिका—द्राढिका—दाढिका

'थ्र' नो 'च्छ' [४०] थ्र—च्छ

पथ्र—पुच्छ ['पुच्छ' वेदमां पण मळे छे]

अनुस्वारलोप [४१] अनुस्वारलोप

अम्बा—अब्बा

[४२] वचला स्वरनो लोप अने वचला स्वरसहित व्यञ्जननो लोप

वचला स्वरनो अने सस्वर व्यंजननो लोप

रसना—रस्ना

वासर—वास्र

भगिनी—भग्नी

वहनी—वेणी (प्रवाह—रघुवंश)

उदुम्बर—उम्बुरक—उम्बर

प्रदत्त—प्रत्त

आदत्त—आत्त

सुदत्त—सुत्त

---

५७ " प्रासादजालैर्जलवेणिरम्यां रेवां यदि प्रेक्षितुमस्ति कामः—" रघुवंश स० ६, श्लो० ४३)

" जलानां वेण्या प्रवाहेण " — " ओघः प्रवाहो वेणी च इति हलायुधः "—टीका

'थ' नो 'ध' [४३] थ–ध

मथुरा–मधुरा

'ई' नो 'ए' [४४] ई–ए

पीयूष–पेयूष

'क' नो 'ग' [४५] क–ग, अ–इ, इ–ए
'अ' नो 'इ'
'इ' नो 'ए'

दक–दग

द्रकट–द्रगड

कन्दुक–गिन्दुक–गेन्दुक

[४६] र–ल, ऋ–ऌ [हैमव्या० २=३—९९ थी २–३–१०५ सुधीनां सूत्रो]

'र' नो 'ल' तथा
'ऋ' नो 'ऌ'

हूीका–ह्लीका

पुरुष–पुलुष

तरुण–तलुन

क्षुधारु–क्षुधालु

शीतारु–शीतालु

प्रवङ्ग–प्लवङ्ग

राक्षा–लाक्ष

रोम–लोम

चरण–चलन

ऋफिड–ऌफिड

---

५८ पाणिनीय अ० ८।२।१८ थी ८।२।२२ सुधी. "ऌफिडः ऋफिडः। एषोऽपि ऌफिड्डः ऋफिड्डः।"—(महाभाष्य पृ० ४६ वा० अ०)

[४७] 'ल'—लोप

'ल' नो लोप — लट्ठी—लग्गी

[४८] ज़—ज

'ज़' नो 'ज' — ज़मीन—जमीन

रेज़ा—रेजा

[४९] द़—त

'द' नो 'त' — बादाम—बाताम

राजादन—राजातन

[५०] 'र' लोप, द्विर्भाव

'र' नो लोप थया पछी द्विर्भाव — मुर्कट—मुक्कट

मुर्गर—मुग्गर

वप्र—वप्प (अर्थ—बाप)

[५१] अय—ओ

'अय' नो 'ओ' — मयूर—मोर

[५२] प—व

'प' नो 'व' — तम्पा—तम्वा (अर्थ—गाय)

[५३] अन्त्यलोप

अंत्य व्यंजननो लोप — धामन्—धाम

महस्—मह

तमस्—तम

सोमन्—सोम

रोचिस्—रोचि

शोचिस्—शोचि

चर्मन्—चर्म

शवस्—शव

होमन्—होम

तपस्—तप

स्वर अने संयुक्त वर्णनां विलक्षण उच्चारणो

[५४] केटलाक एकार्थक शब्दोनां उच्चारणो एवां विविध देखाय छे के ए उच्चारणो ज एमनी प्राकृतता ठरावे छे :

चन्द्र—चन्दिर—चन्द

विकुस्त—विकस्त—विक्रस्त

बुकस—पुकस—पुल्कस

तविश—तविष—ताविष

वनीपक—वनीयक—वनवक

खोड—खोट—खोर

वराणसी—वाराणसी—वाणारसी

हण्डे—हञ्जे

सुवासिनी—स्ववासिनी

मौक्तिक—मुकुतिक—मकुतिक

मस्तक—मस्तिक

अषाढ—आषाढ

एतश—ऐतश

बिडोजा—बिडौजा

निघण्टु—निर्घण्टु

नेतृ—नेत्र

दिवोका—दिवौका

[५५] ण—न

'ण' नो 'न'

पाणिनि वगेरेना धातुसंग्रहमां जे धातुओ मूल णोपदेश—आदिमां 'ण' कारवाळा—नोंधेला—छे ते बधा य प्रयोगनी प्रक्रियामां आवतां आदिमां 'न' वाळा थाय छे.

'ष' नो 'स' [५६] ष—स

पाणिनि वगेरेना धातुसंग्रहमां जे धातुओ षोपदेश—आदिमां 'ष' वाळा दर्शाव्या छे ते बधा य प्रयोग समये आदिमां 'स' वाळा थई जाय छे.

आ उपरांत निरुक्त वगेरेनो उल्लेख करीने आगळ (पृ० २२—२५) जे एकार्थक धातुओ अने एकार्थक शब्दोनां भिन्न भिन्न उच्चारणो नोंधी बताव्यां छे, ते द्वारा पण जोई शकाय एम छे के केटला जूना समयथी नानी बहेन संस्कृतने तेनी मोटी बहेन प्राकृते पोतानी मृदुता अने विविध उच्चारणनी रीत आपी तेमां अनेकगणुं वैचित्र्य वधारी दीधुं छे.

संस्कृतना अभ्यासिओनुं प्राकृतना अभ्यास तरफ दुर्लक्ष अने तेनुं दुष्परिणाम

५७ संस्कृत ऊपर व्यापक प्राकृतनो आवो प्रभाव होवा छतां संस्कृतना अभ्यासिओनुं प्राकृतना अभ्यास तरफ जे दुर्लक्ष्य प्रवर्तमान छे ते विशेष कठे एवुं छे. विद्वानोमां वर्तता ए दुर्लक्षने परिणामे नाटकोनुं प्राकृत भारे अशुद्धिओना गर्तमांथी नीकळी शक्युं नथी. मारे नम्रपणे कहेवुं जोईए के नाटकोना ते ते विद्वान संपादकोए नाटकगत प्राकृतना संशोधन तरफ लक्ष्य ज नथी

---

५९ "णो नः"—६।१।६५ पाणिनीय.

६० "धात्वादेः षः सः"—६।१।६४ पाणिनीय.

राख्युं. तेने लीधे नाटकमांत प्राकृतना पाठोनुं ठेकाणुं[61] नथी रह्युं. नाटकनां

नाटकोना प्राकृतनी दुर्दशा केटलांक संस्करणोमां तो नाटकना मूळ पाठरूप प्राकृतने नीचे टिप्पणमां मूकी[62] ऊपर तेनुं संस्कृत ज बेसारवामां आव्युं छे. एटलुं ज नहीं पण नाट-

---

६१ एक उदाहरण—प्रतिमानाटक, संपादक–शिवराम महादेव प्रांजपे, पूना.

अशुद्ध पाठ	शुद्ध पाठ
पृ० १ इआंह्मि	इअं म्हि
पृ० २ सङ्गीदसाळं	सङ्गीदसालं
पृ० २ काळसंवादिणा	कालसंवादिणा
पृ० २ किदं त्ति	किदं ति
पृ० ३ वकळं	वकलं
पृ० ३ ळोभेण	लोभेन
पृ० ३ सुळ्हावराहो	सुल्हावराहो
पृ० ३ किस्स	कीस
पृ० ३ अय्यरेवा	अय्यरेवा
पृ० ३ अह्मे हि	अम्हेहि
पृ० १० रोदिदव्वे	रोदिदव्वे

उक्त अशुद्ध पाठोना शुद्ध पाठो में बतावेला छे. नाटकमां एकंदर शौरसेनी भाषा वपरायेली छे, छतां संपादके वक्कळं, सुळ्ह–, –साळं, काळ–वगेरे 'ळ' वाळा प्रयोगो–जे शौरसेनीमां संभवता ज नथी—राखेला छे. एवा 'ळ' वाळा प्रयोगो पैशाची भाषामां प्रचलित छे. वळी, संपादके पृ० ७२ ऊपर एक कोठो आप्यो छे तेमां जणावेलुं छे के नाटकमां बे भाषा–एक संस्कृत अने बीजी प्राकृत–वपरायेली छे. खरी रीते नाटकमां संस्कृत अने शौरसेनी भाषा वपरायेली छे एम स्पष्ट लखवुं जोईतुं हतुं. 'प्राकृत' लखवाथी 'शौरसेनी' नो भाव समजवो सुगम नथी.

६२ उदाहरण—रत्नावली–संपादक: एम्. आर. काळे, बी. ए.
रत्नावली (श्रीहर्षरचित) मांना बधा मूळ प्राकृतपाठोने टिप्पणमां राखेला छे अने ते पाठोनुं संस्कृत, ऊपर मूकेलुं छे. प्राकृत पाठोनुं समानरूप संस्कृत करवा तरफ उपेक्षानां उदाहरणो—

कोना केटलाक टीकाकारोने हाथे सुद्धां नाटकना प्राकृतनी दुर्दशा थयेली छे.

आ जातनी फरियाद मारी एकलानी नथी. भाषातत्त्वविशारद श्रीमान विधुशेखरशास्त्रीजीए पण नाटकोना प्राकृत विशे आवी ज फरियाद करेली छे.

	प्रा०	सं०	शुद्ध
रत्ना० पृ० १३	आलोएदु	अवलोकयतु	आलोकयतु
„ पृ० १४	मउलीकिद-	मुकुलायित	मुकुलीकृत
„ पृ० १७	दासीए-धीए !	दास्याः-पुत्रि !	दास्याः-दुहितः !
„ पृ० २०	केत्तिअ-दूरो	कियद्दूरे	कियद्दूरः
„ पृ० ४६	गुम्मंतरिदाओ	गुल्मान्तरिते	गुल्मान्तरितात्
„ पृ० ४७	सुहाअदि	सुखयति	सुखायते ।
„ पृ० ५२	गुरुओ	गुरुः	गुरुकः वगेरे.

६३ 'कर्पूरमंजरी' नाटिकानी टीका वांचतां आ हकीकत समजी शकाय एम छे, छतां ते माटेनुं उदाहरण नीचे प्रमाणे छे:

'समोहणासाणं' (कर्पूरमंजरी पृ० ४ निर्णय०) कर्पूरमंजरीनो उक्त पाठ अशुद्ध छे छतां टीकाकारे ते अशुद्ध पाठनी टीका करी छे. 'स+मोहण+आसा' आवो पदच्छेद कर्यो छे. टीकाकारे करेलो अर्थ-"मोहने सुरते आशासहितयोः" छे. खरो पाठ "छम्मुहणासाणं" छे. तेनो अर्थ "षण्मुखन्यासानाम्" छे अर्थात् "जेमना खोळामां षण्मुख बेठेला छे एवां शिव अने पार्वती" आ अर्थ युक्त छे अने उचित पण छे. आ रीते कर्पूरमंजरीमां तेम ज बीजां पण नाटकोमां टीकाकारोए प्राकृत पाठोनी तरफ तद्दन उपेक्षा राखी छे.

६४ आ संबंधे श्रीविधुशेखरजीनो उल्लेख आ प्रमाणे छे:

"संस्कृत दृश्य काव्यसमूहे स्थाने स्थाने प्राकृत अंश विभिन्न विभिन्न पाठे एत व्याकुल हइया उठिया छे ये, ताहा बलिवार नहे × × × संस्कृत पाठकगणेर प्राकृतेर दिके अनादरइ एइ पाठविपर्ययेर अन्यतम प्रधान हेतु। इहार संस्कार हउया नितांत आवश्यक"—पालिप्रकाशप्रवेशक पृ० १८, टिप्पण ४२.

श्रीविधुशेखरजीनो उक्त उल्लेख बहु लांबो होवाथी तेमांथी अहीं थोडो उतारो आप्यो छे. ते उल्लेखमां तेमणे 'वेणीसंहार' नुं नाम लई तेना पाठोनी अव्यवस्था बतावी छे.

21,37 [illegible]

'प्राकृत' नीच पात्रोनी भाषा छे?

संभव छे के 'प्राकृत भाषा नीच पात्रोनी भाषा छे' एवा रूढिगत वहेमने लीधे आवुं बनवा पाम्युं होय. परंतु आ मान्यता तद्दन भूल भरेली छे. जे भाषा एक काळे सर्वसाधारणमां प्रवर्तती हती एटले तेने राजा पण बोले अने रंक पण बोले, ब्राह्मण पण बोले अने चण्डाल पण बोले—एम होवाथी एवी सर्वव्यापक भाषाने नीच पात्रोनी भाषा कही उवेखवी क्यां सुधी उचित छे?

'प्राकृत' भाषाना अभ्यास विना संशोधन कार्य ज अशक्य छे

आर्यसंस्कृतिना असाधारण प्रतिनिधि भगवान महावीर अने भगवान बुद्धना मुखरूप हिमाचलमांथी जे भाषानी प्रशमरसपूर्ण गंगा वहेली छे, जे भाषाने कविवर हाल, वाक्पतिराज, रुद्रट अने राजशेखर जेवा विद्वानोए आदर आप्यो छे, जे भाषामां आर्यसंस्कृतिने लगतुं विपुल साहित्य उपलब्ध छे, जे भाषाना परिचय विना आर्यसंस्कृतिना इतिहासनो अभ्यास ज अटकी पडे एम छे अने जे भाषाना ज्ञान विना आपणा देशमां प्रवर्तती मराठी, बंगाली, गुजराती, हिंदी, मारवाडी, माळवी, मेवाडी, कच्छी, सिंधी, पंजाबी, भोजपुरी, मगही, आसामी, सिंहली, उडीया, बिहारी, काश्मीरी प्रमुखनो अरे! तामिल, तेलगु, मलयाळं सुद्धांनो अने लेटिन, जर्मन, फारसी तथा अंग्रेजी वगेरे भाषानो पण इतिहास जाणी शकाय एम नथी. टूंकामां जे भाषाने अपनाव्या विना सर्वधर्मसमभावना जीवन-हितकर सिद्धांतनुं आचरण ज शक्य नथी एवी प्राकृत भाषाने 'नीच पात्रोनी भाषा छे' वा 'अमुक संप्रदायनी भाषा छे' एम समजी तेना ज्ञान-विज्ञान अने संशोधनथी पोतानी जातने वंचित राखी आपणे राष्ट्रने

अने राष्ट्रिय साहित्यने केटलुं बधुं नुकसान कर्युं छे? ए अवश्य विचारवुं जोईए.

'प्राकृत' ना अभ्यास विना भाई भाई वच्चे पडेलुं अंतर

५८ आपणे नागरिक लोको अने आपणने पोषनारा लाखो क्रोडो गामडिया भाईओ ए बे वच्चे जे अन्तर वधुं छे तेनुं कारण आपणा देशना स्नातकोए अने अध्यापकोए प्राकृतभाषाने उवेखी छे ए पण मने लागे छे. एक समयनी सर्वव्यापक भाषाने नीचोनी भाषा समजशुं तो वर्तमानमां व्यापक एवी मराठी, हिंदी, बंगाळी, गुजराती या सर्वव्यापी जेवी अंग्रेजी ए बधी नीचोनी भाषा छे के ऊंचोनी? आपणी युनिवर्सिटिओने अने तेमना जेवी बीजी मातबर संस्थाओने मारी नम्र विनंती छे के तेमणे व्यापक प्राकृतभाषाना साहित्यने शब्दविज्ञाननी नवी दृष्टिथी संशोधित करावी, तेना अभ्यास माटे अध्यापकोने अने विद्यार्थिओने उत्तेजित करी राष्ट्रहितनुं अपूर्व पुण्य उपार्जी तेमनी साची शोभा सिद्ध करवी जोईए.

व्यापक प्राकृतमां समाती भाषाओ

५९ वेदोनी भाषा साथे विशेष सरखामणी होवाने लीधे ते समयनी-वेदवारानी-बोलचालनी भाषा साथे जेनो संबंध सिद्ध करी बताव्यो छे, संस्कृत भाषा उपर पण जेनी प्रबल असर छे एवी उपर्युक्त व्यापक प्राकृत भाषामां पालि, अर्धमागधी के आर्षप्राकृत, धर्मलिपिओनी भाषा, चक्रवर्ती खारवेल वगेरेना प्राकृत शिलालेखोनी भाषा, साधारण प्राकृत, शौरसेनी, मागधी, पैशाची, चूलिकापैशाची अने अपभ्रंश—ए बधी भाषाओनो समावेश छे.

६० पालि वगेरे भाषाओनुं सामान्य—विशेष स्वरूप अने तेनां साहित्यगत अवतरणो आ नीचे आपी दउं छुं.

'पालि नो परिचय

बौद्धमागधी—पालि—केटलाक विद्वानो 'पालि' शब्दने 'पंक्ति' के 'पल्ली' मांथी उतारे छे. 'पङ्क्ति' एटले शास्त्रनी पंक्ति—अक्षरश्रेणी. बौद्धधर्मनां मूळ पुस्तक पिटक ग्रंथोमां जे अक्षरपङ्क्ति छे तेनुं नाम 'पालि'भाषा. 'पल्ली' एटले गामडुं अने गामडामां जे भाषा प्रवर्ती ते 'पालि' भाषा. 'पालि' शब्दना मूळरूप अने व्युत्पत्ति संबंधे आ उपरांत बीजा पण अनेक मतो चाले छे. तेमां मारो[६५] पण एक नम्र

---

६५ जे जे शब्दो भाषानां नामो माटे वपरायेला छे ते बे जातना छे; केटलाक कोई देश साथे संबंध राखनारा अने केटलाक भाषाना स्वभाव साथे संबंध राखनारा. मागधी, शौरसेनी वगेरे शब्दो ते ते देश साथे संबंध धरावे छे अने प्राकृत, अपभ्रंश शब्दो भाषाना स्वभावनी साथे संबंध राखे छे. आ जोतां एक विशिष्ट भाषा माटे प्रसिद्धि पामेलो 'पालि' शब्द शुं कोई देश साथे संबंध राखे छे? के भाषाना स्वभाव साथे संबंध धरावे छे? आवो प्रश्न थाय ए स्वाभाविक छे. आ संबंध में फार्बस गुजराती सभाना मुखपत्र त्रैमासिक (१९४१ जुलाई-सप्टेंबर पृ० २५०) मां 'पालिभाषा' ए मथाळा नीचे सविस्तर चर्चा करेली छे. तेमां चर्चायेली हकीकतनो तद्दन संक्षिप्त सार आ प्रमाणे छे: 'पालि' भाषाना सूचक 'पालि' शब्दना मूळ विशे खरी हकीकत आ प्रमाणे छे: 'पालि' शब्द मूळे कोई जातनी भाषाना अर्थनो वाहक ज नथी, परंतु भगवान बुद्धनी 'धर्मदेशना' ना अर्थमां ए शब्द बौद्धसाहित्यमां वारंवार वपरायेलो छे. अने भगवान बुद्धे जे भाषामां लोकोने उपदेश आपेलो ते भाषा माटे तो 'मागधी' शब्द ज वपरायेलो छे. परंतु पाछळथी भगवान बुद्धनी देशना अने मागधी भाषानो अभेद कल्पायो अने ते जातनी अभेद कल्पनाने लीधे देशना-उपदेश-वाचक 'पालि' शब्द पण लक्षणाने कारणे 'भाषा' अर्थमां रूढ थयो. आम होवाथी भाषावाचक 'पालि' शब्दना मूळनी शोध करवी व्यर्थ छे. परंतु देशनावाचक 'पालि' पदना मूळनी शोध आवश्यक खरी. बौद्ध साहित्यना मूळरूप पिटकग्रंथोमां स्थळे स्थळे 'देशना' ना अर्थ माटे 'परियाय' शब्द वपरायेलो छे

अभिप्राय ऊमेरुं छुं. प्राकृतभाषामां 'प्राकृत' शब्दनां 'पाययं'[66] अने 'पायड' एवां बे उच्चारणो प्रचलित छे. स्वभाववाचक 'प्रकृति' नां पण 'पयइ'[67] अने 'पयडि' एवां बे रूपांतरो शास्त्रप्रसिद्ध छे. 'पयडि' शब्दनुं तद्धितांतरूप 'पायड', तेनुं स्त्रीलिङ्गी रूप 'पायडी' अने ते ऊपरथी स्वाभाविक भाषावाचक 'पालि' शब्द उतारवो सहेलो भासे छे. षड्भाषाचंद्रिकामां लक्ष्मीधरे बतावेला रूपकपरिभाषाना अवतरणमां प्राकृत भाषा माटे 'प्राकृती'[68] शब्दनो उपयोग थयेलो छे, ए ध्यानमां रहे, अथवा 'प्रकृति' ऊपरथी जेम 'प्राकृत' शब्द आवे छे तेम प्राकृतिक' शब्द पण आवे छे. 'प्राकृतिक'ने मळतुं उच्चारण, 'पायइअ' के 'पायडिअ' थाय छे. तेमांना 'पायडिअ' उच्चारणमांथी 'पायलिअ' अने ते ऊपरथी पण 'पालि' शब्द ऊतरी शके छे. अर्थबाध पण नथी. पालि, अर्धमागधी के आर्षप्राकृत—ए त्रणे शब्दो द्वारा सूचवाती

अने अशोकनी धर्मलिपिओमां 'देशना' ना पर्याय तरीके 'पलियाय'पद पण वपरायेलुं छे. आ 'पलियाय' शब्दमां ज 'पालि' शब्दनुं मूळ छे. एथी 'पालि' ना मूळ माटे 'पङ्क्ति' 'पल्ली' के 'प्राकृती' शब्दो कल्पवानी कशी अगत्य नथी. आ संबंधे जेमनी इच्छा सविस्तर जाणवानी होय तेमणे उक्त त्रैमासिकनुं ऊपर जणावेलुं स्थळ जोई लेवुं घटे. ए स्थळे 'पालि'ना मूळ विशे अनेक मतो, तेमनी चर्चा, ते माटेनां साधक बाधक प्रमाणो तथा बीजां अनेक उपयोगी अवतरणो आपीने ए चर्चा करेली छे.

६६ जुओ–हेमचंद्र ८।१।६७ तथा "सक्कया पायया चेव" इत्यादि. अनुयोगद्वारसूत्र तथा स्थानांगसूत्र. 'पायड' माटे जुओ पाइअसद्दमहण्णवो.

६७ 'पयइ' अने 'पयडि' माटे जुओ पाइअसद्दमहण्णवो. आ बन्ने शब्दो कर्मशास्त्रसंबंधी जैन ग्रंथोमां 'स्वभाव' अर्थना सूचक तरीके सारी रीते वपरायेला छे.

६८ "षड्विधा सा प्राकृती च शौरसेनी च मागधी" इत्यादि (लक्ष्मीधर–षड्भाषाचन्द्रिका पृ० ४, श्लो० २३–२५–२६)

तीर्थंकरो सर्वजन सुगम एवी अर्धमागधी भाषा द्वारा धर्मदेशना प्रवर्तावे छे. परंपरा जे प्राकृतभाषाने 'अर्धमागधी' कहे छे ते भाषामां आर्षप्रयोगोनी बहुलता छे. तेथी अहीं आर्षप्राकृत अने अर्धमागधी वच्चे खास भेद पाड्यो नथी. वैदिक प्रयोगोनी साधना माटे पाणिनिए जेम वैदिक प्रक्रियानी रचना पोतानी अष्टाध्यायीमां ज समावी दीधी छे, तेम आचार्य हेमचंद्रे पण परंपरामान्य अर्धमागधीना प्रयोगोनी साधना माटे कोई खास भिन्न व्यवस्था न करतां तेने पोतानी अष्टाध्यायीमां 'आर्षम्' ना नाम नीचे समावी दीधी छे. ए रीते आचार्य हेमचंद्रनी दृष्टिए पण अर्धमागधी अने आर्षप्राकृत वच्चे खास भेद जणातो नथी. अर्धमागधीनुं विशिष्ट स्वरूप जरूर होवुं जोईए–ए हकीकत वर्तमान जैन आगमोमां मळता केटलाक विशिष्ट प्रयोगो द्वारा समझी शकाय एवी छे; परंतु जेमां मूळ अर्धमागधी भाषा काळबळे घसाई गई छे एवा वर्तमान जैन आगमोमां ए भाषानुं विशिष्ट स्वरूप होवुं जोईए तेवुं सचवायुं नथी अने जेवुं ते सचवायुं छे ते घणुं ज झांखुं–आछुं भासे छे माटे तेने मात्र 'प्राकृत' न कहेतां 'आर्षप्राकृत' कहीए तो ते असंगत नथी अने भूतपूर्वन्याये 'अर्धमागधी' कहीए तो पण बाध आवे एम नथी. आगळ कही गयो छुं के पालि, आर्षप्राकृत वा अर्धमागधीमां विशेष अन्तर नथी. अनादिमां रहेला असंयुक्त व्यंजनो पालिमां हयात रहे छे तेम आर्षप्राकृतमां पण तेवा व्यंजनो अनेक प्रयोगोमां कायम रहे छे. सप्तमीनुं एकवचन '°सि' वा '°स्सिं' आर्ष-

७३ "भगवं च णं अद्धमागहीए भासाए धम्ममाइक्खइ"–(समवाय-अंगसूत्र पृ० ६० समिति) तथा जेमां 'अद्धमागही' नो निर्देश आवे छे एवा पण बीजा अनेक उल्लेखो छे. ते माटे जुओ मारा प्राकृतव्याकरण (विद्यापीठप्रकाशित) नी प्रस्तावना पृ० १३–१४.

प्राकृतमां छे ते पालिना 'स्मि' प्रत्ययने अनुरूप छे. 'पुच्छिंसु' वगेरे क्रिया-पदोमां देखातो 'इंसु' प्रत्यय पालिमां पण वपराय छे 'अब्बवी' 'अकासी' 'विहरित्था' वगेरे क्रियापदोमां देखाता 'ई' 'सी' अने 'त्था' प्रत्ययो पालिना 'सि', 'ई' अने 'इत्थ' प्रत्ययोने मळता आवे छे. वळी 'सिलोग' 'सुणग', 'सोवाग' वगेरे शब्दोमां 'क' ने बदले 'ग'नुं उच्चारण जेम आर्षप्राकृतमां छे तेम पालिमां 'मूग' 'सागल' वगेरे शब्दोमां 'क' ने बदले 'ग' नो ध्वनि प्रवर्ते छे. 'कृत' अर्थ माटे 'कट' शब्दनो प्रयोग आर्ष अने पालि बन्नेमां प्रचलित छे तथा मागधीभाषामां सर्वत्र 'र' ने बदले 'ल' नुं उच्चारण प्रवर्ते छे तेम आर्षप्राकृतमां पण 'पतेलस' (प्रत्रयोदश) 'गिलासि' (ग्रासि), 'पलिमोक्ख', 'पलिपाग', 'पलिवाहर', 'एलिक्खग', 'अणेलिस' वगेरे शब्दोमां 'र' ने बदले 'ल' नो ध्वनि प्रचलित छे. मागधीमां प्रथमाना एकवचनमां 'ए' प्रत्यय वपराय छे तेम आर्षप्राकृतमां 'समणे', 'महावीरे' एवां 'ए' प्रत्ययवाळां प्रथमान्त रूपो पण सुप्रसिद्ध छे. आ रीते वर्तमान आर्षप्राकृत, पालि साथे वधारे टका मळतुं आवे छे. अने तेमां मागधीनी असर ओछा टका रहेली जणाय छे. माटे ज पालि अने आर्षप्राकृत वच्चे विशेष समानता होवानुं जणाव्युं छे अने 'अर्धमागधी' शब्दनो अर्थ विचारतां

७४ "तत्र मागधभाषालक्षणं किञ्चित्, किञ्चित् प्राकृतभाषालक्षणं यस्यामस्ति सा–अर्धं मागध्या इति व्युत्पत्त्या–अर्धमागधी"–(व्याख्याप्रज्ञप्ति–भगवती–सूत्र-टीका-शतक ५, उद्देशक ४ पृ० १८१ श्रीरायचंद्रजिना०)

"प्राकृतादीनां षण्णां भाषाविशेषाणां मध्ये या मागधी नाम भाषा "र-सोर्ल-शौ मागध्याम्" इत्यादिलक्षणवती सा असमाश्रितस्वकीयसमग्रलक्षणा अर्धमागधी–इति उच्यते, तया धर्ममाख्याति तस्या एव अतिकोमलत्वात्"–(समवायांगसूत्रवृत्ति पृ० ६०)

"र-सोर्ल-शौ मागध्याम्" इत्यादि यत् मागधभाषालक्षणं तेन अपरिपूर्णा प्राकृत-भाषालक्षणबहुला अर्धमागधी" (उववाइअसूत्र टीका पृ० ७८)

तेना ऊपर एटले आर्षप्राकृत ऊपर मागधीनी असर ठीक देखावी

'अर्धमागधी' नो अर्थविचार जोईए छतां ते आजकाल उपलब्ध थता आर्ष प्राकृतमां जळवाई जणाती नथी. माटे ज कह्युं छे के वर्तमान जैन अंग-उपांग साहित्यमां तेनी मूळभाषा अर्ध-मागधीनुं झांखुं-आछुं स्वरूप सचवायुं छे अने मूळभाषा विशेष घसाई गई लागे छे. आर्षप्राकृतनी एक खास विशेषता ए छे के जेम साधारण प्राकृतमां अनादिस्थ अने असंयुक्त एवा क, ग, च, ज, त, द, प, य, व अने ब लोप पामे छे तथा तेने बदले केटलाक प्रयोगोमां 'य' श्रुति थाय छे अने केटलाक प्रयोगोमां उद्वृत्त स्वर-शेष स्वर-कायम रहे छे तेम आर्षप्राकृतमां थतुं नथी, तेमां तो केटलाक प्रयोगोमां ते व्यञ्जनो कायम रहे छे, केटलाक प्रयोगोमां ते ते व्यञ्जनोने

---

७५ आ ज हकीकत आचार्य हेमचंद्रे पोताना व्याकरणमां मागधीभाषानुं स्वरूप बतावतां आ प्रमाणे कही छे:

"यदपि पोराणं अद्धमागहभासानिययं हवइ सुत्तं" इत्यादिना आर्षस्य अर्धमागधभाषानियतत्वम् आम्नायि वृद्धैः तदपि प्रायः अस्यैव विधानात्, न वक्ष्यमाणलक्षणस्य-(हेमचंद्र ८-४-२८७)

तात्पर्य ए के २८७ मा सूत्रमां मागधी भाषामां 'अ' नो 'ए' थवानी सूचना करेली छे. हेमचंद्र कहे छे के जैनआगमोमां मागधीनुं आ एक लक्षण घटमान छे, बीजां-बाकीनां-लक्षणो प्रायः घटमान नथी.

७६ वर्तमानमां आगमोदयसमीति द्वारा के बीजी संस्थाओ द्वारा जे अंग-उपांग सूत्रो प्रकट थयां छे तेमां छपायेला पाठो जोईने आगमोनी मूळ भाषाना स्वरूप संबंधे निश्चित अभिप्राय आपवो कठण छे. तेमां छपायेला पाठो बधा एक-धारा नथी, तेम संपादकोए पाठोनी विशिष्ट शुद्धि माटे उपेक्षा राखी छे. तेम छतां ए अव्यवस्थित पाठोमां रहेली 'त' श्रुति तेम ज क्वचित् आवती 'र' ना 'ल' नी श्रुति द्वारा जाणी शकाय छे के तेमां अत्यारे पण 'अर्धमागधी' नुं आछुं स्वरूप सचवायुं छे.

बदले कोई बीजा ज व्यञ्जनो संभळाय छे अने वधारे प्रयोगोमां ते बधा व्यंजनोने बदले 'त' श्रुति थाय छे. कृणिक-कूणित,

अर्धमागधीमां 'त' श्रुति

आराधक—आराहत, अधिक—अहित, शाकुनिक—साउणित, वर्धकि-वड्ढति, सामायिक-सामायित, अन्तिक-अंतित, नाराच-नारात, वचस्-वति, वज्र-वजिर-वतिर, पूजा-पूता, राजेश्वर—रातीसर, आत्मजः—अत्तते, जितेन्द्रिय-जितिंदिय, सतत-सतत, यदा-जता, पाद-पात, नदी-नती, मृषावाद-मुसावात, यदि-जति, सामायिक-सामातित, गायति-गातति, स्थायिन्—ठाति, नैरयिक-नेरतित, परिवार-परिताल, कवि-कति वगेरे.

आ जातनी 'तँ' श्रुति नथी पालिमां के नथी मागधी वगेरे बीजी भाषाओमां; मात्र एक 'द' ने बदले 'त'नुं उच्चारण पैशाचीमां प्रवर्ते छे: दामोदर—तामोतर.

उक्त 'त' श्रुति आर्ष प्राकृतमां क्यांथी आवी? केमँ आवी? क्यारे

७७ साधारण रीते एम जणाय छे के उक्त 'आराधक—आराहय—आराहत' वगेरे प्रयोगोमां शब्दनी अंदरना 'क' वगेरे व्यंजनोने बदले 'त' श्रुति देखाय छे; परंतु 'तुम्ह' शब्द एवो छे के जेमां शब्दना आदिभूत 'य' नी 'त' श्रुति थयेली छे. भाषाविज्ञानपंडितो 'तुम्ह' अने 'युष्म' वच्चे समानता बतावे छे तेथी तथा 'त्वया' 'तव' 'तुभ्यम्' 'त्वाम्—त्वा', 'ते', 'त्वयि' वगेरे 'युष्मद्' नां रूपोमां 'त' श्रुति छे तेथी एम कल्पना थाय छे के 'युष्म' नी आदिना 'य' नी 'त' श्रुति थई ते उपरथी 'तुम्ह' रूप आव्युं होय. पालि अने प्राकृत जेवी विशेष प्राचीन भाषामां 'तुम्ह' पदनो प्रयोग सुप्रतीत छे ए उपरथी आ 'य' नी 'त' श्रुतिनी प्रथा केटली प्राचीन छे तेनी कांई कल्पना आवी शकशे.

७८ 'त' श्रुतिबहुलभाषा संबंधे नाट्यशास्त्रकार भरत मुनि कहे छे के—

"चर्मण्वतीनदीपारे ये चार्बुदसमाश्रिताः। तकारबहुलां नित्यं तेषु भाषां प्रयोजयेत्॥"

—(नाट्यशास्त्र अ० १७, श्लो. ६२ नि०) "अर्थात् जे लोको चर्मण्वतीनदीपार रहेनारा छे अने अर्बुदनो समाश्रय करीने रहेनारा छे ते लोकोमां तकारबहुल भाषानो प्रयोग करवो."

आवी ? वगेरे अनेक प्रश्नो जरूर विचारणीय छे, ते बावत कोई विद्वान कांई प्रकाश नांखे ए इच्छवा योग्य छे. अहीं तो ए संबंधेनी चर्चा अप्रस्तुत जेवी छे माटे तेने जती करुं छुं.

अर्धमागधी अने जैन परंपरा

'अर्धमागधी'ना स्वरूप बावत जैन परंपरामां पण एकसरखा विचारो मळता नथी. 'निशीथचूर्णिमां' "पोराणं अद्धमागहभासानियर्य हवइ सुत्तं" एवो एक उल्लेख छे. एनो अर्थ आ प्रमाणे छे—"पुरातन सूत्र अर्धमागध भाषामां नियत छे." उक्त उल्लेखमां आवेला 'अद्धमागह' पदनी व्याख्या करतां श्रीजिनदास महत्तरे तेनुं बे रीते विवेचन कर्युं छे—"मगहद्धविसयभासानिबद्धं अद्धमागहं" अथवा "अट्ठारसदेसीभासाणियतं अद्धमागधं," प्रथम विवेचन प्रमाणे मगधना अडधा—विषयमां—देशमां—भागमां जे भाषा प्रचलित होय अने ते भाषामां जे शास्त्र निबद्ध होय ते 'अद्धमागह'—'अर्धमागध' कहेवाय. अढार (जातनी) देशीभाषामां जे शास्त्र नियत होय ते पण 'अद्धमागध' कहेवाय—ए बीजुं विवेचन. आ बन्ने विवेचनो 'अर्धमागधी' ना स्वरूप विशे कशो स्पष्ट प्रकाश नाखतां नथी. आखा मगध देशनी भाषा अने मगधना अडधा भागमां चालती भाषा शुं भिन्न भिन्न हशे ? 'मागधी' शब्दनी व्युत्पत्ति उपरथी आखा मगध देशनी भाषाने 'मागधी' मानीए तो तेना अडधा भागमां चालती

भरतनो आ श्लोक स्पष्टपणे अवगत थतो नथी. चर्मण्वती नदी एटले चंबल नदी ? तेने क्ये पार—आ पार के पेले पार ? अर्बुद एटले आबु के बीजुं कांई ? अर्बुदनो समाश्रय एटले अर्बुदनी कई धारनो समाश्रय ? आ बाजुनी के पाछलनी बाजुनी ? वगेरे अनेक प्रश्नो उक्त श्लोकनो स्पष्ट अर्थ जाणवामां बाधक छे. छतां अहीं ए श्लोकनो केवळ शब्दार्थ सूचव्यो छे. कोई विशेषज्ञ आ संबंधे स्पष्टता करशे एवी विनती छे. श्लोक मूकवानो हेतु एटलो ज के कोई एक प्रजानी भाषा 'तवर्ण' प्रधान हती एवुं श्रीभरतना पण ध्यानमां हतुं ए बताववानो छे.

भाषाने कई कहेवी ? एवा अनेक विकल्पोने लीधे भगवद्देशना अडधा भागनी भाषानो ज खुलासो थतो नथी. ए ज रीते बीजा विवेचनमां जणावेली अढार देशी भाषाओनुं स्वरूप पण अस्पष्ट छे. अढार देशीभाषाओ कई कई समजवी ? अने ते प्रत्येकनुं स्वरूप केवुं समजवुं ? 'नायाधम्मकहा' नामना अंगसूत्रमां अने बीजां सूत्रोमां कोई पण राजपुत्रना विद्याभ्यासनो परिचय आपतां 'अट्ठारसदेसीभासाविसारए' वा 'अट्ठारसविहप्पगारदेसीभासाविसारए' आवुं विशेषण वपरायेलुं छे. 'नायाधम्मकहा'ना टीकाकार 'अट्ठारसदेसीभासा'नो अर्थ 'अढार प्रकारनी लिपिओ' बतावे छे. आ रीते क्यांय 'अट्ठारसदेसी–भासा'नो कोई स्पष्ट अर्थ प्राप्त थतो नथी. चूर्णिकार श्रीजिनदास महत्तरे 'अद्धमागह'नो जे अर्थ जणाव्यो छे तेना करतां जुदो अर्थ नवाङ्गीवृत्तिकार श्रीअभयदेवसूरि 'अर्धं मागध्याः—अर्धमागधी' एवी व्युत्पत्ति करीने जणावी गया छे. 'अर्द्धं मागध्याः'नी व्युत्पत्तिने स्वीकारीए तो जे भाषामां ठीक अडधी—बराबर अडधी—मागधी भाषा भळेली होय ते 'अर्धमागधी' भाषा कहेवाय. आ प्रकारे अर्धमागधीने लगता जे जे उल्लेखो मळे छे तेमना द्वारा अर्धमागधीनुं स्पष्ट स्वरूप ख्यालमां नथी आवतुं छतां वर्तमान आर्षप्राकृतमां सचवायेलां—पालि भाषा साथेनुं साम्य अने पूर्वोक्त 'त' श्रुति—ए बन्ने एवुं अनुमान कराववाने पूरतां छे के पुस्तकारूढ थया पहेलानां प्राचीन जैनसूत्रोनी भाषानुं रूप तेमनामां सचवायेली वर्तमान भाषाना रूप करतां जुदुं होवुं जोईए अने ते ठीक तेना

---

७९ आ वाक्यनो उल्लेख नायाधम्मकहासूत्रमां पृ० ३८ तथा औपपातिकसूत्र पृ० ९८ मां छे. आ संबंधे विशेष जिज्ञासुए मारा प्राकृत व्याकरण (विद्यापीठ) नी प्रस्तावना पृ० १८–१९ नुं टिप्पण जोवुं.

'अर्धमागधी' नामने अनुरूप पण होवुं जोईए. जो के अर्धमागधीने लगता प्राचीन शास्त्रस्थ उल्लेखो तेना स्वरूप संबंधे स्पष्टता नथी करता अर्थात् 'पालि' शब्दनी पेठे 'अर्धमागधी' शब्दे य अनेक विकल्पो ऊभा कर्या छे, तो पण पालि भाषा एटले बौद्ध पिटकोनी मागधी भाषा अने जैनसूत्रोनुं आर्षप्राकृत ए बन्नेनुं तुलनात्मक परीक्षण करतां एवुं स्पष्ट जणाय छे के आर्षप्राकृतमां बौद्ध पिटकोनी मागधीने मळतुं रूप तो छे अने तदुपरांत 'स' श्रुति वगेरेनी बीजी केटलीक विलक्षणता य छे एथी अर्थात् आर्षप्राकृतमां एक तो बौद्धमागधीने मळतो प्रवाह तथा बीजो कोई तेनाथी विलक्षण लागतो प्रवाह—एम बे प्रवाहो मळेला होई तेनुं नाम 'अर्धमागधी' कहेवायुं होय तो ना न कहेवाय. भाषानी दृष्टिए घसारो पामेलुं वर्तमान आर्षप्राकृत जोईने पण उपर्युक्त कल्पना ऊठे छे, तो पछी जो ए जातना घसारा विनानुं आर्षप्राकृत मळतुं होत तो तेना 'अर्धमागधी' नामने खरेखर अनुरूप होत एम केम न बने?

---

८० नीचेनी गाथामां बौद्ध पिटकोनी भाषाने 'मागधी' कहेली छे.

"सा मागधी मूलभासा नरा या य'आदिकप्पिका ।
ब्रह्माणो चऽस्सुतालापा संबुद्धा चापि भासरे"

—(कच्चायनपालिव्याकरण, प्रस्ता० पृ० २०)

"सो च भगवा मागधो मगधे भवत्ता, सा च भासा मागधा, मागधस्स तथागतस्सायं भासा ति च कत्वा"

—(पालिप्रकाश प्रस्ता० पृ० १२, टिप्पण ३२)

सिद्धं इद्धगुणं साधु नमस्सित्वा तथागतं । सधम्मसंघं भासिस्सं मागधं सद्दलक्खणं ॥

—(मोग्गल्लान–पालिव्याकरणनो प्रारंभ)

जैन मूळ अंग-उपांगमां अने कलिंगराज खारवेलना लेखमां तथा

८१ अंगसूत्रनी भाषानो नमूनो :

'सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं इहमेगेसिं णो सण्णा भवइ, तं जहा–पुरत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि ? दाहिणाओ वा दिसाओ आगओ अहमंसि ? उत्तराओ वा दिसाओ आगओ अहमंसि ? उड्ढाओ वा दिसाओ आगओ अहमंसि ? अहोदिसाओ वा आगओ अहमंसि ? अण्णयरीओ वा दिसाओ अणुदिसाओ वा आगओ अहमंसि ?"

—(आचारांगसूत्र प्रारंभ–मुद्रित)

जे जे अक्षरो जाडा करीने बताव्या छे तेमने स्थाने 'त' नो पाठ पण प्राचीन लखेली पोथीओमां मळे छे. जेम के **भगवया** ने स्थाने **भगवता**, **भवइ** ने स्थाने **भवति**, **आगओ** ने स्थाने **आगतो**.

ए 'त' श्रुतिवाळो पाठ अधिक प्राचीन छे अने आवा प्रयोगोमां पालिभाषामां पण 'त' श्रुति होय छे.

उपांगसूत्रनी भाषानो नमूनो—

तए णं से पएसी राया केसिं कुमारसमणं एवं वयासी–जति णं भंते ! तुब्भं समणाणं णिग्गंथाणं एसा सण्णा जाव समोसरणे जहा अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं। एवं खलु ममं अज्जए होत्था, इहेव जंबूदीवे दीवे सेयवियाए णगरीए अधम्मिए जाव सगस्स वि य णं जणवयस्स नो सम्मं करभरवित्तिं पवत्तेति, से णं तुब्भं वत्तव्वयाए सुबहुं पावं कम्मं कलिकलुसं समज्जिणित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु नरएसु णेरइयत्ताए उववण्णे।

(रायपसेणइय–उपांगसूत्र)

आ पाठमां पण ज्यां ज्यां–जाडा अक्षरो छे त्यां बधे 'त' श्रुतिवाळा पाठो प्राचीन–हस्तलिखित–पुस्तकोमां उपलब्ध छे.

८२ कलिंगराज खारवेलना लेखनी भाषानो नमूनो—

"नमो अरहंतानं नमो सवसिधानं ऐरेन महाराजेन माहामेघवाहनेन चेतिराजवसवधनेन पसथ–सुभलखनेन चतुरंतलुठितगुनोपहितेन कलिंगाधिपतिना सिरिखारवेलेन पंदरसवसानि सिरिकडारसरीरवता कीडिता कुमारकीडिका ततो लेखरूपगणनाववहारविधिविसारदेन सवविजावदातेन नववसानि योवरजं पसासितं

संपुणचतुवीसतिवसो तदानि वधमानसेसयो वेनाभिविजयो ततिये कलिंगराजवंसपुरिसयुगे माहारजाभिसेचनं पापुनाति

—(कलिंगराज खारवेलनो शिलालेख)

हस्तलिखित प्राचीन पुस्तकोमां जैन आगमोनी जे जातनी भाषा सचवायेली छे ते अने आ खारवेलना लेखनी भाषा ए बे वच्चे घणी ज समानता छे.

मुद्रित आगमोमां जे भाषा जोवा मळे छे तेमां व्यंजनोनो घसारो देखाय छे त्यारे प्राचीन पुस्तकोमां तेवुं नथी अने खारवेलना लेखमां पण व्यंजनोनो घसारो तद्दन ओछो छे. ए ध्यानमां राखवा जेवुं छे.

छेदसूत्रो, मूळसूत्रो,

८३ छेदसूत्रनी भाषानो नमूनो आ प्रमाणे छे:

" आयरियउवज्झाए गिलायमाणे अन्नयरं वएज्जा अज्जो ! मामंसि णं कालगयंसि समाणंसि अयं समुक्कसियव्वे, से य समुक्कसणारिहे समुक्कसियव्वे; से य नो समुक्कसणारिहे नो समुक्कसियव्वे, अत्थि य इत्थ अन्ने केइ समुक्कसणारिहे से समुक्कसियव्वे, नत्थि य इत्थ अन्ने केइ समुक्कसणारिहे से चेव समुक्कसियव्वे."

(व्यवहारसूत्र पृ० ४८ मा०)

जइ कोई वणिको ऊ धूयं सेट्ठिस्स हत्थे निक्खिविउं ।
दिसिजत्ताए गतो त्ति कालगतो सो य सेट्ठीओ ॥ १७४ ॥
जह रक्खह मज्झ सुता तहेव एयातो देवि ! पालेह ।
तीए वि ते क पाले विण्णवियं विणीतकरणाए ॥ १७७ ॥
सविकारातो दट्ठुं सेट्ठिसुया विण्णवेइ रायाणं ।
मयहरिय-दाण-निग्गह-वणियागम-रायविण्णवणं ॥ १८० ॥

—व्यवहारसूत्रभाष्य पृ० ३३-३४ मा०)

छेदसूत्रना भाष्यनी गाथाओमां 'त' श्रुति छे अने जेमां व्यंजननो घसारो नथी एवा 'गतो' 'वणिको' वगेरे प्रयोगो पण छे.

८४ मूळसूत्रनी भाषानो नमूनो आ प्रमाणे छे :

एसणासमिओ लज्जु गामे अनियओ चरे ।
अप्पमत्तो पमत्तेहिं पिंडवायं गवेसए ॥ (६-१७)

एयारिसंमि भावं पडुच्च महन्गुणं धारया संगा पुरं—

इम च संसारे कम्मं तं पच्चेणुमवति ।
सुत्तीर्णेसु पावेसु कम्मं णासए जिणति ॥

जंति सुक्के मंसं जारिसे पवरए पत्ते ।
पागपुंडुगोवदे पावागम्माभिणमिणं ॥

जारिसो सिबवे बत्थं जारिसे सुक्के पत्ते ।
पावावोगतिण्णं सुयं वा जट वा पुढं ॥

पज्जणा रुमणि पळन पावं पावाणु पावति ।
हिंसो कम्मति इंतारं जत्ता य परानयं ॥

मूलं मूलगणं सिंदेत्ता वि य सिदुणं ।
अणोवमुत्ता आसोमं परिय कम्मं जिलायंक ॥

(ऋषिभाषित-पृ० २६)

८६ पयन्नानी भाषानो नमूनो :

जस्य य अत्थाभि गमं धीरा वि न उवणेंति पवरगुणा ।
न य गायंति धीणं संजोगगाइं नं गच्छं ॥

धन्नाइ अप्पमत्ता अत्थागमंमि अभिजिगतारिसी ।
अप्पाणुवरो साहू उप्पह सरिसि णु अचिरेण ॥

थेरस्स तवस्सियस्स य बहुस्सुयस्स य पमाणभूअस्स ।
अप्पागमस्स वि जणसंघणयं उवणमाइ ॥

खेलपडिअमप्पाणं न तरइ जह मच्छिआ विमोएउं ।
अन्नाणुचरो साहू न तरइ अप्पं विमोएउं ॥
जत्थित्थीकरफरिसं लिंगी अरिहा वि सयमवि करिज्जा ।
तं निच्छयओ गोअम ! जाणिज्जा मूलगुणभट्टं ॥
(गच्छाचारपयन्ना गा० ६२-६४, ६९, ८५)

[87]निर्युक्तिओ, [88]चूर्णिओ,

---

८७ निर्युक्तिनी भाषानो नमूनो :

दव्वकरणं तु दुविहं सन्नाकरणं च नो य सन्नाए ।
कडकरणमट्ठकरणं वेलुकरणं च सन्नाए ॥
नोसन्नाकरणं पुण पओगसा वीससा य बोद्धव्वं ।
साईअमणाईअं दुविहं पुण विस्ससाकरणं ॥
धम्माधम्मागासा एयं तिविहं भवे अणाईयं ।
चक्खु-अचक्खुप्फासे एयं दुविहं तु साईयं ॥
(उत्तराध्ययन अ० ४, पृ० १९५ निर्युक्ति गा० १८४-१८६)

८८ चूर्णिओनी भाषानो नमूनो :

"एवं सीलं जहित्ताणं दुःशीलभावो दौःशील्यं तस्मिन् दौस्सील्ये रमति मृगवत् मृगः दुःशीलो सीमंतेहिं णिक्कसिज्जति । × × × श्रुत्वा-सुणिया असोहणो भावो अभावो, जहा असोहणं सीलं जस्सेति असीलः अथवा न भावः जहा अभावो देसस्स णगरस्स वा वट्टति, साणस्स पूतिकण्णस्स सूयरस्स कणगकुंडके चइत्ताणं एवं दुस्सीलनरस्सेति"—(उत्तराध्ययनचूर्णि पृ० २७)

अंगस्स चूलिता जधा आयारस्स पंच चूलातो, दिट्ठिवातस्स वा चूलियाग- त्ति, विवक्खावसातो अज्झयणादिसमूहो वग्गो जधा अंतगडदसाणं × × × तेसिं चूला वग्गचूडा । वियाहो भगवती तीए चूला वियाहचूला । पुव्वभणितो अभणितो य समासतो य चूलाए अत्थो भण्णति-इत्यर्थः ।—(नन्दीचूर्णि पृ. ४९)

उक्त चूर्णिओनी रचनाशैली विलक्षण छे. जेम ललितविस्तर महापुराणनां पद्योमां संस्कृतप्राकृतमिश्रित वचनो मळे छे तेम चूर्णिओमां पण छे. आ तो शैलीनी विशेषता छे; परंतु मुद्रित चूर्णिओना पाठो विश्वस्तरीते शुद्ध होय तो ते द्वारा चूर्णिओनी भाषानुं पण वैलक्षण्य जणाई आवे छे, जेने भाषाविज्ञ पाठक सहजमां समजी शके एम छे.

सूत्रो उपरनी प्राकृत व्याख्याओ, वसुदेवहिंडी, समराइच्चकहा वगेरे कथाग्रंथो, प्राकृतमां लखायेलां तीर्थंकरचरित्रो वगेरे ग्रंथोमां आर्षप्राकृत सचवायेलुं छे.

---

८९ सूत्रो उपरनी टीकामां वपरायेली भाषानो नमूनो :

"सा वि य इत्थिया णीया णिम्माणुसं अडविं जाव तिसायितो पेच्छति महति-महालयं तत्थ ओइन्नो अभिरमति हत्थी। इमा वि सणियं सणियं उइण्णा तलागातो न दिसातो जाणइ। एक्काए दिसाए सागारं भत्तं पच्चक्खाइत्ता पहाविया जाव दूरं गता ताव तावसो दिट्ठो, तस्स मूलं गया अभिवातितो" इत्यादि (उत्तराध्ययनटीका पृ० ३००)

९० वसुदेवहिंडी (छठ्ठो सैको) नी भाषानो नमूनो :

"अहं विदिण्णपवेसा सया वि उवगया रायउलं। उवणीयं च मे कुमारीए मल्लं। उक्खित्तं च पस्समाणी परितोसुव्वेल्लमाणनयणजुयला किं पि चिंतिऊण मं पुच्छइ–बालिके! केण इमं दंसियं णेपुण्णं?। मया विण्णविया–अम्ह सामिणिघरं अज्ज कओ वि एगो अतिही आगतो तेण आयरेण निम्मितं। ततो तं पुणो वि पडिभिण्णक्खरं भणइ–केरिसो सो तुब्भं अतिही? कम्मि वा वए वट्टइ? मया भणिया–न मया इहं पुरवरे नरवइपरिसाए वा तारिसो पुरिसो दिट्ठपुव्वो–तक्केमि देवो विज्जाहरो वा भवे, पढमे य जोव्वणे वट्टइ। पीईपुलयायमाणसरीरा पट्टजुयलं कडयजुयलं च दाऊण विसज्जेइ"–(वसुदेवहिंडी द्वि० खं० पृ० ३५६ पुण्य०).

९१ समराइच्चकहा (आठमो–नवमो सैको) नी भाषानो नमूनो :—

"पुच्छिया य राइणा–सुंदरि! किं ते न संपज्जइ, केण वा ते खंडिया आणा, किं वा मए पडिकूलमासेवियं जं निव्वेएण तुमं अप्पोयगा विव कुमुइणी एवं झिज्जसि त्ति। तओ पडिहियलद्धनेहं भणियं कुसुमावलीए–अज्जउत्त! ईदिसो मे निव्वेओ णेण चिंतेमि–'अत्ताणयं वावाएमि' त्ति। राइणा भणियं–'सुंदरि! किंनिमित्तो' त्ति। कुसुमावलीए भणियं–अज्जउत्त! भागधेयाणि मे पुच्छसु त्ति भणिऊण बाहजल-भरियलोयणा सगग्गया संवुत्ता" —(समराइच्चकहा–द्वितीयभव)

९२ महावीरचरिय (अगीआरमो–बारमो सैको) नी भाषानो नमूनो :

"दाहोत्तिण्णजच्चकंचणच्छाएण पभासरेण समुग्गमंतदिणयरनियराउलं दिसि-चक्कवालं कुणंतो सो महावीरजिणो कमेण विहरमाणो वेसालिं नयरिं संपत्तो, तत्थ य × × × सिद्धत्थनरवइबालमित्तो संखो नाम गणराया, सो य भगवंतं पच्चभिजाणि-

आर्षप्राकृतनी विशेष पूज्यताने लीधे विक्रमना अढारमा सैकाना विद्वानोए[93] पण ए प्राकृतमां ग्रंथरचना करी छे. प्राचीन ग्रंथोमांना प्राकृतनी अपेक्षाए पछीना—काळना—ग्रंथोमां भाषातारतम्य थतुं आव्युं छे. आर्षप्राकृतनुं खास कोई स्वतंत्र व्याकरण नथी परंतु एक आचार्य हेमचंद्रे पोताना प्राकृत व्याकरणमां तेने 'आर्षम्' ना मथाळा नीचे ते ते स्थळे जणावेलुं छे. अंग-उपांगादिक ग्रंथोनी भाषा जोतां हेमचंद्रे बतावेलुं आर्षनुं निर्वचन पूरतुं नथी. एटले जैन आगमादिक साहित्यनो आधार लई आर्षप्राकृतनुं संपूर्ण व्याकरण करवानो खास अवकाश छे, अने प्राचीन भाषाना अभ्यासिओ माटे तेनी खास अपेक्षा पण छे.

आर्षप्राकृतनी पूज्यता

आर्षप्राकृतना सांगोपांग व्याकरनो अभाव

६२ साधारण—प्राकृत—प्राकृत एटले स्वाभाविक भाषा वा लोकोनी बोलचालनी भाषा. काळक्रमे जोतां तेमां पण अंतर थतुं आव्युं छे. वेदोमां सचवायेली भाषा जे समये लोकोनी बोलचालनी भाषारूपे जे प्रकारे प्रचलित हशे ते प्रकारनी भाषानुं नाम आदिम प्राकृत अथवा पहेला थरनी प्राकृत.

साधारण प्राकृतनो परिचय

ऊण पराए भत्तीए महया रिद्धिसमुदएण सक्कारेइ। अह कइवयदिणावसाणे सामी वाणियगामे पट्ठिओ। तस्स य अंतरा रंगंतभंगुरतरंगा महाजलुप्पीलपूरियपुलिणा महिलाहिययं व दुग्गेज्झमज्झा रणभूमि व्व कच्छवयमयराहिया गंडईया नाम महानई। तं च सामी नावाए समुत्तिण्णो समाणो वेलुयापुलिणंसि मुल्लनिमित्तं धरिओ नाविगेहिं। एत्थ य पत्थावे दिणद्धसमओ वट्टइ, खरं तावंति वेलुयं सूरस्स करपहकरा, तीए य संतप्पइ कमलकोमलं चलणतलं जिणस्स"—(पृ० २२४ देव० फण्ड)

९३ उपाध्याय श्रीयशोविजयजीए पोताना अनेक ग्रंथो प्राकृतमां रचेला छे: गुरुतत्त्वविनिश्चय वगेरे.

पहेला थरनी प्राकृत ज काळे करीने परिवर्तन पामी भगवान महावीर वा भगवान बुद्धना समयमां लोकोनी बोलचालमां जे आकारे चालती हशे, जेनुं बंधारण वैदिक भाषाने मळतुं आवे छे, अने जेनो नमूनो बौद्ध पिटको अने जैन आगमोमां सचवायेलो छे, ते बीजा थरनी प्राकृत—बौद्धमागधी, अथवा पालि अथवा आर्षप्राकृत[९५] के अर्धमागधी. अशोकनी[९६] धर्मलिपिनी भाषा अने कलिंगाधिपति महाराजा खारवेलना लेखनी भाषा—ए बधी प्राकृत बीजा थरनी प्राकृत. बीजा थरनी प्राकृतोमां अमुक रीते जोतां विशेष मळतापणुं भासे छे अने अमुक रीते जोतां ते दरेकनी जुदी जुदी खास विशेषताओ पण छे. समयभेद अने स्थानभेद तथा भाषाभेदनां जे निमित्तो बाबत अहीं (पृ० १४) सविस्तर चर्चा थई गई छे ते निमित्तोने लीधे बीजा थरनी प्राकृतमां विविधता देखाय छे.

गउडवहो,

---

९४ जुओ टिप्पण ७०.

९५ जुओ टिप्पण ८१.

९६ जुओ टिप्पण ६९—अशोकनी धर्मलिपिनो नमूनो.

९७ जुओ टिप्पण ८२.

९८ 'गउडवहो' नी भाषानो नमूनो—

"कत्तो णाम न दिट्ठं सव्वं कइसेविएसु मग्गेसु ।
सीमंते उण मुक्कम्मि तम्मि सव्वं नवं चेअ ॥ ८५ ।
आसंसारं कइपुंगवेहिं तद्दियहगहियसारो वि ।
अज्ज वि अभिण्णमुद्दो व्व जयइ वायापरिप्फंदो ॥ ८७ ॥
को निंदइ नीययमे गरुययरे को पसंसिउं तरइ ।
सामण्णं चिय ठाणं थुईण परिणिंदियाणं च ॥ ८२ ॥
जस्स विअयाहिसेए विवक्खदेवीहिं णवणिओगाहिं ।
पीआइं तक्खणूप्पिअचमरंतरियाइं अंसूइं ॥ १२०८ ॥

दयियाए को वि णिद्दापरिस्समुब्भिण्णसेयविंदुइयं ।
परिउंबइ सुहेण सहियपडिबोहन्दोलियं वयणं ॥ ११६२ ॥

'गउडवहो' नी भाषामां जाणे कृत्रिम प्राकृत वपरायुं होय एम नीचेना प्रयोगो उपरथी समझाय छे:

विजय ने स्थाने विअय
परिचुंबति ने स्थाने परिउंबइ

'गउडवहो'मां आवा तो अनेक प्रयोगो सुलभ छे. मुद्रित 'गउडवहो'मां न दिट्ठं ने स्थाने नइट्ठं अने सुहेण सहिय ने स्थाने सुह-णसहिय-एम अशुद्ध छपायेलुं छे.

सेतुबंध.

९९ 'सेतुबंध' नी भाषानो नमूनो:

णमह अ जस्स फुडरवं कंठच्छाआघडंतणअणग्गिसिहं ।
फुरइ फुरिअट्टहासं उद्धपडिततिमिरं विअ दिसाअक्कं ॥ ५ ॥
णहारंभक्खुहिआ जस्स भउब्भंतमच्छपहअजलरआ ।
होंति सलिलुद्धुमाइअधूमाअंतवडवामुहा मअरहरा ॥ ८ ॥
गमिआ कलंबवाआ दिट्ठं मेहंधआरिअं गअणतलं ।
सहिओ गजिअसद्दो तह वि हु से णत्थि जीविए आसंघो ॥ १५ ॥
सोहइ विसुद्धकिरणो गअणसमुद्दम्मि रअणिवेलालग्गे ।
तारामुत्तावअरो फुडविहडिअमेहसिप्पिसंपुडो ॥ २२ ॥
—(प्रथम आश्वास)

अह मउअं पि भरसहं अंपइ थोअं पि अत्थसारब्भहिअं ।
पणअं पि धीरगरुअं धुइसंवद्धं पि अणलिअं सलिलणिही ॥ ९ ॥
—(छट्ठो आश्वास)

'गउडवहो' नी पेठे 'सेतुबंध' नी भाषामां पण अनेक प्रयोगो कृत्रिम प्राकृतना जणाय छे:

च्छाया	ने	स्थाने	च्छाआ
णयण	ने	स्थाने	णअण
पलित्त	,,	,,	पडित्त
दिसाचक्कं	,,	,,	दिसाअक्कं

कर्पूरमंजरी वगेरे ग्रंथोमां जे प्राकृत भाषानो उपयोग थयेलो छे ते, उक्त बीजा थरनी प्राकृत भाषामांथी ऊतरेली छे. बीजा थरमांथी ऊतरेली ए प्राकृतमां अनादि व्यंजनोनां उच्चारणो विशेष घसाई गयेलां देखाय छे अने ए तेनी खास विशेषता छे. वर्तमानमां जे प्राकृत व्याकरणो उपलब्ध छे अने तेमां प्रधानपणे जे भाषाओनी चर्चा छे ते भाषाओ, उक्त बीजा थरनी भाषाओना परिणामांतररूप छे.

केटलाक लोको 'महाराष्ट्र' शब्दनो वर्तमान संकुचित अर्थ करे छे अने ते देशनी भाषाने 'महाराष्ट्री' कहे छे. त्यारे बीजा विद्वानो

–रया	,,	,,	–रआ (रय–वेग)
मअरघरा	,,	,,	मअरहरा
मुत्तापअरो	,,	,,	मुत्तावअरो
गयण	,,	,,	गअण

मुद्रित सेतुबंधमां नीचेना पाठो अशुद्ध छपायेला छे:

–सिहम्
–अक्कम्
–भडब्भंत
–तलम्

आ चारे पाठो अहीं सुधारीने मूकेला छे.

१०० कर्पूरमञ्जरीनी भाषानो नमूनो—

"जअ जअ पुव्वदिसङ्गणाभुअङ्ग! चम्पाचम्पअकण्णऊर! राढाणिज्जिदराढाचङ्गत्तण! विक्कमकंतकामरूव! हरिकेलीकेलीआर! अवमण्णिदजच्चसुवण्णवण्ण! सव्वङ्गसुन्दर-सणरमणिज्ज! सुहाअ दे भोदु सुरहिसमारम्भो"–पृ० ९.

अत्थि एत्थ लाडदेसे चण्डसेणो णाम राआ। तस्स दुहिदा घणसारमञ्जरि त्ति, सा देव्वण्णएहिं णिद्दिट्ठा जधा एसा चक्कवट्टिघरिणी भविस्सदि त्ति। तदो सा महाराएण परिणेदव्वा जेण गुरुस्स वि दक्खिणा दिण्णा भोदि।"–पृ० १०४ कर्पूरमञ्जरी (राजशेखर आशरे नवमो सैको) हारवर्ड ग्रंथमाला.*

१०१ "महाराष्ट्राश्रयां भाषां प्रकृष्टं प्राकृतं विदुः"–(काव्यादर्श–१,३४. दंडी आशरे छठ्ठो सैको) महाकवि दंडी दाक्षिणात्य छे अने तेथी ज ते पोतानी मातृभाषाने 'प्रकृष्ट प्राकृत' कहे ए तेनी मातृभाषानी भक्तिनुं सूचक छे.

'महाराष्ट्र प्राकृत' नो अर्थ

'महाराष्ट्र' नो अर्थ संकुचित न करतां 'जेनी बधी बाजुनी सीमा विशाळ छे एवो मोटो राष्ट्र'—एवो व्यापक अर्थ करे छे अने ते मोटा देशमां व्यापेली भाषाने 'महाराष्ट्री' कहे छे. मारी नम्र कल्पना 'महाराष्ट्र'ना आ व्यापक अर्थ तरफ ढळे छे. चंड अने हेमचंद्र पोताना व्याकरणमां 'प्राकृत'ने 'महाराष्ट्री' नुं विशेषण नथी आपता, तेमने अनुसरीने हुं पण साधारण प्राकृतभाषा माटे 'महाराष्ट्री प्राकृत' शब्दनो प्रयोग न करतां तेने बदले केवळ 'साधारण प्राकृत'नो प्रयोग करुं छुं. आज सुधीमां भाषानी चर्चाने लगता त्रण लेखो लख्या छे तेमां सर्वत्र में बे अर्थमां 'प्राकृत' शब्दोनो उपयोग कर्यो छे: आर्षप्राकृत अने साधारणप्राकृत. जैनसूत्रोना प्राचीन प्राकृत माटे आर्षप्राकृत अने ते पछीना प्राकृत माटे साधारण प्राकृत के जेनुं व्याकरण विद्यमान छे. मारा कोई पण लेखमां में 'महाराष्ट्री प्राकृत' जेवा वर्तमान संकुचित अर्थ माटे 'प्राकृत' शब्दने वापर्यो ज नथी.

साधारण प्राकृतनी पण विधविधता

आर्षप्राकृत अने साधारणप्राकृतमां जे विशेषता छे ते आगळ आवी गई छे परंतु साधारणप्राकृत पण बधुं एक सरखुं नथी. चंडनुं व्याकरण जोईए अने हेमचंद्रनुं व्याकरण जोईए तो ते बन्नेमां विशेष भेद छे, तेनुं एक ज उदाहरण बस छे: आचार्य हेमचंद्र 'क्त्वा' अर्थे वपराता 'कट्टु' शब्दने आर्षप्राकृत[१०२] कहे छे, त्यारे चंड[१०३] तेने एवा भेदमां न लेतां पोते

चंड अने हेमचंद्र

साधी बतावेला सामान्य प्रयोगोमां मूके छे. चंडमां आर्षप्राकृतनो भेद ज नथी. 'पिशाची'ने बदले

---

१०२ "क्त्वः तुं-अत्-तूण-तुआणाः"-८।२।१४६ "कट्टु इति तु आर्षे"।

१०३ "तु-त्ता-च्चा-ट्टु-त्तुं-तूण-त्तुवाण-ओ-प्पि-वि पूर्वकालेऽर्थे"-सूत्र-१९। त्तु, त्ता, च्चा, ट्टु, त्तुं, तूण, तुवाण, ओ, प्पि, वि, प्पिणु पूर्वकालार्थे भवति।

वपराता 'पिसाजी' अने 'तीर्थंकर'ने बदले वपराता 'तित्थगर' शब्दो माटे चंडे[104] "प्रथमस्य तृतीयः" एवुं सूत्र रची ते ते प्रयोगने साधे छे त्यारे आचार्य हेमचंद्रे[105] ते प्रयोगोने बाहुलिक तरीके जणावे छे अने तेम जणावी तेवा प्रयोगोनी विरलता बतावे छे. आ परथी एम पण जणाय छे के हेमचंद्रे बतावेला प्राकृतमां अनादि व्यंजनोनो जेवो घसारो मालूम पडे छे तेवो घसारो चंडना बतावेला प्राकृतमां नथी जणातो. ए रीते 'साधारण-प्राकृत'मां पण काळकृत विशेषताओ रहेली छे.

चंडेनां[106] व्याकरणमां प्रथम साधारण-प्राकृत पछी अपभ्रंश, पछी

त्तु–वंदित्तु सव्वे वि ।
त्ता–जिणंदचंदे वंदित्ता
च्चा–सुच्चा
ट्टु–कट्टु
तुं–भोत्तुं
त्तूण–भोत्तूण
ओ–वंदिओ
प्पि–कप्पि । एवं
वि–वन्दित्वा–वंदेवि
प्पिणु–वंदेप्पिणु–"उक्तसूत्रवृत्ति—चंडप्राकृतलक्षण स्वरविधान. (हस्तलिखित)

मुद्रितमां तुयाण–वि–प्पिणु आ त्रण प्रत्ययो नथी.

१०४–चंडनुं प्राकृतलक्षण–व्यंजनविधान सूत्र १२ तेनां उदाहरणो.

तीर्थंकरः–तित्थगरो ।
पिशाची–पिसाजी । वगेरे.

१०५ हेमचंद्रे ८।१।१७७ सूत्रमां ए अने एवा बीजा प्रयोगोने बाहुलिक रूपे जणाव्या छे.

१०६ जुओ चंडना प्राकृतलक्षणमां भाषाओनो क्रम.

पैशाची, पछी मागधी अने पछी शौरसेनी एवो रचनाक्रम छे, त्यारे[107] हेमचंद्रना व्याकरणमां प्रथम साधारण-प्राकृत पछी शौरसेनी पछी मागधी अने पछी पैशाची, चूलिका पैशाची अने छेवटे अपभ्रंश एवो रचनाक्रम छे. वळी, हेमचंद्रे[108] अपभ्रंशनो खास जुदो निर्देश करी ते बाबत सविस्तर नियमो आप्या छे, त्यारे चंडे मात्र पोताना सूत्रमां अपभ्रंशनो नामनिर्देश करी तेने लगतुं फक्त एक ज सूत्र—"[109] नं लोपोऽपभ्रंशेऽधोरेफस्य" आप्युं छे. चंडे[110]—

"संस्कृतं प्राकृतं चैवा-ऽपभ्रंशोऽथ पिशाचिका ।
मागधी सूरसेनी च षड् भाषाश्च प्रकीर्तिताः" ॥

चंड अने लक्ष्मीधर

ए रीते छ भाषाओने गणावी छे त्यारे लक्ष्मीधरे[111] वगेरे बीजा केटलाओए—

"षड्विधा सा प्राकृती च शौरसेनी च मागधी ।
पैशाची चूलिकापैशाची-अपभ्रंश इति क्रमात्" ॥ २६ ॥

ए रीते प्राकृती-प्राकृत, शौरसेनी, मागधी, पैशाची, चूलिका-पैशाची अने अपभ्रंश—ए क्रमथी छ भाषाओने सूचवेली छे. आ रीते चंड अने ते पछीना वैयाकरणोमां रचनाक्रमनी जे विशेषताओ छे, ते बधी, साधारण प्राकृतमां रहेली विशेषताओनी सूचक भासे छे. तात्पर्य ए के सामान्य रीते साधारण प्राकृत बधुं एक सरखुं कहेवाय अने भेददृष्टिथी परीक्षा करीए तो तेमां पण स्थळ अने काळादिकना बळे थयेलां परिवर्तनोनो पार नथी.

---

१०७ जुओ हेमचंद्रना प्राकृतव्याकरणमां भाषाओनो क्रम.

१०८ जुओ हेमचंद्रनुं प्राकृतव्याकरण सूत्र ८।४।३२९ थी ८।४।४४८ सुधी.

१०९ जुओ चंडनुं प्राकृतलक्षण व्यंजनविधान तृतीय, सूत्र ३७.

११० जुओ चंडनुं प्राकृतलक्षण पृ० ४६ (सत्य०)

१११ लक्ष्मीधरनी षड्भाषाचंद्रिका पृ. ४-प्राकृतविनियोग.

मध्ययुगना जैन पंडिताए आ साधारण प्राकृतनो विशेष उपयोग कर्यो छे अने तेनी सरखामणीमां ते युगना ब्राह्मण पंडितोए पण तेनो ओछो उपयोग नथी कर्यो. तेमना नाटकोमां तथा गउडवहो, रावणवहो, सेतुबंध, गाथासप्तशती वगेरे अनेक ग्रंथोमां ते साधारणप्राकृत ज वपरायुं छे. जैन पंडितोना प्राकृतमां आर्षनी छांट होय छे त्यारे ब्राह्मण पंडितोना प्राकृतमां आर्षनी छांट विशेषरूपे नथी होती. ए, ते बन्नेनी खास विशेषता छे. अभ्यासमां सरळता थाय ते माटे आर्षप्राकृत अने साधारणप्राकृतनो शब्ददेह प्राकृत व्याकरणोमां त्रण रीते वहेंचेलो छे.

बीजा थरनी अने बीजा थरमांथी ऊतरेली साधारण-प्राकृतनी शब्द-काया जो के आदिम प्राकृत द्वारा घडायेली छे, तो पण ते शब्दकायाना जे शब्दो वैदिक ऋचाओमां जळवायेला शब्दो साथे उच्चारण अने अर्थनी दृष्टिए सर्वथा समानभाव राखता होय तेमनुं समुचित नाम तत्सम शब्द. ऋग्वेदादि वैदिक साहित्यमां वपरायेला अने बौद्ध–जैन–आगमादिक प्राकृत साहित्यमां वपरायेला एवा केटलाक शब्दो नीचे प्रमाणे छेः भूरि, वसु, धूम, वीर, महावीर, भेदति, मरति, हाति, जन्तु, उत्तम, सह, भीम, देव, विभाग, बाहु, पुरंदर, धीर वगेरे. आ जातना शब्दो उक्त प्राकृत साहित्यमां हजारोनी संख्यामां मळे छे.

'तत्सम' नो अर्थ

वैदिक शब्दोमां अने उक्त साहित्यगत शब्दोमां ज्यां उच्चारण भेद वर्ते छे छतां अक्षरयोजना अने अर्थदृष्टिएं समानता जळवायेली छे तेवा प्राकृत शब्दसमूहनुं नाम तद्भव[११२] शब्द. जेमके—मन्त्र—मंत, भक्त—भत्त, कवि—कइ, पद—पय, पर्वत—पव्वत—पव्वय, कूप—कूव, यज्ञ—जन्न, पाप—पाव,

'तद्भव' नो अर्थ

११२ "प्रकृतिः संस्कृतम् तत्र भवम् तत आगतम् वा प्राकृतम्" (८–१–१ हे०) एम कहीने हेमचंद्र कहे छे के "संस्कृत शब्दने स्थाने जे शब्दने आदेशरूपे

करवानी रीते जाळवी राख्या तेवा मूळे अनार्यसंतानीय शब्दो पण ए देशी शब्दसमूहमां समझवाना छे.

अनार्यसंतानीय देश्यनो स्पष्टार्थ ए छे के, जे जे अनार्य जातिओ अहींनी हती, जे जे अनार्य जातिओ बहारथी आवीने अहीं वसी हती, तेवी बधी जातिओ साथे आर्योनो परस्पर भाषाव्यवहार हतो तेथी ते बधी जातिओना शब्दो आर्योनी भाषामां—

	अनार्यः	आर्यः
अनार्यसंतानीय देश्यशब्दो	नीमे[११३] —	नेम (अडधुं)
	जीन[११४] —	जयन–जयण (घोडानुं जीन)
	चोरे[११५] —	चोर (भात)
	मालै[११६] —	माला (महिला—स्त्री)

वगेरे अनेक शब्दोनी पेठे थोडा के वधु फेरफार साथे भेळवाई गया, एवो ते भेळाई गयेलो शब्दसमूह अनार्यसंतानीय देश्यनी कोटिनो समझवो.

जे अभ्यासिओ तुलनात्मक भाषाविज्ञाननी दृष्टिए गवेषणा करनारा होय अने साथे साथे द्रविडी वगेरे आदिम जातिओनी भाषाना पण जाणकार होय तेओ, संगृहीत देश्य शब्दोमांथी आदिम जातिओना शब्दोने तुरत

११३ नीम (अडधुं) फारसी शब्द छे.

११४ 'जीन' माटे ११७ मुं टिप्पण जोवुं.

११५–११६ आ बन्ने शब्दो माटे टिप्पण ३४ मुं तथा ३५ मुं जोई लेवुं. वर्तमानमां मळयालंभाषामां 'भात' अर्थ माटे 'चोरु' शब्द वपराय छे एम एक मद्रासी मित्र पासेथी जाण्युं छे.

तारवी शके छे. अक्क, जयण, तंट, पड्डुवइ, पट्टी वगेरे अनेक शब्दो द्रविडी अने तेलगुना होई अनार्यसंतानीय छे.

राजकुमारोना उछेर माटे अनार्य दासीओ

राजकुटुंबमां रहेती दासीओने लगता उल्लेखो जैन आगमोमां स्थळे स्थळे मळे छे. ते उपरथी एम स्पष्ट मालूम पडे छे के ए दासीओनो मोटो भाग अनार्य जातिनो हतो.

सूत्रकार कहे छे के—"तए णं दढपतिण्णे दारए पंचधाईपरिक्खित्ते—खीरधाईए मंडणधाईए मज्जणधाईए अंकधाईए किलावणधाईए अन्नाहि य बहूहिं चिलाइयाहिं × × × बब्बराहिं, बउसियाहिं, जोण्हियाहिं, पण्हवियाहिं, इसिणियाहिं, वासणियाहिं, लासियाहिं, लाउसियाहिं, दमिलीहिं, सिंहलीहिं, पुलिंदीहिं, आरबीहिं, पक्कणीहिं, बहलीहिं, मुरंडीहिं, सबरीहिं, पारसीहिं, णाणादेसी—विदेस—परिमंडियाहिं इंगियचिंतियपत्थियवियाणाहिं सदेसणेवत्थगहियवेसाहिं निउणकुसलाहिं विणीयाहिं, चेडियाचक्कवाल—तरुणिवंदपरियालपरिवुडे"—(रायपसेणइय पृ० ३३८, कंडिका—२१० गूर्जरग्रन्थ०)

उक्त पाठनुं विवरण करनार आचार्य मलयगिरि लखे छे के—"चिलातीभिः अनार्यदेशोत्पन्नाभिः × × × बर्बरीभिः—बर्बरदेशसंभवाभिः बकुशि-

११७ 'अक्का' (बहेन) द्रविडी शब्द छे. फारसी 'जीन' शब्दनुं 'जयण' सुधार्युं लागे छे. तेलगु भाषामां 'टुंटी' शब्द छे ए, अहीं 'तंट' रूपे आव्युं जणाय छे तंट (पृष्ठ—पीठ). पड्डुवइ (जुवान स्त्री) ने बराबर समान शब्द तेलगुमां पड्डुचु छे. पट्टी (पहेलवहेली विआयेली) नो बराबर समान, तेलगुमां पट्टा छे. तेलगुमां पट्टा एटले 'पहेलवहेली विआयेली गाय' आ संबंधे वधारे माहिती मेळववानी इच्छावाळा विद्यार्थिए परवस्तु वेंकट रामानुजस्वामी संपादित देशीनाममाला (मुंबई सिरीझ) नो शब्दकोश जोवो.

काभिः, यौनकाभिः, पल्हविकाभिः, ईसिनिकाभिः, वारुणिकाभिः, लासिकाभिः, लकुसिकाभिः, द्रमिलाभिः, सिंहलीभिः, पुलिन्द्रीभिः, आरबीभिः, पक्कणीभिः, बहलीभिः, मुरण्डीभिः, शबरीभिः, पारसीभि :—एवंभूताभिः नानादेशीभिः नानाविधाऽनार्यप्रदेशोत्पन्नाभिः विदेश....परिमण्डिकाभिः...स्वदेशे यद् नेपथ्यम् परिधानादिरचना तद् गृहीतो वेषो यकाभिस्ताः तथा....निपुणकुशलाभिः विनीताभिः चेटिकाचक्रवालेन अनार्यदेशसंभवेन—" (रायपसेणइय पृ० ३३८, कंडिका २१० गूर्जरग्रंथ०)—अर्थात् दृढप्रतिज्ञ राजकुमारना लालन-पालन अने संवर्धन माटे अनार्यदेशनी अनेक दासीओ राखवामां आवेली : किरात, बर्बर, बकुश, यौनिक—यवनिक (?), पल्हविक, ईसिनिक, वारुणिक, लासिक, लकुसिक, द्रमिल, सिंहल, पुलिंद, आरब, पक्कण, बहल, मुरण्ड, शबर अने पारसीक एम ए दासीओ अनेक अनार्य देशोनी जन्मेली हती, विदेशमां आवीने मंडायेली हती, अने पोताना पहेरवेशमां रहेनारी ते दासीओ निपुण, कुशल तथा विनीत हती."

आ रीते ठेठ अन्तःपुर सुधी अने वळी राजबीजना उछेर माटे बीजी बीजी प्रजाओनां बाईओने वा भाईओने जे देशमां विशिष्ट स्थान होय ते देशनी भाषामां ते ते अनार्य जातिओना शब्दो भळे ज अने ते भळेला शब्दो आर्य-उच्चारणनो ओप पामी सचवाई वारसा उतार चाल्या ज आवे ए हकीकत निर्विवाद छे. आदिम प्राकृतना काळथी के त्यार पछीना समयथी जे एवा उक्त बन्ने संतानवाळा शब्दो चाल्या आव्या छे अने एमांना जे केटलाक देशीशब्दसंग्रह वगेरे देश्यकोशादि ग्रंथोमां सचवाया छे ते 'देश्य' वा 'देशी' प्राकृतना समझवाना छे.

---

११८ वर्तमानमां जे ग्रंथ 'देशीनाममाला' शब्दथी जाणीतो छे तेनुं खरुं नाम 'देशीशब्दसंग्रह' छे. आचार्य हेमचंद्र पोते ज लखे छे के " विरइज्जइ देसीसद्-

આવા દેશ્ય શબ્દો ફક્ત પ્રાકૃતમાં છે એમ નથી, વેદો સુદ્ધાંમાં પણ એવા શબ્દો પેસી ગયેલા છે. આ બાબત મહર્ષિ જૈમિનિ, શબર અને કુમારિલનાં વચનોનો આધાર લઈ આગળ (પૃ૦ ૨૭) ચર્ચા કરેલી છે.

૬૩ લૌકિક સંસ્કૃતમાં પણ ત્રણ પ્રકારના શબ્દોનો પ્રયોગ પ્રચલિત છે. રૂઢ, યૌગિક અને મિશ્ર. જે શબ્દોમાં યૌગિક શબ્દોની પેઠે પ્રકૃતિ–પ્રત્યયનો વિભાગ થઈ શકતો નથી તે શબ્દો રૂઢ. જેવા કે—આખણ્ડલ, મણ્ડપ, શુણ્ઠી, ગ્રામ, કશ્મીર, બર્બર, અલક્તક, કુતુ, ખડ્ગ, સૂર્મિ, નારઙ્ગ, લવઙ્ગ,

લૌકિક સંસ્કૃતમાં પણ દેશ્ય શબ્દો

સંગહો (વિરચ્યતે દેશીશબ્દસંગ્રહઃ)–દેશીનામ૦ ગા૦ ૨ અર્થાત્ "દેશીશબ્દસંગ્રહને રચું છું" અને એ પુસ્તકના અંતમાં આ ઉપરાંત એનું બીજું નામ પણ સૂચવે છે.

"इअ रयणावलिनामो देसीसद्दाण संगहो एसो ।
वायरणसेसलेसो रइओ सिरिहेमचंदमुणिवइणा" ॥ ७७ ॥

—દેશીનામ૦ અંતિમ ગાથા.

અર્થાત્ "જેનું બીજું નામ 'રત્નાવલી' છે તે દેશી શબ્દોનો સંગ્રહ—કે જે (પ્રાકૃત) વ્યાકરણના પરિશિષ્ટરૂપ છે—મુનિપતિ શ્રીહેમચંદ્રે રચેલો છે." ઉક્ત શ્લોકના વિવરણમાં પણ તેમણે આ જ વાતને ટેકો આપ્યો છેઃ

"इति एष देशीशब्दसंग्रहः स्वोपज्ञशब्दानुशासनाष्टमाध्यायशेषलेशः रत्नावली-नामा आचार्यश्रीहेमचन्द्रेण विरचित इति भद्रम् ।"

આમ છતાં ધનંજયમાલા, પાઇઅલચ્છીનામમાલા વગેરે કોશનાં નામોની પેઠે પ્રસ્તુત 'દેશીશબ્દસંગ્રહ'ની વિશેષ ખ્યાતિ કોઈ વિચક્ષણે 'દેશીનામમાલા' શબ્દથી પ્રચારમાં આણી છે.

૧૧૬ "व्युत्पत्तिरहिताः शब्दा रूढा आखण्डल–आदयः"

—(હૈમ૦ અભિ૦ શ્લો૦ ૨)

અર્થાત્ "જેમની વ્યુત્પત્તિ જાણી શકાતી નથી પરંતુ જેમનો અર્થ માત્ર લોકપ્રચારને આધારે થાય છે તે રૂઢ શબ્દો." આ રૂઢ શબ્દો અને દેશ્ય કે દેશી શબ્દો એ બધા સમાનસ્વભાવના છે, એ ધ્યાનમાં રાખવાનું છે.

गोहिर, कफोणि, कफणि, अंगुरी, हस्त वगेरे. लौकिक संस्कृतमां आवा शब्दोनो पार नथी. शब्दव्युत्पादक वैयाकरणोए 'उणादि' नामनुं एक मोटुं प्रकरण रच्युं छे अने ते द्वारा ते ते बधा रूढ शब्दोमां प्रकृति अने प्रत्ययनी कल्पना करीने ते दरेक शब्दने साधी बताव्यो छे. तो पण ते रूढ शब्दो व्युत्पन्न नथी गणाता. रूढ शब्दो संबंधे लखतां आचार्य हेमचन्द्र कहे छे के—"न हि अत्र प्रकृति–प्रत्ययविभागेन व्युत्पत्तिरस्ति

"योगः अन्वयः स तु गुण–क्रिया–संबन्धसंभवः" (हैम० अभि० श्लो० २)

अर्थात् "जेमनी व्युत्पत्ति जाणी शकाय अने जेमनो अर्थ ए व्युत्पत्ति प्रमाणे प्रवर्ते ते यौगिक शब्द. ए यौगिक शब्दोमां केटलाक शब्दो क्रियाप्रधान, गुणप्रधान अने संबंधप्रधान होय छे."

स्रष्टा, विधाता, विधि ए शब्दो क्रियाप्रधान छेः जे सर्जन करे ते स्रष्टा, जे विधान करे ते विधाता, विधि वगेरे.

ते ज प्रमाणे रसवती–रसोई–करे ते रसोयो. कुंभ (घडो) करे–घडे ते–कुंभार. लोह–लोढुं–करे–घडे ते लुहार, चामडुं करे ते चमार. सीवे ते सई, वगेरे.

नीलकंठ, कालकंठ, त्रिलोचन, पंचबाण, दशग्रीव वगेरे गुणप्रधान शब्दो छेः जेनो कंठ नीलो छे ते नीलकंठ–महादेव. जेनो कंठ काळो छे ते कालकंठ–महादेव. जेने त्रण लोचन छे ते त्रिलोचन–महादेव. जेने पांच बाण छे ते पंचबाण–कामदेव. जेने दश ग्रीवाओ–डोक–माथां–छे ते दशग्रीव–रावण वगेरे.

जेनां त्रण पगलां छे ते त्रिविक्रम–त्रीकम. जेने चार पाग छे ते चोपगुं–पशु–गाय वगेरे. जेमां सात दिवस सुधी पारायण चाले छे ते सप्ताह. (सप्त+अह–दिवस) जेमां आठ दिवस सुधी उत्सव वा उपवासो शरू होय ते अष्टाह–अट्ठाई.

भूपाल, चंद्रचूड, उमापति, सर्पारि, जगन्नाथ वगेरे शब्दो संबंधप्रधान छे. जे भू–पृथ्वी–ने पाळे ते भूपाल. (आमां 'भू' ए 'स्व' छे अने 'पाल' शब्द स्वामीपणुं सूचवे छे एटले 'भू' अने 'पाल' ए बे वच्चे स्वस्वामिभावसंबंध छे तेथी 'भूपाल' शब्द पण ए ज भावने बतावे छे.) ए ज रीते उमा+पति–उमापति. चंद्र+चूडा–चंद्रचूड– जेनी चूडामां चंद्र छे ते–महादेव. सर्प+अरि–सर्पारि–

××× तथापि वर्णानुपूर्वीविज्ञानमात्रप्रयोजना तेषां व्युत्पत्तिः न पुनः अन्वर्थप्रवृत्तौ कारणम् इति रूढा अव्युत्पन्ना एव" (अभिधान–चिन्तामणिटीका श्लो० १, पृ० २ यशोवि०) तात्पर्य ए के 'हस्त' शब्दमां 'हस्+त' एवो विभाग पाडी तेनी साधना उणादि द्वारा करी बतावी

गरुड. वध्यघातकभावसंबंधने लीधे 'सर्पारि' शब्द ऊभो थयो छे. सर्प वध्य छे अने गरुड तेनो घातक छे एटले सर्पनो अरि–सर्पारि–गरुड. ए ज प्रमाणे धार्यधारकसंबंध–वृषवाहन. जन्यजनकसंबंध–विश्वजनक. आश्रयआश्रयिसंबंध—जलधि, समुद्रशायी. परस्परविरोधनो संबंध– 'सित' ऊपरथी असित (सित–धोळुं, असित–काळुं) ते ज प्रमाणे सितेतर (सित–धोळुं, इतर–भिन्न.) धोळाथी भिन्न–सितेतर. ब्राह्मणेतर–ब्राह्मणथी भिन्न–अब्राह्मण.

यौगिक शब्दोमां जे बे पदो होय छे तेने बदली पण शकाय छे एटले एकने बदले बीजुं पण मूकी शकाय छे. जेमके, 'जलधि' ने बदले तोयधि, नीरधि. तेम ज जलनिधि, तोयनिधि, नीरनिधि वगेरे. अर्थात् ए यौगिक शब्दोमां ए प्रकारनो फेर-फार थई शके छे माटे तेमनो स्वभाव परावृत्तिसह छे: परावृत्ति–अदलाबदली, सह –खमवुं—जे शब्दो परावृत्तिने खमी शके ते परावृत्तिसह.

मिश्र शब्दो होय छे तो यौगिक जेवा परंतु तेमनो अर्थ रूढि प्रमाणे थाय छे, नहीं के तेमनी व्युत्पत्ति प्रमाणे. ए शब्दो परावृत्तिसह नथी माटे यौगिक नथी: दशरथ. व्युत्पत्तिनी अपेक्षाए जे दश रथवाळो होय ते 'दशरथ' कहेवाय, परंतु अहीं तेम नथी. अहीं तो रूढिप्रमाणे तेनो अर्थ समजवानो छे अने ते रामचंद्रनो पिता–दशरथ. तेम 'दशरथ' ने बदले 'दशस्यन्दन' शब्द पण न वापरी शकाय अर्थात् मिश्रशब्दोनो स्वभाव परावृत्तिसह नथी. ए ज रीते 'गीर्वाण' जेनी गीर्–(वाणी) बाण जेवी छे ते गीर्वाण. व्युत्पत्ति प्रमाणे तो जे मर्मवेधी भाषा बोले तेने 'गीर्वाण' कहेवो जोईए परंतु अहीं तेम नथी. अहीं तो तेनो अर्थ रूढिप्रमाणे करवानो छे अने ते गीर्वाण–देव. वळी 'गीर्वाण' ने बदले 'वाणीबाण' शब्द न वापरी शकाय. तात्पर्य ए के यौगिक शब्दो तेमनी व्युत्पत्ति प्रमाणे प्रवर्ते छे, त्यारे मिश्रशब्दो व्युत्पत्तिवाळा होवा छतां तेमनी प्रवृत्ति रूढिप्रमाणे थाय छे अने यौगिक शब्दो परावृत्तिसह छे त्यारे मिश्रशब्दो परावृत्तिसह नथी.

छे छतां ते अव्युत्पन्न ज छे. कारण के 'हस्' धात्वर्थ साथे 'हस्त' शब्दना वाच्यनो कोई प्रकारनो संबंध नथी. एथी 'हस्त'ना मूळमां 'हस्' धातु छे अने तेने 'त' प्रत्यय लागवाथी 'हस्त' शब्द नीपज्यो छे, ए कहेवुं कल्पनामात्र छे. आ रीते व्युत्पत्तिनी दृष्टिए संस्कृतना रूढ शब्दो अने प्राकृतना देश्य शब्दोमां खास भेद जणातो नथी. परंतु देश्य प्राकृत शब्दोनुं उच्चारण प्राकृतनी पद्धतिए प्रवर्ते छे त्यारे संस्कृत देश्य शब्दोनुं उच्चारण संस्कृतनी रीते प्रवर्ते छे, एवो भेद खरो.

६४ 'देश्य' शब्दोनुं स्वरूप बतावतां आचार्य हेमचन्द्र कहे छे के—"अणाइपाइअपयट्टभासाविसेसओ[१२०] देसी"—(देशीशब्दसंग्रह गा० ४) अर्थात् "देशी प्राकृत एटले अनादि काळथी प्रवर्तेली विशेष प्रकारनी प्राकृतभाषा—एक खास प्रकारनी प्राकृतभाषा" विशेष प्रकारनी

१२० "अनादिप्राकृतप्रवृत्तभाषाविशेषकः देशी"

अथवा

"अनादिप्राकृतप्रवृत्तभाषाविश्लेषकः देशी"

अथवा

"अनादिप्राकृतप्रवृत्तभाषाविशेषतः देशी"

"अणाइपाइअपयट्टभासाविसेसओ देसी" आ वाक्यनो अर्थ बतावतां आचार्य हेमचंद्र लखे छे के–"अनादिप्रवृत्तप्राकृतभाषाविशेष एव अयं देशीशब्देन उच्यते" अर्थात् "अनादि काळथी प्रवृत्त–प्रवर्तेल—जे विशेष प्रकारनी प्राकृतभाषा तेनुं नाम देसी." हेमचंद्रना आ 'अनादिप्राकृतप्रवृत्तभाषाविशेषकः' वाक्यमां 'प्रवृत्त' शब्द 'प्राकृत' शब्द पछी छे अने अर्थ करती वखते तेमणे ए शब्दने 'प्राकृत' नी पूर्वे मूकी 'प्राकृत' नुं विशेषण गण्युं छे.

मारी नम्र समज प्रमाणे ते वाक्यनो अर्थ जरा जुदी रीते होवो जोईए अने ते आ प्रमाणे छे: आ० हेमचंद्रे उक्त वाक्यमां जे लक्षण 'देशी' नुं आप्युं छे ते, तेमणे पोते ज कल्पाव्युं छे वा तेमणे पोते ज नवुं रच्युं छे एम नथी लागतुं. कारण के तेओ पोते ज जणावे छे के तेमनी सामे पादलिप्त वगेरे

प्राकृत भाषा एटले प्राचीनतम आर्यभाषा साथे जेनुं कोई प्रकारनुं साम्य नथी एवी प्राकृतभाषा.

आचार्योए रचेलां बीजां अनेक देशीशास्त्रो हतां, ते बधांनुं परिशीलन करीने तेमणे आ संग्रह रच्यो छे. (जुओ देशीना० गा० २) एटले तेमणे बांधेलुं देशीनुं आ लक्षण विशेष प्राचीन छे. तेनो अर्थ मारी धारणा प्रमाणे आ नीचे जणावेली रीते करवामां आवे तो इतिहासनी दृष्टिए उपयोगी थाय: अनादिप्राकृते प्रवृत्तो यो भाषाविशेषः स देशी अर्थात् जे प्राकृत अनादि काळथी चाल्युं आवे छे तेमां प्रवृत्ति पामेलो–प्रवेश पामेलो जे खास भाषाना शब्दोनो जथ्थो ते देशी. आर्य भाषा अने अनार्यभाषा एम बे भेद तो सुप्रतीत छे. अनार्यो अहींना मूळ वतनी हता अने आर्यो तो फरता फरता अहीं आवी विजयी थया. ए रीते जोतां अनार्यो देशी–तळपदा–कहेवाय. आर्योनी जे अनादिप्राकृत भाषा हती तेमां आ देशीरूप अनार्योनी भाषानो प्रवेश थयो अने ते 'देशी' नामथी जाणीती थई. आ अर्थनी अपेक्षाए अनार्यशब्दोने 'देशी' कहेवाय. आर्योनी भाषामां पण रूढ, यौगिक वगेरे त्रणे प्रकारना शब्दो हता परंतु तेमनुं सामूहिक नाम 'अनादिप्राकृत' अने तेमां जे अनार्य शब्दोनुं मिश्रण थयुं तेओ 'देशी' नामथी कहेवाया. आ रीते हेमचंद्रे बता-वेला लक्षण वाक्यमां आर्य अने अनार्य शब्दोना मिश्रणनो भाव घटमान लागे छे.

बीजो पण अर्थ आ प्रमाणे छे: अनादिप्राकृतप्रवृत्तभाषाविश्लेषकः अर्थात् जे प्राकृत अनादिकालथी चाल्युं आवे छे–आर्योनी जे मूलभाषा छे वा आर्योनो जे मौलिक शब्दसंग्रह छे तेनाथी जे शब्दसंग्रह विश्लिष्ट–विभिन्न छे–पोतानी जातने जुदी रीते तारवी राखे छे–तेनाथी जे शब्दसंग्रह स्वभावे विश्लेषरूप छे तेनुं नाम देशी. आ भावमां पण आर्य अने अनार्य शब्दोना मिश्रणनो भाव छे. आर्य शब्दो करतां रचनानी दृष्टिए, व्युत्पत्तिनी दृष्टिए अनार्य शब्दो विश्लिष्ट छे तेथी ज तेओ आर्यशब्दो करतां जुदा प्रकारना भासे छे. आर्य अने अनार्यजातिना मिश्रणनो प्रसंग ऐतिहासिक छे ते उपरथी आ अर्थ सूझ्यो छे. ए सिवाय आ अर्थ माटे बीजो कोई विशेष आधार मळ्यो नथी. सुज्ञ विद्वानो 'देशी' शब्दना स्वरूपविशे गंभीर विचार करी खास प्रकाश नाखशे एवी विनंती छे.

विशेष माटे जुओ—

'देश्य प्राकृत अने तेना शब्दोनां मूल'

(बुद्धिप्रकाश १९४१ मार्च–जून पृ० १०० टिप्पण २२)

उक्त स्वरूपवाळा देश्य प्राकृतनुं कोई पण आर्यभाषा साथे साम्य न होवाथी तेना शब्ददेहनुं पृथक्करण ज न थई शके अने एम छे माटे आचार्य हेमचंद्रे तेमने मळेला शब्दोनो मात्र संग्रह ज कर्यो छे नहीं के पृथक्करणपूर्वकनुं व्याकरण.

६५ देशीशब्दसंग्रह द्वारा संग्रहेला शब्दोमां एवा पण केटलाय शब्दो संग्रहायेला छे जे संस्कृतनो ढोळ चडावीने 'अमरकोश' वगेरे संस्कृत कोशोमां पण संग्रहायेला छे अने संस्कृत साहित्यमां पण वपरायेला छे: जेमके– हरिचन्दण, सयग्घी, सीहरअ, सिहरिणी, सुवण्णविन्दु, हरि, वेलुलिय,

---

१२१ 'हरिचंदण' वगेरे शब्दो जे अर्थमां देशीनाममालामां नोंधेला छे तेना ते ज अर्थमां अमरकोश, अभिधानचिंतामणि (हेम०) वगेरे संस्कृत कोशोमां पण संस्कृतानुसारी रीते नोंधायेला छे:

१ हरिचंदण एटले कुंकुम–विशेष प्रकारनुं चंदन–गोरुचंदन.

देशी०	अमर०	हैमकोश-अभिधा०
"हरिचंदणं च घुसिणे" –दे० वर्ग० ८, गा० ६५	"हरिचन्दनम्-अस्त्रियाम्" –कां० २, मनुष्यवर्ग श्लो० १२१	"हरिचन्दने तैलपर्णिक-गोशीर्षौ" अभिधा० कां० ३, श्लो० ३०५

२ शतघ्नी–सेंकडो माणसोनो घाण काढे एवुं विशेष प्रकारनुं हथीयार.

"सयग्घी–घरट्टि– वर्ग० ८, गा० ५		"शतघ्नी तु चतुस्ताला लोहकण्टक-संचिता" कां० ३, श्लो० ४५१ वृत्ति.

पेढिय, सोह्ढ, साराडी, संवल्ल्य, सेहुस, दक्खज्ज वगेरे. आ उपरांत केटलाक एवा पण शब्दोने देशी तरीके गणावेला छे जेमनुं साम्य वैदिक वा

---

३ सीहर-शीकर-पाणीनां कणो-वरसादनी फरफर पडे ते.

देशी०	अमर०	हेम०
"सीहरओ आसारे" वर्ग० ८, गा० १२	"शीकरः अम्बुकणाः स्मृताः" -दिग्वर्ग कां० १, श्लो० ११	"वातास्तं वारि शीकरः" कां० २, श्लो० ७९

४ सिहरिणी-सिखंड.

"सिहरिणि×मज्जिआए" -वर्ग० ८, गा० ३३	×	"रसालायां तु×शिखरिणी" -कां० ३, श्लो० ६८

५ सुवण्णबिंदु-कृष्ण-जेना शरीर उपर सुवर्ण वर्णनां बिंदुओ-टपकां-छे.

"कण्हे सुवण्णबिंदू" व० ८, गा० ४०	×	"पाण्डवायनः सुवर्णबिन्दुः" -कां० २, श्लो० १३१ (कृष्णनां नामो)

६ हरि एटले पोपट.

"हरी कीरे" व० ८, गा० ५९	"शुक-अहि-कपि-भेकेषु हरिः" नानार्थ० कां ३, श्लो० १७४	×

७ वेरुलिय-वैडूर्य-विशेष प्रकारनुं रत्न जे विदूरनामना स्थळमां नीपजे छे.

"वेरुलियं वेरुलिए" -व० ७, गा० ७७	×	"तत्र वैडूर्यं बालवायजम्" कां० ४, श्लो० १३१

८ वेडिय-मणियारुं वेचनारो वाणियो.

"वेडइओ वणिअए" -व० ७, गा० ७८	×	"वैकटिको मणिकारः" -कां० ३, श्लो० ५७४

कादम्बरीमां[१२३] पृ० १४१, पृ० १४७ तथा पृ० ५११ उपर 'पूर्णपात्र' शब्द जे अर्थमां वपरायेलो छे, देशीशब्दसंग्रहमां पण ते ज अर्थमां 'पुण्णवत्त'–(वर्ग ६ गाथा ५३) शब्द नोंधायेलो छे. गवेषणा करवामां आवे तो एवा देश्य शब्दो घणा मळी आवे जेमने संस्कृतनो ढोळ चडावी कविकुलशेखर कालिदासादि कविओए वापर्या होय.

संस्कृत काव्यमां देश्यप्रयोगनी प्रतिष्ठा

वामनरचित काव्यालंकारसूत्रमां तो संस्कृतपूजक खुद वामन ज कहे छे के "अतिप्रयुक्तं देशभाषापदम्" (अध्याय ५–१–१३) अर्थात् देशी पद होय छतां कविओए जेनो अतीव प्रयोग कर्यो होय तेवुं देशीपद संस्कृतकाव्यमां वापरवामां वांधो नथी. जेमके–

---

१२३ "पूर्णपात्राहरणविलुप्यमानवसनभूषणः"—

कादम्वरी पूर्व० ।

"पूर्णपात्रं जहार"–का० पू० ।

"सखीजनेन अपह्रियमाणपूर्णपात्राम्" का० पू० ।

कादंबरीमां वपरायेलो 'पूर्णपात्र' शब्द तेनो अर्थ जोतां पूर्ण+पात्र ए रीते नीपजेलो नथी. किंतु देशीशब्दसंग्रहमां "पुण्णवत्तं पमोअहिअवत्थे" (व० ६, गा० ५३) अर्थात् 'प्रमोदहृतवस्त्र–प्रमोद द्वारा हराई जतुं वस्त्र' ए अर्थमां 'पुण्णवत्त' शब्द छे अने तेने संस्कृतरूप 'पूर्णपात्र' आपी कादंवरीकारे ऊपरना संदर्भमां वापर्यो छे. पाछळथी आचार्य हेमचंद्रे ए 'पुण्णवत्त' ने 'पूर्णपात्र' बनावी पोताना संस्कृत कोशमां नोंधेलो छे:

"उत्सवेषु सुहृद्भिर्यद् बलादाकृष्य गृह्यते ।

वस्त्र-माल्यादि तत् पूर्णपात्रं पूर्णानकं च तत्"

—अभिधा० कां० ३, श्लो० ३४१

आ श्लोकमां हेमचंद्रे 'पूर्णपात्र' अने 'पूर्णानक' एम वे शब्दो नोंधेला छे.

"યોષિદિત્યભિલ્ખાય ન હાલામ્" અહીંનો 'હાલૅ' શબ્દ દેશ્ય હોવા છતાં કવિના સંસ્કૃત કાવ્યમાં પણ બાધક નથી. કારણ કે એ શબ્દને કવિઓએ ઘણો વાપર્યો છે.

યાસ્ક 'સુખ' અર્થ માટે બતાવેલા "શિમ્બાતા, શતરા, શાતપન્તા" (નિરુક્ત પૃ० ૨૧૪, અ० ૩, સૂ० ૧૧) વગેરે બીજા પણ અનેક શબ્દો દેશ્યની કોટિના ભાસે છે.

આ રીતે વૈદિક સંસ્કૃત અને લૌકિક સંસ્કૃત એ બન્નેમાં દેશ્યપદોનો પ્રવેશ કાંઈ આજકાલનો નથી—ઘણો જ પ્રાચીન છે. એથી એમ અવશ્ય

---

૧૨૪ અલંકારસૂત્રનો કર્તા વામન, ઉપર્યુક્ત 'હાલા' શબ્દને દેશ્ય કહે છે. હેમચંદ્રકૃત દેશીશબ્દસંગ્રહમાં એ શબ્દ વિદ્યમાન નથી પરંતુ 'દારૂડિયા' અર્થમાં "હાલુઓ ગંગ્રે"—(વર્ગ ૮, ગા० ૬૬) કહીને હેમચંદ્રે 'હાલુઅ' શબ્દને દેશી તરીકે નોંધેલો છે. 'હાલુઅ' શબ્દમાં મૂળ 'હાલા—(મદ્ય)' શબ્દ જ છે એથી વામનના કહેવા પ્રમાણે 'હાલા' શબ્દ દેશ્ય છે એ ખરું છે. સંસ્કૃતના મહાકવિઓ પોતાના કાવ્યમાં જ્યારથી 'હાલા' એવા દેશ્યપદને પણ વાપરવા લાગ્યા ત્યારથી એ શબ્દ દેશ્ય છતાં સંસ્કૃત જેવો ગણાવા લાગ્યો અને અમરકોશમાં તેમ જ અભિધાનચિંતામણિ જેવા સંસ્કૃતનામકોશમાં ઉમેરાઈ ગયો :

"સુરા હલિપ્રિયા હાલા"—(અમર० શૂદ્રવર્ગ કાં० ૨, શ્લો० ૩૯)

"શુણ્ડા હાલા હારહૂરં પ્રસન્ના વારુણી સુરા"—(અભિધા० કાં० ૩, શ્લો० ૫૬૭)

જે હકીકત શ્રીવામને કહી છે તે જ હકીકતને શ્રીભોજ સરસ્વતીકંઠાભરણમાં નીચે પ્રમાણે જણાવે છે:

"યદ્ અવ્યુત્પત્તિમદ્ દેશ્યમ્ ઇતિ પૂર્વં નિરૂપિતમ્ ।
મહાકવિનિબદ્ધં યત્ તદ્ અપ્યત્ર ગુણી ભવેત્" ॥

—સર०—પ્રથમ પરિચ્છેદ શ્લો० ૧૦૪।

શ્રીભોજ 'તલ્લ' 'ગલ્લ' 'લડહ' અને 'લહરી' શબ્દો દેશ્ય છતાં પૂર્વકવિઓએ પ્રયોજ્યા છે એ વાત ઉદાહરણ આપીને જણાવે છે.

कही शकाय एवुं छे के, उभय प्रकारना संस्कृत ऊपर देश्य प्राकृतनी कांई ओछी असर नथी.

शौरसेनी भाषानो परिचय

६६ **शौरसेनी**—शूरसेन देश अने तेनुं मुख्य[125] नगर मथुरा. जे भाषा मुख्यपणे मथुरा अने तेनी आसपासना प्रदेशोमां प्रवर्तती हती तेनुं नाम शौरसेनी. शूरसेन देशमां कोई एक काळे प्रवर्ततुं आदिम प्राकृत आ भाषानुं प्रभव स्थान छे. साधारण प्राकृत अने शौरसेनी प्राकृतना शब्ददेहनुं स्वरूप लगभग सरखुं छे. विशेषता 'द' श्रुतिनी छे. शब्दमां रहेलो असंयुक्त अने अपदादिभूत 'त', 'द' रूपे परिणमे छे. पूरित—पूरिद, मारुति—मारुदि, मन्त्रित—मंतिद. शूरसेन प्रजा अघोष 'त' ने बदले घोष 'द' नो ध्वनि करनारी हशे. 'शौरसेनी' भाषा एक खास पृथक् भाषा तरीके क्यारथी शरू थई ए बाबत शुं कही शकाय? मथुरा नगरी श्रीकृष्णना वखतथी विख्यात छे. संभव छे के ते पहेलां पण ते विख्यात होय. शूरसेन प्रजाना अतिशय तेजने लीधे वा तेना उच्च साहित्यने लीधे शौरसेनी भाषा विश्रुत थई हशे. वर्तमानमां तो ते भाषाना विशिष्ट साहित्यनी उपलब्धि नथी. भास वगेरे महाकविओए निर्मेला नाटकोमां केटलांक पात्रोए शौरसेनीने साचवी राखी छे. जैन परंपरानी दिगम्बर शाखाना

दिगंबर जैन साहित्य अने शौरसेनी भाषा

मध्ययुगे निर्मायेला साहित्यमां पण शौरसेनी सचवायेली छे. पालि भाषा अने आर्ष प्राकृतनी पेठे मूळ शौरसेनीमां असंयुक्त व्यंजनोनो घसारो ओछो जणाय छे. अने पछीथी ते, साधारण प्राकृतनी पेठे वधतो भासे छे. पालि भाषामां बे शब्दो बचे केटलेक

१२५ "महुरा य सूरसेणा"–(पन्नवणासूत्र—आर्य—अनार्य विचार)

स्थले (यथा + एव–यथैरिव) 'र' उमेराय छे, तेम जैनशाखानी शौरसेनीमां 'दु + अधिगं'–दुराधिग' जेवां पदोमां 'र' उमेरायो छे. दिगम्बरीय साहित्यमां भणित–भणिर्अं, विस्तृत–विरथड इत्यादि प्रयोगोमां 'द' श्रुति नथी, अने जैन–जेण्हं, तत्त्वज्ञ–तच्चण्ह इत्यादि प्रयोगोमां 'ण' ने बदले 'ण्ह'नुं उच्चारण आवे छे. ('ण्ह' उच्चारणवाळां मुद्रित पदो भ्रांत पाठरूप न होय अने खरां ज होय तो) आ जातना 'ण्ह' उच्चारणनी नोंध शौरसेनीना वर्णविकारमां वररुचि, चंड, हेमचन्द्र के लक्ष्मीधर वगेरे कोई करता नथी. चंड°, वररुचि, हेमचन्द्र, वाल्मिकिसूत्रोनो वृत्तिकार

---

१२६ जुओ "एव-आदिस्स रि पुब्बो च रस्सो" सू० ११ (पालिव्याकरण-संधिकप्प, २ कांड)

१२७ जुओ प्रवचनसार अधि० २, गा० ७२ "समदो दुराधिगा" द्वाभ्यां गुणाभ्यां अधिका"–प्रव० टीका.

१२८ जुओ प्रवचनसार अधि० १, गा० ५९
—"विरथडं विमलं । एगंतियं भणियं" ॥

१२९ जुओ प्रवचनसार अधि० ३, गा० ६
"अपुणब्भवकारणं जेण्हं" ॥
"सव्वभावतच्चण्हू"—प्रव० अधि० २, गा० १०५

('ण्ह' उच्चारणवाळां उक्त पदो परमश्रुतप्रभावकमंडळ (मुंबई) द्वारा प्रकाशित 'प्रवचनसार'मां विद्यमान छे परंतु तेनी साधना माटे कोई प्राकृत वैयाकरण कशुं लखतो नथी तेथी 'न' अने 'ज्ञ' ने बदले ए 'ण्ह' उच्चारणयुक्त पदोवाळो पाठ खरो छे के केम? आवा निर्णय माटे प्रवचनसारनी विशेष प्राचीन हस्तलिखित प्रतो तपासवी आवश्यक छे.)

१३० जुओ चंडना प्राकृतलक्षणनुं (पृ० ४६) शौरसेनी प्रकरण.

वररुचिना प्राकृतप्रकाशनो बारमो परिच्छेद.

हेमचंद्रना प्राकृत व्याकरणमां सूत्र ८–४–२६० थी ८–४–२८५.

सिंहराजकृत प्राकृतरूपावतारनो १८ मो शौरसेनी परिच्छेद.

लक्ष्मीधरकृत षड्भाषाचंद्रिकामां शौरसेनीविभाग पृ० २४७–२५२ (मुंबई संस्कृतसिरीझ.)

मार्कंडेयकृत प्राकृतसर्वस्व पृ० ८३–९६ (विझागापट्टम्)

सिंहराज, लक्ष्मीधर अने मार्कण्डेय ए बधाए शौरसेनी भाषाने उच्चारणनी दृष्टिए जुदी जुदी रीते समझावी छे. एथी शौरसेनी भाषानी विविधरूपता समझी शकाय एवी छे.

शौरसेनीनी विविधता

शूरसेन देशमां ते कोई एक काळे बोलचालनी भाषा हशे अने ज्यारे ए बोलचालनी भाषा हशे त्यारे तेनी उक्त विविधरूपता अघटमान पण केम कहेवाय? शौरसेनी भाषाने बौद्ध मागधी जेटली प्राचीन मानवानुं मुख्य कारण तेमां व्यञ्जनोनो घसारो घणो ओछो छे, ए छे. ए भाषानुं साहित्य–विशिष्ट साहित्य–कोई काळे हशे तो खरुं पण अत्यारे तो नथी मळतुं एथी ते संबंधे विशेष शुं कही शकाय?

६७ **मागधी**—मगध[131] देश अने तेनुं मुख्य नगर राजगृह. जे आदिम प्राकृत मगधदेशमां प्रवर्ततुं हतुं ते, मागधीनुं प्रभव स्थान छे. बौद्ध पिटकोमां जे भाषा सचवायेली छे अने कच्चायन जेवा महान वैयाकरणे जेनुं स्वरूप बांधी बताव्युं छे ते भाषाने बुद्धभिक्खुओ 'मागधी' नुं नाम आपे छे ए वात आगळ आवी गई छे. (पृ० ११४ टि० ८०)

मागधीनो परिचय

जैन आगमसाहित्यमां जे भाषा सचवायेली छे अने आज सुधीना कोई वैयाकरणे जेनुं संपूर्ण व्याकरण घड्युं नथी (मात्र एक हेमचंद्राचार्ये जैनआगम साहित्यमांनां अमुक ज पदोने 'आर्षम्' कही साधी बताव्यां छे) ते भाषाने जैनपरंपरा 'अर्धमागधी' वा 'आर्षप्राकृत'ना नामे ओळखे छे.

उक्त रीते कहेवायेली बौद्धपिटकोनी मागधी अने जैनआगमोनी अर्धमागधी ए बन्ने भाषा प्रस्तुतमां 'मागधी'ना भावमां समावेश पामे एवी छे.

---

१३१ "रायगिह मगह"–पन्नवणासू० आर्य–अनार्यविभाग.

त्यारे बीजी तरफ चंड वररुचि अने हेमचंद्र वगेरे वैयाकरणोए पोतपोताना व्याकरणमां जे मागधीनुं स्वरूप बांधी बताव्युं छे ते 'मागधी' पण अहीं 'मागधी' ना भावमां समाय एम छे.

सूत्रमागधी अने व्याकरणमागधीनो संकेत

मूळे एक छे छतां अहीं उक्त रीते मागधीभाषा बे प्रकारनी कल्पी छे, तेथी अहीं व्यवहारने माटे पिटकोनी अने जैनसूत्रोनी मागधीने सारु 'सूत्रमागधी' अने वैयाकरणोए जणावेली मागधीने माटे 'व्याकरण-मागधी' एवा बे संकेतो कल्पवा पडे छे.

'सूत्रमागधी'ना स्वरूप संबंधी चर्चा तो आगळ आवी गई छे (पृ० १०४–१२०) एटले अहीं 'मागधी'ना मथाळा नीचे फक्त 'व्याकरणमागधी' विशे कहेवानुं रहे छे.

साधारण प्राकृत, शौरसेनी अने व्याकरणमागधीना वर्णविकारो लगभग सरखा छे. व्याकरणमागधीमां 'र' ने बदले 'ल' अने 'स' ने बदले 'श' ना व्यवहारनी विशेषता[१३२] छे. ए उपरांत स्त, स्प, स्क, स्म, स्व, स्ट वगेरे संयुक्त व्यंजनो व्याकरणमागधीमां टकी रह्या छे. 'ज' 'द्य' अने 'य' ए त्रणेने बदले 'य' नो ध्वनि प्रवर्ते छे. 'न्य' 'ण्य' 'ज्ञ' अने 'ञ्ज' ए चारेने बदले 'ञ्ञ' नुं उच्चारण थाय छे. अनादि 'छ' नुं 'श्च' उच्चारण चाले छे अने 'क्ष' ने बदले ᳵक[१३३] आवो जिह्वामूलीय वर्ण वपराय छे.

---

१३२ जुओ हेमचंद्र प्राकृतव्या० मागधीप्रकरण ८–४–२८७ थी ८–४–३०१.

१३३ आ अक्षर 'जिह्वामूलीय' कहेवाय छे. कारण के तेनुं उच्चारण करतां जीभना मूळनो उपयोग थाय छे.

हेमचंद्रना (१–१–१६ सिद्धहेम) कहेवा प्रमाणे तेनी–'क्ष' स्थानीय प्रस्तुत वर्णनी–आकृति वज्र जेवी छे: ते वर्ण, ऊपर नीचे पहोळो अने वच्चे सांकडो छे ᳵ. आ वर्ण 'क' अने 'ख' नी साथे ज रहे छे. जेम विसर्गनुं उच्चारण स्वतंत्र नथी तेम आनुं उच्चारण पण स्वतंत्र नथी.

" लहशवशनमिल्शुलशिलविअल्दिमंदाल्लायिदंहियुगे।
वीलयिणे पक्खालदु मम शयलमवय्यय्यंआलं"[१३४]॥—हेमचंद्र–
८–४–२८८.

साधारण प्राकृत अने शौरसेनी करतां व्याकरणमागधीनी विशेषता उक्त गाथा ज बतावी आपे छे. उक्त बन्ने भाषा—साधारण प्राकृत अने शौरसेनी—करतां व्याकरणमागधीमां विजातीय संयुक्त व्यंजनो विशेष प्रमाणमां प्रवर्ते छे. एथी व्यंजनना घसारा विनानी आ भाषा सूत्रमागधी जेटली तो प्राचीन होय ज. आचारांग[१३५] सूत्रमां 'अकस्मात्' तथा अशोकनी धर्मलिपिओमां

१३४ आ गाथानुं संस्कृत आ प्रमाणे छे:
रभसवशनमिर (नम्र) सुरशिरोविगलितमन्दाररराजित–अंह्रियुगः।
वीरजिनः प्रक्षालयतु मम सकलम् अवद्यजम्बालम्॥

१३५ नीचेना अनेक प्रयोगो उपरथी जणाशे के व्याकरणमागधी अने अशोकनी धर्मलिपि ए बे वच्चे केटली बधी समानता छे:

हैमव्या०–व्या० मा०	अ० ध०
८–४–२९० कोस्ट (कोष्ठ)	३ अनुसस्टि (अनुशिष्टि)
	६ उस्टान (उत्थान)
८–४–२९३ अञ्ञ (अन्य)	६ अञ (अन्य)
८–४–२८८ शालश (सारस)	६ द्रशि (दर्शि)
८–४–२८९ नास्ति (नास्ति)	६ नास्ति (नास्ति)
अकस्मात्	अकस्मात्* (अकस्मात्)
८–४–२७० / ८–४–२८८ } पुलव (पूर्व)	६ पुलुव (पूर्व)

धर्मलिपिना शब्दो सामे जे अंको मूक्या छे ते धर्मलिपिना अंको समजवा. जेमके '६ नास्ति' एटले छठ्ठी धर्मलिपिमां 'नास्ति' प्रयोग छे.

आवा बीजा पण व्याकरणमागधीने मळता प्रयोगो ते धर्मलिपिओमां अनेक छे. (जुओ 'अशोक की धर्मलिपियाँ' ओझाजीसंपादन)

[* "इत्थ वि जाणइ अकस्मात्"—आचार–अंग, अध्य० ७, उ० १ सूत्र १९३ पृ० २४१ आ० समिति०]

'अनुसस्टि', 'अञ', 'प्रियद्रशि' 'पुलुव' वगेरे प्रयोगोमां व्याकरण-मागधीनां उच्चारणोनी छांट भासे छे. ए उपरथी स्पष्टपणे प्रतीत थाय छे के वैयाकरणोए जे मागधीनुं स्वरूप घडेलुं छे ते प्राचीन छे अने साधारण पण छे.

अहीं ए याद राखवुं जोईए के सूत्रमागधी अने व्याकरणमागधी ए बन्ने केटलांक उच्चारणोमां तद्दन विभिन्न जेवी छे. गुजराती भाषा एक होवा छतां जेम तेमां एक शब्द परत्वे पण विभिन्न उच्चारणोने स्थान छे, तेम मागधी भाषा एक होवा छतां तेमां य एक शब्द परत्वे विभिन्न उच्चारणोने स्थान होय ए नवाई जेवुं नथी. सूत्रमागधीना साहित्यमां अमुक ज प्रकारनां उच्चारणो आदरपात्र थयां अने व्याकरणमागधीना साहित्यमां एटले विशेषतः नाटकोमां वळी तेनाथी अमुक अंशे जुदां उच्चारणोनो

मागधीनी विविधता

स्वीकार थयो. व्याकरणमागधीनुं स्वरूप बतावनारा ते ते वररुचि वगेरे वैयाकरणोए पण उच्चारणनी दृष्टिए तेनुं वैविध्य ज बताव्युं छे. हेमचंद्रादि वैयाकरणोए निरूपेली व्याकरणमागधीभाषानुं खास साहित्य नथी रह्युं, तो पण फक्त नाटकोमांनां केटलांक पात्रोए व्याकरणमागधीने थोडे घणे अंशे जाळवी राखी छे अने गण्यागांठ्यां जैनस्तोत्रोमां पण ए जळवायेली छे.

आचारांगादिसूत्रोमां अने सम्राट अशोकनां शासनोमां व्याकरणमागधीनां केटलांक खास उच्चारणो सचवायां छे. ए उपरथी अनुमान थाय छे के ए उच्चारणो पण मगधना मोटा भागमां प्रचलित हशे. अने उक्त अनुमान द्वारा एम पण फलित न थई शके के जेमां व्याकरणमागधीनां बधां य उच्चारणो वपरायां होय एवुं कशुं साहित्य ते काळे नहीं ज लखायुं होय एम केम कहेवाय?

---

१३६ जुओ वररुचि वगेरेए रचेलां व्याकरणोमां मागधीनुं प्रकरण.

मारा नम्र मत मुजब मागधी भाषा तो एक छे छतां मगध जेवा मोटा प्रदेशमां बोलाती ते एक भाषा पण समानकाले य हमेशा समानउच्चारणो-वाळी रहे ए बनवा जोग नथी ज. कोई पण एक विशाल प्रदेशमां बोलाती भाषा माटे आवी परिस्थिति अनिवार्य छे अने ए अनुभवप्रतीत पण छे.

आम छे माटे ज वैयाकरणोए पण तेनां भिन्न भिन्न उच्चारणो नोंधी बताव्यां छे. चंड वगेरेए व्याकरणमागधीनुं जे स्वरूप बताव्युं छे ते पण एक सरखुं नथी.

आम होवाथी भिन्न भिन्न वर्णविकारोवाळी होवा छतां ते एक ज मागधी छे पण जुदी जुदी मागधी नथी, ए ध्यानमां राखवानुं छे.

पैशाची अने चूलिका-पैशाचीनो परिचय

६८ **पैशाची** अने **चूलिकापैशाची**—षड्भाषाचंद्रिकामां रूपक-परिभाषामांथी अवतरण करीने लक्ष्मीधरे पाण्ड्य, केकय, वाल्हीक, सिंह अथवा सह्य, नेपाळ, कुन्तल, सुधेष्ण, भोज, गांधार, हैव, कन्नोजन ए बधा देशोने पिशाच देशो गणाव्या छे, अने तेमने पैशाची भाषाना प्रभव स्थानरूपे मान्या छे. आ देशोनां उक्त बधां नामोनो परिचय जाण्यामां नथी, परंतु पाण्ड्य, केकय, नेपाल, गान्धार—ए देशोनो जे परिचय छे ते उपरथी

पिशाच देशो

एम माळूम पडे छे के पाण्ड्य दक्षिणमां, केकय नेपाल वगेरे पूर्व-उत्तरमां अने गांधार वाल्हीक पश्चिम-उत्तरमां—आ रीते एक बीजाथी तद्दन भिन्न दिशामां आवेला होय

१२७ "पिशाचदेशास्तु वृद्धैरुक्ताः—
पाण्ड्य–केकय–वाह्लीक–सिंह–नेपाल–कुन्तलाः ।
सुधेष्ण–भोज–गान्धार–हैव–कन्नोजनास्तथा" ॥
एते पिशाचदेशाः स्युः तद्देश्यस्तद्गुणो भवेत् ।"—षड्भाषा० पृ० ४, श्लो० २९–३० (मुंबई सं०)

ते देशो कोई एक भाषाना प्रभवस्थान तरीके केम होई शके ? एटले भाषाविज्ञाननी दृष्टिए विचार करतां एम स्पष्ट समझाय छे के रूपक–परिभाषाकारनी ए मान्यता विज्ञाननी भींत ऊपर रचायेली नथी.

पैशाचीनुं प्रभवस्थान

खरी वात एम होई शके के, 'पिशाच' नामनी मनुष्यजाति पैशाची-भाषानी जन्मदात्री छे. शोधक विद्वानोना मत प्रमाणे ए जातिनुं मूळ वतन उत्तर-पश्चिमना पंजाबनो प्रान्त-प्रदेश छे. अथवा अफगानीस्थाननो पूर्व प्रांतभाग छे. एटले उक्त पंजाबना प्रांतभागमां के अफगानीस्थानना उक्त पूर्व प्रांत प्रदेशमां प्रवर्ततुं वैदिक युगनुं आदिम प्राकृत पैशाची भाषानुं प्रभव स्थान छे. संभव छे के, पैशाची भाषा बोलनारा लोको पोतानुं मूळ वतन तजी दई पाण्ड्य, केकय, भोज, कुंतल, नेपाल, गांधार वगेरे उक्त देशोमां जई वस्या होय. तेमना द्वारा ते ते देशोमां पैशाची भाषानो प्रवेश थयो होय अने ते ऊपरथी ज रूपकपरिभाषाना कर्ताए पाण्ड्य वगेरे देशोने पैशाचीना प्रभव स्थानरूपे कल्प्या होय. आ कल्पना असंगत न होय तो ज रूपकपरिभाषाना कर्ताए कहेला उक्त देशोनो पैशाचीसाथेनो संबंध कांईक संगत थई शके एम छे.

चूलिका–पैशाची

६९ पैशाची अने चूलिका-पैशाचीमां तदन नजीवो भेद छे. 'चूलिका-पैशाची' पदनो 'चूलिका' शब्द शिखा–टोच–नो सूचक छे. ए ऊपरथी एवो भास थाय छे के 'पैशाची' भाषावाळा प्रदेशथी वधारे पूर्वमां चूलिका-पैशाचीनो प्रचार होय. पैशाची अने चूलिका-पैशाची एवी भाषा छे के जेमां अनादि असंयुक्त व्यंजनोनो वसारो ज नथी. पैशाचीनुं आ स्वरूप ज तेने बौद्धमागधीनी निकटवर्ती ठरावे एवुं छे. कहेवाय छे के पंडित गुणाढ्य

'बृहत्कथा' नामना कथाग्रंथने पैशाचीमां रच्यो हतो. चंडे[138] पैशाची माटे एक ज नियम जणाव्यो छे त्यारे वररुचिए तेने माटे चौद सूत्रो रचेलां छे. हेमचंद्रे[140], सिंहराजे[141] अने लक्ष्मीधरे[142] पैशाची माटे चोवीस सूत्रो बनावे छे. त्यारे वळी मार्कंडेय[143] तो पोतानी रीत प्रमाणे पैशाचीने जुदी रीते वर्णवे छे.

पैशाचीनी विविधतां

"पनमथ[144] पनयपकुप्पितगोलीचलनग्गलग्गपतिबिंबं।
तससु नखतप्पनेसुं एकातसतनुधलं लुदं"

(हेमचन्द्र–८–४–३२६)

पैशाचीनां विचित्र उच्चारणोने बताववा उक्त गाथा पूरती छे. नाटकोमां अमुक अमुक पात्रोए पैशाचीना स्वरूपने साचवी राख्युं छे अने केटलांक एवां जैनस्तोत्रो पण मळे छे जेमां छए भाषानुं थोडुं थोडुं स्वरूप सचवायुं छे.

---

१३८ जुओ चण्डनुं प्राकृतलक्षण–पृ० २४ (सत्य०) "पैशाचिक्यां र–ण्योः ल–नौ"

१३९ जुओ प्राकृतप्रकाश–वररुचि. दशमो पैशाचिक परिच्छेद पृ० १११ थी ११३.

१४० जुओ हेमचंद्र ८–४–३०३ थी ८–४–३२८.

१४१ जुओ सिंहराज–प्राकृतरूपावतार वीशमो पैशाची परिच्छेद. तथा एकवीशमो परिच्छेद–त्रण सूत्र.

१४२ जुओ लक्ष्मीधर षड्भाषाचंद्रिका–पैशाचीनिरूपण पृ० २५७ थी २६३ (मुंबई सं०)

१४३ जुओ मार्कंडेय–प्राकृतसर्वस्व पृ० १२३ थी १२७ (विझागापट्टम्)

१४४ आ गाथानुं संस्कृत रूपांतर आ प्रमाणे छे:

"प्रणमत प्रणयप्रकुपितगौरीचरणाग्रलग्नप्रतिबिम्बम्।
"दशसु नखदर्पणेषु एकादशतनुधरं रुद्रम्॥"

अवेस्ताग्रंथोनी प्राचीन भाषाना तथा लोकगीत के लोकवार्ताओमां सचवायेली प्राचीन अने अर्वाचीन पुश्तो भाषाना तथा ते ज प्रकारनी प्राचीन अने अर्वाचीन सिंधी भाषाना स्वरूप साथे पैशाचीना स्वरूपनो तुलनात्मक अभ्यास करवाथी पैशाचीना स्वरूप विशे विशेष प्रकाश पडवानो अधिक संभव छे.

ए ज प्रकारे मथुरा-वृंदावन अने तेनी आसपासनी लोकगीत के लोकवार्तामां सचवायेली प्राचीन शौरसेनीना अने वर्तमान प्रचलित लोकभाषाना स्वरूप साथे व्याकरणनियंत्रित शौरसेनीना स्वरूपनो तुलनात्मक रीते अभ्यास करवाथी शौरसेनीना वास्तविक स्वरूपनो स्पष्ट ख्याल आवशे तथा वर्तमान राजगृह—पाटलिपुत्र अने तेनी आसपासनी प्राचीन अने अर्वाचीन लोकभाषा मगहीना स्वरूप साथे व्याकरणनिबद्ध मागधीना स्वरूपनो परस्पर तोलनपूर्वक परिचय करवाथी मागधीना पण खरा स्वरूप विशे विशेष ज्ञातव्य सांपडशे.

रुद्रट वगेरे अलंकारशास्त्रना विधाताओए काव्यना शब्ददेह विशे लखतां उक्त बधी भाषाओने अने अपभ्रंशने पण याद करी छे.

वररुचिए[१४५] प्राकृतप्रकाशमां कह्युं छे के पैशाचीनी प्रकृति शौरसेनी छे. मागधीनी प्रकृति शौरसेनी छे अने शौरसेनीनी प्रकृति संस्कृत छे. त्यारे हेमचंद्रे[१४६] कहे छे के शौरसेनीने प्राकृतवत् समजवी, मागधीने शौरसेनीवत् समजवी अने पैशाचीने पण शौरसेनीवत् समजवी.

---

१४५ "प्रकृतिः शौरसेनी"–प्रा० प्र० दशमपरिच्छेद सू० २
" " –प्रा० प्र० एकादशपरिच्छेद सू० २
"प्रकृतिः संस्कृतम्" प्रा० प्र० द्वादशपरिच्छेद सू० २

१४६ "शेषं प्राकृतवत्" ८–४–२८६
"शेषं शौरसेनीवत्" ८–४–३०२
"शेषं शौरसेनीवत्" ८–४–३२३

वैयाकरणोनुं उक्त कथन भाषाना कार्यकारणभावनी दृष्टिए समझवानुं नथी. परंतु तुलनात्मक पद्धतिए भाषानो अभ्यास करवा माटे एक भाषाने समझवा बीजी निकटनी भाषाने वाहनरूपे राखवानी अपेक्षाए घटाववानुं छे. शब्दविज्ञाननी दृष्टिए एवो कार्यकारणभाव घटमान ज नथी ए वात ऊपर चर्चाई गई छे.

वर्णविकारोनी दृष्टिए भाषाओनो क्रम

वर्णविकारोनी दृष्टिए भाषानो क्रम गोठववो होय तो सर्वथी प्रथम बौद्ध मागधी–पालि के आर्षप्राकृत आवे, पछी पैशाची, पछी अशोकनी लिपिओ, खारवेलनो शिलालेख, पछी मागधी, शौरसेनी अने छेल्ले साधारण प्राकृत. उत्तरोत्तर वर्णोनो फेरफार अने घसारो वधतां वधतां साधारण प्राकृतमां ते वधारे जणाय छे.

अपभ्रंशनो परिचय

७० अपभ्रंश—भ्रंश एटले पडवुं–पोताना मूळ स्थानथी च्युत थवुं. अपभ्रंश एटले वधारे नीचे पडवुं. अपभ्रंशनो शब्दार्थ एवो छे. प्राकृत शब्द जेम अमुक देशनी वा अमुक काळनी भाषा माटे नथी परंतु स्वाभाविक भाषानो सूचक छे, तेम 'अपभ्रंश' शब्द पण तेना व्युत्पत्त्यर्थनी अपेक्षाए अमुक देशनी वा अमुक काळनी भाषाने बदले भ्रंश पामेली गमे ते भाषानो सूचक छे.

१४७ 'भ्रंशूच् अधःपतने' अर्थात् 'अधःपतन' अर्थवाळा 'भ्रंश' धातु ऊपरथी 'भ्रष्ट' शब्द बन्यो छे. 'अप' साथे तेनो प्रयोग 'अपभ्रष्ट' थाय. 'अप' उपसर्ग, अधिक अधःपतननो द्योतक छे एथी 'अपभ्रंश' नो साधारण अर्थ:–घणुं नीचे पडेलुं–घणुं ज भ्रष्ट. ज्यारे भाषा माटे ए शब्द वपराय त्यारे तेनो अर्थ:–घणी नीच भाषा–घणी हलकी भाषा एवो थाय. जे स्वरो अने व्यंजनोनो प्रयोग वैदिक संस्कृत अने पाणिनीय संस्कृतमां छे ते ज स्वरो अने व्यंजनोनो प्रयोग प्राकृत भाषाओमां–पालि, प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंश

भाषाओमां–छे मात्र ते ते भाषाओमां सरलउच्चारणनी प्रधानताने कारणे ते ते स्वरो अने व्यंजनो भेजराज परिवर्तन पामे छे. आ रीते उक्त बधे संस्कृत अने बीजी बधी प्राकृतो एक समान छे छतां प्राकृत भाषाओने नीचुं स्थान शा माटे? अने उक्त बधे संस्कृत भाषाने उच्चस्थान शा माटे? आ प्रश्न अवश्य विचारणीय छे. आ संबंधे जे खुलासो हुं समजुं छुं ते अहीं संक्षेपमां बतावुं छुं:

ब्राह्मण, क्षत्रिय, वैश्य अने शूद्र ए चारेना आत्मामां कशो ज भेद नथी, जगन्नियंताए तो ए चारेने एकसरखा प्रेमथी सर्ज्यां छे, तेम ए चारेना देहनी आकृति के अवयवोमां कशो ज भेद नथी. जन्मे छे त्यारे तो ते बधा य एक सरखा ज होय छे छतां य एक समय एवो हतो के ज्यारे एम मनातुं के "वर्णानां ब्राह्मणो गुरुः" अर्थात् बधा य वर्णोमां ब्राह्मण ज श्रेष्ठ छे. ब्राह्मण ज ब्रह्मदेवनुं मुख छे, हाथ क्षत्रिय छे, जांघ वैश्य छे अने पग शूद्र छे. आ देशमां ज्यारे धर्मगुरुओनी (मुख्यत्वे ब्राह्मणोनी) सत्ता जोर ऊपर हती त्यारनी आ मान्यता छे अने ए मान्यताने लीधे क्षत्रियोने, वैश्योने अने समाजना पायारूप शूद्रोने जे जे अन्यायो थया छे ते बधा जाणीता छे. मनुस्मृति वगेरे स्मृतिओ तेनी साक्षीरूप छे. मने लागे छे के ब्राह्मणसत्ताक समयमां जेम अन्य वर्णोने हलका–नीच–पतित कहेवामां आव्या छे अने तेमने ब्राह्मण करतां घणा ज ओछा अधिकारो आपवामां आव्या छे अने समस्त स्त्रीवर्गने तो सर्वथा अधम मानीने तेनो भणवानो अधिकार पण खूंचवी लेवामां आव्यो छे. तेम ब्राह्मणोए ब्राह्मणेतर वर्णनी अने आम लोकमां प्रचार पामेली भाषाने 'अपभ्रंश' एवुं हलकुं नाम आपीने लोकभाषानो तिरस्कार कर्यो छे. अभण ब्राह्मणो, तेमनी पत्नीओ, (जुओ टि० १४८) अने ब्राह्मणोनां बालको सुद्धां 'अपभ्रंश'नो उपयोग करतां हतां तेम छतां जातिवादने प्रधानस्थान आपनारा ते समयना ब्राह्मणोना अमुक वर्गे लोकभाषाने हलकी कहेवानी धृष्टता करेली छे तेने ज परिणामे 'संस्कृत तो देवभाषा छे अने प्राकृत वगेरे भाषाओ हलकी छे' एवी भ्रामक मान्यता फेलायेली छे. लोकभाषा हलकी ज होय तो शुं वेदोनी भाषा लोकभाषा नथी? पाणिनि जेने शिष्टभाषा कहे छे तेना करतां वेदभाषा तद्दन जुदा प्रकारनी छे, तेना प्रयोगो पण तद्दन विलक्षण छे. जेम जेम हुं विचार करुं छुं तेम तेम मने स्पष्ट जणाय छे के वेदोमां वपरायेली भाषा ते समयना लोकोनी प्रकृतिसिद्ध–स्वाभाविक–भाषा छे. जे भाषा प्रकृतिसिद्ध–प्राकृत–होय तेने हलकी केम कहेवाय? वळी, बीजी बीजी प्राकृतो अने वेदोनी ए स्वाभाविक भाषा वच्चे गाढ संबंध पण छे. प्राकृतभाषा-

ओनो जेटलो संबंध वैदिक भाषा साथे छे तेटलो पाणिनिनी शिष्ट भाषा साथे नथी. प्राकृत भाषाओनो मूळ देह अने वैदिक भाषानो मूळ देह ए बे वच्चे घणुं ज निकटनुं साम्य छे. त्यारे वेदोमां वपरायेली लौकिक भाषाने आर्ष कहीने पवित्र मानवी अने लोकोमां प्रचार पामेली प्राकृत भाषाओने हलकी–भ्रष्ट–कहीने अवगणवी एमां न्याय छे खरो ? जे भाषा अर्थवाहक होय अने जेनां उच्चारणो शक्यताप्रमाणे नियत होय तेवी कोई भाषा भले होय परंतु तेमां 'अमुक भाषा तो सर्वोच्च छे अने अमुक भाषा तो हलकी छे' एवी कल्पना, भाषाना मिथ्या अभिमानथी ऊभी थयेली छे.

ज्यारे भाषानो मिथ्या आडंबर वधी गयो अने भाषातत्त्वने ज प्रधानता अपावा लागी अने ते द्वारा सामान्य लोकोने तिरस्कार पात्र गणवामां आव्या त्यारे भगवान बुद्धे अने भगवान महावीरे लोकभाषाने ज बोलवानुं वाहन बनाव्युं अने समस्त वर्गमां बोलती भाषाने प्रधान स्थान आपी लोकोनुं प्रतिनिधित्व स्थापित कर्युं. त्यार पछी जे जे लोकप्रतिनिधिरूप संतो–ज्ञानेश्वर–तुकाराम–कबीर–तुलसीदास–नरसिंह वगेरे थया छे, तेमणे पण ते लोकभाषाने ज स्वीकारी छे. आपणे जाणीए छीए के लोकभाषानो आश्रय लेवा बदल ते ते संतोने केवी केवी पीडाओ सहन करवी पडी छे छतां तेओए लोकभाषाने ज प्रधान स्थान आपेलुं छे. वर्तमानमां पण लोकभाषाने प्रधान स्थान मळशे तो ज ग्रामीण लोको अने नागरिक लोको वच्चेनो कृत्रिम भेद मटी जशे अने ए बन्ने वच्चे पोष्यपोषकनो सनातन संबंध सचवाई रहेशे. अत्यारे जे ए संबंध तुटी गयो छे तेनुं एक कारण लोकभाषानी अवगणना पण छे.

कहेवानुं तात्पर्य ए के लोकभाषानुं 'अपभ्रंश' ए नाम जातिवादी ब्राह्मणोए आपेलुं छे. खरी रीते तो जेम एक काळे वेदोनी भाषा लोकभाषारूपे प्रचलित हती तेम 'अपभ्रंश' नामवाळी भाषा पण एक काळे समस्त भारतमां प्रचलित हती. एथी एवी समस्त लोकनुं प्रतिनिधित्व करती भाषाने हलका शब्दथी संबोधवी उचित नथी. 'लोकभाषा अपभ्रंश छे, लोकभाषा हलकी छे' एटलुं ज कहीने ब्राह्मणो अटक्या नथी परंतु तेमणे तो एम पण कह्युं छे के जे जे शास्त्रो ए लोकभाषामां छे ते पण भ्रष्ट भाषामां रचायेलां होई प्रामाणिक नथी, भले ए शास्त्रोमां अहिंसा वगेरे सत्तत्त्वो होय परंतु जेम कूतराना चामडानी कोथळीमां भरेलुं गायनुं दूध पण भ्रष्ट छे–हेय छे तेम भ्रष्टभाषामां निरूपायेलां ए सतत्त्व पण त्याज्य–हेय–छे.

तंत्रवार्तिकना प्रणेता महापंडित श्रीकुमारिले ऊपली हकीकत तंत्रवार्तिकमां (पृ० २३७ आनंदा०) आ प्रमाणे जणावी छे:

અહીં એ યાદ રાખવું જરૂરી છે કે અમુક જ ભાષાના પક્ષપાતી પ્રાચીન પંડિતોએ આ 'અપભ્રંશ' શબ્દને પોતાની માનીતી ભાષા સિવાયની ભાષા માટે ગોઠવી કાઢ્યો છે. મારી દૃષ્ટિએ કહું તો બરાબર અર્થવાહક કોઈ પણ લોકપ્રતિનિધિક લોકભાષાને 'અપભ્રષ્ટ' નામ અપાય જ કેમ? એટલે અહીં ભાષા માટે 'અપભ્રંશ' અને ઉચ્ચારણો માટે 'ભ્રષ્ટ ઉચ્ચારણો' શબ્દ વાપરેલા છે તે ઉક્ત પ્રાચીન પંડિતોની રૂઢિને અનુસરીને છે. ખરી રીતે તો તેવી લોકભાષા માટે સાધારણભાષા, લોકભાષા, જનપદભાષા, દેશીભાષા કે પ્રાકૃત ભાષા—એવાં નામો યોગ્ય છે.

"असाधुशब्दभूयिष्ठाः शाक्य-जैनागमादयः ।
असन्निबन्धनत्वाच्च शास्त्रत्वं न प्रतीयते ॥
ततश्च असत्यशब्देषु कुतस्तेष्वर्थसत्यता ।
दृष्टापभ्रष्टरूपेषु कथं वा स्यात्-अनादिता" ॥

"सन्मूलम्-अपि अहिंसादि श्वदृतिनिक्षिप्तक्षीरवत् अनुपयोगि अविश्रम्भणीयं च" ।

જેમ આપણી ભાષાઓને ગોરા લોકોએ 'વર્નાક્યુલર' નામ આપ્યું છે તેમ તે સમયના જાતિવાદી બ્રાહ્મણોએ સાધારણ જનભાષાને—લોકભાષાને—અપભ્રંશ કહી છે. તેમ છતાં વાક્પતિ, રાજશેખર વગેરે વૈદિક બ્રાહ્મણોએ પ્રાકૃતભાષાને ઘણી ઘણી પ્રશંસી છે અને 'ભાષામાત્રની—સંસ્કૃત સુદ્ધાંની—જનની પ્રાકૃતભાષા છે' એમ કહી પ્રાકૃતભાષાની ભક્તિપૂર્વક સ્તુતિ કરી છે એટલું જ નહીં પણ તે ભાષામાં તેઓએ ગ્રંથ-રચના—સેતુબંધ, કર્પૂરમંજરી—પણ કરી પ્રાકૃતભાષાનો ઉત્કર્ષ સાધી બતાવ્યો છે. એ, આપણી આર્યભાવનાનો જ વિજય છે. વર્તમાનમાં કાશી, બંગાલનાં નદીયાશાંતિ કે ભાટપાડા વગેરે સ્થળે જ્યાં સંસ્કૃતજ્ઞ પંડિતોનું જ અધિક પ્રાબલ્ય છે ત્યાં બધે ઉક્ત કુમારિલની વાણીની અસર છે અને આપણા દેશમાં (ગુજરાતમાં) પણ પ્રાચીન પરંપરાના પંડિત બ્રાહ્મણો મોટે ભાગે કુમારિલની અસરથી મુક્ત જણાતા નથી. વૈદિકપરંપરાની શિક્ષણસંસ્થાઓમાં પ્રાકૃત ભાષાઓ શીખવાતી હોય એવું હજુ સુધી તો સાંભળ્યું નથી. ભાષાને લગતી આ જાતની મિથ્યા અસ્મિતા શું સમભાવની કે રાષ્ટ્રીયત્વની વિઘાતક નથી?

જૈનો અને બ્રાહ્મણો—બન્નેને પરમેશ્વર આવા પ્રકારની મિથ્યાઅસ્મિતાથી દૂર રાખે.

मागधी अने शौरसेनी शब्द अमुक प्रदेशनी भाषानो बोधक छे, पैशाची शब्द अमुक जातिनी भाषानो ज्ञापक छे. तेवी रीते अमुक देशनी वा अमुक जातिनी भाषा माटे 'अपभ्रंश' शब्दनो प्रयोग नथी माटे वैदिक अने लौकिक संस्कृतनुं भ्रष्टरूप, आर्षप्राकृत के साधारण प्राकृतनुं भ्रष्टरूप, मागधीनुं भ्रष्टरूप, शौरसेनीनुं भ्रष्टरूप, पैशाचीनुं भ्रष्टरूप–ए बधी विशेष भाषानां भ्रष्टरूपो 'अपभ्रंश'ना भावमां समाई जाय छे.

'अपभ्रंश'नो सामान्य अर्थ

प्राकृत भाषानो व्यापक अर्थ छे छतां ते जेम अमुक एक विशिष्ट अर्थने पण सूचवे छे तेम अपभ्रंश शब्दनो भाव पण प्राकृतनी जेवो व्यापक छे छतां ते, अहीं तो एक खास विशिष्ट भाषाना अर्थनो द्योतक छे. जे विशेष भाषाने अपभ्रंश शब्द सूचवे छे ते भाषा अमुक समये वा अमुक संवतमां ज उत्पन्न थई हती एम काई कही शकाय एवुं नथी.

अपभ्रंश अने वैदिकयुगनुं आदिम प्राकृत

भाषाविज्ञाननी दृष्टिए जोतां तो अपभ्रंश भाषा पण जन्मनी दृष्टिए वैदिकयुगना आदिम प्राकृत साथे ज संबंध राखे छे. वैदिक युगमां जे भाषा बोलचालनी हती तेनुं नाम 'आदिम प्राकृत.' ए आदिम प्राकृत बोलनारा आर्यो के तेमना संपर्कमां आवेला आदिम लोको ए बधानां उच्चारणो एकसरखां ज होय ए न बनवा जेवुं छे. उच्चारणभेदनी उपपत्ति अने आर्यो तथा आदिम जातिओना संपर्कथी थता शब्दपरिवर्तननी उपपत्ति ए बन्ने बाबत आगळ सविशेष चर्चाई गई छे. (पृ० १४–४४) तात्पर्य ए के उच्चार्यमाण आदिम प्राकृतनां जे उच्चारणो विशेष भ्रंश पामेलां हतां तेमनुं समग्र एक नाम अपभ्रंश एटले जे समय आदिम प्राकृतनो ते ज समय भ्रष्ट उच्चारणरूप अपभ्रंशनो. परंतु अहीं ए याद राखवुं जोईए के आदिम प्राकृतनां भ्रष्ट उच्चारणोनो सूचक 'अपभ्रंश' शब्द खास

एक भाषा-विशेषनो सूचक नथी, तो पण विशेषभाषारूप अपभ्रंशनुं बीज ते भ्रष्ट उच्चारणोमां छे, एमां शक नथी.

महाभाष्यकार अने अपभ्रंशनो सामान्य अर्थ

महाभाष्यकार[१४८] पतंजलिए वापरेलो अपभ्रंश शब्द—ते, मात्र अशुद्ध के विकृत उच्चारणोनो सूचक छे. महाभाष्यकार कहे छे के, कोई ब्राह्मणी पोतानी अशक्तिने लीधे 'ऋ' ने बदले 'ऌ' नुं उच्चारण करे छे. ते 'ऋतक' ने बदले 'ऌतक' बोले छे. ब्राह्मणीनुं ए 'ऌतक' उच्चारण भ्रष्ट छे छतां ते भ्रष्ट 'ऌतक' ना 'ऌ' नो संधिकार्यमां उपयोग थाय माटे पण महेश्वरे "ऋऌक्" सूत्रमां 'ऌ' नो उपदेश करेलो छे. ए रीते 'अपभ्रंश' शब्द सामान्य अशुद्धिनो—विकृतिनो सूचक हतो ते, वखत जतां, अमुक

अपभ्रंशनो विशेष अर्थ

एक भाषानी अस्मितानुं प्राबल्य वधतां सर्वसाधारण एवी लोकभाषानो द्योतक थयो. अपभ्रंश पदनो साधारण एवो यौगिक अर्थ सर्वकाळे वैदिक के लौकिक संस्कृत वगेरे सर्व भाषा परत्वे विद्यमान होय छे. तेनो आदिकाळ के प्रारंभ-काळ शोधी न शकाय. परंतु साहित्यमां वपराती भाषाविशेष परत्वे 'अप-भ्रंश' शब्द क्यारथी रूढ रीते शरू थयो तेनो ऊहापोह जरूर थई शके.

भाषाविशेष परत्वेना 'अपभ्रंश'नो ऊहापोह

आ ऊहापोह माटे अत्यारे बे जातनां साधनो उपलब्ध छे. तेमांनां एक एवां छे के जेमां साहित्यमां वपराती विशेष-भाषाना अर्थमां अपभ्रंश पदनो व्यवहार छे अने बीजां एवां छे के जेमां एवां अनेक पद्यो विद्यमान छे, जे तुलनात्मक भाषाविज्ञाननी दृष्टिए चोक्खां अपभ्रंशनां छे.

---

१४८ जुओ महाभाष्य—"ऌकारोपदेशो यदृच्छा-अशक्तिजानुकरण-प्लुत्याद्यर्थश्च" "अशक्त्या कयंचिद् ब्राह्मण्या 'ऋतक' इति प्रयोक्तव्ये 'ऌतक' इति प्रयुक्तम्" इत्यादि (पृ० ४५ अभ्यं०)

૭૧ અપભ્રંશ પદનો રૂઢ રીતે ઉપયોગ કરનારાં સાધનો આ છે:

રૂઢાર્થક અપભ્રંશ અને નાટ્યશાસ્ત્રકાર ભરત

(૧)—નાટ્યશાસ્ત્રકાર ભરતે (આશરે વિક્રમના છઠ્ઠા સૈકાથી પૂર્વનો સમય) પોતાના એ શાસ્ત્રના સત્તરમા અધ્યાયમાં અતિભાષા, આર્યભાષા, જાતિભાષા, યોન્યન્તરીભાષા, ભાષા, વિભાષા, એવાં એવાં અનેક સામાન્ય પદો દ્વારા અનેક ભાષાઓની માહિતી આપી છે. ઉપરાંત માગધી, અવન્તીજા, પ્રાચ્યભાષા, શૌરસેની, અર્ધમાગધી, બાલ્હીકા અને દાક્ષિણાત્યા એમ સાત ભાષાઓને ભાષા તરીકે જણાવી છે અને વનેચરી ભાષાને વિભાષા તરીકે બતાવી છે. વળી શકારી, ચાંડાલી, આભીરોક્તિ, શાબરી, દ્રામિડી વગેરે શબ્દોને ખાસ ખાસ ભાષાઓનાં નામરૂપે સૂચવ્યાં છે. ભરતે પ્રયોજેલા 'ભાષા' પદની ટીકા કરતાં અભિનવગુપ્ત[૧૫૦] કહે છે કે "ભાષા સંસ્કૃતાઽપભ્રંશઃ" અર્થાત્ "સંસ્કૃતનો અપભ્રંશ તે ભાષા" અને "ભાષાઽપભ્રંશસ્તુ વિભાષા"—"સંસ્કૃતના અપભ્રંશનો પણ જે અપભ્રંશ તે વિભાષા" આમાં અભિનવગુપ્તે વાપરેલો પ્રથમ અપભ્રંશ શબ્દ, મહાભાષ્યકારે વાપરેલા અપભ્રંશ જેવો યૌગિક છે. અને બીજો અપભ્રંશ શબ્દ મને તો રૂઢાર્થદ્યોતક લાગે છે.

---

૧૪૯ "સંસ્કૃતં પ્રાકૃતં ચૈવ યત્ર પાઠ્યં પ્રયુજ્યતે ।
અતિભાષા આર્યભાષા ચ જાતિભાષા તથૈવ ચ ॥ ૨૭ ॥
તથા યોન્યન્તરી ચૈવ ભાષા નાટ્યે પ્રકીર્તિતા ॥ ૨૮ ॥
માગધી–અવન્તિજા પ્રાચ્યા શૌરસેની–અર્ધમાગધી ।
બાલ્હીકા દાક્ષિણાત્યા ચ સપ્ત ભાષાઃ પ્રકીર્તિતાઃ ॥ ૪૯ ॥
શકાર–આભીર–ચણ્ડાલ–શબર–દ્રમિલ–અન્ધ્રજાઃ ।
હીના વનેચરાણાં ચ વિભાષા નાટકે સ્મૃતા ॥ ૫૦ ॥

૧૫૦ નાટ્યશાસ્ત્ર અ૦ ૧૭ શ્લો૦ ૪૯–૫૦ ની ટીકા પૃ૦ ૩૭૬ (ગાય૦)

आ रीते भरतमुनि पण अपभ्रंश पदने रूढार्थवाचक मानता जणाय छे. तेमने तेनो यौगिकार्थ ज इष्ट होत तो तेओ ते माटे 'भाषा' शब्द वापरीने ज चलावत पण तेमणे अपभ्रंशनो बीजो अर्थ बताववा 'विभाषा' शब्द पण योजेलो छे.

वळी, भरतमुनिए ते प्रसंगमां 'आभीरोक्तिः'[१५१] शब्द पण वापर्यो छे. महाकवि दंडी[१५२] जे अर्थमां "आभीरादिगिरः काव्येष्वपभ्रंशः" वाक्य वापरे छे, ते अर्थमां भरतमुनिए 'आभीरोक्तिः' शब्द वापरीने नाटकोमां स्पष्टपणे अपभ्रंश पदनो रूढार्थ स्वीकारेलो छे.

भरतमुनिना नाट्यशास्त्रमां "मोल्लुउ[१५३] णच्चंतउ। महागमे संभंतउ॥"

नाट्यशास्त्रमां अपभ्रंशपद्यो —[अ० ३२ श्लो० ६६] आ अने आवी भाषावाळां बीजां चार पद्यो मळे छे.

---

१५१ नाट्यशास्त्र अ० १७ श्लो० ५६–पृ० ३७७ (गाय०)

१५२ काव्यादर्श प्रथम परिच्छेद श्लो० ३६

१५३ भरतना नाट्यशास्त्र (निर्णयसागर प्रेस) मां अध्याय ३२ मां ए पांचे दोहाओ जे प्रमाणे छपाया छे ते आ प्रमाणे छे:

१ 'मोल्लुउ नच्चंतउ'
नहागमे संभंतउ" ॥ ६६ ॥
२ "मेह वद्दंतु नई जोण्हउं।
णिच णिप्पहे पहु चंदउ ॥ ७४ ॥
३ "एसा हंसवधू हित्था काणणाउ।
गंतुं जस्सु (कसु)इया कंतं संगइया" ॥ ९९ ॥
४ "पिय वाइ वायतुं सुवसंतकाल।
पिय कामुको पिय मदणं जणंतउ" ॥ १०८ ॥
५ "वयदि वादो एह पवाही रुसिद इव"। १६९

आ पांचे ध्रुवाना पाठो ठीक ठीक अशुद्ध छे छतां जे पदो जाडा अक्षरोमां मूक्यां छे ते बधां स्पष्टपणे अपभ्रंशनां रूपो छे. स्व० केशवलालभाईए तो उक्त ध्रुवाना पाठो बदलवामां असाधारण छूट लीधी छे. मारी नम्र समक्ष प्रमाणे कोई

तेमां वपरायेलां 'उ' प्रत्ययवाळां पदो अने हेमचंद्रे कहेला अपभ्रंशमां वपरातो स्वार्थिक 'डुल्लउँ' प्रत्यय जेने लागेलो छे एवुं 'मोल्लउ' पद, उक्त पद्यनी कायाने अपभ्रंशनी काया कहेवाने पर्याप्त छे. आ पद्योनी भाषा विशे साक्षरोमां मतभेद छे.

स्व० केशवलालभाई[155] ध्रुव ए पद्योने अपभ्रंशनां नथी मानता अने ए पद्योनी जे वाचना मळे छे तेने सुधारीने एटले प्राकृतनुं रूप आपीने वांचे छे. आम वाचना फेरववा छतांय तेओ 'मोरुल्लउ' पदनुं अपभ्रंशपणुं फेरवी शकता नथी. मारा नम्र मत प्रमाणे ए रीते वाचना फेरववी उचित नथी भासती. अध्यापक गुणे महाशय[156] ते पद्योनी वाचनाने फेरवता नथी. तेओ जेवी ते पद्योनी वाचना मळे छे तेवी कायम राखी तेमने अपभ्रंशनां पद्यो माने छे. मारी कल्पनाने श्रीगुणे महाशयनो टेको छे अने ते पद्योनो अपभ्रंशभाव पण मारी तरफेणमां छे.

चंड अने रूढार्थ-अपभ्रंश

(२) चंडे[157] (आशरे विक्रमनो छठ्ठो सैको) पोताना प्राकृत व्याकरणमां "न लोपोऽपभ्रंशेऽधोरेफस्य" सूत्रमां विशेषभाषावाचक रूढ अपभ्रंश पदनो उपयोग करेलो छे.

पण प्राचीन पाठोने बदली तेमने स्थाने नवा पाठो कल्पवामां भारे जोखम छे अने ए जातनी नवा पाठोनी कल्पना इतिहाससंशोधन माटे मोटा अंतरायरूप छे.

श्लोक ६६ मामां 'नहागमे' पाठ छे. नह-(नभस्) श्रावण मासनुं। आगमे- आगमन थये। अर्थात् वर्षाऋतुना श्रावणमासनुं आगमन थये मोरो नाचे छे. आवो स्पष्ट अर्थ छतां तेमणे (के० ध्रु०) 'नह' ने बदले 'मेह' पाठ कल्प्यो छे तेना कारणनी समजण पडती नथी.

१५४ "अ-डड-डुल्लाः स्वार्थिक'क'लुक् च' ८-४-४२९ हे० अपभ्रंश प्रकरण.

१५५ जुओ पद्यरचनानी ऐतिहासिक आलोचना पृ० २८३-२८६ (ठक्कर वसनजी माधवजी लेक्चर्स-१९३२ नी सालनुं मुद्रण)

१५६ जुओ भविसयत्तकहानी प्रस्तावना पृ० ५०-५१

१५७ जुओ चंडनुं प्राकृतलक्षण पृ० २४ सू० ३७ (सत्य०)

अपभ्रंशप्रबंध

(३) राजा धरसेनने लगता विक्रमना छठा—सातमा सैकाना एक शिलालेखमां आवेला 'अपभ्रंशप्रबंध' पदनो अपभ्रंशशब्द साहित्यिक अपभ्रंशभाषानो द्योतक छे.[158]

(४) महाकवि दण्डीए (आशरे विक्रमनो आठमो सैको) पोताना काव्यादर्शमां 'अपभ्रंश' पदनी एक यौगिक व्याख्या करी छे. अने काव्योमां वपराती अपभ्रंश भाषाने लक्ष्यगत करीने बीजी रूढ व्याख्या पण आपी छे.[159]

अपभ्रंश अने दाक्षिण्यचिह्न

(५) कुवलयमाला कथाना कर्ता दाक्षिण्यचिह्न था उद्योतनसूरिए (आशरे विक्रमनो नवमो सैको) पोतानी ए कथामां 'अपभ्रंश' शब्दने विशेष भाषाना अर्थमां नोंधेलो छे.[160] आ उपरांत राजशेखर,[161] भोज[162] अने

१५८ जुओ 'गुजरातना ऐतिहासिक लेखो' (भाग १) पृ० १०७ पंक्ति ५ (श्रीफार्बसगुजरातीसभाग्रंथावलि अंक १५)

१५९ "आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः ।
शास्त्रे तु संस्कृतादन्यद् अपभ्रंशतयोदितम्" ॥ काव्यादर्श १ परि० श्लो० ३६

१६० किंचि अवब्भंसकया का वि य पेसायभासिल्ला"–(कुवलयमालाप्रारंभ हस्तलिखित अ० पा०)

१६१ "ससंस्कृतमपभ्रंशं लालित्यालिङ्गितं पठेत् "
—काव्यमीमांसा अ० ७ पृ० ३३ पं० ५.

"अपभ्रंशावदंशानि ते संस्कृतवचांस्यपि "। —पृ० ३४ पं० १०.

"अपभ्रंशभाषणप्रवणः परिचारकवर्गः "—अ० १० पृ० ५० पं० ५.

"सापभ्रंशप्रयोगाः सकलमरुभुवः टक्क-भादानकाश्च"–अ० १० पृ० ५१ पं० ६.

१६२ "अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः ॥ "
—सरस्वतीकण्ठाभरण प० २ श्लो० १३.

अपभ्रंश भाषाने भरतथी पूर्वे एक वा दोढ सैको लई जवानां ज ए निर्विवाद वात छे. तात्पर्य ए छे के, उक्त प्रकारनां साधनो द्वारा विशिष्ट प्रकारनुं अपभ्रंश–साहित्यिक अपभ्रंश विक्रमना चोथा वा पांचमा सैका सुधी पहोंचवानुं अने विशिष्ट बाधक प्रामाण न मळे त्यां सुधी आ कल्प-नाने अवकाश रहेवानो.

महायानपंथना ललितविस्तर आदि ग्रंथोनां अपभ्रंशपद्यो

७२ तुलनात्मक भाषाविज्ञाननी दृष्टिए जोतां जेमां आवेलां पद्योनी भाषा चोक्खी अपभ्रंश छे, एवां बीजां साधनोनो परिचय आ प्रमाणे छे :

बौद्धमहायानपरंपरानां ललितविस्तर, लङ्कावतारसूत्र, सद्धर्मपुण्डरीक वगेरे अनेक ग्रंथो आजे उपलब्ध छे. तेमां एवां अनेक पद्यो मळे छे जे नथी संस्कृत, नथी (रूढ) प्राकृत; किन्तु ते पद्योमां वपरायेलां विभक्त्यन्त पदो जोतां अपभ्रंशनो कोई अभ्यासी तेमने अपभ्रंश पद्यो तरीके ज ओळखे एवां ए चोक्खां अपभ्रंशरूप छे.

ललितविस्तरनां पद्यो

ललितविस्तरमां आवेलां पद्यो नीचे प्रमाणे छे :—

" प्रत्येक बुद्धभि च अर्हभि पूर्णलोको
निर्वायमाणु न बलं मम दुर्बलं स्यात् ।
सो भूयु एकु जिनु भेष्यति धर्मराजो
गणनातिवृत्तु जिनवंशु न जातु छिद्येत् ॥ (वसंततिलका)
[अध्याय २१–पृ० ३०२]

रणकालि प्राप्ति यदि नाम जयो न दोषः
तत्रैव यस्तु निहतो भवते स दोषः ।

स्वप्नांतरे तु यदि ईदृश मे निमित्ता
श्रेयो उपेक्ष म रणे परिभात्तु गच्छेत् ॥
[अध्याय २१—पृ० ३०४]

ज्वलिथ दीपविमलां ध्वजाग्रि मणिरत्न सर्वि स्थपिथा।
ओलंबयाथ हारां प्रभां कुरुत सर्वि गेहेस्मिन् ॥
संगीति योजयेथा जागरथ अतन्द्रिता इमां रजनीम्
प्रतिरक्षथा कुमारं यथा अविदितो न गच्छेथा ॥ (आर्या)
[अ० १५—पृ० २०१]

किं तात ! भिन्नवदनोऽसि विवर्णवक्त्रो
हृदयं समुत्प्लवति वेधति तेऽङ्गमङ्गम् ।
किं ते श्रुतं अथव दृष्टु भणाहि शीघ्रं
ज्ञास्याम तत्त्वतु विचिन्त्य तथा प्रयोगम् ।
[अ० २१—पृ० ३०४]

निष्क्रान्तु शूरो यद विदु बोधिसत्त्वो
नगरं विबुद्धं कपिलपुरं समग्रम् ।
मन्यन्ति सर्वे शयनगतो कुमारो
अन्योन्यहृष्टाः प्रमुदित आलभन्ते ॥
गोपा विबुद्धा तथ अपि इस्त्रिगारा
शयनं निरीक्षी न च दृशि बोधिसत्त्वम् ।
उत्क्रोशु मुक्तो नरपतिनो अगारे
हा ! वञ्चिता स्मः कहि गतु बोधिसत्त्वो ॥
राजा श्रुणित्वा धरणितले निरस्तो
उत्क्रोशु कृत्वा अहो मम एकपुत्रो
सो स्तेमितो ही जलधरसंप्रसिक्तो
आश्वासयन्ती बहुशत शाकियानां ॥

गोपा शयातो धरणितले निपत्य
केशां लुनाती अवशिरि भूषणानि ।
अहो सुभाष्टं मम पुरि नायकेना
सर्वप्रियेभिर्न चिरतु विप्रयोगः ॥
रूपासु रूपा विमलविचित्रिताङ्गा
अच्छा विशुद्धा जगति प्रिया मनापा ।
धन्या प्रसस्ता दिवि भुवि पूजनीया
क्व त्वं गतोऽसी मम शयि छोरयित्वा ॥
[अ० १५–पृ०२२९.–२३०]

के चागता धरणि कम्पयमान पड्याम्
संकम्पिता वसुध प्रीतिकरी जनस्य ।
के चागता ग्रहिय मेरु करेतलेभिः
उत्सृष्टपुष्पपुट संस्थित अन्तरीक्षे ॥
के चागताश्चतुरि सागर गृह्य मूर्ध्ना ।
उत्सृष्ट सिञ्चि वसुधां वरगन्धतोयैः ॥
के चागता रतनयष्टि गृहीत्व चित्रं
संबोधिसत्वमुपदर्शय स्थित्व दूरे
[अ० २०–पृ० २९७]

के चागता ग्रहिय मेरि यथैव मेरु
आकोट्यमानु गगणे सुमनोज्ञघोषाम् ।
यस्या रवं दश दिशो व्रजि क्षेत्रकोट्या
अद्यावबोदुममृतं अनुबुद्धि शास्ता ॥
[अ० २०–पृ० २९९]

न पास्यि पानं न च मधु न प्रमादं
भूमौ शयिष्ये नी मुकुटं धरिष्ये ।

स्नानं जहित्वा व्रततप आचरिष्ये
यावन्न द्रक्ष्ये गुणधरु बोधिसत्त्वम् ॥

[ललितविस्तर अ० १५–१९०२ आवृत्ति. संपादक–लेफमन्न]

अध्रुवं विभवं शरदभ्रनिभं नटरङ्गसमा जगि जन्मि च्युति।
गिरिनद्यसमं लघुशीघ्रजवं व्रजतायु जगे यथ विद्यु नभे ॥

–[ललितविस्तर पृ० २०४]

बोधिचर्यावतारनुं पद्य "सत्य इमे दुवि लोकविदूनां दिष्ट स्वयं अश्रुणित्व परेषाम्।
संवृति या च तथा परमार्थो सत्यु न सिध्यति किंच तृतीयु ॥"

[बोधिचर्यावतार परि० ९, पृ० ३६१ पं० १७ कलकत्ता–आवृत्ति]

लङ्कावतारसूत्र—

लंकावतारनां अपभ्रंश पदो	संस्कृत रूपो—
निल्यासतस्य	(निल्यासतः)—पृ० ६५–पं० ६
सोशस्य	(शशस्य)—पृ० ५८–पं० १०
अणुसो	(अणुशः)—पृ० ५८–पं० १२
देशेमि	(देशयामि)—पृ० ५४–पं० १
यथ	(यथा)—पृ० ५२–पं० १
कल्पेति	(कल्पयति)—पृ० ५२–पं० ११
वर्णेति	(वर्ण्यते)—पृ० ५२–पं० १५
मुदपेक्ष	(उदपेक्ष)—पृ० ५२–पं० ८
निरूप्पमाणे	(निरूप्यमाणे)—पृ० ४५–पं० ११
वदाहि मे	(वद मे)—पृ० ३२–पं० ६–७–८

ते भोन्ति (ते भवन्ति)—पृ० २६–पं० २

परिषद् सर्वा अल्पी (परिषत् सर्वा अल्पीत्)—पृ० २६–पं० ९

अवस्यं (अवश्यम्)—पृ० १७–पं० १३

कृतावकास:....रस्मिविमल–(कृतावकाश:....रश्मिविमल–) पृ० १६–पं० १२–१३

प्रतिगृह्ण (प्रतिगृहाण)—पृ० ५–पं० १५

अनुकम्प (अनुकम्पस्व)—पृ० ६–पं० १

अनुकम्पोऽसि (अनुकम्प्योऽसि)—पृ० ६–पं० ७

ललितविस्तरमहापुराणमां वपरायेला—

एकु, जिनु, जिनवंशु, रणकालि, प्राप्ति, ईदृश, परिभावु, ज्वलिथ, ध्वजाग्रि, सर्वि, ओलंबयाथ, संगीति, वेवति, दृष्टु, भणाहि, तस्वतु, निष्कान्तु, प्रमुदित, इस्तिगारा, दृशि, उत्कोसु, नरपतिनो, कहि, गतु, शाकियानां, शयातो, अवशिरि, सुभाष्टं, पुरि,

१६४ अनुक्रमे आ शब्दोनां संस्कृत अने प्राकृत रूपो नीचे प्रमाणे छे:

सं०	प्रा०	सं०	प्रा०
एकः	एक्को इक्को एगो	भण	भणाहि, भण
जिनः	जिणो	निष्कान्तः	निक्खंतो
जिनवंशः	जिणवंसो	प्रमुदितः	पमुदितो
रणकाले	रणकाले	स्त्री–अगारान्	इत्थिअगारा
प्राप्ते	पत्ते	अदर्शि	दरिसीअ
ईदृशः	एरिसो	उत्कोशः	उक्कोसो
परिभावः	परिभावो	नरपतेः	नरपतिनो
ज्वलथ	जलह	क्व	कहिं
ध्वजाग्रे	झयग्गे	गतः	गतो
सर्वस्मिन्	सव्वंसि, सव्वम्हि	शाक्यानाम्	सक्कानं, सक्काणं
अवलम्बयथ	अवलंबेह	शय्यातः	सेज्जातो
संगीतिम्	संगीतिं	अवासृजन्	अवसरीअ
विष्याति	विज्जइ	सुभाषितं	सुभासितं
दृष्टम्	दिट्ठं	पुरे	पुरे

शये, छोरयित्वा, धरणि, कम्पयमान, वसुध, ग्रहिय, मेरु, करतलेभिः संस्थित, चतुरि, सागर, गृह्य, रतनयष्टि, भेरि, जगि, जन्मि, जगे, नद-व्रजतायु (व्रजति+आयु), जगे, यथ विद्यु, नभे—

ए अने एवा बीजा अनेक प्रयोगो अने लङ्कावतार सूत्रमां वपरायेला उक्त प्रयोगो अपभ्रंश सिवाय बीजी कई भाषाना संभवी शके एवा छे? प्रथमाना एकवचनमां 'उ' प्रत्ययवाळुं रूप, सप्तमीना एकवचनमां 'इ' प्रत्ययवाळुं रूप, लोपायेली विभक्तिवाळुं रूप अने ए उपरांत वर्णपरिवर्तननी विलक्षणतावाळा भोति, इस्त्रि, ग्रहिय वगेरे विविध प्रयोगो कान उपर आवतां ज पोताना विशिष्ट प्रकारना अपभ्रंशभावने सूचित करे छे.

ललितविस्तर वगेरेना निदर्शित प्रयोगोनुं पृथक्करण करी भाषाविज्ञानविद् श्रीमान विधुशेखर शास्त्री कहे छे के—

सं०	प्रा०	सं०	प्रा०
शय्यायाम्	सेज्जाए	गृहीत्वा	घेत्तूण
छर्दयित्वा	छड्डिऊण	रत्नयष्टिम्	रतनलट्ठिं
धरणिम्	धरणिं	भेरिम्	भेरिं
कम्पयमानाः	कम्पेमाणा	जगति	जगे
वसुधाम्	वसुहं	जन्म	जम्म
गृहीत्वा	घेत्तूण	जगति	जगे
मेरुम्	मेरुं	नदी	नदी
करतलैः	करतलेहिं	यथा	जहा
संस्थिताः	संठिआ	विद्युत्	विज्जु
चतुर्-चतुरो	चत्तारो	नभसि	नहे
सागरान्	सागरे		

मूल ललितविस्तरमां वपरायेलां ए पदो संस्कृत प्राकृत नथी पण कोई त्रीजी ज भाषानां छे ते वातनो ख्याल आवे माटे आ बधां पदोनुं संस्कृत अने प्राकृत रूपांतर अहीं करी बताव्युं छे.

"एई मूळ कि? आमरा बलि अपभ्रंश प्राकृत; इहा पालिर परवर्त्ती, अपभ्रंश प्राकृत आलोचना करिले गाथाय एतादृश प्रयोगेर मूळ जानिते पारा याइबे"—[पालिप्रकाशनो प्रवेशक. पृ० ५४]

जैनग्रंथ 'वसुदेवहिंडि' वगेरेमां अपभ्रंश पद्य अने गद्य ए उपरांत जैनग्रंथ वसुदेवहिंडि, आवश्यकचूर्णि, कुवलयमाळा वगेरे ग्रंथोमां पण स्पष्ट अपभ्रंश पद्यो विद्यमान छे.

---

१६५ वसुदेवहिंडिनी गाथा आ प्रमाणे छे:

" पालि कपि चउरंगियं रेवाय(प) बधुणियं।
मेडियं च गेण्हेयि मञ्जिपमवाग्गियं ॥ "
—इत्यादि (वसुदे० प्र० भा० पृ० २८ पं० १ पु०)

१६६ " पंडे राया ण वि (रायतंडु नवि) जाणति जं सगडालो करेहिति।
नंदो राया मारेविणु सिरियं रज्जे ठवेहिइ ॥ "

—(जिनदासग० आव० चू० पृ० १८४) 'आ गाथा नाना बाळको बोले छे' एम चूर्णिमां कहेलुं छे.

" न दुक्करं तोडिय (तोडितु) अंबलुंबिया
न दुक्करं नचिउ सिक्खियाए।
तं दुक्करं तं च महाणुभावं
जं सो मुणी पमयवणम्मि वुच्छो ॥
—आवस्सकचू० पृ० १८७

१६७ " जो जसु माणुसु वल्लहउ तं जइ अण्णु रमेइ।
जइ सो जाणइ जीवइ वि तो तहु पाण लएइ ॥
दप्पमडजलप्फालणसद्दहिं पावइ माणसं दुक्खं।
सज्जणु पुणु जाणइ च्चि खल—जल्पइं सहावइं ॥
(कुव० हस्तलि० अप०)

कुवलयमालामां तो सुंदर संदर्भवाळुं गद्य अपभ्रंश पण मळे छे. कुवलयमाला विक्रमना नवमा सैकानी गणाय छे. आवश्यकचूर्णि आशरे आठमा सैकानी छे अने सातमा सैकाना विशेषणवती ग्रंथमां जेनो उल्लेख छे एवो वसुदेवहिंडिग्रंथ पांचमा सैकाना उत्तरार्धमां अने छट्ठानी शरूआतमां होय ए कल्पना अघटमान नथी.

उक्त जैन ग्रंथोनो समय

---

१६८ "सो च दुज्जणु कइसउ ? हूं, सुणउ जइसउ, पढमदंसणे चिय भसणसीलु पद्मिमांसासउ व्व। तहे मंडलो हि अपच्चभिण्णायं भसइ मयहिं च मासाइ असइ। खलो घई मायहे वि भसइ चडप्फडंतहं चम्मट्ठिमासाइं असइ त्ति"। इत्यादि (कुव० हस्तलि० अप०)

१६९ कुवलयमालाना कर्ता उद्द्योतन अथवा दाक्षिण्यचिह्न, हरिभद्रसूरिने पोताना गुरु तरीके याद करे छे. हरिभद्रनो समय (विक्रम० ७५७–८२७) आठमो —नवमो सैको सुनिश्चित छे एटले हरिभद्रनी पासे प्रमाणनो अने अन्य शास्त्रनो अभ्यास करनारा कुवलयमालाना कर्ता दाक्षिण्यचिह्ननो समय नवमो सैको छे.

१७० आवश्यकचूर्णि अने नंदीचूर्णि ए बन्ने चूर्णिओना कर्ता जिनदासगणिमहत्तर छे. नंदी–चूर्णिनो समय तेना अंतभागमां—

"शकराज्ञः पञ्चसु वर्षशतेषु व्यतिक्रान्तेषु अष्टनवतिषु नन्दी–अध्ययनचूर्णिः समाप्ता" आपेलो छे. शकसंवत् ५९८ बरावर विक्रमसंवत् ७३३. आ उपरथी श्रीजिनदासगणिमहत्तरकृत आवश्यक–चूर्णिनो समय पण आठमो सैको ठरावी शकाय छे.

१७१ श्रीजिनभद्रगणि (आशरे सातमो सैको) प्रणीत 'विशेषणवती'मां 'वसुदेवहिंडि'नो उल्लेख नीचे प्रमाणे छे :

"सामाइयचुन्नीए उसभस्स धणादओ भवा सत्त।
होंति अ पिंडिज्जंता बारस वसुदेवचरियम्मि ॥ ३१ ॥
सीहो सुदाढ नागो आसग्गीवो य होइ अन्नेसिं।
सिद्धो मिगद्धओ त्ति य होइ वसुदेवचरियम्मि" ॥ ३३ ॥
—पृ० ६ (प्रकाशक ऋषभ० के० रतलाम)

आ रीते जैनग्रंथोना समयमाननी अपेक्षाए साहित्यिक अपभ्रंश वि. ना पांचमा सैकाना उत्तरार्ध सुधी सहेजे लंबाय छे.

हवे अहीं महायान परंपराना उक्त ललितविस्तर वगेरेना समय विशे थोडो विचार करी लईए.

मोघम रीते एवुं मानवामां आवे छे के, विक्रम पूर्व लगभग बेंदीसो वर्षथी मांडीने विक्रम संवत चोथी शताब्दीना गाळामां ललितविस्तर वगेरे ग्रंथो रचाया होवा जोईए. ललितविस्तर पुराणनी रचनाने मोडामां मोडी चोथा सैकानी मानीए तो साहित्यिक अपभ्रंशनो समय ललितविस्तर पूर्वे एकाद सैको तो मानवो जोईए. कोई पण चालु भाषाने साहित्यिक-रूपे आवतां ओछामां ओछो एकाद सैको तो लागी ज जाय ए तद्दन स्वाभाविक कल्पना छे. आ रीते जोतां एम थाय के बोलचालनुं अपभ्रंश पालि, आर्षप्राकृत के अर्धमागधीनुं निकटवर्ती छे अने बोलचालना अपभ्रंश पछी साहित्यिक अपभ्रंशनो आविर्भाव घटमान भासे छे. समयनी दृष्टिए साहित्यिक अपभ्रंशनो शैशवकाळ विक्रमनो त्रीजो सैको, किशोरकाळ चोथो सैको अने पांचमा सैका पछीथी तेनो खिलतो यौवनकाळ मानी शकाय.

'ललितविस्तर' नो समय

बोलचालनुं अपभ्रंश

साहित्यिक अपभ्रंशनो समय

'अपभ्रंशप्रबंध' नो सूचक उक्त शिलालेख अने पांचमा—छट्ठा सैकाना वसुदेवहिंडि ग्रंथमां आवतां अपभ्रंश पद्यो साहित्यिक अपभ्रंशनो जे समय सूचवे छे ते अने उक्त ललितविस्तरनां पद्यो द्वारा साहित्यिक अपभ्रंशनो जे विकासमान यौवनकाळ कल्पायो छे ते वच्चे विशेष अन्तर

१७२ "गाथाभाषा के समस्तग्रंथों का रचनाकाल खिस्तपूर्व दोसौ वर्षों से ले कर खिस्त की तृतीयशताब्दी पर्यंतका है"—पाइअ० प्रस्ता० पृ० ४९.

रहेतुं नथी एटले साहित्यिक अपभ्रंश माटे साधारण रीते पांचमो सैको कहेवो होय तो ते माटे उक्त साधनो साधक छे.

अपभ्रंशनुं साहित्य

७३ साहित्यनी दृष्टिए जोईए तो अपभ्रंशनुं साहित्य विपुल छे: महाकवि चतुर्मुख, स्वयंभू, त्रिभुवन, तिलकमंजरीनो कर्ता जैन महाकवि धनपाल, भविसयत्तकथानो कर्ता बीजो जैन कवि धनपाल, पुष्पदंत, कनकामर अने जोइंदु वगेरे कविओए अपभ्रंश साहित्यने सरसरीते केळव्युं छे.

अवहट्ट अने अपभ्रंश

केटलाक कविओए अपभ्रंश भाषाने 'अवहट्ट'[१७३] (अपभ्रष्ट) शब्दथी पण कही छे ते 'अवहट्ट' अने उक्त 'अपभ्रंश' ए बे पदोना अर्थमां खास अंतर जणातुं नथी.

अपभ्रंशनुं वैचित्र्य

आ रीते जैन अने बौद्ध वगेरे कविओए समभावे अपभ्रंश भाषाने खिलववामां सरस फाळो आपेलो छे. देशभेदे के काळभेदे अपभ्रंशमां पण तारतम्य देखाय खरुं, अने एम छे माटे 'शौरसेन अपभ्रंश' 'मागध अपभ्रंश' 'पैशाच अपभ्रंश' वगेरे प्रांतिक अपभ्रंशोने जुदां जुदां गणावी शकाय. तात्पर्य ए के, जेम एक सर्वसाधारण 'प्राकृत' छे अने तेना

---

१७३ संदेशकरासना प्रणेता मुसलमान कवि अद्दहमाने पोताना रासमां भाषाओनी गणना करतां 'अपभ्रंश'ने बदले अवहट्टय (अपभ्रष्टक) शब्द वापर्यो छे: "अवहट्टय-सक्कय-पाइयं च पेसाइयम्मि भासाए"—गाथा ६। अर्थात् अवहट्टय अपभ्रष्टक, संस्कृत, प्राकृत अने पैशाचिक एम भाषाओनां नाम लीधां छे.

मने लागे छे के 'संस्कृत' शब्द 'कृ' ना भूतकृदंत द्वारा नीपज्यो छे अने 'प्राकृत' शब्द पण 'कृ' ना भूतकृदंत 'प्रकृत'नो आभास करावे छे ते जोईने 'अपभ्रंश' भाषा माटे पण भूतकृदंतना रूपनी कल्पना करी 'अपभ्रंश'ने बदले 'अपभ्रष्टक–अवहट्टय' शब्दनी वपराश चालु थई होय.

प्रांतिक भेदो 'शौरसेन प्राकृत' 'मागध प्राकृत' वगेरे कहेवाया, तेम एक सर्वसाधारण 'अपभ्रंश' छे अने 'शौरसेन अपभ्रंश' वगेरे तेना पेटा भेदो गणाय. अहीं ए हकीकत याद राखवी जोईए के, मूळभेद अने प्रांतिक भेद वच्चे असाधारण अंतर रह्युं नथी.

राजशेखर अने मार्कंडेये जणावेला अपभ्रंशना भेदप्रभेदो

राजशेखरनी काव्यमीमांसा वगेरे अलंकारना ग्रंथोमां अपभ्रंशना 'नागर' 'टक्क' 'व्राचड' वगेरे भेदो गणावेला छे अने ए भेदगणनानी प्राचीन परंपराने अनुसरीने मार्कंडेये पण अपभ्रंशना अनेक भेदो सूचवेला छे. एम छतां य ते ते प्रत्येक पेटा भेदना विशिष्ट नमूना न जोवा मळे त्यांसुधी ए संबंधे शुं कही शकाय?

प्राकृत-संस्कृत अने अपभ्रंश ए त्रणे बहेनोमां परस्पर सद्भाव

तात्पर्य ए के, एक काळे जे भाषा आपणा देशमां सर्वत्र व्यापक हती अने वर्तमानमां जे फक्त साहित्यमां सचवायेली छे तेवी अपभ्रंश एक अखंड भाषा छे, तेनो मूळ संबंध वैदिक युगना उक्त स्वरूपवाळा आदिम प्राकृत साथे छे. जेम प्राकृत अने संस्कृत बे बहेनो छे तेम अपभ्रंश ए तेमनी त्रीजी बहेन छे. ए त्रणे बहेनोमां परस्पर अत्यंत सद्भाव अने गाढ संपर्क होवाथी एकनी शोभा बीजीमां अने बीजीनी शोभा त्रीजीमां एम आव्या करे छे. आम छे माटे ज ललित-

---

१७४ नागर अपभ्रंश, व्राचड अपभ्रंश, उपनागर अपभ्रंश ए त्रण भेदोने, मार्कंडेय, प्रधान समजे छे. आ उपरांत लाट, वैदर्भ, बार्बर, आवंत्य, पांचाल, टाक, मालव, कैकय, गौड, औड्र, पाश्चात्य, पाण्ड्य, कौंतल, सैंहल, कालिंग्य, प्राच्य, कार्णाटक, काञ्च्य, द्राविड, गौर्जर, आभीर, मध्यदेशीय, वैतालिकी वगेरे सत्तावीश भेदोने जणावे छे-(जुओ मार्कंडेय प्राकृतस० पृ० २ विभाषा०)

विस्तरनाँ प्रांजल संस्कृत प्रवाहमां ए अपभ्रंश पद्योनी शोभा भळी गयेली छे. भाषाना सौष्ठवमाटे एवी शोभानो आश्रय सौ कोई ले छे ए वात जाणीती छे.

---

१७५ ललितविस्तरमहापुराणनो गद्यभाग सरळ संस्कृतमां छे अने पद्यभाग अपभ्रंश भाषामां छे. तेमां आवेलां पद्यो पण ओछां नथी, जेटलुं स्थान गद्ये रोक्युं छे तेटलुं ज पद्योए रोक्युं छे. तेना गद्यभागनी प्रांजल प्रवाहरूप संस्कृत-भाषानो नमूनो आ प्रमाणे छे:

"ततः छन्दकः कण्ठकम् आभरणानि च आदाय अन्तःपुरं प्राविक्षत्। ततः तानि आभरणानि चिरेण कालेन भद्रिकस्य शाक्यकुमारस्य महानाम्नः—अनिरुद्धस्य च अवध्यन्त स्म। तानि महानारायणसंघटनकायार्थम् अन्ये न शक्नुवन्ति स्म धारयितुम्। यदा न कश्चित् तानि धारयितुं शक्नोति स्म तदा महाप्रजापत्या गौतम्या चिन्तितमभूत्—यावदहम् इमानि आभरणानि पश्यामि तावद् मम हृदये शोको भविष्यति यत्नु (यन्नु) अहम् इमानि आभरणानि पुष्करिण्यां प्रक्षिपेयम्–इति। ततो महाप्रजापती गौतमी तानि आभरणानि पुष्करिण्यां प्रक्षिपति स्म। अद्यापि सा 'आभरणपुष्करिणी' इत्येवं संज्ञायते।" तत्रेदमुच्यते:—

निष्क्रान्तु शूरो यद विदु बोधिसत्त्वो
नगरं विबुद्धं कपिलपुरं समग्रम्।
मन्यन्ति सर्वे शयनगतो कुमारो
अन्योन्यहृष्टाः प्रमुदित आलभन्ते॥

—ललितविस्तर–अभिनिष्क्रमणपरिवर्त पृ० २२९–२३०

१७६ जेम केटलाक लोकभाषामय ग्रंथोमां संस्कृत वा संस्कृत जेवी शैली भळवाथी विशेष शोभा आवे छे तेम ललितविस्तरना प्रांजल संस्कृतमां लोक-भाषानी रचनाओ भळवाथी विशेष सौष्ठव आवेलुं छे. प्रबंधचिंतामणि वगेरे प्रबंधग्रंथोनी अने एवा बीजा कथाग्रंथोनी रचनाशैली जोनाराओ आ हकीकत तुरत समजी शकशे.

लोकभाषामय रास वगेरेमां जे रीते संस्कृत शैली भळेली छे तेना नमूना आ प्रमाणे छे:

" आदी देव प्रनम्य नम्य गुरयं वानीय वंदे पयं ।
सिष्टं धारन धारयं वसुमती लच्छीस चर्नाश्रयं ॥
तं गुं तिष्टति ईस दुष्ट दहनं सुरनाथि सिद्धिश्रयं ।
थिर्चरजंगम जीव चंद नमयं सर्वेस वर्दामयं ॥" —पृ० १

" गुणाहार लिता गार मुकुभा अरुना सुना गोपिनी ।
सेतं चीर सरोरुहार सरिता गंगी गिरा जोगनी ॥
नीलापानि सुवानि जानि दर्सिता हंसारसा आसिनी ।
लंबोजा चिहुरार भारसघना सिसा धता नागिनी ॥" —पृ० १९

" पराते परतरे यांति नारायणपरायणं ।
न ते तत्र गमिष्यंति ये दुष्यंति महेश्वरं ॥" —पृ० २२

" सगाया प्रफुल्ल पंकज सगनं लच्छी इमा रदौ परं ।
" मंगं भूतरुपाल गाल सर्पिनं गंजति माला हरं ॥
नासेमत्त पिशृनि भूतिरयुगं विस्भूति मायाकम ।
पापं चिहरति सुचि आपनविसं वीयं वरं देवयं ॥" —पृ० २२

(पृथ्वीराजरासो—नागरीप्रचारिणी० बनारस)

बीजो नमूनो तुलसीदासजीरचित रामायणनो—

" नमामीश घन श्याम रघुवंशदासं
सदानन्ददाता सुविद्याप्रकाशं ।
विशाल भालनीलं कृपालुं निधानं
चरणाम्बुजे सेवितं पापनाशम् ॥"

" प्रसन्नाननं नीलवदनं सुश्यामं
नमो पाहि शरणं सुरामाभिरामं ।
भाख्यो उमानाथ यशोनाथ नामं
देख्यो कृपासिंधुको रामधामम् ॥"

(रामाश्वमेध—लवकुशकांड पृ० ११९८ खेम०)

" वेगवंत मारुत सरिस बुधिबल रूपनिधान ।
एवमस्तु कह ऋषि गये केशरि सुनि सुख मान ॥ ४८ "
—किष्किंधा कांड पृ० ६४१ (निर्णय०)

संस्कृत बहेन संपत्तिशाली छे, तेनां आभूषणो पण तेवां ज महामूल्य छे. परंतु ते बहेन लोकव्यापक नथी थई त्यारे प्राकृत अने अपभ्रंश ए बन्ने बहेनो साधारण छे. तेमनां आभूषणो साधारण छे परंतु ते बन्ने बहेनो लोकव्यापक थयेली छे. लोकमां संपत्तिशालिनुं प्राधान्य अने साधारण जननुं अप्राधान्य प्रवर्ते छे, परंतु भाषामां तेम नथी. भाषामां तो संपत्तिशाली भाषा साधारण भाषानो पण आश्रय ले छे अने साधारण भाषा संपत्तिशाली भाषानो पण शृंगार पहेरे छे.

गुजरातीनी माता उक्त अपभ्रंश. व्यापक प्राकृत मोटी माशी अने संस्कृत नानी माशी. गुजरातीनी मातामही वैदिकयुगनुं आदिम प्राकृत

आपणी गुजराती भाषानी मा उक्त अपभ्रंश भाषा छे अने व्यापक प्राकृत तेनी मोटी माशी छे, अने संस्कृत तेनी नानी माशी छे. वैदिकयुगनुं आदिमप्राकृत, ए बधीनी माता छे अने गुजरातीनी मातामही छे. मातामहीनो संपर्क परंपराए छतां गुजरातीए पोतानी मातामहीनो वारसो जाळवी राख्यो छे.

गुजरातीमां मातामहीनो वारसो

'आ' के 'ए' अर्थे वपरातो प्रचलित गुजरातीनो 'ई'[१७७] शब्द, 'इवँ' अर्थे वपरातुं चालु गुजरातीनुं 'न' अव्यय, 'मोटाइ' वगेरेमां आवतो भाववाचक 'आँइ' प्रत्यय अने 'पांच वरसनो' वगेरे प्रयोगोमां आवतो 'न' प्रत्यय—ए बधुं ए मातामहीना पारंपरिक धावणनुं परिणाम छे.

---

१७७ काठियावाडमां 'ई' शब्दनो व्यवहार सुप्रतीत छेः 'ई आव्यो' 'ई नथी' 'ई छे' वगेरे.

१७८ 'चांदो न होय' 'कणे न होय' 'जम न होय' वगेरे वाक्योमां 'न' नो 'इव' अर्थ जाणीतो छे.

१७९ जुओ पृ० ६८–६९ [३७–३८]

आमुखनी शरूआतमां (पृ० १४–) भाषाभेदनां निमित्तोनी चर्चा विशेष विस्तारथी करी छे. पछी वैदिक वाणी साथे ज व्यापक प्राकृतनो गाढ संबंध छे, ए हकीकत अनेक उदाहरणो अने युक्तिओ द्वारा स्थापित करी बतावी छे. अने साथे साथे 'प्रकृतिः संस्कृतम्' एटले लौकिक संस्कृत तथा प्राकृत बन्नेना कार्यकारणभाववाळा मतने उपेक्षापात्र ठराव्यो छे अने ते मतने संगत करवानी दृष्टि पण सूचवी छे. व्यापक प्राकृतनुं प्रभव स्थान वैदिक युगनुं आदिम प्राकृत छे—नहीं के लौकिक संस्कृत—ए अहीं प्रधान सिद्धांत छे.

आमुखनो उपसंहार

संस्कृत उपर व्यापक प्राकृतनी केवी प्रबळ असर थयेली छे ए बताववा माटे प्राचीन अने अर्वाचीन अनेक उदाहरणो बतावी व्यापक प्राकृतनुं प्रभुत्व सूचित कर्युं छे. अने प्राकृतनी साथे संस्कृतनो संबंध एक बहेन जेवो वर्णवी बताव्यो छे. पछी व्यापक प्राकृतना अवान्तर भेदो—पालि वगेरेनुं साधारण स्वरूप, देश्यप्राकृतनुं स्वरूप अने छेक छेल्ले साहित्यिक अपभ्रंशना समय विशे पण ऊहापोह करी लीधो छे.

७४ आगळ कह्या प्रमाणे अहीं मारे बारमा सैकाथी अढारमा सैका सुधीनी गुजराती भाषानी उत्क्रांति विशे प्रधानपणे कहेवानुं छे अने ते हेमचंद्रे घडेला अपभ्रंशना गजने मापे मापी बताववानुं छे, एथी हवे पछी प्रचलित गुजरातीनी माता अपभ्रंशना स्वरूपनी चर्चा क्रमप्राप्त छे.

भाषानुं स्वरूप साहित्यद्वारा अने व्याकरणद्वारा पण जाणी शकाय छे. व्याकरणनुं साधन उपलब्ध छे, तेथी साहित्यने डोळवानी अपेक्षा नथी. व्याकरणनुं संपूर्ण साधन पण फक्त एक हेमचंद्रकृत अपभ्रंश प्रक्रिया ज छे. हेमचंद्रे जे अपभ्रंशप्रक्रिया बतावी छे तेने हुं तेमना समयनी प्रचलित लोकभाषानी अथवा जूनी गुजरातीनी प्रक्रिया समजुं

हेमचंद्रना समयनी लोकभाषानी हेमचंद्रे आपेली समझूती

છું અને તે, પ્રચલિત ગુજરાતીની માતા છે. વ્યાકરણ ઉપરાંત હેમચંદ્રે પોતે કુમારપાલચરિતમાં કેટલાંક પદ્યો પણ રચેલાં છે. તેને હું સાહિત્યિક ઊગતી ગુજરાતીનાં પ્રથમ પદ્યો કહું તો મને એ વધારે પડતું ભાસતું નથી અને શરૂઆતમાં જે મેં હેમચંદ્રને ગુજરાતીના પાણિનિ અને વાલ્મીકિ કહ્યા છે તે તેમના તે વ્યાકરણ અને પદ્યોની અપેક્ષાએ જ કહ્યા છે.

તેમનાં પદ્યોનો નમૂનો આ નીચે આપું છું:

હેમચંદ્રના શબ્દોમાં તે લોકભાષાનો નમૂનો

" અમ્હે નિંદઉ કોવિ જણુ અમ્હઇં વણ્ણઉ કોવિ ।
અમ્હે નિંદહું કં વિ ન વિ ન અમ્હઇં વણ્ણહું કં વિ ॥૩૭॥
મઇં મિલ્લેવા ભવગહણુ મઇં થિર એહી બુદ્ધિ ।
મત્થા હત્થઉ સુગુરુ મઇં પાવઉં અપ્પહો સુદ્ધિ ॥ ૩૮ ॥
અમ્હેહિં કેણ વિ વિહિવસિણ એહુ મણુઅત્તણુ પત્તુ ।
મજ્ઝુ અદૂરે હોઉ સિવુ મહુ વચ્ચઉ મિચ્છત્તુ ॥ ૩૯ ॥
અમ્હહં મોહપરોહુ ગઉ સંજમુ હુઉ અમ્હાસુ ।
વિસય ન લોલિમ મહુ કરહિં મ કરહિ ઇઅ વીસાસુ ॥ ૪૦ ॥

---

૧૮૦ આ પદ્યો ઊગતી ગુજરાતીનાં છે. તેનો ચાલુ ગુજરાતીમાં બિંબ-પ્રતિબિંબ ન્યાયે જે અક્ષરશઃ અનુવાદ થાય છે તે આ પ્રમાણે છેઃ

અમને નિંદો કોઈ જણ અમને વર્ણો કોઈ ।
અમે નિંદશું કોઇને નવિ ન અમે વર્ણવશું કોઈ ॥
મેં (મારે) મેલવું ભવગહન મેંમાં થિર એહ બુદ્ધિ
માથે હાથો સુગુરુ, મેં પામું આપની શુદ્ધિ ॥
અમે કેણે વી વિધિવશે એહ મનુજપણું પામ્યું ।
મુજ અદૂરે હો શિવ મુજ વયું જાઓ મિથ્યાત્વ ॥
અમેનો મોહપ્રરોહ ગયો સંજમ હુઓ અમમાં ।
વિષય ન લોલતા મુજ કરે મ કર એ વિશ્વાસ ॥

रे मण ! करसि कि आल्ही विसया अच्छइ दूरि ।
करणइं अच्छइं गंथिअइं कहुडं सिवफलु भूरि ॥ ४१ ॥

इण परि अप्पउ सिक्खविसु तुह अक्खइं परमत्थु ।
सुमरि जिणागम धम्मु करि संजमु वहु परमत्थु ॥ ४२ ॥

किम्वँ जम्मणु केम्वँ य मरणु किह भवु किम निव्वाणु ।
एहउ तेण परिजाणियइ जसु जिणवयण प्रमाणु ॥ ५० ॥

जाँम्व न इंदिय वसि ठवइ ताँम्व न जिणइ कसाय ।
जाउं कसायहं न किउ खउ ताउं न कम्मविघाय ॥ ५३ ॥

चंचल संपय ध्रुवु मरणु मच्चु वि एम्व भणेइ ।
मिलिवि समाणु महामुणिहिं पर संजमु न करेइ ॥ ६२ ॥

तित्थि वि अच्छउ अहव वणि अहवइ निअगेहि वि ।
दिवे दिवे करइ जु जीवदय सो सिज्झइ सव्वो वि ॥ ६४ ॥

रे मन ! करे छे केम आळ विषयो छो दूरे ।
करणो छे रुंधियां काढुं शिवफल भूर ॥
एणी परे आपने शीखव, तुंने कहिए परमार्थ ।
समर जिनागम धर्म कर संयम जा (कर) परमार्थ ॥
केम जनम केम मरण केम भव केम निर्वाण ।
एहवुं तेणे परिजणाय जास जिनवचन प्रमाण ॥
जाम न इंद्रिय वशे ठवे ताम न जिणे कषाय ।
जाव कषायोनो न कियो क्षय ताव न कर्मविघात ॥
चंचळ संपदा ध्रुव मरण सउ–सर्व वी एम भणे ।
मिली–मळी समान (साथे) महामुनिओने पण संजम न करे ॥
तीर्थे वी छो अथवा वने अथवा निजगेहे वी ।
दिए दिए (दिने दिने) करे जे जीवदया सो सीझे सउ वी ॥

सग्गहो–केहिं करि जीवदय दमु करि मोक्खहो–रेसि ।
कहि कसु–रेसिं तुहुं अवर कम्मारंभ करेसि ॥ ७० ॥
कायकुडुल्ली निरु अथिर जीवियडउ चलु एहु ।
ए जाणिवि भव–दोसडा असुहउ भावु चएहु ॥ ७२ ॥
ते धन्ना कन्नुल्लडा हिअउल्ला ति कयत्थ ।
जे खणिखणि वि नवुल्लडअ घुंटहिं धरहिं सुअत्थ ॥ ७३ ॥
पइठी कन्नि जिणागमहो वत्तडिआ वि हु जासु ।
अम्हारउं तुम्हारउं वि एहु ममत्तु न तासु ॥ ॥ ७४ ॥
—(कुमारपाल चरित–आठमो सर्ग–प्राकृत द्व्याश्रय)

उक्त पद्योनी नीचे ज तेमनुं चालु गुजरातीमां प्रतिबिंब आपेलुं छे. ए

हेमचंद्रनां पद्योनी भाषा अने वर्तमान गुजराती भाषा

ऊपरथी स्पष्ट समझी शकाय एम छे के–ए पद्योनी भाषा, वर्तमान गुजरातीना वलण तरफ केटला वेगथी गति करी रही छे.—

अम्हे–अमे, निंदउ–निंदो, कोवि–कोई, वण्णउ–वर्णवो, जणु–जन, मिल्लेवा–मेलवुं, एही–ए, पावउं–पामुं, संजमु–संजम–संयम, मण–मन, रुंधिअइं–रुंधिआं–रुंध्यां, कड्ढउं–काढुं, इणिपरि–एणीपेरे, सुमरि–सुमर्य–सुमर–समर्य–समर. किम्व–केम, प्रम्वाँणु–प्रमांण, वसि–वशे, खउ–खो, एम्व–एम, भणइ–भणे–(कहे), मिलिवि–मळी–मळीने, पर–पण, वणि–वने, गेहे–गेहे (घरे), कायकुडुल्ली–कायकोटडली, जीवियडउ–

स्वर्ग माटे करे जीवदया दम करे मोक्ष माटे ।
कहे कोने माटे तुंह ओर कर्मारंभ करे छे ॥
कायकोटडली निरु अथिर जीवितडुं चळ एह ।
ए जाणी भवदोषोने अशुभ भाव तजेह ॥
ते धन्य कानलडा हैयलडां ते कृतार्थ ।
जे क्षणेक्षणे वी नवलडा घुंटे (पीए) धरे श्रुतार्थ ॥
पेठी काने जिनागमनी वातडी वी जास ।
अमारुं तमारुं वी एह ममत न तास ॥

जीवितडुं, जाणिवि—जाणी—जाणीने, पइठी—पेठी, वत्तडिआ—वातडी, अम्हारउं,—अमारुं, तुम्हारउं—तमारुं, एहु—ए.

उक्त शब्दोमां प्रथम शब्द हेमचंद्रनो छे, ते पछीनो चालु गुजरातीनो छे अने ते पछी कनुपचिह्नमां क्यांय ते मूळशब्दनो अर्थ मूकेलो छे. ७३ मा पद्यमां आवेलुं 'घुंटहिं' क्रियापद 'पीए छे' नो अर्थ सूचवे छे. धात्वादेशना प्रकरणमां हेमचंद्रे 'पा'—(पीवुं) धातुने बदले 'घोट्ट' धातु वापरवानी भलामण करी छे: "पिबेः पिज्ज—डल्ल—पट्ट—घोट्टाः—[८—४—१०]—सूत्रोक्त ते 'घोट्ट' धातु, देश्य जणाय छे. 'पिब' नो आदेश नथी. हेमचंद्रे अहीं वापरेलो 'घुंट' धातु, उक्त 'घोट्ट' नुं रूपान्तर छे अने ते गुजराती 'घुंटडो' के 'घुंट' शब्दमां सचवायेलुं छे. वळी, बीजा 'इणि परि' वगेरे शब्दो तो चोक्खा गुजराती ज छे. माटे हेमचंद्रनां ते पद्योने गुजराती भाषाना जन्म काळनां कहुं छुं.

एमना समयमां एमना देशनुं नाम 'गुर्जरत्रा' जाणीतुं हतुं, परंतु भाषा माटे हजु ए शब्द रूढ थयो नहोतो एम लागे छे. दाक्षिण्यचिह्न वा उद्द्योतनसूरिनी कुवलयमाळामां एक बे स्थळे गुर्जरोनी भाषानो नमूनो मूकेलो छे. ए उपरथी भाषाना स्वरूपनो स्पष्ट ख्याल आवे एम नथी. छतां गुर्जरो जे भाषाने बोलता हशे ते भाषाने क्या विशेष नामथी ओळखवी? ए प्रश्न तो थाय छे ज. एनो उकेल करवानां विशेष साधनो उपलब्ध नथी छतां ए बाबत उक्त कुवलयमालानो उल्लेख जे थोडो घणो प्रकाश नाखे छे ते आ प्रमाणे छे—

कुवलयमालामां आवेलो गुर्जरो लाटो अने मालवोनी भाषानो उल्लेख

१८१ आ उल्लेख घणो लांबो छे. तेमां अनेक देशना लोकोनी भाषानां जुदां जुदां पदोनां उदाहरण छे. तेमांथी अहीं तो मात्र गुज्जर, लाट अने मालव लोकोनी भाषानां ज उदाहरण मूकेलां छे. जे पदो जाडा अक्षरमां मूक्यां छे ते, भाषानां पदो छे. पहेली गाथामां गुज्जर पछी लाट अने पछी मालव प्रवासी बोले छे. आ लांबा उल्लेख माटे जुओ विद्यापीठ प्रकाशित प्राकृतव्याकरणनी प्रस्तावना पृ० २०—२३ टिप्पण.

" धणलोणियपुट्ठंगे धम्मपरे संधिविग्गहे निउणे ।
' न उ रे भल्लउं ' भणिरे अह पेच्छइ गुज्जरे अवरे ॥ "
" ण्हाओलित्तविलित्ते कयसीमंते सोहियंगत्ते ।
' अम्हं काउं तुम्हं '–भणिरे अह पेच्छइ लाडे ॥ "
" तणुसाममडहदेहे कोवणए माणजीवणे रोद्दे ।
भाइ य भइणी तुब्भे–भणिरे अह मालवे दिट्ठे[१८२] ॥ "

उपर्युक्त उल्लेखोमां 'जुदा जुदा देशना वाणियाओ जुदी जुदी भाषा बोले छे' ए बाबतनुं सूचन छे. पहेलो उल्लेख गुर्जर बोलनाराओनो छे, पछी लाट अने मालव बोलनाराओनो छे. (गुर्जर वगेरेए बोलेला शब्दो जाडा अक्षरमां मूकेला छे)

अपभ्रंश अने प्रांतिक भाषाओ

जे वखतनो आ उल्लेख छे ते समये बोलचालनी प्रधान भाषा अपभ्रंश हती पण ए प्रधान अपभ्रंशना प्रवाहमां, कारणमां कार्य सत होय छे ए रीते सद्रूपे रहेली प्रांतिक भाषाओ कारणथी जेम कार्य पृथक् थाय तेम जुदी पडी माता-अपभ्रंशनुं स्थान लेती जती हती. एटले ज कुवलयमालाकार गुर्जरोनुं, लाटोनुं अने मालवोनुं संभाषण जुदुं जुदुं टांकी बतावे छे. ए वात पण खरी छे के, ए वखते भाषा माटे

१८२ उपर्युक्त त्रणे पद्योनो अर्थ अनुक्रमे आ प्रमाणे छेः

हवे, धन अने माखणद्वारा जेओनुं अंग पुष्ट छे, जेओ धर्मपरायण छे, संधि अने विग्रहमां निपुण छे तथा जेओ " न उरे भल्लउं–" –'नोरे भलुं' एम बोलनारा छे एवा बीजा गुज्जरलोकोने जुए छे. १

हवे, स्नान अने विलेपनथी विलिप्त (?), तथा सेंथावाळा अने सुशोभित शरीरवाळा " अम्हं काउं तुम्हं "–'अमारुं तमारुं शुं (?)' एम बोलनारा लाटोने जुए छे. २.

हवे, काळा अने मोटा पातळा शरीरवाळा, खारीला, मानपूर्वक जीवनारा, रौद्र तथा "भाइ य भइणी तुब्भे" –'भाई अने बेन तने' एवुं बोलनारा मालवी लोकोने दीठा ३.

गुर्जरी, ग्राटी के नामथी शब्दो रूढ थैले नहीं थइ्यां. परंतु संभव छे के समग्र जनपदनी एकतासूचक 'देशी भाषा' एवो कोई व्यापक शब्द चाल्यो होय. ए समयनी देशी भाषाओ एकनली होइ छतां उच्चारणवैचित्र्यने नोंधे अंशतः विभिन्नप्राय हती एटले ज कुवलयमालाकार ते वर्गनी जुदी जुदी वाणी बतावे छे. ते वर्णमांनो गुर्जर जे वाणी बोल्यो छे ते भले ते समये 'देशी भाषा' के एवा बीजा कोई सामान्य नामथी ओळखाती होय, परंतु त्यार पछीना समये चालती ए ज वाणीने 'गुर्जरी' या 'गुजराती' ना अभिधानने योग्य कहेवामां वाध नथी.

अंतिम अपभ्रंश के ऊगती गुजराती

कुवलयमालाना कर्ता पछी आ० हेमचंद्र आशरे त्रण सैका बाद आवे छे. विद्वानो हेमचंद्रना समयमां जे लोकभाषा प्रचलित हती तेनुं नाम 'अंतिम अपभ्रंश' आपे छे. मारा नम्र कथन प्रमाणे तेओ जे भाषाने 'अंतिम अपभ्रंश' कहे छे ते ज आ आपणी ऊगती गुजराती छे.

१८२ छेक सोळमा, सत्तरमा अने त्यार पछीना सैकाना पण कविओ आपणी भाषा माटे यौगिकार्थी अने व्यापक 'प्राकृत' शब्द वापरे छे त्यारे अमुक अमुक कविओ 'गुर्जरभाषा' शब्द वापरे छे. एथी एम जणाय छे के गुजरातनी भाषा माटे प्रांतिकतासूचक 'गुजराती भाषा' शब्द घणो मोडो रूढ थयेलो होय:

(१) "संस्कृत में जाण्युं नहीं जाणी प्राकृत वाण"–नाकरकवि.

(२) "प्राकृत भाषाए मुणीने कहुं मधुसूदन"–मधुसूदन कवि.

(कविचरित–रा० रा० के० का० शास्त्री. गु० व० पृ० २०३, २२५)

(३) "गुर्जर भाषाए नलराना गुण मनोहर गाऊं"–भालण (उक्त कविच० पृ० ९८)

(४) "संस्कृत मांहेथी सो॥......गुजरभाख्य"–शामलदास (हस्तलि० पु० यादी भा० २, रा० रा० अंबालाल बु० जानी. फा० गु० पृ० ३७)

(५) "हीरे जव्यूं सोहे हेम॥ प्राकृत उपर परव्युं तेम"–केशवदास (उक्त यादी पृ० ५९)

(६) "करो प्राकृत शु प्रीतमां इष्ट उपागी एह"–शामलभट्ट (उक्त यादी पृ० ५२)

'गुजराती' के 'गुजराती योद्धो' ना अर्थमां आ० हेमचंद्रे 'गुज्जर' शब्दनो प्रयोग अनेकवार कर्यो छे. परंतु भाषा माटे ए शब्दनो प्रयोग आ० हेमचंद्रे के ते समयना बीजा विद्वाने कर्यो होय एम जाण्युं नथी. 'देशी-राग'नो सूचक '[185]गुर्जरी' शब्द छे, किन्तु तेवा अर्थमां वपरायेला 'गुर्जरी' नो प्रयोग सौथी प्रथम कोणे कर्यो छे ते जाणवानुं साधन नथी. उक्त '[186]गुर्जरी' शब्दनो संबंध गुज्जर लोको वा गुज्जरदेश साथे छे एटले राग माटे जेम 'गुर्जरी' शब्द वपरायो छे तेम भाषा माटे ए शब्द ते वखते केम नहीं वपरायो होय? ए शोधनीय तो खरुं ज.

'देशीराग' अने 'मेळो' अर्थनो गुर्जरी शब्द

जे माटीमांथी घडो नीपजतो होय ते माटीने अंतिम माटी कहो के 'घडो' कहो ए बधुं सरखुं छे तेम हेमचंद्रना समयनी 'अंतिम

---

१८४ "गुजरदलम्मि"—गूर्जरसैन्ये–प्रा० द्व्या० सर्ग ६ श्लो० ५९.
"लज्जिरगुज्जरेहि"—लज्जनशीला ये गुर्जराः तैः—सर्ग ६ श्लो० ६५.
"गुज्जरलोओ"—गूर्जरलोकः—सर्ग ६ श्लो० ६८.

१८५ हिंदीशब्दसागरमां 'गुर्जरी' रागनो परिचय आ प्रमाणे छेः "भैरव रागकी स्त्री। यह संपूर्ण जातिकी रागिनी है। इसमें तीव्र मध्यम और शेष सब स्वर कोमल लगते हैं। यह रामकली और ललितको मिला कर बनती है इसके गाने का समय दिनको १० दण्डसे १६ दंड तक है।

गुर्जरीनो बीजो अर्थ—"गुजरात देशकी स्त्री" पण ते कोशमां आपेलो छे.

१८६ फारसी भाषामां 'गुज़री' शब्द स्त्रीलिंगी छे. तेनो अर्थ 'मेळो' छे "वह बाजार जो प्रायः तीसरे प्रहर सडकोंके किनारे लगता है" आ अर्थ 'गुज़री' शब्दनो छे (जुओ उर्दू-हिंदीकोश-हिं०) फारसी भाषामां "निकास–गति। निर्वाह–कालक्षेप, पैठ–पहुँच–प्रवेश"। अर्थमां नरजातिवाळो 'गुज़र' शब्द छे अने एवा ज अर्थवाळुं 'गुजरना' क्रियापद छे अने एने मळतो 'गुजरबसर' बोल पण छे. प्रस्तुत फारसी 'गुज़र' कोई स्वतंत्र ज शब्द छे के एनो संबंध 'गुर्जर' पद साथे छे ए विचारणीय खरुं.

अपभ्रंश' ना नामथी सूचवाती भाषा अहीं मानीने रचने छे, अने ए भाषामां आविर्भावकाळथी अंतर्गत ऊगती गुजराती 'घड' ने स्पर्शे छे. एथी ए 'ऊगती गुजराती' ने 'प्राण' शब्दथी ओळखवा करतां आदिकालीन लक्षणोने लीधे 'प्रारंभ' शब्दथी ओळखवी ए वधारे सुगम थशे छे. माटे ज अहीं हुं हेमचंद्र 'अपभ्रंश' ना व्याकरण नीचे आवेली भाषाने 'अंतिम अपभ्रंश' ने बदले 'ऊगती गुजराती' एवुं विशिष्ट नाम आपुं छुं.

७५. धर्मघोषसूरि नामना एक जैनाचार्य लगभग बारमा सैकामां ख्यात हता. तेमना शिष्ये तेमनी स्तुति ते वखतनी प्रचलित भाषामां रचेली छे. तेमां 'गुज्जरी' नी पासे नीचेनां पद्यो कहेवराव्यां छे:

गुज्जरीनी वाणीनो नमूनो

"गुज्जरि बोल्लइ चाहु प्रिय ! मज्झु मणोरह पूरि ।
देसण सुणहु सुहावणिय वंदविणु जससूरि ॥ ७ ॥
मलियहि विमलउ सयलु जलु पय पहुतउ आसोय मासु
धम्मसूरि-चित्तडं चित्त जिम्व पय निम्मलु ठिउ आगासु ॥ ८ ॥

१८७ गायकवाड प्राच्यविद्यामंदिर तरफथी प्रकाशित थयेला पाटणना भंडारोना सूचिपत्रमां पृ० ३६६-३६७-३६८-३६९-३७० ऊपर श्रीधर्मघोषसूरि अथवा धर्मसूरिनी स्तुति छे. तेमां तेमनो परिचय आपेलो छे. ते स्तुति-परिचय तेमना शिष्य रविप्रभे रचेलो छे.

१८८ आ पद्यो ते ज सूचिपत्रमां पृ० ३७१ ऊपर छे. ते, 'बारह नावडं-द्वादश नाम अपभ्रंश' नामनी धर्मसूरिस्तुतिमां ७-८ मां छे. तेनुं वर्तमान गुजराती पद्य नीचे प्रमाणे छे:—

गुजरी बोले चालो प्रिय मुज मनोरथ पूर ।
देशना सुणो सुहावणी वंदीने यशःसूर ॥
मलितहे विमल सकल जल, पै पहोंच्यो आसो मास
धर्मसूरिकेरुं चित्त जेम पै निर्मल थियुं आकाश ॥

बारमा सैकानी आ भाषा ऊगती गुजराती नथी एम कोण कही शकशे ?

७६ आचार्य हेमचंद्रे पोताना समयनी ऊगती गुजरातीने व्याकरण द्वारा नियंत्रित करवा जे जे नियमो आप्या छे ते बधानुं अहीं सविस्तर आलेखन आवश्यक छे, कारण के अहीं ते नियमोनी तुलना द्वारा ज बारमा सैकाथी अढारमा सैका सुधीनी गुजराती पद्य के गद्य एवी कतिपय कृतिओनी भाषानुं अवलोकन करवानुं छे:—

हेमचंद्रनुं ऊगती गुजरातीनुं व्याकरण

स्वरपरिवर्तन

(१) प्रायिक स्वरपरिवर्तन

(हेमचंद्रनां सूत्रोनां अंको)
८–४–३२९

'अ' नो आ—कच्च, काच्च (काच)
'ई' नो ए—वीण, वेण (वीणा)
'उ' नो अ, आ—वाह बाहा, बाहु (बाहु)
'ऋ' नो अ, इ, उ—तण, तिण, तृंण (तृण)
पट्ठ, पिट्ठ, पुट्ठ (पृष्ट)
सुकिद, सुकृद (सुकृत)

[पालि, आर्षप्राकृत के अर्धमागधीमां 'ऋ' नो उपयोग समूळगो नथी त्यारे अपभ्रंशमां तेनो उपयोग प्रचलित थाय छे जो के ते पण विरल छे.]

---

१८९ वैदिकसंस्कृतमां अने पाणिनीय संस्कृतमां 'ऋ' स्वरनो प्रयोग छे त्यारे पालि, आर्षप्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने चूलिकापैशाचीमां 'ऋ' स्वरनो प्रयोग ज नथी. वळी पाछुं अपभ्रंशमां 'ऋ' नो प्रयोग चालु थाय छे. तृण, सुकृत वगेरे एनां उदाहरणो छे.

'ऌ' नो इलि—किलिन्नओ, किन्नओ (कॢन्न)
'ए' नो इ, ई—लिह, लीहँ लेह (रेखा)
'औ' नो अउ, ओ—गउरी, गोरी, (गौरी)

લઘુ ઉચ્ચારણ
૮-૪-૪૧૦

(૨) લઘુ ઉચ્ચારણ

વ્યંજન સાથે મળેલા 'ए' અને 'ओ'નું લઘુ ઉચ્ચારણ થાય છે.

सुँधें–(सुखेन)

दुल्लहो–(दुर्लभस्य)

૮-૪-૪૧૧ પદને છેડે આવેલા उं, हुं, हिं અને हं નું લઘુ ઉચ્ચારણ થાય છે.

तुच्छउं–(तुच्छकम्)

तरुहुं–(तरुभ्यः)

जहिँ–(यत्र)

तणहं–(तृणानाम्)

व्यंजनपरिवर्तन

(૩) અસંયુક્ત અને અનાદિસ્થ વ્યંજનનું પરિવર્તન

---

૧૯૦ ભાષામાં પ્રચલિત 'લીંટી' કે 'લીટી' અને 'લીંટો' કે 'લીટો' ના મૂળમાં પ્રસ્તુત 'लीह' પદ છે, વધૂ+ટી–વધૂટી. કચ્છા+ટી–કચ્છાટી (કાછડી) ગ્રામ+ટી–ગ્રામટી (ગામડી) વગેરેની માફક 'लीह' ને સ્વાર્થિક 'टी' લાગતાં 'लीहटी' પદ થાય અને તે દ્વારા લીટી, લીંટી, લીટો અને લીંટો એ બધાં પદો આવે છે. વધૂટી વગેરે માટે જુઓ અભિધાન–ચિંતામણિ કાં૦ ૩ શ્લો૦ ૬૦ તથા ૩૩૯.

૧૯૧ "'एओ' 'सोत्तं' વગેરે પ્રયોગોમાં 'ए' અને 'ओ' એકમાત્રિક છે એટલે હ્રસ્વ છે" એમ પોતાના પ્રાકૃતવ્યાકરણમાં આચાર્ય શુભચંદ્ર જણાવે છે તેમ અહીં 'सुधें' અને 'दुल्लहो' વગેરે પ્રયોગોમાં વપરાયેલા 'ए' અને 'ओ' લઘુઉચ્ચારણવાળા એટલે હ્રસ્વરૂપ છે એમ સમજવાનું છે.

૧૯૨ ચાલુ ગુજરાતીમાં-જઇં, જ્યાં, જહિં વગેરે પ્રયોગો પ્રચલિત છે. અને એ જ પ્રમાણે તહિં, કહિં, અહિં વગેરે પણ છે.

८–४–३९६	‘क’ नो ग –	विच्छोहगरें[193] (विक्षोभकर)
	‘ख’ नो घ –	सुघ (सुख)
		मुघ (मुख)
	‘त’ नो द –	कधिदे[194] (कथित)
	‘थ’ नो ध –	कधिद (कथित)
		सवधें[195] (शपथ)
	‘प’ नो ब –	सवथ (शपथ)
	‘फ’ नो भ –	सभल (सफल)
८–४–३९७	‘म’ नो वँ –	भमर, भवँर (भ्रमर)
८–४–४१२	‘म्ह’ नो म्भ –	गिम्भ, गिम्ह (ग्रीष्म)
८–४–४००	‘य’ नो इ –	आवयाँ[196]–आवइ (आपत्)

---

१९३ चालुभाषाना ‘कट्यागरो’ ‘कामगरो’ ‘नगीनगर’ वगेरे शब्दमां आवेलो अंत्य ‘गर’ अने ‘विच्छोहगर’नो अंत्य ‘गर’ ए बन्ने समान लागे छे. फारसीभाषामां ‘कारीगर’ ‘शीशागर’ ‘कलईगर’ वगेरे शब्दोमां जे अंतिम ‘गर’ छे ते प्रत्ययरूप छे अने तेनो अर्थ ‘करनेवाला या बनानेवाला छे’ ‘विच्छोहगर’नो अंतिम ‘गर’ अने फारसीनो उक्त ‘गर’ प्रत्यय ए बे वच्चे कांई साम्य छे के केम ? ए विचारणीय छे. ‘विच्छोहगर’ नो अंतिम ‘गर’ सं० ‘कृ’ उपरथी आवेला ‘कर’ नुं उच्चारणांतर छे. कर्मकर, सुखकर, दुःखकर वगेरे ए बधा शब्दोमां वपरायेलो अंत्य ‘कर’ अने अपभ्रंशनो उक्त ‘गर’ ए बन्ने समान छे.

१९४ ‘कह्युं’ ना अर्थमां जे ‘कीधुं’ पदनो प्रयोग काठियावाडमां प्रचलित छे. ते ‘कीधुं’ अने प्रस्तुत ‘कधिद’ ए बन्ने पदो सरखाववां जेवां छे. कधिदकं कधिअअं–किधिअउं–कीधउं–कीधुं.

१९५ ‘सोगन’ ना अर्थमां वपरातो ‘सम’ शब्द अने प्रस्तुत ‘सवह’ ए बन्ने सरखावी शकाय एम छे. सवह–संवह–सम.

१९६ “आपद्–विपद्–संपदां दः इः” सूत्रमां आचार्य हेमचंद्र ‘आपद्’ वगेरेना अंत्य ‘द’ नो ‘इ’ करवानी भलामण करे छे. भाषाविज्ञाननी दृष्टिए ‘द’

विवया–विवइ (विपत्)
संपया–संपइ (संपत्)

'र' नो लोप अने वधारो

(४) 'र' नो लोप

८–४–३९८ संयुक्त व्यंजनमां पाछळ आवेलो 'र' विकल्पे लोपाय छे–पिय, प्रिय (प्रिय)

(५) 'र' नो वधारो[१९७]

८–४–३९९ कोई कोई पदमां 'र' वधारारूपे आवी जाय छे–व्रास, व्रास (व्यास)

केटलाक शब्दो

(६) केटलाक शब्दो

८–४–४०२ जेह[१९८]	(यादृश)	जेहवुं–जेवुं
तेह	(तादृश)	तेहवुं–तेवुं

नुं 'इ' उच्चारण थाय केवी रीते? 'द' अने 'इ' मां उच्चारणनी दृष्टिए लेश पण साम्य नथी. मने लागे छे, के—

संपदा—संपया–संपय–संपइ.
विपदा—विवया–विवय–विवइ.
आपदा—आवया–आवय–आवइ

आ प्रकारे 'संपइ' वगेरे शब्दो नीपजाववा भाषाविज्ञाननी दृष्टिए विशेष संगत भासे छे.

१९७ प्रस्तुत 'र' नो वधारो वैदिक प्रयोगोमां पण थयेलो छे त्यारे पाणिनीय संस्कृतमां एवा 'र' वधारावाळा प्रयोगो उपलब्ध नथी. वैदिकप्रयोगो माटे जुओ पृ० ५८ कंडिका [१७] प्रस्तुत व्याख्यान.

१९८ 'यादृश' वगेरे उपरथी 'जेह' 'जेहवुं' के 'जैसा' पद लाववा माटे नीचेनो क्रम सुघटित भासे छे:

केटलाक निपातो (७) केटलाक निपातरूप देश्य शब्दो—

	हेमचंद्रे कल्पेलां पदो:		अर्थ :
८–४–४२१	वुन्न	(विषण्ण)	विषादयुक्त
	वुत्त[202]	(उक्त)	कहेलुं
	विच्च	(वर्त्म)	वच्चे–मारगमां
८–४–४२२	धंघल	(झकॅट[203])	झगडो
	वहिल्लं[204]	(शीघ्र)	वहेलुं–शीघ्र
	विट्टाल	(अस्पृश्यसंसर्ग)	वटाळ–अस्पृश्यसंसर्ग
	द्रवक्क	(भय)	डर–भय
	अप्पण, अप्पणउं	(आत्मीय)	आपणुं
	द्रेहि	(दृष्टि)	दृष्टि–नजर
	निच्चट्ट	(गाढ)	असर करे तेवुं
	सड्ढल	(असाधारण)	असाधारण
	कोड्ड, कुड्ड,	(कौतुक)	कोड
	खेड्ड[205]	(क्रीडा)	क्रीडा–खेल

२०२ 'वच्+त'नी दशामां 'व' नो 'वु' थतां 'वुक्त' थाय अने ए द्वारा 'वुत्त'ने साधी शकाय अथवा 'प्रोक्त–पोक्त–वुत्त–वुत्त' एम बने.

२०३ . झंकट . ?

२०४ 'पथमिल्ल' (प्रथम) पद साथे 'वहिल्ल' ने सरखावी शकाय एम छे. पथमिल्ल–पहमिल–पहिल्ल–वहिल्ल–प्रथमनुं–पहेलुं–वहेलुं–शीघ्र.

२०५ संस्कृत 'क्रीडा' वा 'खेला' पद साथे 'खेड्ड' ने सरखावी शकाय. "क्रीडा खेला च कूर्दनम्"–अमर० नाट्यवर्ग कां० १ श्लो० ३३.

रवण्णं[२०६] (रम्य) रम्य–सुंदर
दक्करि (अद्भुत) आश्चर्य
हेल्लि[२०७] (हे सखि!) हे+आलि!–हे सखि!
—एल्लि!
जुअंजुअं[२०८] (पृथक्पृथक्) जुदंजुदं

२०६ 'रम्य' अने 'रवण्ण' करतां 'रमण' अने 'रवण्ण' ए बे शब्दो वच्चे विशेष समानता छे.

२०७ हेमचंद्र 'हे सखि!' शब्दनो 'हेल्लि' शब्द बनाववानी भलामण करे छे. भाषाविज्ञाननी रीते जोतां 'हे सखि' अने 'हेल्लि' ए बे पदो वच्चे अक्षरसाम्य नथी तेथी 'हे सखि' नुं 'हेल्लि' थाय ज केवी रीते? 'सखी' अर्थनो सूचक 'आलि' शब्द प्रसिद्ध छे. 'हे+आलि' अने 'हेल्लि' ए बे वच्चे अर्थनुं अने अक्षरनुं एम बन्ने रीते समानपणुं पण छे तेथी हे+आलि' उपरथी कोई रीते 'हेल्लि' पदने लाववुं अधिक सुगम जणाय छे.

अथवा

सं० एतत्—प्रा० एत. ए 'एत'ने स्वार्थिक इल्ल (८–२–१६४) प्रत्यय लगाडतां 'एतिल्ल' पद थाय, तेनुं थोडुं उच्चारण 'एल्ल' पण थाय; ए 'एल्ल' उपरथी भाषानो 'एलो' शब्द आवेलो छे. एलो एटले ए–पेलो. 'एला आम आव' 'एली आम आव' वगेरे वाक्योमां 'एला' तथा 'एली' नो प्रयोग प्रसिद्ध छे. 'हे+एल्ली'–'हेल्लि' ए द्वारा पण प्रस्तुत 'हेल्लि' ने साधी शकाय.

२०८ 'पृथक्–पृथक्' शब्दनो आदेश, 'जुअंजुअ' छे एम हेमचंद्र कहे छे. अक्षरपरिवर्तनना नियमो जोतां कोई पण रीते 'पृथक्–पृथक्' नुं 'जुअंजुअ' एवुं रूपांतर संभवे नहीं. हेमचंद्रनुं कथन मात्र अर्थनी दृष्टिए संगत करी शकाय. अक्षरपरिवर्तननी दृष्टिए तो 'युतंयुत' शब्द द्वारा 'जुअंजुअ' शब्द साधी शकाय. हैमअनेकार्थसंग्रह कां० २ श्लो० १८६ मां 'पृथक्' अर्थनो वाहक 'युत' शब्द हेमचंद्र नोंधे छे. "युतः अन्विते पृथक्" प्रस्तुत 'युत' शब्द द्वारा 'एकमेक' 'अन्नमन्न' (हे० ८–३–१) नी पेठे 'युतंयुत' ने साधिए तो ते द्वारा 'जुअंजुअ' पद स्वाभाविकपणे थावी शके. प्रस्तुत 'युतंयुत' के 'जुअंजुअ' पदनी साथे तत्समानार्थक फारसी 'जुदाजुदा' शब्दनो कोई प्रकारनो संबंध छे के केम ए जरूर विचारणीय छे.

नालिअँ वढ	(मूढ)	मूढ
नवखँ	(नव)	नोखुं-अनोखुं
दडवड	(अवस्कन्द)	झट अथवा धाड–धाडुं
छुडु	(यदि)	जो
मब्भीसँ	(मा भैषीः)	न बी–भय न पाम

२०९ 'नालिअ' अने 'वढ' ए बन्ने पदो 'मूढ' पदना समानार्थी छे. तेमां 'नालिअ' अने 'मूढ' वचे लेश पण अक्षरसाम्य नथी. एथी 'नालिअ' माटे मूळरूपे 'मूढ' पदने न कल्पाय. अनार्य–अनारिय–अनालिय–नालिअ आ रीते कदाच 'नालिअ' पद आव्युं होय. भाषानो 'अनाडी' अने प्रस्तुत 'नालिअ' ए बन्ने समान अर्थना वाहक छे. अथवा "नालीकः अज्ञे" इत्यादि कहीने आचार्य हेमचंद्रे सं० 'नालीक' शब्दनो 'अज्ञ–मूर्ख' अर्थ पण नोंधेलो छे (अनेकार्थ कां० ३ श्लो० ५२) ए ऊपरथी ए सं० 'नालीक' अने प्रस्तुत 'नालिअ' ए बे वचे सरखामणी थई शके एम छे अने 'मूढ' तथा 'वढ' ए बे वचे जे अक्षरसाम्य छे ते स्पष्ट छे. एथी 'वढ' नी साधनामां 'मूढ' पदनो उपयोग करवानो बाध नथी.

२१० 'नूतन'नी पेठे 'नवीन' अर्थनो द्योतक सं० 'नव' शब्द पण छे. नव+क (क–स्वार्थिक)–नवक. प्रस्तुत 'नवक' अने आ 'नवख' ए बे वच्चे विशेष साम्य छे.

२११ "सत्थावत्थहं आलवणु साहु वि लोउ करेइ ।
आदन्नहं मब्भीसडी जो सज्जणु सो देइ ॥"

अर्थात् "लोको, स्वस्थ अवस्थावाळाओने तो सारी रीते बोलावे चलावे छे परंतु सज्जन तो ते कहेवाय के जे दुःखीओने पण अभयवचन दे" ए अर्थवाळा उक्त पद्यमां 'अभयवचन' माटे 'मब्भीसडी' शब्द छे. हेमचंद्र 'मा भैषीः' क्रियापद साथे प्रस्तुत 'मब्भीसडी'ने सरखावे छे अने ए ज क्रियापद द्वारा 'मब्भीसा' पदने साधी बतावे छे. मने लागे छे के मा + भीषा–माभीषा 'मब्भीसा' ए रीते नाम द्वारा प्रस्तुत 'मब्भीसा' नामने साधवुं विशेष योग्य छे. भीति, भय अने भीषा ए त्रणे शब्दो 'भय' अर्थना सूचक छे. एथी मा+भीषा द्वारा 'मब्भीसा'ने साधवानी रीत व्याकरणनी दृष्टिए पण अबाधित छे. 'मब्भीसा'ने स्वार्थिक 'ड' लागतां स्त्रीलिंगी 'मब्भीसडी' पद साधवुं सुलभ छे.

मारडिअँ (मड् मड् अड् मड् मड्) जे जे जोयुं ते ते तरफ राचवानी वृत्ति

अनुकरण शब्दो (८) शब्दानुकरण

८-४-४२३ हुहुरु 'हुहुरु–हुडड' शब्दनुं अनुकरण

कसरक्क खावी वखते 'कचरक कचरक'

चेष्टानुकरण थता ध्वनिनुं अनुकरण

घुग्घिअ वांदराना जेवी चपळतावाळी चेष्टानुं अनुकरण

उट्ठबइस उठबेस–ऊठवुं अने बेसवुं क्रियानुं अनुकरण

पादपूरको (९) अर्थ विनाना पादपूरक पदो

८-४-४२४ घइं

---

२१२ सं. मद्+दृशि+का = मद्दृशिका—प्रा० मड्डिआ. प्रस्तुत 'मारडिआ' अने प्रा० 'जड्डिआ' वच्चे सरखामणी करी शकाय एम छे.

२१३ 'एहिरेयाहिरा' एवुं एक संस्कृत पद छे. एहि रे—(रे आव) याहि रे—(रे जा) जे क्रियामां 'रे! आव, रे! जा' एवुं वारंवार कहेवुं पडे ते क्रियानुं नाम 'एहिरेयाहिरा' क्रिया कहेवाय. आ शब्दमां बे क्रियापदोनो समास थयेलो छे जे अपवादरूप छे. 'मयूरव्यंसकेत्यादयः' (३-१-११६ हेम०) एवुं सूत्र एवा बधा अपवादरूप समासो माटे छे. आपणो 'आवरोजावरो' के 'अवरजवर' शब्द तथा 'एहिरेयाहिरा' नो अर्थ ठीक रीते बतावे छे. जेम 'एहिरेयाहिरा' शब्द क्रियापदोनो बनेलो छे तेम प्रस्तुत 'उट्ठबइस' शब्द पण बे क्रियापदो द्वारा साधेलो छे. जे क्रियामां 'ऊठ' अने 'बेस' एम वारंवार बोलवुं पडे या करवुं पडे ते क्रियानुं नाम 'उट्ठ–बइस' छे. 'उट्ठ' 'उवविस' इति वस्त्रां क्रियायां सा 'उट्ठबइस' क्रिया—'उट्ठ' एटले ऊठ—ऊभो था, 'उवविस' एटले बेस–बेसी जा. एम बीजा पुरुषना एकवचनरूप 'उट्ठ–उवविस' ए बे क्रियापदो द्वारा प्रस्तुत 'उट्ठबइस' शब्दने साधवानो छे. 'बइस' ए 'उवविस'नुं ज उच्चारणांतर छे. सं. उत्तिष्ठ+उपविश–प्रा० उट्ठ+उवविस—उट्ठबइस–ऊठबेस.

२१४ "पुरुष एवेदं ग्नि सर्वं यद् भूतं यच्च भाव्यम्"—श्वेताश्वरोप० ३,१५।
"'ग्नि' इति वाक्यालंकारे"—(आवश्यकटीका पृ० २४८ आ० स०)
तथा 'ग्नि' अने प्रस्तुत 'घइं' वच्चे तुलना करी शकाय एम छे.

खाइं

अव्ययो	(१०) अव्ययो		
८-४-४०१	केम किम किह किध	(कथम्)	केम किम
	जेम[२१५] जिम जिह जिध	(यथा)	जेम जिम

---

२१५ 'था' अने 'म' वच्चे कशुं ज साम्य नथी तेथी 'था' नो 'म' बोलाय ज केम? ए जोतां भाषाविज्ञाननी दृष्टिए 'यथा' द्वारा 'जेम' साधी शकाय तेम नथी. 'यथा' नो अर्थ जोतां मने लागे छे के सं० 'यद्+इव—' यदिव प्रा० जइव—जइवँ—जइम—जेम. आ प्रकारे 'जेम' ने साधवामां आवे तो अर्थ अने अक्षरपरिवर्तन ए बन्ने प्रकारे कशुं बाधक जणातुं नथी. 'यथा' एटले जे प्रकारे—जे रीते. 'यदिव' एटले जेनी पेठे—जे रीते—(यत्–एटले जे. इव–पेठे.) आ ज प्रकारे—

तद्+इव–तदिव–तइव–तइवँ–तइम–तेम.

क+इव–कइव—कइवँ–कइम–केम. वगेरेने पण साधी शकाय.

अथवा

यद्+एवं–यदेवं–जएवं–जएवँ–जेवँ–जेम.

तद्+एवं–तदेवं–तएवं–तएवँ–तेवँ–तेम.

क+एवं—कएवं—कएवँ—केवँ–केम. ए रीते पण साधी शकाय.

यदेवं एटले जे आ रीते.

तदेवं—ते आ रीते.

कएवं—शी रीते.

	तेम तिम तिह तिध	(तथा)	तेम तिम
८-४-४०४	जेत्थु[२१६] जत्तु	(यत्र)	ज्यां
	तेत्थु तत्तु	(तत्र)	त्यां
८-४-४०५	केत्थु	(कुत्र)	क्यां
	एत्थु	(अत्र)	अहीं
८-४-४०६	जाम जाउं जामहिं	(यावत्)	ज्यांसुधी
	ताम ताउं तामहिं	(तावत्)	त्यांसुधी
८-४-४०९	अवरोप्पर[२१७]	(अपरस्पर)	परस्पर-अरस्परस

२१६ 'जहिं' अने 'जेत्थु' ए बन्ने पदोनो अर्थ 'ज्यां' (यत्र) छे. वर्तमान गुजरातीमां 'जहिं' अने तेनुं उच्चारणांतर 'जइं' प्रचलित छे त्यारे पंजाबीभाषामां 'जित्थे' अने मारवाडी भाषामां 'जठे' ए बन्ने 'ज्यां' अर्थना वाहक छे अने ते बन्ने प्रस्तुत 'जेत्थु' नां भिन्न उच्चारणो छे अने 'जेत्थु' पद पण सं० यत्र प्रा० जत्थ साथे सरखावी शकाय एवुं छे.

२१७ हेमचंद्र, 'परस्पर' शब्दनी आदिमां 'अ' उमेरी प्रस्तुत 'अवरोप्पर'ने साधे छे. मने लागे छे के एम करवा करतां 'अपर' अने 'पर' ए बे शब्दो द्वारा 'अवरोप्पर' शब्दने साधवो ए सुगमतावाळी रीत छे.

८–४–४१४	प्राउ प्राइव प्राइम्व पग्गिम्व	(प्रायः)	प्रायः–प्राये
८–४–४१५	अनु अन्नह	(अन्यथा)	बीजी रीते
८–४–४१६	कउ कहन्तिहु	(कुतः)	क्यांथी
८–४–४१७	तो	(ततः) (तदा)	तेथी त्यारे
८–४–४१८	एम्व	(एवम्)	ऐंमे
	पर	(परम्)	पण
	समाणु	(समम्)	साथे
	ध्रुवु	(ध्रुवम्)	ध्रुव
	मं	(मा)	मा
	मणाउ	(मनाक्)	मणा
८–४–४१९	किर	(किल)	निश्चय
	अहवइ	(अथवा)	अथवा
	दिवे	(दिवा)	दिवस
	सहुं	(सह)	साथे
	नाहिं	(नहि)	नहीं

२१८ एतद्+एवम्–एतदेवम्–प्रा० एअएवं–एआएवँ–एवँ–एम । एतद्–ए, एवम्–एम. जुओ टिप्पण २१५

८–४–४२०	पच्छइ	(पश्चात्)	पछी
	एम्वइ	(एवमेव)	एम ज
	जि[२१९]	(एव)	ज
	एम्वहिं	(इदानीम्)	हमणां
	पच्चलिउ	(प्रत्युत)	आम नहीं ने आम
	एत्तहे	(इतस्)	अहींथी
८–४–४२६	पुणु	(पुनः)	वळी
	विणु	(विना)	वण–विना
८–४–४२७	अवसें, अवस	(अवश्यम्)	अवश्य
८–४–४२८	एक्कसि	(एकशः)	एकवार
८–४–४३६	एत्तहे	(अत्र)	अहीं
	तेत्तहे	(तत्र)	तहीं
	जेत्तहे	(यत्र)	जहीं
	सव्वेत्तहे	(सर्वत्र)	सर्वत्र–बधे
	केत्तहे	(कुत्र)	कहीं
८–४–४४४	नं[२२०], नउ, नाइ, नावइ, जणि, जणु	(न)	इव–पेठे, इव–पेठे–जाणे

२१९ अवेस्तानी भाषामां 'हि' ने बदले 'जी' बोल अनेकस्थळे (खोर० पृ० ३५, १९५, २४१,) वपरायो छे. प्रस्तुत 'जि' अने अवेस्तानो 'जी' ए बन्ने कदाच एकमूलक होय. प्राकृतभाषामां 'हि' ना अर्थे 'चिअ' पद वपराय छे. 'जि' 'जी' अने 'चिअ' ए त्रणेमां घणी समानता छे.

२२० 'नं' साथे सरखावी शकाय एवो 'पेठे' अर्थनो 'न' शब्द वेदमां पण वपरायो छे. जुओ पृ० ७४ कंडिका [५१]

८–४–४४५ जातिनुं अनियंत्रण (११) शब्दोनी जाति व्यवस्थित नथी एटले नरजातिनो शब्द नान्यतरमां पण वपराय छे, नान्यतर जातिनो शब्द नरजातिमां पण वपराय छे. नान्यतर जातिनो शब्द नारीजातिमां पण आवे छे.

(कुम्भाः) नर०	नान्यत० कुम्भइं
(अभ्राणि) नान्यत०	नर० अब्भा
(अन्त्राणि) ,,	नारी० अन्त्रडी[222]
(शाखाः) नारी०	नान्यत० डालइं[223]

८–४–४४७ कालनुं अनियंत्रण (१२) क्रियापदमां वपरायेला वर्तमानकाळना प्रत्ययो भूतकाळने सूचवे छे अने भूतकाळना प्रत्ययो वर्तमानकाळने सूचवे छे.[224]

८–४–४४६ शौरसेनीवत् (१३) शौरसेनी भाषामां जे जे विधानो सूचव्यां छे तेमांनां घणाखरां, आ भाषामां पण समझवानां छे. आचार्य हेमचंद्र शौरसेनी भाषामां जे खास विधानो बताव्यां छे ते आ प्रमाणे छे—

१ 'त' नो 'द', २ 'न्त' नो 'न्द', ३ 'र्य' नो 'य्य' के 'ज्ज', ४ 'थ' नो 'ध' के 'ह' ५ 'इह' अव्ययना 'ह' नो

---

२२१ जुओ पृ० ७० [४१]

२२२ भाषानो 'आंतरडी' शब्द अने प्रस्तुत 'अन्त्रडी' ए बन्ने तद्दन समान छे. 'अंत्रडी' एटले आंतरडां.

२२३ भाषानो 'डाळां' शब्द अने प्रस्तुत 'डालइं' ए बन्ने पदो वच्चे सर्वथा समानता छे. मूल "दल विशरणे" अर्थात् 'दल' धातु द्वारा ए शब्द सधायो छे.

२२४ जुओ पृ० ५३ [५] तथा पृ० ७० [४१]

વિકલ્પે 'ધ' અને બીજા પુરુષના બહુવચનને સૂચવતા 'હ' પ્રત્યયને બદલે વિકલ્પે 'ધ'.

ઉક્ત પાંચ વિધાનોમાંનું પહેલું અને ચોથું વિધાન તો હેમચંદ્રે પોતે અહીં સ્વીકારેલું જ છે.—(જુઓ વ્યંજનપરિવર્તન નિયમ ૨ પૃ૦ ૧૮૧ કથિદ, સબધ) શૌરસેનીનાં વિધાનો ઉપરાંત સાધારણ પ્રાકૃતમાં જે જે વિધાનો

'શૌરસેનીવત્' સૂત્રનો આશય

તેમણે બતાવ્યાં છે તે પણ પ્રસ્તુત ભાષામાં ઇષ્ટ છે. એ હકીકત આ "શૌરસેનીવત્" (૮–૪–૪૪૬) સૂત્ર સૂચવે છે. કારણ કે શૌરસેનીના પ્રકરણમાં "શેષં પ્રાકૃતવત્" (૮–૪–૨૮૬) એવું કહી આવ્યા છે.

અહીં એ ધ્યાનમાં રાખવાનું છે કે શબ્દવિજ્ઞાનની દૃષ્ટિએ માગધી, પૈશાચી કે ચૂલિકાપૈશાચી સાથે હેમચંદ્રે બતાવેલી પ્રસ્તુત અપભ્રંશનું સામ્ય નથી પરંતુ પ્રાકૃત અને શૌરસેની સાથે છે, એવો આશય આ "શૌરસેનીવત્" સૂત્રનો છે. વળી, આ સૂત્રદ્વારા કોઈ એવું વિધાન કરે કે હેમચંદ્રે બતાવેલું અપભ્રંશ, શૌરસેની–અપભ્રંશ છે તો તે બરાબર નથી.

હેમચંદ્ર, પોતાના સમયની લોકવ્યાપક ભાષાનું વ્યાપક વ્યાકરણ બનાવે છે. એટલે તેમના સમયમાં પ્રવર્તતી વ્યાપક ભાષાનાં જે જે વ્યાપક લક્ષણો છે તે, તેમણે સૂચવ્યાં છે. પરંતુ તેમણે શૌરસેન અપભ્રંશ, પૈશાચ અપભ્રંશ વગેરે કોઈ એકદેશીય ભાષાનાં લક્ષણો સૂચવવા પ્રયાસ કર્યો હોય એવું સૂચન તેમના વ્યાકરણમાંથી મળતું નથી. તેમને કોઈ એકદેશીય ભાષા જ ઇષ્ટ હોત તો "સ્વરાણાં સ્વરાઃ પ્રાયોઽપભ્રંશે"–(૮–૪–૩૨૯) સૂત્રમાં તેઓ 'અપભ્રંશ' એવો સામાન્ય શબ્દ જ ન મૂકત; કિન્તુ કોઈ વિશેષ શબ્દનું સૂચન કરત. વળી, એ સૂત્રની વૃત્તિમાં " 'પ્રાયઃ'–ગ્રહણાત્ યસ્ય અપભ્રંશે વિશેષો વક્ષ્યતે તસ્યાપિ ક્વચિત્ પ્રાકૃતવત્ શૌરસેનીવચ્ચ કાર્યં ભવતિ" એવી ભલામણ પણ ન કરત.

आ० हेमचंद्र गुजराती छे एटले तेओ पोते रचेला व्याकरणमां व्यापक अपभ्रंशमां समायेली एवी पोताना समयनी अने पोताना प्रदेशनी भाषानां व्यापक लक्षणो आपे ए स्वाभाविक छे अने एम छे माटे तेमनां ए लक्षणोने वर्तमान गुजरातीनी अपेक्षाए ऊगती गुजरातीनां लक्षणो कहुं छुं. वळी, तेमणे रचेलां उक्त पद्यो अने बीजां उदाहरणोथी पण एम जणाई आवे छे के तेओ पोताना समयनी गुजराती भाषाने समझावी रह्या छे जेने में अहीं 'ऊगती गुजराती' नाम आप्युं छे. हेमचंद्र बीजा कोई अपभ्रंशोनो निषेध नथी करता परंतु ते बाबत कशी चर्चा पण नथी करता, ए ध्यानमां राखवानुं छे.

नामविभक्ति

(१४) नामनी विभक्तिओ

अकारान्त नाम—नरजाति

	एकवचन	बहुवचन	
प्रथमा	उ, [२२५] ओ, ०	०	८-४-३३१ ८-४-३३२
द्वितीया	उ, ०	०	८-४-३३१
तृतीया	एण, एं[२२६]	हिं, एहिं	८-४-३३३ ८-४-३४२ ८-४-३४७ ८-४-३३५

२२५ नानको, रेवलो, घोडो, गधेडो, बाजरो वगेरे प्रयोगोमां जे अंतिम 'ओ' छे ते ज आ प्रत्यय छे. ज्यां ० छे त्यां प्रत्ययनो लोप समझवानो छे. माणस, कुंभार, लुहार वगेरे रूपो लुप्त प्रत्ययवाळां छे.

२२६ में, तें, तेणें, माणसें वगेरे तृतीया विभक्तिवाळां रूपोमां जे अंतिम 'एं' छे ते ज आ प्रत्यय छे. केणे, जेणे, एणे वगेरेमां 'एण' प्रत्यय वपरायेलो छे.

चतुर्थी	सु, स्सु, हो, ०	हं, ०	८-४-३३८ ८-४-३३९
पञ्चमी	हु, हे	हुं	८-४-३३६ ८-४-३३७
षष्ठी	सु, स्सु, हो, ०	हं	८-४-३३८ ८-४-३३९
सप्तमी	इ, ए[227]	हिं	८-४-३३४ ८-४-३४७
संबोधन	उ, ओ, ०	हो, ०	८-४-३४६

८-४-३३० (१५) '०' एटले अनेक प्रयोगोमां नामने प्रथमा, ८-४-३४४-३४५ द्वितीया, चतुर्थी, षष्ठी अने संबोधननी विभक्तिओ नथी लागती परंतु ते ते विभक्तिओमां नामनो अंतिम दीर्घ स्वर मात्र ह्रस्व थाय छे अथवा ह्रस्व स्वर मात्र दीर्घ थाय छे :

				प्र० गु०	सं०
'ढोल्ल'नुं	ढोल्ला	प्र० ए०		(ढोला)	धवलो[228]
'रेहा'नुं	रेह	,,		(रेह्)	रेखा
'घोड'नुं	घोडा	प्र० ब०		(घोडा)	घोटकः[229]
'ब्रग्ग'नुं	ब्रग्ग	द्वि० ए०		(वाग-चोकडुं)	वल्गा

२२७ कूवे, घरे, दरिए वगेरे सप्तमी विभक्तिवाळां रूपोमां जे अंतिम 'ए' छे ते ज आ प्रत्यय छे.

२२८ मूळ 'धव' एटले पति-धणी. धव+ल्ल-('ल्ल' स्वार्थिक) धवुल्ल-धवल्ल-डवल्ल-ढोल्ल-ढोला. एवो परिवर्तनक्रम भासे छे.

२२९ 'घोटक' नो 'ओ' संवृत छे त्यारे ते द्वारा सधायेला 'घोडा' नो 'ओ' विवृत छे. वळी, 'घोडियुं' नो 'ओ' संवृत छे. आ रीते एक ज शब्दना स्वरमां उच्चारणनी विविधता ध्यानमां राखवा जेवी छे.

(१६) व्यंजनादि प्रत्ययो लागतां नामनो अंतिम स्वर विकल्पे दीर्घ थाय छे: देवसु, देवासु

(१७) ८–४–३३५ त्रीजीना बहुवचननो प्रत्यय लागतां नामना अंतिम 'अ' नो विकल्पे 'ए' थाय छे: देवहिं देवाहिं, देवेहिं

लुप्तविभक्ति — (१८) ८–४–३४५ केटलाक प्रयोगोमां षष्ठी विभक्तिमां मूळ नाम ज वपराय छे. जेमके; गय (गज-गजानाम्)

संबंधसूचक प्रत्ययो — (१९) ८–४–४२२ संबंध बताववा माटे गमे ते पदनी पछी 'तण' अने 'केर' शब्दो पण वपराय छे: जसु—केरउं (जस–केरुं–जेनुं) अम्हहं–तणा (अमतणा—अमारा)

(२०) ८–४–४२५ 'ते माटे' एवो अर्थ बताववा सारु गमे ते पदनी पछी 'केहिं', 'तेहिं', 'रेसि', 'रेसिं', अने 'तणेण' ए पांचमांनो गमे ते एक शब्द मूकाय छे:

तउ केहिं—(तारा माटे)
अन्नहि रेसि—(अन्यने माटे)
वड्डत्तणहो तणेण—(वडाईने माटे)

सर्वादिशब्द — (२१) सर्वादि शब्द.

८-४-३६६	साह / सव्व[२३०]	(सर्व)	ब० उ० सहु, सौ
८-४-३६५	आय[२३१]	(इदम्)	आ, आय

२३० भाषाना सब (हिन्दी) अने सउ के साउ (गुजराती) शब्दनी साथे प्रस्तुत 'सव्व' अने 'साह'नी सरखामणी सुघटमान छे.

२३१ भाषानो 'आ' अने पारसीलोकमां बोलातो 'आय' ए बंने शब्दनी साथे प्रस्तुत 'आय' नुं विशेषतः साम्य छे.

८-४-३६७	कवण[232] / काइं / क	(किम्)	कोण / कांई / को, क्यो

अकारान्त सर्वादि शब्दोने लागती विशेष विभक्तिओना प्रत्यय—

८-४-३५५ पञ्चमी एक० हां—जहां, तहां, कहां (ज्यांथी, त्यांथी, क्यांथी)

८-४-३५६ „ „ इहे—('क' अने 'कवण' ने ज लागे छे) किहे, जिहे (कंईथी, जंईथी)

८-४-३५७ सप्तमी एक० हिं— सव्वहिं, सव्वाहिं

८-४-३५८ षष्ठी एक० आसु ('ज', 'त', 'क', अने 'कवण' ने ज लागे छे)

जासु	तासु	कासु
जस्स	तस्स	कस्स
जास	तास	कास

शेष पूर्ववत्

(२२) विशेष रूपाख्यान

प्र० एक० / द्वि० एक० } ध्रुं[233], जु, जं (यत्) ८-४-३६० (जे)

प्र० एक० / द्वि० एक० } त्रं[234], सु, तं (तत्) „ (ते)

२३२

२३३ 'यत्' नुं 'जं' उच्चारण तो सुघट छे परंतु 'ध्रुं' उच्चारण केम थयुं? ए समजातुं नथी. कदाच 'ध्रुं' उच्चारणनुं मूल प्रस्तुत 'यत्' नहीं किन्तु बीजुं कोई पद होय. अहीं 'ध्रुं' अने 'जं' बन्ने समानार्थक होई हेमचंद्र साथे जणावेलां होय.

२३४ 'तत्' ना 'तं' उच्चारणमां वधारानो 'र' उमेरावाथी 'त्रं' उच्चारण नीपज्युं छे. आवो 'र' नो वधारो प्राचीन भाषामां स्वाभाविक छे. जुओ पृ० ५८ कंडिका [१७].

प्र० एक०, द्वि० एक० इमु नान्यतर-(इदम्) ८-४-३६१

" " , " " एहो[235] नरजाति-(एषः, एतम्)८-४-३६२

व० गु० एह, ए

" " , " " एह नारीजाति-(एषा, एताम्)

व० गु० एह, ए

" " , " " एहु नान्यतरजाति (एतत्)

व० गु० एह, ए

प्र० व०, द्वि० ब० एइ नर० { एते, एतान् } ८-४-३६३

नारी० { एताः } व० गु० ए, एय.

नान्य० { एतानि }

" " , " " [236]ओइ नर० { अमी, अमून् } ८-४-३६४

नारी० { अमूः } व० गु० ओ, ओइ

नान्य० { अमूनि }

(२३) तुम्ह- (युष्मद्)

	ए० व०	ब० व०	
प्र०	तुहुं (तुं)	तुम्हे तुम्हइं (तमे, तमो)	८-४-३६८ ८-४-३६९
८-४-३७० द्वि०	पइं, तइं	तुम्हे, तुम्हइं	[८-४-३६९
" तृ०	पइं, तइं (तें)	तुम्हेहिं (तमें, तमोए)	[८-४-३७१

२३५ भाषामां त्रणे जातिमां 'ए' के 'एह' शब्द प्रचलित छे.

२३६ भाषानो 'ओ' शब्द अने प्रस्तुत 'ओइ' बन्ने समान छे. 'ओ पेलो आव्यो' एवा प्रयोगोमां 'ओ' शब्द वपराय छे अने ते दूरताना के परोक्षपणाना भावनो सूचक छे. संस्कृतनो 'अदस्' पण ए ज भावनो द्योतक छे.

वर्तमानकाळ

	एक०	बहु०	
८-४-३८५	१. पु० उं, मि.[243]	हुं, म, मु, मो	[८-४-३८६
८-४-३८३	२. पु० हि, सि, से.	हु, ह, ध, इत्था	[८-४-३८४
	३. पु० दि, दे, इ, ए.	हिं, न्ति, न्ते, इरे	[८-४-३८२

(३४) भविष्यकाळ

वर्तमानकाळना प्रत्ययोने शरूआतमां 'स' के 'स्स' लगाडवाथी ते प्रत्ययो भविष्यकाळमां वपराय छे.

स्सउं, सउं[244]	स्सहुं, सहुं	[८-४-३८८
स्सहि, सहि[245]	स्सहु, सहु[246]	
स्सइं, सइ	[247]स्सहिं, सहिं वगेरे.	

शेष प्राकृत प्रमाणे.

---

२४३ भाषामां वपरातां करुं छुं, बोलुं छुं, कहुं छुं वगेरेनो अंतिम 'उं' अने प्रस्तुत 'उं' ए बने तद्दन समान छे.

२४४ भाषामां वपरातां प्रथम पु० ए० करीश, प्रथम पु० ब० करीशुं क्रियापदो अने प्र० ए० करिस्सउं, प्र० ब० करिस्सहुं क्रियापदो ए बन्ने वच्चे निकटनी समानता छे अर्थात् 'करीश,' 'करीशुं' मां अंते रहेला 'ईश' अने 'ईशुं' (ते बने) ना मूळमां अनुक्रमे 'स्सउं' अने 'स्सहुं' प्रत्ययो छे.

२४५ 'तुं करशे' अने 'तुहुं करिस्सहि' ए बन्ने एकसरखां क्रियापदो छे अर्थात् 'करशे' नो अंतिम 'शे', 'करिस्सहि' ना अंतिम 'स्सहि' प्रत्यय द्वारा सधायेलो छे.

२४६ ए ज प्रमाणे 'तमे लखशो' अने 'तुम्हे लिखिस्सहु' ए बन्ने पण तद्दन समानतावाळां क्रियापदो छे अर्थात् भविष्यकाळना बीजा पुरुषना बहुवचननो 'शो', प्रस्तुत 'स्सहु' प्रत्यय द्वारा सधायेलो छे.

२४७ 'ते करशे' अने 'तेओ करशे' ए क्रियापदो अने 'सु करिस्सइ' 'ते करिस्सहिं' ए क्रियापदो पण एकसरखां छे अर्थात् भविष्यकाळना तृतीय पुरुषना एकवचननो अने बहुवचननो 'शे', प्रस्तुत 'स्सइ' अने 'स्सहिं' प्रत्यय द्वारा अनुक्रमे सधायेलो छे. ए रीते चालु गुजरातीमां वपराता भविष्यकाळना समग्र प्रत्ययो, ऊगती गुजरातीमां वपराता भविष्यकाळना प्रत्ययो द्वारा सधायेला छे.

(३५) आज्ञार्थ अने विध्यर्थ

८-४-३८७ २ पु० ए० इ, उं, ए. शेष प्राकृत प्रमाणे.

(३६) विशेष रूपाख्यान

८-४-३८९ वसिु (क्रिये) कराउं छुं

(३७) विशेष धातुओ

८-४-३९० हुच, पहुच – (प्र+भू–प्रभू–पहोंचवुं-पूरतुं थवुं)

८-४-३९१ ब्रुव – (ब्रू–बोलवुं)

८-४-३९२ वुग्रॅ – (व्रज–जवुं)

८-४-३९३ प्रस्स – (स्पश्–जोवुं)

८-४-३९४ गृण्ह – (ग्रह–गृह्णा–ग्रहण करवुं)

देश्यधातु (३८) देश्य धातुओ

८–४–३९५ छोल्ल (तक्ष–छोलवुं[250])

झलक (ज्वल्–जळवुं–बळवुं–झळकवुं)

---

२४८ चालु गुजरातीमां आज्ञार्थ के विध्यर्थमां वपरातां (तुं) कर्य–कर, लख्य–लख, भण्य–भण, (तमे) करो, भणो, लखो, (तुं) करे, भणे, लखे वगेरे क्रियापदोमां जे य–अ, ओ अने ए प्रत्ययो वपराय छे तेनी साधना प्रस्तुत 'इ', 'उ' अने 'ए' द्वारा समजवानी छे. प्रस्तुत 'इ' प्रत्यय तो वेदमां पण वपरायेलो छे. जुओ–प्रस्तुत भाषण पृ० ६६ कंडिका [३२]

२४९ कच्छी भाषामां 'जवुं' अर्थमां 'वँञ्' धातु प्रचलित छे. तेनी साथे प्रस्तुत 'वुग्' नी समानता छे.

२५० प्रस्तुत 'छोल्ल' धातुना मूळनी खबर नथी पडती. हेमचंद्रना कहेवा प्रमाणे 'तक्ष्' अने 'छोल्ल' ए बन्ने धातुओ समानार्थक छे. ए बे वचे लेश पण अक्षर-साम्य नथी तेथी ए बे वचे कोई संबंध होई शके नहीं. 'छाल उतारवी' अने 'छोलवुं' ए बन्नेनो भाव एक समान छे तेथी कदाच 'छल्ली' (छाल) शब्द साथे 'छोलवुं' नो संबंध जोडी शकाय.

खुड्डुक	(खटकवुं)
घुड्डुक	(घुष्ट 'घुडुडु' एम गाजवुं)
चम्प[२५१]	(संबाध-संवाह— (आक्रम-चांपवुं-दाबवुं-दबाववुं)
धुट्ठुअ	(धृष्ट—नकामुं गाजवुं)
पराव[२५२]	(प्राप्—पामवुं) वगेरे

कृदंतो (३९) विध्यर्थ कृदंत

			व० गु०
८–४–४३८	इएव्वउं एव्वउं एवा	(तव्य)	करिएव्वउँ—करवा जेवुं करेव्वउं—करवुं करेवा

(४०) संबंधक भूतकृदन्त

८–४–४३९	इ	(मारि—मारीने)
	इउ	(भञ्जिउ—भांजीने—भांगीने)
	इवि	(चुंबिवि—चुंबीने)

---

२५१ प्रस्तुत 'चम्प' ना मूळनी खबर पडती नथी. दोधकवृत्तिमां 'चम्प' नो पर्याय 'आक्रम' जणावेलो छे. संभव छे के 'क्रम' ना 'क' नो 'च' थई 'चम' थतां ते द्वारा 'चम्प' आव्युं होय अथवा 'चांपवुं' अर्थमां संबाध—संवाह पद पण वपराय छे एटले ते 'संवाह' ना आद्य 'सं' नो 'चं' थई 'चंवाह' द्वारा 'चंप' आव्युं होय. आ बाबत निर्णीत कशुं जणायुं नथी.

२५२ प्राप्—पराव ए जातनो अक्षरपरिवर्तन—क्रम छे 'प्रा' ना 'प्' अने 'र्' वच्चे 'अ' वधतां प्+अ+र्+आप्–'पराप्', पछी अंत्य 'प' नो 'व' थये 'पराव' पद थाय.

अवि (विछोडवि—वछोडीने—छोडावी दईने)

८-४-४४० एप्पि — (जेप्पि—जित्वा—जीतीने)

एप्पिणु — (देप्पिणु—दईने)

एवि — (लेवि—लेई—लेईने)

एविणु — (झाएविणु—ध्याईने—ध्यान करीने)

(४१) हेत्वर्थकृदन्त

८-४-४४१ एवं (देवं—देवा माटे)

अण (करण—करवामाटे)

अणहं (भुंजणहं—भोजन करवा माटे)

अणहिं (भुंजहिं— ,,)

एप्पि (जेप्पिणु—जीतवा माटे)

एप्पिणु (चएप्पिणु—त्याग करवा माटे)

एवि (पालेवि—पालवा माटे)

एविणु (लेविणु—लेवा माटे)

८-४-४४२ (४२)—गमेप्पिणु, गंप्पिणु, गमेप्पि, गंप्पि — (गत्वा—जईने) अथवा (गन्तुम्—जवा माटे)

(४२) कर्तृसूचक कृदन्त

८-४-४४३ अणअ — मारणउ—मारनार; बोल्लणउ—बोलनार; वज्जणउ—वागनार—वजनार; भसणउ—भसनार

(४४) तद्धितप्रत्यय

८-४-४२९ कोई पण नामने स्वार्थमां अ, अड, उल्ल,
८-४-४३० अड-अ[२५३], उल्ल-अ, उल्ल-अड—उल्लड प्रत्ययो लागे छे.

अ—करालिअ + अ—करालिअअ (करालक—कराल)
अड—दोस + अड—दोसड (दोष—दोषडा)
उल्ल—कुडी + उल्ल—कुडुल्ली (कुटी—कोटडली—कोटडी)
अड-अ—हिअअ + अडअ—हिअडउ (हृदय—हैडुं)
उल्ल-अ—चूडा + उल्लअ—चूडुल्लअ (चूडलो)
उल्लड—बल + उल्लड—बलुल्लड (बल—बळ)
उल्ल-अड-अ—बल + उल्लडअ—बलुल्लडअ (,,)

(४५) पूर्वोक्त प्रत्ययो लाग्या पछी नामने स्त्रीलिङ्गी
८–४–४३१ करवुं होय तो तेने छेडे 'ई' आवे छे अने 'अ' प्रत्यय जेने छेडे छे तेवा पूर्वोक्त प्रत्ययो लाग्या पछी नामने स्त्रीलिंगी करवुं होय तो तेने छेडे 'आ' आवे छे.

८–४–४३२ गोरडी—(गोरी)
धूलडिआ (धूली—धूड—धूडली)

८–४–४३३ (४६) उक्त 'आ' प्रत्यय लागतां पूर्वना 'अ' नो 'इ' थाय छे. (धूलड + आ = धूलडिआ)

(४७) 'प्पण'[२५४] प्रत्यय भावसूचक छे.

---

२५३ मूळ प्रत्ययो 'अ' 'अड' अने 'उल्ल' ए त्रण छे. ते त्रणेने एक-बीजामां भेळववाथी बीजा लगभग बार प्रत्ययो नीपजे छे. ते आ प्रमाणे :—

१ अ—अड । २ अड-अ । ३ अ-उल्ल
४ उल्ल-अ । ५ अड—उल्ल । ६ उल्ल—अड । ७ अ – अड—उल्ल ।
८ अ—उल्ल—अड । ९ अड—अ—उल्ल । १० उल्ल—अ—अड ।
११ अड—उल्ल—अ । १२ उल्ल—अड—अ ।

२५४ भाषामां घडपण, देवपणुं, मनुष्यपणुं वगेरेनो पण, पणुं भावसूचक छे, प्रस्तुत 'प्पण' अने भाषानो पण, पणुं—ए बधा तद्दन समान छे.

८-४-४३७ वड्डप्पणु—वडपण.

ऊपर जणावेला नियमोमां आ० हेमचंद्रे पोताना समयनी व्यापक भाषानुं व्याकरण समावेलुं छे. आवेला ए नियमो मोटा मोटा छे अने व्यापक जेवा छे. वैदिक भाषा अने व्यापक प्राकृतभाषा वच्चे जे समानता बतावी गयो छुं (पृ० ५१-७४) ते जोतां स्पष्ट जणाई आवे एम छे के प्रस्तुत ऊगती गुजरातीमां पण ते समानता केटला बधा अंशमां ऊतरी आवी छे.

हेमचंद्रे दर्शावेली ऊगती गुजराती अने वैदिक भाषा वच्चेनी समानता

७७ आगळ कह्युं छे तेम वैदिक काळना व्यापक अर्थवाळा आदिम अपभ्रंश द्वारा हेमचंद्रे बतावेला अंतिम अपभ्रंशनी के ऊगती गुजरातीनी उत्पत्ति थई अने ते द्वारा आ आपणी वर्तमान गुजराती आवी एटले वैदिक काळनुं उक्त अपभ्रंश, ऊगती गुजरातीनी जननी थाय अने वर्तमान गुजरातीनी मातामही थाय. पुत्रीमां मातानां खास खास लक्षणो उतर्यां विना रहे नहीं एटलुं ज नहीं, पौत्रीमां पण मातामहीनो स्वभाव तो ऊतरे ज.

हेमचंद्रे बतावेली भाषा		वैदिक भाषा
करि	(आज्ञार्थ बीजो पुरुष एकवचन).......	बोधि
	कर+इ—करि—'इ' प्रत्यय....बोध+इ —	बोधि
देवाहो	(संबोधन बहुवचन)........	देवासः
करि	(संबंधक भूतकृदन्त)........	पीत्वी
कुह	(क्यां)................	कुह
दिविदिवि	(रोज रोज)........	दिवे दिवे
व्रास	(व्यास 'र' वधारे)....'अग्रिगु' नुं	'अग्रिगु'
गय	(षष्ठी विभक्ति)... चर्मन्	(सप्तमी विभक्ति)
नं	(उपमासूचक)........	न

चालु गुजराती अने वैदिक भाषा वच्चे समानता

चालु गुजराती :	वैदिक भाषा :
'चांदो न होय'-न	(उपमासूचक)....न [जुओ पृ० ७४ कं० ५१]
भलाई-(भलुं+आई)....	(शिवताति) भावसूचक 'ताति' प्रत्यय. [जुओ पृ० ६८ कं० ३७]

अहीं उक्त समानता विशे विशेष न कहेतां हवे बारमा अने तेरमा सैकानी गुजराती भाषाना प्रयोगोनुं आ० हेमचंद्रनी दृष्टिए पृथक्करण करी बताववानुं छे.

व्याख्यान बीजुं

बारमो अने तेरमो सैको

अभयदेव-वादिदेव हेमचंद्र (बारमो सैको) सोमप्रभ, धर्मसूरि अने विजयसेन (तेरमो सैको) एमनी कृतिओ

७८ बारमा अने तेरमा सैकानी गुजरातीनो नमूनो बताववा अहीं बारमा सैकाना श्रीअभयदेवसूरि, वादिदेवसूरि अने आ० हेमचंद्रनी तथा तेरमा सैकाना सोमप्रभसूरि, धर्मसूरि अने श्रीविजयसेन-सूरिनी कवितानो आधार लीधेलो छे.

आ बे सैका अने त्यार पछीनो चौदमो सैको आवे त्यां सुधी केवळ जैन पंडितोनी कवितानो आधार लेवानो छे. ए त्रण सैका दरमियान वैदिक परंपराना वा बीजी कोई परंपराना गुजराती पंडिते रचेलुं गुजराती साहित्य मने मळ्युं नथी.

पन्नरमाथी तो उक्त बंने परंपराना पंडितोनी अनेक कृतिओना नमूना सुलभ छे.

बारमा सैकानी त्रण कृतिओ अहीं लीधेली छे, ए त्रणे पद्य छे. तेमां सौथी प्रथम 'श्रीथंभणपार्श्वनाथ'नुं स्तोत्र छे. तेना रचयिता श्रीअभयदेवसूरि.

अभयदेवनो समय

७९ अभयदेवसूरिनुं वृत्तान्त प्रभावक[२५५]चरित्रमां अने खरतरगच्छनी पट्टावलीओमां पौराणिकरीते नोंधायेलुं छे. तेमनुं जन्म-स्थान धारा—राजा भोजनी धारानगरी. दीक्षित थया पछी तेओ आचार्य पद मेळवी गुजरात तरफ आव्या हता अने पाटणमां लांबा समय सुधी रह्या हता. बार जैन अंगोमांना नव अंग ऊपर तेमनी रचेली वृत्तिओ उपरांत बीजुं पण आचारविषयक

---

२५५ जुओ प्रभावकचरित्र-श्रीअभयदेवप्रबंध.

पंचाशकवृत्ति वगेरे घणुं साहित्य तेमनुं रचेलुं छे. 'अंगो उपरनी वृत्तिओ तेमणे पाटणमां रहीने रचेली छे' ए हकीकत ते ते वृत्तिओमां आवेली प्रांत-पुष्पिकाओमां[२५६] तेमणे पोते ज जणावेली छे. जैन परंपरामां 'नवांगीवृत्तिकार' तरीके तेमनी विशेष ख्याति छे. तेमनो समय-वारमो सैको सुनिश्चित छे. तेमनुं अवसान पाटणमां के कपडवंजमां थयेलुं एवुं लखेलुं छे. गुजरातमां सेढीनदीने कांठे थांभणा नामनुं गाम छे. त्यां श्रीथंभणपार्श्वनाथनी स्तुति करतां तेमणे जे स्तोत्र बनावेलुं, तेने अहीं नमूनारूपे मूकेलुं छे. स्तोत्रनां बधां मळीने ३० पद्यो छे. तेमांथी अहीं अमुक ज लीधेलां छे. जैन परंपराना खरतरगच्छमां आ स्तोत्रनो विशेष प्रचार छे. स्तोत्रनी भाषा ते समयनी चालु लोकभाषा छे. रचनार गुजराती, रचवानुं स्थळ गुजरातनुं एक गाम ए जोतां स्तोत्रनी भाषा पण सापेक्ष रीते गुजराती कहेवाय. स्तोत्रनी कडीओ ज ए हकीकतने साबीत करे छे.

देवसूरिनो समय

८० बीजी कृति श्रीवादिदेवसूरिनी छे. ए कृति ते, वादिदेवसूरिए रचेलुं पोताना गुरु श्रीमुनिचंद्रनुं स्तवन. तेनी भाषा ते समयनी गुजराती छे. वादिदेवसूरि संस्कृत अने प्राकृत भाषाना प्रकांड पंडित हता, प्रखर नैयायिक अने अद्भुत कवि हता.

---

२५६ "शिष्येण-अभयदेवाख्यसूरिणा विवृतिः कृता।
ज्ञाताधर्मकथाङ्गस्य श्रुतभक्त्या समासतः" ॥ ९ ॥
"एकादशसु शतेषु-अथ विंशत्यधिकेषु विक्रमसमानाम्।
अणहिलपाटकनगरे विजयदशम्यां च सिद्धेयम्" ॥

अर्थात् श्रीअभयदेवसूरिए ज्ञाताधर्मकथांगसूत्रनी विवृति विक्रमवर्ष ११२० मां अणहिलपाटक-अणहिल्वाड-पाटणमां रहीने विजयादशमीने दिवसे पूरी करी. व्याख्याप्रज्ञप्ति-भगवतीसूत्र-नी टीका पण तेमणे ११२८ मां पाटणमां रहीने रची छे. आ माटे जुओ भगवतीसूत्रनी में लखेली प्रस्तावना-'व्याख्याप्रज्ञप्तिना टीकाकार'-पृ० २४ (विद्यापीठप्रकाशन)

श्रीहरिभद्रसूरिनी अनेकान्तजयपताका ऊपर टिप्पण लखनार मुनिचंद्रसूरि—देवसूरिना गुरु—पण महापंडित, तपस्वी अने सुविहिताग्रणी हता अने वादिदेवसूरिना शिष्यो भद्रेश्वरसूरि तथा रत्नप्रभसूरि वगेरे पण महाविद्वान हता. वादिदेवसूरिनुं जन्मस्थान 'मड्डाहृत' आजनुं 'मदुआ'. आबुनी आसपास गुजरात देशना अष्टादशशती नामना एक प्रांतमां ते स्थान आवेलुं छे. सूरिनो जन्म विक्रम संवत् ११४३. जाति[२५७] पोरवाड. पिता वीरनाग, माता जिनदेवी. आचार्यनुं मूळनाम पूर्णचंद्र. 'मदुआ'मां महामारिनो उपद्रव थयो. वीरनाग पोताना ए गामने छोडीने भरूचमां रहेवा आव्यो. मुनिचंद्रसूरि पासे पूर्णचंद्रे भरूचमां ज दीक्षा लीधी. दीक्षित नाम रामचंद्र. विक्रम संवत् ११७४ मां रामचंद्र, देवसूरि थया अने वादकळामां विशेष पटु होवाने लीधे तेमनी ख्याति 'वादि देवसूरि' ने नामे थई. गुजरातना चक्रवर्ती राजा जयसिंह देवनी सभानुं ए रत्न हता. तेमनो 'स्याद्वादरत्नाकर' नामनो चोराशी हजार श्लोकप्रमाण एक अद्भुत न्यायग्रंथ आजे संपूर्ण तो नथी मळतो परंतु जेटलो मळे छे ते ऊपरथी एमनुं असाधारण पांडित्य समझी शकाय एम छे. मातृभाषामां रचेला पोताना गुरुना स्तवनमां तेमणे घणी ज सरळ अने मधुर भाषा वापरी छे. अहीं ते स्तवन पूरेपूरुं लीधेलुं छे.

हेमचंद्रनी कृतिओ

८१ त्रीजी कृति गुजराती भाषाना पाणिनी अने साहित्यिक गुजरातीना आद्यकवि बारमा सैकाना सुप्रसिद्ध आचार्य हेमचंद्रनी[२५८] छे. आचार्य हेमचंद्रे स्वोपज्ञवृत्तिवाळा सिद्धहेमना आठमा अध्यायना चोथा पादमां जे पद्यो उदाहरणरूपे मूकेलां छे,

---

२५७ जुओ प्रभावकचरित्र–श्रीदेवसूरिप्रबंध.

२५८ जुओ प्रभावकचरित्र–श्रीहेमचंद्रसूरिप्रबंध तथा हेमचंद्राचार्य (श्रीसयाजी बालज्ञानमाळा पुष्प १३८ मुं)

तेमांथी अहीं केटलांक पद्यो लीधेलां छे अने बीजां तेमना छंदोनुशासनमांथी अवतारेलां छे. व्याकरणनां पद्योमां हेमचंद्रे पोते रचेलां केटलां अने बीजानां रचेलां पण तेमणे संग्रहेलां केटलां एवो विभाग करवो जोईए ए खरुं पण कयुं पद्य कोणे रचेलुं छे एवो निर्णय करवो हाल तुरत कठण छे. वळी, एमां हेमचंद्रे पोते ज बनावेलां केटलां पद्यो छे ते पण स्पष्टपणे जणातुं नथी. छतां ए पद्योमां हेमचंद्रनां पोतानां पद्यो नथी ज एम पण कही शकाय एवुं नथी.

छंदोनुशासनमां उदाहरणरूपे दर्शावेलां पद्योमां केटलांक संस्कृत भाषामय छे, केटलांक साधारण प्राकृतनां छे अने केटलांक हेमचंद्रनी पोतानी मातृभाषानां छे. ए बधां त्रिविध पद्यो हेमचंद्रे पोते न बनावेलां होय एवुं कांई नथी. परंतु ए पद्योमां राजा सिद्धराजे अने कुमारपाळ संबंधी जे केटलांक पद्यो छे ते अने बीजां संयम वा जैनधर्मने लगतां जे पद्यो छे ते तो हेमचंद्रनां पोतानां कही शकाय एवां छे. वळी, ए पद्योमां जे बीजां अनेक पद्यो रतिरसने लगतां छे ते पण हेमचंद्रनां पोतानां नथी एम केम कहेवाय? रतिरसने लगतां पद्यो कदाच लोकप्रचलित पण होई शके, एथी एमना कर्ता विशे कोईनुं चोकस नाम न कल्पी शकाय. अहीं तो ए अनेक प्रकारना भाववाळां मातृभाषामय पद्योने उदाहरण रूपे मूकेलां छे. कुमारपाळचरितना आठमा सर्गमां १४ थी ८३ सुधीनां स्वभाषामय पद्योमां श्रीहेमचंद्रे कुमारपाळने उपदेश आपेलो छे अने ते बधां पद्यो तेमनां पोतानां ज छे. एमांनां थोडांक पद्यो तो आगळ जणावी गयो छुं.

२५९ जे पद्यो राजाओने लगतां छे ते बधां छंदोनुशासनमांथी लीधेलां—आ साथे आपेलां—उतारामां 'राजा' शब्दथी सूचित कर्यां छे.

२६० 'प्राकृतद्व्याश्रय' नुं बीजुं नाम 'कुमारपाळचरित' छे.

८२ तेरमा सैकाना शतार्थी महापंडित सोमप्रभसूरिए विशेषतः

सोमप्रभनो समय

साधारण प्राकृतमां रचेला कुमारपाळ प्रतिबोधमांथी भाषानी बे कृतिओनी अहीं थोडी वानकी बतावेली छे. विक्रम संवत् १२४१ मां कुमारपाळ प्रतिबोधनी[262] रचना पाटणमां ज थयेली छे एटले तेमनो समय तेरमो सैको नक्की छे.

८३ तेरमा सैकानी कृतिओमां अहीं प्रथम ए सोमप्रभनी कृतिओ

धर्मसूरिनो समय

लीधी छे, पछी महेन्द्रसूरिना शिष्य धर्मसूरिनुं जम्बूचरित्र मूक्युं छे. जम्बूचरित्रना छेल्ला पद्यमां तेनी रचनानो समय विक्रम संवत् १२६६ जणावेलो छे. एटले धर्मसूरिना समय विशे पण शंका नथी.

८४ तेरमा सैकानी त्रीजी कृति तरीके रेवंतगिरिरासमांनां अनेक पद्यो

विजयसेननो समय

अहीं जणायेलां छे. तेना कर्ता विजयसेनसूरि छे, रासने प्रांतभागे कर्ताए पोतानुं नाम स्पष्टपणे जणावेलुं छे. कर्ता, महामात्य वस्तुपालना धर्मगुरु हता एटले तेमनी हयाती तेरमा सैकामां ज होय.

ते ते कृतिओनी रचना-कर्ताना समय वगेरे विशे जे अहीं आटलुं जणाव्युं छे, तेथी अधिक जणाववुं प्रस्तुत नथी.

---

२६१ आचार्य सोमप्रभे अमुक एक श्लोकना सो अर्थो करी बताव्या छे माटे तेओ 'शतार्थी' तरीके पण प्रसिद्ध छे.

२६२ " शशिजलधिसूर्यवर्षे शुचिमासे रविदिने सिताष्टम्याम् ।
जिनधर्मप्रतिबोधः क्लृप्तोऽयं गूर्जरेन्द्रपुरे " ॥

२६३ " महिंदसूरिगुरुसीस धम्म भणइ हो धामीउ ह ।
बारह वरस सएहि कवितु नीपनूं छासठए "

२६४ "रंगिहि ए रमइ जो रासु सिरिविजयसेणि सूरि निम्मविउ ए"

८५ हवे उक्त बन्ने सैकानी ते ते कृतिओनी भाषामीमांसा ज करुं.

बारमा अने तेरमा सैकानी भाषा-मीमांसा

बारमा सैकामां रचायेली उक्त त्रणे कृतिओनी भाषाने में ऊगती गुजरातीनुं नाम आपेलुं छे. ऊगतो आंबो अने फूलेल, फळेल एवो मोटो घटादार आंबो ए बे वच्चे अंतर तो छे, परंतु उद्गम्यमान अने उद्गत ए बन्ने स्थितिओनुं अहीं सामानाधिकरण्य होवाथी कहेवा पूरती ज ते बे जुदी स्थितिओ वच्चे उष्ट्र अने अश्व जेवो भेद मानी न शकाय. 'जे उद्गम्यमान छे ते ज उद्गतदशाने पामे छे' ए न्याये बारमा सैकानी जे ऊगती गुजराती छे, ते ज वर्तमानमां घटादार आंबा जेवी उद्गत स्थितिए पहोंचेली छे. भाषामीमांसाना प्रस्तुत प्रसंगे मारे प्रधानपणे बताववुं पण ए ज छे.

हेमचंद्रे बतावेला ऊगती गुजरातीना नियमो अने प्रत्ययो वगेरेने आगळ संक्षेपमां बतावी गयो छुं. ते नियमो अने प्रत्ययो वगेरेनी दृष्टिए उक्त कृतिओना प्रयोगोमां जे विशेष भेदभाव ज्यारथी जणावो शरू थयो छे तेने यथास्थाने देखाडतो रहीश, पण ज्यां कशो भेदभाव नथी एवां स्थळोने बताववानी अपेक्षा नथी. एवां स्थळो तो सहज सुज्ञान छे.

भाषानुं फरतुं वलण बताववा माटे ते ते कृतिओमांथी केटलांक वाक्यो

ते कृतिओनां वाक्यो अने शब्दो

अने केटलाक शब्दोने टांकी बतावीश अने आवश्यकतानी दृष्टिए वच्चे वच्चे प्रत्ययो अने शब्दोना इतिहासनी पण चर्चा करीश.

८६ शरूआतमां आ नीचे बारमा सैकानी अने तेरमा सैकानी गुजरातीनां केटलांक वाक्यो अने शब्दो क्रमवार नोंधी बतावुं छुं, जेमने वांचतां ज भाषाना वलणनो ख्याल आवी जशे.

१ अभयदेव (बारमो सैको)

	જૂની ગુજરાતી :	ચાલુ ગુજરાતી :
अभयदेवनां	तुह सामिउ तुह माय-बप्पु	तुं सामी—स्वामी—तुं मावाप
वाक्यो	तुह मित्त पियंकरु,	तुं मित्र प्रियंकर,
	तुहँ गइ तुह मइ तुह जि	तुं गति तुं मति तुं ज
	ताणु तुह गुरु खेमंकरु ।	त्राण तुं गुरु खेमंकर ।
	हउं दुहभर भारिउ वराउ	हुं दुःखभर भार्यो वराक
	राउ निब्भग्गह	राय निर्भाग्योनो
	लीणउ तुह कमकमलसरणु	लीनो तुह क्रमकमळशरण
	जिण ! पालहि चंगह । २०	जिन ! पाळ चंग ।
	तुह पत्थण नहु होइ विहलु ।	तुह प्रार्थना न ज होय विफल
देवसूरिनां	२ वादिदेवसूरि	
वाक्यो	जिम बोलइ तिम्व जो करइ	जेम बोले तेम जे करे
	सील अखंडु धरेइ । १८	शील अखंड धरे ।
हेमचंद्रनां	३ हेमचंद्र	
वाक्यो	सायरु उप्परि तणु धरेइ	सायर ऊपर त्र (तृ) ण धरे
	तलि घल्लइ रयणाइं ।	तळे घाले रयणोने ।
	सामि सुभिच्चु वि परिहरइ	सामी सुभृत्य वी परहरे
	सम्माणेइ खलाइं । २ ।	संमाने खलोने ।
	एक्कहिं अक्खिहिं सावणु	एके आंखे श्रावण

२९५ 'अक्खिहिं' ए विशेष्य छे अने 'एक्कहिं' तथा 'अन्नहिं' विशेषण छे. ते ज रीते 'पियहो' ए विशेष्य छे अने 'परोक्खहो' ए विशेषण छे. प्रस्तुत रचनामां विशेष्य अने विशेषण बन्ने विभक्तिवाळां छे त्यारे चालु भाषामां 'भला माणसनुं' वगेरे वाक्योमां मात्र विशेष्यने विभक्ति लागेली होय छे, विशेषणने नहीं—विशेषण लुप्तविभक्तिक होय छे.

उगती गुज०	चालु गुज०
अन्नहिं भद्दवउ। १२।	अन्ये भादरवो।
हिअडा! फुट्टि तड त्ति कारि	हैडा! फूट तड करी
कालक्खेवें कीइं[266]। १४	कालक्षेपे कांइ।
एह कुमारी एहो नरु। १६	एह कुमारी एह नर।
अम्हे थोवा रिउ बहुअ	अमे थोडा रिपु बहु
कायर एम्व भणंति[267]।	कायर एम भणे छे-कहे छे।
पुत्तें जाएं कवणु गुणु	पुत्रे जाये कोण गुण
अवगुणु कवणु मुएण।	अवगुण कोण मुये।
जा बप्पीकी भुंहडी	जो बापुकी भोंयडी
चंपिज्जइ अवरेण। ३५	चंपाय अवरें।
जेवडु अंतरु रावण—रामहं	जेवडुं आंतरुं रावण—रामनुं
तेवडु अंतरु पट्टण—गामहं	तेवडुं आंतरुं पाटण—गामनुं।
। ४६	
पियसंगमि कउ निद्दडी	प्रियसंगमे क्यांथी नींदरडी
पिअहो[268] परोक्खहो केम्व।	प्रिय परोक्षे केम।
मइं बिन्नि वि विन्नासिआ	में बन्ने वी वणसाव्या—वणसाड्या
निद्द न एम्व न तेम्व। ४९	नींद न एम न तेम।
कहिं ससहरु कहिं मयरहरु	कहीं शशधर कहीं मकरधर
कहिं बरिहिणु कहिं मेहु।	कहीं बरिहिण कहीं मेह

२६६ भाषानुं 'कां' अने प्रस्तुत 'काइं' बन्ने समानार्थक छे. मारवाडीमां तो 'कों' नो अर्थ 'कांइ' पद बतावे छे.

२६७ 'भणंति' क्रियापद 'कहे छे' अर्थने सूचवे छे, वर्तमान भाषामां 'भण' नो अर्थ 'भणवुं' थाय छे त्यारे मराठीमां तो तेनो 'कहेवुं' अर्थ ज प्रचलित छे: भण–म्हण्–म्हणणें.

२६८ जुओ टि० २६५.

उगती गुज०	चालु गुज०
दूरठिआहं वि सज्जणहं	दूरथियां वी सज्जनोनो
होइ असड्डुलु नेहु।५८।	होय अशिथिल नेह।
सरिहिं न सरेहिं न	सरिताओए न सरोए न
सरवरेहिं नवि	सरोवरोए नवि
उज्जाण–वणेहिं।	उद्यान–वनोए।
देस रवण्णा[२६९] होंति वढ!	देशो रमण होय छे मूढ!
निवसंतेहिं सुअणेहिं।५९	निवसंतां सुजनोए।
एक्क कुडुल्ली पंचहिं रुद्धी	एक कोटडली पांचे रुंधी
तहं पंचहं वि जुअंजुअ बुद्धी	ते पांचेनी बी जुदीजुदी बुद्धी
बहिनु ए! तं घरु कहि किंव	बहेन ए! ते घर कहे केम
नंदउ जेत्थु कुटुंबउं	नंदो ज्यां कुटुंब
अप्पण–छंदउं। ६०	आपण-छंदुं।
गयउ सु केसरि पिअहु जलु	गयो ते केसरी पिओ जल
नच्चिंतइं हरिणाइं	नचिंतां हरणां
जसु केरएं हुंकारडएं मुहहुं	जस केरे होंकारडे मोंथी
पडंति तृणाइं। ६१।	पडे तरणां।
सिरि जरखंडी लोअडी	शिरे जरखंडी लोबडी
गलि मणिअडा न वीस	गले मणका न वीश
तो वि गोट्ठडा कराविआ	तो वी गोठडा कराव्या
मुद्धए उट्ठवईस। ६२	मुग्धाए उठवेश।

२६९ 'देस रवण्णा' वाक्यमां विशेष्य लुप्तविभक्तिक छे अने विशेषण 'रवण्णा' ए विभक्तिवाळुं छे. 'आ भलो माणस छे' ए चालु भाषानी वाक्यरचना ए ज प्रकारनी छे.

हिअडा ! जइ वेरिअ घणा	हैडा ! जो वेरी घणा
तो किं अब्भि चडाहुं ?।	तो च्यम्–शुं आभे चडहुं ?।
अम्हाहिं वे हत्यडा	अमोने वे हाथडा
जइ पुणु मारि मराहुं। ७४	जो पण–वळी मारी मरहुं।
पाइ विलग्गी अंत्रडी	पाये वळगी आंतरडी
सिरु ल्हसिउं खंधस्सु	शिर ल्हसियुं खांध
तो वि कटारइ हत्थडउ	तो वी कटारे हाथडो
बलि किज्जउं कंतस्सु।८२	बलि कीजुं–(करुं–वारि जाउं–) कांत।
ते ज्जि पंडिअ ते ज्जि गुणवंत ते तिहुअण सिर उवरि	ते ज पंडित ते ज गुणवंत ते त्रिभुवन शिर उपर
ताहं चिअ जम्मु जाणहु जे	तेओनो ज जन्म जाणो जे
मत्तविलासिणिहिं न वि	मत्तविलासिनीओथी नवि
खोइआ सुद्धझाणओ। २६	क्षोदाया शुद्धध्यानथी।
कित्ति तहारी वण्णविणु कइ	कीरति तारी वर्णवीने कवि
अन्नु न वण्णहिं ।	अन्यने न वर्णे हे–वर्णे
मालइ माणिवि किं भमर	मालती माणी च्यम्–शुं भमर
धत्तुरइ लग्गहिं ? १६	धत्तुरे लागे हे–लागे ?
कुइ धन्नु जुआणउ। ३९	कोई धन्य जुवानियो
जे निअहिं न परदोस	जे जुए हे न परदोष
गुणिहिं जि पयडिअतोस	गुणोए ज प्रकटिततोष
ते जगि महाणुभावा	ते जगे महानुभावा
विरला सरलसहावा। १२४	विरला सरलस्वभावा

८७ बारमा सैकानी भाषाना शब्दो अने चालु भाषाना शब्दो

(१) अभयदेव

अभयदेवना शब्दो

जय जय—जे जे

समरंत—समरंत—स्मरंत—समरता

पिक्खइ—पेखे

पसाइण—पसाये—(प्रसादने लीधे)

सिद्धिउ—सिद्धिओ—सिद्धिउं

सिज्झहि—सीझे हे—सीझे छे—सिद्ध थाय छे.

होइ—होय (थाय)

नित्थारइ—निस्तारे (पार उतारे)

दय करि—दया करी

आणा—आण—आज्ञा

जसु—जस—जेना

थंभेइ—थंभे छे—थंभावे छे.

हरउ—हरो (दूर करो)

सेवहि—सेवे हे—सेवे छे

मद्दउ—मरडो—(नाश करो)

पक्खालिय—पखाळेल—प्रक्षालित

नर—नर—नरो—(माणसो)

झायहि—झाये हे-ध्याये छे (ध्यान करे छे)

वद्धउ—वध्यो—वाध्यो

आलस—आलस—आळस

विलवंतउ—विलवंत-विलवंतो-विलपंतो

कंपिउं—कल्प्युं

जंपिउं—जल्प्युं

किय—करी—की

कि वि—के इ

केण—केणे—केणे

झंखंत—झंखंत—झंखतो

सोहिय—शोभित—सोहियुं—सोह्युं

जोयहि—जोवे हे—जोवे छे

पालू—पाल—(रक्षा कर)

हउँ—हुं

एउ एउ—ए ए

उंवर—उंबरो

अप्पु—आप (पोतानी जात)

किज्जउ—कीजो—करजो

जग—जगमां

होसु—होईश

महारिय—माहरी—मारी

एम—एम

विनवइ—वीनवे

(२) वादिदेवसूरि

देवसूरिना शब्दो

जयओ—जयो (जय पामो)
मोडिअ—मोड्युं
जिम—जेम
खुडुलाइ—खडलां
सिंचइ—सींचे
वक्खाणंतओ—वखाणंतो—वखाणतो
वयणु—वेण
जिणि—जेणे
सोसीउ—शोषव्युं—शोष्युं
जो—जे
नंदउ—नंदो
वूहउ—वह्यो
सत्थाहु—सथवारो
सुमरियइं—सुमरीए—समरीए
गव्वउ—गरवो
मज्जहिं—माचे हे—माचे छे.
जे तणा—जे तणा—जेना
संख—संख्या
रयणह—रतननी
कोइल—कोयल
वाणि—वाण
सो—ते
नमेहु—नमेउ—नमो
खाणि—खाण
दलेइ—दे छे.
आवइ—आवे
नासइ—नासे
नउलु—नोळ—नोळियो
ठावडइ—ठामडे—स्थाने
हिंडइ—हिंडे
मोरह तणा—मोर तणा—मोरना
सप्पु—साप
हंसुला—हंसला
गउ—गयुं
विहल—विफल
दिट्ठु—दीठो
संपडहिं—सांपडे हे—सांपडे छे.
छिंदहिं—छेदे हे—छेदे छे.
जाल—जाळ
रयणिहिं—रयणिए (रजने)
उट्ठिउ—ऊठ्यो

एहउं—एहवुं—एवुं
पच्छइ—पछी
विहाणु—वहाणुं (प्रातःकाळ)
वड्डाइं—वडां—(मोटां)
जोइ—जो—(देख)
कुहइ—कोहे—(सडे)
डज्झइ—दाझे
छारु—छार—(राख)
जलि—जले—जलवडे
वल्लहइ—वल्लभे—वल्लभवडे
पूरिअ—पूरी—पूरी करी
वारइवार—वारेवार—वारंवार
धार—धारा
देहु—देउ—द्यो
मग्गहु—मग्गाउ—मागो
कोइ—कोइ
भमरा—भमरा
लिंबडइ—लिंबडे (लिंबडा ऊपर)
दियहडा—दिहाडा—दहाडा
विलंबु—विलंब—(विलंब कर)
फुल्लइ—फूले
झडप्पडहिं—झटपट—झटपटे
पच्छि—पछी—पाछळ
अच्छइ—छे
मच्छें—मच्छे
गिलिज्जइ—गळाय
मच्छु—मच्छ—माछलुं
किअउं—कीयुं—कर्युं
दिट्ठउं—दीठुं
तेवडउं—तेवडुं
निहालहि—निहाळ—(देख)
बप्पीहा !—बपैया !
चूडुल्लउ—चूडलो
झलक्किअउ—झळक्यो-(झाळ लागेलो)
हिअइ—हैये
खुडुक्कइ—खटके
गोरडी—गोरडी—(स्त्री)
घुडुक्कइ—घडके—('घडड' एम गाजे)
संकडु—सांकड—संकट
एहु—एह—ए
तेवडु—तेवडो
पलु—पळ (समय)
हसिउ—हस्यो—हसायो
माणुस—माणस
विच्छोह—वछो—(वियोग)
विच्छोहगर-विच्छोहकर-(वियोगकर)
गिलि गिलि—गळ गळ (गळीजा गळीजा)

माणिअइ—माणीए
होसइ—होशे—हशे.
करतु—करतो
तु—ते
कीसु—कराउं छुं.
समप्पइ—समापो—समाप्त थाओ
लालसउ—लालचु
चडइ—चडे
वडन्ति—वादळे
भमेइ—भमे
मइं—में
भणिअउ—भण्यो—कह्यो
केहउ—केहवो—कयो
मग्गण—मागण
एहु—एह—ए
जेहु तेहु—जेवो तेवो
होइ—होय
नेह—नेह—स्नेह
गलंति—गळे छे—(नोपळी जाय छे)
ते ग्गिन—तेन
पिट्टि—पीठी
अपिअसा—अपीया—अणवर्तु
कुड—कोड
पइरिसु—पहोरो—पहेरा

पाणीउ—पाणी—(जळ)
नवइ—नवे
पइसीसु—पेसीश
वेल—वेल
वलंति—वळे छे
उल्हवइ—ओलवे छे
अप्पणं—आपणं
रिउम्हहिं—रिपुथी—(रिपुना
सैन्यथी)
थाइं—थाइ
होसइ—होशे—(थशे)
माणि—माने
देसडा—देशोने
लुअडउ—लुणियो
पहुच्चइ—पहोंचे
दूसडउ—दूतडो
आवइ—आवे छे.
कणिअ—कणी
ओहट्टइ—ओटे छे—(ओट थाय छे)
वल्लयाइं—वडलां
डोंगर—डुंगर
लोअ—लोक
ढोल्ल—ढोल (नायक)
थोर—थांभा

वइल्ल—बेल—(बळद)	लेखडउ—लेखडो
झुंपडा—झुंपडां	पट्ठाविअइ—पठावाय—पाठवाय.
लग्गइ—लागे	बाह—बांह—बांय
कुडुल्ली—कोटडली—कोटलडी-कोटडी	विछोडवि—विछोडी—वछोडी—वछोटी
सहेसइ—सहशे—स्हेशे	जाहि—जाय—जा
अधिन्नइ—अधीन	नीसरहि—नीसरे—नीसर—नीहर
अवसें—अवश्य	जेप्पि—जीपी—जिती
सुक्कइं—सूकां	देप्पिणु—देवीने—देईने—दईने
पण्णइं—पान	लेवि—लेवीने—लईने
देज्जहिं—दीजे हे—(देवाय छे)	मुआ—मुआ
आइउ—आयो—आव्यो	परावहि—पराव—प्राप्-परापत करे छे
वत्तडी—वातडी	मुअइ—मुए छे—मरे छे
कन्नडइ—कानडे	जाइ—जाय छे
धूलडिआ—धूलडी—धूळ	थाह—थाह—ताग
संदेसें—संदेशे	पविसइ—पेसे
तुहारेण—तुहारे—तारे	वइट्ठउ—वेठो
धाइ—धाय छे (दोडे छे)	चडिआ—चड्या
ठाइ—ठाय—स्थिर रहे	डालइं—डाळां
कढणु—कढवुं—(उकाळवुं)	मोडंति—मोडे छे—मरडे छे
घणकुट्टणु—घणकुट्टण—घणथी कूटवुं	बोल्लहिं—बोले हे—(कहे छे)
मंजिट्ठए—मजीठे	हूओ—हुओ (थयो)
कोट्टरइं—कोतरां	सहेव्वउं—सहेवुं
संचि—संच—(संचय कर)	जग्गेव्वा—जागवुं
द्रम्मु—दाम	जिआवंतिहिं—जीवाडतीओए

सुणिवि—सुणि—(सांभळी)
वसंति—वसंते—वसंतऋतुमां
सुमरि—सुमरी (याद करी)
तक्खणि—टांकणे (ते वखते)
पहिउ—पैइ—(पथिक—प्रवासी)
गाम्वि—गांवे—गामे
पट्टणि—पाटणे
हट्टि—हाटे
चउहट्टि—चौटे
राउलि—रावळे—रावणे
देउलि—देवळे
दीसइ—दीसे छे
पत्तिज्जइ—पतीजे (विश्वास कीजे)
मेल्लइ—मेले (छोडे)
भोलिम—भोळप
जगु—जग
मुज्झइ—मुंझे छे—मुंझाय छे
झलकंति—झलकती—चळकती

कंठिआ—कंठी (गळे पहेरवानी कंठी)
वट्टुलओ—वाटलो
चंदुल्लओ—चंदलो-चांदलो-चांदलियो
गेंडुअ—गेंद—कंदुक (दडो)
मन्नावि—मनावी
देक्खिवि—देखी
वेल्लुडी—वेलडी
सत्थ—साथ—(समूह)
मुआ—मुआ
घट्टइं—घाट—घाटडी (ओढवानुं स्त्रीनुं वस्त्र)
त्रुट्टी—त्रुटी—तुटी
छंडेविणु—छंडीने
गोवालीअण—गोवालण
लग्गी—लागी
पाइ—पाय
जलइ—जळे छे
तवइ—तवे छे—तपे छे

२७० भाषामां 'पथिक-प्रवासी' ना अर्थमां प्रस्तुत 'पइ' शब्दनो व्यवहार चालु छे. ज्यारे आपणे त्यां कोई नोतरियो नोतरुं देवा आवे छे त्यारे बोले छे के "सगटंम सइ परोणो पइ" सगटंम एटले सहकुटुंब, सइ—सहित, परोणो एटले अतिथि अने पइ एटले पथिक—प्रवासी—मुसाफर. अर्थात् कुटुंब साथे अने मेमान तथा पथिक साथे—ए बधांने लईने जमवा आववानुं नोतरुं छे. "सगटंम सइ परोणो पइ" ए वाक्य काठियावाडमां प्रचलित छे अने अमरेलीमां तो में अनेकवार सांभळ्युं पण छे. पथिक—पहिअ—पइ—ए त्रणे समान शब्दो छे.

मन्नइ—माने छे
उक्खिविअ—ऊखेवीने (ऊंची करीने)
कद्दम—कादव
भग्गा—भाग्या
मग्गुल्या—मारगडा
भमइ—भमे छे.
सामलि—शामळी
अच्चब्भुअ—अचंबो
फुल्लिअ—फलिअ—फूली—फळी
लंघइ—लांघे—(टपी जाय)
नउक्खी—नोखी
गंग—गंगा
पुकारइ—पोकार करे (बोले)
चक्किण—चने
दलिओ—दळ्युं—दळ्यो
लेइ—ले छे
सवु—सव—सव
संतवणु—संतपन—सताववुं
तिं—तें
सिंदुरिअ—सिंदुरिया
अग्गलि—आगले—आगळ
मेहमज्झि—मेहमध्ये—मेहमां
अंधारइ—अंधारे
तोरी—तोरी—तारी
उच्छलिल—उछळेल
पंडर—पांडरं (धोळुं)
रणझणंत—रणझणतुं
गहिल्लि—घेली
सिंती—सींचाती
पत्तउ—पहोंत्यो—(आव्यो)
मलंतउ—मल्तो—मरडतो
धरइ—धरे छे
दुब्बली—दूबळी
घण—घणुं
वंडुर—पांडरं (धोळुं)
कालइ—काळे
वुड्ढ—वध्युं
तुट्ठ—तुट्युं
सुमरइ—सुमरे छे—समरे छे.
पलिअ—पळियां
जर—जरा
जज्जरइ—जादरं करे छे—(जीर्ण करे छे)
होएसइ—होशे (थशे—थाशे)
पारणओ—पारणुं (तप कर्या पछीनुं भोजन)
पद्धडी—पद्धति—पाधरी
हणिअ—हणी

मुहु—मों—म्हों	भंडार—भंडार
धण—धण	हारु—हार
आइउ—आयो—आव्यो	घल्लिउ—घाल्यो
कुक्कडि—कूकडी	तिणु—तृण
रडिअ—रडी (बोली)	निट्ठ—नेठ—नेठुं (अंत)
इण—एणे	अंसु—आंसु
कारणि—कारणे	पलुट्टउ—पलुट्यो,—(नीकळी पड्यो—दडी पड्यो)
चुंबिज्जइ—चुंबीजे—चुंबाय छे.	

बारमा सैकानी त्रणे कृतिओनां केटलांक वाक्यो अने केटलाक शब्दो ऊपर जणाव्या छे अने ते वाक्यो अने शब्दोनी सामे आजनुं गुजराती मूक्युं छे. ए ऊपरथी बारमा सैकानी अने आजनी गुजराती वच्चे उद्गम्यमान—उद्गततानो जे संबंध ऊपर बताव्यो छे ते वधारेमां वधारे स्पष्ट थाय एम छे. वाक्यो अने शब्दोना वलणने ध्यानपूर्वक जोवाथी बारमा सैकानी अभयदेव, वादिदेवसूरि अने हेमचंद्रनी मातृभाषाने ऊगती गुजराती कहेवामां जरा पण वांधो जणातो नथी अने ए हकीकत दीवा जेवी चोक्खी छे माटे ए विशे विशेष लखवानी अगत्य पण नथी.

८८ अभयदेव वगेरेनी उक्त त्रण कृतिओमां वपरायेलां प्रत्ययो अने सर्वनामो तथा अव्यय वगेरेने लगतो विचार करीए:

अभयदेव-वादिदेव-हेमचंद्रे वापरेली नामविभक्तिओ अने तेनी चर्चा — नरजातिनां अने नान्यतरजातिनां नामोने माटे प्रथमाना अने द्वितीयाना एकवचनमां 'उ' प्रत्यय विशेष वपरायेलो छे.

अभयदेव–'देउ' (देव) 'वराउ' (वराक) 'राउ' (राजा) अणिसिद्धउ–(अनिषिद्धक)–नरजा०.

प्रथमा अने द्वितीया विभक्ति 'माहप्पु' (माहात्म्य), मणु (मन) पमाणु (प्रमाण) नान्य० जा०.

देवसूरि–'चंदु' (चांदो) 'भारु' (भारो) 'कुमारु' (कुमार)–नरजा०.

'नाणु' (ज्ञान) 'चरणु' (चरण–चारित्र) संमत्तु (सम्यक्त्व) नान्य० जा०.

हेमचंद्र–'सायरु' (सागर) द्रुमु (द्रुम) वायसु (वायस) नरजा०. 'घरु' (घर) कज्जु (काज) बलु (बल) नान्य० जा०.

अहीं आ 'उ' प्रत्ययनो इतिहास लखवानुं प्रस्तुत नथी तो पण कहेवुं जोईए के ते 'उ' प्रत्यय घणो प्राचीन छे. आगळ जणावेलां ललितविस्तरनां पद्योमां ए 'उ' प्रत्यय छूटथी वपरायेलो छे. एटले ते, विक्रमना पांचमा सैका जेटलो तो जूनो खरो.

'सो' 'चित्' वगेरे वैदिक प्रयोगोमां जे 'ओ' वपरायो छे ते ज, आ 'उ' ना मूळमां छे.

केटलाक प्रयोगोमां फक्त नरजातिवाळां नामोने 'ओ' प्रत्यय लागेलो छे.

अभयदेव–'अपवित्तओ', 'रोगहरो', 'समो'.

देवसूरि–'वक्खाणंतओ', 'सो', 'जो'.

हेमचंद्र–'जो', 'एहो', 'एसो'.

'उ' अने 'ओ' प्रत्ययना उपयोगनी सरखामणी करतां 'ओ' प्रत्ययनो उपयोग ओछो छे अने 'उ' प्रत्ययनो उपयोग तेना ('ओ'ना)

करतां वधारे छे. हेमचंद्रना छंदोनुशासनगत पद्योमां 'ओ' प्रत्ययनो उपयोग फक्त प्रथमा माटे नान्यतरजातिमां पण थयेलो छे: 'विरइओ अंगु'–१४, 'पंकओ'–६०, 'दलिओ'–७१. परंतु आवा प्रयोगो अतिविरल छे. 'उ' अने 'ओ' प्रत्यय सिवाय मूळ अंग पण प्रथमा अने द्वितीयामां वपरायेलां छे:

अभयदेव—समरंत, जण, नर,–काय,–काम, नीरोय, कय, झंखंत, निप्फल.

देवसूरि–भवियजण, संसार, मुणिंद, मुणिचंद, थिर.

हेमचंद्र–मेह, खग्ग, वग्ग, फल, गय, पल्लव, गय (गत).

आ रीते प्रथमा अने द्वितीयामां मूळ अंग वापरवानी रीत ललितविस्तरना समयथी चाली आवे छे. आवां अंगो त्रणे लिंगमां वपरायेलां छे.

नान्यतरजातिनां 'क' प्रत्ययान्त नामोने प्रथमाना एकवचनमां 'उं' प्रत्यय लागेलो छे अने बहुवचनमां तथा द्वितीयाना बहुवचनमां 'आइ', 'आइं', 'इ', 'इं', 'आ' अने 'आं' प्रत्ययो लागेला छे.

अभयदेव—सुहाइ, कलत्तइ, रज्जइ, दुरियइ.

देवसूरि–खंडुलाइं, गाबडां, पच्छुत्तरइ, पसन्ना.

हेमचंद्र–रयणाइं, कुंभइं, वल्या, विसमा.

हेमचंद्र–भग्गउं, पसरिअउं, बल्लहउं, एहउं, तेवडउं [प्रथमा एकवचन]

ऋग्वेदमां [पृ० १९४, ४६९–म० सं०] 'अद्भुता' (अद्भुतानि) कर्त्वा (कर्तव्यानि) विश्वा (विश्वानि) काव्या (काव्यानि) वगेरे, उक्त 'वल्या'नी पेठे 'आ' प्रत्ययवाळा प्रयोगो अनेक मळे छे. ते जोतां 'वल्या' वगेरेमां वपरायेला 'आ' नुं मूळ मळी जाय छे

अने 'गावडां' मां जे 'आं' लागेलो छे तेनुं मूळ पण ते 'आ' होय अथवा व्या० प्रा० ना 'आनि' उपरथी नीपजेलो ते 'आं' होय.

चालु गुजरातीमां पूर्वोक्त 'चंद्रु' जेवुं 'उ' प्रत्ययवाळुं रूप नथी देखातुं पण फक्त नान्यतरजातिमां 'भगाउं' नी पेठे 'केळुं' वगेरे 'उं' प्रत्ययवाळां रूपो प्रचलित छे.

'ओ' प्रत्ययवाळां रूपो 'घोडो, छोकरो, लाडवो' वगेरे व्यवहारमां छे अने बहुवचनमां नरजातिमां 'आ' 'आओ,' तथा 'ओ' प्रत्ययनी अने नान्यतरजातिमां 'आं' प्रत्ययनी वपराश छे. आ उपरांत पहेली बन्ने विभक्तिमां मूळ अंग पण वपराय छे.

'छोकरो,' 'घोडो' वगेरेमां जे 'ओ' प्रत्यय छे तेना मूळमां वैदिक 'सो चित्' वाळो 'ओ' छे. अने घोटकः—घोडओ–घोडउ–घोडो ए रीते तेनो क्रमपरिवर्त छे. छोकरा, घोडा वगेरेमां जे 'आ' प्रत्यय छे ते वैदिक 'देवाः' 'जनाः' प्रयोगना 'आः' प्रत्ययनुं रूपांतर छे. 'माणसो' 'देवो' वगेरेमां छे तो पूर्वोक्त 'ओ' प्रत्यय परंतु ते बहुवचनमां फेरवायो छे अने 'छोकराओ' वगेरे प्रयोगोमांना 'आओ' नुं मूळ, उक्त 'आः' अने 'ओ' ए बन्ने प्रत्ययना मिश्रणमां छे अर्थात् 'छोकराओ' वगेरेमां 'आ' अने 'ओ' एम बेवडो प्रत्यय लागेलो छे. अथवा वैयाकरण पाणिनिए वैदिक अने लौकिक उभय प्रकारना नामोने लगता प्रत्ययोने जणावतां प्रथमाना बहुवचनमां 'अस्' प्रत्यय जणावेलो छे. जे 'सखायः' 'वाचः' वगेरे रूपोमां मूळरूपे जळवाई रह्यो छे. संभव छे के ते 'अस्,' 'ओ' रूपे परिणाम पामी 'माणसो' वगेरेमां लाग्यो होय. अहीं वधु संगत ए छे के 'माणसो' वगेरेमांनो बहुत्वसूचक 'ओ' प्रत्यय पूर्वोक्त एकवचननो 'ओ' न होय किन्तु ते आ 'वाचः'ना

'अस्'नो 'ओ' होय. एकवचननो 'ओ' लईए तो तेने बहुवचनमां फेरववो पडशे अने उक्त बहुवचनना 'अस्'नो 'ओ' लईए तो ते सीधो ज लागी शकशे. एथी 'माणसो' वगेरे रूपोमां उक्त 'अस्'नो 'ओ' लगाडवाने वांधो नथी. 'छोकराओ' वगेरेमां पण ते ज 'ओ' लेवो; पण तेवां रूपोमां बेवडो प्रत्यय लागेलो छे. 'छोकराओ' वगेरे रूपोना अंतिम 'आ-ओ' प्रत्ययनी अहीं चर्चा करी तो छे परंतु चालु भाषामां एवां रूपोनो व्यवहार वधारे जणातो नथी ए ध्यानमां राखवुं.

बीजी विभक्तिमां 'दीणयं' जेवुं शुद्ध प्राकृत रूप वपरायेलुं छे पण आवां रूपो अतिविरल छे. दय, संख वगेरे रूपो बीजी विभक्तिनां छे. अहीं विभक्ति लोपायेली छे, एटलुं ज नहीं किन्तु मूळ अंग 'दया' 'संख्या'नो अंत्य 'आ' पण 'अ'मां फेरवायेलो छे. अपभ्रंशमां सविभक्तिक नामना अंत्य स्वरनो ह्रस्व उच्चार पण थाय छे. (जुओ पृ० २०५, १५) ए धोरणे 'दया' अने 'संखा'नुं 'दय' अने 'संख' थयेलुं छे. घणे स्थळे नारीजातिना नामनी प्रथमा विभक्तिमां पण 'दय' अने 'संख' जेवां रूपो वपरायेलां छे अने 'उ' प्रत्ययवाळां रूपो पण आवे छे.

अभयदेव—निप्फल, जुगय, पत्यण, महारिय, जत्त.

वादिदेवसूरि—संख, संख.

हेमचंद्र—वोड्डिअ, एह, स, मुद्धअ, गइअ, धण.

अभयदेव—विसंठुल, अब्भुअउ.

साधारण रीते जोतां 'आ', 'ई', अने 'ऊ' ए त्रण प्रत्ययो नारी-जातिना सूचक छे. अजा, प्रजा, दया, संख्या वगेरेमां 'आ' प्रत्यय छे. नारी, नदी, शची वगेरेमां 'ई' प्रत्यय छे अने वधू, करभोरू वगेरेमां 'ऊ' प्रत्यय छे. ऊगती गुजरातीमां 'ई' अने 'ऊ' प्रत्ययो घणे भागे सचवायेला छे त्यारे स्त्रीत्वसूचक 'ई' अने 'ऊ' प्रत्ययनी

सरखामणीमां 'आ' प्रत्यय सचवायो नथी. 'जुगया' ने बदले जुगय, 'संखा' ने बदले 'संख' 'गंगा' ने बदले 'गंग' अने 'जत्ता' ने बदले 'जत्त' एवां जे अनेक रूपो उपलब्ध छे ते नारीजातिसूचक उक्त 'आ' प्रत्ययनी वपराशनी अल्पता सूचवे छे. अने ए ज रीते—

(सं०) निष्फला प्रार्थना—(प्रा०) निप्फला पत्थणा। (अभय०) निप्फल पत्थण।

(सं०) मदीया यात्रा—(प्रा०) मईया जत्ता—(अभय०)महारिय जत्त। वगेरे प्रयोगोमां जेम संस्कृत अने प्राकृतमां विशेष्य अने विशेषण बन्नेमां नारीत्वसूचक 'आ' प्रत्यय जळवायो छे तेम अभयदेव वगेरेनी गुजरातीमां ते बन्ने स्थळे ए 'आ' प्रत्यय टक्यो नथी ते पण उक्त हकीकतनुं ज समर्थन छे.

खरी वात तो ए छे के विशेषण अने विशेष्यमां लिंग अने संख्या समान होय तो ज विशेषण-विशेष्यभावनुं धोरण जळवाई रहे छे. संस्कृत अने प्राकृतमां समासमां नहीं वपरायेलां विशेषण मात्र विकारी छे एटले विशेष्यनी जातिने अनुसरनारां छे. सं० 'एका यात्रा' प्रा० 'एगा जत्ता' आने बदले भाषामां 'एक जात्रा' नो प्रयोग सुप्रतीत छे. ए प्रयोगमां 'जात्रा' विशेष्य छे अने 'एक' तेनुं विशेषण छे. विशेष्य नारीजातिमां छे तेथी विशेषण पण खरी रीते नारीजातिमां ज होवुं जोईए एटले 'एक' ने बदले 'एका' प्रयोग थवो जोईए; पण लोकभाषानी खासियत प्रमाणे एवा प्रयोगोमां स्त्रीसूचक 'आ' टकतो नथी; परंतु तेनुं ह्रस्व उच्चारण थाय छे. अहीं ए ख्यालमां रहे के 'एक जात्रा' प्रयोगनो 'एक' शब्द स्त्रीलिंगी ज छे. फक्त 'एका' ने बदले 'एक' उच्चारण थयुं छे. चालु गुजरातीनी पेठे आ रीत उक्त त्रणे कृतिओमां बराबर उप-

भाषामां विशेष्य प्रमाणे विशेषणमां प्रत्यय न होवानी पद्धतिने वैदिक भाषानी एवी पद्धतिनो टेको

लब्ध छे. आ अने आवा बीजा अनेक प्रयोगो जोतां भाषामां वपरातां विशेषणो विकारी पण छे अने अविकारी पण छे, ए हकीकतनुं मूळ उक्त रूपोमां रहेलुं मालूम पडे छे. वैदिक पद्धतिमां बराबर आवां तो नहीं पण आने मळतां अनेक रूपो मळे छे:

आगळ (पृ०७२ [४७]) जणावेला 'लोहिते चर्मन्,' 'परमे व्योमन्' वगेरे प्रयोगोमां 'चर्मन्' अने 'व्योमन्' विशेष्य छे. अने विशेष्य होवाथी ते बन्ने विशेषण प्रमाणे सातमी विभक्तिमां आववां जोईए छतां ते बन्ने विभक्तिना संसर्ग विनानां ज छे. एटले जेम उक्त वैदिक रचना विशेषण अने विशेष्यना समानविभक्तिकताना नियमने तोडी पाडे छे. तेम तेथी आगळ वधीने चालु भाषाना प्रयोगो विशेषण अने विशेष्यना सर्वथा विकारीपणाना नियमने अवगणे छे अने आ अवगणनानुं मूळ उक्त वैदिकरचनामां समायुं होय तो ना नहीं. उक्त 'व्योमन्' वगेरे प्रयोगो छे तो विभक्तिना संसर्ग विनाना परंतु तेमने सप्तमी विभक्तिनां समजवानां छे ए न भुलाय. 'वाया विसंठुलु' जेवा प्रयोगोमां 'विसंठुलु' शब्द 'वाया' नुं विशेषण छे एटले साधारण रीत प्रमाणे तो 'वाया विसंठुल' एम थवुं जोईए पण लोकभाषानुं तंत्र विशेष अनियत होवाने लीधे 'वाया विसंठुलु' प्रयोग पण थयो छे.

छोकरो, घोडो, लाडवो वगेरे प्रयोगो प्रथमा विभक्तिवाळा छे, तेमां मूळ अंग अकारान्त छे अने 'ओ' प्रत्यय छे ए ध्यानमां रहे. 'घोडो' वगेरेमां अंगने अकारान्त मानवामां न आवे तो 'छोकरी', 'घोडी' वगेरे स्त्रीलिंगी रूपोनी निष्पत्ति केवा प्रकारना अंगथी थशे?

ए वात तो नक्की छे, के 'छोकरी', 'घोडी' वगेरेमां मूळ 'छोकर+ई', 'घोडअ+ई' ए जातनो प्रकृति-प्रत्ययविभाग छे. 'घोडो' के 'छोकरो' उपरथी 'घोडी' के 'छोकरी' रूपो नथी नीपजी शकतां.

बारमा सैकानी गुजरातीमां ह्रस्व के दीर्घ इकारान्त वा उकारान्त स्त्रीलिंगी नामोने माटे प्रथमा अने द्वितीयाना एकवचनमां कोई खास प्रत्यय नथी. जेवुं ने तेवुं मूळ अंग ज वपराय छे वा तेना अन्त्य स्वरमां ह्रस्व के दीर्घ जेवो फेरफार करीने वपराय छे. बहुवचनमां पण क्यांय उक्त रीते मूळ अंग ज वपराय छे अने क्यांय मूळ अंगने 'उ' के 'ओ' प्रत्यय लागेलो छे.

अभयदेव—सिद्धिउ, सिद्धि.

वादिदेवसूरि—खाणि, वाणि.

हेमचंद्र—थलि, कुमारी, निद्दडी, रयणी, बुद्धी, माली.

चालु गुजरातीमां 'वेलडीओ', 'नदीओ' वगेरे 'ओ' प्रत्ययवाळां रूपो प्रतीत छे. काठियावाडीमां ए 'ओ' ने बदले 'य' श्रुतियुक्त 'उं' प्रत्यय पण प्रचलित छे. 'वाडीयुं' 'सखीयुं', 'आंगळीयुं' वगेरे.

वैदिक भाषामां नद्यः, वध्वः वगेरे रूपोमां 'य' अने 'व' श्रुतियुक्त 'अस्' प्रत्यय लागेलो छे. पालिभाषामां नदियो, इत्थियो, वधुयो वगेरेमां जे अंत्य-'य' श्रुतियुक्त-'ओ' छे तेनुं मूळ उक्त 'अस्' प्रत्ययमां छे. एक ए 'ओ' ने बदले प्राकृतमां 'उ' अने 'ओ' एम बे प्रत्ययो नोंधाया छे. अने हेमचंद्रनी जूनी गुजरातीमां पण ए बे प्रत्ययोनी भलामण छे. 'ओ' उपरथी 'उ' थईने ते बे प्रत्यय जुदा बनेला जणाय छे. 'ओ' वाळुं स्त्रीलिंगी रूप विशेष प्राचीन छे.

८९ उक्त त्रणे कृतिओमां त्रीजी विभक्ति माटे जुदा जुदा प्रत्ययो-**त्रीजी विभक्ति** वाळां रूपो वपरायेलां छे.

एकवचन:
- अभयदेव—पसाइण, नामिण, सूलिण, रसायणेण.
- वादिदेव०— तवि, जिणि.
- हेमचंद्र—वाएं, तें अग्गिं, उड्डावंतिए, पुत्ते, सरिण, कन्नणेण, सिरेण.

बहुवचन	अभयदेव—छप्पन्निहिं वादिदेव०—सूरिहिं, जबंबिहि, लोयणिहि हेमचंद्र—गुणहिं, लक्खेहिं

त्रणे कृतिओना उक्त प्रयोगो जोतां इण, एण, इ, एं, मात्र अनुस्वार, ए, (एकवचनमां) अने बहुवचनमां इहिं, हिं, इहि अने एहिं प्रत्ययो वपराया छे. चालु गुजरातीमां 'ए' प्रत्यय विशेष प्रचारमां छे. अने क्वचित् क्वचित् 'एण' अने 'इण' प्रत्ययो पण वपराय छे. छोकरे, घोडे, माणसे वगेरेमां 'ए' प्रत्यय छे अने 'केणे,' 'एणे,' 'तेणे' रूपोमां तथा 'किणि' 'इणि,' तिणि' जेवा केटलाक तळपदा ग्रामीण प्रयोगोमां 'एण' अने 'इण' वपराया छे.

वैदिकमां त्रीजी विभक्ति माटे मूळ 'एन' प्रत्यय छे. ए 'एन' प्रत्यय ज उक्त इण, एण, इ, एं, मात्र अनुस्वार के 'ए' ना मूळमां छे. पालिमां 'एन' अने प्राकृतमां 'एण' के 'एणं' प्रत्ययोनो प्रचार छे. ए जोतां गुजरातीना त्रीजी विभक्तिना एकवचने पोतानी मूळ परंपरा साचवी राखेली छे. बहुवचनमां वैदिक 'एभिस्' प्रत्यय छे. उपर्युक्त 'इहिं,' हिं, 'इहि' अने 'एहिं' प्रत्ययोनुं मूळ आ 'एभिस्'मां छे. चालु गुजरातीमां ए 'एभिस्' साथे संबंध धरावतो कोई प्रत्यय नथी सचवायो पण तेने बदले उक्त 'ए' प्रत्यय वपराय छे. एकवचननो 'ए' भाषामां बहुवचनमां पण वपरावा लाग्यो छे: छोकराओए, माणसोए,

बेवडा प्रत्ययो अने वैदिक भाषानी पद्धति

छोकरांए वगेरे रूपोमां उक्त 'ए' प्रत्यय तो छे पण ते अनुक्रमे उक्त रीते बहुत्वसूचक एवा आ-ओ, ओ अने आं प्रत्यय पछी लागेलो छे. एटले ए बधा अने एवा बीजा पण प्रयोगो बेवडा प्रत्ययवाळा छे ए ध्यानमां रहे. 'जेणे,' 'केणे' 'तेणे' 'एणे' ए बधा त्रीजी

વિભક્તિવાળા સર્વનામના પ્રયોગો છે. તેમાં મૂળ અંગ 'જ,' 'ક,' 'ત' અને 'એ' છે, તેમને 'એણ' પ્રત્યય લાગ્યા પછી ફરી પાછો 'એ' પ્રત્યય લાગેલો છે.

એકવાર પ્રત્યય લાગેલું રૂપ, અમુક વખતે, લાગેલા પ્રત્યયનો અર્થ સૂચવવા અસમર્થ નીવડે છે ત્યારે ફરીવાર તેને બીજો પ્રત્યય લગાડવો પડે છે. એ ધોરણે ઉક્ત પ્રયોગોને બેવડા પ્રત્યયો લાગેલા છે. આ બેવડા પ્રત્યય લગાડવાની પદ્ધતિ કાંઇ આજકાલની નથી, બારમા સૈકામાં તો તે હતી જ એમ 'જિણિ' વગેરે રૂપો જ બતાવી આપે છે.

વૈદિક ભાષામાં કેટલાંક ક્રિયાપદોમાં બબે અને ત્રણ ત્રણ વિકરણ પ્રત્યયો લગાડવાનું વિધાન વૈદિકપ્રક્રિયામાં છે. એ જોતાં બેવડા કે ત્રેવડા પ્રત્યયો લગાડવાની પદ્ધતિ ઘણી જ જૂની જણાય છે. "નેષતુ'—નયતેર્લોટ્ શપ—સિપૌ દ્વૌ વિકરણૌ। તરુષેમ—તરેમ—ઇત્યર્થઃ તરતેર્વિધ્યાદૌ લિઙ્ ઉઃ—શપ્—સિપ્ ચેતિ ત્રયો વિકરણાઃ" [વૈ૦ પ્ર૦ ૩—૧—૧૮૫]

૯૦ ઉક્ત કૃતિઓમાં ચોથી વિભક્તિનો પ્રયોગ દુર્લભ છે, પણ તેને બદલે

ચતુર્થીને બદલે છઠ્ઠી વિભક્તિ

છઠ્ઠીનો પ્રયોગ મળે છે. ચોથીને બદલે છઠ્ઠી વિભક્તિ વાપરવાની પ્રથા વેદકાળ જેટલી જૂની છે. એ વાત આગળ કહેવાઈ ગઈ છે. (પૃ૦ ૫૩ [૬])

હેમચંદ્ર—વડત્તણહોતણેણ—(વડપણમાટે) આ પ્રયોગમાં 'વડત્ત-ણહો' એટલું રૂપ ષષ્ઠીવાળું છે અને 'તણેણ' શબ્દ 'તે માટે' ના અર્થને સૂચવવા જોડેલો છે.

'તેમાટે' અર્થના દ્યોતક નિપાતો

હેમચંદ્ર કહે છે કે 'તે માટે' અર્થને બતાવવા 'કેહિં', 'તેહિં', 'રેસિ', 'રેસિં' અને 'તણેણ' એ પાંચ નિપાતો વાપરવાના છે. (૮—૪—૪૨૫) વળી, વિક્રમના

आठमा सैकाना विद्वान आचार्य हरिभद्रसूरि पोतानी समराइच्चकहामां 'रेसि'ने बदले '[२७१]रेसंमि' पद वापर्यु छे. त्यां तेनुं पाठांतर 'रसम्मि' पण नोंधायेलुं छे. तथा पंचाशकमां '[२७२]रेसिम्मि' पद ए ज आचार्ये वापरेलुं छे. आ रीते 'रेसंमि' अने 'रेसिम्मि' निपातो पण तादर्थ्यना अर्थने सूचवे छे.

एमने निपातो एटला माटे कह्या छे के तेमनुं मूळ माल्म पडतुं नथी.

सर्वनाम 'क' अने 'त' नुं तृतीयाबहुवचन 'केहिं', 'तेहिं' थाय छे. ए 'केहिं', 'तेहिं' उपरथी उक्त तादर्थ्य-सूचक 'केहिं', 'तेहिं' ने लाववानी कल्पना थयेली छे. तथा 'रेया' ने प्रा० 'रेसा' रूपे कल्पी ते उपरथी 'रेसि' के 'रेसिं' उपजाववानी कल्पना थयेली छे. आचार्य हरिभद्र जेने **रेसंमि** अने '**रेसिमि**' रूपे नोंधे छे अने हेमचंद्र जेने 'रेसि' या 'रेसिं' आकारे जणावे छे एवा 'रेसि' निपातनुं खरुं स्वरूप अनिश्चित छे त्यां एनी व्युत्पत्तिनी कल्पना पण शी रीते थई शके?

'रेया' उपरथी 'रेसि' लाववानी भ्रामक कल्पना

९१ मारा नम्र मत मुजब उक्त बन्ने कल्पनाओ केवळ अक्षरसाम्यने आभारी छे. व्युत्पत्तिना क्षेत्रमां मात्र अक्षरसाम्यनो आधार सविशेष

२७१ "जो उण सद्धारहिओ दाणं देइ जसकित्ति **रेसंमि** ।
अहिमाणेण व एमो देइ अहं किं न देमि त्ति ॥
पाठांतर–'रसम्मि'–समरा० पृ० १५७ (जे०)

२७२ सव्वगुणपसाहणमो णेओ तिहिं अट्ठमेहिं परिसुद्धो ।
दंसण–नाण–चरित्ताण एस **रेसिमि** सुपसत्थो–पंचा० १९–गाथा–४०।
टीका "रेसिमि निमित्तम्–" अभयदेव ।

भ्रामक छे. एटले जे व्युत्पाद्यरूप माटे अर्थसाम्य के अक्षरसाम्य बंने साथे सचवाई शके एवी व्युत्पत्ति न करी शकाती होय त्यां गमे ते कल्पना करवा जतां साची व्युत्पत्तिने बदले व्युत्पत्त्याभासने समर्थन आपवा जेवुं थाय छे. वळी, प्रसंग छे तेथी कहुं छुं:

व्युत्पत्ति माटे केवल अक्षर-साम्य भ्रामक छे

'जूनी गुजराती भाषा' नामना पुस्तकमां तेना साक्षर लेखके पृ० १७५ ऊपर 'पहेलवहेलुं' नी व्युत्पत्तिसंबंधे विचार कर्यो छे. तेमां तेमणे एम जणाव्युं छे के [" 'व्हेल व्हेलुं'. प्रथम 'प' नो लोप थतां बनतुं 'हल्लविहल्ल' रूप जूनी गुजरातीमां वपरायुं छे. एटलां वांनां 'हल्ल-विहल्ल' बेटा व्हइं आपिआं (संदर्भ ८४-२) तेम ज 'उवएसमाल-कहाणय छप्पय' मां 'हल्लविहल्ल' रूप वपरायुं छे"–पृ० १७५] तेमनुं आ लखाण मात्र अक्षरसाम्य ऊपर अवलंबतुं होई भ्रांतिमूलक छे. एमणे जे 'संदर्भ' अने 'उवएसमालकहाणय' नो आधार टांक्यो छे तेमां 'हल्लविहल्ल' शब्दनो अर्थ ज 'पहेलवहेलुं' नथी. राजा कोणि-कना बे भाई नामे 'हल्ल' अने 'विहल्ल' छे ए जैनकथामां सुप्रतीत छे.

ते बाबतनां उदाहरणो

'एटलां वांनां हल्लविहल्ल बेटाहूं आपिआं' ए वाक्यनो खरो अर्थ आ प्रमाणे छे: एटलां वानां–एटली चीजो. हल्ल विहल्ल बेटाहूं–हल्ल विहल्ल बेटाने–हल्ल, विहल्ल नामना बेटाने–पुत्रोने. आपिआं–आप्यां.

तेम ज 'उवएसमालकहाणय' (गाथा ५२) मां "हल्ल विहल्लहं हार गुरुय गयवर सिउ दिद्धउ" हल्ल विहल्लहं–एटले हल्ल अने विहल्लने, गुरुय–मोटा, गयवर–हाथी, सिउ–साथे, हार–हार, दिद्धउ–दीधो.

आ रीते वाक्य के शब्दनो वास्तविक अर्थ समज्या विना मात्र अक्षर-साम्यने वळगवाथी व्युत्पत्तिना क्षेत्रमां घणा भ्रमो नीपजे छे.

ए ज लेखके 'पलांठी' शब्दने 'पट्‌पाटि' उपरथी लावतां (पृ० ७६) मात्र अक्षरसाम्यनो आधार लई एवो ज भ्रम पेदा करेलो छे. 'पलांठी' नुं सं० मूळ 'पर्यस्तिका' प्रा० 'पल्हत्थिआ' मां छे.

'निर्व्याधिक' उपरथी 'नरवो' (पृ० ३५०) 'गह्वरक' उपरथी 'गभारो' (पृ० ७६) अने 'प्रहरणक' उपरथी 'परोणो' (पृ० ३४८) लावतां ए उक्त लेखके मात्र अक्षरसाम्यने आधारे भ्रांत व्युत्पत्ति जणावी छे. खरी रीते 'नीरुज' (निर् + 'रुज्' वा रुजा) उपरथी 'नरवो' 'गर्भागार' उपरथी 'गभारो' अने 'प्रतोदन' उपरथी 'परोणो' शब्द आवेला छे.

अभिधान–चिंतामणिमां आचार्य हेमचंद्रे कहेलुं छे के "पटु–उल्लाघ-वार्त–कल्यास्तु नीरुजि" (काण्ड ३–श्लो० १३८) अर्थात् पटु, उल्लाघ, वार्त, कल्य अने नीरुज् ए बधा, रोगरहित–साजा–अर्थने दर्शावनारा पर्याय शब्दो छे. "निष्क्रान्तो रोगात् नीरुक्" एवी व्युत्पत्ति 'नीरुज्' शब्दनी तेमणे आपेली छे. 'रुज्' अथवा 'रुजा' बन्ने शब्दो लई शकाय एम छे. ए कांडना श्लोक १२६ मां 'रोग,' 'रुजा,' 'मान्द्य,' 'व्याधि' वगेरेने पर्यायशब्दो रूपे नोंधेला छे.

---

२७३ "नेव पल्हत्थियं कुज्जा–" (उत्तरा० अ० १, गा० १९) "नैव पर्यस्तिकाम्–जानुजङ्घोपरिवस्त्रवेष्टनात्मिकां कुर्यात्"—(उत्तरा० शांति० टीका)

पर्यस्तिका परिकरः पर्यङ्कः च–अवसक्थिका"

—(हेम० अभि० कां० ३, श्लो० ३४३)

चोरामां वा बीजे स्थळे वृद्ध माणसोनी–कड उपर कपडुं वींटीने–बेसवानी रीतनुं नाम पर्यस्तिका–पल्हत्थिया छे. भाषामां प्रचलित पलांठी के पलोंठी शब्दनो संबंध प्रस्तुत 'पल्हत्थिया' साथे छे. वडीलोनी सामे 'पर्यस्तिका' नी ढबे बेसवुं ए अविनय छे एम उत्तराध्ययनसूत्रमां कहेलुं छे.

'गह्वर' नो अर्थ 'पोतानी मेळे थयेलो मोटो खाडो' के 'गुफा' थाय छे. "अखातबिले तु गह्वरं गुहा" (अभिधान० कां० ४–श्लो० ९९) 'गह्वर' नो उक्त अर्थ अने 'गभारा' नो 'घरनी अंदरनो भाग' ए अर्थ; ए बे वच्चे लेश पण साम्य नथी. खरी रीते 'गर्भागार' शब्द उपरथी 'गभारो' शब्द आवेलो छे. जैनमंदिरमां ज्यां जिनमूर्तिओने प्रतिष्ठित करेली होय छे ते स्थळनुं नाम 'गभारो' छे. केटलाक लोको 'गभारो' ने बदले 'गंभारो' उच्चारण पण करे छे. 'गर्भागार' शब्दनी व्युत्पत्ति बतावतां आचार्य हेमचंद्र कहे छे के "अगारस्य गर्भो गर्भागारम्" "गर्भागारोऽपवरको वासौकः शयनास्पदम् (अभिधानचि० कां० ४–श्लो० ६१) अमरकोशमां[२७४] पण 'गर्भागार' शब्दने नोंधेलो छे. (पुरवर्ग कां० २–श्लो० ८) त्यां अमरनो टीकाकार कहे छे के 'गर्भागार' 'वासगृह' द्वे गृहमध्यभागस्य 'माजघर' इति प्रसिद्धस्य" —(पृ० ७४)

'प्रवयण' के 'प्रतोदन' उपरथी 'परोणो' शब्द आवेलो छे: प्रवयण–परवयण–परउयण–परोयण–परोणो. आचार्य हेमचंद्र कहे छे के "प्रतोदस्तु प्रवयणं प्राजनं तोत्र–तोदने (अभि० कां० ३–श्लो० ५५७) अमरकोशमां[२७५] पण एनी नोंध छे: (वैश्य–वर्ग कां० २ श्लो० १२) त्यां अमरनो टीकाकार कहे छे के "प्राजनं तोदनं तोत्रं त्रीणि वृषादेः ताडनोपयोगिनः तोत्रस्य आसूड चाबूक इति ख्यातस्य" (पृ० २१२).

'गुजराती भाषानुं बृहद् व्याकरण' ना समर्थ लेखक एक स्थळे (बृहद् व्याकरण–पृ० १३४) "दीसि अगासि तावडि दाझइ" एवुं (कान्ह० खंड–१ पवाडु–१५३) वाक्य आपे छे.

---

२७४ "गर्भागारं वासगृहम्"—(अमरकोश)

२७५ "प्राजनं तोदनं तोत्रम्"—(अमरकोश)

[ए आखुं पद्य आ प्रमाणे छे :

"बंदीत्रान घणा सीदाता दीठा पाडइ राडि,

दीसि अगासि तावडि दाझइ राति वाइ टाढि"–(१,१५२)

अर्थ :—सीदाता–पीडाता एवा घणा बंदीवान दीठा के जेओ राडो पाडे छे. अगासि–अगासामां–छापरा विनानी खुल्ली जग्यामां–जेओ तावडि–तडकावडे के तडकामां दाझे छे अने रात्रे टाढ वाय छे]
उक्त व्याकरणकार आ वाक्यमां वपरायेल 'तावडि' शब्दना 'डि' ने पांचमी विभक्तिनो जूनो प्रत्यय कहे छे. तेओ लखे छे के "डी ('थी' ने ठेकाणे जूनो प्रत्यय)"

परंतु उक्त लखाण अक्षरसाम्यनी भ्रांतिमांथी नीपजेलुं छे. 'डि' ए पांचमीनो प्रत्यय नथी अने 'तावडि' ए रूप पांचमी विभक्तिनुं पण नथी. 'तडका'ना अर्थमां 'ताप' शब्दनी पेठे 'तावड' (तावडो) शब्द पण पालणपुर तरफनी भाषामां अने मारवाडी भाषामां प्रचलित छे. तेनुं त्रीजी विभक्तिनुं एकवचन 'तावडि' रूप छे. अन्त्य 'इ' त्रीजीनो प्रत्यय छे. मूळ 'सं०–ताप–प्रा०–ताव' शब्द छे अने 'ड' स्वार्थिक प्रत्यय छे. "खाटला तावडे नाख्या" (खाटला तडके नाख्या) एवुं वाक्य जैन प्रतिक्रमणसूत्र–अतिचारना पाठमां सुप्रसिद्ध छे. ए वाक्यमां 'तावडे' सप्तमी विभक्तिवाळुं रूप छे. 'डि' प्रत्यय पांचमीनो होय तो 'तावडे' रूप ज क्यांथी थाय ?

मात्र अक्षरसाम्यनो आधार लेवाथी केवा प्रकारनी भ्रांतिओ जन्मे छे ए सादी हकीकतने बताववा ज अहीं थोडुं विषयांतर जेवुं करीने पण आटलुं उदाहरणरूपे कहेवाते मने जणाववुं पड्युं छे. 'जूनी गुजराती भाषा'ना अने 'गुजराती भाषानुं बृहद्व्याकरण' ना विद्वान लेखकोए करेली भाषासेवा विशेष प्रशंसनीय छे. अहीं तेमनी खोड बताववानो

मारो आशय नथी. परंतु गुजराती भाषानी व्युत्पत्तिनुं क्षेत्र केटलुं विकटुं छे. एटले तेमां मारे हाथे आवी भ्रांतिओ थाय ज. आगळ आवी भ्रांतिओथी बचीने ए एक ज उद्देशने लक्ष्यमां राखीने में सघळुं लखाण करेलुं छे. एमां कोई साक्षर एनो विपरीत अर्थ न ज करे एवी तेमने मारी फरी फरीने नम्र विनंती छे.

१२. उक्त ग्रंथे कृतिओनां वापरेलां छठी विभक्तिनां रूपो नीचे छट्ठी विभक्ति प्रमाणे छे:

अभयदेव—गुह, सत्तगह, णिम्मलाह (ब०), दीणह.

देवसूरि—मेरुहु, सायर (लुप्त वि०), तारयहं (ब०), सेरुहं; मोरहलगा, चेतगा (ब०); रयणह, भवियाणं, मणुयहं (ब०) मणुयह.

हेमचंद्र—परस्सु, दुल्लहहो, सुअणस्सु; अइमत्तहं (ब०) गय (लुप्त वि०) कासु, चिंतंताहं (ब०) लोयहो; कंतहे (स्त्री०) मायहं (ब०) कंतहो, सीहहो, जिणहं, लोअहं (ब०) तिहुअणो, —रयणिहुं.

उक्त रूपो उपरथी जणाय छे के एकवचनमां 'ह,' 'हु', 'हो'; 'स्सु'; 'सु' अने 'णो' प्रत्यय छे. स्त्रीलिंगमां 'हे' प्रत्यय छे. बहुवचनमां 'हं' 'आणं' अने 'ह' प्रत्यय छे. 'तण' शब्द षष्ठी विभक्तिनो सूचक छे. अने एनो प्रयोग लुप्त के अलुप्त षष्ठी विभक्तिवाळा नामनी साथे थाय छे.

'नो' प्रत्यय षष्ठीना एकवचन माटे पालिभाषामां छे. अने 'णो' प्रत्यय प्राकृतमां छे. वैदिक भाषामां 'मधुनः' (षष्ठी एकवचन) वगेरे रूपोमां जे अन्त्य 'नस्' छे ते उपरथी उक्त 'नो' के 'णो' आवेल छे.

वैदिक 'स्य' (प० ए०) उपरथी पालि के प्राकृतमां 'स्स' अने ते द्वारा 'सु' अने 'स्सु' आवेला छे. अने ए 'सु' उपरथी 'हु' अने 'हो' ने आववानी संभावना उचित लागे छे. 'दिवस' ना 'स' नुं 'ह' उच्चारण विहित छे. [८-१-२६३] तेम 'सु' प्रत्यय उपरथी 'हु' अने 'हो' प्रत्यय आववामां बाध नथी जणातो. 'ह' प्रत्यय पण उक्त 'स्स' मांथी जन्मेलो छे. अहुरो (असुरः), हो (सः) [खोरदेह-अवेस्ता पृ० १५४, २२७] वगेरे प्रयोगोमां 'स' ने बदले 'ह' बोलवानी पद्धति अवेस्ता भाषामां सुप्रतीत छे. एटले ए रीत घणी जूनी जणाय छे.

स्त्रीलिंगी 'हे' नो संबंध थोडे घणे अंशे 'स्य' साथे जोडी शकाय; परंतु तेनुं मूळ बराबर स्पष्ट कळातुं नथी. खोरदेहअवेस्ता पृ० १८१ उपर षष्ठीना एकवचन माटे 'अहुरह्या' रूप नोंधेलुं छे. तेमां 'अहुर' प्रकृति छे अने 'ह्या' प्रत्यय छे. प्रस्तुत 'ह्या' ए प० ए० 'स्य'

---

२७६ 'स' ने बदले 'ह' ना उच्चारणवाळा अनेक प्रयोगो खोरदेहअवेस्तामां मळे छे. तेमांना थोडाएक आ नीचे आपुं छुं:

अस्मात्–अह्मात्–पृ० ६१	समदश–हमदश–पृ० १५८
सा–हा–पृ० ६५	अस्मि–अह्मि–पृ० १५८
असि–अहि–पृ० ७८	समाः–हमा–पृ० १२६
सन्नयः–हनय–पृ० २७४	

प्राकृतभाषामां 'तस्य' के 'तस्याः' ने बदले 'से' रूपनो व्यवहार सुप्रसिद्ध छे (८–३–८१ हेम०) खोरदेहअवेस्तामां 'तस्य' के 'तस्याः' ना अर्थमां अनेक स्थळे 'हे' रूप वपरायेलुं छे (पृ० २३७ तथा २५६) ए प्रा० 'से' अने अवेस्तिक 'हे' बन्ने विशेष साम्य छे.

वळी, क्यांय 'ह' ने बदले 'स' पण वपरायो छे.

'अह्नि' ने बदले 'अस्नि'–(खोर० अ० पृ० ९६)

तुं जुदुं उच्चारण छे. एटले षष्ठीना एकवचन उक्त 'हे' नो संबंध 'स्य' ना भिन्न उच्चारण 'ह्य' साथे जोडी शकाय एम छे. 'ह्य' मां 'य' छे तेथी तेनुं 'हे' एवुं परिणामांतर थवुं अशक्य नथी. आ रीते जोतां 'ह्य' के 'हे' ए बन्नेना मूळमां वैदिक 'स्य' ज रहेलो छे. वळी, 'जरथुस्त्रहे,' 'स्पितामहे' 'अस्पहे' (खोरदेहअवेस्ता पृ० २२८, २८३) वगेरे प्रयोगोमां अवेस्तानी भाषामां [२७७]षष्ठीविभक्तिना एकवचनमां 'हे' प्रत्यय वपरायेलो छे. हेमचंद्रे स्त्रीलिंगी नामने माटे षष्ठी विभक्तिमां जे 'हे' प्रत्यय बताव्यो छे ते 'हे' अने उक्त आवेस्तिक 'हे' ए बे वच्चे संबंध बांधी शकाय के केम ए प्रश्न छे परंतु ए बन्ने प्रत्ययोमां साम्य तो घणुं छे. बहुवचननो 'आणं' तो वैदिक 'देवानाम्' (पा० देवानं, प्रा० देवाणं) मां वपरायेला 'आनाम्' साथे संबंध धरावे छे. 'हं' प्रत्यय वैदिक 'सर्वेषाम्' पालि 'सब्बेसं' अने प्राकृत 'सव्वेसिं' ना अंत्य 'सं' तथा 'सिं' प्रत्यय साथे संबंध धरावे छे अने 'हुं' प्रत्यय, उक्त 'हं' नुं उच्चारणान्तर छे. 'मोरहतणा' अने 'जेतणा' रूपोमां वपरायेलो अंत्य 'तण' षष्ठीनो सूचक छे. 'मोरह' ए रूप पोते ज षष्ठ्यंत छे. छतां ए रूप षष्ठीनो अर्थ बताववा असमर्थ नीवड्युं त्यारे तेने संबंधसूचक 'तण' लगाडीने षष्ठीनो अर्थ बताव्यो छे. आचार्य हेमचंद्रे 'संबंध'नो अर्थ सूचववा माटे 'तण' अने 'केर' पदो वापरवानी भलामण करेली छे अने 'अम्हहंतणा' वगैरे उदाहरणो पण जणावेलां छे: (८-४-४२२ हे.) ए रीते अहीं षष्ठीसूचक प्रत्यय वेवडायो छे. 'जेहतणा'–'जे तणा' ए रूप पण ए रीते बनेलुं छे.

---

२७७ षष्ठीना एकवचन माटे 'हे' प्रत्ययवाळां अनेक रूपो खोरदेहअवेस्तामां वपरायेलां छे:

असुरस्य-अहुरहे-पृ०६८. विश्वस्य–वीस्पहे–पृ०१५१. श्यामस्य-सामहे-पृ०२२९.

आ 'तण' नी उत्पत्ति विशे एक मत सुनिश्चित नथी. केटलाक विद्वानो षष्ठीविभक्तिवाळा आत्मनः—अत्तनो—अत्तणो रूपना अंगभूत 'त्तण' उपरथी उक्त 'तण' ने नीपजावे छे. त्यारे केटलाक विद्वानो तद्धितना 'पुरातन' वगैरे शब्दोमां वपरायेला 'तन' प्रत्यय उपरथी उक्त 'तण' नी व्युत्पत्ति बतावे छे. संबंध अर्थने सूचववा माटे कीय (परकीय, जनकीय, राजकीय ६—३—३१ हे०), इक (वार्षिक, मासिक ६—३—८० हे०), ण (पुराण ६—३—८६ हे०) अने तन (पूर्वाण्हेतन, अपराण्हेतन, सायंतन, चिरंतन, अद्यतन ६—३—८७,८८ हे०) वगैरे अनेक प्रत्ययो वपराय छे. 'तन' वगैरे प्रत्ययो लाग्या पछी तैयार थयेलुं अंग विशेषण रूप बने छे, अने तेथी ते विशेष्यनी पेठे लिंग अने विभक्ति—वचनोने धारण करे छे: रामतणो भाई. रामतणी वात. रामतणुं कुळ. मारा विचार मुजब 'पुरातन' वगैरेमां वर्तता 'तन' उपरथी 'तण' लाववामां आवे तो विशेष्य—विशेषणभावनी घटना बराबर थशे. जो के ए 'तन' संस्कृतमां सार्वत्रिक प्रत्यय नथी तो पण लोकभाषामां एने सार्वत्रिक थयेलो मानी शकाय एम छे. एवां तो बीजां घणां उदाहरणो छे के जे प्राचीन समयमां सार्वत्रिक न होय अने पछीथी सार्वत्रिक थई गयां होय:

षष्ठीसूचक 'तण' नी व्युत्पत्तिचर्चा

सप्तमीनो 'स्मिन्' प्रत्यय संस्कृत व्याकरणनी दृष्टिए सार्वत्रिक नथी पण लोकभाषामां तो ए सर्वत्र व्यापक जेवो छे अने एम छे तेथी ज पालिभाषामां अने आर्षप्राकृतमां 'बुद्धस्मिं,' 'बुद्धम्हि' (पा०) 'लोगंसि,' 'बंभचेरंसि' (आ०) वगैरे प्रयोगो उपलब्ध छे.

---

२७८ संस्कृत व्याकरणमां सप्तमीना एकवचनो 'स्मिन्' प्रत्यय मात्र सर्वादि 'सर्वनामो' पूरतो छे—"ङसि—ड्योः स्मात्—स्मिनौ"—(पाणि० ७।१।१५। काशिकावृत्ति)

आपणी भाषामां प्रचलित षष्ठी विभक्तिवाळां (रामतणो के रामनो वगेरे) रूपो विशेषण जेवां छे. एटले तेमनी विशेषणरूपता टकाववा विशेषणरूप 'चिरंतन' ना 'तन' उपरथी 'तण' आवे तो विशेष सुगमता थाय एम छे.

'आत्मनः'—'अत्तनो'—'अत्तणो' रूपना 'तणो' अंश उपरथी 'तण' ने नीपजावीए तो तेमां नीचेनी आपत्तिओ छे:

१. 'आत्मनः' रूप फक्त षष्ठी–विभक्तिवाळुं ज नथी, द्वितीया अने पंचमीमां पण ए ज रूप वपराय छे एथी प्रस्तुतमां षष्ठीना चोक्कस अर्थनी असंगति थशे.

२. 'त्तनो' अंशमां 'त्तन्' एटलो अंश 'आत्मन्' ना 'त्मन्' नुं रूपांतर छे अने मात्र 'अस्' षष्ठीसूचक प्रत्यय छे एथी 'त्तनो' उपरथी आणेलो 'तण' षष्ठीने केम सूचवी शकशे? वळी 'त्तनो' ना 'त्त' अने 'ओ' ने कोई पण सबळ आधार विना बदली पण केम शकाय?

३. उक्त 'त्तनो' अंशमां विशेष्य प्रमाणे परिवर्तन पामवानुं सामर्थ्य ज नथी तो ए उपरथी ऊपजेला 'तण' मां ए सामर्थ्य शी रीते आवे?

उक्त 'चिरंतन' मां आवेलो 'तन' संबंधसूचक प्रत्यय छे एथी ए उपरथी 'तण' ने लावीए तो उक्त एक पण आपत्तिनो संभव नथी. चालु गुजरातीना षष्ठी विभक्तिना 'नो' 'नी' 'नुं' प्रत्ययोना मूळमां पण आ 'तन' प्रत्यय छे.

९३ उक्त त्रणे कृतिओमां पंचमीनो प्रयोग विरल छे. हेमचंद्रना

पंचमी विभक्ति

"वच्छहे गृण्हइ फलइं" ए वाक्यमां 'हे' प्रत्यय पंचमीनो सूचक छे. तृतीया अने पंचमी विभक्तिनो अर्थ लगभग सरखा जेवो छे. तृतीयाना बहुवचनमां वैदिक-भाषामां

'भिस्' प्रत्यय वपराय छे. ते उपरथी पालिमां अने प्राकृतमां 'हि' प्रत्यय आवेलो छे. प्रस्तुत 'हे' नुं मूळ आ 'हि' मां छे. तृतीयानो 'हि' बहुवचननो छे, पण लोकभाषामां ते एकवचनना 'हे' नुं मूळ बनी शके छे. वैदिक भाषामां अने लोकभाषामां विभक्ति अने वचनना व्यत्ययनो पार ज नथी.

९४ सप्तमी विभक्तिनां रूपो ते कृतिओमां नीचे प्रमाणे छे :

सातमी विभक्ति
अभय०—सत्थिहिं (ब०), जग (लुप्त वि०)
देवसूरि—अडविहिं, सूरिहिं (ब०) कमलि, टावडइ, मेहागम, (लुप्त वि०), सरयागमि,—रयणिहिं.

हेमचंद्र—महिहि, एकहिं, अक्खिहिं, पंकइ, अप्पिए, दिट्ठइ, गयणि, सव्वंगे, पट्टणि, हट्टि.

उक्त रूपोमां 'हिं', 'इ', 'हि' अने 'ए' प्रत्ययो वपरायेला छे.

वैदिक भाषामां सप्तमीना 'देवे' रूपमां वपराता 'ए' प्रत्यय साथे प्रस्तुत 'इ' अने 'ए' प्रत्ययनो संबंध छे. अने वैदिक 'सर्वस्मिन्' पालि 'बुद्धम्हि' मां वपरायेला 'म्हि' साथे उक्त 'हिं' अने 'हि' नो संबंध जोडी शकाय एम छे. चालु गुजरातीमां 'ए' प्रत्यय टकी रह्यो छे. 'घरे गयो', 'खळे गयो', 'खेतरे गयो' वगेरे प्रयोगोमां सप्तमीना 'ए' प्रत्ययनो प्रयोग तद्दन स्पष्ट छे. गुजरातीमां सप्तमीना अर्थ माटे 'महिं' के 'मइं' वचन पण हाल वपराय छे. पालिना सप्तमीना उक्त 'म्हि' प्रत्यय साथे ते 'महिं' के 'मइं' अने 'में' (हिन्दी) नी सरखामणी थई शके एम छे. सप्तमीना सूचक 'मां' अने 'मांहि' बोलनो संबंध पण ते 'महिं' साथे बतावी शकाय खरो. केटलाक भाषाविज्ञो 'महिं' साथे 'मध्ये 'नी सरखामणी करे छे. गुजरातीमां कोई पण प्रत्यय लगाड्या विना

पण सप्तमीनो अर्थ दर्शावी शकाय छे. 'जग जश व्याप्यो' एवां वाक्योमां 'जग' सप्तमी विभक्तिवाळुं पद छे. अभयदेवनी कृतिमां आवा ज अर्थमां 'जग' पद वपरायेलुं छे.

संबोधननी विभक्तिओनी प्रक्रिया प्रथमा जेवी छे. एटले ए माटे खास कशुं लखवानुं नथी.

९५ हवे ए त्रणे कृतिओमांनां केटलांक क्रियापदो, कृदंतो, सर्वनामो अने अव्ययोनो विचार करीए:

बारमा सैकानी क्रियापद विभक्ति

अभयदेव—द्वि० पु० ए० कुणसु, जय, पालिहि, पालहि, भव, अवहारि, जोयहि, पाल, पसीअसु.

„ „ व० पसीयह.

तृ० पु० ए० होइ, मद्दउ, हरउ, थंभेइ, भुंजइ, नियइ. पच्चइ (कर्मणि).

„ „ व० लहंति, झायहि, सेवहि.

प्र० पु० ए० होसु (भविष्य०).

वादिदेव०—द्वि० पु० ए० ....

„ „ व० वंदओ, नमहु.

तृ० पु० ए० जयओ, सिंचइ, सुमरियइं, नंदउ, कहेइ, प्पहइ.

„ „ व० मज्जहिं, हरिसिज्जंति, संपडहिं.

हेमचंद्र—तृ० पु० ए० जाणीअइ (कर्मणि), परिहरइ, गृण्हइ, गज्जहि, अच्छइ, माणिअइ, धरेइं, होसइ, होइसइ. वण्णिअइ, कप्पिज्जइ, गिलिज्जइ

(कर्मणि). चइज्ज, भमिज्ज, ठवइ, होइ, पइस्सइ.

,, ,, ब० भुंजंति, घेप्पंति (कर्मणि). सरइं, बोल्लहिं, अणुहरहिं. होसइ (भविष्य०).

द्वि० पु० ए० आणहि, देक्खु, अच्छि, विसूरहि, भणि.

प्र० पु० ए० किज्जउं, कीसु, करीसुं, पावीसुं.

९६ उक्त रूपो उपरथी नीचेना प्रत्ययो तारवी शकाय छे:

प्र० पु० ए०—उ, उं। द्वि० पु० ए०—सु, उ, हि, इ, ०—कांइ नहीं।

,, बहुव० ह, हु, ओ।

तृ० पु० ए०—इ, इं, उ, हि।

,, बहु०—न्ति, हिं, इं।

क्रियापदना प्रत्ययोनी व्युत्पत्ति

बीजा पुरुष एकवचन अने बहुवचनना प्रत्ययो आज्ञार्थने सूचवे छे. आज्ञार्थनो 'सु' वैदिक प्रत्यय 'स्व' नी साथे बराबर मळतो आवे छे. 'हि' पण वैदिक 'हि' साथे संबंध राखे छे. 'इ' प्रत्यय उक्त 'हि' मांथी नीपजेलो छे. अने 'इ' प्रत्ययवाळुं रूप वेदोमां पण मळे छे. एटले बारमा सैकामां वपरातो आज्ञार्थसूचक 'इ' प्रत्यय कांई नवो नथी पण वेदकाळ जेटलो जूनो छे, ए ख्यालमां रहे. आ बाबत हुं आगळ बतावी गयो छुं. (पृ० ६६ कं० ३२)

चालु भाषामां वपरातां कर, लख, भण वगेरे क्रियापदो पण मूळे 'इ' प्रत्ययवाळां ज छे.

कोई पण प्रत्यय विनानुं आज्ञार्थ-क्रियापद वेदनी भाषामां पण उपलब्ध छे. पच, लिख, भव वगेरे.

बहुवचनमां वपरायेला 'ह' नुं मूळ, वैदिक 'थ'—साथे मळता आवता अने पालिमां वपराता 'थ' (आज्ञार्थ द्वितीय पुरुष बहुवचन) अने प्राकृतमां वपराता (आ० द्वि०पु० ब०) 'ह' प्रत्ययमां छे. 'हु' नो संबंध पालिमां वपराता 'व्हो' (भवव्हो, ददव्हो, कुरुव्हो) साथे छे, अने 'वंदओ'—'वंदो'—'वांदो' प्रयोगमां वपरायेला 'ओ' नो संबंध पण उक्त 'व्हो' साथे जोडी शकाय एम छे: व्हो–हो–ओ एवुं परिवर्तन संभवे छे. अने द्वितीय पुरुषनो सूचक 'उ' प्रत्यय उक्त 'ओ' मांथी पळेलो छे. वैदिक संस्कृतमां बीजा पुरुषना आज्ञार्थ बहुवचनमां 'ध्वम्' प्रत्ययनो व्यवहार छे. उक्त 'व्हो' अने आ 'ध्वम्' वच्चे जे साम्य टकी रहेलुं छे ते स्पष्ट छे. चालु भाषामां करो, लखो, भणो वगेरे द्वितीयपुरुष सूचक आज्ञार्थ क्रियापदोमां वपराता 'ओ' नुं मूळ उक्त 'व्हो' मां छे. आज्ञार्थ त्रीजा पुरुष एकवचनमां पण 'उ' अने 'ओ' प्रत्यय वपरायेला छे. वैदिक 'तु' अने प्राकृत 'उ' मांथी ए 'उ' प्रत्यय आवेलो छे. अने 'ओ' पण उक्त 'उ' नुं रूपान्तर छे. "जयो जयो मा जुगदंबे" मां वपरायेला 'जयो' अने अहीं वपरायेला 'जयओ' ए बे वच्चे साधारण उच्चारण भेद सिवाय बीजो कशो भेद नथी.

अहीं वर्तमान काळना त्रीजा पुरुषना एकवचनमां 'इ,' 'ई' अने 'हि' प्रत्ययो वपरायेला छे. बहुवचनमां 'न्ति,' 'हिं,' अने 'इं' प्रत्ययो वपरायेला छे. वैदिक 'ति' प्रत्यय, पालि 'ति' अने प्राकृत 'इ' उपरथी त्रीजा पुरुषना एकवचनना 'इ' अने 'ई' प्रत्यय आवेला छे. वैदिक 'न्ति'—पालि 'न्ति' अने प्राकृत 'न्ति' उपरथी बहुवचननो 'न्ति' प्रत्यय आवेलो छे. आचार्य हेमचंद्रे त्रीजा पुरुषना बहुवचनमां 'हिं' प्रत्ययनुं विधान करेलुं छे. अहींनो 'हिं' अने हेमचंद्रे कहेलो (८–४–३८२) 'हिं' बन्ने एक ज छे. आ 'हिं' प्रत्यय उपरथी त्रीजा

पुरुषना बहुवचननो 'हिं' प्रत्यय नीकळेलो छे. ते बेमां मात्र साधारण उच्चारणनो भेद छे. अमां तृ० पु० बहुवचनमां वपरायेलो 'इं' ते बहुवचनना उक्त 'हिं' साथे समानता धरावे छे. ते बे वचे मात्र 'ह' श्रुति मेळनो भेद छे. वळी एकवचनमां वपरायेलो 'हि' पण उक्त 'हिं' साथे पोतानुं स्वत्व साचवी रह्यो छे. उच्चारणनी दृष्टिए जोतां ए बे वचे नासिक्य श्रुतिनी विशेषता छे. अने अर्थदृष्टिए एकवचन बहुवचन जेवो भेद पण छे. परंतु आवो वचनभेद तो वेदोनी भाषामां पण प्रचलित छे. एटले परंपराए पण वेदभाषामूलक एवी जणती गुजराती भाषामां एवो भेद थाय ज करे. तात्पर्य ए के उक्त कृतिओमां वपरायेला 'हिं' 'हि' अने 'इं' ए त्रणे त्रीजा पुरुषना सूचक छे अने त्रणे परस्पर समानतावाळा छे.

आ 'हिं' प्रत्ययनुं मूळ मळी शकातुं नथी. कदाच वैदिक 'सन्ति' अने आवेस्तिक 'हॅति' क्रियापदमां न्यूनाधिकता करीने आपणा पूर्वजोए आ 'हिं' प्रत्यय नीपजावेलो होय. 'हॅति' क्रियापद खोरदेहअवेस्तामां (पृ० ५,२३,३५) अनेकवार वपरायेलुं छे. अथवा तृतीय पु० एकव० ना वैदिक 'ति' उपरथी आवेला उक्त 'इ' प्रत्ययमां 'ह' श्रुति अने [280]नासिक्य श्रुतिनी विशेषता उमेरी तेने बहुत्वसूचक 'हिं' प्रत्ययरूपे योजवामां आव्यो होय एवी संभावना थई शके.

---

२७९ वाग्व्यापारनी दृष्टिए स्वरमां 'ह' नुं मिश्रण सर्वथा स्वाभाविक छे. आजे पण 'एवुं' ने बदले 'हेवुं' अने 'आवां' ने बदल 'हावां' नो ध्वनि सुप्रतीत छे. एथी 'इ' प्रत्ययमां 'ह' श्रुति उमेरायानी कल्पना असंगत नथी.

२८० नासिक्यश्रुति माटे हेमचंद्र पोते ज कहे छे के अ, इ अने उ वर्ण (ह्रस्व अने दीर्घ) जो विराममां आवेला होय तो तेनी नासिक्यश्रुति पण थाय छे अर्थात् विराममां आवेलो अ-अँ, इ-इँ, उ-उँ ए रूपे पण बोलाय छे. हेमचंद्र १-२-४१ (अ-इ-उ-वर्णस्य अन्ते अनुनासिकः—अनीदादेः) सूत्रमां उक्त हकीकत कहेली

उक्त कृतिओमां पहेला पुरुषनुं बहुवचन वपरायुं नथी. एकवचनमां 'उं' अने 'उ' प्रत्यय वपराया छे. वैदिक 'मि' प्रथम पुरुषना एकवचननो प्रत्यय छे. ते ऊपरथी 'उं' प्रत्यय सीधी रीते आवी शके एम नथी परंतु प्रथम पुरुषना बहुवचनमां वपराता प्रा० 'मु' साथे ए 'उं' के 'उ' नी सरखामणी करी शकाय एम छे.

आचार्य हेमचंद्रे प्रथम पुरुषना बहुवचनमां 'हुं'[२८९] प्रत्यय जणावेलो

छे अने साम-सामँ, खट्वा-खट्वाँ, दधि-दधिँ, कुमारी-कुमारीँ, मधु-मधुं एवां उदाहरणो पण आपेलां छे. हेमचंद्रनुं आ विधान जोतां उक्त नासिक्यश्रुतिनी कल्पनाने प्रबल संवाद मळे छे. आ दृष्टिए जोतां 'इ' प्रत्यय 'इं' रूपे बने अने तेमां वाग्व्यापारनी दृष्टिए 'ह' श्रुति ऊमेराय ए कल्पना असंगत भासती नथी.

२८१ विद्वानोमां एक एवी कल्पना प्रवर्ते छे के संस्कृत वा प्राकृत क्रियापदोमां वपराता पुरुषवाचक प्रत्ययो 'अस्' धातुनां रूपो ऊपरथी आव्यां छे वा सर्वनामोनां रूपो ऊपरथी आव्यां छे. तेमनी आ हकीकत समझाय ए माटे आ नीचे वर्तमानकाळ तृ० पु० ना प्रत्ययो अने 'अस्' धातुनां रूपो तथा 'असमद्' सर्वनामनां रूपो आपुं छुं:

वैदिक प्र०		'अस्' धातुनां रूपो—	
३—ति	अन्ति	अस्ति	सन्ति
२—सि	थ	असि	स्थ
१—मि	म	अस्मि	स्म

पालि प्र०			'अस्'–नां रूपो	
३	ति	अंति	अत्थि	संति
२	सि	थ	असि, अहि	अत्थ
१	मि	म	अस्मि, अम्हि	अस्म, अम्ह

प्राकृत प्र०				
३	ति, इ	अंति	अत्थि	संति
२	सि	थ, ह	असि	त्थ
१	मि	मो, मु, म	म्हि	म्हो म्हु म्ह

छे. जो के ते आ कृतिओमां वपरायो नथी तो पण प्रसंगवशात् तेनी उत्पत्ति विशे थोडुं जणावी दउं. 'उं' अने 'हुं' मां 'ह' ध्वनिपूरतो भेद छे. 'उं' मां 'ह' श्रुति भळवाथी 'उं' नो 'हुं' थइ जाय एम छे. आ 'ह' श्रुतिनो स्पष्ट खुलासो थई शकतो नथी, परंतु उच्चारणोनी विविधताने कारणे स्वरमां 'ह' ने भेळवीने बोलतां सुगमता थती होय तो ना नहीं. घणा लोको 'आवुं' ने बदले 'हावुं' अने 'एवुं' ने बदले 'हेवुं' बोले छे; ए सुप्रतीत छे.

बारमा सैकानी गुजराती भाषामां प्रथम पुरुष एकवचनमां 'उं' प्रत्ययवाळां रूपो छे. तेम चालु गुजरातीमां करुं छुं, भणुं छुं, लखुं छुं वगेरे क्रियापदो 'उं' प्रत्ययवाळां छे.

उक्त बधा प्रत्ययो अने 'अस्' धातुनां रूपो जोतां अने तेमने बराबर सरखावतां एम जणाय छे के प्रत्ययो अने रूपो वच्चे समानतानी कल्पना निराधार नथी.

'अस्मद्' नां वैदिकरूपो		पालिरूपो		प्राकृतरूपो	
एक०	बहु०	एक०	बहु०	एक०	बहु०
अहम्	अस्मे, वयम्।	अहं,	अम्हे, वयं।	अहं, अहयं, हं	अम्हे, मे
				अम्हि, अम्मि, म्मि	अम्ह
					अम्हो
					मो
					वयं

'अस्मद्' नां आ रूपो पैकी अहं, अहयं के हं साथे हेमचंद्रे जणावेला प्रथम पुरुषना बहुवचनना 'हुं' प्रत्ययनी सरखामणी करी शकाय एम छे अने एकवचनना 'उं' प्रत्ययनी सरखामणी 'वयं' वा 'मयं' रूप साथे अथवा एक० 'अहयं' साथे के प्राकृत 'मु' वा 'मो' प्रत्यय साथे करी शकाय एम छे. 'हुं' अने 'उं' ए बन्ने प्रत्ययोने पेला पुरुषना बहुवचन अने एकवचनमां वापरवानी सूचना अनुक्रमे ८-४-३८६ अने ८-४-३८५ सूत्रमां आचार्ये करेली छे. 'हुं' अने 'उं' प्रत्ययोनुं निश्चित मूळ हुं शोधी शक्यो नथी तो पण सरखामणीनी कल्पनाने अहीं दर्शाववानी वृत्ति रोकी शक्यो नथी.

९७ ऊपर जणावेलां क्रियापदोमां केटलांक भविष्यकाळनां क्रियापदो छे. अने केटलांक वर्तमानकाळनां पण कर्मणि-क्रियापदो छे.

भविष्यकाळनां क्रियापदो

'होसु,' 'करीसुं' अने 'पावीसुं' ए त्रणे क्रियापदो प्रथम पुरुष एकवचन भविष्यकाळनां छे. अंत्य 'उ' के 'उं' प्रथम पुरुषने सूचवे छे अने 'स्' भविष्यकाळने बतावे छे. वैदिक भाषामां भविष्यकाळने सूचवता 'स्यति,' 'स्यते' वगेरे 'स्' वाळा प्रत्ययो छे. तेम अहीं पण भविष्य-काळने सूचववा 'उ' के 'उं' प्रत्ययने 'स्' लगाडेलो छे. 'स्' ने बदले 'ह्' पण लगाडी शकाय छे. होहु, करीहुं अने पावीहुं-एम ए रूपो 'ह्' वाळां थई भविष्यकाळने सूचवी शके छे.

बारमा सैकानां आ रूपो वर्तमान गुजरातीमां पण जेवां ने तेवां ज रह्यां छे. करीशुं—करशुं, पामीशुं—पामशुं. फक्त 'स्' ना 'श्' जेटलो भेद थयो छे.

'होसइ' रूप त्रीजा पुरुष एकवचननुं छे. तेनो अंत्य 'इ' त्रीजा पुरुषने सूचवे छे अने 'स' भविष्यकाळने. वैदिक भाषामां त्रीजा पुरुष एकवचननो 'स्यति' अने 'होसइ' नो 'सइ' ए बेमां एकदम निकटता छे. चालु भाषामां वपरातुं होशे—हशे क्रियापद अने उक्त 'होसइ' ए बेमां सर्वथा समानता छे.

विध्यर्थ क्रियापदो

९८ 'भमिज्ज' अने 'चइज्ज' क्रियापदो कर्तृसूचक छे, पण ते विध्यर्थने बतावे छे. विध्यर्थ एटले 'आम करवुं जोईए.' 'भमिज्ज'—भमजे—भमवुं जोईए. 'चइज्ज' एटले तजजे—तजवुं जोईए. ए क्रियापदोमां 'इज्ज' नो 'ज्ज' प्रत्यय अंश

छे अने 'इ' तेनो पूर्वग छे. वैदिक भाषामां विध्यर्थ माटे 'यात्' वगेरे आदिमां 'य' वाळा प्रत्ययो वपराय छे. पालिभाषामां 'एय्य' वगेरे प्रत्ययो छे अने प्राकृतमां 'एज्ज' वा 'इज्ज' के 'एज्जा' वा 'इज्जा' नो प्रचार छे. उक्त 'भमिज्ज'—'चइज्ज'मां 'इज्ज' प्रत्यय लागेलो छे. उक्त यात्—एय्य—एज्ज ए बधां परस्पर समानतावाळां छे.

आ उपरांत कर्तृसूचक एक 'ज्जइ' प्रत्यय पण विध्यर्थने सूचवे छे. जे हालनां करिज्जइ-करजे, भमिज्जइ-भमजे, पामिज्जइ-पामजे वगेरे रूपोमां वपरायेलो छे.

कर्मणि–क्रियापदो

९९ जाणीअइ—जणाय छे, कप्पिज्जइ—कपाय छे, गिळिज्जइ-गळाय छे, माणिअइ-मणाय छे; वगेरे क्रियापदो उक्त कृतिओमां वपरायां छे. अने ते बधां कर्मणिरूपो छे. वैदिकभाषामां कर्मणि—क्रियापदोमां कर्मसूचक 'य' प्रत्यय वपराय छे. क्रियते, पीयते, गीयते, स्थीयते, दीयते, धीयते, वगेरे. पालिमां पच्चते, पच्चति, तुसियति, मथीयति, गच्छीयते, करीयते, कय्यति वगेरे कर्मणि—भावे रूपोमां य, इय, ईय अने य्य प्रत्यय लागेलो छे. प्राकृतमां कर्म अने भाव अर्थमां 'ईअ' अने 'इज्ज' प्रत्ययोनी भलामण आचार्य हेमचंद्रे करी छे: (८–३–१६०) वैदिक 'य' पालिना 'य' 'इय', ईय, के य्य अने प्राकृतना 'ईअ' ना 'इज्ज' ए बधा समानवंशना छे. ए बधामां थोडा थोडा उच्चारणभेद सिवाय बीजो भेद नथी. बधानुं मूळ एक छे.

१०० अहीं प्रसंगवशात् कर्म अने भाव रूपनी थोडी चर्चा करी लईए:

सोळमा सैकाना वाक्यप्रकाश नामना औक्तिक जेवा हस्तलिखित ग्रंथमां लख्युं छे के,

कर्मणि अने भावे प्रयोगनी चर्चा

" द्विधोक्तिः प्रव्वरा वक्रा, प्रव्वरा कर्तरि स्मृता ।
वक्रा कर्मणि भावे च धातोः साप्यात्–अनाप्यतः ॥२॥

—अर्थात् क्रियाने सूचवती बोलवानी पद्धति बे जातनी छेः एक पाधरी–सीधी अने बीजी वांकी. कर्तरि प्रयोगवाळी बोलवानी रीत पाधरी छे. (करुं छुं, जाउं छुं वगेरे) अने कर्मणि प्रयोगवाळी तथा भावे प्रयोगवाळी बोलवानी रीत वांकी छे. (कर्मणि–कराय छे, जवाय छे, हसाय छे.) (भावे–जगाय छे, रमाय छे, वीवाय छे.) ज्यां क्रियापदनुं वचन कर्ता प्रमाणे फरे ते 'कर्तरिप्रयोग' अने ज्यां क्रियापदनुं वचन कर्म प्रमाणे फरे ते 'कर्मणिप्रयोग'. भावेप्रयोगमां तो एकवचन होय छे अने तेनो संबंध क्रिया साथे रहे छे.

---

२८२ वाक्यप्रकाशनो आरंभ—

" प्रणम्यात्मविदं विद्यागुरुं श्रीदेववर्धनम् ।
मुग्धबुद्धिप्रबोधार्थम्–उक्तियुक्तिः प्रतन्यते " ॥ १ ॥

वाक्यप्रकाशनो अंत—

" गुरुतपगणगगनाङ्गणतरणिश्रीरत्नसिंहसूरीणाम् ।
शिष्याणुना–इदम्–औक्तिकम्–उदितम् उदयसंज्ञेन " ॥ १३० ॥
" मुनि–गगन–शर–इन्दुमिते (१५०७) वर्षे हर्षेण सिद्धिपुरनगरे
प्राथमिकस्मृतिहेतोर्विहितो वाक्यप्रकाशोऽयम् । १३१ ॥

तात्पर्य ए के श्रीदेववर्धन-विद्यागुरु–ना शिष्य अने रत्नसिंहसूरिना हस्तदीक्षित शिष्य उदयसिंहमुनिए प्रस्तुत वाक्यप्रकाशनी रचना सिद्धपुरनगरमां १५०७ विक्रमसंवतमां करी छे. आ पुस्तकनी पोथी साणंदमां श्रीमती साध्वी हेतश्रीजीना संग्रहमां छे.

चालु भाषामां कर्तरिप्रयोगनो विशेष प्रचार छे अने कर्मणिप्रयोगनो प्रचार विरल छे. परंतु भूतकाळमां कर्तरिने बदले कर्मणिनो[२८३] विशेष व्यवहार छे. रामे (तृ० वि०) रावण (प्र० वि०) हण्यो, अमे (तृ० वि०) पुस्तक (प्र० वि०) लख्युं, तेओए (तृ० वि०) चोपडी (प्र० वि०) वांची. आ बधा कर्मणिप्रयोगो छे. 'रामवडे रावण हणायो,' 'अमारा वडे पुस्तक लखायुं,' 'तेओ वडे चोपडी वंचाई' आ प्रयोगो पण कर्मणि छे, मात्र बोलवानी रीतनो भेद

२८३ चालु भाषामां भूतकाळ माटे विशेषे करीने कर्मणिप्रयोगो रह्या छे, कर्तरिप्रयोगो प्रमाणमां घणा ओछा छे तेनुं शुं कारण? आ संबंधे विशेष विचारतां एम जणाय छे के, संस्कृतादि प्राचीन भाषाओमां भूतकाळने दर्शावनारा कर्तृसूचक प्रत्ययो छे अने कर्मसूचक वा भावसूचक भूतकृदंतो पण छेः 'रामे रावण हण्यो' एम कहेवा माटे संस्कृतमां रामः रावणम् अहन् अवधीत् के जघान (कर्तरिप्रयोग) एम बोलाय अने रामेण रावणो हतः (कर्मणिप्रयोग) एम पण बोलाय, त्यारे भाषामां भूतकाळने माटे कोई खास कर्तृसूचक प्रत्ययो नथी पण तेने बदले विशेषे करीने कर्म के भावना सूचक भूतकृदंतो द्वारा नीपजेलां क्रियापदो वपराय छे. 'हन्' नुं कर्मणि भूतकृदंत प्रा० 'हणिओ' थाय अने भाषामां क्रियापद तरीके तेनुं 'हण्यो' एवुं उच्चारण थाय. कर्मणिभूतकृ० साथे आवतो कर्ता त्रीजी विभक्तिमां ज होय, ए जोतां भाषामां भूतकाळने माटे कर्तरिप्रयोगने तद्दन अल्प अवकाश छे. हा, ज्यां संस्कृतादि प्राचीन भाषाओमां भूतकाळ माटे कर्तरिभूतकृ० पण वपराय छे त्यां भाषामां पण ए ज रीते व्यवहार छे अने एवे स्थळे भाषामां पण भूतकाळमां कर्तरिप्रयोगनो प्रचार छेः रामः गतः—रामो गओ—राम गयो. पण आ जातनां कर्तरिभूतकृ० घणां विरल छे. अर्थात् भाषामां भूतकाळ माटे कर्मणि-भूतकृ० द्वारा नीपजेलां क्रियापदोना प्रयोगोनी अधिकता होवाथी भूतकाळमां कर्तरिप्रयोगने घणो ओछो अवकाश छे अने आम छे तेथी भाषामां भूतकाळ माटे कर्मणि के भावे प्रयोगोनो विशेष प्रचार छे. 'राम गयो' एम कहेवा माटे संस्कृता-दिभाषाओमां 'रामः अगच्छत्, अगमत्, जगाम, गतः' एम बोलाय अने 'रामेण गतम्' एम पण बोलाय त्यारे भाषामां तो एकलुं 'राम गयो' एम ज बोलाय ए ध्यानमां रहे.

छे. कर्तरिप्रयोगमां कर्ता प्रथमा विभक्तिमां अने कर्म बीजी विभक्तिमां आवे छे, त्यारे कर्मणिप्रयोगमां कर्ता त्रीजी विभक्तिमां अने कर्म पेली विभक्तिमां आवे छे.

वाक्यप्रकाशनो कर्ता कहे छे के :

"कालेऽतीते प्राकृतोक्तौ न भेदः कर्तृ-कर्मणोः ।

यथा जिनोऽवदद् धर्मम् धर्मोऽवादि जिनेन वा" ॥ ५ ॥ आ श्लोकनुं विवरण करतां ते ग्रंथकार लखे छे के—"प्राकृतोक्तौ कालेऽतीते कर्तृ-कर्मणोः भेदो न स्यात् । जिनो धर्ममवदत् । धर्मोऽवादि जिनेन वा । अत्र 'वीतरागि धर्म बोलिउ' इति—उदाहरणद्वयेऽपि समानमेव प्राकृतजनानां वचः । इदं च देशविशेषे जनभाषामाश्रित्य उक्तम् । अन्यथा क्वचिद् देशे वाक्यद्वयेऽपि भाषाभेदो दृश्यते यथा—'जिनोऽवदद् धर्मम्' इत्यत्र 'वीतराग धर्म बोलतु हूउ' इति वदन्ति 'धर्मोऽवादि जिनेन'— 'वीतरागि धर्म बोलिउ' इति भेदोऽपि दृश्यते ।" कहेवानुं तात्पर्य ए छे के कोई प्रदेशमां जनसाधारणनी भाषामां भूतकाळसूचक प्रयोगोमां कर्मणि के कर्तरि संबंधी वाक्यभेद नथी त्यारे कोई प्रदेशमां ए बन्ने प्रयोगोने बोलवानी जुदी जुदी रीत पण छे.

कर्मणि अने कर्तरि प्रयोग उपरांत 'कर्मकर्तरि' नामनो एक त्रीजो प्रयोग पण छे तेनुं उदाहरण आपतां ते ज ग्रंथकार लखे छे के—"सुखं भणाइ ए ग्रंथ (सुखे भणाय ए ग्रंथ) आफणी कण वीकाइं (आफरडा—पोतानी मेळे—कण—दाणा वेकाय—वेचाय) भगवन् ! तुम्हि वंदाउ आफणी—(भगवन् ! तमे वंदाओ आफरडा—पोताने गुणे), आफणी अम्हि पूजाउं (आफरडा—अमारी मेळे—अमे पूजाइए), पचाणु आफणी कूर (पचाणो—रंधाणो—आफरडो कूर—कुरियानो भात), मंडाइ आफणी कन्या (मंडाई

व्याकरणी वल्गा-वल्गा पोतानी मेळे मेळाय छे–छलगाय छे." वगेरे. कर्मकर्तरिप्रयोग कर्मनी शक्तिने प्रकट करनारो छे अने एम छे माटे ज ते प्रयोगमां बीजा कर्तानी अपेक्षाने गौण करीने कर्मने कर्ता गणवामां आवे छे. आपणी भाषामां पण आवा प्रयोगोनो प्रचार तो छे ज. कर्मणि अने कर्मकर्तरिप्रयोगोमां क्रियापदोनी साधनामां खास अन्तर नथी.

चालु भाषामां 'जणाय छे' वगेरे मांना 'जणाय' नी व्युत्पत्तिचर्चा

१०१ अहीं एक वात खास विचारवानी छे के साधारण रीते प्राकृत भाषामां 'ईअ' अने 'इज्ज' प्रत्ययवाळा धातुओ कर्मणिमां वपराय छे. उक्त कृतिओमां वपराएलां 'जाणीअइ' 'करिज्जइ' वगेरे अंगो पण ए प्राकृतना धोरणने अनुसरे छे, तो पछी भाषामां 'जणाय छे', 'कपाय छे' एवा प्रयोगोमां जे 'जणा', 'कपा' एवुं आकारांत अंग छे ते क्यांथी आव्युं? अने शी रीते आव्युं? आ विशे चोक्कस निर्णय आपवो कठण छे तोपण निर्णयसाधक जे केटलीक सामग्री मारा ध्यानमां छे ते अहीं जणावी दउं छुं:

'जणाय छे', 'कपाय छे' जेवा प्रयोगो कर्तामां पण मळे छे. हेमहंस–"मोर केगाइ" (केकायते), फिणाय छे (फेनायते समुद्रः), कष्टाय छे (कष्टायते), रोमन्थायते–वागोळे छे, लोहितायते–लाल थाय छे, बफाय छे (बाष्पायते), धुंधवाय छे (धूमायते), ऊष्मायते; सुहाय छे (सुखायते–सुखमनुभवति), दुहाय छे (दुःखायते), शब्दायते, कलहायते, वैरायते, आमांना 'सुहाय छे', 'दुहाय छे', 'कष्टाय छे' 'बफाय छे' 'धुंधवाय छे' वगेरे प्रयोगो तो भाषामां पण प्रचलित छे. 'दुहाय छे' वगेरे प्रयोगोमां जे 'आय' प्रत्यय छे, तेनुं ज अनुकरण करीने लोको 'जणाय छे' 'कपाय छे', 'वेचाय छे' वगेरे प्रयोगोमां

'आय' केम न बोलता होय? ते एक संभावना. 'दुहाय छे' वगैरेमां 'आय' कर्तृसूचक छे अने 'जणाय छे' वगैरेमां कर्मसूचक छे. छतां अनुकरण करतां ते भेद रहेतो नथी एटले विपर्यास पण थई शके.

यायते (जवाय छे), ज्ञायते (जणाय छे), ध्मायते (धमाय छे), घ्रायते (सुंघाय छे), आम्नायते (अभ्यासाय छे) वगैरे प्रयोगो कर्मणि छे अने तेमां स्पष्टपणे 'आय' नो ध्वनि रहेलो छे. ए बधा प्रयोगो शुद्ध संस्कृतना छे. ए प्रयोगोना पूर्व संस्कारथी अने विशेष परिचयथी 'जणाय छे,' 'बोलाय छे' वगैरेमां 'आय' आवी शके एम छे, ए बीजी संभावना. भाषामां थयेला बधा विकारो प्राकृतमां थईने ज आवे एवो कांइ एकांत नियम नथी. केटलाक एमे आवे अने केटलाकनो सीधो संबंध संस्कृतमां पण होय.

पालि भाषामां 'कृ' धातुनां करीयति, कारिय्यति, करिय्यते, कयिरति अने कय्यति एवां अनियत रूपो थाय छे. आमांनुं 'कारिय्यति' रूप लोकभाषामां उतर्युं होय अने तेना 'कारि' नो'कर' थई 'करय्यति' करायति–'करायइ' एवुं रूप नीपजतां चालु 'कराय छे' एवुं रूप तेमांथी नीपजी शके एवुं छे. आ क्रममां कोई प्रकारना अर्थभेदने स्थान नथी. एक 'कराय छे' रूप नीपज्या पछी एनां जेवां 'जणाय छे,' 'बोलाय छे,' 'वर्णवाय छे' वगैरे रूपो ते ज रीते आवी शके तेम छे, ए त्रीजी संभावना.

'चोराविज्जइ' के 'चोरावीअइ' जेवां सादां कर्मणि रूपो थाय छे. तेना 'चोरा' अंशना अनुकरण द्वारा 'कराय छे,' 'जणाय छे' वगैरे रूपो आवी शके छे. चोराविज्जइ–चोरावीअइ–चोराईअइ–चोराअइ–चोराय–छे. ए चोथी संभावना.

संस्कृतमां केटलाक धातु ज एवा छे के जेमने स्वार्थमां 'आय' प्रत्यय लागे छे अने ए प्रत्यय लाग्या पछी ज तेमनां क्रियापद तरीकेनां रूपो नीपजे छे:

	कर्तरि	कर्मणि
गुप्—	गोपायति—	गोपाय्यते
धूप्—	धूपायति—	धूपाय्यते
विच्छ्—	विच्छायति—	विच्छाय्यते
पण्—	पणायति—	पणाय्यते
पन्—	पनायति—	पनाय्यते

उक्त रूपोमां 'गुप्' उपरथी 'गोपाय' अने तेनुं कर्मणि 'गोपाय्य' बने छे. अहीं विचारवा जेवुं छे के जेम उक्त अमुक धातुओने ज स्वार्थिक 'आय' प्रत्यय लागे छे तेम लोकभाषामां कर्मणि प्रयोगमां वपराता धातुमात्रने ते 'आय' केम न लागी शके? ए पांचमी संभावना.

विशेष विचारतां लागे छे के 'जणाय छे' वगेरेमां आवेलो 'आय' ज्ञायते, ध्मायते वगेरेना अनुकरणरूप होय अथवा 'करिष्यति' द्वारा 'करय्यति' थई ते द्वारा 'करायति' आव्युं होय अथवा 'गोपाय्यते' नी पेठे तेनी उत्पत्ति होय. आ बाबत आ करतां पण विशेष गवेषणाने अवकाश छे.

'करीए छीए' ना 'ईए' नी व्युत्पत्तिचर्चा

१०२ बीजुं विचारवानुं ए छे के पहेला पुरुषना बहुवचनमां 'करीए छीए' 'बोलीए छीए,' 'भणीए छीए वगेर रूपो व्यवहारमां प्रचलित छे अने बारमा सैकानी गुजरातीमां तो पहेला पुरुषना एकवचननो 'उं' अने बहुवचननो 'हुं' प्रत्यय आचार्य हेमचंद्रे बतावेलो छे. आ 'उं' प्रत्ययवाळुं रूप तो आजे पण चालु छे. अने 'हुं' प्रत्ययने

बदले 'ईए' प्रत्यय चालु व्यवहारमां छे. वादिदेवसूरिनी कृतिमां 'सुमरियइं' एटले 'स्मरीए—याद करीए' एवो प्रयोग मळे छे. तो ते प्राचीन 'इयइं' के चालु 'ईए' क्यांथी आव्यो? 'अमे करीए छीए' वगेरे 'ईए' प्रत्ययवाळां क्रियापदो कर्तृसूचक छे. एटले तेमां 'ईअ' के जे कर्म अने भावसूचक प्रत्यय छे तेने लावशो अने तेना अर्थनो व्यत्यय करी 'करीए' रूप नीपजावबुं ते करतां कर्तामां वपराता 'करिज्जइ' ना 'इज्जइ' प्रत्यय उपरथी उक्त 'इअइं' अने चालु 'ईए' प्रत्यय नीपजावी प्रचलित 'करीए छीए' वगेरे रूपो बनाववां विशेष उचित जणाय छे. प्राकृतमां सर्वपुरुष अने सर्ववचनमां हसिज्जइ, बोल्लिज्जइ, नमिज्जइ, होइज्जइ, ठाइज्जइ वगेरे रूपो नीपजे छे. हसिज्जइ–हसीजइ—हसीअइ–हसीए. ए ज प्रमाणे बोल्लिज्जइ–बोलीजइ–बोलीअइ–बोलीए. नमिज्जइ–नमीजइ–नमीअइ–नमीए. होइज्जइ–होईजइ–होईअइ–होईए. ठाइज्जइ–ठाईजइ–थाईअइ–थाईए–थईए के थाईए. आ प्रकारे विशेष सुगमता पूर्वक प्रचलित 'ईए' प्रत्यय आवी शके छे. अहीं ए ध्यानमां राखवानुं छे के उक्त 'इज्जइ' सर्वपुरुष अने सर्ववचनने सूचवे छे. तेनो अंत्य 'इ' त्रीजा पुरुषना एकवचननो 'इ' नथी. ए 'इज्जइ' प्राकृतमां विध्यर्थने सूचवे छे (८–३–१६५ हे०) त्यारे अहीं तेने वर्तमानकाळमां लाववानो छे. विध्यर्थनो प्रत्यय वर्तमानकाळने सूचवे अने वर्तमानकाळनो प्रत्यय विध्यर्थने सूचवे ए वात वेदोनी भाषामां, प्राकृतमां तेम ज लोकभाषामां नवाईनी नथी.

'अच्छइ'नी व्युत्पत्तिचर्चा

१०३ त्रीजी कृतिमां 'छे' ना अर्थने बतावनारुं 'अच्छइ' रूप मळे छे अने 'बेसी रहे'ना अर्थवाळुं 'अच्छि' रूप मळे छे.

धातुसंग्रहमां 'अस्' धातु अनेक छे. पहेला गणनो 'अस्'

'दीप्ति,' 'गति' अने 'आदान' एम त्रण अर्थोने बतावे छे. बीजा गणनो 'अस्' सत्ता--विद्यमानताना भावने सूचवे छे. त्रीजो चोथा गणनो 'अस्' 'क्षेपण' अर्थनो वाचक छे. एक दशमा गणनो 'अस्' धातु चंद्राचार्यने (बौद्ध चंद्रगोमिने) मते 'विभाग' अर्थने बतावे छे. बीजा गणनो 'आस्' धातु उपवेशन--बेसवाना--भावनो दर्शक छे.

उक्त धातुओमांथी 'छे' ना अर्थने सूचवनार 'अच्छइ' क्रियापदनुं मूळ बीजा गणना 'अस्' धातुमां छे. केटलेक स्थळे उक्त 'आस्' अने 'अस्' बन्ने सरखा जेवा अर्थमां वपराया छे. हेमाचार्य पोताना व्याकरणमां 'अच्छ'नो संबंध 'आस्' साथे बतावे छे अने 'अस्'नुं 'अत्थि' रूप जणावे छे. 'अत्थि' रूप सर्व पुरुष अने सर्व वचनमां वपराय छे. अर्थदृष्टिए जोईए तो 'अस्' मांथी 'अच्छ' नीपजाववो विशेष संगत लागे छे. 'स्'नुं 'छ' परिणाम संभवित छे अने संगत पण छे. मूर्धन्य 'ष'नुं, तालव्य 'श'नुं अने दंत्य 'स'नुं 'छ' रूपे परिवर्तन हेमचंद्र पोते बतावे छे. षट्--छ.। षट्पद--छप्पय। षष्ठ--छट्ठ। षण्मुख--छम्मुह। शमी--छमी। शाव--छाव। शिरा--छिरा। सुधा--छुहा। सप्तपर्ण--छत्तिवण्ण। स्पृहा--छिहा । [८--१--२६५, २६६. ८--२--२३.] हेमचंद्रे पोते 'अस्' ना 'स्' नो 'छ्' कही बताव्यो नथी, पण 'अस्' ना छवाळा जे जूना प्रयोगो मळे छे ते उपरथी तेने समझवानो रह्यो.

जैन आगम व्याख्याप्रज्ञप्ति--भगवतीसूत्र--नामना अंगमां 'अत्थि' अने 'अच्छिति' तथा 'अच्छेज्जए' एवा बन्ने प्रकारना प्रयोगो मळे छे:--

"तो मे अत्थि उट्ठाणे कम्मे बले वीरिए पुरिसक्कारपरक्कमे जाव य मे धम्मायरिए धम्मोवदेसए समणे भगवं महावीरे जिणे सुहत्थी अच्छिति"--

(व्याख्याप्रज्ञप्ति—भगवतीसूत्र शतक २. उद्देशक १. स्कंदकनो अधिकार पृ० २४२ राय० जिना०)

उक्त वाक्यनो अर्थ एम छे के—एक स्कन्दक नामनो तपस्वी पोताना मनमां आवी धारणा राखे छे के—"ज्यां सुधी मारां उत्थान, बल, वीर्य अने पुरुषपराक्रम हयात छे त्यां सुधीमां अने ज्यां सुधी मारा धर्मोपदेशक धर्माचार्य श्रमण भगवान महावीर जिन **अच्छिति**—जीवता बेठा छे—हयात छे." (त्यां सुधीमां हुं तेमनी पासे जाउं ए श्रेयरूप छे) उक्त '**अच्छिति**' क्रियापदनुं मूळ, सत्तासूचक 'अस्' मां छे. ए ज व्याख्याप्रज्ञप्ति—भगवतीसूत्रमां बीजे स्थळे (शतक १, उद्देशक ७, प्रश्न २५८ मां) जणावेलुं छे के—"जीवे णं भंते! गब्भगए समाणे उत्ताणए वा पासिल्लए वा अंबखुज्जए वा **अच्छेज्जए** वा, चिट्ठेज्जए वा, निसीएज्ज वा, तुयट्टेज्ज वा, माउए सुवमाणीए सुवइ, जागरमाणीए जागरइ, सुहिआए सुहिए भवइ, दुहिआए दुहिए भवइ ?"—अर्थात् "हे भगवन्! गर्भमां गयेलो जीव चत्तो **अच्छेज्जए**—होय, पडखाभेर होय, केरीनो जेवो कुब्ज होय, **चिट्ठेज्जए**—ऊभेलो होय, **निसीज्जए**—बेठेलो होय के **तुयट्टेज्ज**—सूतेलो होय? तथा ज्यारे माता सूती होय त्यारे सूतो होय, माता जागती होय त्यारे जागतो होय, माता सुखी होय त्यारे सुखी होय अने माता दुःखी होय त्यारे दुःखी होय ?"

अहीं 'अच्छेज्जए' नो अर्थ आपतां टीकाकार कहे छे के "'**आसीत**' सामान्यतः" अर्थात् "साधारणपणे 'होय'" एवो अर्थ समजवो. 'बेसवुं' एवा खास अर्थनी सूचना माटे मूळकारे 'निसीएज्ज—' 'निषीदेत्' एवुं जुदुं क्रियापद आप्युं छे. तेथी अहींनी '**अच्छेज्जए**' क्रिया 'होवा'ना अर्थने—सत्ताना भावने—सूचवे छे. अने ए अर्थ 'जोतां 'होवा'—सत्ता—अर्थवाळा 'अस्' धातु द्वारा उक्त 'अच्छिति' के

'अच्छेज्जए' क्रियापदने नीपजाववुं असंगत नथी. टीकाकारे जणावेलुं 'आसीत' पद उक्त 'अस्' धातुनुं पर्यायसूचक छे ए ख्यालमां रहे.

श्रीमान वेबर साहेब भगवतीसूत्रना उपर्युक्त पाठनो आधार लई 'अच्छेज्जए' नो अर्थ 'जाय—गति करे' एवो कल्पे छे. अने तेम कल्पी ए 'अच्छेज्जए' क्रियापदना 'अच्छ' अंगने 'गति' अर्थवाळा 'गच्छ' धातुमांथी लाववानी वात करे छे. तेमनी ते वात सर्वथा भ्रांत छे. उक्त पाठमां 'अच्छेज्जए' नो 'जाय' अर्थ ज नथी.

वेबरनी भ्रांत कल्पना

व्युत्पत्तिशास्त्रना ऊंडा अने प्रामाणिक अभ्यासी श्रीमान दिवेटिया महाशय अहींना 'निसीएज्ज'नो अर्थ 'ते सुवे' एवो आपे छे. अने 'अच्छेज्जए'नो अर्थ "बेसे" एवो करे छे—[गुजराती भाषा अने साहित्य पृ० २४९] अहीं मारे विशेष नम्रपणे जणाववुं जोईए के उक्त पाठमांनुं 'निसीएज्ज' क्रियापद 'नि-शी' उपरथी नथी ज आव्युं, परंतु सं० निषीदेत्, पालि-निसीदेय्य, प्राकृत-निसीएज्ज ए रीते आवेलुं छे. 'निसीएज्ज' नी टीका करतां टीकाकार कहे छे के "निसीएज्ज-निषद्नस्थानेन, 'तुयट्टेज्ज'त्ति शयीत" अर्थात् मूळकार 'सुवा' ना अर्थ माटे 'तुयट्टेज्ज' क्रियापद जुदुं ज आपे छे एटले 'निसीएज्ज'नो अर्थ 'बेसे' एवो ज अहीं लेवानो छे. नहीं के 'अच्छेज्जए' नो 'बेसे'.

नरसिंहराव भाईए जणावेलो अर्थ बराबर नथी

वेबर महाशय तो 'तुयट्टेज्ज' ने बदले 'उयट्टेज्ज' पाठ आपे छे अने ए पाठनो अर्थ तेओ 'उठे' एवो करे छे. तेमनो आ अर्थ पण तद्दन खोटो छे अने मूळपाठ पण तेमणे खोटो कल्पेलो छे. 'ऊठवा' ना अर्थमां प्राकृत साहित्यमां 'उयट्टेज्ज' क्रियापद ज नथी. 'उट्ठ' धातु 'ऊठवा'ना अर्थने बतावे छे परंतु 'उट्ठ'नुं 'उयट्टेज्ज' रूप कोई काळे

સંભવતું નથી. એ તો તેમણે મૂળપાઠ અને તેની ટીકા તરફ ધ્યાન નથી આપ્યું તેથી જ મુદ્રણમાં પાઠની અને સમજણમાં અર્થની ભ્રાંતિ થઈ ગઈ છે.

બીજા ટેસીટોરી સાહેબ 'ऋछ' ધાતુ ઉપરથી 'अच्छ' ધાતુની કલ્પના કરે છે, તે પણ બરાબર નથી. તેમની આ કલ્પના માત્ર અક્ષરસામ્યને આભારી છે. વળી, વ્યંજન વિનાના એકલા 'ऋ' નું પ્રાકૃત ઉચ્ચારણ 'रि' થાય છે. એ હેમચંદ્રના ૮-૧-૧૪૦ ના નિયમ ઉપર તેમનું લક્ષ્ય નથી ગયું. ખરી રીતે 'ऋच्छ' માંથી બહુ બહુ તો 'रिच्छ' લાવી શકાય પણ 'अच्छ' આવવાનો સંભવ નથી. આમ છતાં ય નિયમોની અનિશ્ચિતતાને લીધે તેઓ 'ऋच्छ' માંથી 'अच्छ्' લાવવામાં કદાચ સફળ થાય પણ 'अच्छ' અને 'ऋच्छ' ના અર્થમાં જે જમીન-આસમાન જેટલું અંતર છે તેનું શું? વર્ણનો વિકાર થતાં અર્થમાં પણ ફેર થાય છે, એવું બનતું કદી જાણ્યું નથી. એટલે 'ऋच्छ' માંથી 'अच्छ' ઉપજાવવાની કલ્પના પણ સંગત ભાસતી નથી.

ટેસીટોરીની કલ્પના વિવાદાસ્પદ

બીજા કેટલાક મહાશયો 'अक्ष' માંથી 'अच्छ' લાવવાની વાત કરે છે. જેઓ એમ કહે છે તેઓ 'अक्ष' ધાતુનો 'दीप्ति' અર્થ બતાવે છે. મેં પાણિનીયનો અને હેમચંદ્રનો એમ બન્ને ધાતુસંગ્રહ તપાસ્યા પણ તેમાં એકેમાં 'अक्ष' ધાતુ 'दीप्ति' અર્થમાં નથી. 'अष्' અને 'अस्' ધાતુ 'दीप्ति' અર્થમાં છે અને 'अक्ष' ધાતુ 'व्याप्ति' અને 'संघात' અર્થમાં છે. 'अक्ष' માંથી 'अस्' લાવવાની કલ્પના નિરપવાદ વર્ણવિકારની દૃષ્ટિએ અને ધાત્વર્થની દૃષ્ટિએ એમ બન્ને રીતે અસંગત છે. સ્વ૦ શ્રીમાન નરસિંહરાવ ભાઈએ 'अक्ष' માંથી 'अस्' લાવનાર ગૃહસ્થનો મત પોતાના ઉક્ત પુસ્તકમાં (પૃ૦ ૨૫૨) સવિસ્તર

બીમ્સ મહાશયની 'अक्ष' દ્વારા 'अच्छ' લાવવાની કલ્પના

जणावेलो छे. तेमां तेओ जणावे छे के भोजपुरी भाषामां वपराता 'हशे' के 'होवुं' अर्थने सूचवता 'होखे' रूपमां देखाता 'ख'नी उपपत्ति करवा सारु उक्त महाशय, 'अक्ष' मांथी 'अख' अने 'अस' बन्नेने लाववानुं सूचवे छे. आ संबंधे मारे 'अक्ष' मां 'अख्' अने 'अस्' नुं मूळ शोधनार बीम्स साहेबना मतनो विशेष नम्रताथी अनादर करवो रह्यो.

भोजपुरी 'होखे'ना 'ख' नी उपपत्ति बीजी रीते पण प्रामाणिकपणे थई शके एम छे: जैन-आगम उत्तराध्ययन सूत्रना मूळमां-अध्ययन बीजुं गाथा बेंतरीमीमां-'होक्खामि' अने 'होक्खं' एवा बे स्पष्ट प्रयोगो मळे छे. आशरे दशमा सैकाना विद्वान टीकाकार शांतिसूरिए ए बन्ने प्रयोगोने भविष्यकाळ प्रथम पुरुष एकवचनना जणाव्या छे अने तेनो संस्कृत पर्याय 'भविष्यामि' जणावेलो छे.

'ष्यामि' ए भविष्यकाळ प्रथम पुरुष एकवचननो प्रत्यय छे. संभव छे के ए 'अस्' धातुमांथी नीपजेलो होय. 'भू' धातुनुं प्राकृत अंग 'हो' छे. ए 'हो' ने आ 'ष्यामि' प्रत्यय लागतां 'होष्यामि' एवुं थाय. 'ष्यामि' ना आदिभूत मूर्धन्य 'ष' नुं लोकभाषानी रीतप्रमाणे 'ख' उच्चारण थतां 'होख्यामि' एवुं नीपजे अने पछी 'ख्यामि'नो संयुक्त 'य' प्राकृत पद्धति प्रमाणे लोप पामतां, शेषनो द्विर्भाव थया पछी 'ख्खा' नो 'क्खा' थतां 'होक्खामि' रूपनी सहेजे उपपत्ति थई शके छे अथवा 'हो+स्सामि' अने 'हो+स्सं' एवो विभाग राखीए. तेमां

---

२८४ प्रस्तुत गाथा आ प्रमाणे छे:

"परिजुन्नेहिं वत्थेहिं होक्खामि त्ति अचेलए।
अदुवा सचेलए होक्खं इइ भिक्खु न चिंतए"॥
"होक्खामि–भविष्यामि"–टीका।
"होक्खं–भविष्यामि"–टीका।

'हो' ते 'भू' धातुनुं प्राकृत अंग छे अने 'स्सामि' तथा 'स्सं' ते भविष्यकाळना प्रथम पुरुषना एकवचनना प्रत्ययो छे (८–३–१६९) संस्कृतमां वपरातो 'स्यामि' अने आ प्राकृत 'स्सामि' तद्दन मळता छे. पालिभाषामां पण एवो ज 'स्सामि' अने 'स्सं' प्रत्यय छे. 'होस्सामि' अने 'होस्सं' मां आवेला 'स' नुं 'ह' उच्चारण तो हेमचंद्रे नोंवेलुं छे (८–३–१६७). उक्त 'होक्खामि' अने 'होक्खं' रूपमां 'स्सामि' अने 'स्सं' ना 'स' नुं 'ख' उच्चारण थयेलुं छे. 'अस्मि' वगेरे रूपोमां पालि अने प्राकृत बन्ने भाषामां 'स' नुं 'ह' उच्चारण सुप्रतीत छे. तेम ज खोरदेह-अवेस्तानी भाषामां तो 'स' नुं 'ह' उच्चारण विशेष प्रचलित पण छे: हन्ती (सन्ति) पृ० ५, हूक्तेम् (सूक्तम्) पृ० ९. वोहुँ (वसु) पृ० ९–खोरदेह-अवेस्ता। हार्ताम्–(सताम्) पृ० १२, हुमताचा (सुमत) पृ० २८, हाँ (सा) पृ० ६५, हथँ (सह) पृ० ७९,९०, हसै–(सप्त–) पृ० १५४, हॅथ्रा (सत्रा) पृ० १८०, अहुराहे (असुरस्य) पृ० १८१, हो (स्वः) पृ० १८४, (–खोरदेह-अ०) वगेरे अनेक प्रयोगोमां 'स' नुं 'ह' उच्चारण विद्यमान छे. ए ज रीते खोरदेह-अवेस्तामां 'स' ने बदले 'ख' नुं उच्चारण पण प्रचलित छे. ख्यात्–(स्यात्) पृ० १७४, १८४, ख्याम (स्याम) पृ० १८४, नमख्या-महो–(नमिष्यामहे) पृ० १८३ वगेरे. जेम अवेस्तानी भाषामां 'स' नुं 'ख' उच्चारण उपलब्ध छे तेम प्राचीन प्राकृतमां पण ते जरूर संभवी शके अने तेथी ज उक्त उत्तराध्ययन सूत्रमां 'होस्सामि' नुं 'होक्खामि' अने 'होस्सं' नुं 'होक्खं' एवां रूपो मळे छे. संभव छे के 'स' नुं 'ह' मां परिवर्तन थया पछी ते 'ह' 'ख' रूपे उच्चरातो होय. 'ह' अने 'ख' मां कंठस्थाननी समानता छे अने प्राकृतमां 'ख' नुं परिवर्तन 'ह' मां थाय पण छे. जेम 'ख' 'ह' रूपे परिणमे छे तेम

चाव्यापारनी विलक्षणताने लीधे सीधो 'स' 'ख' रूपे परिणमे अथवा 'स' नो 'ह' थई ते 'ख' रूपे परिणमे. एक 'पाषाण' अने 'षंड' शब्दना पाषाण–पासाण–पाहाण–पाखाण. वनषंड–वनसंड–वनखंड. ("षण्डः कानने इट्चरे" हेम० अने० कां० २, श्लो० १२७)— आवा अनेक ध्वनिओ सुप्रतीत छे.

तात्पर्य ए के 'होखे' रूपमां 'ख' जोई तेनी उपपत्ति माटे श्री बीम्स-साहेबे 'अक्ष' मांथी 'अख' उपजावी अने तेने 'हो' साथे जोडवानी जे कल्पना करी छे तेने अवकाश नथी एटले 'अक्ष' मांथी 'अख' अने 'अस' ने उपजाववानी कल्पना पण निरवकाश छे.

१०४ बीजुं 'बेसी रहे' अर्थवाळुं 'अच्छि' रूप 'आस्' धातुमांथी आवेलुं छे. 'आस्' ना 'अच्छ' माटे तो हेमचंद्रनो पोतानो संवाद होवाथी कोई विवादने अवकाश नथी. (८–४–२१५ हे०)

१०५ त्रीजी कृतिमां 'घेप्प' धातु 'ग्रहण' अर्थमां वपरायो छे. हेमचंद्र तेने 'ग्रह' साथे सरखावे छे पण खरी रीते तेम नथी. जे अर्थमां 'ग्रह' धातु छे ते ज अर्थमां वेदनी भाषामां 'गृभ' धातु छे. 'हृ–ग्रहोः भः छन्दसि' ३-१-८४–पाणि० सूत्रना वार्तिकमां वैदिक 'गृभ' धातुनो उल्लेख छे. गृभ्णामि, गृभाय वगेरे रूपो ए 'गृभ' धातुनां छे अने 'घेप्पंति' रूपवाळा 'घेप्' धातुनुं मूळ ए 'गृभ' मां छे, नहीं के 'ग्रह' मां.

१०६ हेमचंद्रे आपेलां पद्योमां 'खणेण पहुच्चइ दूअडउ' ए वाक्यमां 'पहुच्चइ' क्रियापद मळे छे. 'क्षणमां दूत पहोंचे छे—आवे छे' एवो ए वाक्यनो अर्थ छे.

'पहोंचवुं' क्रियापदनी व्युत्पत्ति विचारवा जेवी छे. स्व० श्रीमान नरसिंहराव भाई 'प्राप्त' कृदन्त उपरथी निष्पन्न थता प्रा० 'पत्त' पदमां 'पहोंचवुं' क्रियापदना मूळने शोधे छे. 'प्राप्त' अने 'पहोंचवुं' ना अर्थमां विशेष भेद नथी. 'प्राप्त' शब्द थी सूचवातुं 'प्रापण' विशेष व्यापक छे, त्यारे 'पहोंचवुं' द्वारा सूचवाती 'प्राप्ति' 'प्रापण' करतां संकुचित छे. 'सुख पाम्यो', 'दुःख पाम्यो', 'लाभ पाम्यो', 'वायडी पाम्यो' 'भायडो पामी' वगेरे वाक्योमां 'पाम्यो' नो जे भाव छे ते, 'नदीए पहोंच्यो', 'घाटे पहोंच्यो', 'गाम पहोंच्यो' 'माणस पहोंच्यो' वगेरे वाक्यमां वपरायेला 'पहोंच्यो' ना भाव करतां सहेज जुदो पडे छे. तात्पर्य ए के 'सुख पाम्यो', 'भायडो पामी' वगेरे वाक्यमां जे कर्ता छे ते गतिशील ज होय छे एवो नियम नथी त्यारे 'गाम पहोंच्यो' वगेरे वाक्यमां कर्ता गतिशील होवो ज जोईए, ए जातनो भेद 'प्राप्त' अने 'पहोंच्यो' मां स्पष्टपणे जोई शकाय छे. संस्कृत अने प्राकृतोमां तो सुखं प्राप्तः—सुहं पत्तो, नदीं प्राप्तः—नइं पत्तो, ग्रामं प्राप्तः—गामं पत्तो, वगेरे प्रयोगोमां एक सरखी रीते 'पत्त' शब्दनो उपयोग थयेलो छे. ए जोतां 'प्राप्त' ना 'पत्त' द्वारा आवता 'पहुच्च' मां अर्थनी विषमता नथी. परंतु 'पत्त' मां 'ह्' अने 'उ' आव्या सिवाय 'पहुच्च' बनी ज न शके एथी 'पहुच्च' रूपनी निष्पत्ति माटे 'पत्त' मां 'ह्' अने 'उ' ने प्रक्षिप्त मानवा पडे छे.

> 'पहोंचवुं'नी व्युत्पत्तिचर्चा

आ संबंधे श्रीमान् दिवेटीया साहेब पोताना व्याख्यानमां जणावे छे के [""पत्तउं' मां आगन्तुक 'उ' समेत 'ह्' प्रविष्ट थाय छे एटले 'पहुत्तउं' बने छे, आम थवानुं कारण अविदित छे पण उच्चारणनी अनुकूळता ज कारण हशे एम जणाय छे" पृ० २४४.]—आ रीते अहीं

जेमके 'ह्' अने 'उ' ने प्रयोग समजीने सरल मानवामां आवे छे. एम लेखको वैदे छतां 'ह' ना प्रयोग करे जणाय छे के, "स्पर्श-वर्ण अने द्वितीय विसर्जन प्रयोगो विना प्राकृतमां पण मूळ प्रयोगो नहीं थतो छे. कथितः (सं०) कहिओ (प्रा०) [सि० हे० ८-१-२३०]. फलतः (सं०) फलओ (प्रा०) इत्यादि इत्यादि सि० हे० ८-१-२३२" "–(पृ० ३१४.)

वैदी रीते नहीं न ज तेम तो 'ह्' अने 'उ' ना प्रयोगनो आधार लेवो उचित छे परंतु ज्यां एवा प्रयोग विना पण काम चाली शके छे त्यां ए जातना प्रयोगने स्वीकारवानी अपेक्षा नथी एवो मारो नम्र मत छे.

'प्र' उपसर्ग सहितना 'भू' धातुना भूतकृदंत 'प्रभूत' उपरथी 'पहुत' ने निपजावाथी 'हु' ना प्रयोगनी मुश्केली टळी जाय छे: प्रभूत–पभूत–पहुत–पहुत–आ क्रमे 'प्रभूत' उपरथी 'पहुत' आवी शके एम छे. 'पहोंचुं' पद पण आ 'प्रभूत' उपरथी आवेलुं छे ए ध्यानमां रहे.

'भू' धातुनो 'सत्ता' अर्थ जोतां 'प्रभूत' मां तेनो ए अर्थ बदलायो केम ? अने 'प्राप्त' नो अर्थ आव्यो केम ? ए प्रश्न अहीं थाय खरो. परंतु उपसर्ग साथे आवतां मूळ धातुना अर्थमां फेरफार के न्यूनाधिकता

२८५ म० श्रीनरसिंहरावभाई आ स्थळे ४४ मा टिप्पणमां म० श्री भांडारकर महाशयनो मत टांकतां जणावे छे के—"अल्पप्राणवर्णनी पछी ते ज शब्दमां ऊष्माक्षर आवे तो ए अल्पप्राणनो महाप्राण थने छे." 'पनस' नुं 'फणस' अने 'परश' नुं 'फरस' थवामां श्री. भांडारकरे बतावेलो नियम लागु थतो जणाय छे. परंतु 'पाटि' नुं 'फाटि' थवामां नियम लागु थतो जणातो नथी. श-ष-स-ह आटला ऊष्माक्षरो छे. (१-१-१७ सिद्धहेम) ए जोतां 'पाटि' मां कोई ऊष्माक्षर नथी.

थाय छे ए सिद्धांत सर्व प्रतीत छे. एथी 'प्र' नी साथेनो 'भू' 'पहोंचवा' अर्थने बतावे छे.

'भू' ना अर्थ विशे लखतां आचार्य हेमचंद्र कहे छे के "उपसर्गवशाच्च धातोरनेकोऽर्थः प्रकाशते यथा–'प्रभवति' इति स्वाम्यर्थः प्रथमतः उपलम्भश्च"–(धातुपारायण पृ० २) अर्थात् 'प्रभवति' एटले प्रभु–स्वामी–थाय छे–समर्थ थाय छे ए एक अर्थ अने बीजो अर्थ प्रथम प्राप्ति–प्रथम पहोंच–गमन. 'पहुच्च' ना मूळरूप 'प्रभूत' नो आ बीजो अर्थ लेवानो छे, एटले अर्थ संबंधी असामंजस्य रहेतुं नथी अने 'हु' ने प्रक्षिप्त मानवानी पण अपेक्षा नथी.

अथवा एक बीजो ज 'भू' धातु 'प्राप्ति' अर्थवाळो छे. ते उपरथी 'प्रभूत' अने ते द्वारा 'पहुत्त' ने निपजाववाथी व्युत्पत्तिनो मार्ग विशेष सरळ थई जाय छे.

'सत्ता' ना अर्थवाळा 'भू' धातुनो आश्रय लेतां तेनो अर्थ फेरववा 'प्र' उपसर्गनुं शरण लेवुं पडे छे अने 'प्राप्ति' अर्थवाळा 'भू' धातुनो आधार लईए तो उपसर्गनी अधीनता तो जती रहे छे अने कोई अपवाद पण वहोरवो पडतो नथी.

"भूङः प्राप्तौ णिङ् ।३।४।१९। भुवः प्राप्त्यर्थाद् णिङ् वा स्यात् भावयते, भवते–प्राप्नोति इत्यर्थः ।.... सर्वं भवते–प्राप्नोति–इत्यर्थः"–(सिद्धहेम०) "भूङः प्राप्तौ णिङ्–भावयते पदम्–प्राप्नोति–इत्यर्थः। पक्षे उत्साहाद् भवते लक्ष्मीम्"–(धातुपारायण पृ० ४) "भू १८४५ प्राप्तौ–आत्मनेपदी भावयते–भवते"–(वैयाकरणसिद्धान्तकौमुदी पृ० ३०१ उत्तरार्ध) "प्राप्ते तु भावितम् । लब्धम्, आसादितम्, भूतम्" (अभिधान० कां० ६, श्लोक० १२६) उक्त बधां प्रमाणो 'प्राप्ति' अर्थवाळा 'भू' धातुनां निदर्शक छे.

ભાષાનાં રૂપોની વિશેષતા

'નિષ્પન્ન' નો અર્થ બતાવે છે.—"ભવાનીને સનિપન્ન છે." હેમચંદ્ર અહીં 'ભવું' એટલે 'થયેલાં ન હોય અને થતી ભાવ' એવા અર્થને પણ બતાવે છે. "કુમારઃ પુત્રો ભવતિ"—'કુંવર પુત્ર થાય છે.' (ભાગ્યતાવળ પૃ૦ ૨). હ્ન. વૃત્તિઓમાં ૫ વગેરે અર્થને ગૂજરાતીમાં 'ભૂ' ધાતુનાં ક્રિયાપદો આવ્યાં છે.

૧ 'અપવિત્રઓ વિ જણ હોઇ પવિત્રઉ'—૪—અપવિત્ર જણ પણ પવિત્ર થાય છે.

૨ 'તઉ હોઉં સ્વસ્થ ઉ'—૨૮—ત્યારે થયો છું કેમ થઈશ એટલે ત્યારે એવા સુખનું શું થશે !

૩ 'હોઇ વિહાણુ'—૨૮—સવાર થાય છે.

૪ 'હુઅહુઆ'—૨૯—ગાના થયા.

૫ 'હોસઇ કરતુ ન અચ્છિ'—૩૧—'હશે' કરતો મ—ન—બેસ'.

૬ 'સજ્જણહં હોઇ નેહુ'—૫૮—સજ્જનોનો સ્નેહ હોય છે.

७ "देस रवण्णा होंति"–५९–देशो रम्य थाय छे.

ऊपर जे वाक्यो आप्यां छे तेमां मूळ वाक्योमां तो बधे 'भू' धातुनो ज प्रयोग छे. छतां अनुवादमां क्यांय 'थाय छे' ए रीते 'स्था' धातुना क्रियापदथी अर्थ बताव्यो छे अने क्यांय 'भू' धातुना 'होय छे' क्रियापदथी अनुवाद आप्यो छे. आ एक प्रकारनी भाषाशैली छे.

हेमाचार्यना जमानामां वा तेमनाथी पूर्वना जमानामां पण जे अर्थ आपणे हमणां 'स्था' ना 'था' धातुथी अने 'अस्' ना 'छे' द्वारा बताविए छिए ते अर्थ पण 'भू' धातु द्वारा सूचवातो परंतु पछीना समयमां एक 'भू' धातुना अर्थ माटे 'अस्' 'स्था' अने 'भू' एम त्रण जुदा जुदा धातुओ वपरावा लाग्या एटले विद्यमानता सूचववा 'छे'– 'अस्', 'थवुं' अर्थ माटे 'था'–'स्था', अने 'होवुं' अर्थ माटे 'हो'–'भू' एवो विभाग थई गयो.

आ तो एक भाषाशैलीना परिवर्तननुं उदाहरण छे. एवुं ज बीजुं उदाहरण 'भण' धातुने लगतुं छे. हेमाचार्यना समयमां वा तेमनाथी य पूर्वना समयमां 'कहेवा'ना अर्थमां 'भण' धातुनो प्रयोग अनेकानेक स्थळे थयेलो छे अर्थात् 'ते कहे छे' एवा अर्थमां 'भणति' एवुं क्रियापद वपरायेलुं छे त्यारे आपणी चालु भाषामां 'भण' धातुनो प्रयोग मात्र 'भणतर भणवाना' अर्थमां आवी संकोच पाम्यो छे. आपणे त्यां 'भणे छे' एटले 'विद्याभ्यास करे छे' एवो ज अर्थ रह्यो छे.

'भण्' नो उपयोग

'भण' धातुनो मूळ अर्थ 'शब्द करवो—अवाज करवो' छे. छंदोनुशासनना उक्त ३२ मा पद्यमां '**भणि**' क्रिया 'कहे' ना अर्थने बतावे छे. आपणी भाषामां 'भण' नो अर्थ संकोच पाम्यो छे त्यारे मराठी

भाषामां 'भण' उपरथी आवेला 'म्हण्' नो मूळ अर्थ—सामान्य कहेवुं—'वात चीत करवी' ए सर्वत्र प्रचलित छे.

ए ज रीते हिंदी भाषामां आपणी भाषानी पेठे 'थवुं' ना अर्थ माटे जुदो धातु नथी, परंतु 'थवुं' नो अर्थ 'भू' धातु द्वारा ज सूचवाय छे. आम प्रत्येक भाषानी जुदी जुदी विशिष्टता होय छे.

शैलीभेदनी एक बीजी वात पण कहेवा जेवी छे. आपणी चालु भाषामां 'मास्तरे छोकराने ऊठबेश करावी' ए वाक्यमां 'करावी' साथे 'ऊठबेश' पदनो संबंध छे त्यारे हेमचंद्रे आपेला एक दोहामां ए ज रीते वपरायेला 'करावुं' क्रियापदनो संबंध 'ऊठबेश' साथे नथी परंतु 'ऊठबेश करनार' साथे छे.

ते वाक्य आ प्रमाणे छे: "तो वि गोट्ठडो कराविआ मुद्धए उट्ठ-बईस" ६३—"तथापि मुग्धया गोष्ठकाः—गोपालाः उत्थानोपवेशनं कारिताः[६]" अर्थात् 'ते मुग्ध स्त्रीए गोवाळोने ऊठबेश करावी.'

उक्त वाक्यना विवरण उपरथी चोक्खुं जणाय छे के 'कराविआ' नो संबंध गोवाळो साथे छे नहीं के ऊठबेश साथे.

संस्कृत शैलीनी रचना आवी ज होय छे, अने विद्वानोनी रचनामां ते शैली जाण्ये अजाण्ये पण आवी ज जवानी. 'मुग्ध स्त्रीवडे गोवाळो ऊठबेश करावाया' आवो अनुवाद उक्त वाक्यनो अक्षरशः अनुवाद छे, परंतु एवो अनुवाद सारो जणातो नथी.

१०८ उक्त त्रणे कृतिओमां वपरायेलां कृदंतोनो परिचय आ प्रमाणे छे:

---

२८६ आ प्रयोगनी साधना माटे जुओ सिद्धहेम २।२।८। "हृ–क्रोर्नवा" (कारक प्रकरण) मुद्धा गोवाले उट्ठबईस करावेइ अथवा 'मुद्धा गोवालेहिं उट्ठबईस करावेइ." ए रीते प्रेर्य कर्ता 'गोवाल' बीजी अने त्रीजी विभक्तिमां वाराफरती आवे छे.

बारमा सैकानां कृदंतो अने तेमना प्रत्ययोनां मूळ

अभयदेव—समरंत, करि, विलवंतउ, जंपिउ, चिट्ठिउ, कप्पिउ, अवलंबिउ, किय, पत्तउ, पियंकरु, खेमंकरु, झंखंत, सोहिय, थुणंतउ, मुयवि, जोइवि, पासिवि, दुक्खिय, पयासिउ.

उक्त पदोमां 'करि', 'अवलंविउ', 'मुयवि', 'जोइवि' अने 'पासिवि' ए बधां संबंधक भूतकृदन्त छे.

'समरंत', 'विलवंतउ', 'झंखंत', अने 'थुणंतउ' ए वर्तमान-कृदंत छे.

'पियंकरु' अने 'खेमंकरु' ए कर्तृसूचक कृदंत छे.

तथा जंपिउ, चिट्ठिउ, कप्पिउ, किय, पत्तउ, पयासिउ, अने दुक्खिय ए बधां भूतकृदंत छे अने क्रियापदने स्थाने वपरायां छे.

देवसूरि—वक्खाणंतओ—वर्तमानकृदंत.

परिवारियओ, सोसीउ, वूहउ, फेडिय, वक्खाणिय, दिट्ठु, पसत्ता, उट्ठिउ.—भूतकृदन्त.

पयडिवि, मुणिवि.—संबंधक भू० कृदंत.

हेमचंद्र—निसिआ, लिहिआ, दड्ढा, दिट्ठउ, पुट्ठ, पसरिअउं, आवासिउ, वाहिउं, मुइअ, गइअ, किअउं, दिट्ठउं, पूरिअ, हूआ, मुंडियउं, निहित्तउं, संसित्तउ, मुएण, जोइउ, भग्गा, लग्गा, निम्मविअ, मुआ, त्रुट्टी, किउ, आइउ, पइट्ठ, वइट्ठउ, पइट्ठउ, विलग्गी, अकिया, लुका, पणट्ठइ, विनासिआ, विढत्तउं, चडिआ, हसिउ, पम्हट्ठउ. —भूत० कृ०

दारंतु, चिंतंताहं, करतु, नवंताहं, संता, झलकंति, जिआवंतिहिं, रणझणंत, सिंती.—वर्त० कृ०

गुणिवि, सुमरि, मन्नावि, देक्खिवि, भणवि, करेप्पिणु, विछोडवि, जेप्पि, देप्पिणु, लेवि, झाएविणु, गंप्पिणु, गंप्पि, गमेप्पि, जिणेप्पि, घडेविणु.—संबंधक भू० कृ०

अब्भत्थणि, विच्छोहगरु, सोएवा, जग्गेवा.—सामान्य कृ०

१०९ उक्त कृदंतोनी रचना जोतां ते बे प्रकारनां जणाय छे. एक तो एवां छे के जेओ संस्कृतमांथी प्राकृतना धोरणे वर्णविकार पामी सीधां आव्यां छे: दृष्ट—दिट्ठ, लग्न—लग्ग, मृत—मुअ, प्रनष्ट—पणट्ठ, दग्ध—दड्ढ, प्रविष्ट—पइट्ठ, कृत—किय, भूत—हूअ वगेरे.

बीजां धातुना अंगद्वारा मूळथी प्राकृतना धोरणे तैयार थयेलां छे.

भूतकृदंत

प्राकृतमां भूतकृदंत बनाववा माटे धातुमात्रने 'त'–'अ' प्रत्यय लागे छे. एक एवो नियम छे के प्राकृतमां कोई पण व्यंजनांत धातुने अंते 'अ' उमेराय छे. [८–४–२३९ हे०] तथा अकारांत सिवायना स्वरांत धातुने छेडे पण 'अ' विकल्पे उमेराय छे. [८–४–२४० हे०] अने भूत कृदंतोमां लागेला ए 'अ' नो 'इ' थाय छे: (८–३–१५६ हे०) आ प्रक्रिया द्वारा जंप्+अ+अ=जंपिअ, पसर्+अ+अ=पसरिअ, शुष्—सोस्+अ+अ=सोसिअ—सोसीअ. 'ध्या' धातुनुं झा+अ+अ=झाइअ. 'व्याख्यान' उपरथी नामधातु—वक्खाण्+अ+अ=वक्खाणिअ. 'लुक' 'तुट्ठ' वगेरे भूतकृदंतो अनियमित रीते सचवायेलां छे.

११० वर्तमान कृदंत माटे प्राकृतमां 'अंत' अने 'माण' प्रत्यय छे:

वर्तमानकृदंत

(८–३–१८१ हे०) धातुना अंगने ए प्रत्ययो लागतां ज वर्तमान कृदंत बने छे अने प्रत्ययो लाग्या पछी पूर्वोक्त नियमथी धातुने लागेला अंत्य 'अ' नो 'ए' पण थाय छे: (८–३–१५८ हे०)

स्मृ–सुमर् + अ + अंत = सं० स्मरत्–सुमरंत, सुमरेंत; दृ–दार् + अ + अंत = दारंत (दारयत्), कृ + अ + अंत = करंत (कुर्वत्) આ કૃતિઓમાં વપરાયેલાં વધાં વર્તમાન કૃદંતો 'अंत' પ્રત્યયવાળાં છે. સંસ્કૃતમાં 'माण' પ્રત્યય આત્મનેપદી ધાતુને જ લાગે છે, પણ પ્રાકૃતમાં 'माण' પ્રત્યયનો વ્યવહાર સર્વત્ર અબાધિત છે. છતાં આ કૃદંતોમાં તેનો પ્રયોગ દેખાતો નથી.

ચાલુ ભાષામાં વર્તમાન કૃદંતના 'अंत' અને 'अत' પ્રત્યયો પ્રચલિત છે: વદંતી, જમંતો, હલંતો અને કરતો, જમતો, ભણતો વગેરે. પ્રાકૃતનો 'अंत' અને આ 'अंत' તથા 'अत' એ વન્ને એક જ છે.

હેમચંદ્રના ૩૧ મા પદ્યમાં 'करतु' પદ વર્તમાન કૃદંતરૂપે વપરાયું છે, એટલે આપણી આજની ભાષામાં વપરાતો વર્તમાન કૃદંતનો 'अत' પ્રત્યય ઠેઠ હેમાચાર્યના સમયથી ચાલ્યો આવે છે અને વર્તમાન કૃદંત માટે વિશેષે કરીને એ એક 'अत' પ્રત્યયનો જ ભાષામાં વ્યવહાર છે.

સંબંધક ભૂતકૃદંત

१११ સંબંધક ભૂતકૃદંત માટે હેમાચાર્ય અનેક પ્રત્યયો આપે છે. इ, इउ, इवि, अवि, एप्पि, एप्पिणु, एवि, एविणु–આ આઠ પ્રત્યયો સંબંધક ભૂતકૃદંતના છે. પ્રાકૃતમાં સંબંધક ભૂતકૃદંત માટે तुम्, अ, तूण અને तुआण પ્રત્યયોનો વ્યવહાર છે. પ્રાકૃતના આ પ્રત્યયો અને હેમાચાર્યે વતાવેલા જૂની ગુજરાતીના ઉક્ત પ્રત્યયો વચ્ચે સામ્ય જણાતું નથી. સંસ્કૃતમાં જ્યાં 'क्त्वा' ને વદલે 'य' વપરાય છે તે ઉપરથી પ્રાકૃતનો 'अ' અને ઉક્ત 'इ' 'इउ' આવ્યા હોય અને પાલિમાં સંબંધક ભૂતકૃદંતના 'सुणित्वा' વગેરે પ્રયોગોમાં 'त्वा' પ્રત્યય આવે છે. તે 'त्वा' વા 'इत्वा' ઉપરથી 'इवि' કે 'अवि' આવ્યા હોય અને 'त्व' નો 'प्प' થઈ તે દ્વારા 'एप्पि' અને एवि' આવ્યા હોય તથા વૈદિકમાં વપરાયેલા સંબંધક ભૂતકૃદંતના 'त्वीन' પ્રત્યય દ્વારા કે

पालि-प्रयोग 'सुणित्वान' वगेरेमां वपरायेला 'इत्वान' द्वारा 'एप्पिणु' अने 'एविणु' आव्या होय एवी संभावना छे. 'इष्ट्वीनं' 'पीत्वी' वगेरे वैदिक रूपो साथे आ रूपोनी समानता छे, एम आगळ (पृ० ६७) जणावी गयो छुं. आमांना 'इ' 'इउ' ए बे प्रत्ययो अभयदेवे वापरेला छे. वादिदेवसूरिए 'इवि' प्रत्यय वापरेलो छे. अने उदाहरण आपवानी दृष्टिए आ० हेमचंद्रे ते बधा प्रत्ययोने वापर्या छे.

'करी' अने 'करीने' ना 'ई' तथा 'ईने' नी व्युत्पत्ति

चालु भाषामां करी, जमी, भणी वगेरेमां 'ई' प्रत्ययनो उपयोग छे अने करीने, जमीने, भणीने वगेरेमां 'ईने' प्रत्यय लागेलो छे. हवे 'ई' अने 'ईने' आ बे प्रत्ययोनी उत्पत्ति विशे विचार करतां अने तुलनात्मक रीते परीक्षण करतां मालूम पडे छे के उक्त 'इ' प्रत्ययनो विकार थतां 'ई' प्रत्यय आव्यो होय अथवा 'इवि' के 'एवि' प्रत्यय द्वारा तेना संक्षिप्त रूप तरीके आ 'ई' आव्यो होय. कर्+इ= करि, ते उपरथी 'करी' अथवा 'करिवि' उपरथी 'करी' के 'करेवि' उपरथी 'करी' वगेरे 'ई' प्रत्ययवाळां रूपो ऊतरवानो संभव छे. अभयदेवे 'करि' तो वापर्युं ज छे अथवा प्राकृत 'करिअ' उपरथी पण 'करी' नो 'ई' प्रत्यय आववो सुघट छे. 'करीने' वगेरेमांनो 'न' मारा विचार प्रमाणे कोई आगंतुक नथी; परंतु ते संबंधक-भूतकृदंतनो अंगभूत होय एम लागे छे. वैदिक, पालि, प्राकृत ए बधी भाषाओमां संबंधक भूतकृदंतना प्रत्ययोमां 'न' अंगभूत तरीके स्पष्ट छे. तो पछी आधुनिक गुजरातीमां तेने आगंतुक मानवानुं कशुं कारण जणातुं नथी. तेनी उपपत्ति करवानी रीत आ प्रमाणे छे: मने जणाय छे के वैदिक 'त्वीन' प्रत्ययमां गुजराती 'करीने' ना 'ईने' नुं मूळ होय; परंतु तेमां अंते 'ए' क्यांथी आव्यो? आ 'ए' वा 'ईने'

माटे 'त्वीन' नी साथे तेनो समानार्थक 'इ' प्रत्यय उमेरीए तो 'त्वीनइ' थाय अने वखत जतां आ 'त्वीनइ', 'तीनइ'–'ईनइ'–'ईने' ना रूपमां आवी शके. समानार्थक बेवडा प्रत्ययोनो व्यवहार लोकभाषामां सुप्रतीत छे. एटले अहीं पण 'त्वीन+इ' एवो बेवडो प्रत्यय लगाडीए तो हरकत जेवुं जणातुं नथी. 'ई' अने 'ईने' प्रत्ययनी उपपत्ति विशे आ एक तुलनात्मक कल्पना छे. ते माटे कोई संवाद के उदाहरणो आपीं शकाय तेम नथी. मात्र 'ईने' ना 'न' ने आगंतुक न मानवो अने प्रत्ययनुं अंग मानवो एवा विचारमांथी उक्त कल्पना ऊभी थई छे. आ माटे भाषाशास्त्रना विद्वानो विशेष प्रकाश नाखी ते प्रत्ययोनो शुद्ध इतिहास आपशे एवी आशा छे. 'करी' 'करीने' एवा प्रयोगोनी पेठे संबंधक भूतकृदंत माटे 'भागु' 'भागुने' 'बांधु' 'बांधुने' 'जीतु', 'जीतुने' एवा प्रयोगो पण काठीओनी भाषामां चालु छे. श्रीमेघाणीजीनी रसधारोमां एवा अनेक प्रयोगो[२८७] उपलब्ध छे. ए प्रयोगोनी साधना आ प्रमाणे छे: प्राकृतमां संबंधक भूतकृदंत तरीके 'उं' 'उ' 'उण' वगेरे प्रत्ययो प्रसिद्ध छे: (८–२–१४६). 'भागु' वगेरेमां (भाग्+उ) 'उ' प्रत्यय छे अने 'भागुने' वगेरेमां (उण+इ–

२८७ जेमां 'भागीने' वगेरे अर्थसूचक 'भागुने' वगेरे प्रयोगो आवे छे एवां सौराष्ट्रनी रसधारमां आवेलां वाक्यो आ प्रमाणे छे:

"हाल्य, काम पतावुने वळे नीसर्यीए"
"गाम सोंसरवा थटने जोता जाईए"
"कागळमां वींटुने पछेडी लाव्य"
"डायरामां बेसुने थटाद हांकशे"
"तरत आवुने मने चोर ठेरवशे"—

—सौराष्ट्रनी रसधार भाग ३, पोटांनी परीक्षा.

ऊनइ—ऊने) ऊने प्रत्यय छे 'ऊन' मां छेडे मळेलो 'इ' संबंधक भूत-कृदंतने सूचवे छे, ए हकीकत हमणां ज आवी गई छे.

११२ संस्कृतमां अने प्राकृतोमां भूतकाळने सूचववा माटे मोटे भागे स्वतंत्र क्रियापदो ज वपराय छे अने भूतकृदंतो ओछां वपराय छे, त्यारे गुजराती भाषामां भूतकाळने सूचववा माटे मोटे भागे भूतकृदंतो ज वपराय छे. आ रिवाज पण काइ आजकालनो नथी.

भूतकृदंतो द्वारा भूतकाळसूचक क्रियापद

वेदोमां[२८८] पण भूतकाळनी क्रियाने सूचववा भूतकृदंतो वपरायेलां छे. ए प्राचीन पद्धति प्रमाणे अभयदेव, वादिदेवसूरि अने हेमचंद्रे पण पोतानां पद्योमां भूतकाळने सूचववा भूतकृदंतो वापर्यां छे. एटले जे भूतकृदंतो संस्कृतादि प्राचीन भाषाओमां क्रियादर्शक विशेषणरूप हतां ते आपणी भाषामां क्रियापदरूप बनी गयां छे.

खरी रीते क्रियापद मुख्यपणे क्रियानुं सूचक छे एटले ते द्रव्य—सत्त्व—रूप नथी अने एम छे माटे तेने जाति न होय अने जाति न होवाथी क्रिया-पदने लिंग पण न होय. आ सिद्धांत वैदिकादि प्राचीन बधी भाषामां सच-वायो छे, परंतु लोकभाषामां ते सिद्धांत टकी शक्यो नथी. कारण के लोकभाषामां तो विशेषणरूप भूतकृदंतोने क्रियापदरूपे वापरवानी प्रथा निरपवादरीते संमत छे, तेथी ज तेमां विशेषणनी जेम लिंग वगेरे टकी रह्यां छे. 'रामे रावणने मार्यो' ए वाक्यमां 'मार्यो' क्रियापद छे. छतां ते रावणनुं विशेषण छे. एटले ज ते नरजातिमां छे. वळी, ए वाक्यमां बीजी खूबी ए छे के 'मारितः—मारिओ—मार्यो' ए रीते 'मार्यो'नी

---

२८८ "स्कम्म्" (ऋ० सं० ५-२-२४ निरुक्त पृ० २४०) "पपिवान्" (ऋ० सं० ८-३-२० निरुक्त पृ० ४६५) "जातानि" (ऋ० सं० ८-७-४-५, निरुक्त पृ० ४६१)

उपपत्ति छे, एटले ते, प्रथमा विभक्तिवाळुं छे छतां कर्मरूप एटले द्वितीया विभक्तिवाळा 'रावण'नुं विशेषण छे. 'माळीए कूकडीने मारी,' 'शिकारीए पक्षीने मार्युं' ए वाक्योमां पण 'मारी' 'मार्युं'—एमां एक कूकडीनुं विशेषण होई नारीजातिमां छे अने बीजुं पक्षीनुं विशेषण होई नान्यतरजातिमां छे. वाक्यनां बन्ने विशेष्यो कर्म छे माटे द्वितीयांत छे छतां तेनां विशेषणो प्रथमांत छे. आ पण लोकभाषानी विलक्षणतानो एक नमूनो छे. एवा बधा प्रयोगोमां भूतकृदंत प्रथमाना एकवचन के बहुवचनमां आवशे पण बीजी कोई विभक्तिमां नहीं आवे. भले तेनुं विशेष्य द्वितीया विभक्तिमां होय.

कर्मणि भूतकृदंतवाळा संस्कृतादि भाषाना प्रयोगोमां ('रामेण रावणो हतः') 'रावण' कर्म छे छतां तेनो कर्मार्थ उक्त थवाने लीधे ते प्रथमा विभक्तिमां आवे छे, त्यारे भाषामां तेवो नियम नथी. भाषामां उक्तार्थ कर्म बीजी विभक्तिमां पण आवे छे अने प्रथमा विभक्तिमां पण आवे छे. तात्पर्य ए के भाषामां भूतकृदंतो क्रियापदने स्थाने वपरावा लाग्यां छतां तेमां, क्रियापदमां अघटमान एवां जाति अने विशेष्य प्रमाणेनुं परिवर्तन टकी रह्यां छे अने विभक्ति तो एक प्रथमा ज तेने लागे छे.

भाषामां पण जे भूतकृदंतो क्रियापदरूपे वपराय छे तेमांनां केटलांक सीधां संस्कृत उपरथी प्राकृतना वर्ण विकारने पामीने आवेलां छे अने केटलांक प्राकृतनी प्रक्रियाथी ज पहेलेथी सधाईने पछी भाषामां आवेलां छे.

आपणी भाषामां विशेषे करीने भूतकृदन्तोमांथी भूतकाळसूचक क्रियापदो आव्यां छे. एथी मूक्युं, चूक्यो, लाग्यो वगेरे प्रयोगोमां 'मुक्त' उपरथी 'मुक्क' 'च्युतक' उपरथी 'चुक्क' अने 'लग्न' उपरथी 'लग्ग' आवे त्यार बाद ते द्वारा भूतकाळ सूचववानुं थतां वळी पाछो भूतकृदंतने

लागतो (भूतकाळसूचक) 'इअ' (इ+अ)–प्रत्यय तेमने लागे छे. मुक्त–मुक, मुक + इअ + क = मुकिउं–मूक्युं, ए ज रीते चुक + इअ = चुकिअ–चुकिओ–चूक्यो. लग + इअ = लगिअ–लगिओ–लाग्यो.

'मृ' धातु उपरथी प्राकृत मरिअ–मरिओ अने ए उपरथी 'मर्यो' रूप आवे एम छे, तथा 'मृ' धातु उपरथी थता 'मृत' द्वारा मृतकम्–मुअउं–मुउं रूप पण आवे छे तेथी 'मुउं' माटे बीजा कोई धातुनी कल्पना युक्त नथी.

११३ 'आव्यो' माटे ६९ मा पद्यमां हेमचंद्रे 'आइउ' रूप मूक्युं छे.

'आव्यो'नी व्युत्पत्ति

'आइउ' रूपनी निष्पत्ति माटे 'आयात' वा 'आगत'ने मूळरूपे कल्पवामां आवे छे अने तेमांथी 'आइउ' रूप नीपजी पण शके. परंतु 'आव्यो' मां जे 'व' श्रुति छे ते जोतां 'आव्यो' माटे 'आयात' वा 'आगत' शब्द बंध बेसे के केम ? ए मने विचारणीय लागे छे. 'आववाना' अर्थमां 'आ' साथे 'पत्' धातुनो प्रयोग मळे छे. "आगमने × × × आपतति, चोपतिष्ठति, उपनयति, तथा उपसादयति"—(क्रियाकलाप–पृ० ५, श्लो० १४) आपतित:–आवइओ अने 'आवइओ' रूप उपरथी 'आविओ' 'आइओ' के 'आव्यो' वगेरे रूपो विना बाधाए आवी शके छे. जो के 'पत्' धातु उपरथी प्राकृतमां 'पड्' रूप आवे छे, पण तेनुं 'ड'–करण निश्चित नथी. कारण के पेउमचरियमां अने जैनसूत्र ज्ञातिधर्म-कथामां 'आ' साथे 'पत्'नुं 'आवय' रूप पण वपरायुं छे एटले घणा जूना वखतथी वपराशमां चाल्या आवता 'आवय' उपरथी 'आव-इओ' नीपजावी तेमांथी 'आव्यो' रूप नीपजावीए तो 'व' श्रुतिनुं

२८९–जुओ पाइअसद्दमह० 'आवय' शब्द.

समाधान थई जाय तेम छे. नहीं तो 'आयात' के 'आगत' ऊपरथी 'आव्यो' लाववामां आयात–आयातो–आआओ–आओ अथवा आगत–आगयो–आयो एम रचना निपजावी अंत्य ओकारने वळे 'व' ना प्रक्षेपनी कल्पना करवी पडे एम छे. परंतु उक्त 'आइउ' रूप निपजाववा तो आथी पण वधारे खेंचवुं पडे एम लागे छे. हिंदीनुं 'आया'के मराठीनुं 'आले' रूप 'आगत' ऊपरथी सुखपूर्वक आवी शके एवुं छे, तेमां 'व' 'श्रुति नथी. त्यारे आपणा 'आव्यो'नी तेथी भिन्न प्रकारनी रचना होवामां वांधाने अवकाश नथी. वळी, जूनी गुजरातीमां अनेक स्थळे 'आवे छे' अर्थमां 'आवइ' क्रियापद वपरायेलुं छे. 'आयात' वा 'आगत' कृदंत द्वारा 'आवइ' आववानो संभव नथी; किन्तु आपतति–आपतइ–आवतइ–आवयइ–आवइ ए रीते 'आवइ' क्रियापद सहेजे साधी शकाय छे. कहेवानुं ए के जे रीते 'आवइ' क्रियापद आवे छे ते ज रीते 'आव्यो' ए भूतकाळसूचक पद पण आव्युं छे–ए बन्नेना मूळमां मने तो 'आ + पत्'नो संबंध भासे छे.

पद्योमां 'कृ' धातु ऊपरथी नीपजेलुं 'किय' क्रियापद वपरायुं छे त्यारे चालु भाषामां 'कृ' धातुथी ऊपजेलुं 'करिअ' अने तेमांथी आवेलुं 'कर्युं' पद वपराय छे–ए ध्यानमां रहे. हिंदीमां 'कर्युं' अर्थमां 'किया' पदनो प्रचार छे.

११४ पियंकरु, विच्छोहगरु ए बधां कर्तृसूचक कृदंतो छे. तेमांनो अंत्य

कर्तृसूचक कृदंत 'करु' के 'गरु,' 'कृ + अ' द्वारा 'कर' थईने उत्पन्न थयेलो छे. (जुओ पृ० १९०, टिप्पण १९२)

'अब्भत्थणि'नुं मूळ 'अभ्यर्थन' छे अने ते भाववाचक 'अन'–प्रत्ययवाळुं कृदंत छे.

११५ 'सोएवा' अने 'जगेवा' ए, भाववाची के कर्मवाची कृदंत छे अने तेनो विध्यर्थ कृदंत तरीके पण उपयोग छे. वैदिक भाषामां 'तव्य'ने बदले 'तवै' पद वपराय छे :

विध्यर्थ कृदंत

"न म्लेच्छितवै नापभाषितवै." पालिमां 'तव्य'ने बदले 'तब्ब' के 'तब्ब' 'तय्य' वा 'तेय्य' अने प्राकृतमां 'तव्व' के 'अव्व' पदनो व्यवहार छे : भवितव्वं,; मातव्वं, ञातय्यं के ञातेय्यं (पालि) भवितव्वं, भासिअव्वं, सुणेअव्वं (प्राकृत) त्यारे जगती गुजरातीमां 'तव्य'ने बदले 'इएव्वउं' 'एव्वउं' अने 'एवा' पदो आवे छे. प्रस्तुत 'सोएवा' अने 'जगेवा'मां 'सो+एवा,' जग+एवा' एवो पदविभाग छे. 'स्वप्–सूवुं' धातुने स्थाने प्राकृतमां 'सोव्–सो' धातु पण आवे छे अने तेने 'एवा' लागतां 'सोएवा' रूप बने छे. 'सोएवा' एटले सूवानुं अने 'जगेवा' एटले जागवानुं.

प्राकृतमां 'तव्य' प्रत्यय लागतां पहेलां धातुने छेडे रहेला अंत्य 'अ' ना 'इ' अने 'ए' थाय छे–[८–३–१५७ हे०]. हसिअव्व, हसेअव्व (हसितव्य) ए प्रयोग जोतां तेमांना 'इअव्व, एअव्व' अंशनी साथे उक्त 'इएव्वउं', 'एव्वउं' अने 'एवा' बराबर मळता आवे छे.

आपणी भाषामां पूछवुं (प्रष्टव्य), देखवुं (द्रष्टव्य), जाणवुं (ज्ञातव्य), बोलवुं (वक्तव्य), जवुं (यातव्य), आववुं (आपतितव्य-आगन्तव्य), करवुं (कर्तव्य) वगेरे पदो कृदंतरूप छे अने तेमां जे अंतिम 'अवुं' छे तेनुं मूळ उक्त (तव्य) छे. तेम ज लेवुं (लातव्य), देवुं (दातव्य), सहेवुं (सोढव्य–सहेव्वउं) वगेरेमां जे अंतिम 'एवुं' अंश छे तेनुं मूळ पण उक्त 'तव्य' छे. 'सहेव्वउं' रूप हेमचंद्रना ७२ मा पद्यमां आवेलुं पण छे.

वळी, आपणी चालु भाषामां करवानुं, भणवानुं, हसवानुं, बोलवानी वात, खावानो मोदक वगेरे विशेषणरूप विध्यर्थ कृदंतोनो पण व्यवहार प्रचलित छे. ए पदोमां रहेला छेल्ला अवानुं (भण्+अवानुं), अवानी (बोल्+अवानी) अने अवानो (खा+अवानो) अंशनी उपपत्ति विशे बे युक्तिओ सूझे छे: ए 'अवानुं' वगेरे विध्यर्थी प्रत्ययो छे. आगळ कह्या प्रमाणे 'तव्य' प्रत्यय विध्यर्थनो सूचक छे. 'तव्य' नी पेठे बीजो एक 'अनीय' (करणीय) प्रत्यय पण विध्यर्थनो दर्शक छे एटले 'तव्य' अने 'अनीय' बन्ने समानार्थक छे. जुनी भाषाओमां केटलांक पदो बेवडा प्रत्ययो ले छे ए हकीकत आगळ आवी गई छे. ए जोतां तव्य+अनीय—तव्यानीय—तव्वानीय—अव्वानीय. ('तव्य' नुं 'अव्व' उच्चारण 'भासिअव्वं' वगेरे पदोमां सुप्रसिद्ध छे) आ बेवडा प्रत्ययरूप 'अव्वानीय' पद साथे उक्त 'अवानुं,' 'अवानी' अने 'अवानो' अंशनी सरखामणी थई शके एम छे. एमां शब्दपरिवर्तननी अने अर्थनी दृष्टिए पण कोई दोष जणातो नथी. फक्त आवो कोई संवाद शोधवो जोईए.

'करवानुं' नी व्युत्पत्ति

अथवा उक्त 'अवान' नो 'अवा' अंश 'तव्य' नुं परिवर्तन छे अने 'न' अंश संबंधदर्शक 'तण' नुं रूपांतर छे एम पण सरखामणीनी दृष्टिए कही शकाय: करवातणुं—करवाअणुं—करवानुं.

प्रधानपणे विध्यर्थनी सरखामणी करतां उक्त रूपोनी सिद्धिने सारु मने तो प्रथम युक्ति विशेष संगत लागे छे.

११६ जे कृदंतो ऊपर जणाव्यां छे ते सिवाय बीजां कृदंतो उक्त कृतिओमां वपरायां नथी एथी कृदंतनुं विवेचन पूरुं करी हवे सर्वनामोनी चर्चा करुं छुं:

बारमा सैकानां सर्वनामो

अभयदेव–(द्वि०) तइ, (प०) तुह, (प०) मह, (प्र०) तुह, (प०) जसु, (प्र०) सो, (प०) कासु, (तृ०) अम्हेहि, (तृ०) पइ, (प्र०) तुहु, तुहुँ, (प्र०) हउँ, (प्र०) कि, के, (द्वि०) मइ, (तृ०) केण, तइ, (प्र०) अहमेव, (स्त्री० प्र०) कि, (तृ०) अन्निण, (प्र०) सु, (प्र०) तुम्ह, एउ, एउं, (प्र०) अन्नु, एह, महारिय.

२ वादिदेवसूरि—जिणि, सो, जो, कोइ, ते, जेतणा, को, जेहि, जेहिं, तुह.

३ हेमचंद्र—एइ, एह, एइ, जो, ते, तसु, तें (तेन), जु, तुह, महु, विहुं, मइं, तुहुं, के, जे, बिन्नि, जेण, जसुकेरए, हउं, तउकेहिं, अन्नहिंसि, अन्नइं, काइं, तहो, तुहारेण, अम्हाहिं, अवरु, (प०) एहु, ताहं, सा, को, पइं, कासु, दोण्णि, एह (स्त्री०) एहो, एहु (नान्यत०), जं, तं, सु, तुज्झु, मज्झु, कवणेण, आयइं, (इमानि), आयहो (अस्य), विहिं, महु, तइं, ताए, स, अन्नें, तुहुं, तुम्हेहिं, अम्हेहिं, अम्हे, कस्सु, कवणहिं, कवणु, तहारी, अन्नु, कुइ, तहु, तुह, जसु, स, तोरी, कवण, (स्त्री०) ताहं.

आ बधां सर्वनामोनी विभक्तिओ विशे जे कहेवानुं छे ते आगळ आवी गयुं छे. अहीं तो एमांनां अमुक विशे कहेवानुं छे.

उक्त पद्योमां गुजरातीना प्रचलित 'तुं' माटे 'तुहुं' 'तुहुँ' के, 'तुहु' पद वपरायेलुं छे. हेमचंद्रे 'तुहुं' आपेलुं छे. वैदिकमां त्वम्, पालिमां त्वं अने तुवं, प्राकृतमां तुं, तुवं, तुह अने तुमं पदो वपराय छे.

'तुं' ना बहुवचन माटे 'तमे' अने ते सारु हेमचंद्र 'तुम्हे' अने 'तुम्हइं' रूपो आपे छे. वैदिकमां युष्मे, पालिमां तुम्हे अने प्राकृतमां तुब्भे, तुज्झे, तुम्हे, तुम्हे अने उम्हे रूपो वपरायेलां छे.

वळी, आपणी चालु भाषामां करवानुं, भणवानुं, हसवानुं, बोलवानी वात, खावानो मोदक वगेरे विशेषणरूप विध्यर्थ कृदंतोनो पण व्यवहार प्रचलित छे. ए पदोमां रहेला छेल्ला अवानुं (भण्+अवानुं), अवानी (बोल्+अवानी) अने अवानो (खा+अवानो) अंशनी उपपत्ति विशे बे युक्तिओ सूझे छे: ए 'अवानुं' वगेरे विध्यर्थ प्रत्ययो छे. आगळ कह्या प्रमाणे 'तव्य' प्रत्यय विध्यर्थनो सूचक छे. 'तव्य' नी पेठे बीजो एक 'अनीय' (करणीय) प्रत्यय पण विध्यर्थनो दर्शक छे एटले 'तव्य' अने 'अनीय' बन्ने समानार्थक छे. जुनी भाषाओमां केटलांक पदो बेवडा प्रत्ययो ले छे ए हकीकत आगळ आवी गई छे. ए जोतां तव्य+अनीय--तव्यानीय--तव्वानीय--अव्वानीय. ('तव्व' नुं 'अव्व' उच्चारण 'भासिअव्वं' वगेरे पदोमां सुप्रसिद्ध छे) आ बेवडा प्रत्ययरूप 'अव्वानीय' पद साथे उक्त 'अवानुं,' 'अवानी' अने 'अवानो' अंशनी सरखामणी थई शके एम छे. एमां शब्दपरिवर्तननी अने अर्थनी दृष्टिए पण कोई दोष जणातो नथी. फक्त आवो कोई संवाद शोधवो जोईए.

'करवानुं' नी व्युत्पत्ति

अथवा उक्त 'अवान' नो 'अवा' अंश 'तव्य' नुं परिवर्तन छे अने 'न' अंश संबंधदर्शक 'तण' नुं रूपांतर छे एम पण सरखामणीनी दृष्टिए कही शकाय: करवातणुं--करवाअणुं--करवानुं.

प्रधानपणे विध्यर्थनी सरखामणी करतां उक्त रूपोनी सिद्धिने सारु मने तो प्रथम युक्ति विशेष संगत लागे छे.

११६ जे कृदंतो ऊपर जणाव्यां छे ते सिवाय बीजां कृदंतो उक्त कृतिओमां वपरायां नथी एथी कृदंतनुं विवेचन पूरुं करी हवे सर्वनामोनी चर्चा करुं छुं:

बारमा सैकानां सर्वनामो

अभयदेव—(द्वि०) तइं, (ष०) तुह, (ष०) मह, (प्र०) तुहं, (ष०) जसु, (प्र०) सो, (ष०) कासु, (तृ०) अम्हेहिं, (तृ०) पइं, (प्र०) तुहुं, हउं, (प्र०) हउं, (प्र०) कि, कं, (द्वि०) मइं, (तृ०) केण, तइं, (प्र०) अम्हे, (स्त्री० प्र०) कि, (तृ०) अन्निण, (प्र०) तु, (प्र०) तुम्ह, एहु, एउं, (प्र०) अन्नु, एय, मन्निय.

२ वादिदेवसूरि—जिणि, सो, जो, केइ, तं, अन्नगा, ये, केहि, जेहिं, तुह.

३ हेमचंद्र—एउ, एहु, एह, जो, ते, जासु, तं (तेन), जु, तुह, मइ, जिहं, मइं, तुहं, कं, से, जिनि, जेण, जसु केरए, हउं, तउकेरहिं, अम्हहिंसि, अन्नइं, कहिं, तहो, तुम्हारेण, अम्हाहिं, अवर, (ष०) एहु, ताहं, सा, को, पइं, कासु, दोण्णि, एह (स्त्री०) एहो, एहु (नान्यत०), जं, तं, सु, तुज्झु, मज्झु, कवणेण, आयइं, (इमानि), आयहो (अस्य), जिहिं, मइं, तइं, ताए, स, अम्हे, तुहुं, तुम्हेहिं, अम्हेहिं, अम्हइं, कासु, कवणहिं, कवणु, तुम्हारी, अम्हु, मुहु, ताहं, तुह, जासु, स, तोरी, कवण, (स्त्री०) ताहं.

आ बधां सर्वनामोनी विभक्तिओ विशे जे कहेवानुं छे ते आगळ आवी गयुं छे. अहीं तो एमनां अमुक विशे कहेवानुं छे.

उक्त पद्योमां गुजरातीना प्रचलित 'तुं' माटे 'तुहुं' 'तुहुं' के, 'तुहु' पद वपरायेलुं छे. हेमचंद्रे 'तुहुं' आपेलुं छे. वैदिकमां त्वम्, पालिमां त्वं अने तुवं, प्राकृतमां तं, तुवं, तुह अने तुमं पदो वपराय छे.

'तुं' ना बहुवचन माटे 'तमे' अने ते साथ हेमचंद्र 'तुम्हे' अने 'तुम्हइं' रूपो आपे छे. वैदिकमां युष्मे, पालिमां तुम्हे अने प्राकृतमां तुब्भे, तुज्झे, तुम्हे, तुम्हे अने उम्हे रूपो वपरायेलां छे.

त्रीजीना एकवचनमां वैदिक—त्वया, पालि—त्वया के तया, प्राकृत—ते, तइ, तए, तुमे, मे वगेरे रूपो थाय छे. ऊगती गुजरातीमां 'पइं' अने 'तइं' रूपो हेमचंद्रे आपेलां छे. प्रस्तुत पद्योमां त्रीजीना एकवचनमां तइ, तइं, पइ, पइं, रूपो वपरायेलां छे. चालु गुजरातीमां 'तें' रूप प्रचलित छे. हेमचंद्रे आपेला 'पइं' अने 'तइं' नुं मूळ वैदिक 'त्वया' मां छे. 'त्वया' ऊपरथी 'तइं' तो सरळ रीते आवी शके छे.

भाववाचक वैदिक 'त्वन' प्रत्ययनुं 'प्पण' रूपांतर हेमचंद्रे आपेलुं छे. ए जोतां अने वाग्व्यापारनी दृष्टिए जोतां पण 'आत्मा'ना 'अप्पा'नी पेठे 'त्व'नो 'प्प' थवो स्वाभाविक छे. आ रीते वैदिक 'त्वया'ना 'त्व'नो 'प' ऊपजे अने ते द्वारा ऊगती गुजरातीना 'पइं' रूपनी निष्पत्ति थाय. प्राकृत 'मे' रूपनी साथे पण प्रस्तुत 'पइं'नी सरखामणी करी शकाय.

षष्ठी विभक्तिमां तुह, तुज्झ, तहारी अने तोरी ए पदो उक्त पद्योमां वपरायेलां छे. वैदिक—तव, पालि—तव, तुव्ह अने तुम्ह, प्राकृत—तव, तुह तुब्भ—उब्भ, तइ, वगेरे अनेक रूपो वपराय छे. अपभ्रंशमां एने माटे तउ, तुज्झ अने तुध्र रूपो कहेलां छे. 'तुज्झ'नुं मूळ पालि 'तुव्ह'मां जणाय छे. 'तुह' पण एमांथी आवेलुं होय. 'तहारी' अने 'तोरी' पदो तद्धितांत छे. हेमचंद्र कहे छे के युष्मद्, अस्मद् वगेरे शब्दोने संबंध—सूचक 'आर' प्रत्यय लागे छे. [८–४–४३४ हे०] तुह + आर= तुहार. स्त्रीलिंगी तुहारी, ते ऊपरथी तहारी. भाषामां 'तारी'के 'त्हारी' रूप प्रचलित छे. 'तोरी' नुं मूळ पण ए 'तुहारी' छे. कवितामां 'तारुं' अर्थमां 'तोरी' अने 'मारुं' अर्थमां 'मोरी' पदो वपरायेलां छे: मोरी अरजी, तोरी कृपा. 'तुहार'नी पेठे 'महार' 'महारी' वगेरे पदो पण समझवानां छे. अभयदेवनी कवितामां 'महारिय' पद ए ज अर्थमां

आवेलुं छे. भाषामां 'मारुं' के 'म्हारुं' बन्ने प्रवर्ते छे. पद्यमां वपरायेला 'तुहारेण' नी पण ए ज उपपत्ति छे. 'तुहार' ऊपरथी तृतीयामां 'तुहारेण'.

'अमे' ने बदले पद्यमां 'अम्हे' वपरायुं छे. वैदिक 'अस्मे,' पालि 'अम्हे' अने प्राकृत 'अम्हे' छे. अपभ्रंशमां हेमचंद्रे 'अम्हे' अने 'अम्हइं' आपेलां छे. एकवचनमां 'हउं' के 'हउँ' पद वपरायेलुं छे. चालु भाषामां 'हुं' छे, वैदिक अहम्, पालि अहं, प्राकृत हं, अहं, के अहयं वगेरे छे. ऊगती गुजरातीमां हेमचंद्र 'हउं' आपे छे. ते 'हउं' अने पद्योमां वपरायेलां 'हउं' वगेरे तद्दन मळतां छे.

पद्योमां (स्त्री०) एह, एइ, (पुं०) एहो, (न०) एहु पदो भाषाना 'ए' अर्थमां वपरायेलां छे. उक्त कवितामां त्रणे लिंगमां जुदां जुदां रूपो मूकेलां छे. त्यारे भाषामां 'ए' शब्द त्रणे लिंगमां सरखो छे. वैदिक 'एतद्', पालि 'एत', प्राकृत 'एअ' अने भाषामां ए. भाषामां 'एणी' रूप पण प्रचलित छे, ते वैदिक 'एन' नुं स्त्रीलिंगी छे.

'आयइं' रूप 'आ' अर्थमां वपरायुं छे. हेमचंद्र 'इदम्' ने बदले 'आय' नी भलामण करे छे. भाषानुं 'आ' ते उक्त 'आय' मांथी आव्युं छे अने भाषानुं 'इ' वैदिक 'इ' ऊपरथी आव्युं छे, ते आगळ कही दीधुं छे. पृ० ७३ [४९].

उक्त कविताओमां कवण, काइं उपरांत नरजाति अने नारीजातिनां कि, के, कुइ, कुवि, कोइ वगेरे रूपो आवेलां छे. वै० कश्चित्, पालि कोचि, प्रा० कोइ अने भाषामां पण कोइ. भाषामां वपरातुं 'कांइ' हेमचंद्रे बतावेला 'काइं' मांथी थोडा फेरफार साथे आवेलुं छे. 'कवँण' शब्दनुं मूळ अज्ञात छे, पण

'कवण' विशे निरुक्तकार

२९० जुओ टिप्पण २३२.

'कः' नुं निरुक्त करतां यास्काचार्य 'कमनः वा क्रमणः' शब्दनो निर्देश करे छे, ए ऊपरथी माळ्म पडे छे के 'कमन' के 'क्रमण' शब्दनो निर्देश करनार यास्कनी सामे 'कवण' शब्दनी हयाती होय. 'कवण'–'कमन' के 'क्रमण' मां विशेष फेर नथी. यास्काचार्य लखे छे के–"कः कमनो वा क्रमणो वा सुखो वा" [पृ० ७३८].

उक्त पद्योमां 'ते' ना अर्थ माटे 'सो', 'सु', 'सा' के 'तं' पद वपरायां छे. वैदिकादि भाषाओमां 'ते'नां रूपो लिंगप्रमाणे जुदां जुदां थाय छे. आ पद्योमां पण तेनो ए रीते व्यवहार थयेलो छे, त्यारे भाषामां तो त्रणे लिंगमां प्रथमाना एकवचनमां 'ते' पद ज वपराय छे, एटलुं ज नहि पण बधी विभक्तिओमां 'ते' रूप ज मूळ अंग तरीके वपराय छे. भाषामां 'ते'नी आवी वपराश क्यारथी शरू थई ए बाबत हवे पछीनां अवतरणो द्वारा जणाववानी छे.

'जे' ना अर्थ माटे पण उक्त पद्योमां 'ते' माटे जणावेली रीते 'ज' शब्द वपरायेलो छे. त्यारे भाषामां तो त्रणे जातिमां 'जे' वपराय छे अने सर्व विभक्तिओमां पण 'जे' अंग चाले छे. 'जसु केरए' मां 'जसु' छट्ठी विभक्तिवाळुं रूप छे अने तेने संबंधसूचक 'केर' प्रत्यय लागेलो छे. [८–२–१४७] मा सूत्रमां हेमचंद्र, संबंधदर्शक 'केर' प्रत्ययनी नोंध करे छे. संस्कृत 'कीय' अने आ 'केर' वच्चे साम्य होय एवुं माळ्म पडे छे.

तउकेहिं–तारा माटे, अन्नहिंरेसि–अन्यने माटे. (पृ० २४६–२४७)

भाषामां वपरातां (स्त्री०) जेणी, केणी अने तेणी उक्त 'एणी' ना अनुकरण ऊपरथी आव्यां लागे छे.

'बिन्नि' नो भाषाप्रचलित प्रयोग 'बन्ने' छे. 'दोण्णि' अने 'बिन्नि' बन्ने समानार्थक पदो छे. अहींनुं 'बिहुं' रूप षष्ठीनुं सूचक छे. भाषामां

उपरांत षष्ठीदर्शक 'वेउनुं' रूपनुं मूळ ए 'बिहुं' मां छे. भाषामां ते रूपने वेवडो प्रत्यय लागेलो छे.

११७ विशेषणो अने अव्ययो बाबत खास लखवा जेवुं हशे त्यां जणावीश, पण तेनी यादी तो आपी दउं छुं:

बारमा सैकानां विशेषणो अने अव्ययो

विशेषण	अव्यय
३ हेमचंद्र—	अभयदेव—
रवण्ण—रमण—सुंदर.	झत्ति—झटिति—झट
जुअंजुअ—युत (?) जुदीजुदी	इअ—इति—ए प्रमाणे
	लहु—लघु—लोकर—शीघ्र
विशेषणो बाबत खास कांई लखवा जेवुं नथी; एथी वधारे विशेषणोनी नोंध करी नथी. विकारी अने अविकारी विशेषणोनी रीत विशे आगळ कहेवाई गयुं छे. हेमचंद्र पोताना प्रथमां 'जुदुंजुदुं' अर्थ माटे 'जुअंजुअ' निपातने नोंधे छे– (८–४—४२२)	वि—अपि—वी, पण य, च—अने तह—तथा—तथा किं—कांइ मा—मा—मा—न इ—चोक्स पुण—पुनः—वळी
अनेकार्थसंग्रह कोशमां तेमणे "युतः अन्विते पृथक्"–(कां० २ श्लो० १८६) कहीने 'युत' शब्दने 'पृथक्' अर्थमां बताव्यो छे. 'युतं-	निद—नकी जइ—यदि—जो अहह—अहाहा कह—कथं—केवी रीते

युतं' नुं प्राकृत उच्चारण 'जुअंजुअं' थई शके एम छे. हेमचंद्रनो कोश जोतां ते 'जुअंजुअ' शब्द 'युत' ऊपरथी आव्यो होय एम लागे छे. परंतु फारसी शब्दकोशमां 'जुदा' शब्दने फारसी तरीके नोंधेलो छे. एटले उक्त 'जुअंजुअ' शब्द फारसी 'जुदा' साथे संबंध राखे छे के उक्त 'युत' साथे? हेमचंद्रनी कृतिरूप 'अभिधानचिंतामणि'मां 'पृथक्' अर्थ माटे 'युत' शब्द नथी, तेम अमरकोशमां पण नथी, एथी संदेह थाय छे के 'जुअंजुअ' शब्द 'जुदाजुदा' फारसी शब्दनुं अनुकरण न होय? अभयदेवनी कृतिमां 'लल्लि' शब्द वपरायो छे ते देश्य छे. ("ल्लं सस्पृहम्"—देशी० वर्ग ७ गा० २६. भाषामां 'लल्लोचप्पो—भावापु') अने तेनो अर्थ 'खुशामत' थाय छे. अव्ययोनी नोंध करतां तेमां साथे साथे संस्कृत अने गुजराती

अव्यय

जि— { हि[२९१] / च } —ज—(निश्चय)

एम—एवम्—एम

२ देवसूरि—

जिम / जिम्व / जिंव / जिव } —जेम

नावइ—उपमादर्शक

इहुं—इह—अहीं

तिम, तेवँइ, तिंव—तेम

ता—तावत्—त्यां सुधी

जा—यावत्—ज्यां सुधी

एत्थु—अत्र—अहीं

जहिं—जहीं—जइं—ज्यां

तहिं—तहीं—तइं—त्यां

किं—शुं

२ हेमचंद्र—

एत्थु—अत्र—अहीं

तोवि—तोय

२९१ जुओ टिप्पण २१९ मुं. 'च'नो पण 'निश्चय' अर्थ थाय छे एथी 'च'नी साथे पण प्रस्तुत 'जि'ने अने भाषाना 'ज'ने सरखावी शकाय.

पर्यायो मूक्या छे. 'अइभन' (आश्चर्य) वगेरे केटलांक अव्ययो देश्य छे. एमनां मूळनी माहिती मळी शकी नथी. 'किम्'नुं अवेस्तामां 'चीम्' उच्चारण थाय छे ते विशे विचारणीय जेवुं छे. चीम्[२९२]–(खोरदेह–अवेस्ता–पृ० ८२) चीम्[५९]–(ते ज पुस्तक पृ० १३६) अहीं 'चीम्' उच्चारण नोंधीने 'शुं' नी व्युत्प-

अव्यय

पुणु–पुनः–वळी
जइ–जो
विणु–विना–वना
पच्छइ, पच्छि–पश्चात्–पछी
अह–अथ–जो
एम्व–एवम्–एम
म–मा–म
जाम–यावत्–ज्यां सुधी
पर–परम्–पण

---

२९२ 'शुं' ना मूळ माटे विद्वानोए 'कीदृशकम्–कीइसअं–कीइसउं–कीशुं' पदने आधाररूपे कल्पेलुं छे. परंतु अवेस्तामां 'शुं' अर्थे ज 'चीम्' पद वपरायेलुं छे ए जोतां 'शुं' नी व्युत्पत्ति माटे विशेष गवेषणा करवी जोईए एम मने लागे छे.

वळी, 'शुं' नी पेठे 'कशुं' ना मूळ माटे पण साक्षरोमां ऊपरनी कल्पना प्रवर्ते छे त्यारे 'कशुं' अर्थमां वपरायेलो एक 'किस' शब्द सूत्रकृतांगसूत्र १ श्रु० १ अ० नी प्रथम गाथामां मळे छेः 'परिगिज्झ किसामवि' अर्थात् (किसां–कशुं, अवि–पण, परिगिज्झ–परिग्रहरूपे राखीने बंध तूटतो नथी) ए, ए वाक्यनो भाव छे. मने लागे छे के 'किम्' नी पेठे कोई बीजो एक 'किस' शब्द 'कशा' ना अर्थमां पहेलां वपरातो हतो, ए हकीकत गाथामां वपरायेलुं 'किस' पद सूचवे छे अने वर्तमान आपणुं 'कशुं' अने उक्त 'किस' ए बन्ने वच्चे शब्द तथा अर्थनी दृष्टिए साम्य पण घणुं छे. गाथामां वपरायेला 'किस' शब्दनुं मूळ मने जड्युं नथी परंतु टीकाकार शीलांक तेने माटे सं० 'कृश' शब्द वापरे छे.

वळी, ७० मा टिप्पणमां बतावेलो सुत्तनिपातनी गाथाओमां 'किंसु' शब्द प्रश्न अर्थमां वपरायेलो छे. "किंसु सुचिण्णं"–क्युं सुचीर्ण? "किंसु सादुतरं"–क्युं स्वादिष्ठ? वगेरे. ए 'किंसु' (सं० किंस्वित्) शब्द साथे पण प्रस्तुत 'कशुं' नी सरखामणी थई शके एम छे. गुजरातमां केटलाक लोको 'च्यम् छे' एम बोले छे. ए 'च्यम' अने अवेस्तानुं 'चीम्' लगभग समान छे ए ध्यानमां राखवा जेवुं छे.

त्तिमां ए ' चीम् ' उच्चारण उपयोगी छे के केम ? ए विचारवा विद्वानोनुं ध्यान खेंचुं छुं.

११८ 'आवइ' क्रियापद 'आपतति' ऊपरथी लाववुं सरळ पडे एम छे. ' आवइ ' ना मूळमां ' आयाति ' नी कल्पना दूर पडे छे अने ' आगच्छति ' तो तेथी पण विशेष दूर जाय छे. माटे ' आपतति ' पद विशेष संगत छे. ए माटे आगळ (पृ० २९२ कंडिका ११२) ' आव्यो ' ना लखाणमां लखी गयो छुं. अथवा ' गति ' अर्थ माटे संस्कृतमां हेमचंद्रे ' अम् ' अने ' अव् ' एम बे धातुओ आप्या छे. ' अम् ' धातु तो मात्र 'गति'ने सूचवे छे त्यारे ' अव् ' ना ' गति ' ऊपरांत बीजा पण अनेक अर्थो छे. आ + अमति—आमति अथवा आ + अवति—आवति ऊपरथी पण ' आवइ ' पद आवी शके छे अने ए रीते बनेला ' आव् ' नुं भूतकृदंत ' आविअ ' थाय अने ते द्वारा उक्त ' आव्यो ' रूप नीपजी शके.

अव्यय

उअ—उत—ओ—पश्य
केम—कथम्—केम
छुडु—जो, शीघ्र
किध—कथम्—केम
सइं—स्वयम्—स्व—पोते
जि[२९३]—हि—ज—नक्की
एत्तहे—आ तरफ
नाहिं—नहि—नहीं
कहिं—कहीं—कइं—क्यां
केम्वइ, किंव—केम
जेत्थु—यत्र—ज्यां
अइभन—आश्चर्य
अवसें—अवश्यम्—अवश्य
तेत्तहे—ते तरफ
जणि—जाण्ये
चिअ—चैव—नक्की
अज्ज—अद्य—आज
ओ—ओ
णं—इवार्थे
जणु—इवार्थे—जाण्ये
कइअहिं—कयें—क्यारे
पच्चलिउ—प्रत्युत—उलटुं

२९३ जुओ टिप्पण २९१.

११९ हेमचंद्र 'ले छे' अर्थमां 'लेइ' क्रियापद वापरे छे. उक्त 'लेइ'नी निष्पत्ति माटे केटलाक विद्वानो 'नी' धातुने अने केटलाक 'लभ्–लह्' धातुने कल्पे छे. मारा विचार मुजव बीजा गणना 'ग्रहण' अर्थवाळा 'ला' धातुमांथी आ 'लेइ' लाववुं वधु सुगम छे. जेम 'दा' नुं 'देइ' अने 'धा' नुं 'धेइ' रूप नीपजे छे तेम शब्दविषयक के अर्थविषयक कशी क्लिष्ट कल्पना कर्या विना 'ला' उपरथी 'लेइ' आवी जाय छे. क्रियारत्नसमुच्चयमां गुणरत्नसूरिए 'लिअइ' क्रियानो प्रतिशब्द 'लाति' आप्यो छे. 'लीजइ' क्रियानो प्रतिशब्द 'लायते' जणाव्यो छे, अने 'लइ' ('ले') नी छाया 'लातु' मूकी छे.

'ले'नी व्युत्पत्ति

अत्यार सुधीमां में मात्र बारमा सैकानी त्रणे कृतिओमां आवतां नामो, क्रियापदो, विभक्तिओ, अव्ययो, विशेषणो वगेरे विशे विचार कर्यो अने ते संबंधे व्युत्पत्ति विषयक विवेचन पण कर्युं.

हवे पछीना सैकाओनी कृतिओना उतारामां जे नामो वगेरे आवशे ते बाबत विशेष लखवानुं न रहे ए उद्देशथी अहीं में आटलुं लांबुं लखी नाख्युं छे.

हेमचंद्रे जे ऊगती गुजरातीनुं व्याकरण लख्युं छे तेना नियमो साथे उक्त त्रणे कृतिओना प्रयोगोने सरखावतां साधारण उच्चारणभेद सिवाय बीजो एवो खास कोई विशेष भेद जणायो नथी. अने साधारण पण जे भेद जणायो छे ते, ते ते स्थळे आगळ कहेवाई गयो छे.

१२० हवे तेरमा अने त्यार पछी अनुक्रमे अढारमा सैकासुधीना प्रयोगोनी व्याकरण अने व्युत्पत्तिनी दृष्टिए मीमांसा करुं ए प्रसंग प्राप्त छे.

तेरमा सैकाना शब्दो

(१) सोमप्रभ—

अप्पिउ—आप्युं
सव्वडि—सघड
संचरंत—संचरतुं
गहिर—घेरुं
मोरंति—मोरे छे—मोडे छे—मरडे छे
पसन्निअ—प्रसन्न
संझाइ—सांजे
आणेवि—आणी
जोवइ } —जुए छे
जोअइ }
घरवत्त—घरवात
पक्खर—पाखर
करिसइ—करशे
जोआवइ—जोवावे छे—जोवरावे छे
गउ—गयो
करहि—करे
महारउ—मारुं
खंडि—खंडे
ढंकिय—ढांक्युं
जगडइ—जगडे छे
बारु—बार—बारणुं—द्वारप्रवेश
दीणार—दीनार (फारसी)
संवर—सावर
जंत—जंत्र
उच्छलिवि—ऊछळीने
करउं—करुं
खाईसु—खाईश
लिप्पिहिसि—लेपाईश
खद्धु—खाधुं
तक्खणि—टांकणे—वखत सर
हक्कारेवि—हाकरी—साकरी—बोलावी
जल्लुअ—जळो
सहुं—सउं—साथे
कन्नडिइं—कोडीए
पिअइ—पीए छे
कूवि—कूवे
तुट्टइ—तुट्ये—त्रुट्ये

(२) धर्मसूरि–जंबूचरिय—

नमेवि–नमी

चउवीसइ–चोवीशे

–सामिहिं तणउं–स्वामितणुं–स्वामीनुं

रयं–रचुं

वखाणउं–वखाणुं

जु–जे

पूछीइ–पूछाय छे

नारिहि तणइ–नारीतणे

बापह तणइ–बापने

चवेसिइ–चवशे

होसइ } होशे–थशे
होसिइ

ऊठिउ–ऊठ्यो

नाचेई–नाचे छे

आविउ–आव्यो

सुमिण–सोणुं–स्वप्न

माइउ–मायो

जायउ–जायो–थयो

वद्धइ–वाधे–वधे

अठवरीसउ–आठ वरसनो

हूउ–हूयो–थयो

गुरुपासि–गुरुपासे

तासु तणइ–तस तणे–तेने

पहुत्तओ } पहोत्यो
पहुतु
पहूतु

चालिउ–चाल्यो

वंदणह–वांदवा माटे

वंदिउ–वांदी

सेणीयं–श्रेणिके–श्रेणिकवडे

देजिउं–देजो

तम्हि–तमे

अम्हिं–अमे

इसउं–इस्युं–एवुं

करेशउं–करशुं

परणी–परणी–परणीने

नीछइ–निश्चे

लेसिउं–लेशुं

परिणेवउ–परणवुं

मन्नीउ–मान्युं

आठइ–आठे

एकवार–एकवार

परिणीय–परणी

घरि–घरे

आवीउ–आव्यो

माइबप्प—माबाप
किम किम—केम केम
मेल्हेसिउ—मेलशो—छोडशो
हणीजइ—हणीजे—हणाय
इण परि—एणि पेरे
तिणि—तेणे
सुह तणी—सुखतणी—सुखनी
हूं—हुं
छांडेसिउ—छांडीशो—छांडशो
करेसिउ—करशो
हउं—हुं
रूयडउं—रूडुं
हत्थि—हाथी
काग—काग—कागडो
निवडउं—निवडुं—पडुं
चींति—चित्तमां
धरेसिउं—धरशो
छंडेसिउं—छांडशो
तृस—त्रश—तरश
छीपइ—छीपे
करेशउ—करशो
उत्तर पडउत्तर—उत्तर पडुत्तर

भइंसु—भेंसो—पाडो
हुउ—हूओ—थयो
पुत्रजन्मि—पुत्रजन्मे
इशउं—ईशुं—एवुं
करेशउं—करशुं
नेमिहिंसिउ—नेमिशुं—नेमि साथे
वूझवीय—वूझवी
बेउ—बेउ—बन्ने
सिउं—शुं—साथे
लेसिउं—लेशुं
मोकलावण—मोकलवा
चालीय—चाल्या
भुइं—भों
ध्रसकइ—ध्रसके—त्रसके—बीए
बोलावीउ—बोलाव्यो
भेटावि—भेटाव
अम्हि—हुं
अछउं—छुं
पुत्त तणउ विझराय—विन्ध्यराय तणो पुत्र
मेल्हावीउ—मेळाव्यो—मेळवाव्यो—मेळाप कराव्यो
द्रिठि—दृष्टि
आवतउ—आवतो

बीजी—बीजी
सुक्क—सूकुं

जाणीइ—जाणीये
चोरतु—चोरतो
जणणी जाइउ—जननी जायो
कोइ—कोइ
नयणे—नयणे
छूटं—छूट्युं
खमि—खम—क्षमा कर
अम्हे—अमें (तृ०)
संतावीया—संताप्या, सताव्या
कोणी—कोणिक
पनुती—पनोती
माइ—माई—मा
जिणि—जेणे
जाईउ—जायो—पेदा थयो
मोकलावी—मोकलावी
लेइशउं—लेशुं
वइराग—वइराग—वैराग्य
अम्ह—अमने अथवा अमे
बोलीइ—बोलीए
मेल्ही—मेली—छोडी
अट्ठइ—आठे

साचउ—साचो
भडिवाउ—भटवाद—'हुं भट—शूर—छुं' एवुं बोलवुं
नवाणवइ—नवाणुं—नव्वाणुं
हुउं—हूयुं—थयुं
इणि—एणे
दीठउ—दीठो
मेल्हतउ—मेलतो—छोडतो
तम्हे—तमे
भलइं—भले
अछजिउ—अछजो—छो—रहेजो
झूझ—झूझ—युद्ध
झूझसिउं—झूझीश
वहूयर—वहूवारु
माइबप्पो—माबाप
कहइं—कहे
घरहूंतु—घरेथी
नीसरइ—नीसरे
चालीउ—चाल्यो
—साथ—साथ
भाद्रवए—भादरवे
कसकेरी—कोनी
परिहरए—परिहरे
अनइ—अन्य—अने

वहूत–वहुत–घणा	चिंतउ–चिंतो–चिंतवो
लेवा–लेवा माटे	जे–जे
चालीउ–चाल्यो	छासटए–छासठे
पासि–पासे	विजाएवि–विद्यादेवी
गयउ–गयो	अइसारीउ–बेसार्यो–बेसाड्यो
अंगमइ–आंगमे	पाटि–पाटे
हूउं–हूयुं–थयुं	गणइं–गणे
पाल्तां–पाल्तां	पामिसिइं–पामशे
पाछिल्उं–पाछ्लो–छेल्लो	धामीउ–धॉमी–धार्मिक
प्रभवउ–प्रभवो (नाम)	रातिदिवसि–रातदिवस
पढइं–पढे	नीपनूं–नीपन्युं–नीपज्युं
संभलइं–सांभळे	सोल्ह–सोळ
भणइ–भणे–कहे	पणासउ–प्रनाशो–नाश करो

तेरमा सैकाना विजयसेनसूरिना (२) विजयसेनसूरि—रेवंतगिरिरास शब्दो

पणमेवि–प्रणमी	दंसणु–दर्शन माटे
भणिसु–भणिशुं	देसदेसंतरु–देशदेशांतरनो, देश-देशांतरथी
रेवंतगिरे–रेवंतगिरिनो	आवइ–आवे छे
रासु–रास	पोल्वाड–पोरवाड
सुमरेवि–समरी	गुरजरधर–गुजरातनी भूमि

२९४ वर्तमानमां केटलाक लोको पोतानी ओळखाण 'धामी' शब्दद्वारा आपे छे. मने लागे छे के प्रस्तुत 'धामी' अने ओळखवाचक 'धामी' ए बन्ने शब्दो एक छे.

मणहरु—मनहर
सोरठदेसु—सोरठदेस
बंधवि—बांधवे
सूसू—सुषम—सत्ययुग
दूसममाझि—दुष्षमकाळमांहि
धरिउ—धर्यो
विहु नरपवरे—बन्ने प्रवर नरोए—
उत्तम पुरुषोए
भाउ—भाव
कारिउ—कार्व्युं—कराव्युं
गढ—गढ
मढ—मठ—माढ—मेडी
पव } परब
परव }
घरि—घरे—घर वडे
आरामि—आराम वडे
तहि पुरि—ते पुरमां—नगरमां
संठाविओ—संठव्यो—संस्थाप्यो
सुरठ—सोरठ
भरावीय—भरावी
भाउ—भाई—भाउ
जसि—जस वडे
पाग—पगथियां
ऊडइं—ऊडे
ओहट्टए—ओटे छे—ओट थाय छे—
ओछुं थाय छे

धवलकि—धोळकामां
बिहु—बेउ
वायइ—वाय छे
वाउ—वायु—वा
तक्खणि—टांकणे
तुट्टइ—तूटे
गुंजारव—गुंजारव
कराविउ—कराव्युं
अहिणवुं—नवुं
नियनाउं—निजनाम
चंदरु—चंदर
लिहाविउ—लखाव्युं
पुत्तलिय—पूतळी
कलस—कलश—कळश्यो
मंडपु—मंडप
तोरण—तोरण
रणझणि—रणझण
उद्धरिउ—ऊधर्युं
दालिधु (द्दु ?)—दलदर
गलइ—गळे छे
झलहलइ—झळहळे छे
कसमीर—कास्मीर देश

बंध—बंधु
आविय—आव्या
करंतह—करतां
गलियुं—गळ्युं—गळी गयुं
लेवमु—लेपमय
जलधार—जलधारा
संतविउ—संताप पाम्यो
आविउ—आव्युं
इम—एम
नियमु—नियम
लइउ—लियो—लीधो
पभणइ—पभणे—कहे छे
सद्दाविय—साद पाडीने—['जयजय'नो साद पाडीने]
पच्छलु—पाछळ
जोएसि—जोईश
तुं—तुं
वलंतउ—वळतो
देहलिहि—डेलिए—डेलिमां
पुडि—पडियामां
आरोविउ—आरोप्युं
पच्छलु—पाछळ
वीजइ—वीजे
पणमइं—प्रणमे छे
जोइउ—जोयुं
ठिउ—थयो
मिल्हेवि—मेलीने—मूकीने
किउ—कियो—कर्यो
जइजइकारो—जेजेकारो
थप्पिउ—थाप्यो
पच्छिम—पच्छम—पश्चिम
कप्पिउ—काप्युं
विलेव तणीय—विलेपननी—विलेपन करवानी
वंछ—वांछा
नियदेसि—निजदेशे—पोताना देशमां
पराइय—पाछा फर्या
दीठु—दीठुं
वज्जइ—वाजे छे
नच्चइ—नाचे छे
पेखिवि—पेखी—पेखीने
सोहए—सोहे छे—शोभे छे
दाव्रइ—दावे छे—आपे छे—देवरावे छे
पूरइ—पूरे छे
आरोही—आरोही—चडी
पहिलइ—पहिले—पहेले
गहगणए माहि—ग्रहगणमां
जिम—जेम

पामइं—पामे छे	पव्वयमाहि—पर्वतमांही
ठामि ठामि—ठाम ठाम	तेम—तेम
ठविय—ठव्या—स्थाप्या	तित्थंमाही—तीर्थमांही
ते—ते	रमइ—रमे
नर—नर	जो—जे
धन—धन्य	रासु—रास
जे—जे	तूसइ—तूसे—तुष्ट थाय
कलिकालि—कलिकाले	पूरइ—पूरे
मल-मयलिया-मलमेला—मलवडे मेला	रली—रळीयात—इच्छा—होंश—उत्कंठा
पामेइ—पामे छे	कडव—कडपलो—समूह—कडव
समेय—समेतशिखर (पहाडनुं नाम)	

१२१ तेरमा सैकाना सोमप्रभ, धर्मसूरि अने विजयसेनसूरिनी कृतिओमांथी लईने ऊपर जे जे शब्दो आप्या छे ते बधा पोतानी रचनाद्वारा कही आपे छे के अमे बधा गुजराती भाषाना छिए. आ बाबत विशेष चर्चा करतां पहेलां उक्त त्रणे ग्रंथकारोनो थोडो परिचय आपी दउं :—

सोमप्रभ—आ आचार्ये 'कुमारपालप्रतिबोध' नामनो कथाग्रंथ विक्रम संवत् १२४१ मां बनावेलो. अर्थात् कुमारपाळना स्वर्गवास पछी अगीयार वर्षे ज तेमणे उक्त ग्रंथनी रचना करेली. आ आचार्ये "कल्याणसारसवितानहरेक्षमोह"—इत्यादि एक आखा श्लोकना सो अर्थ करी बतावेला तेथी तेमनी ख्याति 'शता-

सोमप्रभनो समय

२९५ ए आखो श्लोक आ प्रमाणे छे :

"कल्याणसारसवितानहरेक्षमोह कान्तारवारणसमानजयाद्यदेव ।
धर्मार्थकामदमहोदयवीरधीर सोमप्रभावपरमागमसिद्धसूरे ॥"

थिक' तरीके थयेली हती. तेमणे तेमनो आ 'कुमारपालप्रतिबोध' नामनो ग्रंथ गुर्जरेन्द्रपुरमां एटले अणहिलपुरमां रहीने लख्यो छे, एवुं तेमणे पोते ज जणावेलुं छे. कुमारपालप्रतिबोधमां अंते लखेलुं छे के–

"शशि–जलधि–सूर्यवर्षे शुचिमासे रविदिने सिताष्टम्याम् ।

जिनधर्मप्रतिबोधः क्लृप्तोऽयं गूर्जरेन्द्रपुरे" ॥ पृ० ४७८. तेमनां जे पद्यो अहीं उतर्यां छे ते कुमारपालप्रतिबोधमांथी लीधेलां छे.

धर्मसूरिनो समय

धर्मसूरि विशे विशेष वृत्तांत न आपतां संक्षेपमां जणावुं छुं के जंबूस्वामी रासमां तेमणे ते कृतिनो १२६६ नो समय जणाव्यो छे अने पोताना गुरुनुं नाम महेन्द्रसूरि जणावेलुं छे.

विजयसेनसूरिनो समय

त्रीजी कृति–रेवंतगिरिरास–ना कर्ता श्रीविजयसेनसूरि छे. रासनी शरूआतमां तेमणे गुजरातमां आवेला धोळकाना राजा वीरधवलने याद कर्यो छे अने पोरवाड कुलना शणगारसमान–आसराजना पुत्र–वस्तुपाल अने तेजपाल ए बे भाईओनां नामने पण संभार्यां छे. तथा आ विजयसेनसूरि वस्तुपाल तेजपालना धर्माचार्य हता अने तेमणे विक्रम संवत् १२८८ ना फागण सुद १० बुधे गिरनार उपर महं० वस्तुपाले करावेला श्री समेतावतारमहातीर्थप्रासादनी प्रतिष्ठा करावेली. (प्राचीन जैनलेखसंग्रह पृ० ६६.) आ रीते उक्त त्रणे आचार्योना समय–तेरमा सैका विशे शंका मटी जाय छे.

बारमा सैकानो अंतिम अपभ्रंश या जूनी गुजराती भाषानी उक्त कृतिओनी भाषामां संस्कृत प्राकृतनी असर तद्दन मटी नथी, जो के

---

२९६ जुओ टिप्पण २६३–२६४

भाषानुं वलण ऊगती गुजरातीनुं छे. तो पण कर्तानुं संस्कृत अने प्राकृतनुं पांडित्य तेमां झबक्या विना रहेलुं नथी. आ परिस्थिति अहीं आपेली सोमप्रभनी कृतिमां पण देखाय छे तेम छतां ऊपर आपेला शब्दो तेमनुं गुजराती तरफनुं वलण स्पष्ट कर्या विना रहेता नथी. एटले सोमप्रभनी कृति पण हजी ऊगती गुजराती अवस्थावाळी गुजराती भाषानी कृति छे. तेमणे आपेला केटलाक शब्दोनी व्युत्पत्तिनी विचारणा आ प्रमाणे छे:—

१२२ चालु भाषाना 'आप्युं'ने बदले तेमणे 'अप्पिउ' पद मूक्युं छे.

'आप्युं'नी व्युत्पत्ति

'अप्पिउ' मांथी ज 'आप्युं' आव्युं छे, अने 'अप्पिउ' तथा 'अर्पित' ए बन्ने तदन समान शब्दो छे. संस्कृत भाषाना प्राचीनतम वैयाकरणोए 'अर्पयति' रूपने साधवा माटे 'गति' के 'प्रापण—(लई जवुं)' अर्थवाळा 'ऋ' धातुने मूळरूपे राख्यो छे अने तेने प्रेरणासूचक 'णि' प्रत्यय लगाड्या पछी 'प' लगाडी ते 'ऋ' ऊपरथी 'अर्प' अंगने तेओ बनावे छे. आ रीते 'अर्प' अंग थयुं अने ते द्वारा भाषानुं 'आपवुं' क्रियापद पण आव्युं.

परंतु अहीं ते 'अर्प' नो 'आपवुं—देवुं' अर्थ शी रीते आव्यो? ते मुद्दो खास विचारणीय छे.

'दा' एटले 'देवुं' तेनुं प्रेरक अंग 'दाप्' एटले 'देवरावबुं' ए रीते 'ऋ' एटले 'जवुं' अथवा 'लई जवुं' तेनुं प्रेरक अंग 'अर्प' एटले जवाववुं—जवरावबुं—जनारने प्रेरणा करवी अथवा लई जनारने प्रेरणा करवी—लई जवाडवुं—पहोंचाडवुं.

'गति'—अर्थवाळा 'ऋ' द्वारा आवेला 'अर्प' अंगमां 'देवा' नो अर्थ शीघ्र समाई शकतो नथी. परंतु 'लई जवुं' अर्थवाळा 'ऋ' धातु

ऊपरथी आवेला 'अर्प' अंगमां य सीधी रीते नहीं किंतु लक्षणाद्वारा 'देवुं' नो अर्थ मांडमांड समाई शके छे.

'देवरावे छे' एवुं क्रियापद सांभळतां जेम 'प्रेरणा' नो स्पष्ट भास थाय छे तेम 'आपे छे' क्रिया सांभळतां लेश पण प्रेरणानो भास थतो नथी त्यारे 'अपावे छे' मां ते भास तद्दन स्पष्ट थाय छे.

'अमुकने खांड पहोंचाडी आव्या—आपी आव्या' एवा वाक्यमां 'पहोंचाडी आववुं' अने 'आपी आववुं' बन्ने पर्याय जेवां जणाय छे. एथी 'अर्प' अंगमां गतिने वा प्रापणने अपेक्षीने ते भावने गमे ते रीते घटाववो ज रह्यो. अथवा मने लागे छे के—'देवा'ना—'आपवा'ना अर्थमां 'दा'नी पेठे स्वतंत्र रीते कोई 'अप्प' धातु देश्य होय के जेना ऊपरथी आपणुं 'आपवुं' पद आवे छे. अने वैयाकरणोए ए 'अप्प'नुं मूळ नक्की करवा 'ऋ' ऊपरथी तेने 'प' लगाडीने एक नवुं 'अर्प्' नी जेवुं 'अर्प' अंग कल्पी काढ्युं होय. वैयाकरणोए कल्पेला 'अर्प'मां स्पष्टपणे 'आपवा' नो भाव घटमान नथी, माटे ज अहीं देश्य 'अप्प' ने कल्पवानी वात करी छे.

'सवडि'नी व्युत्पत्ति

१२३ सवडि' शब्द ज्यां वपरायो छे ते स्थळनुं अनुसंधान करतां तेनो अर्थ 'सवड—सगवड' ज घटी शके छे. सोमप्रभ, स्पर्श इंद्रियनुं स्वरूप समझावे छे. ते संबंधे लखतां कहे छे के "शिशिर ऋतुमां स्पर्श इंद्रिय इच्छे छे के हवा विनानुं घर होवुं जोइए, अग्निनी सगडी होवी जोइए, तथा केसर, तेल अने घणां वस्त्रोनी सवड—सगवड—होवी जोइए" "सिसिरम्मि निवायघरं अग्गिसयडि। घणघुसिण तेल्ल बहुवत्थ सवडि॥"

आ रीते जोतां अने विचारतां अहीं 'सवडि'नो सवड—सगवड अर्थ

घटमान छे. 'सवडि'नी व्युत्पत्ति निश्चित थई शकी नथी. परंतु सं० सपर्या–प्रा० सपरिया–सवलिया साथे प्रस्तुत 'सवडि'नी सरखामणी करी शकाय. 'सपर्या'मां मूळ धातु 'सपर' छे. 'पूजा–आदर–मान' ए तेनो अर्थ छे. कोई अतिथि के मित्र अन्यने घरे जाय अने त्यां तेनी जे बधी अनुकूलता सचवाय ते ज तेनां पूजा–आदर–मान कहेवाय. 'सवड'के 'सगवड'ना आशयमां अनुकूलतानो भाव प्रधानपणे रहेलो छे ए दृष्टिए सपर्या–सवलिया अने 'सवडि' ए बधानुं मूळ एक होय एम लागे छे अथवा 'तत्क्षण' अर्थवाळा 'सपदि' पद साथे 'सवडि'नी तुलना करी शकाय. आवनार अतिथि के मित्रने जे अनुकूलता तत्क्षण अपाय ते 'सवड'ना भावमां आवे छे एटले 'तत्क्षण' अने 'तत्क्षण थनारी अनुकूलता' ए बे वच्चे अभेद कल्पिए तो 'सपदि' अने 'सवडि'नुं साम्य साधी शकाय. आ रीते भाषामां प्रचलित 'सोई' शब्दनी पण 'सपदि' पद साथे तुलना करी शकाय. सपदि–सवदि–सवइ–सउइ–सोई. अथवा अरबी भाषामां 'सगवड' अर्थ माटे 'सहूल्त' पद छे. तेने ज घाटघूट–ठीक संस्कार–आपी 'सवडि' शब्दने प्रचारमां आण्यो होय.

'संचरंत' पद भाषाना 'संचरता' पदने मळतुं छे.

'मोरंति' क्रियापदमां 'मोर' धातु छे. भाषामां 'मोरवुं' क्रियापद प्रतीत छे. 'दीवानी शग मोरजो' ए वाक्यमां 'मोर' धातुनो उपयोग काठियावाडमां प्रतीत छे. आचार्य हेमचंद्र 'मोर' धातुने 'भञ्ज' (भांगवुं) धातुनो पर्याय कहे छे. 'मोर' धातु देश्य मालूम पडे छे अथवा 'नगर-मर्दी' 'आकारमर्दी' वगेरे प्रयोगोमां वपरायेला 'क्षोद' अर्थवाळा 'मृद्' (नवमो गण) धातु साथे 'मोर' धातुनी सरखामणी थई शके एम छे: मृद्–मुद्–मुड–मोड–मोर्–आवो क्रम कल्पी शकाय.

'जगडइ'—'जगडो करे छे' अर्थवाळुं 'जगड्' क्रियापद पण देश्य छे. देशीनाममाळामां वर्ग ३ गा० ४४ मां हेमचंद्रे 'जगडिअ'[२९७] शब्द आपेलो छे. देशीनाममाळाना संपादक रामानुजस्वामी 'जगडिअ' शब्दने बराबर मळतो तेलगु शब्द 'जगडमु' आपे छे. संभव छे के आपणी भाषानो 'जगडो' शब्द तेलगु भाषामांथी आपणे त्यां आव्यो होय.

'जगडो'नी व्युत्पत्ति

'बार' शब्द 'बार'ना अर्थमां छे. 'बार—बारणुं—द्वार—दरवाजो' ए बधा समान अर्थना शब्दो छे.

'दीणार' शब्द परदेशी छे. परंतु ते घणा समयथी आपणा संस्कृत-प्राकृत साहित्यमां आवी गयेलो छे. जैनसूत्र कल्प-सूत्रना मूळमां अने अमरकोशमां ते शब्द वपरायेलो छे. "दीनारेऽपि च निष्कोऽस्त्री"—(अमरकोश कां० ३ नानार्थव० श्लो० १४).

'दीणार' परदेशी शब्द

गुजरातीनो 'साबर' अने आ 'संबर' ए बन्ने शब्दो एकसरखा छे.

हेमचंद्र ८-४-१७४ मां 'उच्छल' धातुनो निर्देश करे छे. भाषामां प्रचलित 'उछळवुं' क्रियापदनुं मूळ उक्त 'उच्छल' धातु छे. 'उन्+शल्'के 'उन्+सल्' एवो तेनो पदविभाग छे. 'शल्' अने 'सल्' ए बन्ने धातुओ गतिना सूचक छे. सोमप्रभे वापरेला 'उच्छलिवि'नी व्युत्पत्ति पण उक्त 'उच्छल' उपरथी करवानी छे.

१२४ सोमप्रभ 'जोवुं—देखवुं' अर्थमां 'जोवइ'के 'जोअइ' क्रियापद वापरे छे. 'जोवे छे' अर्थनुं चालु भाषानुं क्रियापद अने उक्त 'जोवइ' के 'जोअइ' ए बन्ने समान छे.

'जोवुं'नी व्युत्पत्ति

२९७ "विद्दवियम्मि जगडिओ"—देशी० ।

२९८ जुओ 'दीणार' शब्द—पाइअसद्द० ।

'जोव्' धातुनुं मूळ अवगत नथी. वर्णसाम्यनी अपेक्षाए 'जोव्'नी साथे मळता आवे एवा 'द्युत्' 'ज़ुत्' अने 'युत्' ए त्रण धातुओ उपलब्ध छे. 'द्युत्' एटले दीपवुं—द्योतते एटले दीपे छे. 'विद्युत् विद्योतते'—वीजळी दीपे छे—चमके छे. 'ज़ुत्' अने 'युत्' एटले भासवुं. जोतते—योतते एटले भासे छे. 'द्युत्' वगेरे त्रणे धातुओमां सीधी रीते 'आंखे जोवा'नो भाव देखातो नथी अने 'द्योतते' 'जोतते' 'योतते' नो प्रयोग अकर्मक जणाय छे: 'नरं द्योतते' एटले 'माणसने जुए छे' ए रीते ए धातुनो प्रयोग क्यांय जोयो नथी. भाषामां वर्ततो 'जोव्' धातु सकर्मक छे अने 'आंखे जोवुं' ए तेनो अर्थ छे. आ बधुं जोतां 'जोव्' धातुनुं अक्षरसाम्य 'द्युत्' वगेरे धातुओ साथे होवा छतां ते ('जोव्' धातु) द्युत्, ज़ुत् के युत् उपरथी आव्यो होय एवी कल्पना थई शकती नथी. श्रीमान नरसिंहरावभाईना लखवा मुजब डॉ० टेसीटोरी 'जोव्' धातुने उक्त 'द्युत्' मांथी नीपजावे छे. अक्षरसाम्य जोतां डॉक्टरसाहेबनी कल्पना असंगत नथी परंतु अर्थ-दृष्टिए जोतां उपर जणावेली गूंच आवे छे. हा, एम मानवामां आवे के 'द्युत्' नुं रूपांतर थया पछी तेनो अर्थ पण फरी जाय छे अने ते अकर्मक धातु रूपान्तर पामी सकर्मक पण थई जाय छे, तो वांधो नथी. परंतु भाषामां जे अर्थ रूढ छे ते अर्थमां 'द्युत्' नो उपयोग शोध्या सिवाय उक्त कल्पना विशेष क्लिष्ट जणाय छे. लक्षणानो उपयोग करवानां आवे अने भाषामां आवेला 'जोव्' नो मूळ स्वभाव बदली नांखवामां आवे तो कदाच बने.

मने लागे छे के आवी क्लिष्ट कल्पना करवा करतां 'जोव्' धातुने देश्य मानीए तो हरकत नथी.

आ० हेमचंद्रे कुमारपाळचरित्रमां बेत्रण स्थळे 'जोअ' धातुनो प्रयोग करेलो छे. "सत्तु वि मित्तु वि दोन्नि वि जोअइ"—(सर्ग ८

श्लो० २६) शत्रु अने मित्र बन्नेने जुओ. " जिण—आगम जोइ "—(सर्ग ८—श्लो० ६१) जिन आगमने जो—जिन आगमनी गवेषणा कर. " जोअंतहे " (सर्ग ८—श्लो० १६) आ बन्ने स्थळे टीकाकारे 'जोअ' नुं प्रतिबिंब आप्युं छे तो 'घुन्;' परंतु " धातूनामनेकार्थ-त्वान् " कहीने ते 'घुन्' नो 'जोवुं' अर्थ जणावेल छे.

'पाखर' नी व्युत्पत्ति

'पक्खर' अने भाषानो 'पाखर' ए बन्ने समान शब्द छे. हेमचंद्र पोताना 'अभिधानचिंतामणि' नामक संस्कृत कोशमां (कां० ४, श्लोक० ३१७) 'तुरगसन्नाह' ना अर्थमां 'प्रक्षर' अने 'पक्खर' शब्द नोंधे छे तथा देशीनाममालामां (वर्ग ६, गा० १०) ए ज अर्थमां 'पक्खर' शब्द जणावे छे. विशेष विचारतां उक्त 'पक्खर' पदनी तुलना 'पक्ष'—(पडखुं) पद साथे करी शकाय एम छे: घोडानी पीठ उपर बन्ने पडखे जे बख्तर या सुशोभित झूल नखाय छे ते, 'पाखर' शब्दनो अर्थ छे. 'पाखर' घोडानां बन्ने पडखांने शोभावे छे—बन्ने पडखानुं भूषण छे. ए रीते 'पडखां' ना संबंधने लईने ते 'बख्तर' या 'झूल' नुं नाम 'पाखर' पड्युं होय. आ दृष्टिए जोतां पक्ष+र—'पक्खर' अने ते द्वारा 'पाखर' पद व्याकरणनी दृष्टिए निर्दोष रीते आवी शके एम छे. 'पक्खर' नो 'र' 'मधुर' ना 'र' नी पेठे मत्वर्थीय छे अने 'पखाज'—(पक्षवाद्य) पदमांनो 'पख' तथा 'पाखर' नो 'पख' ए बन्ने समानार्थी छे.

'जोआवइ' एटले 'जोवरावे छे.' आ धातुनो संबंध उक्त 'जोव्' धातु साथे छे.

'ढक्किय' एटले 'ढांकेलुं.' उपरउपरथी जोतां 'ढक-ढांकवुं' धातु देश्य लागे छे परंतु खरी रीते तेम नथी. संस्कृतमां 'स्थग्—संवरणे' धातु

छे. " संवरणम्–आच्छादनम्"—(धातुपारायण पृ० १३७ धातु अंक १०३०). उक्त आच्छादन—ढांकवुं—

'ढांकवुं' नो व्युत्पत्ति

अर्थवाळा 'स्थग्' धातु उपरथी 'ढक्' धातु आवेलो छे, अने भाषानुं 'ढांकवुं' ए उक्त 'ढक' द्वारा आवेलुं छे.

'खाइसु' मां प्रथम पुरुषना एकवचननो 'उ' प्रत्यय छे अने तेनुं पूर्वग 'इस्' पद भविष्यकाळने सूचवे छे. प्रथम पुरुषना एकवचन 'उं' उपरथी 'खाइसु' नो 'उ' आव्यो छे अने पाछळथी भाषामां आवतां, भविष्यकाळसूचक ते 'इस्' पद क्यांय 'अस्' रूपे बदली गयुं छे: करशे, करशो वगेरे. त्यारे क्यांय ते 'इस्' कायम पण रह्युं छे: खाईशुं, खाईश, जमीश, पीश वगेरे.

सं० १२४१ पछी १२६६ नी कृति जोईए तो तेमां वपराता प्रयोगोए विशेष गुजरातीपणुं धारण कर्युं छे एम जणाया विना रहेतुं नथी.

सं० १२६६ नी जंबूचरियनी कृतिने जगती गुजराती कहेवा करतां कुमार–गुजराती शब्दथी कहीए तो पण बराबर बंध बेसे एवुं छे. तेमां पहेला पुरुष माटे आवेलो 'हूं' 'ऊठिउ' 'करशुं' माटे 'करेशउं' (आमां दंत्य 'स' ने बदले तालव्य 'श' वपरायो छे, ते ध्यानमां रहे) 'परणवुं' माटे 'परिणेवउ', 'मान्युं' माटे 'मनीउ' तथा 'लेशो' अर्थे 'लेसिउ' 'पामशो' माटे 'पामिसिइं', अने ढगमग, नाठां, ऊभा, चोरतु, भुइं, नीम, भेटाव, छूटुं, पाल्तां, नीसरइ, पढुंती, वहूयर, नीपनूं वगेरे अनेक प्रयोगो १२६६ नी भाषाने आपणी चालु भाषानी बहु पासे लावे छे.

१२५ 'तण' पद संबंधने सूचवे छे. साधारण रीते 'तण'नो प्रयोग षष्ठीना लगोलग रहेवानी पद्धति छे. आ कृतिमां ते पद्धतिमां फेरफार थयो छे, 'माय दुल्लंघीय तणइ वयणे' अने 'पुत्त तणउ विज्झराय' ए वाक्योमां

'तण'नो स्वतंत्र उपयोग

'तण' नो प्रयोग पूर्वनी रीते थयेलो नथी. प्रथम वाक्य 'माय तणइ दुल्लंघीय वयणे' एम होवुं जोईए अने बीजुं वाक्य 'पुत्त विज्झराय तणउ' एम होवुं जोईए. 'माताना दुर्लंघ्य वचनने लीधे' ए प्रथम वाक्यनो अर्थ छे अने बीजा वाक्यनो 'विंध्यराजनो पुत्र' एवो अर्थ छे. पहेला वाक्यमां 'माय' अने 'तणइ' नी वचे वचनना विशेषणरूप 'दुल्लंघीय' पदनुं व्यवधान छे अने बीजामां 'तणउ' नो प्रयोग 'विज्झराय'नी पछी जोईए ते पूर्वे थयेलो छे. आ समय पछीना रासाओमां घणे स्थळे 'तण'ना अने षष्ठी विभक्तिओना प्रत्ययोना आवा ऊलटा-सूलटा प्रयोगो थयेला छे.

'पहूत' नी व्युत्पत्ति विशे चर्चा आगळ (पृ० २८०) आवी गई छे. आ कृतिमां ते, 'पहूत' अने 'पहुत' एम बन्ने रीते वपरायेलो छे.

१२६ 'वांदवा माटे' अर्थ बतावना 'वंदणह' 'लेवा माटे' 'लेवा' 'मोकलवा माटे' 'मोकल्लवण' अने 'बूझवा माटे' 'बूझवणइ' शब्दो वपराया छे. ते पदोनी व्युत्पत्ति आ प्रमाणे करवानी छे: वंद + अणह,

'वंदणह' वगेरेनी व्युत्पत्ति

मोकल्लव + अण, बुज्झव + अणइ. 'अणह' 'अण' अने 'अणइ' ए त्रणे तुमर्थने दर्शावनारा वा चतुर्थीना अर्थने दर्शावनारा प्रत्ययो छे. 'अण, अणहं, अणहिं, एवं, एवि, एप्पि, एविणु, अने एप्पिणु' ए आठ प्रत्ययो 'तुम्' ना अर्थने सूचवे छे एम हेमचंद्र कहे छे (८-४-४४१). प्रस्तुतमां 'वंद् + अणहं' उपरथी 'वंदणहं' अने ते द्वारा 'वंदणह' पद आवेलुं छे. 'वंदणह' पदनी बीजी रीते पण निष्पत्ति थई शके एम

છે : સં० 'वन्दनस्य'. षष्ठी, चतुर्थीना अर्थमां थाय छे माटे 'वन्दनस्य' एटले 'वन्दनाय–' 'वांदवा माटे'. चतुर्थीने बदले वपरायेली षष्ठीना एकवचन 'स्य' 'स्स' 'स्सु' 'हु,' अने ए 'हु' उपरथी 'वंदणह'नो अंत्य 'ह' आवी शके एम छे अथवा षष्ठीना बहुवचन 'हं' उपरथी पण ते 'ह' आवी शके एम छे अने अर्थघटनामां पण कशो वांधो रहेतो नथी. संभव छे के चतुर्थीसूचक प्रत्ययो उपरथी तुमर्थ-सूचक 'अणहं' के 'अणहिं'ना 'हं' के 'हिं' अक्षरो आव्या होय अने 'अण' ते संस्कृतमां वपराता भावसूचक 'अन'नुं प्रतिरूपक होय. तुमर्थे जे एकलो 'अण' आवे छे ते लुप्त चतुर्थ्यंत पण होई शके छे. 'बुझवणइ'मां लागेलो 'अणइ' प्रत्यय उक्त 'अणहिं' उपरथी आवेलो छे अने 'मोकलावण'नो अंतिम 'अण' ते तुमर्थक उक्त 'अण' प्रत्यय पोते छे.

१२७ 'लेवा'मां ला + एवा छे. हेमचंद्र 'तव्य'ने बदले 'एवा' वापरवानी भलामण करे छे. (८–४–४३८) 'लातव्य' ने बदले 'लेवा'. अहीं 'लातव्य'मां 'तव्य' भावसूचक छे तेथी 'लातव्य' एटले 'ग्रहण करवुं–लेवुं' एवो अर्थ 'लेवा'नो थाय अने ए 'लेवा' पदने लुप्त चतुर्थीवाळुं मानीए तो तेनो 'लेवा माटे' अर्थ पण थाय. मने लागे छे के अहीं 'लेवा'ने लुप्त चतुर्थी विभक्तिवाळुं मानीए तो अर्थघटना बराबर थाय अथवा लातव्याय—लाएतव्वाय–लाएअव्वाय—लेअव्वाय–लेव्वाय—लेवा ए रीते पण चतुर्थ्यंत 'लातव्य' उपरथी व्याकरणना नियमानुसार 'लेवा' पद आवी शके छे.

आ 'लेवा' पद पछी 'निमित्ते' पद लगाडीए तो 'लेवा निमित्तें' थाय अने ते उपरथी 'लेवा नेमाटे' पद उद्भवे. वळी, उक्त 'लेवा' पदनी साथे 'बुझवणइ'मां वपरायेलो तुमर्थक 'अणइ' प्रत्यय लगाडीए तो 'लेवा +

अणइ' ऊपरथी 'लेवाणइ' पद नीपजे अने ते द्वारा चालु भाषाप्रचलित 'लेवाने' पदने साधवामां कोई प्रकारनो बाध देखातो नथी. आ रीतनी व्युत्पत्तिमां 'तुमर्थ' नो बेवडो प्रयोग छे ए ध्यानमां रहे. 'जुझवणइ' नी उपपत्ति साथे 'अणइ' नी उपपत्ति बतावी गयो. उक्त 'लेवा' अने 'लेवाने' नी पेठे करवा, रमवा, करवाने, रमवाने, करवाने माटे, रमवाने माटे वगेरे पदोनी योजना घटाववानी छे. भाषामां वपराता 'लेवातणुं' 'बोलवातणुं' वगेरे प्रयोगोनी उपपत्ति आगळ (पृ० २९५–९६) बतावी दीधी छे.

लियइ, लीयंता वगेरे रूपो 'ला' (ग्रहण करवुं–लेवुं) धातु ऊपरथी लाववानां छे. ए बाबतनी चर्चा आगळ (पृ० ३०५) आवी गई छे.

'मगावइ' शोधे छे–मागे छे–मागुं करे छे. धातुसंग्रहमां 'मार्ग' धातुनो 'अन्वेषण' अर्थ आपेलो छे परंतु ते, 'मागवा' ना अर्थमां पण वपराय छे. "याञ्चायां भिक्षते मार्गयते याचति, याचते"—(क्रियाकलाप पृ० ५२, श्लो० १९०) उक्त 'मार्ग' धातु ऊपरथी प्रेरणाना अर्थमां 'मार्गयति—मगावइ' रूप आवे छे.

'परिणेवउ' एटले 'परणवुं'–'परणवानुं'. 'परिणेवउ' शब्द भावसूचक छे. परि + णी + तव्य–परिणेतव्य–परिणेतव्यक–परिणेअव्वउ–परिणेवउ. हेमचंद्र 'तव्य'ने बदले 'इएव्वउं' 'एव्वउं' अने 'एवा' वापरवानी सूचना करे छे. एमांथी अहीं 'एव्वउं' लगाडीए तो पण परिणी + एव्वउं–परिणेव्वउं–'परिणेवउ' रूप आवे.

१२८ भविष्यकाळनां क्रियापदो—

भविष्यकाळनां क्रियापदो त्रीजो पुरुष—होसइ, होइसइ, करेसिइ, पामिसिइं.

पहेलो पुरुष—करेशउं, लेसिउं, झूझसिउं.

बीजो पुरुष—करेसो, करेशिउ, लेसो, छांडेसिउ, छंडेसिउ, धरेसिउं, मेल्हेसिउं.

आमां 'उं' प्रत्ययवाळां रूपो प्रथम पुरुषनां छे. 'उ' अने 'ओ' प्रत्ययवाळां रूपो बीजा पुरुषनां छे. बीजा पुरुषनो उक्त 'उ' के 'ओ', बीजा पुरुषना बहुवचन 'हु' उपरथी आवेलो छे अने बीजा पुरुषनो 'उं' ए तो आ 'उ' नुं उच्चारणांतर छे.

तथा 'इ' 'इं' प्रत्ययवाळां रूपो त्रीजा पुरुषनां छे. आ रूपोमां 'स' तालव्य पण छे, अने 'स' दंत्य पण छे. तालव्य 'श' नी शरूआत प्रस्तुत कृतिमां देखाय छे. प्रथम पुरुषना 'उं' वगेरे प्रत्ययोनी चर्चा आगळ (पृ० २६२) आवी गई छे.

'छांडवुं'नी व्युत्पत्ति

'छांडेसिउ' के 'छंडेसिउ' मां मूळ धातु 'छड्ड' छे. हेमाचार्य 'छड्ड' धातुने देश्य गणे छे अने तेने 'मुच्'नो पर्याय कहे छे. संस्कृत धातुसंग्रहमां 'छर्द' धातु दशमा गणमां आवेलो छे. त्यां तेनो अर्थ 'वमन' बतावेलो छे. प्रस्तुतमां तो तेनो अर्थ 'छांडवुं—त्याग करवो—छोडवुं' थाय छे. संस्कृतना 'छर्द' उपरथी प्रस्तुत 'छड्ड'ने लावीए तो ते वाग्व्यापारना नियमने अनुसारे आवी शके एम छे. छर्द—छद्द—छड्ड—छांड के छंड. परंतु आ व्युत्पत्तिने प्रामाणिक बनाववा माटे संस्कृतना 'छर्द' धातुनो अर्थ विस्तारवो पडशे. ए अर्थ न विस्ताराय तो 'छर्द' उपरथी उक्त 'छांड' न आवी शके. आचार्य हेमचंद्र ८–२–३६ सूत्रमां 'छर्द' नुं 'छड्ड' करवानी भळामण करे छे एथी समजाय छे के 'छर्द' उपरथी आवेलो 'छड्ड' पोतानो संकुचित अर्थ 'वमन' मूकी 'त्याग–

छोडवुं–मूकी देवुं'–एवा विशाल अर्थमां आवी गयो छे. कुमारपालचरित्रमां 'छड्डिअ' नो अर्थ आपतां टीकाकार पूर्णकलश कहे छे के "छर्दितम्–वान्तम्–त्यक्तम्" इत्यर्थः (सर्ग ३, श्लो० ९) अर्थात् ए स्थळे 'छड्ड' धातु 'छांडवा'ना अर्थमां वपरायेलो छे, एथी 'छर्द्' उपरथी 'छड्ड' नी व्युत्पत्ति करवी विशेष उचित छे.

आ कृतिमां 'मेल्हेसिउ'—मेलशो–क्रियापदमां वपरायेलो 'मेल्ह' धातु पण 'तजवा'ना अर्थनो छे. हेमचंद्रे आ धातुने पण 'मुच्'नो पर्याय कह्यो छे. 'मेल्ह' धातु देश्य छे. संस्कृत धातुसंग्रहमां 'मुच्' धातुनो पर्याय अने प्रस्तुत 'मेल्ह'ने मळतो आवे एवो कोई धातु ख्याल नथी.

१२९ बत्रीशमी कडीमां 'मेल्हावीउ'—'मेळव्यो' एवुं पद आवे छे. तेनुं मूळ सं० "मिल–श्लेषणे" (छठ्ठो गण) धातुमां छे. मिलन, मेलाप, संमेलन, मळवुं वगेरे शब्दो ए 'मिल' उपरथी आवेला छे.

'देजिउं' क्रियापद मूळे 'देज्जिहु' छे अने ते उपरथी अहीं 'देजिउं' नोंधेलुं छे. व्याकरणना नियम प्रमाणे दा + अ + ज + हु= दाएज्जेहु–देज्जेहुं–देज्जिहुं–देजिउं–देजिउ–देजो. आ क्रियापदमां बीजा पुरुष बहुवचनना 'हु' उपरथी 'हुं' द्वारा 'उं' थयेलो छे.

'देसु'मां व्याकरणोक्त रीते दा + अ + स + हुं दाएसहुं–देसहुं–देसु–देशुं. अहीं प्रथम पुरुष बहुवचनना 'हुं' द्वारा 'उ' आवेलो छे.

'वइसारीउ' एटले 'बेसाड्यो' के 'बेसार्यो'–उपवेशितः–'उप' साथेना

'बेसारवुं'नो व्युत्पत्ति

'विश'ने प्रेरणासूचक 'आर' लगाडी तेनुं भूतकृदंत करीए तो 'उवविसारिओ' थाय. एक साथे बे 'व' आवतां उच्चारण करनारे 'उववि'ने बदले 'वइ' उच्चारण कर्युं. जे पदमां एक करतां वधारे समान स्वरो के व्यंजनो आवे

छे, त्यां वाग्व्यापार आवुं ज विपरिणाम उपजावे छे. हेमचंद्रे प्रेरणासूचक 'आड' प्रत्ययनी नोंध आपी छे: ८–३–१५१. तेनुं उदाहरण–भमाडइ. आ 'आड' प्रत्यय प्राकृतमां सर्वव्यापक नथी; परंतु गुजरातीमां सर्वव्यापक थयेलो छे. ऊंघाड्यो, जमाड्यो, रमाड्यो वगेरे. 'भइसारिउ'मां जे 'आर' छे ते 'भमाड'ना 'आड'मांथी आवेलो छे.

१३० 'नोत्रों' नो अर्थ प्रसिद्ध छे. ते शब्दनी व्युत्पत्ति स्पष्टपणे समझाती नथी तो पण मूळ 'ज्ञाति' शब्द उपरथी ए शब्द जन्म्यो जणाय छे.

'भडिवाउ' नी व्युत्पत्ति

'भडिवाउ' शब्द भटवादः–भडवादो–भडवाओ–भडिवाउ–ए रीते आव्यो लागे छे. 'भटवाद' एटले शूरतानी ख्याति करवी–'हुं शूर छुं'–एम बोलवुं. अहीं राजा कहे छे के "आ साचो 'भडिवाउ'–'भटवाद' छे" एटले आ (प्रभव चोर), जे पोतानी शूरतानी ख्याति करे छे ते साची छे–खोटी नथी. (कडी ३२). भाषामां एक 'भडवो' शब्द तृतीय–प्रकृति जेवा के नवळा पण बहुबकवादी माणस माटे वपराय छे. मने लागे छे के तेने उक्त भटवाद–भडिवाउ–भडवो–ए रीते लावी शकाय. 'भटवाद' नो अर्थ मात्र 'शूर छुं एवुं बोलनारो'–'खरो शूर नहीं' एवो थाय छे अने ते अर्थ उक्त 'भडवो' शब्दमां बंध बेसे एम छे.

अहीं 'छुं' अर्थमां 'अछउं' अने 'तमे छो' अर्थमां 'अछिजउं' क्रियापदनो प्रयोग आवेलो छे. तेथी 'छे' क्रियापद 'अस्' उपरथी

---

इणि कारणि वयराग तृण जिम दीठउ मेल्हतउ ओ ।
अम्ह सोइ जि सामि तम्हे भलइं अछजिउ ओ ।
मोहनरिंदं-शउं झूझ संजमकित्तिइं झूझसिउं ओ ॥ २६ ॥

ठवणि—प्रभवउ पंचसएण अइइ बहूयर माइ-बप्पो ।
सवि कहं ए रूठउ जाइ नीयघरहूंतु नीसरइ ए ।
चालीउ ए सिवपुरिसाथ सारथवय तिहिं जंबुसामि ।
कंचण ए रयणिहिं दाण जिम घण वरसइ भाद्रवए ।
सयतऊ (?) ए ईह गोलोक भवियजणसंवेगकरो ॥ २७ ॥

ठवणि—कस केरी पिइ माइ पुत्र कलत्र धन्न धण ।
देसी कुडिसारिच्छ जिण जिम जंबू परिहरए ।
अनइ लोक बहूत व्रत लेवा तिहिं चालीउ ।
वंदिय जिणभवणाइं सोहम्मसामिपासि गयउ ॥ २८ ॥

भवसायर उतारि जम्मण—मरणह बीहतउ ओ ।

पंचमहव्वयभार मेल्समाणउ अंगमइ ए।
अनु तेतउ परिवार सोहमसामिहिं दिक्खीउ ओ।
हूउं केवलनाण संजमराजह पाल्तां ए॥ ३९॥
वीर जिणिंदह तीथि केवलि हूउ पाछिल्उ।
प्रभवउ वइसारीउ पाटि सिद्धि पहुतु जंबुस्वामि।
जंबुसामिचरित पढइं गुणइं जे संभलइं।
सिद्धिसुक्ख अणंत ते नर लीलाहिं पामिसिइं॥ ४०॥
महिंदसूरिगुरुसीस धम्म भणइ हो धामीज ह।
चिंतउ रातिदिवसि जे सिद्धिहि उमाहीया ह।
बारहवरससएहिं कवितु नीपनूं छासठ ए।
सोल्ह विज्जाएवि दुरिय पणासउ सयल्संघ॥ ४१॥

---

(३)

रेवंतगिरिरासु—तेरमो सैको

(प्राचीनगुर्जरकाव्यसंग्रह—वडोदरा)

परमेसर तित्थेसरह पयपंकय पणमेवि।
भणिसु रासु रेवंतगिरे अंबिकदेवि सुमरेवि॥ १॥
गामा—ऽऽगर—पुर—वण—गहण—सरि—सरवरि सुपएसु।
देवभूमि दिसि पच्छिमह मणहरु सोरठ्देसु॥ २॥
जिणु तहिं मंडलमंडणउ मरगयमउड महंतु
निम्मल सामल सिहरभरे रेहइ गिरि रेवंतु॥ ३॥
तसु सिरि सामिउ सामल्उ सोहग सुंदरसारु।
जाइव निम्मलकुलतिलउ निवसइ नेमि कुमारु॥ ४

तसु मुहदंसणु दस दिसि वि देस देसंतरु संघ ।
आवइ भावरसालमणउ हलि रंगतरंग ॥ ५ ॥
पोरुयाडकुलमंडणउ नंदणु आसाराय ।
वस्तुपाल वरमंति तहिं तेजपाल दुइ भाय ॥ ६ ॥
गुरजरधर–धुरि धवलकि वीरधवलदेवराजि ।
बिहु बंधवि अवयारियउ सूमू दूसममाझि ॥ ७ ॥
नायलगच्छह मंडणउ विजयसेण सूरिराउ ।
उवएसिहि बिहु नरपवरे धम्मि धरिउ दिढु भाउ ॥ ८ ॥
तेजपालि गिरनारतले तेजलपुरु नियनामि ।
कारिउ गढ-मढ-पवपवरु मणहरु घरि आरामि ॥ ९ ॥
तहि पुरि सोहिउ पासजिणु आसारायविहारु ।
निम्मिउ नामिहि निजजणणि कुमरसरोवरु सारु ॥ १० ॥
तहि नयरह पूरबदिसिहि उग्रसेण गढदुग्गु ।
आदिजिणेसर पमुह जिणमंदिरि भरिउ समग्गु ॥ ११ ॥

(*प्रथम* कडव)

दुविहि गुज्जरदेसे रिउरायविहंडणु ।
कुमरपालु भूपालु जिणसासणमंडणु ।
तेण संठाविओ सुरठदंडाहिवो ।
अंबओ सिरे–सिरिमालकुलसंभवो ।
पाज सुविसाल तिणि नठिय ।
अंतरे धवल पुणु परव भराविय ॥ १ ॥
धनु सु धवलह भाउ जिणि पाग पयासिय ।
वारविसोत्तरवरसे जसु जसि दिसि वासिय ।

जिम जिम चडइं तडि कडणि गिरनारह ।
तिम तिम ऊडइं जण भवणसंसारह ।
जिम जिम से उजलु अंगि पालटए (?) ।
तिम तिम कलिमलु सयलु ओहट्टए ॥ २ ॥
जिम जिम वायइ वाउ तहि निज्झरसीयलु ।
तिम तिम भवदुहदाहो तक्खणि तुट्टइ ।
निच्चलु कोइलकलयलो मोरकेकारवो ।
सुम्मए महुयर महुरु गुंजारवो ।
पाज चडंतह सावया लोयणी ।
लाषारामु दिसि दीसए दाहिणी ॥ ३ ॥

× × ×

जम्मणु जोव जीविय तसु तहिं कयत्थू ।
जे नर उज्जितसिहरु पेक्खइ नरतित्थू ।
आसि गुरजरधरय जणि अमरेसरु ।
सिरिजयसिंघदेउ पवरु पुहवीसरु ।
हणवि सोरठु तिणि राउ पंगारउ ।
ठविउ साजणु दंडाहिवं सारउ ॥ ८ ॥

× × ×

अहिणवु नेमिजिणिंद तिणि भवणु करावउ ।
निम्मलु चंदरु विंबे नियनाउं लिहाविउ ।
थोरविक्खंभवायंभरमाउलं ।
ललियपुत्तलियकलसकुलसंकुलं ।
मंडपु दंडयणु तुंगतरतोरणं ।
धवलिय वज्झि रुणझणिरिकिंकणिवणं ।

इक्कारसयसहीउ पंचासीय वच्छरि ।
नेमिभुयणु उद्धरिउ साजणि नरसेहरि ॥ १० ॥

मालवमंडलगुहमुहमंडणु ।
भावडसाहु दालिधुखंडणु ।
आमलसार सोवन्न तिणि कारिउ ।
किरि गयणंगण सूर अवयारिउ ।
अवर सिहर वरकलस झलहलइ मणोहर ।
नेमिभुयणि तिणि दिट्ठइ दुह गलइ निरंतर ॥ ११ ॥

(द्वितीय कडव)

दिसि उत्तर कसमीरदेसु नेमिहि उम्माहिय ।
अजिउ रतन दुइ बंध गरुय संघाहिव आविय ॥ १ ॥
हरसवसिण घण कलस भरिवि ति न्हवणु करंतह ।
गलिउ लेवमु नेमिबिंबु जलधार पडंतह ॥ २ ॥
संघाहिवु संघेण सहिउ नियमणि संतविउ ।
हा हा धिगु धिगु मह विमलकुलगंजणु आविउ ॥ ३ ॥
सामिय सामल धीरचरण मह सरणि भवंतरि ।
इम परिहरि आहार नियमु लइउ संघधुरंधरि ॥ ४ ॥
एकवीसि उपवासि तामु अंबिकदेवि आविय ।
पभणइ स पसन्न देवि जय जय सद्दाविय ॥ ५ ॥
उट्ठेविणु सिरिनेमिबिंबु तुलिउ तुरंतउ ।
पच्छलु मन जोएसि वच्छ ! तुं भवणि चलंतउ ॥ ६ ॥

× × ×

पढम भवणि देहलिहि देउ छुडि पुडि आरोविउ ।
संघाहिवि हरिसेण तम दिसि पच्छलु जोइउ ॥ ८ ॥
ठिउ निच्चलु देहलिहि देवु सिरिनेमिकुमारो ।
कुसुमवुट्ठि मिल्हेत्रि देवि किउ जइजइकारो ॥ ९ ॥
वइसाही पुन्निमह पुन्नवंतिण जिणु थप्पिउ ।
पच्छिमदिसि निम्मविउ भवणु भवदुहतरु कप्पिउ ॥ १० ॥
न्हवणविलेवतणीय वंछ भवियण जण पूरिय ।
संघाहिव सिरि अजितु रतनु नियदेसि पराइय ॥ ११ ॥

(तृतीय कडव)

गिरि गरुयासिहरि चडेवि अंबजंबाहिं बंबालिउं ए ।
सामिणी ए अंबिकदेवि देउलु दीठु रम्माउलं ए ॥ १ ॥
वज्जइ ए ताल कंसाल वज्जइ मदल गुहिरसर ।
रंगिहिं नच्चइ बाल पेखिवि अंबिक मुहकमलु ॥ २ ॥
सुभकरु ए ठविउ उच्छंगि विभकरो नंदणु पासिक ए ।
सोहइ ए ऊजिलसिंगि सामिणि सीहसिंघासणी ए ॥ ३ ॥
दावइ ए दुक्खहं भंगु पूरइ ए वंछिउ भवियजण ।
रक्खइ ए चउविहु संघु सामिणि सीहसिंघासणी ए ॥ ४ ॥
दस दिसि ए नेमिकुमारि आरोही अवलोइउं ए ।
दीजई ए तहि गिरनारि गयणंगणु अवलोणसिहरो ॥ ५ ॥
पहिलइ ए सांबकुमारु वीजइ सिहरि पज्जून पुण ।
पणमइं ए पामइं पारु भवियण भीसण भवभमण ॥ ६ ॥
ठामि ठामि रयणसोवन्न विंब जिणेसर तहिं ठविय ।
पणमइ ए ते नर धन जे न कलिकालि मलमयलिया ए ॥ ७ ॥

जं फलु ए सिहरसमेय–अट्ठावय–नंदीसरिहिं ।
तं फलु ए भवि पामेइ पेखेविणु रेवंतसिहरो ॥ ८ ॥

गहगण ए माहि जिम भाणु पव्वयमाहि जिम मेरुगिरि ।
त्रिहु भुयणे तेम पहाणु तित्थंमाहि रेवंतगिरि ॥ ९ ॥

× × ×

रंगिहि ए रमइ जो रासु सिरिविजयसेणि सूरि निम्मविउ ए ।
नेमिजिणु तूसइ तासु अंबिक पूरइ मणि रली ए ॥

(चतुर्थ कडवक)

[तेरमो सैको पूरो]

व्याख्यान त्रीजुं

चौदमो अने पन्दरमो सैको

चौदमा सैकाना पद्यगत शब्दो

१३८ हवे चौदमा सैकानी कृतिओनां नामो वगेरेनो परिचय आपवा शब्दआतमां तेमांथी अहीं उपयोगी एवी शब्दसूची आपी दउं :—

(१) विनयचंद्र—नेमिनाथचतुष्पदिका (चौदमो सैको)

सोहग—सौभाग्य	गयउ—गयो
चउउत्तरिय—चडउत्तर प्रमाणे	विणटउ—विनठ्युं—वणस्युं—वगड्युं
बारमास—बारमास	काइ—कांइ—शुं
वज्जरिय—उच्चरित—उच्चार्या प्रमाणे—कह्या प्रमाणे	अछइ—छे
श्रावणि—श्रावणे—श्रावण महिने	नत्थी—नथी
सरवणि—सरवडांमां	तेज़ु—तेज
विरहिरि—विरहिनो	गयणि—गगनमां
झिज्झइ—झीझे—क्षीण थाय	भाद्रवि—भादरवे
झबक्कइ—झबके छे	रोअइ—रोवे छे
सहियइ—सहेवाय	निरधार—निराधार
झूरि—झूर—खेद कर	रोइ—रुए
वंछित—वांछित	अप्पणु—आपणुं—पोतानुं

भिज्जंति–भींजे छे
कडुयं–कडवुं
पति–पतिना
रक्खसि–राक्षसी
मन–नहीं
दुज्जणतणा–दुर्जनना
पूरि–पूर
तउ–तो
अनेरा–अनेरा–बीजा
वरह–सयाइं–वरोना सेंकडा–सेंकडो वरो
बोलइ–बोले छे
नेमिसमं–नेमिशुं–नेमि सरखुं–साथे
सवि–सर्व–सब–बधुं
उग्गइ–ऊगे
भरिया–भर्या
एकलडी–एकलडी–एकली
उवेषिसि–उपेक्षा करे छे–बेदरकारी राखे छे
नीठुरु–नठोर
कडडेरा–करडा–कठण
भिज्जइ–भींजे छे
सायरु–सायर–सागर

आसो–आसो मास
हिमसीउ–हिमशीत–हिम जेवुं ठंडुं
नेमिहिरेसि–नेमिने माटे
आपणपउं–आपणुं
खय–खय–क्षय
दिक्खाडिउ–देखाड्यो
छेहु–छेह–छेद–दगो
दयालु–दयालु
कीजइ–कीजे
भराविउ–भराव्यो
वाडु–वाडो
कत्तिग–कृत्तिका–कार्तिक
संझ–सांज
रातिदिवसु–रातदिवस
विलवंत–विलपती–विलाप करती
दयकरि / दयकारि –दया करीने
मूकि–मूकी
ओहडु–ओट–अपसरण
मिल्हइ–मेले छे
सउ–सउ–बधुं
विवरीउ–विपरीत

तउं—तुं	कदाग्रहु—कदाग्रह
नेसि—त्वइ जाय छे—दोरी जाय छे	करिसि—करे छे
पहिलउं—पहेलो	मंडि—मांड—पराणे
गणिउ—गण्यो	मालि—माळा ऊपर—मांचडा ऊपर
निरदोखु—निर्दोष	टोहणकालि—टोवाने वखते
ऊपरि—ऊपर	लग्गी अच्छिसु—लागी रहीश
मूकउ—मूक्यो	राखि राखि—राख राख
मुझु—मुज	पडिउ—पड्युं
क्षित्तिग—क्षितिज	रयणि—रेण—रात्री
हुइ—होय	करती—करती
अछइ—वेसी रहे छे	जाइ—जाय छे
वलि वलि—वळ वळ—पाछो वळ पाछो वळ	इइसी—ऐसी—एवी
नेमितणी—नेमिनी	कोइ—कोइ
भग्गउ—भागो—भाग्यो	कायरु—कायर
घरवास—घरवासथी	रिणि—रणे
जाइ—जाय	लक्खु—लाखो
छंडिवि—छंडीने	अग्गलि—आगळनी
किम—केम	मिल्हउं—मेलुं—छोडुं
जित्तउ—जित्यो	
सासु—सास—श्वास	एहु—ए—एह
नास—नासा—नाक	मिल्हि—मेल—मूक
मगसिरि—मागशरमां	हिल्लि—हेळ—हेला—हेडो—हेत
	रत्तउ—रक्त—आसक्त

चडाविउ —चडाव्यो—चडावेलो
हे हे कु—'हे हे कु' एवो अवाज
अवगन्नेसइ—अवगणशे
पोसि—पोस महिने
पाह—पाशमांथी—पाशना भयथी
सीउ—सी—शीत
तू—तुं
जुव्वणु—जोबन
भरियउ—भर्यो
परणि—परण
कुइ—कोइ
भोली—भोळी
गमारी—गमार—मूरख
अप्पणु—पोतानी जाते
गइवरु—गजवर—उत्तम हाथी
कु—कोण
चडइ—चडे
माचइ—माचे—मस्त थाय
रोइसि—रुए छे
पतीजसि—विश्वास करे छे
धीय—धी—दीकरी—छोकरी
अछइ—छे
मोदक—मोदक
सुहाली—सुंवाळी (खावानी)

वीह—बीक
अजिउ—हजी
नेमिहियास—नेम करतां
छुहिय—क्षुधित—भुख्याने
रुवंति—रुवे छे
चातकु—चातक
वणसइ—वनस्पति
अनेरउ—अनेरो—बीजो
भत्तारु—भरतार
खरी—खरी
अच्छंतइ—छते—रहेते छते
नडइ—सेवे
लहिउ—लईने—प्राप्त करीने
रासमि—गधेडे
माह मासि—महा—मा—महिने
प्रिय लइ पासि } —प्रियनी पासे लई जा
अरन्नि—अरण्यमां
माहरी—मारी
हियडामाहि—हैयामां
मुंड निलाडि—मुंडा ललाट—कपाळ वाळी—मुंडा नसीबवाळी
तप्पइ—तपे
नेहगहिल्ली—स्नेहघेली

वरउं—वरुं—परणुं
चैत्र मासि—चैत्रमासे
पंगुरइ—पांगरे—प्रांकुरित थाय
वणि वणि—वने वने
टहका—टौका
करि—करमां—हाथमां
मांडी—मांड—बलात्कारे—पराणे
खिलिज्जइ—खीले—विकसे
सिणगारु—शणगार
ऊवरि—ऊपर
बंधववयणु—भाईना वचनथी
वइसाहइ—वैशाखे
रि—रे
संभलि—सांभळ
रणझुणइ—रणझणे छे
खाउ पियउ—खाओ पीओ
सहु कोइ—सौ कोइ
धाउं—दोडुं
पडियउ—पड्यो
जेवडु—जेवडो
हरिय—हरी—दूर करी
विरती संसार—संसारथी विरक्ति पामी
संभारि—संभारी
गज्जुविज्जु—गाजवीज

राणी—राणी
घाउ—घा—घाव
कोयल—कोयल
करइ—करे
वेझइ—वींधे छे
मातउ—मातो
रमियइ—रमीए
लिज्जइ—लीजे—लईए
थिउ—थयो
चुक्कइ—चूके
फुट्टि—फूट—फूटिजा
वीसरिवा—वीसरवा—भूलवा
भमरउ—भमरो
दीस—दी—दिवस
विलसउ—विलसो
मुहाडि—एम ज करवुं
जिट्ठ—जेठ
मूछी—मूर्छित थई
पडिखि—प्रतीक्षी—वाट जोइने
हियउं—हैयुं
जाय—जाया—पुत्री
सेविसु—सेवीश
चिणय—चणा
खजंति—खवाय छे

करिसु—करीश
मिलिउ—मळीने—भेगी थईने
मिरिय—मरी—मरीयां—तीखां
अउगी—ऊगी नथी—हजी नानी छे
आल—अनर्थ—नकामुं—अलीक—
प्रपंच
दोहिल्उ—दुःखवालुं—दोयलुं—दुर्लभ
किमइ—केमे
धाइ—धराय
फिरइ—फरे
अणुहरइ—अनुसरे
उव्वाहुलि—उद्वाहक
गई—गई
परमेसर पासि—परमेश्वर पासे
भणिया—भण्या—कह्या

झखि—झंख
तपु—तप
तउं—तुं
सुख—सुखवडे—सुखथी
हिव—हवे

रितुकेरा—ऋतुना
मिलिया—मळवा
हूय—थई
दिक्ख—दीक्षा
वारइ—वारे (संख्या)
भाय—भाई !

(२) **जिनपद्मसूरि**—श्रीस्थूलिभद्रनो फाग (चौदमो सैको)

मुणिवइ—मुनिपतिना
फागुवंधि—फागवंधवडे
झलकंत—झळकतुं—चळकतुं
वरीसालइ—वरिसाले—वर्षाकाळे—
चोमासाने समये
गहगहिया—गहगह्या—गेंक्या—
होंशवाळा थया

पाडलिपमाहि—पाटलिपुत्रमांही
चउमासमाहि—चोमासामांही
भंडारो—भंडार
लियइ—ले छे
वय—वै—निश्चय सूचक अव्यय
कोसवेसाघरि—कोशा नामनी
वेश्याने घरे

गुरुह—गुरुनी
मोकलावइ—मोकलावे

आवइ—आवे छे
आवियउ—आव्यो
दासडिय—दासीए
अतिहि—अतिशय
उतावलि—उतावळी
—रायपासि—मुनिराजनी पासे
धर्मलाभु—धर्मलाभनो आशीर्वाद
रहियउ—रह्यो
हियवि—हैये
झिरिमिरि—झरमर
वाहला—वहेळा—पाणीना वहेळा
भणिसु—भणीश—कहीश
केवी—केई
माणमडप्फर—अभिमानथी मरडाती
नाचंते—नाचे छे
मेहारवभरऊलटि—मेघनी गर्जनाना
शब्दसमूहने—अवाजोने—लीधे
उलटेला—उत्साहमां आवेला
खलभलइ—खळभळे छे
अतिआलउ—अतिआळुं—घणुं
ज पातळुं

चमकिय—चमकी
वधावी—वधावी—वेश्याने वधामणी
आपी
लहकंती—लेंका करती
आविय—आवी
जोडंती—जोडती
मंगेवी—मांगी—मागी
धीरिम—धीरता
धरेवी—धरी
खलहल—खळखळ
झबझब—झबक झबक
वीजुलिय—वीजळी
थरहर—थरथर
साजंते—सज्ज थाय छे—तैयार थाय छे
मनावइ—मनावे छे
पहिरणि—पहेरवामां
लहलह—चंचल—हल्या करतो

झगमग—झगमग

थापणि—थापणमां
थवका—थोकडा—स्तवक
सिरि—शिरमां—माथे

पहिरेइ—पहेरे छे
मोतियहारो—मोतीनो हार
कानिहि—कानमां
मुक्का—मूक्या
काजलि—काजल वडे
संथउ—सेंथो
बोरीयावडि—बोरनी भातवाळी के जेमां सोनानां बोर टांकेलां छे एवी
झबकइ—झबके छे
गाजंते—गाजे छे
चरणलग्गि—चरणमां लागी—पगे लागी
वायंते—वाय छे
झलहलिया—झळांझळां थयां
नाचइ—नाचे छे
मोटइ—मोटे
ऊगटि—ऊगटावडे
भीजइ—भींजे छे
छंडियु—छंड्यो—तज्यो
लोहिहि—लोढावडे
हियउ—हैयुं
पावसु—प्रावृष—चोमासुं
माणीजइ—माणीजे—माणीए—अनुभवीए
फाडेई—फाडे—बे भाग करे
कांचुलिय—कांचळी
उरमंडलि—छातीना विस्तार ऊपर
ताडेइ—ताणे छे
कचोला—कचोळा
गालि-मसूरा—गालमसूरियां
कूवडिय—कूई
खंभ—खंभा—स्तंभो
रिमिझिमि—रमझुम—रमझम
सुवाजइ—सारी रीते वागे छे
पहिल्ली—पहेली
जव—जव—ज्यारे
कउतिगि—कौतुके
आकासि—आकाशे
वांकउ—वांकुं
घडियउ—घड्यो—घडेलो
धरीजइ—धरीजे
मू—सिउ—मारी साथे
परिणेवा—परणवा
सिरीहिंसु—श्रीसाथे
साचउ—साचुं
नवलइ—नवले—नवलमां
लोउ—लोक
कवणु—कोण

रमेवा—रमवा माटे
मयण हिंडोला—मदनना हिंडोळा
जणु—जाण्ये—इव—अर्थे
संखतूरा—शंख अने तूर्य—वाजां
नाहि—नाभि
ऊरू—साथळ
घाघरि—घाघरी
मयमयंत—महेकती
परवाल—परवाळुं
जोएवा—जोवा
मिलिय—मळ्या
आहणए—आघात करे छे
जोवंती—जोती
वोलावइ—बोलावे छे
बारह वरिसहं तणउ—बार वरसनो
राचइ—राचे
मूं—मने
पत्थर—पत्थर
हिवडा—हमणां
मइ लियउ—में लीधुं
तं लियउ—तें लीधुं
ज होइ—ज थाय
पाडिउ—पाड्यो
पहिलउं—पहेलुं
तयणंतरि—तदनंतरे—त्यार पछी-तरत
अच्छइ—छे
अवगणिय—अवगणी
खडगिण—खड्गे
हुउ—थयो—हुयो
धनु धनु—धन्य धन्य
मलियउ—मळ्यो—मसळी नाख्यो
फागु—फाग
रमेवउ—रमवो
गावेवउ—गावो
कियउ—कर्युं—कह्युं
जयजयकारो—जेजेकार
जीतउ—जीत्यो
मल्लसल्ल—मल्लरूप शल्य
किय—कियो—करेलो
खेला—रमनारा
चैत्रमासि—चैत्रमासे

चौदमा सैकाना
गद्यगत शब्दो　　१३९ (१) अतिचार

अनेरीकन्हइ / अनेराकण्हइ } अनेरानी कने / अनेरानी पासे	कमळी—कम्बलिका
	सांपडा, सांपुडं—चापडो
आगलउ—आगलो—वधारो	सांपडी, सांपुडी—चापडी
ओछउ—ओछो	हुंती सक्ति—छती शक्ति
कानइ—काने	सारसंभाल-याद राखीने संभाळलेवं स्मरण राखीने ध्यान राख
मात्र, मात्रि—मात्राए	तेह—तेनुं
देवंदण—देववंदन	करतां—करतां
सझाइ—सझाय—सज्झाय—स्वाध्याय	पढतां—भणतां
हुउ—थयो	गुणतां—गणतां
हुयइ—होय	पगु—पग
कह्यां—कह्यां	लागउ—लाग्यो
हुइ—होय	थुकु, थुंकु—थूंक
पाटी—पाटी	लगउ—लाग्युं
पोथी—पोथी	हुइं—होय
अंतराइउ—अंतराय—विघ्न	दिवसमांहि—दिवसमां
हउं—थयो	सवहि—बधालुं
कीधउं—कीधो	

(२) नवकारव्याख्यांन (चौदमो सैको)

महारउ—माहरो	यउ—आ
हउ—हो—थाओ	पनर—पन्नर—पंदर
जि—जे	करतइ—करते

वयरी—वैरी
अरिहइ—योग्य छे
अरिहंत—अरिहंतोने
किसा—केवा
रागद्वेपरूपीआ—रागद्वेषरूप
चउत्रीश—चोत्रीश
नमस्कारु—नमस्कार
करिउ—करीने
पंचत्तालीस—पीस्तालीश
जिसउं—जैसुं—जेवुं
तिसइ—तैसे—तेवे
संबंधियइ—संबंधना
विभागि—विभागे
आंग—अंग
सर्वहीं—सर्वने
उपायी—उत्पादी—पेदा करी
सर्वही मांहि—सर्वनी अंदर—बधांनी अंदर
ध्यातव्युं—ध्यावा योग्य
गुणेवउ—गणवा योग्य

हुंतइ—छते
मंगलीक—मंगळीक
हिवडातणइ—हमणा तणे—हमणाने
पहिलउं—पहेलुं
सुमरेवउं—स्मरवुं—समरवुं—याद करवुं
पढेवउ—पढवा योग्य
भारी—भारे—दीर्घ
ग्या / ग्या } ग्या—गया
उत्ताणु—चत्तुं
ऊपरि—ऊपर
चउवीसमह—चोवीशमाना
वार—वार
अछइ—छे
किसउ—कैसो—केवो
यउ—आ
चउवीसी—चोवीश
स्मरतां—स्मरतां
माहात्म्यु—माहात्म्य

(२) अतिचार—(संवत्—१३६९)

तुम्हि—तमे
आलोउ—आलोओ—आलोचना करो
पढिउं, पढिउ—पढ्युं—भण्युं

विराया—पिराया—पराया—बीजाना
सिउणइ—सोणे—सोणामां
सिउणांतरि—स्वप्नांतरे

भवसगलाहइ मांहि—भवसघलानी मांय
कुडउ—कूडो—खोटो
थापणिमोसउ—थापणनी मां चोरी—थापणने खोटी करवी
विढाविढि—वढवाड
छानउं—छानुं
वावरिउं—वावर्युं
पाडइ—पाडे—महोल्लामां—शेरीमां
नवउं—नवुं
मेलिउ—मेळव्युं—भेळव्युं
तूल—तोले
सवहइ—सर्वनुं—बधानुं
आपणा—आपणा
कूडी—खोटे
मापि—मापे
लहुडपणि—लघुपणमां—नानपणमां
सील—शील
खंड्या—खंड्या
नीम—नीम—नियम
हियामांहि—हैयामां
धरउ—धरो
ऊंचरउ—ऊचरो—बोलो
सर्वू—सर्व
निंदउ—निंदो
हव—हवे
गुणिउ—गण्युं
पति—प्रति
लिखिउ—लिख्यो—लख्यो
साखि—साख—साक्ष्य
कुणहइ उस—कोणनी साथे—कोईनी साथे
राडिभेडि—राडभेड
विराइउं—छेतरेलुं—छेतरीने भेळवेलुं
लीधउं—लीधुं
खलइ—खळे
पाडोसि—पाडोशे—पाडोशमां
पुराणउ—पुराणुं—जूनुं
वाछल्य—वात्सल्य
विषइ—विशे
अम्हारउ—अमारो
वोसिरावउ—वोसरावो—त्याग करो
विघन—विघन
पच्चक्खउ—पचखो—पच्चक्खाण करो
खमिउं—खम्युं—क्षमा करी
नइ—ने—अने
पावु—पाप
हिवु, हिव } हवे
प्रवर्ताविउं—प्रवर्ताव्युं

संवरू—संवरो—अटकावो	प्ररूपिउ—प्ररूप्युं—प्ररूप्यो
खमाविउं—खमाव्युं—क्षमा आपी	ऊखल—ऊखल
वइर—वेर	घरटी—घंटी
करउं—करुं	कटारी—कटार
संस्थापिउ—संस्थाप्युं	पावटा—पावडा
अवलपिउ—ओळव्यो	वेचि—खरची—व्यय करी
घरट—घरट—दळवाना मोटा घंट	सज्झाइ—सजाय—सज्झाय
खांडा—खड्ग—खांडुं	ऊजम—ऊजम—उद्यम
अरहट्ट—रेंट	हुओ—हुयो—थयो
द्रवि—द्रव्य	

पूर्वोक्त शब्दो विशे विवेचन करतां पहेलां उक्त ते ते कृतिओना कर्ता विनयचंद्र अने जिनपद्मसूरिना समयविशेनां प्रमाणो आपुं:

विनयचंद्रनो समय

१४० विनयचंद्रे प्रस्तुत कृतिमां पोतानो समय नथी जणाव्यो, तेमां फक्त रत्नसिंह (रयणसिंह) सूरिने पोताना गुरु तरीके जणावेला छे, परंतु विनयचंद्रे करेला कल्पसूत्रटिप्पन[304] उपरथी तेमनो समय विक्रम संवत १३२५ नो छे ए चोक्कस छे.

जिनपद्मसूरिनो समय

बीजी कृतिना कर्ता जिनपद्मसूरि पोताने खरतरगच्छना जणावे छे अने तेओने विक्रम संवत्[305] १३९० मां आचार्यपद[305] मळ्युं हतुं.

उक्त बन्ने हकीकत उपरथी श्रीविनयचंद्र अने जिनपद्मसूरिनो समय चौदमो सैको सुनिश्चित छे.

---

३०४ जुओ जैनगुर्जरकविओ—विक्रमनी चौदमी सदी भाग १, पृ० ५ टिप्पण.

३०५ जुओ जैनगुर्जरकविओ—विक्रमनी चौदमी सदी भाग १, पृ० ११.

त्रीजी कृतिमां अतिचारना अने नवकारव्याख्यानना उतारा आपेला छे; ते बन्ने गद्यमां छे. एमां 'अतिचार' नी भाषा तो तद्दन लौकिक छे ए ख्यालमां रहे. ए उतारानो विषय सांप्रदायिक छे छतां ते उपरथी पण भाषा अने तेना वलणनी कल्पना आवी शके छे. ए बधा उतारा संवत् १३४० अने संवत् १३६९ ना अरसामां लखायेला ताडपत्र उपरथी लई स्व० विद्यावल्लभ साक्षरश्री चिमनलालभाई दलाले 'प्राचीनगुर्जरकाव्यसंग्रह'मां[३०६] मूकेला छे अने ते उपरथी तेमने अहीं उतारेला छे. एटले ए उतारा पण चौदमा सैकाना छे.

१४१ तेरमा सैकानी कृतिओमां जे जातनी भाषापद्धति छे लगभग ते ज जातनी भाषापद्धति उक्त चौदमा सैकानी कृतिओमां पण छे. जे उच्चारणभेद छे ते तद्दन साधारण छे.

चौदमा सैकानी भाषामीमांसा

तादर्थ्यनुं सूचक पूर्वोक्त (पृ० २४६) 'रेसि' पद 'नेमिहिरेसि' प्रयोगमां वपरायुं छे.

ए सिवाय 'नेमितणी' 'दुज्जणतणा' 'बारह वरिसहं तणउ' वगेरे षष्ठीसूचक प्रयोगो पण पूर्वनी जेवा वपराया छे.

'घरवासथी' एवो अर्थ सूचववा 'घरवास' शब्द ज वपरायो छे, एटले ते लुप्तविभक्तिवाळो प्रयोग छे एम कहेवाय. ए ज रीते 'संसारथी'ने बदले 'संसार' 'राजुलना पतिना' अर्थमां 'पति राजुल' 'प्रियनी पासे ले' एवुं सूचवचा 'प्रिय लइ पासि' 'पासमांथी' एवुं बताववा फक्त 'पाह' 'मुनिपतिना' अर्थे 'मुणिवइ' अने 'चरणमां लागी' अर्थ बताववा 'चरण लगी' आवा प्रकारना लुप्त विभक्तिवाळा के व्यवहित विभक्तिवाळा प्रयोगो ए कृतिओमां आवेला छे. कविताओमां आ जातना प्रयोगो

३०६ जुओ प्राचीनगुर्जरकाव्यसंग्रह पृ० ८७ तथा ९१.

सुलभ छे अने आ जातनी कविताओमां आजे पण एवां पदो वापरवानी प्रथा चालु छे.

संस्कृत कविताओमां आवा प्रयोगो नहीं मळे अने प्राकृतमां पण घणा विरल. लोकभाषामां ज आवा प्रयोगो अवतरे छे अने छूटथी वपराय पण छे.

संस्कृतमां प्रथमांत 'शत' संख्यासाथे वपरातुं संख्येय षष्ठीमां पण आवे छे: 'करस्य शतानि–हाथना सैंकडा–सैंकडो हाथो' एनी ज पेठे अहीं 'वरह सयाइ' प्रयोग वपरायेलो छे. वरस्य शतानि–वरना सैंकडा-सैंकडो वरो. चालु भाषामां आ जातनी प्रयोगपद्धति नथी चालती. आ तो संस्कृत–प्राकृतनुं प्रतिबिंब छे.

गर्ज–गज्ज–ते ऊपरथी गाजंते, नृत्य–नच्च–नाचंते, सज्ज–सज–साजंते, वक्रक–वंकय–वांकउ, ए पदोमां स्वरभारनी सुरक्षितता माटे संयुक्त अक्षरनी पूर्वनो स्वर भारे थाय छे. त्यारे सौभाग्य–सोभग्ग–सोहाग–सोहग, झवक्कइ–झवकइ, विनष्टक–विनट्ठय–विणठउ–ए पदोमां संयुक्त अक्षरनी पूर्वनो स्वर, भारे थया विना पण स्वरभार जळवाई रह्यो छे, तेनुं कारण ते ते पदोमां 'ह' 'झ' अने 'ठ' महाप्राण छे, ए जणाय छे. उच्चारणनी रीतोमां स्वरभार जाळववानी अनेक पद्धतिओ छे. उच्चारण-कर्तानुं मुख पोताने ज्यां जे रीत अनुकूळ जणाय त्यां तेनो आश्रय आपोआप लई ले छे ए ध्यानमां राखवानुं छे.

'चडऊत्तर' नी व्युत्पत्ति

१४२ 'चडिउत्तरिय' नो अर्थ प्रसिद्ध छे. पाछलुं पद 'उत्तरिय' 'उत्' साथेना 'तॄ' ना 'तरिय' ऊपरथी आवेलुं छे. आगलुं 'चडि' 'चडिय' ऊपरथी. ८–४–२०६ मां हेमचंद्र 'आरोह' नो पर्याय 'चड' धातु छे एम जणावे छे. आ 'चड' धातु देश्य होय एम लागे छे.

'वज्जर्' नो चर्चा

'वज्जरिय' पद 'वज्जर्' धातु ऊपरथी आव्युं छे. 'कथ्' धातुना पर्याय रूपे 'वज्जर्' ने ८–४–२ मां सूचवेलो छे: उच्चरित--उच्चरिअ--वुच्चरिअ के प्रोच्चरित--पुच्चरिअ --वुच्चरिअ--वज्जरिअ--ए रीते संभव छे के--वुच्चरिअ--वज्जरिअ--द्वारा 'वज्जर्' धातु अने पुच्चरिअ--पज्जरिअ द्वारा 'पज्जर' धातु नीपज्यो होय. अन्यथा 'वज्जर्' अने 'पज्जर्' ए बन्ने धातुओ देश्य छे, एम मानवुं जोईए.

'सरवणि'

'सरवणि' शब्दनुं मूळ 'स्रु' धातुमां छे. 'कुण्डिकातो जलं स्रवति--कुंडीमांथी पाणी स्रवे छे--टपके छे--झरे छे.' ए प्रयोगमां जे अर्थ 'स्रु' धातुनो छे, ते ज अर्थ 'सरवणि' मां वपरायेला 'स्रु' धातुनो छे. 'स्रु' ऊपरथी आवेलो 'प्रस्रवण' शब्द संस्कृतमां प्रसिद्ध छे. 'स्रवण' ऊपरथी 'सरवण' शब्दने लाववानो छे. 'श्रावणनां सरवडां' प्रयोगमां जे भाव 'सरवडां' पदनो छे, ते ज भाव अहीं 'सरवणि' नो छे.

झिज्जइ

'झिजइ' एटले 'क्षीण थाय छे.' प्राकृतमां केटलेक स्थळे 'क्ष' नुं 'झ' उच्चारण थाय छे. (८–२–३) एम हेमचंद्र कहे छे अने 'झिज्जइ' 'झीणं' एवां उदाहरणो आपे छे. ए ऊपरथी एम कही शकाय एम छे के 'क्षीयते' अने आ 'झिज्जइ' बन्ने एकसरखां क्रियापदो छे.

झबक वगेरे अनुकरणो

'झबकइ' के 'झबकइ' ए वीजळीना झबकाराना अनुकरण ऊपरथी आवेलुं क्रियापद छे. ए ज रीते 'खलभल' 'झलहल' 'थरहर' 'रिमिझिमि' 'झिरिमिरि' वगेरे ए बधां पदो अनुकरण ऊपरथी आवेलां छे. क्षोभ सूचववा खलभल, आंखमांथी चमकारावाळुं पाणी पडतुं जणाववा के तेजनी चमक सूचववा झलहल, कंपनने दर्शाववा थरहर--थरथर, घूघरानो अवाज

पोते' एवो अर्थ थाय. अहीं एवो अर्थ घटे पण छे. परंतु जेमां एक साथे 'आत्मा + आत्मा' एम बे आत्मा लाग्या होय तेवो प्रयोग संस्कृत प्राकृतमां भाग्ये ज मळे छे. मात्र भाषामां मळे छे.

१४३ 'भिज्जंति–भिज्जइ' अने 'भीजइ' ए त्रणे क्रियापदो 'भींजावुं पीगळवुं–नरम थवुं'ना भावने सूचवे छे.

विनयचंद्रनी कृतिमां 'भिज्ज' पद छे अने त्यार पछीनी कृतिमां

भींजवुं

'भीज्' पद छे. वर्तमानमां ए उपरथी आवेलुं 'भींजवुं' पद छे. 'भिद्यते'–भिज्जति–भिज्जइ–भीजइ–ए रीते ए क्रियापदनो उगम छे. 'भिद्' धातु 'विदारण' अर्थने सूचवे छे अने 'मिद्' तथा 'मिद्य' धातु 'स्नेह' अर्थने जणावे छे. 'विदारण' एटले 'फाडवुं–चीरो करवो'. आ क्रिया जेम बाह्य पदार्थने लागु पडे छे तेम आंतरिक मन, बुद्धि अने आत्माने पण लागु पडे छे. एक ज प्रकारना संकल्पवाळां मन, बुद्धि अने आत्मा ज्यारे पोते स्वीकारेला संकल्पथी चळतां नथी त्यारे तेओ 'भेदातां नथी' एवी क्रियाना व्यवहारने योग्य बने छे. अहीं पण जे 'भिज्ज' के 'भीज्' क्रिया वपराणी छे ते, एक ज प्रकारनां संकल्पने वरेलो आत्मा 'एकनो बे नथी थतो–भेदातो नथी–भींजातो नथी' ए अर्थने बतावे छे. ए जोतां अर्थ अने वर्णविकार ए बन्ने दृष्टिए उक्त 'भिद्यते' क्रियापदमां प्रस्तुत 'भिज्ज' 'भीज्' के 'भींजवुं'नुं मूळ रहेलुं छे. अथवा 'स्निग्ध थवुं–कोमळ थवुं–आर्द्र थवुं' ए अर्थमां 'मिद्' अने 'मिद्य' धातुओ वर्ते छे, तेमांना 'य'वाळा 'मिद्य' धातु उपरथी मिद्यति–मिज्जति–म्हिज्जति–भिज्जति–भीजति अने ए उपरथी 'भींजवुं' ए रीते उक्त 'भिज्' अने 'भीज्' ए बन्ने पदो आवी शके एम छे. आ पक्षे 'मिद्य' मां 'ह' ने प्रक्षिप्त समझी ते उपरथी 'भ' लाववानी कल्पना करवानी छे. अर्थमां तो कशी ताणखेंच नथी रहेती. 'मिद्यति'

एटले 'स्निग्ध थाय छे.' अने ते ऊपरथी आवेला 'भिजाति' एटले पण 'स्निध थाय छे—नरम थाय छे—पोतानो आग्रह मूकी सामाने अनुसरे छे.' उक्त बे कल्पनाओमां जे प्रामाणिक अने संगत लागे तेने अहीं लेवानी छे. विशेष तपासतां जणायुं के पोताना अनेकार्थसंग्रहमां 'भेद' शब्दना अर्थो बतावतां आचार्य हेमचंद्र कहे छे के,

"भेदो विदारणे द्वैधे उपजाप–विशेषयोः"—(कां०२, श्लो० २२७)

अर्थात् भेद–विदारवुं–फाडवुं, भेद–द्वैध–द्विधा थवुं–बे प्रकारे थवुं–चलित थवुं, भेद–उपजाप–एक प्रकारनो जाप, भेद–विशेषता–जुदाई. आ जोतां तो उक्त 'भिद्' धातु ऊपरथी 'भिज्ज्' के 'भीज्' 'भींजावुं' पद आवे तो अयुक्त नथी ने 'मिद्'नी कल्पनानी जरूर नथी.

१४४ 'अनेरी कन्हइ' 'अनेरा कण्हइ' पदमांनुं 'अनेरी' के 'अनेरा' पद 'अन्यतर–अन्नयर–अन्नइर–अनइर–अनेर' ए रीते लाववानुं छे.

अनेरा

अहीं पण 'अइ'नो 'ए' स्वरभारने साचवी ले छे. तेथी 'अन्न'नुं 'आन' थतुं अटके छे. संबंधसूचक 'ईय' प्रत्ययवाळा 'अन्यतरीय' ऊपरथी 'अनेरी' अने संबंधसूचक षष्ठीविभक्तिवाळा 'अन्यतरस्य–अन्नतरस्य–अन्नतराह–अन्नतरा' ऊपरथी 'अनेरा' लावी प्रस्तुतमां 'अनेरी' अने 'अनेरा'ना अंत्य 'ई' अने 'आ'नी उपपत्ति समझवानी छे.

'नेमिसमं' साथेनो 'सम' शब्द 'सरखा'ना अर्थनो द्योतक छे. 'नेमिसमं' एटले 'नेमिसमान–नेमि जेवुं.'

'दिक्खाडिउ'—देखाडयो. हेमचंद्र कहे छे के 'दृश' धातुनो

देखाडवुं

समानार्थक बीजो एक 'देक्ख्' धातु छे (८–४–१८१). तेनुं प्रेरक देक्ख्+आड–देक्खाड अने तेनुं भूतकृदंत 'देक्खाडिओ' ऊपरथी 'दिक्खाडिओ'. संस्कृतमां

'दृश्' धातुना 'द्रक्ष्यति' 'दृक्षीए' वगेरे रूपोमां जे 'द्रक्ष' वा 'दृक्ष्' अंग जळवायुं छे ते उक्त 'देक्ख' वा 'दिक्ख'ना मूळमां छे ए ध्यानमां रहे.

'छेहु' आ० हेमचंद्र 'अंत' अर्थवाळा 'छेअ' शब्दने देश्य कहे छे (देशीश० वर्ग–३, गा०३८) अहींनो 'छेहु' 'विश्वासना अंतने –विश्वासघातने' सूचवे छे. एटले प्रस्तुत 'छेहु' अने उक्त देश्य 'छेअ' ए बे वच्चे वधारे पडती समानता छे. संस्कृत 'छेद' अने प्राकृत 'छेअ' तथा उक्त देश्य 'छेअ' ए त्रणे शब्दो परस्पर मळता आवे छे.

वाडो

अहीं 'वाडु' शब्दनो अर्थ 'वाडो' छे. हेमचंद्र "पाटकस्तु तदर्धे स्यात्" (अभिधान० कां ४, श्लो० २८) कहीने गामना अडधा भागने 'पाटक' कहे छे. अत्यारनी भाषामां वपरातो 'पाडो' के 'वाडो' नुं मूळ ए 'पाटक' छे. नगरनी पासेना 'परा'ने हेमचंद्र 'शाखापुर' कहे छे (अभिधान० कां ४, श्लो० २७) आजनुं 'शापुर' ए शुं ए 'शाखापुर' उपरथी आव्युं छे के तेनो संबंध कोई शाह–पादशाह साथे छे?

ऊपरि

१४५ 'ऊपरि'मां 'ऊ' दीर्घ शा माटे छे? आ अने आगली कृतिओमां ज्यां ज्यां 'ऊपरि' शब्द आव्यो छे त्यां बधे ते आदिमां दीर्घ 'ऊ' वाळो छे. जैन आगमोमां 'उपरि'ना अर्थमां अनेक स्थळे 'उप्पिं' शब्द आवे छे. आ उपरथी मालूम पडे छे के 'ऊपरि'ना आद्य 'ऊप'नुं मूळ ए 'उप्प'मां होवुं जोईए. एम होय तो 'ऊपरि'ना आद्य दीर्घनी संगति थई शके छे. वैयाकरणो 'ऊर्ध्व'ने 'रि' प्रत्यय कल्पी 'उपरि' शब्दनी कल्पना

करे छे (७–२–११४) 'ऊर्ध्व + रि–उव्भरि–ऊपरि' ए जोतां पण 'ऊपरि' नो आद्य 'ऊ' दीर्घ छे, ते बराबर छे. संस्कृत वैयाकरणोए 'उपरि' मां मूळ 'ऊर्ध्व' शब्द तो कल्प्यो परंतु साथे 'ऊर्ध्व' नो 'उप' आदेश पण कल्प्यो छे. आ कल्पनाथी 'उपरि' शब्दनी निष्पत्ति तो थई परंतु तेनुं मूळ 'ऊर्ध्व' मां छे तेनी निशानी भुंसाई गई त्यारे भाषानां 'ऊपरि' मां तेनी निशानी जळवाई रही छे. गुजराती जोडणीमां 'उपरि' नी जोडणी आदिमां ह्रस्वरूपे स्वीकारी छे. मने लागे छे के तेमां उक्त संस्कृत कल्पनानुं अनुकरण छे; परंतु शब्दना मूळने वीसारी देवामां आव्युं छे. 'ऊर्ध्व' ने 'रि' प्रत्यय [२०७] लाग्या पछी ते द्वारा ऊपर जणाव्या प्रमाणे 'ऊपरि' पद बराबर आवी शके एम छे. 'ऊर्ध्व' नो 'उप' कल्पवानी जरूर नथी. अवेस्तानी भाषामां 'ऊपर' अर्थमां अनेक स्थळे 'उपइरि' शब्द आवेलो छे. (खोरदेह अ० पृ० ४५) ए ज प्रमाणे 'नीचे' ना अर्थमां 'अधइरि' शब्द अवेस्तामां वपरायेलो छे. (पृ० ४५) 'उपइरि', 'अधइरि' नो 'इरि' जोतां एम भासे छे के ए 'इरि' नुं मूळ 'ऊर्ध्वतरे' 'अधस्तरे' मां रहेला सप्तमीविभक्तिवाळा 'तरे' पदमां होय. आ रीते तो वैयाकरणोए कल्पेलो 'रि' प्रत्यय पण संगत लागतो नथी. अवेस्तामां 'उपइरि' ए चतुरक्षर पद होई विलंबित उच्चारणवाळुं छे माटे ज तेमां आद्य 'उ' लघु छे त्यारे भाषामां तो ए

२०७ आद्य वैयाकरण पाणिनिए कह्युं छे के 'ऊर्ध्व' शब्दनो 'उप' आदेश करवो अने तेने 'रि' प्रत्यय लगाडवो.—(७–२–११४) खरी रीते ऊर्ध्व+र (स्वार्थिक) ते द्वारा प्राकृत उब्भर, तेनुं सप्तमी एकव० उब्भरे, अने ए 'उब्भरे' द्वारा 'उप्परि' 'ऊपरि' वगेरे पदो आवेलां छे. अने केवल 'उप्पि' पद तो ऊर्ध्वे–उब्भे–उप्पे–उप्पि ए रीते आवेलुं छे. गूजरातीना प्राचीन नमूनाओमां अनेक स्थले उप्परि, ऊपरि, ओपरि एवां पदो उपलब्ध छे. आम, संस्कृत कहेवातुं 'उपरि', खरी रीते तो प्राकृत छे.

पद, त्र्यक्षर होवाथी द्रुत उच्चारणवाळुं बने छे तेथी ज त्यां तेनो आद्य 'उ' गुरु रहेवो जोईए. पूर्वोक्त 'उप्पिं' तो 'ऊर्ध्वे'–'उप्पहिं' ऊपरथी सीधुं ज आव्युं छे. तेने 'रि' प्रत्यय नथी लाग्यो.

१४६ धातुसंग्रहमां पहेला गणमां 'अवरोध' अर्थमां 'वल' धातु जणावेलो छे, ते ऊपरथी 'वलि–वलि' क्रियापद आवी शके छे. 'वलि वलि' ए बीजा पुरुषना एकवचननुं क्रियापद छे. तेनो अर्थ–'वळवळ–पाछो वळ–रोकाई जा' छे.

'जित्तउ' अने 'जीतउ' ए बन्ने एक ज अर्थमां छे. 'जित्यो' तेनो अर्थ छे. ते ज अर्थमां 'जि' धातुनुं 'जिप्पिअ' रूप पण थाय छे. मने लागे छे के 'जिप्पिअ'ना अनुकरण द्वारा 'जित्तउ' मां बेवडो 'त्त' अने जीतउ'नो 'जी' दीर्घ थयो जणाय छे.

'टोहणकालि' एटले 'टोवाने वखते'. 'टोवुं' एटले 'खेतरमां पक्षी वगेरेने आवतां रोकी राखवा जे अवाजो करवा पडे ते क्रिया.' संस्कृत धातुसंग्रहमां 'स्तुभ्' धातु 'क्रियानिरोध'ना अर्थने सूचवे छे. थोभवुं,

टोवुं

थोभो, थोभनारो वगेरे पदो उक्त 'स्तुभ्' ऊपरथी आवेलां छे. ए प्रमाणे 'स्तोभन'–'थोभण–थोहण–टोहण' ए रीते 'स्तुभ्' ऊपरथी 'टोहण' शब्द आवे छे अने अर्थनी सुघटना पण रहे छे. भाषानो 'टोयो' शब्द पण 'स्तुभ्' ना 'स्तोभकः–थोभओ–थोहओ–टोयो'–ए रीते आवेलो छे.

'हिल्लि' शब्द क्रीडावाचक 'हेला' नुं रूपांतर छे. 'हेला' एटले

हिल्लि

विलास. अथवा 'हेलि' एटले 'आलिंगन'. ए ऊपरथी पण 'हिल्लि' पद आव्युं होय. परंपराए अहीं बन्ने अर्थ घटमान छे. अहीं 'हिल्लि' नो सीधो अर्थ 'हेळ'–साहचर्य छे.

गमार

'गमार' शब्द फारसी 'गुमराह' नुं रूपांतर लागे छे. हेमचंद्र 'मुह-मुह्यति' धातुना पर्याय तरीके 'गुम्म' धातुनो निर्देश करे छे (८-४-२०७) तथा 'मूढ' अर्थमां 'गुम्मइअ' शब्द देशीमां पण नोंधे छे (देशी० व० २, गा० १०३) 'गमार' नो उक्त 'गुम्म' या 'गुम्मइअ' नी कांई साम्य छे के केम ? ए विचारता अहीं 'गम्म' नो उल्लेख कर्यो छे. गुर्जरनिर्मलरासमां संग्रहायेला सप्तक्षेत्रि रासमां 'गमार' अने 'गामार'-(गाथांक १५-१६) एम बे शब्दोनो 'गामडियो-मूर्ख-अजाण' अर्थमां प्रयोग करे छे. प्रस्तुत 'गमार' अने सप्तक्षेत्रिमां प्रयोजेला 'गामार' के 'गमार' नो अर्थभेद नथी. संभव छे के 'जेमना आचारविचार ग्राम्य होय' तेवा लोक माटे 'ग्राम्याचार' शब्द वपरायो होय अने ते द्वारा उक्त बन्ने पदो आव्यां होय: ग्राम्याचार—गम्माआर—गम्मायार—गामार—गमार के गमार.

माचवि—मच्चति—मच्चइ—माचइ—माचइ—ए रीते 'हर्ष' अर्थवाळा 'मद्' धातु उपरथी 'माचइ' अने चालु 'माचवुं' पदो आव्यां छे.

प्रत्येति—पत्तिज्जति—पतीजसि ए रीते 'पतीजसि' पद आव्युं छे. एनो अर्थ 'तुं विश्वास करे छे'.

'क्रन्द्' धातुद्वारा 'कंदति' क्रियापद आव्युं छे.

भर्तृ—भत्तारि—ए रीते 'भत्तार'.

गर्दी—खोखरी. एनी व्युत्पत्ति अवगत नथी.

नडशुं

'नडइ' क्रियापद अहीं 'नेवा' अर्थने सूचवे छे. "राजुल एनी सखीने कहे छे के हे भोळी सखी! तुं खरेखर गमार छे. नेमिकुमार विद्यमान होय त्यां सुधी पोते कोई बीजा पुरुषने सेवे तो समजवुं के गजवरनो योग थयो छतां ते

गधेडे चडे छे." आ अर्थ अहीं बराबर घटमान छे. माटे अहींना 'नडइ' पदनुं मूळ 'लड–उपसेवायाम्' धातुमां समझवुं. (धातुपारायण पृ० २४९, धातु–५५)

'दुहिता' ऊपरथी 'धूआ' (८–२–१२६) 'धूआ'मां स्वर परिवर्तन थवाथी 'धीय' पद आवे छे. काठियावाडीलोककथामां 'दीकरी'ना अर्थमां जे 'धी' शब्द आवे छे ते पण आ रीते आवेलो छे.

प्रस्तुत कृतिमां 'धूय' अने 'धीय' ए बन्ने शब्दो वपराया छे. भाषामां वपरातो सुंवाळी (पूरी) अने प्रस्तुत 'सुहाली' बन्ने समान अर्थना छे. 'सुहाली' शब्द देश्य जणाय छे अथवा सुखवाचक देश्य सुहल्लि (देशी० व० ८, गा० ३६) साथे पण तेनो संबंध होय.

प्र + अङ्कुर = 'प्राङ्कुर' ते ऊपरथी नाम धातु 'प्राङ्कुरयति' प्रस्तुत 'पंगुरइ'नुं मूळ आ 'प्राङ्कुरयति'मां छे. भाषानुं 'पांगरे' क्रियापद पण आ रीते आवेलुं छे.

पांगरवुं

देश्यसंग्रहमां 'बलात्कार' अर्थे 'मड्डा' शब्दनो उल्लेख छे. ते ऊपरथी अहींनो 'मांडी' शब्द आव्यो छे अथवा 'मांडवुं' ज अर्थ लईए तो 'मण्ड' धातु ऊपरथी ते पदने लाववुं. भाषानो 'मांडमांड' शब्द उक्त 'मड्डा' ऊपरथी आव्यो छे.

'गहिल्ली एटले घेली–मूरखी. 'ग्रहिल' पद उपरथी 'गहिल्ली' पद आव्युं छे.

'विध्यति'—'विज्झइ' ऊपरथी वेझइ–वींझे–वींधे–आव्युं छे.

'मत्तक :'—मत्तओ–मातउ–मातो.

थिउ–थयो. स्थित :–थितो–थिओ–थिउ–थयो.

---

३०८ सौराष्ट्रनी रसधारमां 'दीकरी' अर्थ माटे 'धी' शब्द वपरायेलो छे.

'चवइ' एटले चवे छे–च्युत थाय छे. 'च्यवते'नां प्राकृत 'चु' उपरथी 'चुअइ.' ने उपरथी 'चुअवइ' अने

चूइ

ने द्वारा चुअइ–चुअइ–चूइ. अथवा 'च्यवति' ने बदले हेम 'च्यवति' पण थाय छे (७–३–२९) तेम 'च्यवते' अने ते उपरथी च्यवंति–चवंति–चुअंति–चुअंति–चुवे–चूवे अथवा 'नाशी जवुं–नष्ट थवुं' अर्थवाळा 'चुत' धातु द्वारा चोतति–च्योतति–चोअइ–चोअइ–चुअइ–चुवे–चूवे एम पण थई शकाय. हेमचंद्र आ 'चुअ' ने 'भ्रंश' धातुनो पर्याय गणी देश्यकोटिनो गणे छे. (८–४–१७७).

'दिव्य' उपरथी दीप.

'मुहाडि' शब्द देश्य लागे छे. 'एम ज वहेतुं' एवा अर्थे हेमचंद्र 'मुहिअ' अने बीजा देश्य संस्कारो 'मुहिआ' शब्द आपे छे. (देशी० वर्ग ६, गा० १३४). संभव छे के उक्त 'मुहाडि' नो संबंध देश्य 'मुहिआ' के 'मुहिअ' साथे होय.

मुंडकियाडि–मुंड–मूंडे. 'णिलाड'–ललाट. 'ललाट' ने बदले 'णिडाल' के 'णिलाड' शब्द हेमचंद्रे नोंध्या छे. (८–१–४७ तथा ८–२–१२३) 'मुंड' नी व्युत्पत्ति अस्पष्ट छे.

'माल' शब्द देश्य छे. ते उपरथी सप्तमी 'मालि–मांचडा उपर'–माळा उपर (देशी० व० ६, गा० १४६).

'चणक' उपरथी 'चिणय–चणो.' "चणको हरिमन्थकः" (अभिधान० कां० ४, श्लो० २३७).

मरिचि–मिरिय (८–१–४६) मरी–तीखां.

'अडगी' एटले अ + डगी–'हजु तुं डगी नथी एवी छो' एटले 'मुग्धा छो' एम जणाय छे.

'आल' शब्द अनर्थने सूचवे छे. 'आळपंपाळ' मां रहेलो 'आळ' जे भावने जणावे छे, ते ज भाव अहींना 'आल' नो छे. "आलं स्यात्–अनर्थ–हरितालयोः" (अनेकार्थसं० कां० २, श्लो० ४६३ हे०).

'झख' धातु देश्य छे. 'नीसासो मेलवो' 'विलाप करवो' 'पोतानी जातने ओळंभो देवो' ए तेना त्रण अर्थ छे. अहीं त्रणे अर्थो घटे एम छे. 'झख' ना मूळनी खबर नथी. तत्समान 'झंख' माटे जुओ (८–४–२०१, ८–४–१४८, ८–४–१५६ हे०). उक्त 'झख' बीजा पुरुषनुं एकवचन छे अने 'झंख' धातु उपरथी आवेलुं होय.

'दोहिल्लउ' भाषामां 'दोयलुं'–अहीं सखी, राजुलने कहे छे के

दोयलुं

"तुं सुंवाळी छे अने तप 'दोहिलं' अर्थात् 'कठोर' छे–दुःखकारक छे." आ अर्थ जोतां दुःख–दुक्ख–दुह–तेने 'इल्ल' प्रत्यय लागी अने ते द्वारा 'दोहिल्लउ' शब्द आवे. भाषामां प्रचलित 'दुहववुं' क्रियापदनुं मूळ 'दुःख' धातुमां छे, अथवा 'दुर्लभ' 'दुल्लह' 'दुल्लहउ' मां वर्णव्यत्यय अने स्वरपरिवर्तन थवाथी पण 'दोहिल्लउ' नीपजे. अहीं 'दुःख करवा' नो भाव बराबर संगत छे.

'तृप्ति' अर्थवाळा 'ध्रा' धातु उपरथी 'ध्राइ' क्रियापद आव्युं छे. भाषानुं 'धरावुं' पद पण 'ध्रा' मांथी आव्युं छे.

'फिरइ' एटले फर्या करे छे. 'चालवुं–फर्या करवुं' अर्थनां 'स्फर' धातु छे (धातुपारायण पृ० २१६, धातु ८४)

फरवुं

ते उपरथी स्फरति–फरति–फरइ–फिरइ–ए रीते 'फिरइ' पद लाववानुं छे.

उव्वाहुलि—ऊंचा हाथ करेला छे एवी—उत्साहवाळी—उतावळी. उद् + बाहु—उव्वाहु, स्वार्थिक 'ल' लाग्या पछी 'उव्वाहुली' ते ऊपरथी 'ऊव्वाहुलि.' संभव छे के 'ऊमाहवुं' 'उत्साह थवो'—क्रियापदनुं मूळ, प्रस्तुत 'उव्वाहु' पदमां होय. अथवा 'औत्सुक्य' अर्थमां आ० हेमचंद्र 'उव्वाहुलि' शब्दने (देशी० वर्ग १, गा० १२६) देश्यरूपे नोंधे छे. ते 'उव्वाहुल' शब्द ऊपरथी अहींनुं 'ऊव्वाहुलि' स्त्रीलिंगी रूप आव्युं होय.

ऊव्वाहुलि

फागुबंधि—फागबंधवडे.—फागुबंध एटले विशेष प्रकारनी पद्यरचनानो प्रकार. हेमचंद्र, 'वसंतनो उत्सव' अर्थमां 'फग्गु' शब्दने देश्यरूपे जणावे छे. (देशी० व०६, गा०८२) 'फाग' नो संबंध 'फागण' महिना साथे छे ए जाणीतुं छे.

फाग

वर्षा + काल'—वर्षाकाल—'वरिसाल' तेनुं सप्तमी एकवचन वरिसालइ—वरसादने समये—चोमासामां.

'ऊतावलि' शब्दनुं मूळ 'उत्' साथेना 'त्वरा' अर्थवाळा 'त्वर' धातुमां छे. 'त्वर' ना 'त्व' मां 'त्' अने 'व' वच्चे 'आ' उमेरवाथी 'तावर' थतां ते द्वारा उक्त 'ऊतावलि'—'ऊतावळो'—'ऊतावळ' वगेरे शब्दो आवे छे.

'रहेवा' अर्थवाळा देश्य 'रह' धातु ऊपरथी 'रहियउ'—रह्यो—पद आव्युं छे.

'पाणीनो वहेळो' अर्थमां 'वहेळा' शब्द भाषामां प्रसिद्ध छे. देश्य संग्रहमां 'वाहली' 'विरओ' अने 'वहोलो' ए त्रण शब्दो नोंधेला छे. (देशी० वर्ग ७, गा०३९—"वहोलो वाहली विरओ त्रयोऽपि एते लघु जलप्रवाहवाचकाः"). प्रस्तुत

वहेळो

'वाहला' बहुवचन छे, तेनुं मूळ 'वाहल' पद 'वाहली' शब्द साथे संबंध धरावे छे. संभव छे के मूळ 'वह्–वहेवुं' धातु साथे वाहली, वहोलो के वहेळा पदनो संबंध होय.

चमत्कृत–चमक्किय–चमकिय–चमकी ए क्रम 'चमकिय' नी निष्पत्तिनो छे.

'वधावी'ना मूळमां प्रेरणासूचक प्रत्यय साथेनो 'वृध्–वधवुं' धातु छे. वृध्–प्रेरणा अर्थे–वर्ध–प्रा० वद्धाव. ते ऊपरथी भूतकृदंत 'वद्धा-विया' अने ते द्वारा 'वधावी.'

भाषामां 'लेंको' शब्द स्त्रीओनी विशेष प्रकारनी चेष्टानो सूचक छे.

लेंको

प्रस्तुत 'लहकंती' पद 'लेंका करती'ना भावने दर्शावे छे. एना मूळमां 'लस्' धातु द्वारा बनेलो 'लसक' शब्द छे. 'लसकं करोति लसकयति' ए रीते नामधातुरूप 'लसक' ऊपरथी वर्तमान कृदंत 'लसकयन्ती' अने ते द्वारा 'लहकंती' नीपजे छे. अथवा विशिष्ट प्रकारना नृत्य माटे वपराता 'लास्य' शब्दने 'क' लगाडीए तो 'लास्यक' थाय. 'लास्यक'नुं नामधातु तरीकेनुं 'लास्यकयति' आनुं वर्तमानकृदंत 'लास्यकयन्ती' ते ऊपरथी पण 'लहकंती' पद आवे. मूळ बन्नेमां 'लस्' धातु समजवानो छे.

जोडंती–जोडती 'युक्त' ऊपरथी जुत्त–जुट्ट–जुड्ड–जोड–जोडंती. ए

जोडंती

रीते 'युक्त' मांथी 'जोड' धातु नीपजावी तेनुं वर्तमानकृदंत 'जोडंती.' हिंदीमां 'जोडना' अर्थ माटे 'जुट' शब्द प्रचलित छे. आ कल्पना क्लिष्ट जणाती होय तो संबंधवाची ("यौड़ संबन्धे"–धातुसंग्रह भ्वादि०) 'यौड्' धातु ऊप-रथी प्रा० 'जोड' अने तेनुं वर्तमान कृदंत 'जोडंती.' एम बन्ने रीते 'जोडंती' ने नीपजावी शकाय एम छे.

मने लागे छे के "'थींड्' धातु मौलिक नथी. ते पण 'थुक्त' उपरथी आव्यो जणाय छे. धातुसंग्रहमां एवा बीजा घणा धातुओ छे जेओ भूतकृदंत उपरथी आवेला छे. सं० भृत–प्रा० भट, ते उपरथी 'भट–भृतौ' धातु. सं० पिष्ट–प्रा० पिट्ठ–ते उपरथी 'पीड' धातु. सं० ऋद्ध–प्रा० इद्ध. ते उपरथी 'एध्–वृद्धौ' धातु वगेरे. प्रसिद्ध भाषाशास्त्री महामहोपाध्याय श्रीमान विधुशेखर शास्त्रीजी 'केटलाक धातुओ भूतकृदंत उपरथी आवेला छे' एवो अभिप्राय धरावे छे अने तेमणे पोतानो ए अभिप्राय 'द्विवेदीस्मारक' लेखसंग्रहवाळा पुस्तकमां व्यक्त पण कर्यो छे. आ उपरथी भूतकृदंत द्वारा धातुओ बनाववानी पद्धति विशेष प्राचीन छे ते स्पष्टपणे माल्रम पडे छे. आ पद्धति गुजराती वगेरे चालु भाषामां ज छे एम नथी परंतु संस्कारपूर्ण मनाती संस्कृत भाषामां पण ते, तरत ख्यालमां न आवे ए रीते उतरेली छे.

धीरिम

'धीरिम' पदमां अंत्यनो 'इम' भाववाचक प्रत्यय छे. धीरिम एटले धीरपणुं, मुणिस + इम–मुणिसिम–मनुष्यपणुं. आ 'इम' प्रत्यय घणो ज प्राचीन छे. अवेस्तामां मित्रता–दोस्ती–ना अर्थमां 'ह्खेमा' शब्द आवे छे. ते 'सखि + इमा' उपरथी आवेलो छे. (खोर० अ० पृ० १८४, शब्द अं० २९) ८–२–१५४ सूत्रमां हेमचंद्रे भाववाचक प्रत्ययोनी गणनामां आ 'इमा'ने पण नोंधेलो छे. संस्कृतमां ते 'इमन्' रूपे प्रसिद्ध छे.

मनावइ–मनावे छे. 'मन्' धातुनुं प्रेरक 'मानय' प्रा० 'मनाव.' ते उपरथी मनावइ. 'मन' एटले जाणवुं–मनाव–जणाववुं–समझाववुं. 'मनाव'नो प्रयोग 'मनाववा' अर्थमां रूढ थवाथी संकुचितार्थक छे, तेथी 'जणाववुं' एवा विशाळ अर्थमां ते न वपराय.

'मडप्फर' शब्द देश्य छे. तेनो अर्थ छे: अभिमान. (देशी० व० ६ गा० १२०) 'मडप्फर' लोकभाषानो शब्द छे एम हेमचंद्र कहे छे. (८-२-१७४)

'अच्छ' ऊपरथी 'आछ' एटले निर्मळ—अतिआछउ—अतिनिर्मळ.

आछुं भाषामां बहु बारीक कपडा माटे 'आछुं' शब्द वपराय छे. संभव छे के ए 'आछुं' शब्द पण पूर्वोक्त निर्मळ अर्थवाळा 'अच्छ' ऊपरथी आव्यो होय अने ए पक्षे लक्षणाद्वारा अर्थसंगति घटमान छे. अथवा 'आ' साथेना 'छाद' अर्थात् ('आच्छाद'—ढांकवुं) 'आच्छाद' धातु साथे वस्त्रवाची 'आछुं' शब्दनो संबंध होय. अन्यथा बारीक कपडा माटेना 'आछा' शब्दनी व्युत्पत्ति शोधनीय रही.

सं० परिदधाति—प्रा० परिधाति—परिहाइ—पहिरेइ—ए रीते 'पहिरेइ'नी निष्पत्ति छे. 'परिधान' ऊपरथी 'परिहाण' अने व्यत्यय थतां पहिराण—पहिरण—ए रीते 'पहिरण' शब्द आवे, तेनुं सप्तमीमां—पहिरणि.

संथउ—सीमन्तकः ऊपरथी सीमंतओ—सीभंतउ—सींतउ—संथउ—सिथउ—सेंथो.

'बोरीयावडि'—एक प्रकारना वस्त्रनी जात छे. सं० 'बदर' नुं 'बोर'

बोरीयावडि ए प्रा० उच्चारण छे. अने 'वडि' नुं मूळ 'पट' शब्दमां छे. आ जोतां जे कपडामां 'बोर'नी भात होय वा जे कपडामां सोनेरी कसबवाळां बोर—बोरियां—टांकेलां होय. ते कपडुं 'बोरियावडि' कहेवाय. प्रस्तुतमां 'बोरियावडि' शब्द 'कांचळी' माटे वपरायेलुं विशेषण छे: बदरिकापटी—बोरियांवडी. 'बदर' ना 'बोर' माटे जुओ (८-१-१७०). हंसनी भातवाळुं वस्त्र 'हंसवडि' अने गज—हाथी—नी भातवाळुं वस्त्र 'गजवडि' ने नामे ख्यात छे

(जुओ पृथ्वीचंद्रचरित्र पृ० १०३ प्रा० गु० का० सं०) भाषानुं 'बोरियुं' पद उक्त रीते 'बदर' ऊपरथी लाववानुं छे ते ख्यालमां रहे. बोर–बोरियुं के 'बदर' मां कदनुं साम्य छे माटे ज ते बे वच्चे संबंध साधी शकाय छे.

'वा' ऊपरथी प्रा० वाअंते–वायंते. 'वा'–वावुं.

'स्थापना' ऊपरथी 'थापणा' अने ते ऊपरथी 'थापण'. 'स्थापना' एटले स्थापित करवुं. ते अर्थ संकुचित थईने 'थापण' एटले मात्र धनमाल वगेरेनुं पोताने के बीजाने त्यां स्थापित करवुं.

'स्तबक' एटले गुच्छो. ते ऊपरथी 'थबक' भाषानो 'थोक' 'थोकडो' वगेरेनुं मूळ 'थबक'मां छे.

फाडेइ–मूळ सं० पाटयति, प्रा० फाडेइ. 'वच्चे बराबर बे भाग करे छे' एवो अर्थ अहीं 'फाडेइ' नो छे. 'सेंथो पाडवो' प्रयोग भाषामां प्रचलित छे. तेमां पण 'पाडवो' मां 'पत्' धातु न समझतां उक्त 'पाट' धातु समझवानो छे.

'कञ्चुक' ऊपरथी कञ्चुकिका. अंदरना 'क' ने बदले स्वार्थिक 'ल' लागतां कञ्चुलिका–कञ्चुलिआ–कांचली–कांचळी.

'तन्' एटले ताणवुं–विस्तारवुं. सं० तानयति. प्रा० ताणेइ. ते ऊपरथी 'ताडेइ'–ताणे छे.

'कंचोला' नुं मूळ देस्य 'कचोलय' मां छे. आ शब्द घणो प्राचीन छे. आठमा सैकामां रचायेली कुवलयमालाना आरंभमां जेनी नोंध छे एवा

कचोळुं

'पउमचरिय'[२०९] जेवा प्राचीन ग्रंथमां पण ए शब्दनो उल्लेख छे. भाषामां तेने माटे 'कचोळुं' शब्द प्रसिद्ध छे. अर्थ जोतां एवो संभव छे के काच+पुटक–काचपुटक–

२०९ जुओ 'कचोलय' शब्द–पाइअसद्द० ।

काचपुडय—काचपुलय—काचउलय—काचोलय—कच्चोलय. ए रीते ते शब्द आव्यो होय. बारमा सैकाना सुपासनाहचरियमां पण ते शब्द वपरायेलो छे. "कच्चोलयमुहमेत्त" (सुपास० च० पृ० २०१—गा० ६५) आ जोतां आपणे त्यां काचनां पात्रोनी उत्पत्तिनो इतिहास विशेष प्राचीन जणाय छे.

गालमसूरियुं 'गालिमसूरा'नुं मूळ, देश्य 'गल्लमसूरिका' शब्दमां छे. 'गल्लमसूरिया' शब्द जैनसूत्र—जीतकल्पमां[३१] वपरायो छे. प्रस्तुत 'गालिमसूरा'नुं मूळ 'गल्लमसूरिया' शब्द छे. अथवा 'गाल' माटे 'गल्ल' अने 'मसूरिका' माटे 'मसृणिका' ने योजी शकाय. 'मसृण' एटले 'कोमळ.' गाल माटे जे कोमळ होय ते 'गालमसूरियुं' ए रीते तेनी व्युत्पत्ति साधी शकाय. 'गल्ल' अने 'मसृण' ए बन्ने शब्दोने उपर्युक्त अर्थमां हेमचंद्रे पोताना कोशमां नोंधेला छे. (अभिधान० कां० ३, श्लो २४६ तथा कां० ३, श्लो० ७७). चालु भाषामां ते माटे 'गालमसूरियुं' शब्द सुप्रसिद्ध छे.

कूवडिय मूळ कूप स्त्री—कूपिका. प्रा० कूविया, 'ड' लागतां 'कूवडिया' ते ऊपरथी 'कूवडिय' एटले कूई.

माणवुं 'माणीजइ' एटले माणवुं—भोगववुं—अनुभववुं. देशीशब्दसंग्रहमां - (वर्ग ६, गा० १३०) 'अनुभूत' अर्थमां 'माणिअ' शब्द नोंधेलो छे. एथी एम मालूम पडे छे के 'अनुभव' अर्थवाळो 'माण्' धातु देश्य छे. प्रस्तुत 'माणीजइ' क्रियापद आ 'माण' ऊपरथी लाववानुं छे अने भाषामां प्रचलित 'माणवुं' पद पण ए 'माण' मूलक छे.

'स्तंभ' ऊपरथी 'खंभ' (८—२—८) खंभ एटले खांभी—थांभलो.

---

३१० जुओ 'गल्लमसूरिया' शब्द—पाइअसद्द० ।

'हिंडोला'नुं मूळ देश्यपद 'हिण्डोलक' छे. "प्रेङ्खा हिण्डोलकाख्यः" (अभिधान कां० ३, श्लो० ४२२) कहीने आचार्य हेमचंद्र 'हिण्डोलक'ने 'प्रेङ्खा' नो पर्याय कहे छे. 'हिण्डोलक'नो अर्थ भाषाप्रसिद्ध 'हिंडोळो' छे.

'घाघरिं' नुं मूळपद देश्य 'घग्घर' छे. 'घग्घर' एटले घाघरो. "घग्घरं जघनस्थवस्त्रभेदः" (देशी० व० २, गा० १०७)

'मयमयंत' के 'मघमघंत' ए बन्ने पर्याय शब्दो छे. 'सुगंधना प्रसरण' अर्थमां ए पद वपराय छे. 'गंधनो प्रसार' ए अर्थे वपराता 'प्रसर्' धातुना पर्याय तरीके 'महमह' धातुने हेमचंद्रे आपेलो छे. (८–४–७८) "महमहइ मालइ." भाषामां प्रचलित 'मघमघवुं'नुं मूळ उक्त 'महमह' छे.

सं०—आहन्ति प्रा०—आहणए—आघात करे छे. सीधुं प्राकृत जेवुं पद पण भाषामां आवी गयुं छे.

'खड्ग' ऊपरथी 'खडग्ग' ते ऊपरथी तृतीयांत खडग्गिण—खड्गवडे.

मूं (मज्झ—मुज—मूं) + सिउ—मारी साथे.

'मलियउ'—मसळी नाख्यो. सं० 'मृद'ना पर्याय तरीके हेमचंद्र 'मल' धातुने नोंधे छे (८–४–१२६). ए 'मल' ऊपरथी 'मलिय' अने 'क' लगाडवाथी 'मलियउ.'

'अनेराकण्हइ' एटले बीजानी कने—पासे. आमांना 'कण्हइ' शब्दने केटलाक 'कर्ण' ऊपरथी लावे छे. परंतु 'कर्ण'नो 'पासे' अर्थ प्रतीत नथी, त्यारे 'कण्ठ' शब्द 'पासे'ना अर्थने स्पष्टपणे बतावे छे. "कण्ठो ध्वनौ संनिधाने ग्रीवायाम्" अनेकार्थ० कां० २, श्लो० १०१) ए जोतां 'पासे' अर्थवाळा

कने

'कण्ठे' ऊपरथी 'कण्णे' थईने 'कण्हइ' आवी शके एम छे. 'कूवाने कांठे' वगेरे वाक्योमां तो सीधो 'कंठ' शब्द 'पासे' अर्थमां वपराय पण छे.

ओछो

'ओछउ' एटले ओछो. तुच्छ—उच्छ. अने ए ऊपरथी 'ओछउ' शब्द आव्यो होय अथवा ए कोई देश्य शब्द होय. 'न्यूनता'ना अर्थमां प्रश्नव्याकरण सूत्रमां 'उच्छत्त' (तुच्छत्त) शब्दने वापरेलो छे एटले 'तुच्छक' ऊपरथी 'ओछउ' लाववानी कल्पना बंध बेसे एवी छे.

'कने कानो का' मां जे अर्थमां 'कानो' शब्द छे ते अर्थमां प्रस्तुत 'कानइ' पद वपरायुं छे अने तेनुं मूळ 'कर्ण' छे. 'कर्ण' नो अहीं लाक्षणिक अर्थ लेवानो छे.

मात्रा

'मात्रा' नो अर्थ 'कानो मात्रा' प्रयोगमांना 'मात्रा' प्रमाणे समझवानो छे. मात्र, मात्रि बन्नेनुं मूळ 'मात्रा' शब्द छे. 'मात्रा' नो प्रस्तुत अर्थ हेमचंद्र पोताना कोशमां पण आपे छे. "मात्रा परिच्छदे—अक्षरावयवे" (अनेकार्थ० कां० २ श्लो० ४३७) अर्थात् मात्रा एटले अक्षरनो अवयव—भाग.

'देववन्दन' मां बे 'व' साथे आववाथी एक 'व' लोप पाम्यो छे एथी 'चैत्यवन्दन—चेइअवंदण—चीवंदण' नी पेठे 'देवंदण' पद नीपज्युं छे. देवकुल—देवउल—देउल वगेरेमां आ जातनो लोप छे अने तेने हेमचंद्रे बतावेलो पण छे:—(८—१—२६८—२७१)

संव० १३४० नुं उच्चारण 'मात्रि' छे अने ए ज अर्थमां १३६९ नुं उच्चारण 'मात्र' छे. ए ज रीते १३४० नुं उच्चारण (संपुटकम्) 'सांपुडं, (संपुटिका) 'सांपुडी' छे, तेने बदले १३६९ नुं उच्चारण 'सांपडासांपडी' छे. जे चालु उच्चारणनी निकटनुं छे.

---

३११ जुओ 'उच्छ' पुं० [दे०]—पाइअसद्द०।

कवळी

कमली–पुस्तकना रक्षण माटे वपराय छे. ए दररोज वांचवाना पुस्तकने लपेटवाना खपमां आवे छे. कमळी के कवळी–कवळी बन्ने पर्याय छे. कमळी, वांसनी पातळी सळीओ अथवा पातळी चीपोने एक पछी एक गूंथवाथी बने छे. श्रीमान पुण्यविजयजीना कथन मुजब 'कम्बिकावली' के 'कम्ब्याली' (कम्बी+आली) ऊपरथी 'कमली' शब्द आव्यो छे. मारी समझ प्रमाणे मूळ '[३१२]कम्बिका' छे. 'क' ने बदले स्वार्थिक 'ल' लगतां कम्बिका–कम्बकी–कम्बली ऊपरथी 'कमली' पद आवेलुं छे. 'कमली'मां 'ल' लाववा माटे 'आवली' के 'आली'नी कल्पना करवा करतां 'वीजळी' नी जेम स्वार्थिक 'ल'नी कल्पनामां विशेष लाघव छे.

अहीं जे 'अतिचार'ना ऊतारा आप्या छे ते खास कोई विशिष्ट ग्रंथ नथी, परंतु जैन परम्परामां नियत पाक्षिक सांव्यकर्म माटे स्वदोषालोचमनी जे क्रियाओ योजायेली छे, ते क्रियाओ करतां श्रावक–श्राविकाओए ए पाठोने बोलवाना होय छे. एथी ए अतिचारोनी भाषा तत्कालीन उच्चारण पद्धतिने पण समझावी शके एम छे. जेमके 'अंग'ने बदले 'आंग' 'गया'ने बदले 'ग्या' 'सज्झाय'ने बदले 'सज्याइ' 'पठितम्' ऊपरथी 'पढियं' अने तेने बदले 'पढ्यं' चालु 'पढ्युं'. 'विघ्न'ने बदले 'विघन.' 'वैरी'ने स्थाने 'वयरी.' 'पराया' (परकीय)ने बदले 'पिराया' इत्यादि.

जे प्रयोगो तळपदा छे तेमने तळपदी भाषामां लखनारा पुरातन कविओए पोतानी कवितामां एवा ज मूक्या छे अने वर्तमान कविओ पण एवां पदोने प्रयोजे छे.

---

३१२ "रिट्ठामईयो कंबिआओ"–"रिष्टरत्नमय्यौ कम्बिके पृष्ठके इति भावः"–रायपसेण० (गू० ग्रं०) पृ० २३७ पं० १।

सारसंभाळ

'सारसंभाल' शब्द 'वारंवार स्मरण'ना भावने सूचवे छे. तेमां आवेलां 'सार' अने 'संभाल' ए बन्ने पदो 'स्मरण'ना अर्थने बतावे छे. 'स्मृ' उपरथी 'स्मार' अने ते द्वारा 'सार' तथा 'संस्मृ' उपरथी 'संस्मार' अने ते द्वारा 'संम्हार–संभाल' ए रीते 'सारसंभाल' पदनी उपपत्ति छे.

'पंचत्तालीस' एटले 'पीस्तालीश.' मूळपद 'पञ्च+चत्वारिंशत्' छे. ते उपरथी 'पंच+चत्तालीसा'. बे 'च' एक साथे आववाथी बोलवामां अगवड आवे छे माटे उच्चारण करतां एक 'च' आपोआप चाल्यो गयो, एटले प्रस्तुत 'पंचत्तालीस' पद आव्युं. ए ज रीते पञ्च+दश–प्रा० पण्णदह–पण्णरह अने ए उपरथी 'पन्नर' के 'पंदर'

'आ' एवा अर्थमां 'यउ' शब्दनो प्रयोग छे. हेमचंद्र 'आ' अर्थे 'आय' शब्दनो निर्देश करे छे (८–४–३६५) प्रस्तुत 'यउ' अने उक्त 'आय' ए बन्ने समान भासे छे: आय–आयउ–यउ.

'हमणाने' एवा अर्थमां 'हिवडातणइ' पद वपरायुं छे. 'हिवडा'ना मूळमां 'अधुना' पद छे. तेने संबंधसूचक 'तण' अने त्यार बाद 'सप्तमी'नो 'इ' लागवाथी 'हिवडा–तणइ' पद आवेलुं छे.

'दीर्घ'ना अर्थमां 'भारी' शब्दनो प्रयोग छे. चालु भाषामां पण 'दीर्घ'ने माटे 'भारे' प्रयोग प्रचलित छे. 'भृ' एटले 'धारण करवुं'. जेने धारण करवो पडे ते 'भार' अर्थात् बोझो. दीर्घ उच्चारण करतां उच्चारण करनार भार–बोझो अनुभवे छे, माटे 'दीर्घ' उच्चारणवाळा वर्णो 'भारी' के 'भारे' कहेवाय छे.

उत्ताणु

'उत्तान'–चत्तुं. ते उपरथी उत्ताणु. 'उत्तान'मां 'तन्' धातु अने 'उत्' उपसर्ग छे. 'तन्' एटले प्रसरवुं–विस्तरवुं. जेनो विस्तार उपर तरफ होय ते उत्तान.

'थापणिमोसु' एटले आवेली थापणने चोरी लेवी अर्थात् कोई घरे आवीने थापण मूकी गयुं होय ते ज्यारे पाछुं थापण लेवा आवे त्यारे नामुकर जवुं तेनुं नाम 'थापणिमोसु'. 'थापणि' पदनी व्युत्पत्ति चर्चाई गई छे. 'मोसु' ना मूळमां 'मुष्' 'चोरवुं' धातु छे. 'मुष्' ऊपरथी भाववाचक नाम 'मोष' अने ते ऊपरथी 'मोसु'.

कूडो

कुडउ एटले कूडो–खोटो. कुडी एटले खोटी. मूळ शब्द 'कूट'[313] छे. ते ऊपरथी कूटक–कूडय–कूडउ अने स्त्रीलिंगे कुडी. 'कूट' शब्दना अर्थो आपतां हेमचंद्र लखे छे के "माया, दम्भ, अनृत अने तुच्छ वगेरे" (अनेकार्थसं० कां० २, श्लो० ८३) प्रस्तुतमां 'कूट' शब्दने 'अनृत'–जूठुं–असत्य–अर्थनो समजवानो छे.

वढवाड

विढाविढि एटले वढवाड के वढवेड. चालु 'वढवाड' के 'वढवेड' नुं मूळ 'विढाविढि' छे. संस्कृत धातुसंग्रहमां 'व्यधंच्–ताडने' (धातुपारा० पृ० १७२) अने वर्धण्–छेदन–पूरणयोः (धातुपारा० पृ० २५६) एवा बे धातुओ छे. 'व्यध्' ऊपरथी 'विध्'+आविध्–'विधाविध' ए ऊपरथी के 'वर्ध्' ऊपरथी वड्ढ+आवड्ढ–'वड्ढावड्ढ' ए ऊपरथी 'विढाविढि' के आजनुं 'वढवेड'वा 'वढवाड' पद आवेलुं छे. ऊपरनी व्युत्पत्तिमां अर्थसंदर्भ अने वर्णपरिवर्तन ए बन्ने दृष्टि समुचितपणे रहेली छे अथवा 'विढाविढि' शब्द देश्य होय.

छानउ–छानुं–कोई न जाणे तेवुं. छन्नम्–छन्नकम्–छन्नयं–छन्नउं–छानउ–छानुं ए रीते ए पद आवेलुं छे. 'छन्न' नो धात्वर्थ 'ढांकेलुं' छे, परंतु अहीं तेनो ते अर्थ संकुचित करी तेने मात्र 'गुप्त' अर्थमां समजवानुं छे.

---

३१३ 'उवासगदसाओ' सूत्रमां 'कूडलेहकरणे' एवो प्रयोग मळे छे. तेमांनो 'कूड' शब्द 'खोटा' अर्थनो छे.

पाडइ—पाडे—पाडामां—महोल्लामां. मूळ शब्द 'पाटक' छे. तेनी चर्चा आगळ (पृ० ४१०) आवी गई छे.

'तूल' एटले तोलां. 'तुलण्—उन्माने' धातु ऊपरथी जे वडे तोल कराय तेवा अर्थमां 'तुल' शब्द आवे छे. प्रस्तुत 'तूल' नुं मूळ पण ए 'तुल' छे.

स्वप्नके—सिविणए—सिउणइ—एटले सोणे—स्वप्नमां. ए रीते 'सिउणइ' पद आवे छे.

'प्रति' ऊपरथी 'पति' एटले प्रत्ये—तरफ.

राडिभेडि—राडभेड—वढवाड. 'राडि'ना मूळमां 'राटि' शब्द छे.

राडभेड

'रट परिभाषणे' धातु ऊपरथी 'राटि' शब्द आव्यो छे. परिभाषण एटले कलह. 'राटि' शब्दने हेमचंद्र 'युद्ध' अर्थमां जणावे छे. (अभिधान० कां० ३, श्लो० ४६२—"राटिः समिति-संगरौ) देशीशब्दसंग्रहमां (व० ७ गा० ४) पण ए ज अर्थमां 'राडि' शब्दने नोंधेलो छे. 'भेडि' शब्द उक्त रीते 'व्यध्' ऊपरथी 'विडि' नीपजावी ते ऊपरथी लाववो जोईए अथवा 'भिद्' धातु ऊपरथी निष्पन्न थता 'भिदि' ऊपरथी 'भेडि' शब्द लाववो जोईए. चालु भाषामां 'गाळभेळ' मां जे 'भेळ' पद छे तेनो संबंध प्रस्तुत 'भेडि' साथे छे ए ध्यानमां रहे.

विराइउं—ठग्युं. विप्रतारितकम्—विप्पतारिअयं—विपतारिअयं—विआरिअयं (व्यत्यय) विराइअं—विराइउं ए रीते 'विराइउं' पदने लाववानुं छे.

पाडोसि—पाडोशमां. 'प्रति + वस्' धातुमां प्रस्तुत 'पाडोसि'

पाडोश

शब्दनुं मूळ छे. प्रतिवासे—प्रतिवासके—पडिवासए—पाडिवसए—पाडिउसए—पाडोसए—पाडोसि. 'प्रवचनम्'नुं प्राकृत 'पावयणं' 'प्रोहः'नुं 'पारोहो' वगेरे (८—१—४४)

नीपजे छे, अने "वश्नूद्वेर्वा" (८-१-६८) प्रमाणे 'वास'नुं 'वस' पण बने छे. तेनी पेठे अहीं 'प्रतिवास'नुं 'पाडिवस' समजवानुं छे.

'मापि' शब्द त्रीजीनुं एकवचन छे. मापि–माप वडे. 'मापित' शब्दने हेमचंद्र नोंधे छे. (देशी० वर्ग ८ गा० ४८) "'मा' माने" धातुने प्रेरणासूचक 'प' लगाडी ते द्वारा भाववाचक के करणवाचक 'माप' पद आवे छे. ते ऊपरथी मापेन–मापि. अहीं 'प'नो प्रेरणासूचक मूळ अर्थ तिरोहित थयेलो छे. 'माप' एटले 'माप करवुं' अथवा जे वडे माप कराय ते. अहीं 'माप'ने करणार्थक समजवानुं छे.

वोसिरावउ–'व्युत्सृज्' ऊपरथी प्रा० वोसिर (८-४-२२९) तेनुं प्रेरक 'वोसिराविओ' ते ऊपरथी 'वोसिरावउ'

ऊखल–सं० उदूखल–प्रा० उऊखल–ओक्खल–(–८–१–१७१ हे०)–ऊखल. "उदूखलम्–कण्डनभाण्डम्"–(अभिधान० कां० ४, श्लो० ८२) कण्डनभाण्ड एटले खांडवानुं साधन, आ 'उदूखल' शब्द देश्य जणाय छे.

'वेचि' एटले खर्च करी. 'खर्च करवा' अर्थमां हेमचन्द्र 'वेच्चइ' (८-४-४१९) पद आपे छे. प्रस्तुत 'वेचि' ए

वेचवुं

'वेच्चइ'मां वपरायेला 'वेच्च' धातुनुं संबंधक भूतकृदंत छे. 'वेच्चइ' नो अर्थ करतां दोधकवृत्तिमां 'व्ययति' पद मूक्युं छे. 'वि' साथेना 'क्री' धातुना 'विक्री' प्रा० 'विक्की' ऊपरथी 'क'नो 'च' थई 'वेच्चइ' पदनी निष्पत्ति छे. भाषामां 'वि + क्री'थी नीपजेलो 'विक्रय[३१४]–वकरो–वेचाण' शब्द सुप्रतीत छे. प्रस्तुतमां 'वापरवुं'– 'खर्च करवो' अर्थ माटे लक्षणानो आश्रय लेवो पडशे.

---

३१४ भाषामां 'वेचवुं'ने बदले 'वेकवुं' क्रियापद पण प्रचलित छे.

चौदमा शतकना संग्रामसिंहनी बालशिक्षाना केटलाक प्रयोगो

१४७ चौदमी सदीना उक्त शब्दोनो परिचय आप्या पछी चौदमी सदीना 'संग्रामसिंह' नामना एक विद्वाने बनावेल 'बालशिक्षा' नामना ग्रंथ विशे थोडुं जणाववुं प्रस्तुत छे. संग्रामसिंह जाते श्रीमालवंशनो छे. तेमना पितानुं नाम ठक्कुर कूरसी अने पितामहनुं नाम साढाक. ग्रंथनी[३१५] प्रशस्तिमां रच्या साल १३३६ जणावेली छे एटले संग्रामसिंहनो चौदमो सैको अफर छे. ए ग्रंथकारे पोताना समयना संस्कृत भणनाराओ माटे ए ग्रंथ लख्यो छे, तेमां साथे साथे ग्रंथनी समझुती माटे ते समयनी भाषा पण वापरी छे. अने संस्कृत प्रयोगोने समझाववा तुलनात्मक रीते तत्कालीन शब्दप्रयोगोने योजेला छे एटले ते ग्रंथमांना केटलाक प्रयोगो चौदमी सदीनी भाषा विशे विशेष स्पष्ट प्रकाश नाखे एवा छे माटे ज हवे ते ग्रंथना प्रयोगोनो विचार करीश.

वर्तमानकाळ—कर्तरिप्रयोगने समझाववा ग्रंथकार, नीचेनां उदाहरणो आपे छे—करई, लियई, दियई. चालु भाषा—करे छे, ले छे, दे छे.

कर्मणि प्रयोग—

कीजई (कराय छे), दीजई (देवाय छे), लीजई (लेवाय छे).

कर्मणिप्रयोगने ग्रंथकार वक्रोक्ति कहे छे. (पृ० २६६)

विध्यर्थ—करिजे (करजे), लेजे, देजे.

आज्ञार्थ—करि (कर्य—कर), लई (ले), दई (दे).

---

३१५ "सतां प्रसादः स हि यद् मयाऽपि श्रीमालवंश्येन कृतिः कृतेयम्।
साढाकभूठक्करकूरसिंहपुत्रेण षट्–त्रि–त्रियुतैकवर्षे" ॥
—(पुरातत्त्व पु० ३, अंक १, पृ० ४१)

आज्ञार्थ–विध्यर्थ–कर्मणि–कीजउ (कराओ), दीजउ (देवाओ), लीजउ (लेवाओ).

भूतकाळ–कीधउं (कीधुं–कर्युं), दीधउं (दीधुं), लीधउं (लीधुं) कालि कीधउं (काले कीधुं–ह्यस्तन भूत) आजु कीधउं (आजे कीधुं–अद्यतन भूत).

क्रियातिपत्ति–जई करत–(जो करत), जई लेत (जो लेत), जई देत (जो देत).

क्रियाति० कर्मणि–जई कीजत (जो करात), लीजत (लेवात), दीजत (देवात).

भविष्यकाळ–करिसिई (करशे), लेसिई (लेशे), देसिई (देशे), नही करई (नहीं करे), नही लियई (नहीं ल्ये), नही दियई (नहीं दे).

कर्मणि भविष्यकाळ–कीजिसिई (कराशे), लीजिसिई (लेवाशे), दिजिसिई (देवाशे), नही कीजई (नहीं कराय), नही लीजई (नहीं लेवाय).

श्वस्तन भविष्य–कालि करिसई (काले करशे).

आशीर्वाद–शत्रु जिणिसई (शत्रुने जीतशे), वर्ष शयु (सउ) जीविसई (वर्ष सो जीवशे).

केटलांक कृदंतो

कर्तरि–वर्तमान कृदंत–करतउ (करतो), लेतउ (लेतो), देतउ (देतो).

कर्मणि–,, ,,–कीजतउ (करातो), लीजतउ (लेवातो), दीजतउ (देवातो.)

कर्तासूचक—करणाहरु (करणहार—करनार), लेणाहरु (लेवणहार—लेनार), देणाहरु (देवणहार—देनार),

भूतकृदंत—कीधउं (कीधुं—कर्युं), दीधउं (दीधुं), लीधउं (लीधुं.)

संबंधकभूतकृदंत—करीउ (करी—करीने), लेउ (लई—लईने). देउ (दई—दईने).

हेत्वर्थकृदंत—करिवा (करवा—करवा माटे), लेवा (लेवा), देवा (देवा), करी जाणुं (करवा माटे जाणुं). भाषामां 'लखी जाणुं' 'बोली जाणुं' वगेरे प्रयोगो सुप्रतीत छे. पढी सकउ (भणवा माटे शकुं—शक्तिवाळो छुं—भणी शकुं छुं).

विध्यर्थ कृदंत—करिवउ (करवुं—करवा जेवुं), लेवउ (लेवुं—लेवा जेवुं), देवउ (देवुं—देवा जेवुं).

ऊपर जणावेलां उदाहरणोमां ते काळना कर्तरिप्रयोगो अने चालु कर्तरिप्रयोगोमां नहीं जेवुं अंतर छे. फक्त कर्मणिप्रयोगोमां विशेष भेद छे. ते समये पण भूतकाळ माटे कर्मणिप्रयोगनो उपयोग थतो, आजे पण तेम ज छे. तेथी भूतकाळना कर्मणिप्रयोग साथे भेद नथी ए ध्यानमां रहे. ऊपर जणावेलां 'करई' वगेरे प्रयोगोमां अंत्य 'ई' दीर्घ छे. तेनुं कारण अंत्यनुं उच्चारण दीर्घ थतुं होय एम लागे छे परंतु हवे पछी आवनारां क्रियापदोनां पदो जोतां अंते दीर्घ उच्चारणनी पण अनियतता जणाय छे.

संव० १३३० अने १३६९ मां लखवामां आवेला अतिचारना ऊतारामां 'सवूं मृषावादु', 'सवूं लोभु' वगेरे प्रयोगोमां 'सवूं' नो 'ऊ' दीर्घ छे अने—वादु, लोभु वगेरेनो अंत्य 'उ' ह्रस्व छे एटले जोडणीनी नियतता कळाती नथी. ऊपर जणावेला संबंधक, हेत्वर्थ अने विध्यर्थ कृदंतने लागेला प्रत्ययोनी चर्चा आगळ आवी गई छे.

१४८ हवे संग्रामसिंहे ते समयनी भाषानां जे केटलांक नामो, अव्ययो, क्रियापदो वगेरे आप्यां छे तेमांथी अमुक पदोनी अहीं वर्तमान चालु शब्दो साथे तुलना करी आ चौदमा सैकानी भाषा विशेनुं विवेचन पूरुं करीश.

आजु (आज)	वळीउ (वळीने)
परम (परम—परमदिवस)	एतलुं (एटलुं)
अजूणनुं (आजनुं)	जेतलुं (जेटलुं)
काल्हणउं (काल्हनुं—कालनुं)	तेतलुं (तेटलुं)
हिवडां (हमणां)	केतलुं (केटलुं)
नही त (नहीं तो)	धुरिलुं (धुरनुं—पहेलुं)
लिगाई (लगी—कालथी लईने अथवा अहींथी—अहीं लगी)	अहुणउ (ओणनुं)
	जानावासउ (जानीवासो)
यिम (जेम)	अउडक (ओडक—'शाह' वगेरे)
तिम (तेम)	चांद्रिणु (चांदरणुं)
एकवार (एकवार)	वादलुं (वादळुं)
सवईवार (सवेवार-सर्ववार—वधीवार)	फुईहाईउ (फईनुं)
जहिंयं (जइं—ज्यारे)	कऊसीउं (कोशीशुं—गढनुं कांगरुं)
तहिंयं (तइं—त्यारे)	छेतरिउ (छेतर्यो)
कीहां (क्यां—कहीं—कइं)	भोगला (भोगळ)
जीहां (ज्यां—जहीं—जइं)	झटकइं (झटके—झट)
तीहां (त्यां—तहीं—तइं)	जूउ (जुदुं)
सगलइ (सघळे—सर्वत्र)	ताहरुं (तारुं)
अम्हारउं (अमारुं)	माहरउं (मारुं)
सरीपउ (सरखो)	तुम्हारुं (तमारुं)

अम्ह सरीषउ (अम सरखो)
तू सरीषउ (तुं सरखो)
मू सरीषउ (हुं सरखो—मुं सरखो)
बाहिरि (बाहिर—बहार)
छहिलउं (छेल्लुं)
पुरु (पोर—गयुं वर्ष)
उसीआलुं (ओशीयाळुं)
भूराइ (भूराइ—भूडकती)
द्रडबडाहिउ (दबडाव्यो)

आहरजाहर (आवजाव—अवरजवर)
मेराइउ (मेरायुं)
उपवासीउ (उपवासीयो—उपवासी)
मसिहाईउ (मसियाइ—मासीनुं)
वलवलीउ (वळवळीयो—हल हल करनार—बोलबोल करनार)
कांकसी (कांचकी)
षाणउ (खाणियो)
ओलाणि (ओलखाण)

आरंभई (आरंभे छे)
बोलइ (बोले छे)
बूझइ (बूझे छे)
खाअइ (खाय छे)
थोभई (थोभे छे)
सीषई (शीखे छे)
विचारइ (विचारे छे)
कहइ (कहे छे)
सोहइ (सोहे छे)
आवइ (आवे छे)
ऊगइ (ऊगे छे)
त्रासइ (त्रासे छे)
त्रुटइ (त्रुटे छे)
आपइ (आपे छे)
राषइ (राखे छे)
सांभरइ (सांभरे छे)

ऊपजइ (ऊपजे छे)
नीपजइ (नीपजे छे)
वालइ (वाळे छे)
पीअइ (पीए छे)
मुलइ (मोळे छे—शाक मोळे छे)
सुहाइ (सुहाय छे)
करडइ (करडे छे)
काटइ (काटे छे)
वीछलइ (वींछळे छे)
संधूषइ (संधूके छे)
चिणइ (चणे छे)
ऊजालइ (ऊजाळे छे)
चूयइ (चूवे छे)
भेटइ (भेटे छे)
सेवइ (सेवे छे)

नासइ (नासे छे)
जिमइ (जमे छे)
भीपई (भीखे छे)
जाणई (जाणे छे)
विणसइ (वणसे छे)
अच्छइ (छे, ऊभो छे, विद्यमान छे, वेठो छे)
जाइ–(जाय छे)
निकलइ (नीकळे छे)
आथमइ (आथमे छे)
हालइ } (हाले छे)
चालइ } (चाले छे)
पूजइ (पूगे छे–पूरे छे)
वरसइ (वरसे छे)
घासइ (घासे छे –घसारो खमे छे)
वीनवइ (वीनवे छे)
नाहइ (नहाय छे)
वीपरइ (वीखरे छे)
वापरइ (वावरे छे–वापरे छे)
बांधइ (बांधे छे)
सूंघई (सूंघे छे)
बलइ–(बळे छे)
समारइ (समारे छे)
विढइ (वढे छे)

भावइ–(भावे छे–फावे छे–गमे छे)
परिणइ–(परणे छे)
खण्डु [खंजु] हालइ (खंजवाळे छे)
फिरइ–(फरे छे)
निरपइ (निरखे छे–नरखे छे)
परपइ (परखे छे)
वुहारइ (वोरे छे–वाळे छे)
ताणइ (ताणे छे)
वींटइ (वींटे छे)
धूणइ (धूणे छे)
कल्कलइ (ककळे छे)
दिअइ (दे छे)
ऊडइ (ऊडे छे)
मरदइ (मरडे छे)
वघारइ (वघारे छे)
ऊकलइ (ऊकळे छे)
लुहइ (लुए छे–साफ करे छे)
उ [ओ] ढइ (ओढे छे)
मनावइ (मनावे छे)
लहइ (लभते–पामे छे)
ढीलइ (ढीलं–शिथिल–थाय छे)
ढांकइ (ढांके छे)
छणइ (छणे छे–छिणे छे)
आंजइ (आंजे छे)

सांभळइ (सांभळे छे)
लांपइ—(नांखे छे)
धोअइ (धोवे छे)
पुढइ (पोढे छे)
चूंटइ (चूंटे छे)
हुअइ (होय छे)
थीजइ (थीजे छे)
भीजइ (भींजे छे)
वाधइ (वधे छे)
सूअइ (सूए छे)
वलइ (वळे छे)
द्रउडइ (दोडे छे)
मीचइ (मींचे छे)
कुरमाइ (करमाय छे)
उंजइ (उंजे छे—उंगे छे)
ऊघडइ (ऊघडे छे)
खूंदइ (खूंदे छे)
धूजइ (धूजे छे)
काढइ (काढे छे)
चडइ (चडे छे)
मोकलइ (मोकले छे)
मांजइ (मांजे छे)
लिअइ (गृह्णाति—ले छे)
खिरइ (खरे छे)
ताच्छइ (तासे छे)
च्छोलइ (छोले छे)
चाटइ (चाटे छे)
पालटइ (पालटे छे)
फटइ (फटाय छे—फाटे छे)
ऊपेलइ—(उखेळे छे)
पल्हालइ—(पलाळे छे)
लेअइ (नयति—लई जाय छे)
जोअइ (जोवे छे)
पोत्रइ (खोतरे छे)
चोपडइ (चोपडे छे)
गूंथइ (गूंथे छे)
वइसइ (वेसे छे)
संझोरइ (संझेरो करे छे—दुकान वधावे छे)
सूजइ (सूजे छे—सोजो आवे छे)
चूकइ (चूके छे)
वाजइ (वजाडाय छे—वाजे छे)
खाजइ (खवाय छे—खाय छे)
जणाइ (जणाय छे—जाणे छे)
कराइ (कराय छे—करे छे)
त्रूटइ (त्रूटे छे)
वखाणइ (वखाणे छे)

छिवइ (छ्वे छे)	नीमटइ (नीमटे छे—निवर्ते छे)
परवारइ—(परवारे छे—पार करे छे—पूरुं करे छे—भूत० परवार्या—पार पाम्या—पूरुं करीने ऊठ्या)	चांपइ—चांपे छे
	ऊळखइ—(ओळखे छे)
	गंधाअइ—(गंधाय छे)
	छेकइ (छेदे छे—छेके छे—चेके छे)
फडफडइ (फडफड थाय छे)	राचइ (राचे छे—रचाय छे)
नाथइ (नाथे छे)	दाझइ (दझाय छे—दाझे छे)
ऊपडइ (ऊपडे छे)	वगेरे

१४९ संग्रामसिंहे जणावेला ऊपरना शब्दोथी जोई शकाय एम छे के चौदमा सैकाना पूर्वार्धनी गुजराती भाषा अने चालु गुजराती भाषा वच्चे शाब्दिक अंतर घणुं ओछुं छे. भलु, भली, भलुं ए त्रण उदाहरण संग्रामसिंह त्रण जातिने समझवा माटे आपे छे. स्त्रीजातिनुं अने नान्यतरजातिनुं रूप तो ते भाषामां अने वीसमा सैकानी भाषामां तद्दन सरखुं छे. नरजातिनुं रूप वर्तमानमां 'भलो' प्रचलित छे. ए उपरांत ते भाषामां क्रियापदो साथे 'छे' उमेरवानी पद्धति नथी जणाती. वळी, ते समयनी भाषानां शब्दो अने क्रियापदोमां ज्यां 'ल' छे, त्यां चालु भाषामां 'ळ' प्रचलित छे.

अत्यार सुधीमां तेरमा अने चौदमा सैकानी कृतिओना शब्दो विशे जे विवेचन कर्युं छे अने तेमनी जे यादी ऊपर आपी छे ते ऊपरथी ते शब्दोनुं वलण आपणा तरफनुं स्पष्टपणे मालूम पडे छे, संग्रामसिंहना शब्दोनी सामे में जे कौंसमां हालनुं गुजराती रूप आप्युं छे ते ज तेनो प्रत्यक्ष पुरावो छे.

१५० आशरे चौदमा सैकाना अंतनी वा पंदरमा सैकाना आरंभनी के त्यार पछीनी जणाती एक इस्लामी कविनी कृतिनो परिचय आपी हवे पन्दरमा सैकानी कृतिओ तरफ आपनुं ध्यान खेंचुं छुं.

संदेशक रासना शब्दो

संदेशक रास——कर्ता—अद्दहमाण [मुसलमान—अब्दल रहमान—अब्दुल रहेमान]

सिरिया—सरज्यां
काया—कायला—कागडा
करकरायंतु—'का का' करे
गंगा—गंगा नदी
वाडि—वाड
विलग्गा—वळगेली
तुंबिणी—तुंबडी
गामगहिल्ली—गामनी घेली—गामडानी घेली स्त्री
ताली—ताळी
दुद्ध—दूध
खीरी—खीर
कुक्कस—कुशका
रब्बडिया—राबडी
मुक्खु—मूरख
अंगुट्टि—अंगुठे
बोलाविअउ—बोलाव्यो
जाइसि—जाय छे

कुलि—कुले—कुळमां
रासउ—रास
भासीअइ—भाषाय छे—कहेवाय छे
सुदवच्छ—सदयवत्सनी कथा
नलचरिउ—नलचरित
रामायण—रामायण
कयवर—कविवर
करंतिय—करती—करंती
वाडइहिं—वाडे—वाडामां
मूलत्थाणु—मूलतान (?)
तिह हुंतउ—त्यांथी
हउं—हुं
लेहउ—लेख
खंभाइत्तिहिं—खंभातमां—खंभात तरफ
आएसियउ—आदेशित—आदेश पामेलो
एय—ए
नयण—नेण

तुह—तुं
आइयउ—आव्यो
हिव—हवे
चउवेइहि—चतुर्वेदिओ वडे—चोवा-
 ओए—चोवाओ वडे
वेउ—वेद
पुसवि—पूंछीने—साफ करीने—
 भूंसीने—लईने
नयण—नेण
वज्जरिउ—कह्युं
पहिय—पै—पथिक
तणु—तन
णामि—नामे
जज्जरिउ—जर्जरित
अच्छइ—छे
महु—मारो
णाहु—नाथ
उल्हाव—ओलववुं—शांत करवुं
गम्मियउ—गमियो—गयो
आयउ—आव्यो
संनेहडउ—संदेश
हउ—हुं
कहणह—कथन माटे—कहेवा माटे
एकतु } एक
वलियडइ } वलोयामां

सासु—श्वास
दीहुन्हउ—दीर्घ अने उष्ण
गग्गिर—गळगळी
थरहरीअ—थरहरी
रुइवि—रोईने
बाहडी—बांह
समाइ—समाय
जं कि पि—जे कांई
जंपिव्वउ—जंपवुं—कहेवुं
जाइव्वउ—जावुं—जवुं
जिण—जेणे
थलिआ—थाली—नाखी
अत्थलोहि—अर्थना लोभे
इक्कली—एकली
मिल्हीआ—मेली
संदेसडउ—संदेशडो
तुह—तुं
उत्तावलउ—उतावळो
झूरंति—झूरंती—झूरती—खेद करती
भणो—भणो—कहेवुं
हरि गउ—हरि गयो—लई गयो
तक्खर—तस्कर—चोर
वेवि—बेई
हत्थ—हाथ
कहणुं—कहुं

जाइ—जाय	कसु—कोना
जाउ—जाउं	भणो—कहो
सरणि—शरणे	पिक्खइ—पेखे—जुए

[भाई मधुसूदन मोदीनी पासे 'संदेशकरास'ना आरंभना थोडा भागनी नकल हती, आ शब्दो में तेमांथी उतारेला छे. भारतीय विद्याभवननी मुद्रित प्रत अने उक्त नकलमां क्यांय क्यांय पाठफेर छे.]

१५१ उक्त 'संदेशकरास' के 'संनेहयरास'[२१६]नी पूर्ण पोथी हजु सुधी 'संदेशक-रास'नी हुं मेळवी शक्यो नथी. ए रासनी गाथाओ अपभ्रंश भाषा एटले ऊगती गुजरातीमां लखायेली छे, ए हकीकत रासनी गाथाओ ज कही आपे छे. रासमांनी ऊगती गुजरातीनो

---

२१६ प्रस्तुत रासने आचार्यश्री जिनविजयजी भारतीय विद्याभवन (मुंबई) द्वारा प्रकाशित करवाना छे. एना बधा फरमा तेमणे मने वांचवा आप्या छे. ए फरमाओमां मूलरास उपरांत तेनी ऊपरनुं टिप्पण तथा अवचूरिका पण सामेल छे. आखो रास वांच्या पछी ते विशे अहीं जे जणाव्युं छे ते करतां थोडुं विशेष निवेदन करवानुं छे अने ते संक्षेपमां आ प्रमाणे छे:

कर्ता—रासकारे रासमां पोतानुं नाम 'अद्दहमाण' ("तह तणओ कुलकमलो + + + अद्दहमाणपसिद्धो"—गा० ४, पृ० ३) जणावेलुं छे. टिप्पणकारे अने अवचूरिकाकारे ते माटे 'अब्दल रहमान' शब्द वापर्यो छे. ("अब्दल रहमान नामा"—टि० "अब्दल रहमानः अभूत्"—अवचू० पृ० ३)

कुल—रासकारे पोताना कुल—वंश—माटे 'कोलिय—कौलिक' शब्द वापर्यो छे. भाषामां जे जातने 'कोळी' कहेवामां आवे छे ते जातसूचक 'कोळी' शब्द अने प्रस्तुत 'कोलिय' ए बन्ने आम तो मळता शब्दो छे; परंतु अर्थदृष्टिए ए बन्ने

शब्दो एक छे के केम? ए विचारणीय खरुं. रासना टिप्पणमां 'कोलिय' शब्द ऊपर कशी नोंध ज नथी त्यारे अवचूरिकामां ("कौलिकेन तन्तुवायुना"–पृ० ८) 'कौलिक'नो अर्थ 'तन्तुवाय' कर्यो छे. 'तन्तुवाय' एटले वणकर–झुळाहो. भारतवर्षना प्रखर क्रान्तिकार भक्तराज श्रीकबीर, उच्चप्रतिभावाळा कवि हता अने धंधे वणकर हता तेम प्रस्तुत रासकार, विशिष्ट प्रतिभावाळो कवि होई धंधे वणकर हतो; ए परिस्थिति भारतवर्षमां नवाई पमाडनारी नथी. अहीं सोनी अखो पण कवि थई गया छे अने प्रायः गमे ते धंधो करवा छतां अहींनुं मानस, प्रतिभारहित रह्युं नथी. आ रास वांचतां कविनी प्रतिभा विशे शंका पण रहेती नथी.

देश—रासकार पोताना देश विशे कोई स्पष्ट वात करता नथी; परंतु ("पच्चा-एसि पहूओ पुव्वपसिद्धो य मिच्छदेसो त्थि"–गा० ३, पृ० २) एम कहीने मोघम रीते 'म्लेच्छदेश'ने पोतानो देश जणावे छे अने साथे उमेरे छे के ए 'म्लेच्छ देश' पश्चिम दिशामां आवेलो छे अने प्रधान छे तथा पूर्वकाळथी सुप्रसिद्ध छे. टिप्पनकार तथा अवचूरिकाकार पण आ बाबत आथी वधारे कशुं ज बोलता नथी. प्रस्तुतमां 'म्लेच्छ देश' एवा अस्पष्ट शब्दथी रासकारना देश विशे कशी खास माहिती सांपडती नथी. संभव छे के रासकारना समये 'म्लेच्छ देश' शब्द, कोई विशेष देशनुं नाम होय; परंतु वर्तमानमां तो ए पद, कोई विशेष देशने सूचवतुं नथी.

पिता—रासकार, पोताना पितानुं नाम 'मीरसेन' जणावे छे. ("आरद्दो मीरसेणस्स तह तणओ"–गा० ३–४, पृ० २–३) 'आरद्दो' ए मीरसेननुं विशेषण छे. अने ए 'आरद्दो' पद–मीरसेनना जाति–वंशनुं द्योतक छे. टिप्पनकार अने अवचूरिकाकार बन्ने 'आरद्दो' नो अर्थ 'तन्तुवाय–वणकर' करे छे. ("आरद्दो देशीत्वा[त्] तन्तुवायो मीरसेनाख्यः तस्य मीरस्य "मीरसेनस्य" तनयः"–पृ० २–३) रासकार, वंशपरंपराथी 'वणकर' होय, एम आ ऊपरथी लागे छे. 'मीरसेन' नाम ऊपरथी एवी पण कल्पना ऊठे छे के 'रासकार' अने वर्तमानमां काठियावाडमां वसती शूरवीर जात 'मेर' ए बे वच्चे कांईक संबंध होय, आ बाबत जरूर शोधनीय छे.

समय—रासकारे पोताना समय विशे कशी माहिती आपी नथी; परंतु टिप्पनकारे पोतानो समय विक्रम संवत् १४५६ एटले पंदरमा सैकानो मध्यकाल

स्पष्टपणे जणावेलो छे: ("श्रीमद्–देवेन्द्रशिष्यः शर[५]–रस[६]–युग[४]–भू[१]–वत्सरे वृत्तिनेताम्। लक्ष्मीचन्द्रः चकार अखिलगुणनिधयः सूरयः सो (शो) धयन्तु"–पृ० ९०) अर्थात् "देवेन्द्रना शिष्य लक्ष्मीचन्द्रे १४५६ ना विक्रम वर्षमां आ वृत्ति बनावी छे. मूळ रास बन्या पछी आ टिप्पन, पचास वर्ष पछी बन्युं होय एवी संभावना करीए तो रासकारनो समय मोडामां मोडो चौदमा शतकनो प्रांतभाग वा पन्दरमा शतकनो प्रारंभ कल्पी शकाय अने बीजुं कोई बाधक वा साधक प्रमाण न मळे त्यांसुधी प्रस्तुतमां रासकारना समय विशे करेली अटकळ असंगत जणाती नथी. अथवा एम पण बनवाजोग छे के रासकार अने टिप्पनकार, ए बन्ने समसमयी पण होय.

भाषा—संदेशकरासनी भाषा, चौदमा अने पंदरमा सैकानी अहीं आपेली बीजी कृतिओनी भाषा जेवी ज विशुद्ध अने सरळ लगती गुजराती छे. तेमां केटलांक एवां विलक्षण उच्चारणो छे जेने लीधे ज ते, नवा वांचनारने अपरिचित जेवी लागे एवी छे. व्याकरणनी दृष्टीए पण रासनी भाषा अने चौदमा–पंदरमा सैकानी कृतिओनी भाषा–ए बे वच्चे खास अंतर जणातुं नथी, फक्त रासनी भाषा खास लौकिक अने प्रांतिक होई तेमां व्याकरणनुं तंत्र विशेष ढीलुं जणाय छे अने ए ढीलाश ज रासना केटलाक प्रयोगोमां प्रतिबिम्बी रही छे. रासकारे, आ पोतानी कृतिमां केटलाक शब्दो पोताना प्रांतना वापरेला छे, जेमने टिप्पनकारे तथा वृत्तिकारे 'देश्य' तरीके जणावेला छे. तेमांना कोई कोई शब्द फारसी जेवा पण जणाय छे. रासकारे वापरेला विलक्षणध्वनिवाळामांनां अने प्रांतिक शब्दोमांनां केटलांक, उदाहरणरूपे आ नीचे आपुं छुं:

प्रचलित उच्चारण:	रासकारनुं उच्चारण:
'( )' आ निशानमां मूकेला शब्दो अर्थसूचक छे	
धाम	पृ० ७७ हाम–(तेज)
पल्लंक	पृ० ७६ पल्लंघ–(पलंग)
सामी	पृ० ३८ साइअ–(सांइ–स्वामी)
धूमिण	पृ० ७८ धूइण–(धूमाडा वडे)
धूविज्जइ	पृ० ७७ धूइज्जइ–(धूपाय छे)
पउत्त / पजुत्त	पृ० ८८ पउक्क–(प्रयुक्त)

निवेसिय	पृ० ७७ निवेहिय–(निवेशित)
वरिसणेण	पृ० ३३ वरिहणेण–(वर्षणवडे)
जिम, जिवँ	पृ० ६५ यव –(जेम)
वर्णीहिय	पृ० ५८ वव्वीहिय–(वर्पैयाओ वडे)
तामिस्स, तामीस	पृ० २० तामिच्छ–(अंधकार–काजळ)
मम्मह, वम्मह	पृ० ३२ मणमत्थ–(मन्मथ–कामदेव)
पच्चल्लिर	पृ० ५५ पहल्लिर–(हल्या करतुं–हल्हल करतुं–चंचळ)
कप्पियइ	पृ० ५१ करप्पियइ–(खरपाय छे–कव्यपाय छे–कपाय छे–घसाय छे)

आउल, आकुल	पृ० ३६	आ रूपो ‘व’ श्रुतिवाळां छे	आवल–(आकुल)
केयइ, केतइ, केतगि	पृ० ७६		केवइ–(केतकि)
चाययिहि, चायइहि	पृ० ५५		चावइहि–(चातकोवडे)

नीचेना रूपोमां रासकार ‘ए’ नो ‘अ’ अने ‘ऐ’ नो ‘अय’ उच्चार करे छे: (रासकारनां आ उच्चारणो खास ध्यान आपवा जेवां छे अने तेनां आवां उच्चारणोनुं कारण पण शोधवा जेवुं छे. फारसी: ‘शहर’ ‘गैर’ ‘पैगंबर’ शब्दोनां आपणां चालु ‘शेर’ ‘गेर’–(गेरसमझ) ‘पयगंबर’ उच्चारणो अने रासकारनां आ उच्चारणो सरखाववां जेवां छे)

रुन्नयेण	पृ० २८ रुन्नयण–(रुदितकेन–रोवावडे)
कहियथेण	पृ० ३६ कहियथण–(कथितकेन–कहेवावडे)
–रहियथेण	पृ० ३६ –रहियथण–(रहितकेन–रहितवडे)
शैलजा–सेलजा, सइलजा	पृ० १७ सयलज्ज–(शैलनी जाई–पुत्री–पार्वती)

नीचेना भाषा-शब्दो पण भाषाना इतिहासनी दृष्टिए समझवा जेवा छे:

पृ० ८१ पच्छुत्ताणिय–(पस्ताणी)	पृ० ८२ साव पृ० ८५ सवि } –(सर्व–सव) पृ० ४३ सिव
पृ० ८९ वट्टाउ–(वटेमार्गु)	पृ० ९० अचिंतिउ–(ओचिंतु)
पृ० ७८ इम–(एम)	पृ० ७६ फोफल–(पूगफल–सोपारी)
पृ० ७१ दीवालिय–(दीवाओनी ओळ –दीवाळी	पृ० ७१ कुंडवाल–(कुंडाळुं वळीने)
नामधातु { पृ० ६८ तिलकिवि–(टीलीने–टीलुं करीने)	पृ० ६६ जलरेल–(जलनो रेलो–प्रवाह)
नामधातु { पृ० १२ सरलाइवि–(सरळ थईने–सरळ करीने)	पृ० ५८ पउदंडउ–(पगदंड–केडी)
	पृ० ५७ उल्हवइ–(ओलवे छे)
पृ० ५८ मावइ–(मावे छे–माय छे)	पृ० ४० बोलियंतो–(बोलतो)
पृ० ४४ सुन्नारह–(सोनारनी–सोनीनी)	पृ० ७६ उयारइ–(अपवरके–ओरडे)
पृ० ७६ विच्छाइया–(वीछाया–विछावेला	पृ० ३१ बाहडी–(बाहु–बांय)
	पृ० १२ उत्तावलि–(उतावळ)
पृ० ३१ वलियडइ–(वलोयां)	
पृ० २९ मन्नाइ–(मनाव)	

रासकारे वापरेलां केटलांक अव्ययो :—

पृ० ३८ किहु–(कशुं)	पृ० ११ अरु–(ओर)
पृ० ३६ कि–(के)	पृ० ५१ कइयलगि–(क्यां लगी)

रासकारे वापरेला केटलाक प्रांतिक शब्दो :

पृ० २३ पिंग–(पान खाईने 'थूंकेल रस' अर्थे आ शब्द वपरायो छे. 'थूंक नाखवा'ना पात्रनुं नाम 'पीकदान' प्रतीत छे. ए 'पीकदान' नो 'पीक' अने प्रस्तुत 'पिंग' ए बन्ने सरखां जणाय छे. मारी स्मृति प्रमाणे 'थूंक' माटे वपरातो 'पीक' शब्द फारसी छे.)

पृ० २३ चंवा–(चंपल–जोडा. सं० चर्म–प्रा०–चम्म. प्रस्तुत 'चंवा' नो संबंध 'चम्म' शब्द साथे होई शके. अमारी शेठ लालभाई दलपतभाई आर्ट्स् कॉलेजना पठाणे कहेलुं के पंजाबमां

केटलेक ठेकाणे 'जोडा' अर्थ माटे 'मंचा' शब्द वपराय छे.)

पृ० ११ लंक-(लंक-कटी-कड-केड. स्त्रीने 'सिंहलंकी' कहेवामां आवे छे. 'सिंहलंकी' एटले सिंह जेवी पातळी कडवाळी. आ माटे नीचेना संवादो मळ्या छेः—

" सीहलालंकीनो घर ऊतर्यो वाडीए रे
हुं तो शेने रे मसे जोवा जाउं रे " ! (मुलगीत सं० अजवाळी पंडित)

" लोलागळ लांकाळ गूंज छ तुं मोदळने गढे,
(त्यां तो) सिंगळद्वीप सॉडाळ कंपवा लागे कवटाउत ! "—
(रा० मेघाणीजी—सोरठी बहारवटीआ भाग २, आ० ४, पृ० २०६)

" जोर इतनो कीयो के लंक लचकी गई "—(रा० लोगाभाई गीगाभाई)

रा० मेघाणीजीनो 'रढीआळी रात' भा० २, पृ० १२५ आ० ४, गीत ९७, तथा 'सोरठी गीतकथाओ' पृ० १२, दुहो २९, समस्या १ ली—ए बन्ने स्थळे पण 'लंक' शब्द 'कटी' अर्थमां वपरायेलो छे.

मारा मित्र पं० हसराजजी पंजाबी जैन, एम. ए. (अध्यापक गुजरात विद्यापीठ) कहे छे के पंजाबी भाषामां 'कटी' अर्थ माटे 'लक' शब्दनो व्यवहार छे.)

पृ० २२ झसुर-(तांबूल-तंबोल-नागरवेलनुं पान. आ शब्दने देशी शब्दसंग्रहमां आचार्य हेमचंद्रे नोंधिलो छेः—" झसुरं तंबोल-ऽत्थेसु " गा० ६१, वर्ग ३ " झसुरम् ताम्बूलम् अर्थश्च " अर्थात् ' झसुर ' एटले तंबोल अने धन "

पृ० ५५ झंखरु }
पृ० ७८ झखडु } —('डुडुंयालक' अथवा 'डुंडयालक' नामनो एक खास प्रकारनो पवन छे, जे वाय छे त्यारे विरहिणी स्त्रीओने त्रास थाय छे.-अवचूरिका तथा टिप्पनक) आ

'डुडुंयालक' वा 'डुंडयालक' पवन विशे बीजी कशी माहिती नथी.

पृ० २ आरद्द-(तन्तुवाय-वणकर)

पृ० ३५ पडिळी-(अधिक)

पृ० ८१ डवाडयणि-(गर्दभी-गधेडी)

पृ० ७९ ढंखर–(झांखरं–सूकुं के वळी गयेलुं झाड–ठुंठुं. देशीसंग्रहमां हेमचंद्रे 'सूका झाड' अर्थनो 'झंखर' शब्द आपेलो छे: वर्ग ३, गाथा ५४)

पृ० ६८ सोरंड–(क्रीडाभाजन)

पृ० ६५ अरमणि–(करवत)

पृ० ३९ वरक्किय–(पटी–कपडुं–बूरखो? "लइवि वरक्किय ससिसउन्नु फंसहि वयणु" गा० ९८, पृ० ३९ अर्थात्" "वरक्किय' ने लईने–दूर करीने–चंद्र जेवा संपूर्ण मुखने साफ कर" आ अर्थ जोतां 'वरक्किय' शब्दनो संबंध 'बूरखा' साथे कदाच होय. टिप्पनकारे "वरकी पटि (टीं)" अने अवचूरिकाकारे 'वरकी' ने बदले "वराकी–पटी" एम कहेलुं छे.

रासकारे 'छे' अर्थनो द्योतक धातु, आ प्रमाणे वापर्यो छे:

पृ० ६८ अच्छिहि–(छे)

पृ० १५ आहि–(छे, हे के है अथवा आहे)

पृ० ३१ अच्छउं–(छुं)

तादर्थ्य अर्थ माटे–चतुर्थीना अर्थ माटे रासकारे ("नहु रहइ बुहा कुकवित्तरेसि"–गा० २१, पृ० ९) 'रेसि' निपातने पण वापरेलो छे. जे विशे आगळ कहेवाई गयुं छे.

आ प्रमाणे रासनी भाषानो संक्षिप्त परिचय कराववा प्रस्तुत आ थोडुं निवेदन कर्युं छे.

रासनी वस्तु—आ विशे आपणनां जणावेलुं छे. विशेषमां जणाववानुं के रासनी नायिका 'विजयनगर–विक्रमपुर–बीकानेर' नी छे. संदेशवाहक 'सामोरु' के 'सामोर' जेनुं बीजुं नाम 'मूलस्थाण' छे त्यांथी पोताना मालिकनो लेख लई खंभात तरफ जाय छे. नायिकानो पति खंभातमां कमावा गयो छे, आ संदेशवाहकने खंभात जतो जाणी नायिका तेने पोताना पतिने आपवानो संदेशो पहोंचाडवा कहे छे. 'खंभात' माटे मूळमां 'खंभाइत्त' शब्द वपरायेलो छे. मूळकारे पोते 'मूलस्थाण' नो परिचय आपतां कह्युं छे के ("तवणतित्थु चाउदिसि मिवच्छि! वक्खाणिअइ" –गा०६५, पृ० २६) अर्थात् "ज्यां सूर्यनो कुंड–सूर्यनुं प्रसिद्ध तीर्थ–छे ते

परिचय माटे साठे सैकानी ऐतिहासिक गाथाओ अहीं नोंधेली छे. अने तेमांथी कविओनां नामो, शिलालेखो वगेरेनी सूची पण ऊपर आपेली छे. पोतेना देशना धीरा ने नगरना नहीं आप्या छे, तेनी साथे आ 'सन्देशरासको' सुगेय छे, अने रासमां वपरायेल्यां नामो वगेरे जोतां तेनुं मूळ स्थळ अथवा गुजराती तरफ छे, पण जणाया विना रहेतुं नथी.

'संदेशकरास' ना कर्तानो परिचय

रासकर्तानी बीजी खास विशेषता तो ए छे के तेनो कर्ता एक मुसलमान पंडित छे. कर्तानुं नाम 'अद्दहमाण' छे. तेना पितानुं नाम 'मीरसेन' छे. पोताना देशनुं विशेष नाम तेणे जणाव्युं नथी. 'उदाहरणरूप पश्चिमे पूर्वप्रसिद्ध 'म्लेच्छ देश' रासकर्तानी निवासभूमि छे' एम तेणे मोघम जणाव्युं छे. रासनी वस्तु 'मेघदूत'नी वस्तु जेवी छे. एक पथिक मूलस्थाण—मूलतान ? थी खंभात सुधी प्रवास करे छे. वचे तेने एक विरहिणी

'मूलस्थान' नगर जगतमां चारेकोर सुप्रसिद्ध छे." 'सामोरपुर'नुं बीजुं नाम 'मूलस्थान' छे. आमां जणावेलुं 'सामोरपुर' क्यां आव्युं ? ए कहेवुं मारा जाणवामां नथी; परंतु मूलस्थान—मूलस्थान अने मूलतान ए बधां सरखां पदो, कोई एक ज नगरनां सूचक छे के भिन्न भिन्न नगरनां ? ए प्रश्ननुं तत्काल तो समाधान थई शके नहीं; परंतु शब्दसाम्य जोतां कोई एने 'मूलतान' जरूर कल्पी शके.

रास विशे विशेष—रासमां रासकारे गाथाओ उपरांत विविध छंदो वापरेला छे जेनो परिचय टिप्पनक अने अवचूरिकामां आपेलो छे.

टिप्पनकार पोते प्रान्ते आपेली प्रशस्तिमां जणावे छे के "आ रास तेणे 'माहड' नामना क्षत्रियना मुखथी सांभळ्यो छे तेथी रासना टिप्पनमां असल मूळ रास करतां कांई फेरफार वा भूल रही गई होय तो ते 'माहड' जाणे, हुं कशुं जाणुं नहीं."

टिप्पनकार पोरवाड वंशनो छे. तेना पितानुं नाम 'हारिग' छे, मातानुं नाम 'तिलग्याः' लखेलुं छे पण ते अस्पष्ट छे. कदाच 'तिलग्या' एटले 'तलकबाई' होय. टिप्पनकार, रुद्रपल्लीय गच्छना जैनसाधु छे.

स्त्री मळे छे. ते स्त्री, पोतानो अर्थलोभी पति खंभातथी हजु सुधी कमाईने आव्यो नथी माटे झूरे छे, ते पथिक पासे पोताना विरहदुःखनी वराळ काढे छे, अने पोतानो पति शीघ्र पाछो फरे माटे तेनी साथे संदेशो मोकले छे. रासनी आ, प्रधान वस्तु छे. रासकारे रासमाटे 'संदेसय' अने 'संनेहय' एम बन्ने शब्दो वापरेला छे. पोते ज्यांथी प्रवास आरंभ्यो छे ते 'मूलत्थाण'नुं वर्णन रासकारे विशेष प्रकारे कर्युं छे. तेमां खास करीने तेणे जणाव्युं छे के जे नगरमां रहेनारा चतुर्वेदी लोको वेदोने प्रकाशे छे, ज्यां सुदवच्छ एटले 'सदयवत्स' अने नलनुं चरित्र वंचाय छे, क्यांय क्यांय भारतनी कथा कहेवाय छे अने रामायणनी पारायणो चाले छे, क्यांक संगीत, नाटक, रास अने नाचनो प्रचार छे, वगेरे वगेरे.

१५२ रासकार एक मुसलमान छतां रासमां जे भाषा तेणे वापरी छे ते शुद्ध छे अने तेमां फारसी शब्द घणा विरल छे तथा रासकारनां

आ रासनुं टिप्पन, हिसारदुर्ग–हिसारगढ–मां अषाड शु० दि० आठम ने बुधवारे लखेलुं छे. आ हिसारगढ ते पंजाबमां आवेलुं वर्तमान 'हिसार' छे.

अवचूरिका पं० नयसमुद्रे लखेली छे. आ संबंधे कोई विशेष वृत्तांत मळ्तो नथी. नयसमुद्र, अवचूरिकानो कर्ता छे? के तेनी नकल करनारो? ए विशे पण कोई हकीकत जडती नथी.

रासनी जुदी जुदी प्रतोमां अनेक पाठांतरो छे. जेमांना आवश्यक एवां यथां प्रस्तुत रासमां आपवामां आवेलां छे. प्रस्तुत रासनी अनेक प्रतो उपलब्ध छे. मैं जाते आ रासनी प्रति पाटण, पूना अने जोधपुरना राजभंडरमां जोयेली छे, ए रीते बीजे पण आ रासनी प्रतो होवानो संभव खरो.

रासनुं नाम 'संदेशकरास' वा 'संनेहयरास, ए बन्ने रीते ग्रंथकारे आपेलुं छे. ए बेमांथी 'संदेशक–रास' नाम विशेष उचित छे.

अहीं जे पृष्ठांक के गाथांक आपेला छे ते मारी सामेना फरमाओ प्रमाणे छे.

आ फरमाओ वांचवा आपवा माटे आचार्य श्रीजिनविजयजीनो अने भारतीय विद्याभवननो हुं ऋणी छुं.

केटलांक उच्चारणो विशेष विलक्षण छे. वळी, केटलाक तद्भव देश्य शब्दोने पण रासकारे वापर्या छे. रासनी शरुआतमां ते, सृष्टिकर्ता परमेश्वरने याद करे छे अने पछीनी गाथामां पोतानो देश, पिता तथा पोतानुं नाम ए बधांने नोंधी बतावे छे.

प्रस्तुत रासकार, अहीं जणावेली बीजी कृतिओना प्रणेताओनी पेठे तळ गुजरातनो नथी तेथी तेनी भाषाने ऊगती गुजराती कहेवा करतां रासकारना समयनी तेना प्रांतमां चालती 'देशी भाषा' कहेवी वधारे उचित छे. रासकार पोताना देश तरीके पश्चिममां आवेलो कोई 'म्लेच्छ-देश' कहे छे, वळी, ते मूल्तान वा सामोरु (शाम्बपुर-श्रीजिन०) थी नीकळे छे अने विजयनगर (विक्रमपुर—बीकानेर नहीं परंतु बीकानेरनी आसपासनुं विक्रमपुर—श्रीजिन०)नी विरहिणी साथे वातचीत करे छे अने ते गुजरातमां ठेठ 'खंभात' सुधी आवे छे. एथी एम जणाय छे के रासकारे वापरेली भाषा ऊगती गुजराती जेवी छे अने ते वर्तमानमां सर्वत्र व्यापेली हिंदी भाषा जेवी 'देशी भाषा' लागे छे. तेम छतां प्रस्तुत रास-कारनी भाषा अहीं जणावेली गुजरातना लेखकोनी चौदमा—पंदरमा सैकाओनी बीजी कृतिओनी भाषा जेवी पण छे एटले ए अर्थमां ज में तेनी भाषाने ऊगती गुजराती कहेली छे; अर्थात् रासनी भाषामाटे अहीं वपरायेला 'ऊगती गुजराती' शब्दनो अर्थ 'ऊगती गुजराती जेवी' समजवानो छे.

चौदमा अने पंदरमा सैकानी गुजराती कृतिओना अहीं जे नमूना आपेला छे ते पूरता छे. आ रासनी कृतिना नमूनाथी तेमां भाषासंबंधी के बीजी कशी विशेषता नथी जणाती छतां प्रस्तुत कृति एक इस्लामी कविनी छे ते एनी एक खास विशेषता छे अने जे जमानामां सांप्रदायिक वृत्तिना उछाळवाळो जनसमाज हतो ते जमानानो प्रस्तुत इस्लामी कवि ते संकु-चित भावथी तद्दन पर रहेलो जणाय छे. अने रासमां कवि, नगरना वर्णन

प्रसंगे वेदो, रामायण, महाभारत, नलचरित, सुदयच्छकथा वगेरे हिंदु-कथाओने आदरपूर्वक याद करे छे, ए प्रस्तुत कृतिनी बीजी विशेषता छे.

१५३ वर्तमान समयना बन्ने परम्पराना बंधुओने, तेमां य साहित्य-सर्जकोने प्रस्तुत कविद्वारा एकतानी—उदारभावनी अने शुद्ध मानवतानी प्रेरणा मळे ए पण एक उद्देश आ रासकनो नमूनो आपवानो छे. मने लागे छे के भाषानो, इतिहासनो, भूगोळनो, तत्त्वज्ञाननो के एवा बीजा कोई पण विषयनो विचार, उदार भावनो के उच्च मानवतानो पोषक होवो ज जोईए, एम न होय अने विपरीत परिणाम लावनारो होय तो मारे मन ए विचार, विकाररूप छे एथी ज अहीं सहेज विषयांतर करीने पण मारे आ उदार इस्लामी कविनी कृतिनो नमूनो सादर आपी ते बाबत लखवी पडी छे.

पन्दरमा सैकानी कृतिओ

अत्यार सुधी मारे विशेषे करीने जैनकृतिओने ज आधारे चलाववुं पड्युं; पण पन्दरमा सैकाथी जैन अने वैदिक एम बन्ने प्रकारना कविओनी कृतिओ मळवी शरू थाय छे एटले हवे ते बन्ने प्रकारना महानु-भाव कविओनी कृतिओनो उपयोग करवानो छुं अने तेमां य वैदिक कविओनी कृतिओनो उपयोग वधारे करीश.

पन्दरमा सैकानी केटलीक जैन गद्यकृतिओ पण उपलब्ध छे, एटले पद्यनी साथे गद्यनो पण उपयोग थशे. पद्य करतां गद्य, भाषाना चोक्स स्वरूपने समझवामां वधारे सहायरूप छे. पद्यमां कवि कविताने व्हाने अनियत रूपो पण वापरे छे त्यारे गद्यमां तेम चालतुं नथी.

१५४ प्रारंभमां उक्त 'बालशिक्षा' जेवा एक औक्तिक ग्रंथनां अव-तरणो जणावीश.

हकीकत गुणरत्ने पोते क्रियारत्नसमुच्चयनी विस्तीर्ण प्रशस्तिमां नोंधेली छे अने प्रशस्तिना बावनमा श्लोकमां 'श्रीचंद्रशेखर'ने पोताना प्रगुरु तरीके अने 'देवसुंदर'ने पोताना गुरु तरीके तेमणे याद पण कर्या छे (श्लो० ५४).

कुलमंडने पोताना औक्तिकमां गुरुरूपे चंद्रशेखरसूरिनुं अने देवसुंदरसूरिनुं एम बे नाम लखेलां छे, एथी जेओ कुलमंडननी गुरुपरंपराथी अपरिचित छे तेमने, एमना बे गुरु होवानो संदेह थवो स्वाभाविक छे; परंतु ऊपर कह्या प्रमाणे 'चंद्रशेखर' एमना दादागुरु हता अने साक्षात् गुरु 'देवसुंदर' हता, एथी तेमणे ए बन्नेने पोताना ग्रंथमां संभार्या[३१७] छे, एटले कुलमंडनसंबंधी बेगुरुवाळा संदेहने अवकाश ज नथी.

एमना समय पन्नरमा सैका विशे पण उपर्युक्त उल्लेखो स्पष्ट हकीकत आपे छे, एथी ए बाबत पण अशंक छे.

कुलमंडनना नामविभक्तिना प्रयोगो

१५५ उक्त औक्तिकमां आवेला विभक्तिविचारना प्रकरणमां साते विभक्तिओनो परिचय आ प्रमाणे आपेलो छे:—

१—चन्द्र ऊगइ. वीतराग वांछित दिइ. उ॰ प्र॰ कउण ऊगइ ?

३१७ कुलमंडने पोताना मुग्धावबोध-औक्तिकमां आरंभमां पोताना प्रगुरु चंद्रशेखरने संभार्या छे अने अंतमां पोताना दीक्षागुरु देवसुंदरने याद कर्या छे. ते श्लोको आ प्रमाणे छे:

"श्रीचन्द्रशेखरगुरून् वन्दे यैरुक्तियुक्तिभिः ।
मादृशस्यापि बालस्य चक्षुरुद्घाटितं हृदः"

—(आरंभ)

"लक्षणाख्यवचनाम्बुधिबिन्दु बिन्दु-बाण-कृत-भू-मित १४५० वर्षे।
औक्तिकं व्यधित मुग्धकृते श्रीदेवसुन्दरगुरुक्रमरेणुः ॥

(अंत)

१ वाक्योमां चंद्र, वीतराग, जु, सु अने कउण ए प्रथमा विभक्तिवाळां छे.

२—चैत्रु कटु करइ. किसउं करइ ?

एमां 'कटु' अने 'किसउं' पद बीजी विभक्तिवाळां छे.

३—जीव धर्मिइं संसार तरइ. चैत्रु लोक सिउं वात करइ. जीणइं करी करइ. किसिइं तरइ ? धर्मि. कीणइं सिउं ?

एमां धर्मिइं, जीणइं, किसिइं, कीणइं, धर्मि; अने लोक ए बधां पद तृतीया विभक्तिनां छे. कुलमंडन कहे छे के 'इं' प्रत्यय तृतीयानो सूचक छे.

४—विवेकिउ मोक्षनइं कारणि खपइ. धर्मु सुखनइं कारणि हुइ. कउण-नइं कारणि ? मोक्षनइं. किसानइं कारणि धर्मु हुइ ? सुखनइं. साधु मोक्ष-नइं कारणि तपु करइ.

अहीं मोक्षनइं, सुखनइं, कउणनइं अने किसानइं; ए बधां पद चोथी विभक्तिवाळां छे.

५—वृक्षतउ पान पडइ, कउणतउ पडइ ? वृक्षतउ.

अहीं वृक्षतउ अने कउणतउ पद पांचमी विभक्तिवाळां छे. औक्तिककार कहे छे के, तउ, हूंतउ, थउ, थकउ, ए बधा पांचमी विभक्तिना प्रत्ययो छे.

६—चैत्रतणउं धनु गामि छइ. गुरुतणउं वचन हउं सांभळउं.

एमां चैत्रतणउं, गुरुतणउं पदो षष्ठी विभक्तिवाळां छे. तणउ, रहउं, निर्दि ए बधां पदो षष्ठीनां सूचक छे.

७—चैत्रु ग्रामि वसइ.

अहीं 'ग्रामि' पद सातमीनुं छे. 'इ' प्रत्यय सातमी विभक्तिनो दर्शक छे.

ऊपरनां उदाहरणो द्वारा एम जणाय छे के पन्नरमा सैकानी गुजरातीमां प्रथमामां अने द्वितीयामां कोई प्रत्यय न हतो, मूळ नाम ज वपरातुं, अथवा 'उ' प्रत्यय वपरातो. त्रीजी विभक्तिमां 'इं' प्रत्यय हतो अथवा त्रीजी विभक्तिमां मूळ नाम एम ने एम प्रत्यय विना पण वपरातुं. चोथीमां, चालु 'ने' ने बदले 'नइं' प्रत्यय वपरातो. पांचमीमां तउ, हूंतउ, थउ, थकउ प्रत्ययो हता. छट्ठीमां तणउ. रहइं, किहिं अने सातमीमां 'इ' प्रत्यय प्रचलित हतो.

आ सिवाय ते समयनुं बीजुं गद्य-पद्य साहित्य अवलोकतां बीजा पण केटलाक प्रत्ययोनी माहिती मळे छे.

वि० सं० १४११ ना तरुणप्रभ, १४५७ ना सोमसुंदर, १४७१ ना लक्ष्मीधर वेराम अने १५०० ना हेमहंसनां गद्यो उपरथी अने १४१७ ना असाइत तथा १४८८ ना भीमकविना पद्य-प्रबंधद्वारा नामने लगता प्रत्ययो विशे जे हकीकत मळे छे ते आ प्रमाणे छे :—

१५६—तरुणप्रभ—(सं० १४११)

तरुणप्रभना प्रयोगो १—कथानकु, जनपदु, विजयवती, हरिदत्तु, संतुष्ट, सौधर्मेन्द्र, दुक्खपूर्वक, सरीरदुक्ख.

२—चैत्य, संशयु, वांछितु, धर्मदेशना, जीव.

३—तिणि, नामि, प्रभावि, कर्मिहिं, राजेन्द्रि, अनेरइं, किणिहिं, शिष्यहं, वांछकहं, ईहंवडइ, मूल्यवडइं.

५—दूषितत्व—इतउ, भाव—इतउ, पुरु—हूंतउ, मुख—हूंतउं, जोग—इतउ, दीप—हूंती, दहन—हूंता.

४—६—गुण-रहइं, महाराज, हारनउ, महात्मातणा, स्नेहतणउ, तीहं-रहइं, तेहरहइ, तेहनउं, घरतणी, भुंइनइ, लोकहंतणा, धर्मनंदनी, सिद्धांत-नउं, विहुं, श्रेष्ठिहिंतणउ, मूर्हीं जि रहइं, तिहीं जि रहइं.

७—जंबूद्वीप—माहि, भरतक्षेत्रमाहि, अनेरइ, दिवसि, धर्मविचार विषइ, द्वारदेसि, माहि, लेसाल, तीहंमाहि, लोकि, किणिहिं, खणीत—इ.

१५७—सोमसुंदर— (सं० १४५७)

सोमसुंदरना प्रयोगो

१—प्रसन्नचंद्र, रहिउ, भरथेश्वर, प्रामिउं, करिवउ, पहिरियां (ब.) सोनार, आविउ, स्त्री, मूंओ, वेला, साप, टूकडओ, माहरु, हलाविउ.

२—रूप, शोभा, असारता, क्लेश, दुःख, राज्य, आरिसा, मूंहूइं, एहनइं.

३—तीणइं, नामिइं, अनंतवीर्यइ, वापनइं, वइरिइं, परशुरामि, तेणिं, राय—सिउं, भाईए, बहिने, स्त्रीए (ब.) तेहे, बीजीए, बीहतीए, एकिं, पेलइं, महासतीइ, गुरे, देवताए, कुपीए.

५—भावथी, विस्मयथिकइं, हाथिथिकु.

४—६—तेहनी, तेहनउ, अनंतवीर्यनु, अनंतवीर्यनउं, क्षत्रीनी, राजर्षिनु, शरीरनी, बेटीनु, दुर्मुखनां, लोकनुं, आपणउ, केहनइं, एकिनइं, ब्राह्मणनां, रूपनी, जातमात्रनां.

७—तापसनइ, उडवलइ, भूंइहरइ, वेलाइं, करलइ, काउसग्गि, गृहस्थवेषि, अंतःपुरमाहि, —भवनि, अनेरे, सभा—माहि, पालिइं, चोरे, गए, तेहे, अंधारइ, नीमाहमाहि.

१५८—श्री लक्ष्मीधर वेराम (पारसी लेखक सं० १४७१)

पारसी लेखक लक्ष्मीधरना प्रयोगो

१—एकु, भर्तार, नमस्कार, घर, वहइन, द्रउग्रंथ, वइहइनि, स्तंभ, कोपु, व्याघ्र, तहो, अहइ, दुःख.

२—वचन, खाद्य, आत्मा, सुंपणउं,—स्थानक, नइग्रहउ, सउखउ, स्थानइकु.

३—तेहे, स्त्री, स्त्रीए, पुरुषइ, राजा, पुरुषइं, आपणइ, तीणइ, कलत्रि, सुहए.

५—शरीरतु, वस्त्र उपर थकु, सुखनिद्रा थकु, स्वामीतउ, सउषतउ.

४—६—पुरुषतणी, तीहं, स्त्रीरहइं, तस्करहइं, राजारहइ, स्त्रीरहइ, पुरुषरहइं, लोकतणी, मुक्तात्मारहइं, पुरुषतणउं, तउझरहइं, देवतणा, तुझरहइं.

७—विचालइ, वस्त्रि, सातमइ, दिवसइ, मांचि, सरीरमांहि, पृथ्वीमांहि, पात्रि.

१५९—हेमहंस—(सं० १५००)

हेमहंसना प्रयोगो

१—वइठा, अरिहंत, वीसामउ, सिद्ध, हणिया, विहरमाण, ऋषीश्वर, छट्ठउं, सातमउं, बि, पद, हूआं, छट्ठी, सातमी, पहिलउं, उत्कष्टउं, श्रीनउकार, पांखुडीइ.

२—श्रीमतीहूइं, ते, घडउ, भरतारहूइं, अवसर, मर्म, घणउं, मान, महत्व, राजाहूइ.

३—जेतलइ, वाणीगुणे, जेहे, आपणपें, घणे, भेद, पदि, मध्यस्थपणइं विधिइं.

४—६—तेहंहूइं, चंद्रमंडलनी, समासिनउ, ऊगता सूर्यनी, रायना, लोकनां, मनुक्षनां, सिद्धहूइं, आचार्यहूइ, शिष्यनइं, द्वादशांगीनउ, कहिनी (कोनी), राजारहइं, सिद्धसिला ऊपरि, अनेराहूइं, द्वादशांगीनउं, नदीनइ, एहनूं, श्रावकरहइ, शिष्यहूइं, मरकतमणिनी, श्रावकनी, कर्म जि हूइं, फूलनी.

५—धर्मथकी, ईहांथकउ, संकटइथिकु, वाडिथिकुं, किहांथिकु, नगरथकु.

७—समवसरणि, मनुष्यलोकमांहि, आपणइ, धरि, पगिपगि, घडा-मांहि, घरमांहि, शिष्याइं, अमुकइं, स्थानकि, मांहि, मनइमांहिं.

१६०—असाइत—(सं० १४१७)

१ नरवाहन, राइ, झूझार, भाई, लहुइ, शक्तिकुमार, पुर, ब्राह्मण

असाइतना प्रयोगो चारि, वरणांतरि, जिन, थापीआ, व्यवहारीया, पुढिउ, प्रभात, ऊगिउ, सूर, नरवि.

२—कवित, वीरकथा, वंश, राज, वेदशास्त्र, अपराध, कणयापुर, राजन, शब्द, वीनती, पुत्र, चरण.

३—प्रसादि, प्रधानि, तेणीइ, भरतारि, कारणि, कारिणइ.

५—............................

४—६—तास, एहनु, याइवतणु, तेहतणि, राइचा, तेहतणां, कुमरि-तणा, वडनी, साविजनु.

७—आदिहि, मनि, वीरमाहि, गोदावरीइ, चउहट्टे, पुरि, पाटणि, तेणि, निस, नाडीइ, कणयापुरि, वनि, वपारि, सरि, डालि.

१६१—भीम—(सं० १४८८)

भीमना प्रयोगो १—विप्प, जयवंती, ज्योतिषकला, वत्तारउ, कुंजर, कंदर्पू, वलीउ, नगर, दोसी, पींडी, एकि, इकि, को, छयल, खित्तीय नरवीरो, सुदयवच्छो, माहेसो.

२—गुण, पसाउ, गजराउ, कल्लोल, विसमा, पोलि, प्रसाद, नाद, पुत्त, नीर, सुदयवत्स.

३—कुलकम्मि, गजि, मइगलि, नेहिइं, सुदयवत्ससिउ, रंगि, सुदयवच्छिसिउ, दोरी, अरथिइं.

५—निजमंदिरथिकूं, संकलइ.

४—६—तसु, तास, संवच्छरइ, अंगतणउं, एकाउलिनउ, चेटकनउं, चउसठिनूं, पानतणां, फूलतणा, सुगंधीतणी, पारिषिनइ, आपापणी, केवीतणां, पारिषितणां, वंसइ, कारिण, —वत्सतणूउ, —वच्छतणउ.

७—सुरपुरि, नरभुवणि, पायालि, कालि, कलि, चउहटइ, माथि, तीणइ, पगि, हाटमांहि, अंतरिषि, कन्नि, —लक्षणे, नयणंमि, ति—वारिहिं, मसाहाणि.

१६२ तरुणप्रभ—(सं० १४११) क्रियापदो, सर्वनामो अने

तरुणप्रभना बीजा शब्दो

बीजा शब्दो

क्रियापदो

लिखियइ—लखाय	देखी करी—देखी	बइसाली—बेसारी	जाइसिइ—जाशे—
छे	करी—जोई करी	वढइ—वढे छे	जशे
छइ—छे	नहीं—नथी	मारि—मार	थाहरावी—ठेरावी
हूंतइ—हतो	वीनवइ-वीनवे छे	कीजउ—कीजो—	मारि मारि—मार
हूंती—हती	पढइं—पढे छे	करजो	मार
करउं—करुं	थाइं—थाय—थाय	चीतवइ-चीतवे छे	साही करी—धरी
नीपनउ-नीपन्यो-	छे	छता—छता	करी
नीपज्यो	थाई—थई—थईने	परीछइ—प्रीछे—	आपिसिइ-आपशे
		परीक्षे-जाणे	काढियइं—कढाय
हुयइ—होय	गयउ—गयो	मागि—माग	छे
छइ—छे	ले करी-लई करी	नीगमइ-नीगमे छे	(वहार काढवुं)
नथी—नथी	गंधाइ—गंधाय छे	—वीतावे छे	भागा—भाग्या
चींतवइ) चींतवे	आपि—आप	देखीसिइं—देखशे	हुउतउ—होत
चीतवइ) छे	पाउ धारावउं—प	वोलइ—बोले छे	जायतइ—जात
छइं—छे	—धरावुं	देखइ—देखे छे	विहराविउ—वहो-
होइ—होय	मारिवा—मारवा	वावइ—वावे छे	राव्युं—आप्युं

सर्वनामो

एकि—एके	तुम्हे—तमे	मइं—में
किहां—क्यां	अम्हे—अमे	किणहिं—केणे—कोईथी
सु—ते	अम्हरहइं—अमने	माहरइ—मारे
तुम्हारउ—तमारो	ज—जे	तुम्हारइ—तमारे
कुणरहइं—कोईने	माहरउं—मारो—मारुं	हउं—हुं
सु—जे	स—तेणी	

बीजा शब्दो

आवउ—आवो	सामुही—सामी
सगहू—सघळो	घरे—घरे
पाळउ—पाळो	पेट—पेट
उतावळा—उतावळा	ओरहा—ओरा—नजीक
असवारु—असवार—अस्वार	दीकिरी—दीकरी
जद्यपिहिं—जद्यपि—यद्यपि	वहिलइ—वहेलामां
तुम्ह पाखइ—तमारा विना	वी—थी
परिवार कन्हां—परिवार—कनेथी—परिवार पासेथी	रेडायां—रेडायां—ढोळायां
तेह कन्हइ—तेनी कने	जूव्वनु—जोवन
एक गमा-एक गम—एक तरफ	पहुतउ-पहोंत्यो-पहोंच्यो
बीजा गमा—बीजी गम-बीजी तरफ	काजु—काज—कार्य
धननाशु—धननाश	बिहुंगमा—बन्ने—गमा—बन्ने—तरफ
विसाहणउं—वसाणुं—खावानुं वसाणुं	दलिउ-दळ्यो-दळी पल्यो
मांहिलउ—मांहलो—मांयलो	दीकिरउ—दीकरो
वाणउत्रि—वाणोतरे	डोकरी—डोकरी—डोशी
दुहेलउं—दोहिलुं—दुःखडुं	दीकिरा कन्हइ—दीकरा कने—दीकरा पासे

सोमसुंदरना बीजा शब्दो

१६३ सोमसुंदर—(संवत्–१४१५)

क्रि०

प्रामी—पामी—प्राप्त करी
हूउ—हूवो—थयो
मारी—मारी
मारीउ—मार्यो
लीधउं—लीधुं
जायु—जायो—जण्यो
पूछिउ—पूछ्यो
जाणिवु—जाणवो
प्रामिउ—पाम्युं
देपाडी—देखाडी—बतावी
उतरि—उतर
अहियासिया—सह्या
हवुं—थयुं
मूंई—मूई—मरी
रोती रहइ नहीं—रोती रहे नहीं
हवी—हुई—थई
आणी—आणी—लावी
पाउ—धरिया—प—धार्यो
तेडउ—तेड्यो
करउं छउं—करुं छुं
देषउं—देखुं छुं
देषइ—देखे छे
धराइ—धराय (कर्मणि)
परिणं—परण
खांपडं—नांखो

बी० श०

ठाकुर—ठाकुर—ठाकोर—मालिक
त्रिणि—त्रण
परस्परइं—परस्पर
आषउ—आखो
क्षाति—ख्याति
गाढेरी—गाढ—घणी
बोकडा—बोकडा
पिरीआ—परिया—वंशज
केडइं—केडे—पाछळ
भीषारी—भीखारी
केडां—केडे—पाछळ
सम—सम
पोटलउ—पोटलो—पोटलुं
परहुणाना—परोणाना
अन्यात—अज्ञात
परहणउ—परोणो
ठुंठउ—ठुंठं
तूनारानउं—तूणारानुं—तूणनारनुं
जमहर—जौहर—यमगृह

थाडि—थाड
थूंकि—थूंकवडे
आफणी—आफरडुं—आपोआप—एनी मेळे
जु—जो
तु—तो
वेटउ—वेटो
मूलगु—मूल—मुख्य-वडो
पगरणि—पगरण—प्रसंग ऊपर
सोनीया—सोनैया
कडाहि—कडाई
विछूटी—वछूटी
भइंसा—भेंसा—पाडा
षाटकी—खाटकी
छींक—छींक
रूडां—रूडां
विरूआं—विरूप—वरवां—कद्रूपां
पणि—पण
परही—परी—परे—दूर

लक्ष्मीधरना १६४ अर्द्धचीरा (पारसी साक्षरनी कृति
चीजा शब्दो सं० १४७१)

क्रि०	क्रि०	चीं० श०	चीं० श०
हुई—हुइ—थइ	दीधउ—दीधो	पछइ—पछी	पण—खंड (?)
अछइ—छे	करइ—करे	सातइ—साते	स्त्री प्रति
सांभल्यउं-सांभळ्युं	दीधी	वइहइनि—वेहेन—नेन	हाड
सांभल्या पछी	खाधउं—खाधुं	भार्या	तह्मारां—तमारां
थई	कीधी	एतलउ—एतलुं —एटलुं	लुंडी—लोंडी
पामिउं—पाम्युं	गिउ—गयो		हाथ
कीधउ—कीधो	गेई—गई	जइसु } जेम	वेहू—वेऊ
रही	घाली	जिम	जोडइया—जोड्या
वोलिउं—वोल्युं	वइसइ—वेसे छे	यम	स्तुति
करु—करो	सुआरिउ-सूवाड्यो	जइम	घणी
थाउं—थईए	राषइ—राखे छे	महाभारतर—महाभारे	ऊग्रधी—औषधी
अछउं-छुं-छीए	फिरीनइ—फरीने		आदेश
हुइ—होय—छे	बइठी—बेठी	स्त्री	इसुं—एवुं
काढीइ—काढे	उचरइ } ऊचरे छे	बीजा	आत्मा
लिउ—ल्यो—लई	अछइ	ऊभी	हेठ—हेठे
जाओ	पहुतु—पहोंल्यो	आगलि } आगळ	जणाविवउं-जणा-वबानुं
खाउं—खाओ	आव्यु } आव्यो	आगलइ	
ताणउ—ताणो	आव्यः	वहइन—वहेन	ऊपरि—ऊपर.
वोलिउ—वोल्यो	करइं—करे छे	कलत्र	सइरु—शरीर
दीठउ—दीठो	हुऊअ-हुओ-थयो	भर्त्तार	पुहरि—पहोर
पडइ—पडे	देषाडउं—देखाडुं	स्तंभ	पाषलि—आजुबाजु
	कहइ—कहे छे		
	आत्र		

बी० श०		बी० श०	
वली—वळी	सखाइआ—सहायो	सउगंधपणउं-सुगंधपणुं	नइग्रहउ—निग्रह
जोइउ—जोयो	भउवन—भुवन	बिभन्न—बिभिन्न	स्थानइकु-स्थानक
किरि—किल	वइनोद—विनोद	विहच्यउ } वचे वच	सउंदर—सुंदर
जीवती	सउखउ—सुख	विहच्यउ }	तउं—तूं
प्रचउर—प्रचुर	द्रउर्गंध—दुर्गंध	अनइ—अने	हउइ—होय

१६५—हेमहंस—(संवत् १५००)

हेमहंसना बीजा शब्दो

क्रि०	क्रि०	बी० श०	बी० श०
आपवउं—आपवुं	ग्या—गया	कुटुंब	भारे-भारे-दीर्घ-गुरु
आलइ—आले छे	छइं-छे (बहु०)	चीठी	भारी-भारी-दीर्घ-गुरु
दिइ—दे छे	हआे—हो	पाशइ—पासे	काजकाम-कामकाज
हींडइ—हींडे छे	हुइ—होय	वन भणी—वन-तरफ	किमइ-केमे
परिणेवा—परणवा	थ्याईइं—थ्याईए		सासू—सासू
घाती-घाली-नाखी	कहइ छइ—कहे छे	सादिं—सादे	सिउं—शुं
ढांकी	छै	थिउ—थयो	नणंद—नणंद
मूंकिउ—मूक्यो	मिल्हइ	दीहाडउ—दहाडो	ढांकणूं—ढांकणुं
मूकां छइ-मूक्यां छे	छइ-छे	पगि-पगे-पगमां	महामज्रीदी—महा-मर्जीद्री
आप्या	मेल्हइ	गुर—गुरु	
घाल्यो	कहि छइ	सहू को-सऊ कोई	श्रावक—श्रावक
फीटी—मटी	सीझइं	घणु—घणो	मसाण—मसाण
फेडी-फेडी-मटाडी	करइं	आण्यो	हवडां—हमणां
ऊघाडी	कीधउं	तावडइं—तावडे—तापने लीधे	ढ्यारेक—त्यारेक
कीधी	वांछइ		तकताव—तक-लाग

क्रि०	क्रि०	वी० श०	वी० श०
चीतवउं	परणिवा	ढूकडु—पासे	ठाली—ठाली—खाली
खमानइ	चूकइ	नींकलवइ—नीकळवे—नीकळवाथी	ना—ना
पुहुतउ	मगावइ		सघलु—सघळो
सलसलीनइ—सळवळीने	गिउ	थाकु—थाक्यो	नइ—ने
		आंवानी	कोठो—कोठो—पेट
चमकिउ	करइ	मउडइ } मोडे मोडे	घणीक लगइ ग्या—घणे सुधी गया
थिउ—थयो	खीजइं	मउडइ } —विलंबे	

१६६—असाइत—(संवत् १४१७)

असाइतना वीजा शब्दो

क्रि०	क्रि०	वी० श०	वी० श०
मणि—भणे—कहे	धरी	नरवि—नरपति	साध—साधु—शाह
मारिस—मारीश	गाइ	करि-करमां-हाथमां	कोइ
होइ	कुपी	छुरी—छरी	वाट
मारि—मारे	काढि	रूडी—रूडी	चागि-चागे-चोकडे
कीया	अवधारु	कूअरी—कुंवरी	सावज
गया	हती	नरमली—निर्मळी	अनोपम
कहीइ—कहेवाय	मेहला—मेल्यां	वावनवीर	गढ
चरणव्योस—चरणवीश	कीउ	त्रिपनमु	मढ—मठ
	वलतउ	पणि—पण	मंदिर
चरणवुं	आवीउ	मढि—मठमां	पोलि—पोळ
करि	ऊडी गयुं—ऊडी गयो	वारि—वारणामां	पगार—प्राकार
धरुं		पंचसि—पांचसें	सकति—शक्ति
करुं	संभारु	वीनती	रषि—ऋषि

क्रि०	क्रि०	वी० श०	वी० श०
मिल्या	मार	पंषिणी—पंखणी	कासमीर
ऊठाडु—ऊठाड्यो	मेलुं—मूकुं—छोडुं	ईंडा—ईडां	सरसति
ऊठिउ	ग्यु—गयुं	नि—ने	विघन
थयु	चडु—चड्यो	भरतारि—भरतारे	उदभूत—अद्भुत
वसीउ	दीजि	लगुनि—लगण—	परमेसु—परमेश
वणास्युं	धरसि	सुधी	कोइ—कोई

१६७ भीम—(संवत् १४८८)

भीमना बीजा शब्दो

क्रियापदो

जंपइ	करइ	सुझइ	पूरइ
निसुणि	हउं—हवुं—थयुं	मंडाइ	उतारइ
झलि-झाली	अछइ	ढोइइं	पडिउ
मरइ	ल्हसइ	जोइइ	साहए—साधयति
धडहडइ	दडवड्यां	विधंसइ	आणयू
गडअडइ	आवरइ	कहइ	वखाणिउ
धाइ	भंजइ	संभलि—सांभळ	दलइ
धसइ	चडावइ	किद्ध	सोहइ
आपूं	तोलइं	मंति—माय छे	थिउ
जइ—जईने	लंटी लिइं—लंटी ल्ये	ठवइ—स्थापे	संचरइ
मंडिउ—मांड्यो	जीवइ	दुलंति	आआ—आव्या
पूर्या	थिउ	पाषरिउ	विन्नवइ
पुहतउ	धमधमइं	पंपावरिउ	मिली
लांपइ—नांखे	गमइ	पामीइ	कंपावइ
वहाव्यां			

वी० शा०

मालि—माळे	गयगामिणि } गजगामिनी
पाधरि—पादरे— पादर तरफ	गयगमणि
किरियाणा	
सागिळि (देश्य)—समूह	पयपंकय
आणणि—आनने	पतिभत्ति
सोह	जूअल—युगल
जुआणतणइ	जस—जेनी
कि—शुं ?	रंभथंभ—रंभास्तंभ
नितंब	सोवनवन्न
प्रलंबित वेणि	रोक—रोचिस्—कांति
नित्त—नेत्र	शशिहर
तारुणि—तरुणी	केवीतणां-कोईनां
आरुणि—अरुण	घाउ—घा
मयमत्त—मदमत्त	गइंद—गजेंद्र
पंचायण—पंचानन	अहिणवउ—अभिनव
परचंड	लोयण—लोचन
दंतूसल	बावन—बावन
गयंदु	अग्गइ—आगे
नरनाह	हाराउलि-हारावलि
वत्तारउ—वर्तारो	नेउर—नूपुर
जोणां—जोणुं	अनइ
भाइ	बाथि—बाथमां
भणी—तरफ	नातरूं

२१८ "सत्थर-संगोढी-संगेल्ल णिअरम्मि"—[देशीश० वर्ग ८ गा० ४]

वी० श०

नवूं	हाट
पायक—पायग	हालकुलोल—हालकलोल
आज	छडचोक-छडेचोक
जोह—योध	अपुव्व
भाट	षेवि—क्षिप्रं—जलदी
शिला	वेउधुनि—वेद्ध्वनि
रहतां	नीसाणडे
आघउ—आघो	परिगर—परिकर
लाज	उरयल
निलवटि—ललाट पट्टे	रगत्त—रक्त
षडि—खडी	पिथल—पृथुल
ति—ते	तिलय—तिलक
कल्हि—काले	सरिस—सदृश
शृंगारु	अवहि—अवधि
हार	माहेसो
अनइ—अने	रिणतूर—रणतूर्य
पगर—पगारा	मयमत्ता
कपूर	कडयडइं—कडकडीने—कड दईने
केसर	करोडि—करोडमां
तेल	पेहा—धूळ जडची
वास्यां—सुगंधी	विगति—वीगत
पींडी	

१६८ पन्दरमा सैकाना विशिष्ट प्रयोगो—कुलमंडन

कुलमंडनना विशिष्ट प्रयोगो

संबंधक भूतकृदंतनो 'ई' प्रत्यय छेः करी, लेई, देई (संबंधक भूतकृदंत)

शिष्य शास्त्र पढी अर्थ पूछइ.

हेत्वर्थ कृदंतनो 'इवा' प्रत्यय छेः करिवा, लेवा, देवा.

कुंभकार घडा घडिवा माटी आणइ.

हेत्वर्थ कृदंतनो 'ई' प्रत्यय पण छेः करी जाणइ, करी सकइ, लई जाणइ, लई सकइ, देई जाणइ, देइ सकइ.

वर्तमान कृदंतनो 'अतउ' के 'तउ' प्रत्यय छेः शिष्य शास्त्र पढतउ हउं सांभलउं, करतउ, लेतउ—(नरजाति) करती, लेती (नारीजाति) करतउं, लेतउं (नान्यतरजाति)

करसणी हल खेडतउ बीज वावइ.

साधारण कर्तृसूचक कृदंतनो 'णहार' प्रत्यय छेः करणहार, लेणहार, देणहार, धर्म करणहार जीव सुख प्रामइ.

कर्मणि वर्तमान कृदंतनो 'ईजतउ' प्रत्यय छेः शिष्यिइं शास्त्र पढी-जतउं हउं सांभलउं.

कीजतउ, लीजतउ, पढीजतउ, (नरजाति), कीजती (नारीजाति), कीजतउं (नान्यतरजाति).

सूत्रधारइ कीजतउ प्रासाद अथवा कीजती वावी अथवा कीजतउं देहरउं लोक देखइ.

कुलमंडन कहे छे के कर्तरिप्रयोग ए 'पाधरी' उक्ति छे अने कर्मणि तथा भावे प्रयोग 'वांकुडी' उक्ति छे. (पृ० २६६) आ बे

उपरांत एक त्रीजी 'कर्मकर्ता' उक्तिनुं उदाहरण देखाडतां कुलमंडन कहे छे के—"'ए ग्रंथ सुखिं पढायइ'. 'इहां सोनउं सहुंगउं वीकाइ'".

सकर्मक क्रियापद संबंधी भूतकाळनी उक्तिने समझावतां कुलमंडन जणावे छे के लोकभाषामां भूतकाळमां कर्मणि प्रयोग ज थाय छे. "प्राकृत उक्ति सकर्मक अतीत कालि कर्मि जि बोलीयइ"—जेमके—

'श्रावकिइं देवु पूजिउ' वळी ते कहे छे के—"अनइ जेह उक्ति माहि गत्यर्थ अथवा अकर्मक क्रिया हुइ, तिहां प्राकृतवार्ता अतीतकालि कर्ता बोलायइ" अर्थात् जे वाक्यमां भूतकाळ सूचक क्रियापद गत्यर्थक होय अथवा अकर्मक होय त्यां भूतकाळनो प्रयोग लोकभाषामां कर्तरि पण थाय छे. जेमके—

चैत्रु गामि गिउ, तारउ ऊगिउ, लोग ऊठिउ, सूतउ, जागिउ.

'सति' सप्तमीनो प्रयोग—

कुलमंडने आपेला केटलाक प्रयोगो अने विभक्तिओ वापरवाना नियमो

मेघि वरिसतइ मोर नाचइ ('मेघि' सति स०) गुरि अर्थु कहतइ प्रमादीउ ऊंघइ ('गुरि' सति स०) गोपालिइं गाए दोहीतीए चैत्रु आविउ ('गाए' सति स०) चैत्रिइं गाईतइ मैत्रु नाचइ ('गाईतइ' सति स०)

ऊपरि—ऊपर हेठि—हेठे कन्हइ—कने } आनो योग थतां नाम षष्ठीमां आवे छे तउ—तो	परारु—परार—गये वर्षे ने अगाउने वर्षे गिइ कालि—गइ काले अनेरइ दीसि—अन्य दीवसे पाछलि—पाछळ

जं—जे
तं—ते
जउ—जो
जां—यावत् } आनो योग थतां
तां—तावत् } नाम द्वितीया ले छे
पाखलि—पाखे } आना योगमां
विना } द्वितीया अने षष्ठी
पाखइ—पाखे } आना योगमां
विना } द्वितीया
ईहं—अहीं
तिहां—त्यां
हवडां—हमणां
किवारइं—केवारे—क्यारे
अनेरीवार—अन्यवारे—बीजे वखते
किम—केम
तिम—तेम
अहुण—ओण—आ वर्षे
आगलि—आगळ
डावा गमा—डाबी गम—डाबी तरफ
बिहुं गमा—बन्ने गम—बन्ने तरफ
वाहिरि—बहार
हेठिलुं—हेठलुं
वाहिरलुं—बहारलुं—बारखलुं

जिमण गमा—जमणी गमा—जमणी तरफ
सविहुं गमां—सर्वगम—बधी बाजु
ऊपिलु—ऊपलुं
आगिलु—आगलुं
ताहरउं—तारुं
जिहां—ज्यां
किहां—क्यां
तिवारइं—तेवारे—त्यारे
जिवारइं—जेवारे—ज्यारे
सदैवइ—सदैव
एकवार—एकवार
जिम—जेम
इम—एम
पउर—पोर—गये वर्षे
आजु—आज
कालि—काल
आवतइ कालि—आवती काले
कांई—कांई
अनइ कांई-अन्य शुं—बीजुं शुं-बीजुं कांई
तउ किसउ—तो शुं—तेथी शुं अथवा तेथी केवुं
तम्हारउं—तमारुं

माहरउं—मारुं
अम्हारउ—अमारुं
तेहतणउं—तेहनुं—तेनुं
अनेरातणउं—अन्यनुं
किहतणउं—केहनुं—केनुं
जिसउं—जेवुं
अनेसउं—अन्यनी जेवुं
सरीषउं—सरखुं
तेतलउं—तेटलुं
केतलउं—केटलुं
तेवडउं—तेवडुं
कियद्—वृद्धम्—केवडउं-केवडुं-केटलुं वडुं—केटलुं मोटुं
तेतला—तेटला
तईय लगइ / तहींय लगइ } त्यांलगी—ते समयथी मांडीने—त्यारथी मांडीने
हउ—हो
आथ (घ?)उ—आथो
हेठउं—हेठुं
पइलउ—पेलो
पाछिलउ—पाछलुं
छेहिलउं—छेहुं
पूर्विलउं—पूर्वलुं—पूर्वनुं
जेहतणउं—जेहनुं—जेनुं
एहतणउं—एहनुं—एनुं
किसउं—केवुं
तिसउं—तेवुं
इसउं—एवुं
जेतलउ—जेटलुं
एतलउ—एटलुं
जेवडउं—जेवडुं
एवडउं—एवडुं
जेतला—जेटला
केतला—केटला
जईय लगइ / जहींइ लगइ } ज्यां लगी—जे समयथी मांडीने—ज्यारथी मांडीने
अजी—हजी—आज सुधी
अईय—आ
कु जि कांइ—कोण जाणे शुं (?)
किसउं—किम्—कशुं—शुं
ओलिउ—ओल्यो
पहिलउं—पहेलुं—पेलुं
आगिलउं—आगलुं
मांहिलउं—मांयलुं—वचेनुं
वेगलुं—वेगळुं
इहांतणउ—अहींनुं

ग्रामतणउ—गामनुं	आजूनउ—आजनुं
केही गमातणउं-कई गमनुं-कई वाजुनुं	परायुं—परायुं
अहुणोकउं—ओणुकुं	परोकउं—पोरकुं
काल्हणउं—काल्हनुं—कालनुं	वहिलउं—वहेलुं
मउडउं—मोडुं	गाढ—घणुं—गाढुं
ऑरहउं—ओरुं	

१६९ पन्दरमा सैकानी गुजरातीनो स्पष्ट ख्याल आवे ते माटे अहीं में तेने लगता विशेष प्रयोगो जणाव्या छे. अने १४११ थी १४८८ सुधीनी पांच कृतिओना उतारा पण आप्या छे.

आ गुजराती अने आपणी गुजराती वच्चे हवे तो नहीं जेवो ज भेद छे. 'अइ' अने 'अउ' वाळां पदोनो उच्चार आपणे तेमनो गुण करीने एटले 'अइ' नो 'ए' अने 'अउ'नो 'ओ' करीने करिए छिए त्यारे

पन्दरमा सैकानी भाषामीमांसा

पन्दरमा सैकानी गुजरातीमां तेमनो गुण थया विना ज एम ने एम उच्चारण थाय छे. बीजुं, अत्यारसुधीनी गुजरातीमां प्रथमानुं एकवचन 'ओ'कारवाळुं नहोतुं जणातुं ते, आ कृतिओमां उपलब्ध थाय छे. जो के 'ओ'कारवाळा पदनो उपयोग विशेष नथी थयो देखातो; पण छे तो खरो अने साथे चंद्र, सोनार, वीतराग, जीव, एवां प्रथमामां आजे य वपरातां पदो पण ए कृतिओमां वपरायां छे. अने प्राचीन परंपरानो 'उ' एटले जनपदु, हरिदत्तु वगैरे 'उ' वाळा पण प्रथमांत प्रयोगो देखाय छे.

तात्पर्य ए के प्राचीन अने अर्वाचीन बन्ने प्रकारना प्रयोगोनी वपराश आ कृतिओमां छे.

ए ज प्रमाणे अत्यार सुधीनी कृतिओमां त्रीजी विभक्तिमां 'इं' के

'इ' प्रत्यय वपरातो, ते नामने छेडे जुदो रहेतो के नामना अंत्यस्वर साथे मळीने रहेतो. प्रस्तुत कृतिओमां तेवा प्रयोगो उपरांत नामना अंत्य स्वर साथे मळीने के जुदो रहेतो 'ए' पण वपरायेलो छे; जेहे, वणे, वीजीए, देवताए. आपणी चालु गुजरातीमां तृतीयाना 'ए'नो उपयोग पण ए रीते ज प्रवर्ते छे.

पन्दरमा सैकानी कृतिओमां वपरायेली षष्ठीना प्रत्ययोमां—रहइं, रहइ, हूइं, तणउं, तणी, नी, तणा, नां, नउं, नुं, नउ, नु, ह अने चा एटलानो समावेश छे. आमांनां केटलांक तो परंपराथी चाल्यां आवे छे; परंतु रहइ, रहइं, हूइं, नां, नुं, नु, नी अने 'चा' एटला प्रत्ययो आ सदीमां नवा आव्या छे. नवा एटले अभूतपूर्व एम नहीं पण अगाउ नहीं वपरायेला एवा. 'तणउ' नो 'नु' 'तणई' नो 'नी' अने 'तणउं' नो 'नुं' ए रीते 'नु' 'नी' अने 'नुं' नी उपपत्ति छे. चालु भाषामां आ प्रत्ययो छूटथी वपराय छे. त्यारे उक्त कृतिओमां ए प्रत्ययो उपरांत 'तणउ' वगेरे प्रत्ययो पण वपरायेला छे. चालु भाषामां य कवितामां 'तणो'नो उपयोग चालु छे, ए ध्यानमां रहे. चोथी, छठ्ठी अने वीजीना प्रत्ययोमां विशेष भेद नथी. एथी चोथी अने वीजीना प्रत्ययोनी चर्चा जुदी नथी करतो.

पन्दरमी सदीमां वपरायेला 'रहइ' 'रहइं' के 'हूइं' ना मूळनो ख्याल स्पष्ट नथी आवतो छतां हेमाचार्ये सूचवेला तादर्थ्यसूचक 'रेसि' के 'रेसिं'मां तेमनुं मूळ संभवित छे अथवा तादर्थ्यसूचक 'रेसि' + 'केहिं' ए रीते वे निपातना जोटा द्वारा आवेला 'रेसिकेहिं' ए जातना पदमां पण तेमना मूळनो संभव छे. चतुर्थी अने षष्ठीमां भेद नथी एथी ज तादर्थ्यसूचक उक्त निपातो, षष्ठीसूचक 'रहइ' वगेरे

प्रस्तुत प्रत्ययोना मूळमां होवानी कल्पना थाय छे. केटलाक विद्वानो 'अर्थके'–अरथके–अरहए–रहए–रहइं के हूइं करीने 'रहइ' के 'हूइं' नी उपपत्ति कल्पे छे. 'चा'नुं मूळ हेमचंद्रे बतावेला संबंधसूचक 'एच्चय' प्रत्ययमां छे. ८–२–१४९ सूत्रमां 'तुम्हेच्चयं' 'अम्हेच्चयं' नुं उदाहरण आपीने हेमचंद्र 'एच्चय' प्रत्ययनी साबीती आपे छे. प्राकृतमां तो 'एच्चय'नो उपयोग मात्र 'युष्मद्' अने 'अस्मद्' पूरतो छे, त्यारे लोकभाषामां ते व्यापक बनेलो छे. एथी ज कवि असाइत 'राइचा' एवुं 'एच्चय' प्रत्ययवाळुं पद वापरे छे.

चालु भाषामां वपराता 'शिला ऊपर' जेवा प्रयोगो पण पन्नरमी सदीनी कृतिओमां मळे छे. 'सिद्धसिला ऊपरि' वगेरे.

अत्यार सुधीमां सातमी विभक्ति माटे 'माहि' के 'माहिं' पूरकनो उपयोग थतो आव्यो छे. तथा नामना अंत्य स्वर साथे मळेलो के जुदो 'इ' प्रत्यय वपरातो आव्यो छे त्यारे पन्नरमा सैकानी कृतिओमां नामना अंत्य स्वर साथे मळेलो 'ए' प्रत्यय पण वपरायेलो छे. चौरे, अनेरे, गए, लक्षणे इत्यादि. अहीं जणावेली पन्नरमी सदी पहेलांनी गुजराती कृतिओमां ए रीते सप्तमीसूचक 'ए' प्रत्ययनो उपयोग थयो जाण्यो नथी.

चालु गुजरातीमां आ 'ए' प्रत्यय अने 'मां' पूरक विशेषे करीने प्रचलित छे.

पांचमीना प्रत्ययोनी चर्चा

१७० पांचमीना प्रत्ययो तउ, इंतउ, हूंतउ, थउ, थकउ, थिकु, थिकुं, थिकइं, थकी. एमांना आदिना त्रण, परंपराथी चाल्या आवे छे अने 'थउ' वगेरे पन्दरमी सदीनी कृतिओमां वपरायेलां पंचमीनो अर्थ बताव-

नारां पूरक पदो छे. एने प्रत्ययो कहो तो पण चाले. मूळ 'स्थित' के 'स्थितक' मांथी उक्त 'थउ' वगेरेनी उपपत्ति छे एम केटलाक विद्वानो कहे छे. 'वृक्ष थकउ पान पडइ' एटले 'वृक्षमां स्थित रहेलुं पांदडुं पडे छे' आमां 'थकउ' ए प्रथमांत छे अने 'पान' नुं विशेषण छे, एटले 'थकउ' वगेरेमांथी पांचमीनो अर्थ नीकळतो जणातो नथी. जेम षष्ठी-सूचक 'तण' प्रत्ययवाळां पदो विशेषणरूप छे तेम 'थकउ' वगेरे पदो जेने लागेलां छे ते पदो पण विशेषणरूप छे अने ते पण विकारी. अहीं ए याद राखवुं घटे के 'तण' तो संबंधसूचक प्रत्यय छे; त्यारे प्रस्तुत 'स्थित' शब्द कोई प्रकारना विभक्त्यर्थने स्वतंत्रपणे जणावतो नथी; परंतु कुलमंडने ए 'थकउ' वगेरेने पंचमीना प्रत्ययो तरीके जणावेला छे, एटले ए पंचमीना प्रत्ययो छे एमां शक नथी; छतां तेनी उपपत्ति माटे बतावायेलो 'स्थित' के 'स्थितक' शब्द बराबर छे के केम? ए विचारणीय छे. सप्तमीना 'माहि'ना मूळरूपे सूचवायेलो 'मध्ये' शब्द पोते ज सातमीनो भाव सूचवे छे तेम 'स्थित' शब्दद्वारा कोई रीते पांचमीनो भाव द्योतित थतो नथी. 'वाघथी बीउं छुं' 'वळाथी भावनगर बार गाउ छे' 'माराथी ते मोटो छे' ए पदोमां रहेला 'थी'नुं मूळ 'स्थित' कल्पीए तो अर्थ केम घटाववो?

'वृक्षइतउ' मां 'इ' तृतीयानो सूचक छे अने 'तउ' नुं मूळ पंचमीसूचक 'तस्' मां छे; ए जोतां 'इतउ' ए, 'इ+तउ' एम बे प्रत्ययो मळीने एक प्रत्यय बनेलो छे. तृतीया अने पंचमीना अर्थमां सादृश्य पण ठीक ठीक छे, एटले 'इ' अने 'तउ' ना मेळमां कशो वाध भासतो नथी. अथवा जेम 'मध्ये' पद सप्तमीने सूचवे छे तेम 'इतस्' अव्यय पंचमीनुं द्योतक छे. तेने स्वार्थिक 'अक' लागतां 'इतकस्'. ते

द्वारा इतकओ–इतअओ–इतअउ–इतउ ए रीते पण 'इतउ'ने समझावी शकाय.

'इतउ'नी पेठे एक 'तउ' प्रत्यय पण पंचमीने सूचवे छे. ते 'तउ' अने संस्कृतमां पंचमीना अर्थे वपरातो 'तस्' ए वे वच्चे विशेष समानता छे. एथी तस्–(७–२–३१ है०) तकस्–तअओ–तअउ–तउ ए रीते 'तउ'ने साधी शकाय अने ते 'तउ' द्वारा 'थउ'ने पण लावी शकाय. 'तकस्' ना 'क' नो लोप न करीए तो तकओ–तकउ–थकउ ए रीते 'थकउ'ने पण लावी शकाय. अने हेमचंद्रे सूचवेला (८–४–३४१) पंचमीना 'हुं'ने फरी वार पंचमीसूचक 'तो' (तस्–तो) लगाडवाथी 'हुंतो'ने साधी शकाय अथवा प्राकृतमां पंचम्यर्थे वपरातो 'सुंतो' 'हुंतो' अने प्रस्तुत 'हूंतो' ए बधा एक ज केम न होय? स्वरोनुं परिवर्तन भाषामां साधारण रीते प्रचलित छे एटले छेडे के वच्चे भिन्नभिन्न स्वरवाळा ए प्रत्ययोनी उपपत्ति उक्त रीते संगत थई शकशे. आ माटे विशेष स्पष्ट करवा भाषाविदोने मारी नम्र विनंती छे.

१७१ पन्दरमा शतक पहेलांनी गुजरातीमां 'छे' नो उपयोग कोई बीजा क्रियापदनी साथे थतो जाण्यो नथी त्यारे पन्दरमा शतकना अंतनी गुजरातीमां 'कहइ छइ' 'कहि छइ'–एवा प्रयोगो मळे छे, तेनो अर्थ 'कहे छे' ए स्पष्ट छे. ए उपरथी मालूम पडे छे के चालु गुजरातीमां जे रीते 'छे' नो प्रयोग सहायक–क्रियापद तरीके थाय छे, ते ज रीते पन्दरमा शतकना अंतनी गुजरातीमां पण 'छे' नो उपयोग थयेलो छे. आ प्रकारे प्रत्ययो, क्रियापदो अने आगळ जणावेला शब्दो जोतां पन्नरमा शतकनी गुजराती, अत्यारनी गुजरातीनी विशेष निकट छे.

१७२ पन्दरमा शतकनी गुजरातीना नमूनाओमां एक नमूनो लक्ष्मी-

धर नामना पारसी पंडित गृहस्थे लखेला गुजराती—गद्यनो छे. ते

पारसी लेखक अने जैन लेखक ए बन्नेनी समान गुजराती

लेखके लखेली गुजराती अने बीजा तरुणप्रभ वगेरे जैन लेखकोए लखेली गुजराती, भाषा तरीके एक ज छे.

पारसी पंडिते वापरेलां नामरूपो अने क्रियापदोनी सूची अहीं आपेली छे; तथा नमूनामांथी विभक्तिवार साते विभक्तिओनां उदाहरणो पण जणावेलां छे. ए ऊपरथी उक्त पारसी लेखके वापरेली भाषाना स्वरूपनो स्पष्ट ख्याल आवी शके एम छे अने ए भाषा, पन्नरमा शतकना बीजा लेखकोए वापरेली भाषा करतां लेश पण भिन्न नथी, ए पण ए उदाहरणो द्वारा समझी शकाय एम छे.

ए पारसी लेखकनी भाषा सांप्रदायिक वृत्तांतनी साथे संकळायेली छे अने तेथी तेमां केटलाक शब्दो एवा छे के जेनो आपणने परिचय न होय, पण एम होवाथी कांई भाषाना देहमां भेद थतो नथी. आ नमूनाथी एम चोक्कस सिद्ध थाय छे के गुजरातना रहीश तरीके गुजराती लखनारा जैन, वैदिक, पारसी वा अन्य लेखकोनी भाषा जुदी जुदी नथी होती. जे कोई, जैन अने ब्राह्मण वा तदितर एवा गुजराती लेखकोनी भाषामां भेद कल्पे छे ते भ्रममां छे.

उक्त पारसी लेखकनी भाषामां वपरायेला केटलाक शब्दो ऊपर पवित्र अवेस्तावाणीनां उच्चारणोनी असर मालूम पडे छे. अवेस्तावाणीमां 'एषाम्' ने बदले 'अएषाम्' 'श्रेष्ठ' ने स्थाने 'स्रएस्त' 'देव'नुं 'दएव' 'एतेषाम्'नुं 'अएतेषाम्' 'अन्येषाम्'नुं 'अन्यएषाम्' 'प्रति'नुं 'पइति' 'दीर्घायु'नुं 'दरेगायु' 'उभय'नुं 'उब्नोयो' 'भूरि'नुं 'बूइरि' 'भरति'नुं 'बरइती' 'नारी'नुं 'नाइरी' अने 'भेषज'नुं 'बएषज' एवां उच्चारणो

વિશેષપણે પ્રચલિત છે. તેમ ઉક્ત પારસી લેખકની ગુજરાતીમાં ‘ભુવન’નું ‘ભઉવન’ ‘વિનોદ’નું ‘વઇનોદ’ ‘સુખ’નું ‘સઉખ’ ‘દુર્ગંધિ’નું ‘દઉર્ગંધિ’ ‘સુગંધપણું’નું ‘સઉગંધપણું’ ‘નિગ્રહ’નું ‘નઇગ્રહ’ અને ‘સુંદર’નું ‘સઉંદર’ એવાં સ્વરવિશ્લેષ અને સ્વરવૃદ્ધિવાળાં પણ રૂપો વપરાયેલાં છે.

જે લેખકનો ગાઢ પરિચય પ્રાકૃત સાથે હોય તેની કૃતિમાં કેટલાંક પ્રાકૃત ઉચ્ચારણો આવી જવાનાં, જેનો ગાઢ પરિચય સંસ્કૃત સાથે હોય તેની કૃતિમાં સંસ્કૃતની અસર થવાની જ, તેમ પારસી લેખકની ભાષામાં એમની સાથે વિશેષ પરિચયવાળી અવેસ્તાવાણીનાં ઉચ્ચારણો આવે એ સ્વાભાવિક છે. ‘અર્દાવીરા’ના મુદ્રિત પુસ્તકમાં ‘સ્થા’ને બદલે અનેક સ્થળે ‘સ્છા’ છપાયેલું છે, તથા ‘સ્વર્ગ’ને બદલે ‘સ્વર્ગ્ર’ છપાયેલું છે. લખેલી પ્રતિઓમાં ‘થ’ અને ‘છ’ એક સરખા જેવા જણાય છે. તથા બેવડા ‘ગ’ને બદલે લિપિ લખનારા ‘ગ્ર’ જેવો વર્ણ લખે છે, એથી ‘થ’ અને ‘છ’નો તથા ‘ગ્ગ’ અને ‘ગ્ર’નો વિશેષ ન સમજાયાથી ‘સ્થા’ને સ્થાને ‘સ્છા’ તથા ‘સ્વર્ગ’ને સ્થાને ‘સ્વર્ગ્ર’ છપાયેલું જણાય છે, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

એ પુસ્તકની ભાષા પન્નરમા સૈકાની છે એમ તેની અંતિમ પુષ્પિકા ઉપરથી જ માલૂમ પડે છે. પુષ્પિકા આ પ્રમાણે છે :—

“ સંવત્સરેષુ ચતુર્દશશતેષુ સંવત્સર ૭૧ વર્ષે” ઇત્યાદિ “અધ્યારુ ચહિરામશ્રુત અધ્યારુ લક્ષ્મીધર લક્ષતં” સંવત ૧૫૦૭ વર્ષે માર્ગ્રસર સિતાત દ્વાદિશી તિથૌ સોમ દિને અશ્વિની નક્ષત્રે વરંઆન જોગ્ય (વરિ-યાન્—વરીયસિ—યોગે) પ્રવર્તમાને શ્રીઃનાગસારકાયાં શુભં ભવતિ”

આ બન્ને પ્રાંત લેખો દ્વારા પન્નરમા શતકના ઉત્તરાર્ધે તથા સોળમા શતકના આરંભે જે જાતની ગુજરાતી પ્રવર્તતી હતી તેનો સ્પષ્ટ ખ્યાલ આવે એમ છે.

बारमा शतकनी गुजराती ते ऊगती गुजराती के प्राचीन गुजराती, तेरमा अने चौदमा शतकनी गुजराती विशेष खीलेली के किशोर गुजराती अने पन्नरमा शतकनी गुजराती ते मध्यम वयनी गुजराती के आपणी तद्दन पासेनी गुजराती छे.

उक्त कृतिओमां क्यांय क्यांय 'सागिह्लि' जेवा देश्य शब्दो वपरायेला छे अने बीजी भाषाना 'गमार' जेवा शब्दो पण उपयोगमां आवेला छे; परंतु ते घणा ज विरल छे.

वैदिक लेखकनी अने जैन लेखकनी समान गुजराती

१७३ अहीं आपेली पन्नरमा शतकनी कृतिओमां बे कृतिओ वैदिक परंपराना कवि असाइत अने कवि भीमनी छे. कवि असाइतनी 'हंसाउली' मां 'जातीसमरण' 'थापणिमोसु' 'मिथ्याती' 'आठ कर्म' 'वीरवचन' वगेरे जैन पारिभाषिक शब्दो वपराया छे तेथी एम जणाय छे के कवि (असाइत) जैन धर्मना पारिभाषिक शब्दोनो विशेष परिचय धरावे छे अर्थात् जैन संप्रदाय साथे तेनो संसर्ग ठीक प्रमाणमां हशे. ते बन्ने कविओनी भाषा तरफ विद्वानोनुं लक्ष्य खेंचाय ए माटे आ स्थळे थोडुंक वधारे जणाववुं जरूरी छे. साक्षरोमां एक एवो जूनो मत प्रचलित छे के जैन कविओनी भाषा अने वैदिक कविओनी भाषा वच्चे अंतर छे. जैन कविओनी भाषा प्राकृतमूलक छे अने वैदिक कविओनी भाषा संस्कृत-मूलक छे. बन्नेनी भाषा छे तो गुजराती परंतु तेना मूळ प्रवाहो जुदा जुदा छे. आ मत, हुं मानुं छुं ते प्रमाणे तद्दन भ्रांतिमूलक छे अने अद्यतन विद्वानो पण आ मतने मिथ्या माने छे. अहीं आपेली असाइतनी अने भीमनी कृति उपरथी आपणे स्पष्टपणे जाणी शकीए छीए के

वैदिक हो के जैन हो वा अन्य कोई हो परंतु जे कोई गुजराती छे तेनी भाषामां भेदभाव नथी. विषयने लीधे भाषामां जे विशेषता आवे ते समझी शकाय एम छे. परंतु एकनी भाषा संस्कृतमूलक छे अने बीजानी भाषा प्राकृतमूलक छे एवो भेद तो तेमनी भाषा वच्चे नथी ज. अहीं में कवि असाइतनी अने कवि भीमनी कृतिना जे शब्दो अने क्रियापदो आप्यां छे ते उपरथी स्पष्ट मालूम पडे छे के जैन कवि अने वैदिक कविनी गुजराती भाषा वच्चे कशो ज भेद नथी. आ संबंधे सद्गत साक्षरवर भाई चिमनलाल दलाले वसंतमां (व० पु० १५ अं० ३-७-१९७२) नीचे प्रमाणे जणावेलुं छे :—

"प्रस्तुत काव्यनी भाषा कोई पण प्रसिद्ध थयेला जैनेतर गूजराती ग्रंथ करतां घणी जूनी छे. प्राकृत तथा अपभ्रंश शब्दो तथा प्रयोगोथी आ काव्य एटलुं बधुं भरपूर छे के जो तेना कर्ताए मंगलमां गणपतिनुं नाम ना लीधुं होत तो ते जैन काव्य तरीके गणीने उपेक्षवामां आवे." "कविए संस्कृत शब्दोने बदले प्राकृत तथा अपभ्रंश शब्दो ज वापरेला छे. जे जूनी गूजराती ने जैन गुजरातीमां भेद समझनाराओए विचारवा जेवुं छे. आ काव्यनी जूदी जूदी प्रतोमां भाषाना घणा फेरफारो छे; परंतु जे प्रतोमांथी अवतरणो आपेलां छे, तेमांनी एक सं० १४८८ मां लखेली होवाथी तेमां मूळ भाषा घणे मोटे भागे असल स्वरूपमां सचवायेली छे."

श्री दलालनो अभिप्राय

भाई श्रीदलालनुं उक्त कथन अक्षरशः खरुं छे. पुनरुक्तिदोष स्वीकारीने पण अहीं असाईत अने भीमना केटलाक प्रयोगो फरी वार नोंधी बतावुं छुं :—

असाइत	भीम	
मढ–(मठ)	नरनाह–(नरनाथ)	अहिणवउ–(अभिनवक)
पगार–(प्राकार)	कल्हि–(कल्ये)	सौवन्न–(सौवर्ण)
सकति–(शक्ति)	पगर–(प्रकर)	वन्न–(वर्ण)
रषि–(ऋषि)	अपुव्व–(अपूर्व)	तिलय–(तिलक)
कासमीर–(काश्मीर)	आणणि–(आनने)	नेउर–(नूपूर)
सरसति–(सरस्वती)	करियाणा–(क्रयाणक)	लोयण–(लोचन)
विघन	मयमत्त–(मदमत्त)	पायक-(पाइक्क–पदाति)
परमेसु	गयंदु–(गजेन्द्र)	सरिस–(सदृश)
भरतारि	वेड–(वेद)	भत्ति–(भक्ति)
वागि	धुनि–(ध्वनि)	गय–(गज)
वीनती	घाउ–(घात)	पयपंकय–(पदपङ्कज)
त्रिघनसु		
नरवि		

असाइत क्रि०		भीम क्रि०	
भणि	कहीइ	विन्नवइ	कहइ
होई	ऊठाडु	भंजइ	तोलइ
कीया	ऊठिउ	सूझइ	मंडाइ
गया	वणास्युं	जोइइ	आयरइ
मारिस		विधंसइ	

१७९ कवि असाइते अने कवि भीमे वापरेला उपर जणावेला शब्दो पोते ज कही आपे छे के ए कविओनी भाषा संस्कृतमूलक छे के प्राकृतमूलक छे ? में आगळ कह्युं छे तेम गुजराती भाषा के कोई पण

१७६ पन्नरमा सैकाना श्रीगुणरत्नसूरिए विक्रमसंवत् १४६६ मां रचेल पोताना 'क्रियारत्नसमुच्चय'[३२०]मां ते समयनी प्राकृतवार्ता--लोकवार्ता--लोकभाषा--मां चालतां केटलांक क्रियापदो अने वाक्यो आपेलां छे. जेने जाणवाथी ते समयनी चालु भाषानो विशेष स्पष्ट ख्याल आवशे माटे ते बधांने आ नीचे जणावी दउं छुं: उक्त कुलमंडन अने प्रस्तुत गुणरत्न बन्ने गुरु-भाई हता, ए वात आगळ (पृ० ४५०) जणावाई गई छे.

गुणरत्नना प्रयोगो

तृतीय पुरुष
- वर्तमान---एउ करइ (ए करे छे) लियइ (ले छे--"लाति"--गुणरत्न) दिअइ (दे छे) जायइ (जाय छे) 'आवइ' (आवे छे--"आपतति" गुण०) जागइ (जागे छे) सुअइ (सूए छे).
- बहु०---ए घणां करइं (एओ घणा करे छे) ए घणां लिइं (एओ घणां ले छे)

द्वितीय पुरुष
- तूं करँ (तुं करे छे)
- तूं लिअँ (,, ले छे)
- तूं दिअँ (,, दे छे)
- बहु०---तुम्हे करउ (तमे करो छो)
- ,, लिअउ (,, ल्यो छो)
- ,, दिअउ (,, द्यो छो)

---

३२० क्रियारत्नसमुच्चय--बनारस यशोविजय जैन पाठशाळाए यशोविजय जैन ग्रंथमाळाना दशमा पुस्तकरूपे प्रसिद्ध करेलो छे.

प्रथम पुरुष अथवा अस्मद्–पुरुष	हूं करउं (हुं करुं छुं)
	,, लिउं (,, लउं छुं)
	,, दिउं (,, दउं छुं)
	बहु०—अम्हे करउ–(अमे करिए छिए)

भावेप्रयोग—देवदत्तइं हुईअइ (देवदत्तवडे होवाय छे–थवाय छे)

तइं सुईअइ (तारा वडे सुवाय छे) मइं बइसीअइ (मारा वडे बेसाय छे)

कर्मणि प्रयोग—कीजइ (कराय छे) लीजइ (लेवाय छे) दीजइ (देवाय छे)

बहु०—कीजइं (घडा कराय छे) लीजइं (घडा लेवाय छे) दीजइं (घडा देवाय छे).

तूं कीजं (तुं कराय छे) हूं कीजउं (हुं कराउं छुं) सेहि आव–
श्यकु पढिउं (शैक्षे आवश्यक पढ्युं)

बहु०–तुम्हे कीजउ (तमे कराओ छो)

देवदत्त वहिलउं जिमि पाछइ गाम जाइसि–(देवदत्त वहेलुं जमी पछी
गाम जाय छे–जशे)

विध्यादि अर्थ—करेवउं (करवुं) लेवउं (लेवुं) देवउं (देवुं)

तृतीय पुरुष बहु०—करिजो (तेओ करे के करज्यो) लेजो
(तेओ ल्ये के लेज्यो) देजो (तेओ दे के देज्यो)

द्वितीय पुरुष तूं करिजे (–तुं करजे) लेजे (लेज्ये)
देजे (देज्ये)
बहु० तुम्हे करिजो (तमे करज्यो)

अस्मद्-पुरुष—हूं, अम्हे करिजउं (हुं करुं, अमे करिए) लेजउं
वा (हुं लउं के अमे लइए), देजउं (दउं के दइए)

प्रथम-पुरुष— करत (हुं तुं ते अमे तमे तेओ करत)
लेअत (,, ,, ,, ,, ,, ,, लेत)
देअत (,, ,, ,, ,, ,, ,, देत)

श्रावकइं विनउ जिनरहइं करिवउ (श्रावके विनय जिननो करवो) जन्मनउं फल लेअउं (जन्मनुं फळ लेवुं) देअउ (देवुं) दानु देवउं (दान देवुं) अम्हे भीख जीमवी (अमारे भीख जमवी) जूनउं वस्त्र पहिरवउं (अमारे जूनुं वस्त्र पहेरवुं) गुरि अणुजाणिउ चेलउ व्याकरण पढत (गुरुए अनुज्ञात थयेलो चेलो व्याकरण भणत-भणे)

तूं करिजे (तुं कर) हूं करिजउं (हुं करुं)

कर्मणि—तीणइं कीजइत-(ते वडे कराय)

भावे—हुईअत-(तेवडे होवाय-थवाय)

कर्तरि अनुमति अर्थ } त्रीजो पु०—करउ (करो) लिउ ("लातु" गुण०-ल्यो) दिउ (द्यो) हुउ (हो)

बीजो पु०— तूं करि (कर) लइ (ले) दइ (दे) जा (जा) आवि (आव), पढि (पढ), गुणि (गुण -गण)

कर्मणि— कीजउ (तारा वडे कराय) लीजउ (लेवाय- "लायताम्" गुण०)

आशीर्वाद—एउ राज्य करउ (ए राज्य करो) एहना वइरी मरउ (एना वेरी मरो)

भूतकाळ :

अद्यतनभूत—आजनउ—(आजनो)

आजु कीधउं (आजे कीधुं–कर्युं), आजु लीधउं (आजे लीधुं "अलासीत्" गुण०), आजु दीधउं (आजे दीधुं).

ह्यस्तनभूत—कालनउ (कालनो)

कालि कीधउं (काले कीधुं–कर्युं)

कालि लीधउं (काले लीधुं "अलात्" गुण०)

तत्प्राक्तन—तेह पहिल्ड (तेनी पहेलो-तेनी पहेलांनो) भूत-सामान्यभूत–

आगइ करतउ (आगे–पहेलां करतो)

आगइ लेतउ (आगे लेतो)

बहु० आगइ करता (आगे करता)

आगइ लेता (आगे लेता)

भूत० कर्म०—आगइ कीधउं (आगे कीधुं–करायुं) आगइ लीधउं आगे लीधुं– लेवायुं (आगइ दीधउं (आगे दीधुं–देवायुं)

ईणइं धर्म कीधउं (एणे धर्म कर्यो)

ईणइं पुरुषइं दस ग्राम पाम्यां (ए पुरुषे दस गाम पाम्यां)

ईणइं वस्त्र वीक्रयां (एणे वस्त्र वेक्यां–वेच्यां)

लहुडपणि दिहाडी प्रति हूं वि वरस घी जिमतु (लघुपणमां–नानपणमां दहाडा प्रत्ये हुं बे वरस घी जमतो)

एउ पाँच जोयण भूमि चालतउ (ए पांच जोजन भूमि चालतो)

तूं दिहाडी प्रति ५० श्लोक व्याख्यानि भणतउ (तुं दहाडा प्रत्ये ५० श्लोक व्याख्यानमां भणतो–कहेतो)

आगइं ए चेला दिहाडी प्रति बि सहस्र सज्झाय गुणता (आगे ए चेला दहाडा प्रत्ये बे सहस्र–हजार–सज्झाय[221] गणता)
तुम्हे त्रिन्नि सइं ग्रन्थ लिखता (तमे त्रणसें–श्लोक–ग्रंथ लखता)
अम्हे सउ श्लोक पढता (अमे सो श्लोक पढता–भणता)
एउ गामि गिउ (ए गामे गयो)
स्मरँ हो–संघ साथइ श्रीशत्रुंजइ श्रीगुरु चालिआ (स्मर–स्मरण–कर हो–संघ साथे श्रीशत्रुंजये श्रीगुरु चालवाना–चाल्या)
जाणँ हो–मित्र अहे दिहाडे आपणि जलकेलि करता (जाण हो-मित्र! ए दहाडे–दिवसे–आपणे जलकेलि करवाना–करता)
जाणँ हो–आपणि देवपणइ तीणइ विमाणि वसता (जाण हो–आपणे देवपणे ते विमाने वसवाना–वसता)

बीजो पुरुष–म करे (तुं म कर) म करिजे (म करजे) म करिसि (म करीश) म दिइ (म दे) म देजे (म देजे) म देसि (म दईश) म जा (म जा) म रहिजिउं (म रहेज्यो–रहेजे)

आक्षेप–आक्रोश–म कीधु (म कीधुं–कर्युं–म करतो) म लीधु (म लीधुं–म लेतो), म दीधु (म दीधुं–म देतो) म जईउ (म जा–जतो) रखे जीवतउ (रखे जीवतो) रखे जातउ (रखे जातो) रखे करतउ (रखे करतो) रखे जीवतउ जे परावशइं छतीइं जीवइ (रखे जीवतो जे परावश छतां जीवे छे)

क्रियातिपत्ति—जइ किमइ अमुकं करत, लिअत, दिअत, तउ अमुकं हुयत (जो कांई अमुक करत, लेत, देत, तो अमुक होत–थात)

---

२२१ 'स्वाध्याय' अने 'सज्झाय' ए बन्ने पर्यायशब्दो छे. जैनसंप्रदायमां 'सज्झाय' शब्द विशेष प्रचलित छे.

भविष्यकाळ—आजनउ (आजनो), काल्नउ (काल्नो), तेह परहउ (तेनी परनो–पछीनो):

करिसिइं (करशे) लेसिइं (लेशे) देसिइं (देशे)

बीजो० पु०—तूं करिसिइ (तुं करशे–करीश) लेसिइ (लेशे–लईश) देसिइ (देशे–दईश)

बी० व०—तुम्हे करिसिउं (तमे करशो)

प्रथ० पु० ए० तथा व०—हूं करिसु (हुं करीश) अम्हे करिसिउं (अमे करीशुं)

आशीर्वाद—करिज्यउ–(करज्यो) पढिज्यउ (पढज्यो)

मरिज्यउ (मरज्यो) हुज्यउ (होज्यो)

गुणरत्नना प्रयोगोनी मीमांसा

ऊपर जणावेलां क्रियापदो अने वाक्योने श्रीगुणरत्ने क्रियापदने लगती संस्कृत विभक्तिओनी वपराश केवी रीते करवी? ते समझाववा नोंधेलां छे. ते क्रियापदोनो व्यवहार अने आपणो चालु क्रियापदोनो व्यवहार एक बीजा ओतप्रोत छे. मात्र ते क्रियापदोमां 'अइ' 'अउ' के 'अउं' वगेरे अंतस्थित स्वरो जुदा जुदा रहेला छे, त्यारे आपणा उच्चारणमां ए स्वरो 'ए' 'ओ' के 'उं' रूपे परिणमी गया छे. त्वरित उच्चारणमां एवो परिणाम सुघट छे. गुणरत्ने भूतकाळ अने भविष्यकाळना त्रण त्रण भेदो संस्कृतनी अपेक्षाए जणाव्या छे; परंतु ते वखतनी अने अत्यारनी गुजरातीमां भूतकाळ के भविष्यकाळनी विविधता बतावनारां क्रियापदो जुदां जुदां रह्यां नथी. पन्नरमी शताब्दीनुं 'कीधउं' वा आजनुं 'कीधुं'–'कर्युं' ए एक ज क्रियापद, अद्यतन ह्यस्तन के परोक्ष भूत एम त्रणे भूतकाळने जणावे छे, त्यारे संस्कृतमां तेम नथी. तेमां तो ह्यस्तन–'अकरोत्' अद्य-

तन—'अकार्षीत्' अने परोक्ष—'चकार' एम एक 'कृ' धातुनां त्रण जुदां जुदां क्रियापदो छे. प्राकृतमां संस्कृतनी पेठे नथी परंतु गुजराती जेवुं छे. एक 'करीअ' वा 'करित्था' ('कृ' नुं) क्रियापद सर्वप्रकारना भूतकाळ माटे प्राकृतमां प्रचलित छे.

चालु भाषामां उक्त भूतकाळोनी स्पष्टता बताववी होय तो अद्यतन माटे 'आजे कर्युं' ह्यस्तन माटे 'काले कर्युं' अने परोक्ष माटे 'घणुं पहेलां कर्युं' एम बोलवुं आवश्यक छे, एम गुणरत्न सूचवे छे.

ए ज प्रमाणे अद्यतन भविष्य माटे 'आजे करीश' ह्यस्तन भविष्य माटे 'काले करीश' अने घणा दूरना भविष्य माटे 'घणुं मोडेथी—पछीथी—करीश' —एम पण बोलवुं जरूरी छे. संस्कृतमां जुदा जुदा भविष्यकाळने सूचवना जुदां जुदां क्रियापदोनो व्यवहार छे त्यारे प्राकृतमां तो गुजरातीनी जेवुं धोरण छे.

वर्तमानकृदंत अने भूतकृदंतनो विवेक

गुणरत्न कहे छे के 'रोज बे लाडवा जमतो' 'सो श्लोक भणतो' 'पांच गाऊ चालतो' वगेरे प्रयोगोमां आवेलां (जिमतु) जमतो (भणतउ) भणतो अने (चालतउ) चालतो—ए बधां भूतकाळसूचक पदो कर्तरि भूतकृदंत छे. जिमितः के जिमितवान् (जिमतु—जमतो) भणितः के भणितवान् (भणतउ—भणतो), चलितः के चलितवान् (चालतउ—चालतो) ए रीते ए पदोनी उपपत्ति श्रीगुणरत्न सूचवे छे. मने लागे छे के ए उपपत्ति बराबर छे. एवां भूतकाळसूचक पदो अने 'करतउ—करतो' वगेरे वर्तमानकृदंतनां पदो उच्चारणनी दृष्टिए लगभग मळतां छे छतां ए बन्नेनी उपपत्तिमां अहीं जणाव्या प्रमाणे विशेष अंतर छे, ए ध्यानमां राखवा जेवुं छे.

१७७ 'लेवुं'मां मूळ 'ला' धातु छे ए आगळ जणावी गयो छुं. तेना विशेष समर्थनमां जणाववानुं के अहीं श्रीगुणरत्ने

लेवुं

'लिअइ' वगेरे क्रियापदोनी प्रतिकृति तरीके मूकेलां 'लाति' 'लातु' 'लायताम्' 'अलासीत्' 'अलात्' वगेरे वधां य क्रियापदो 'ला' धातुनां छे. एथी 'लिअइ' वगेरेमां 'ला' धातुनी उपपत्ति विशेष घटमान छे. वीजुं, चौदमा सैकानो संग्रामसिंह 'लहइ' 'लिअइ' अने 'लेअइ' एवां जुदां जुदां त्रण क्रियापदो दर्शावे छे अने ते दरेकनुं मूळ जुदुं जुदुं समजे छे: 'लहइ'नुं 'लभते'–(लभ) 'लिअइ'नुं (ला) 'गृह्णाति' अर्थ अने 'लेअइ'नुं 'नयति' (नी) एम बतावीने 'लभ' उपरथी 'लहइ' 'ला' उपरथी 'लिअइ' अने 'नी' उपरथी 'लेअइ'ने नीपजावे छे. एथी पण 'लिअइ'मां 'ला'नी उपपत्तिने टेको मळे छे.

गुणरत्न 'आवइ'नुं प्रतिबिंब 'आपतति' जणावे छे. माटे ज आगळ हुं 'आपतति' उपरथी 'आवइ' आव्यानी वात जणावी आव्यो छुं.

१७८ गुणरत्ने दर्शावेलां पदोमां एक 'रखे' पद आवे छे, ते निषेधवाचक छे. आपणी चालु भाषामां य ए पद

रखे

उपरांत 'राख–राख' एवुं पद पण प्रचलित छे. ए पद व्युत्पन्न छे अने तेनी व्युत्पत्ति आ प्रमाणे छे: पाणिनिना धातुसंग्रहमां "ओखृ राखृ लाखृ द्राखृ ध्राखृ शोषण-अलमर्थयोः १२१–१२५" ए रीते एक 'राख' धातु छे तेनो अर्थ 'शोषण' अने 'अलमर्थ' छे. 'अलमर्थ'नी समज आपतां सिद्धान्त-कौमुदीना टीकाकार कहे छे के "अलमर्थः भूषणक्रिया, पर्याप्तिः, वारणं

षा"। (कौमुदी पृ० ६८–भ्वादि–प्रकरण) अर्थात् अलमर्थ एटले शोभा, पूरतापणुं अने वारण–वारवुं–निषेध करवो–अटकाववुं. उक्त 'रखे' वा 'राख' पद, प्रस्तुत निषेधवाची 'राख' धातुमांथी आवेलुं छे. बीजा पुरुषना एकवचन आज्ञार्थमां 'राख' धातुनुं 'राख' रूप थाय छे, अने 'राख राख' मां ए ज मूळभूत छे. 'राखो राखो' ए बहुवचन छे; अने ते जूनी गुजरातीना 'राखहु' उपरथी आवेलुं छे. राखहि–राखइ उपरथी 'रखे'नी उपपत्ति घटमान छे. अथवा जूनी गुजरातीमां 'राख'ना आज्ञार्थ बीजा पुरुष एकवचनमां राखि, राखु, राखे, राखेजे वगेरे अनेकरूपो थाय छे. तेमांना कोईपण एक उपरथी निषेधवाचक 'रखे' सारी रीते आवी शके छे.

'रहेवा द्यो' पद पण निषेधने सूचवे छे. तेमांना 'रहेवा' अंशनी उपपत्ति उक्त 'राखू–राहू' उपरथी समझवानी छे.

१७९ बारमीथी पन्नरमी सदी सुधीनी गुजरातीनी जे कृतिओ अहीं आपेली छे तेमां 'जे'ना अर्थमां 'जु' शब्दनो प्रयोग विशेषप्रमाणमां मळे छे, त्यारे प्रस्तुत गुणरत्न 'जु' ने बदले 'जे' पद पण वापरे छे, अने आपणे वर्तमानमां 'जे नर' 'जे स्त्री' वगेरे प्रयोगोमां ए 'जे' नो ज व्यवहार करिए छिए. ए ज रीते प्रस्तुत कृतिओमां वर्तमान भाषामां प्रच-लित एवा 'ते,' 'ए' प्रयोगो पण मळे छे.

वळी, कर्मणि–प्रयोगमां क्रियासूचकरूपे 'कीजइ' वगेरे पदो जूनी गुजरातीथी पन्नरमी सदी सुधीमां विशेषे करीने वपरातां आव्यां छे त्यारे पन्नरमा सैकानो कुलमंडन 'पढायइ', 'बीकाइ,' 'बोलायइ' (प्रस्तुत निबंध पृ० २६४ पं० ४–५ तथा १२) वगेरे पदोने कर्मकर्तरि तरीके नोंधे छे, अने ए रीते कर्मणिमां एक नवा 'आय' प्रत्ययनो (पृ० २६९, २७१) वधारो करे छे. वर्तमानमां कर्मणि प्रयोगोमां 'खवाय

छे,' 'नगाय छे,' 'देवाय छे' वगेरे पदोमां उक्त 'आय' नो ज प्रधान उपयोग छे. आगळ जणाव्या प्रमाणे सोळमा शतकना एक औक्तिकमां मंडाइ (मंडाय छे–शणगाराय छे) वीकाइ (वीकाय–वेचाय–छे) भणाइ (भणाय छे) वगेरे कर्मकर्तरि प्रयोगोमां (प्रस्तुत निबंध पृ० २१५) पण उक्त 'आय' प्रत्यय वपरायेलो छे, ए ध्यानमां रहे.

१८० उक्त तरुणप्रभ, सोमसुंदर, लक्ष्मीधर, हेमहंस, कुलमंडन, गुणरत्न, असाइत अने भीम ए बधा पन्नरमा सैकाना छे. एमांना कोईना समय बाबत लेश पण शंकाने स्थान नथी. तेथी ए कविओ विशे अहीं विशेष लखवुं अप्रस्तुत छे.

पन्नरमा सैकानी गुजरातीमां केटलांक लक्षणो ते पहेलांनी गुजरातीनां छे एटले ज हुं प्रस्तुत गुजरातीने मध्य गुजराती कहुं छुं, पण हवे पछी सोळमा, सत्तरमा अने अढारमा शतकनी गुजरातीमां शरूआतना बे शतकनी गुजराती केटलेक अंशे पन्नरमा शतकनी गुजरातीने अनुसरे छे अने अढारमा शतकनी गुजराती आवी एटले तो जाणे के ते आपणी चालु ज गुजराती छे एम स्पष्टपणे मालूम पडे छे. अढारमा शतकनी गुजरातीमां प्रमाणमां प्राचीनतानां लक्षणो ओछां अने अर्वाचीनतानां वधारे; त्यारे सोळमा अने सत्तरमा शतकनी गुजरातीमां हजु केटलेक अंशे प्राचीनतानी छाप खसी नथी.

चा"। (कौमुदी पृ० ६८–भ्वादि–प्रकरण) अर्थात् अलमर्थ एटले शोभा, पूरतापणुं अने वारण–वारवुं–निषेध करवो–अटकाववुं. उक्त 'रखे' वा 'राख' पद, प्रस्तुत निषेधवाची 'राख' धातुमांथी आवेलुं छे. बीजा पुरुषना एकवचन आज्ञार्थमां 'राख' धातुनुं 'राख' रूप थाय छे, अने 'राख राख' मां ए ज मूळभूत छे. 'राखो राखो' ए बहुवचन छे; अने ते जूनी गुजरातीना 'राखहु' उपरथी आवेलुं छे. राखहि–राखइ उपरथी 'रखे'नी उपपत्ति घटमान छे. अथवा जूनी गुजरातीमां 'राख'ना आज्ञार्थ बीजा पुरुष एकवचनमां राखि, राखु, राखे, राखेजे वगेरे अनेकरूपो थाय छे. तेमांनां कोईपण एक उपरथी निषेधवाचक 'रखे' सारी रीते आवी शके छे.

'रहेवा दो' पद पण निषेधने सूचवे छे. तेमांना 'रहेवा' अंशनी उपपत्ति उक्त 'राख्–राह्' उपरथी समजवानी छे.

१७९ बारमीथी पन्नरमी सदी सुधीनी गुजरातीनी जे कृतिओ अहीं आपेली छे तेमां 'जे'ना अर्थमां 'जु' शब्दनो प्रयोग विशेषप्रमाणमां मळे छे, त्यारे प्रस्तुत गुणरत्न 'जु' ने बदले 'जे' पद पण वापरे छे, अने आपणे वर्तमानमां 'जे नर' 'जे स्त्री' वगेरे प्रयोगोमां ए 'जे' नो ज व्यवहार करिए छिए. ए ज रीते प्रस्तुत कृतिओमां वर्तमान भाषामां प्रचलित एवा 'ते,' 'ए' प्रयोगो पण मळे छे.

वळी, कर्मणि–प्रयोगमां क्रियासूचकरूपे 'कीजइ' वगेरे पदो जूनी गुजरातीथी पन्नरमी सदी सुधीमां विशेषे करीने वपरातां आव्यां छे त्यारे पन्नरमा सैकानो कुलमंडन 'पढायइ', 'वीकाइ,' 'बोलायइ' (प्रस्तुत निबंध पृ० ३६४ पं० ४–५ तथा १२) वगेरे पदोने कर्मकर्तरि तरीके नोंधे छे, अने ए रीते कर्मणिमां एक नवा 'आय' प्रत्ययनो (पृ० २६९, २७१) वधारो करे छे. वर्तमानमां कर्मणि प्रयोगोमां 'खवाय

छे,' 'नमाय छे,' 'देवाय छे' वगेरे पदोमां उक्त 'आय' नो ज प्रधान उपयोग छे. आगळ जणाव्या प्रमाणे सोळमा शतकना एक औक्तिकमां मंडाइ (मंडाय छे—शणगाराय छे) वीकाइ (वीकाय—वेचाय—छे) भणाइ (भणाय छे) वगेरे कर्मकर्तरि प्रयोगोमां (प्रस्तुत निबंध पृ० २१५) पण उक्त 'आय' प्रत्यय वपरायेलो छे, ए ध्यानमां रहे.

१८० उक्त तरुणप्रभ, सोमसुंदर, लक्ष्मीधर, हेमहंस, कुळमंडन, गुणरत्न, असाइत अने भीम ए बधा पन्नरमा सैकाना छे. एमांना कोईना समय बाबत लेश पण शंकाने स्थान नथी. तेथी ए कविओ विशे अहीं विशेष लखवुं अप्रस्तुत छे.

पन्नरमा सैकानी गुजरातीमां केटलांक लक्षणो ते पहेलांनी गुजरातीनां छे एटले ज हुं प्रस्तुत गुजरातीने मध्य गुजराती कहुं छुं, पण हवे पछी सोळमा, सत्तरमा अने अढारमा शतकनी गुजरातीमां शरूआतना बे शतकनी गुजराती केटलेक अंशे पन्नरमा शतकनी गुजरातीने अनुसरे छे अने अढारमा शतकनी गुजराती आवी एटले तो जाणे के ते आपणी चालु ज गुजराती छे एम स्पष्टपणे मालूम पडे छे. अढारमा शतकनी गुजरातीमां प्रमाणमां प्राचीनतानां लक्षणो ओछां अने अर्वाचीनतानां वधारे; त्यारे सोळमा अने सत्तरमा शतकनी गुजरातीमां हजु केटलेक अंशे प्राचीनतानी छाप खसी नथी.

चौदमा अने पंदरमा सैकानुं

पद्य तथा गद्य

पद्यभाग

(१)

विनयचंद्र—चौदमी सदी

नेमिनाथचतुष्पदिका (प्राचीन गूर्जरकाव्यसंग्रह, वडोदरा)

सोहगसुंदर घणलायन्नु सुमरवि सामिउ सामलवन्नु ।
सखि पति राजल उचि चडिय बारमास सुणि जिम वज्जरिय ॥ १ ॥
नेमिकुमर सुमरवि गिरनारि सिद्धी राजल कन्न कुमारि । आंकणी ॥
श्रावणि सरवणि कडुए मेहु गज्जइ विरहि झिज्झइ देहु ।
विज्जु झबक्कइ रक्खसि जेम नेमिहि विणु सहि सहियइ केम ॥ २ ॥
सखी भणइ सामिणि मन झूरि दुज्जणतणा म वंछित पूरि ।
गयउ नेमि तउ विनठउ काइ अछइ अनेरा वरह सयाइ ॥ ३ ॥
बोलइ राजल तउ इहु वयणु नत्थी नेमिसमो वररयणु ।
धरइ तेजु गहगण सवि ताव गयणि न उग्गइ दिणयर जाव ॥ ४ ॥
भाद्रवि भरिया सर पिक्खेवि सकरुण रोअइ राजलदेवि ।
हा एकलडी मइ निराधार किम ऊवेखिसि करुणासार ॥ ५ ॥
भणइ सखी राजल मन रोइ नीठुरु नेमि न अप्पणु होइ ।
सिंचिय तरुवर परि पल्लवंति गिरिवर पुण काढउ हुंति ॥ ६ ॥
साचउं सखि वरि गिरि भिज्जंति, किमइ न भिज्जइ सामलकंति ।
घण वरिसंतइ सर फुट्टंति सायर पुण घणु ओहट्टंति ॥ ७ ॥
आसो मासह अंसुप्रवाह राजल विलवइ विणु नेमिनाह ।
दूसइ चंदु चंदण हिमवाउ विणु भत्तारह सउ विवरीउ ॥ ८ ॥

सखि नवि खीना नेमिहिंरिसि मन आपणपउं तउं खय नेसि ।
जिणि दिक्खाडिउ पहिलउं छेह्न न गणिउ अट्ठ भवंतर नेहु ॥ ९ ॥

नेमि दयाल्ल सखि निरदोसु कीजइ उग्रसिण ऊपरि रोसु ।
पसुय-भराविउ मूक्कउ वाडु मुझु प्रियसरिसउ कियउ विहाडु ॥ १० ॥

कत्तिग क्षित्तिग ऊगइ संझ रजमति झिझिउ हुइ अतिसंझ ।
राति दिवसु अछइ विलवंत वलि वलि दय करि दय करि कंत ॥११॥

नेमितणी सखि मूकि न आस कायरु भग्गउ सो वरवास ।
इम इइसी सनेहल नारि जाइ कोइ छंडवि गिरनारि ॥ १२ ॥

कायरु किम सखि नेमि जिणंदु जिणि रिणि जित्तउ लक्खु नरिंदु ।
पुरइ सासु जा अग्गलि नास ताव न मिल्हउं नेमिहि आस ॥ १३ ॥

मगसिरि मग्गु पलोअइ बाल इण परि पभणइ नयणविसाल ।
जो मइ मेलइ नेमिकुमार तसु णींबेल(?) वहउ सविचार ॥ १४ ॥

एहु कदाग्रहु तउ सखि मिल्हि कारिसि काइ तिणि नेमिहि हिल्हि ॥
मंडि चडाविउ जो किर मालि 'हे हे कु' करइ टोहणकालि ॥ १५ ॥

अठभव सेविउ सखि मइ नेमि तसु ऊमाहउ किम न करेमि ।
अवगन्नेसइ जइ मइ सामि लग्गी अछिसु तोइ तसु नामि ॥ १६ ॥

पोसि रोस सवि छंडिवि नाह राखि राखि मइ मयणह पाह ।
पडिउ सीउ नवि रयणि विहाइ लहिय छिद्द सवि दुक्ख अमाइ ॥ १७ ॥

नेमि नेमि तू करती मुद्धि झुव्वणु जाइ न जाणिसि सुद्धि ।
पुरिसरयणभरियउ संसारु परणि अनेरउ कुइ भत्तारु ॥ १८ ॥

भोली तउ सखि खरी गमारि वरि अच्छंतइ नेमिकुमारि ।
अन्नु पुरिसु कुइ अप्पणु नडइ गइवरु लहिउ कु रासभि चडइ ॥ १९ ॥

माहमासि माचइ हिमरासि देवि भणइ मइ प्रिय लइ पासि ।
तइ विणु सामिय दहइ तुसारु नवनव मारिहि मारइ मारु ॥ २० ॥

इहु सखि रोइसि सहु अरन्नि हत्थि कि जा (ना ?) मइ धरणउ कन्नि ।
तउ न पतीजिसि माहरी माइ सिद्धिरमणिरत्तउ नमि जाइ ॥ २१ ॥

कंति वसंतइ हियडामाहि थाति पहीजउं किमइ लसाइ ।
सिद्धि जाइ तउ का इत बीह सरसी जाउ त उग्रसेणधीय ॥ २२ ॥

फागुण था—गुणि पन्न पडंति राजलदुक्खि कि तरु रोयंति ।
गब्भि गलिवि हउं काइ न मूय भणइ विहंगल धारणिधूय ॥ २३ ॥

अजिउ भणिउ करि सखि विम्भासि अच्छइ भला वर नेमिहि पास ।
अनु सखि मोदक जउ नवि हुंति छुहिय सुहाली कि न रुच्चंति ॥ २४ ॥

मणह पासि जइ वहिल्लउ होइ नेमिहि पासि ततलउ न कोइ ।
जइ सखि वरउं त सामल धीरु घण विणु पियइ कि चातकु नीर ॥ २५ ॥

चैत्रमासि वणसइ पंगुरइ वणि वणि कोयल टहुका करइ ।
पंचवाण करि धनुष धरेवि वेझइ मांडी राजलदेवि ॥ २६ ॥

जुइ सखि मातउ मासु वसंतु इणि खिलिज्जइ जइ हुइ कंतु ।
रमियइ नव नव करि सिणगारु लिज्जइ जीवियजुव्वण सारु ॥ २७ ॥

सुणि सखि मानिउ मुझु परिणयणु नवि ऊवरि थिउ बंधवव्रयणु ।
जइ पडिवन्नइ चुकइ नेमि जीविय जुव्वणु जलणि जलेमि ॥ २८ ॥

वइसाहह विहसिय वणराइ मयणमित्तु मलयानिलु वाइ ।
फुट्टि रि हियडा ! भाझि वसंतु विलवइ राजल पिक्खिउ कंतु ॥ २९ ॥

सखी दुक्ख वीसरिवा भणइ संभलि भमरउ किम रुणझुणइ ।
दीस पंच थिरु जोव्वणु होइ खाउ पियउ विलसउ सहु कोइ ॥ ३० ॥

रमणि पसंसइ राजल कन्न जीह कंतु वसि ते पर धन्न ।
जसु प्रिउ न करइ किमइ सुहाडि सा हउं इक्क ज भुंडनिलाडि ॥ ३१ ॥
जिह्व विरहु जिम तप्पइ सूरु घणविओगि सुसियं नइपूरु ।
पिक्खिउ फुल्लिउ चंपइविल्लि राजल मूछी नेहगहिल्लि ॥ ३२ ॥
मूछी राणी हा सखि ! धाउं पडियउ खंडइ जेवड्डु घाउ ।
हरिय मूछ चंदण-पवणेहिं सखि आसासइ प्रियवयणेहिं ॥ ३३ ॥
भणइ देवि विरत्ती संसार पडिखि पडिखि मइ जादवसार ।
नियपडिवन्नउं प्रभु संभारि मइ लइ सरिसी गढि गिरिनारि ॥ ३४ ॥
आसाढह दिढु हियउं करेवि गज्जु विज्जु सवि अवगन्नेवि ।
भणइ वयणु उग्रसेणह जाय करिसु धम्मु सेविसु प्रियपाय ॥ ३५ ॥
मिलिउ सखी राजल पभणंति चिणय जेम न मिरिय खज्जंति ।
अउगी अच्छि सखि झखि मन आल तपु दोहिल्लउ तउं सुकुमाल ॥ ३६
अठभव विलसिउ प्रियह पसाइ किमइ जीवु सखि सुख न धाइ ।
हिव प्रिय सरिसउं जीविय मरणु इण भवि परभवि निमि जु सरणु ॥ ३७
अधिकु मासु सवि मासहि फिरइ छह रितुकेरा गुण अणुहरइ ।
मिलिवा प्रिय ऊमाहुलि हूय सउ मुकलाविय उग्रसेणधूय ॥ ३८ ॥
पंच सखीसइ जसु परिवारि प्रिय ऊमाही गइ गिरिनारि ।
सखीसहित राजल गुणरासि लेइ दिक्ख परमेसरपासि ॥ ३९ ॥
निम्मल केवलनाणु लहेवि सिद्धी सामिणि राजलदेवि ।
रयणसिंहसूरि पणमवि पाय बारइ मास भणिया मइ भाय ॥ ४० ॥
नेमि कुमरु सुमरवि गिरनारि सिद्धी राजल कन्नकुमारि ।

(२)

जिनपद्मसूरि - चांदणी मंकी

सिरिथूलिभद्दफागु (प्राचीन गुर्जरकाव्यसंग्रह, पृ. [illegible])

पणमिय पास जिणिंद पय अनु सरसइ समरेवी ।
थूलिभद्द मुणिवइ भणिसु फागुबंधि गुण केवी ॥ १ ॥

अह सोहग सुंदर रूववंतु गुणमणिभंडारो ।
कंचण जिम झलकंत कंति संजमसिरिहारो ।
थूलिभद्द मुणिराउ जाम महियलि बोहंतउ ।
नयररायपाडलिपुरि पहुतउ विहरंतउ ॥ २ ॥

कोसावेसि चउमासमाहि सिरिगुरु आएसिया ।
लियउ अभिग्गह गुरुह पासि नियगुणगणरसिया ।
अमलियमलंगूरसरि गुरु पय गोवरावइ ।
मनु आणंदि मुणिपति कोसवेसाघरि आवइ ॥ ३ ॥

मंदिर तोरणि आवियउ मुणिवर पिखेवी ।
चमकिय चित्ति दासडिय वेगि जाइ वधावी ।
वेसा अतिहि उतावलीय हारिहि लहकंती ।
आविय मुणिवररायपासि करयल जोडंती ॥ ४ ॥

भास—धम्मलाभु मुणिवइ भणि सु चित्रसाली मंगेवी ।
रहियउ सीहकिसोर जिम धीरिम हियडइ धरेवी ॥ ५ ॥

झिरिमिरि झिरिमिरि झिरिमिरि ए मेहा वरिसंति ।
खलहल खलहल खलहल ए वाहला वहंति

झबझब झबझब झबझब ए वीजुलिय झबकइ
थरहर थरहर थरहर ए विरहिणिमणु कंपइ ॥ ६ ॥

महुरगंभीरसरेण मेह जिम जिम गाजंते ।
पंचबाण निय कुसुमबाण तिम तिम साजंते ।
जिम जिम केतकी महमहंत परिमल विहसावइ ।
तिम तिम कामिय चरण लगि नियरमणि मनावइ ॥ ७ ॥

सीयलकोमल सुरहि वाय जिम जिम वायंते ।
माणमडप्फर माणणि य तिम तिम नाचंते ।
जिमजिम जलभरभरिय मेह गयणंगणि मिलिया ।
तिमतिम कामीतणा नयण नीरिहि झलहलिया ॥ ८ ॥

भास—मेहारवभरउलटिय जिम जिम नाचइ मोर ।
तिम तिम माणिणि खलभलइ साहीता जिम चोर ॥ ९ ॥

अइ सिंगारु करेइ वेस मोटइ मनउलटि ।
रइय रंगि बहुरंगि चंगि चंदणरस ऊगटि ।
चंपयकेतकिजाइकुसुम सिरि खुंप भरेइ ।
अतिआछउ सुकमाल चीरु पहिरणि पहिरेइ ॥ १० ॥

लहलह लहलह लहलह ए उरि मोतियहारो ।
रणरण रणरण रणरण ए पयि नेउरसारो ।
झगमग झगमग झगमग ए कानिहि वरकुंडल ।
झलहल झलहल झलहल ए आभरणहं मंडल ॥ ११ ॥

मयण खग्ग जिम लहलहंत जसु वेणीदंडो ।
सरलउ तरलउ सामलउ रोमावलिदंडो ।

अंग पखेरिय हारु सिणगारिया।
कुसुमसणि सिरि ओलिपुरि किरि माणिक ठुणा ॥ १२ ॥

भासु—लहलहि [illegible] सिरि सीवउ फाबई।
वेणिदंडि [illegible] गाई ॥ १३ ॥

कन्नजुयल जसु लहलहंत किर मयणहिंडोला
चंचल चपल तरंग चंग जसु नयण कचोला।
सोहइ जासु कपोलपालि जणु गालिमसूरा।
कोमल विमल सुकंठ जासु वाजइ संखतूरा ॥ १४ ॥

लवणिमरसभरकूवडिय जसु नाहिय रेहइ।
मयणराय किर विजयखंभ जसु ऊरू सोहइ।
जसु नहपल्लव कामदेवअंकुस जिम राजइ।
रिमिझिमि रिमिझिमि ए पायकमलि घाघरि य सुवाजइ ॥ १५ ॥

नवजोव्वणविलसंतदेह नवनेहगहिल्ली।
परिमललहरिहिं मयमयंत रइकेलिपहिल्ली।
अहरबिंब परवालखंड वरचंपावन्नी।
नयणसलूणी य हावभावबहुगुणसंपुन्नी ॥ १६ ॥

भास—इय सिणगार करेवि वर जव आवी मुणिपासि।
जोएवा कउतिगि मिलिय सुरकिन्नर आकासि ॥ १७ ॥

अह नयणकडक्खहं आहणए चंचल जोयंती।
हावभाव सिणगार भंगि नवनवि य करंति।
तह वि न भीजइ मुणिपवरो तउ वेस बोलावइ।
तवणउन्ह तुह देह नाह! मह तणु संतावइ ॥ १८ ॥

बारहवारेसहंतणउ नेहु किणि कारणि छंडिउ।
एवडु निठुरपणउ कंइ मूंसिउ तुम्हि मंडिउ।
थूलिभद्द पभणेइ वेस अह खेदु न कीजइ।
लोहिहि घडियउ हियउ मज्झ तुह वयणि न भीजइ॥ १९॥

मह विलवंतिय उवरि नाह अणुराग धरीजइ।
एरिसु पावसु कालु सयलु मूसिउ माणीजइ।
मुणिवइ जंपइ वेस सिद्धिरमणी परिणेवा।
मणु लीणउ संजमसिरीहिसुं भोग रमेवा॥ २०॥

भास—भणइ कोस साचउ कियउ नवलइ राचइ लोउ।
मूं मिल्हिवि संजमसिरिहि जउ रातउ मुणिराउ॥ २१॥

उवसमरसभरपूरियउ रिसिराउ भणेइ।
चिंतामणि परिहरवि कवणु पत्थरु गिण्हेइ।
तिम संजमसिरि परिचएवि बहुधम्मसमुज्जल।
आलिंगइ तुह कोस कवणु पसरंतमहाबल॥ २२॥

पहिलउ हिवडा कोस कहइ जुव्वणफलु लीजइ।
तयणंतरि संजमसिरीहि सुह-सुहिण रमीजइ।
मुणि बोलइ जि मइ लियउ तं लियउ ज होइ।
कवणु सु अच्छइ भुवणतले जो मह मणु मोहइ॥ २३॥

भास—इण परि कोसा अवगणिय थूलिभद्दमुणिराइ।
तसु धीरिम अवधारि-करि चमकिय चित्ति सुहाइ॥ २४॥

अइबलवंतु सु मोहराउ जिणि नाणि निधाडिउ।
झाणखडग्गिण मयणसुभड समरंगणि पाडिउ।

[illegible] ।
[illegible] ॥ २५ ॥

[illegible] ।
[illegible] ।
[illegible]
[illegible] ॥ २६ ॥

[illegible] ।
[illegible] ।
[illegible] ।
[illegible] ॥ २७ ॥

गद्यभाग

(१)

चौदमो सैको

अतिचार संवत्–१३४० आशरे –(प्राचीन गुर्जरकाव्यसंग्रह, वडोदरा)

कालवेला पढयं, विनयहीणु बहुमानहीणु उपधानहीणु गुरुनिण्हव अनेराकन्हइं पढयं अनेरइं कहइं व्यंजनकूडु अर्थकूडु तदुभयकूडु कूडउ अक्खरु कानइ मात्रि आगलउ ओछउ दे-वंदणवांदणइ पडिक्कमणइ सज्झाउ करतां पढतां गुणतां हुउ हुयइ, सूत्रु अर्थु बेउ कूडां कह्यां हुइ, ज्ञानोपकरण पाटी पोथी कमली सांपुडं सांपुडी आशातन पगु लागउ थुंकु लागउ पढतां प्रद्वेष मच्छरु अंतराइउ हउं कीधउ हुइं तथा ज्ञानद्रव्यु भक्षितु उपेक्षितु प्रज्ञापराधि विणास्य विणासितउं उवेख्यं, हुंती सक्ति सारसंभाल न कीध्रियइ अनेरइ ज्ञानाचारि उ कोइ अतीचारु हुउ सुक्ष्मबादरु मनि वचनि काइ पक्षदिवसमांहि तेह सव्रहि मिच्छा मि दुक्कडं।

× × ×

प्रतिषिद्ध जीवहिंसादिकतणइ करणि, कृत्य देवपूजा धर्मानुष्ठानतणइ अकरणि, जि जिनवचनतणइ अश्रद्दधानि विपरीतपरुपणा एवं बहु प्रकारि जु कोइ अतीचारु हुयउ पक्षदिवसमांहि ॥

---

(२)

नवकारव्याख्यानम्–(प्राचीन गुर्जरकाव्यसंग्रह, वडोदरा)

नमो अरिहंताणं॥ माहरउ नमस्कारु अरिहंत हउ। किसा जि अरिहंत; रागद्वेषरूपिआ अरि वयरी जेहि हणिया, अथवा चतुषष्टि इंद्रसंबंधिनी

पूजा महिमा अरिहइ; जि उत्पन्नदिव्यविमलकेवलज्ञान, चउत्रीस अतिशयि समन्वित, अष्टमहाप्रातिहार्यशोभायमान महाविदेहि खेत्रि विहरमान—तीह अरिहंत भगवंत माहरउ नमस्कारु हुउ ॥ १ ॥

नमो सिद्धाणं ॥ महारउ नमस्कारु सिद्ध हुउ । किसा जि सिद्ध; दुष्टाष्टकर्मक्षउ करिउ जि मोक्षि गया । आठ कर्म किसा भणियइ ? ज्ञानावरणीउ × × × अंतराउ ईह आठकर्मक्षउ करिउ जि सिद्धि गया । किसी ज सिद्धि; लोकतणइ अग्रविभागि पंचतालीस लक्षयोजनप्रमाणि जिसउं उत्ताणु छत्तु तिसइ आकारि ज सिद्धिसिला, अमलनिर्मल जलसंकास जु अजरामरस्थानु तेह ऊपरि योजनसंबंधियइ चउवीसमइ य विभागि जि सिद्ध अनंत सुखलीण ति सिद्ध भणियइ । तीह सिद्ध महारउ नमस्कारु हुउ ॥ २ ॥

नमो आयरियाणं ॥ माहरउ नमस्कारु आचार्य हुउ । किसा जि आचार्य ? पंचविधु आचारु जि परिपालइ ति आचार्य भणियइ । किसउ पंचविधु आचारु ? ज्ञानाचारु + + + वीर्याचारु, यउ पंचविधु आचारु जि परिपाल इति आचार्य भणिइ । तीह आचार्य माहरउ नमस्कारु हुउ ।

नमो उवज्झायाणं ॥ माहरउ नमस्कारु उपाध्याय हुउ । किसा जि उपाध्याय ? द्वादशांगी जि पढइ पढावइ । किसी ज द्वादशांगी ? आचारांगु सुयगडु + + + दृष्टिवादु ए बार आंग जि पढइ पढावइ ति उपाध्याय भणियइ । तीह उपाध्याय माहरउ नमस्कारु हुउ ।

नमो लोए सव्वसाहूणं ॥ ईणि लोकि जि कोई अछइ साधु । यउ लोकु च किसउ भणियइ । अढाई द्वीपसमुद्र पनर कर्मभूमि । × × × ईह पनर कर्मभूमिमाहि जि केई अच्छइ साधु । × × × तीह साधु सर्वेहीं माहरउ नमस्कारु हुउ ।

एसो पंच नमोक्कारो ॥ एउ पंचपरमेष्ठिनमस्कारु । पंच परमेष्ठि किसा ? जि पूर्वोक्त भणिया अरिहंत सिद्ध आचार्य उपाध्याय साधु इह पंचपरमेष्ठिनमस्कारु भावि क्रियमाणु हुंतउं किसउं करइ ?

सव्वपावप्पणासणो ॥ सर्वपापप्रणास कारियउ हुइ । ईणि जीवि चतुर्गतिकि संसारि भवभ्रमणु करतइ हुंतइ जि असुभलेश्या उपायी पापु सु ईणि पंचपरमेष्ठिनमस्कारि महामंत्रि सुमरीतइ हुंतइ क्षउ हुयइ ।

मंगलाणं च सव्वेसिं पढमं होइ मंगलं ॥ ईणि संसारि दधि–चंदन–दूर्वादिक मंगलीक भणियइ । तीह मंगलीक सर्वहीमांहि प्रथमु मंगलु एहु । ईणिं कारणि सुभकार्यआदि पहिलउं सुमरेवउं जिम ति कार्य एहतणइ प्रभावइ वृद्धिमंता हुयइ । यउ नमस्कारु अतीत–अनागत–वर्तमान–चउवीसीआदिजिनोक्तसारु । सु तुम्हे विसेषहइ हिवडातणइ प्रस्तावि अर्थयुक्तु ध्येयु ध्यातव्यु गुणेवउ पढेवउ । × × × अनइ एहु नमस्कारु स्मरता इहलोकतणा भय नासइ । × × × ईणि नवकारि नव पद पांच अधिकार सत्तसट्ठि अक्षर तीहमाहि छ भारी इकसठि लघु । इसउं नमस्कारतणउं माहातम्यु ।

---

(३)

अतिचार संवत् १३६९–(प्राचीन गुर्जरकाव्यसंग्रह, वडोदरा)

तउ तुहि ज्ञानाचार + + + पंचविध आचार विषइया अतीचार आलोउ । ज्ञानाचारि कालवेला पढिउ गुणिउ विनयहीनु बहुमानहीनु उपधानहीनु गुरुनिन्हवु अनेरीकन्हइ पढिउं अनेरउ कहिउ । व्यंजनकूट अक्षरकूट कानइ मात्र आगलउ ओछउ देववंदणइ पडिक्कमणइ सज्झाओ करतां पढतां गुणतां हुओ हुइ, अर्थकूट तदुभयकूट ज्ञानोपकरणि पाटी

पोथी ठवणी कमली सांपडा सांपडी पति आसातना पगु लागउ थुकु लागउ पढतां गुणतां प्रद्वेषु मच्छरु अंतराइ हुउ कीधउं हुइ भवसगलाह-इमांहि तेह मिच्छा मि दुक्कडं।

मृषावादि सहसातकारि आलु अभ्याख्यानु दीधउं, रहसमंत्रभेदु कीधउ मृषोपदेसु दीधउ कुडउ लेखु लिखिउ कुडी साखि थापणिमोसउ कुणहइसउ राडिभेडि कलहु विढाविढि जु कोइ अतिचारु मृषावादि व्रति भवसगलाइ-माहि हुउ त्रिविधि त्रिविधि मिच्छा मि दुक्कडं।

अदत्तादानि विराइउं छानउं फीटुउं लीधउं दीधउं वावरिउं, घरि बाहिरि खेत्रि खलइ पाडइ पाडोसि अणमोकलाविउ चोरीच्छाइं चोर प्रति प्रयोगु कीधउ, नवउं पुराणउ रसु विरसु सजीवु निजीवु मेलिउं, कूडी तूल कूडइ मापि कूडउ कहिउ हुइ, अतीचारु अदत्तादानि व्रति भवसगलाइ-मांहि हुउ तेह सवहइ मिच्छा मि दुक्कडु।

मैथुनव्रति लुडुडपणि आपणा विराया सील खंड्या सिउणइ सिउणां-तरि दृष्टिविपर्यासु आठमि–चउदसितणा नीमभंगु, अनंगक्रीडा परविवाह-करणु तिव्राभिलाषु धरिउ हुइ अनेरा जु कोइ अतिचारु मैथुनव्रति भवसग-लाइमांहि हुअउ तेह सवहइ त्रिविधि त्रिविधि मिच्छा मि दुक्कडं।

हव हियामाहि सम्यक्त्व धरउ। अरिहंत देवता सुसाधु गुरु जिण-प्रणीतु धर्मु सम्यक्त्वदंडकु उच्चरउ। हिव अठार पापस्थानक वोसिरावउ, सर्वू प्राणातिपात सर्वू मृषावाद सर्वू अदत्तादान सर्वू मैथुन सर्वू परिग्रहु सर्वू क्रोधु सर्वू मानु सर्वू माया सर्वू लोभु रागु द्वेषु कलहु अभ्याख्यानु पैशुन्यु रति–अरति परपरिवादु मायामृषावादु मिथ्यात्वदरिसणसल्यु ए अढार पापस्थान मोक्षमार्ग संसर्ग विघनसमान त्रिविधि त्रिविधि वोसिरावउ, अतीतु निंदउ अनागतु पच्चक्खउ वर्तमानु संवरु। सागारु प्रत्याख्यानु उ।

खमिउं खमाविउं मइं खमिउ छव्विह जीवनिकाय ।
सिद्धह दिन्ना लोयणा नइ मह वइरु न पावु ॥

हिव दुकृतगरिहा करउं । जु अणादि संसारमाहि हींडतइ हूतइ ईणि जीवि मिथ्यात्वु प्रवर्तीविउ । कुतीर्थु संस्थापिउ कुमार्ग प्ररूपिउ सन्मार्गु अवलपिउ । हिवु ऊपाजि मेल्हिं, सरीरु कुटुंबु जु पापि प्रवर्तिउ, जि अधिगरण हल ऊखल घरट घरटी खांडां कटारी अरहट्ट पावटा कूप तलाव कीधां कराव्यां अनुमोद्या ते सवे त्रिविधि त्रिविधि वोसिरावउ । देवस्थानि द्रवि वेचि पूजा महिमा प्रभावना कीधी तीर्थजात्रा रथजात्रा कीधी पुस्तक लिखाव्यां साधर्मिक वाछल्य कीधां तप नीयम देववंदनवांदणांइ सज्झाइ अनेराइ धर्मानुष्ठानतणइ विषइ जु ऊजमु कीधउ सु अम्हारउ सफलु हुओ । इति भावनापूर्वकु अनुमोदउ ।

(चौदमो सैको पूरो)

जइ अत्थि णई गंगा तिअलोए णिच्चपयडियपहावा ।
नच्चइ सायरसमुहा ता सेससरी म वच्चंतु ? ॥ १३ ॥
जइ सरवरम्मि विमले सूरे उइयम्मि विअसिआ नलिणी ।
ता किं वाडिविलग्गा मा विअसउ तुंविणी कह वि ? ॥ १४ ॥
जइ भरहभावछंदे नच्चइ नवरंगचंगिमा तरुणी ।
ता किं गामगहिल्ली तालीसदे ण णच्चेइ ? ॥ १५ ॥
जइ वहुलदुद्धसंमिलिया य उल्ललइ तंदुला खीरी ।
ता कणकुक्कससहिआ रव्वडिया मा दडव्वडउ ? ॥ १६ ॥
जा जस्स कव्वसत्ती सा तेण अलज्जेण भणियव्वा ।
जइ चउमुहेण भणियं ता सेसा मा भणिज्जंतु ॥ १७ ॥

\+ \+ \+

तं जि पहिउ पिक्खेविणु पियउक्कंखिरिय
मंथर गय सरलाविअ उत्तावलि चलिअ
तह मणहर चल्लंतिअ चंचलरवणि भरि
छुड्डवि खिसीअ रसणावलि किंकणि गय पसरि ॥ २७ ॥
गाहा तं निसुणेविणु रायमरालगइ
चरणंगुट्ठि धरत्ति सलज्जिर उल्लिहइ ।
तं पंथिउ कणयंगि तत्थ वोलाविअउ ।
कह जाइसि हिव पहिय कह व तुह आइअउ ॥ ४२ ॥
णयरणामु सामोरु सरोरुहदलनयणि
णायरजण संपुन्न हरिस ससिहरवयणि ।
धवलतुंगपायारिहिं तिउरिहिं मंडियउ
ण हु दीसइ कुइ मुक्खु सयल जण पंडियउ ॥ ४३ ॥

तोडि करंगुलि करूण सगग्गिरगिरपसरु
जालंधरि व समीरिण मुद्ध थरहरीअ चिरु ॥ ६८ ॥

रुइवि खणद्धउ फुसवि नयण पुण वज्जरिउ
खंभाइत्तह णामि पहिय तणु जज्जरिउ।
तह अच्छइ महु णाहु विरहउल्हावयरु
अहियकालु गम्मियउ ण आयउ णिद्दयरु ॥ ६९ ॥

\+ \+ \+

संनेहडउ सवित्थरउ हउ कहणह असमत्थ
भण प्रिय एकतु वलियडइ बे वि समाणइ हत्थ ॥ ८३ ॥

संदेसडउ सवित्थरउ पर मइं कहणु न जाइ।
जो कालंगुलिमूंदडउ सो बाहडी समाइ ॥ ८४ ॥

तुरिय णिअगमणु इच्छंतु तत्तक्खणे
दोहिया सुणवि साहेइ सुविअक्खणे
कहसु अह अहिउ जं किंपि जंपिव्वउ
मग्गु अइदुग्गु मइं मुंध ! जाइव्वउ ॥ ८५ ॥

\+ \+ \+

जिण हउं विरहकुहरि एव कारे घल्लिआ
अत्थलोहि अकयत्थि इकल्ली मिल्लीआ
संदेसडउ सवित्थरु तुह उत्तावलउ
पहिअ पिअ गाह वत्थु तह डोमिलउ ॥ ९५ ॥

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] भणो ॥ ९८ ॥

[illegible]
[illegible] ।

ण हु [illegible] ण [illegible] जे पुणु अक्खरु [illegible]
[illegible] ॥ ९९ ॥

(२)

कवि–असाइत–संवत् १४१७—हंसाउली (गुजरात वर्नाक्युलर सोसाइटीना हस्तलिखित गुटकामांथी)

सकति संभूअ सकति संभूअ पत्त परमेसु ।
सिद्ध बुद्धि वर सिद्धिकर, यस कवित मति धर्म आदिहि ।
वाउभरिसुरमंडणी हंसगमणि सरसति सामिणि ।
तास प्रसादि धेदव्यास वाल्मीक रवि इम एहनु उपदेस ।
तास प्रसादि असाइत भणि वीरकथा वरणवीस ॥ १ ॥

अमरावतीसमाणं पंथि प्रमाणं पहुअवयाणं
पुर पाटण पट्टिठाणं अहिठाणं वीरवावनया ॥ २ ॥

चउपई—

यादवतणु वंश वरणवुं । वचनरसनाटिकअभिनवु ।
एता उदभूत वीत कवीत । भणता गणता पसरि चीत ॥ ३ ॥

चउपई—

सालिवाहन सुत उत्तम ठाइ
राज करि तिहां नरवाहन राइ
बावनवीरमाहि झूझार—लहुडु भाई शकतिकुमार ।
शखिरबद्ध दस सहस प्रासाद कनककलसधज नरवि नाद ।
गोदावरीइ निरमलनीर पुर पहिठाण वसि तिहां तीर ॥ ५ ॥
ब्राह्मण वेदशास्त्र अभ्यसि चारि वरण वरणांतरि वसि ।
त्रि सहस जिहां जिन थापीआ वीस सहस माहि व्यवहारीया ॥६॥
उत्तम धवलहर पोलि पगार वास नगर नव जोअण बार
चउरासी चउहट्टे वुहरीइ राइचा उसत्र वंदिणि दीइ ॥ ७ ॥
सांथ जात्र जूवटा घणा कलहट कोलाहल तेहतणां ।
एक चउषलीया कुडी घसि वेसहारे मंदिर बीससि ॥ ८ ॥
रूडी रूपि राजकूअरी त्रिणिसि साठि अंतेउरी ।
वहू वाराइत वानि घणि दासी त्रीस सहस तेहतणी ॥ ९ ॥
राजलधि नवनधि नरमली चतुरंग सेन छत्रीसि कुली ।
बावनवीर सदा गहिगहि पणि त्रिपनमु न वि सासहि ॥ १० ॥
तेणि पुरि पाटणि नयरनरिंद एक वार पुढिउ निए नीद ।
थयुं प्रभात सुपनंतर होइ ऊगिउ सूर न जागि सोइ ॥ ११ ॥
गिउ कणयापुर पाटणि ठाइ परणि कुंयरि कनकभ्रम राइ ।
हंसाउली कर ग्रहीउ जसि सपन प्रेम मनि लागु जसि ॥ १२ ॥

[illegible] ।
[illegible] ॥ १३ ॥
[illegible] ।
[illegible] ॥ १४ ॥
[illegible] ।
[illegible] ॥ १५ ॥

× × ×

[illegible] ।
[illegible] ॥ २० ॥
[illegible] चोर [illegible] ।
अनेक उपाय अनोपम कीया [illegible] पाटणपुर गया ॥ २१ ॥
पाटणपुर पाटण [illegible] नगर नरेस ।
गढ मढ मंदिर पोलि पगार वास नगर नव जोअण चार ॥ २२ ॥

दूहा—

सरोवर पालि उतरया नाठीइ करया विश्राम ।
ततखणि चाल्यु कापडी गजन करीय प्रणाम ॥ २३ ॥

चउपई—

विहू जण सरखु नगर नरेस पाटणपुरि कीधु परवेस ।
राजलक्षण जे जाणइ विशेष साहमी आवी मालणि एक ॥ २४ ॥
पहली बुद्धि न जाणि अन तेणीइ परख्या पुन्य रत्तन ॥ २५ ॥

× × ×

विविध फूल फल नव नैवेद्य वीणा वंश गाइ गुणभेद ।
सो इ जि परवरी पंचसि नारि दीठी कुंयरि मंत्रि गढि बारि ॥ ५२ ॥

थयु देवी तव बुद्धि निधान हाकि मुनिकेसर प्रधान ।
नरहत्या ति कीधी घणी मुझ मढि म रहेसि पापिणी ॥ ५३ ॥

हंसाउली शब्द जव सुणी जाण्युं देवि कुपी मुझ भणी ।
करजोडीनि ऊभी रहि गतपूरव भव वीतक कहि ॥ ५४ ॥

देवि अवधारु मुझ वीनती पेलि भवि हूं पंपिणी हती ।
ईडा मेहला सेवन कीउ दव बलतउ तेणि वनि आवीउ ॥ ५५ ॥

मझ भरतारि साहस नवि कीउ अपति मेहलीनि ऊडी गयु ।
जातीसमरणि संभारु सो इ मारु पुरुष न मेल्हुं कोई ॥ ५६ ॥

× × ×

द्वितीय खंड—

मास दिवस मनि निस्चु धरु सयंवरतणी सजाई करु ।
कुयरितणा चरण प्रणमेवि चाल्यु चित्रक संबल लेवि ॥ ६३ ॥

चतुर्थ खंड—

राजा भणि सेठि मनि धरु विवहारीआ कहि ते करु ।
तलारि चोर चलाव्यु जसि सेरीइ श्रावक मिलीया तिसि
आपण पा माहि मचका करि महेसरी भलु छि सेठि ।
धोति कपाड पहिरणि सरि सनान सहू तापस भणि ॥ २८ ॥

एक भणी मिथ्याती तजु आठ कर्म काई ऊपारजु ।
जोउ तलारतणी मनहोर आइ उपाइ मेलावु चोर ॥ २९ ॥
कुंयरि वपारि दीधी द्रेठि त्रिठउ दीठउ सूमणसेठि ।

× × ×

वछराज वयारि गयु तव सेठ साहसु छटीउ ॥ ५ ॥
ने वनि मि मेल्हउ माई देइ चंदन चाल्युि तिणि ठाइ ।
देई दाव आनुं जेतल्हि तम थापणि आपु तेतलि ॥ ८ ॥
विवहारीया वीर वीसरु दीठुं रतन सेठि मनि हस्यु ॥ ९ ॥
ने द्रव्य आप्युं तेणि चार वहिश्र सरि दीधु भार ॥ १० ॥
कुमर पूठि वहित्रा थउ सात गाऊ सोवनगिरि गयु ।
जइ जोऊं सरोवरपालि नहीं शब्र ते वडनी डालि ॥ ११ ॥
कुंयर चरण विमासि हीइ इहा उपद्रव साविजनुं होइ ॥ १२ ॥
ते चंदन लुपिउं ते धणी अचरिज वात कही आपणी ॥
आपु थापणि जे तुम्ह हाथि हवि चाल्सुं अवर कहि साथि ॥ १५ ॥
आवा पाछा पगला भरि थापणिमोसु करवा करि ।
दीटा चार रतन वे तुरी लोभि सेठितणी बुद्धि फरी ॥ १६ ॥
धन भणीइ अनरथनूं मूल धन अदेयु माथाशूल ।
धन कारणि एक कूडा करि धन वदि सगा सहोदर मारि ॥ १७ ॥
कुगत्रा रोस धन कारणि पडि धन कारणि एक वाहणि चडि ।
धन कारणि हुइ कृपण कठोर धन कारिणइ एक पइसइ चोर ॥ १८ ॥
धन कारणि एक नींद्र न करि धन कारणि राजा रणि मरि ।
धन कारणि रानि एक रलि धन वदि हाथे कूदा वलि ॥ १९ ॥
धन कारणि एक पाडि वाट मारि अवला बंभण भाट ॥ २० ॥
भणि चडउ अस्व पूठि पल्हाण चार रतन तम आपु आणि ॥ २१ ॥
कुंयर तुरी छोडेवा गयु एक चडु एक वागि लीउ
अश्व ऊपरि जव दीटउ सेठि वूब पडावी सूमणसेठि ॥ २२ ॥

पंचम खंड—

चुपई—

सहित सुपासण आव्या तुरी ग्यु रा लगुनि सहु संचरी।
भणि हंस अपराधी वरु सेठि सकुटंब सूली धरिउ ॥ ९ ॥
भणि वच्छ करमि दीजि दोस पिता मंत्रेई म धरसि रोस।
लपिउ विधाता ते दिन तसिउ ऊपरि त्रणा कुहाडु कस्युं ॥१०॥
पुनरपि वछराज इम भणि निहालि हरिचंद चरित तइ सुणि।
राम युधिष्टर चाल्या धर्म हंसराज नवि छूटा कर्म ॥ ११ ॥
ततषिण हंस विमासि हीइ वीरवचन केणी परि लोपीइ।
राजरीति चित चाहि रंग मेहल्यु सेठि लेई ससांग ॥ १२ ॥
कीधु वहू आलोच आवासि सुपिउ राजप्रधानह पासि।
सकल सेन सहित चालीया पुर पइठाण नगर ते गया ॥ १३ ॥
मेव्या मात तात परिवार तलीया तोरण वनरमालि
छावि सेरि भरी वछ काजि ॥ १४ ॥

× × ×

भणता दोष दरिद्र तनि टलि भणि असाइत अफला फलि।
भणि भणावि नित गुणि नवनवि आवि अंगणि ॥ १७ ॥
संवत १४ चउ चंद्रमुनि शंप वछहंसउर चरित असंप।
वावन वीरकथा रस लीउ एह पवाडु असाइत कहिउ ॥ १८ ॥

(३)

सदयवत्सचरित्र उर्फे सदयवत्सप्रबंध संवत् १४८८— कर्ता भीम कवि–(आचार्य श्री आनंदशंकर ध्रुव संपादित वसंत वर्ष १५ अं० ३–७ वर्ष १९७२)

संवत् १४८८ वर्षे फाल्गुन × × × भौमे श्रीपत्तने लिखितं विद्वज्जनमनःप्रमोदाय विनोदमात्रम् । छ । श्रीः ।

इम भणीइ भीम तसु गुण थुणिसु जो हरसिद्धि वर लब्ध ।

अथवा

कवि भीम तास गुण वित्रविसु जो हरसिद्धि वर लब्ध

वस्त—

विप्प जंपइ विप्प जंपइ निसुणि नरनाह ।
जयवंती ज्योतिषकला कुलकम्मि अम्ह अछइ अगइ ।
वत्तारउ संवच्छरह नष्ट-जन्म नवि चित्ति लगइ ।
जं सुरपुरि जं नरभुवणि जं जं हुइ पायालि ।
नरवर निजमंदिरथिकूं तं जाणूं तिणि कालि ॥ १५ ॥
लगन लिहंत वहंत तीणइ कहीय पडि कर झलि ।
जइ पुच्छिसि पहु वच्छ पहु मरइ ति कुंजर कालि ॥ १९ ॥

× × ×

धाइ धसइ अनइ धडहडइ किरि आसाढि अंबर गडअडइ ।
आपूं अंगतणउं शृंगारु आपूं एकाउलिनउ हार ।
आपूं अधिक वलीउ पसाउ जे वलीउ बांधइ गजराउ ।
गजि चउहटइ जइ मंडिउ गाह पानतणां सवि लाग्यां लाह ।
फूलतणा तहि पूर्या पगर मइगलि माथि कीधूं नगर ।

पुहतउ श्रेणी सुगंधीतणी राजवस्र मेली रेवणी ।
लांषइ केसर नइ कपूर वास्यां तेल वहाव्यां पूर ॥ ३६ ॥
तीणइ दीठइ दोसी दडवडइ पारिषिनइ पगि पींडी चडइ ।
फडीया फोफलीया सूनार नाठा लोक न जाणइ सार ॥ ३७ ॥
हाटमांहि हउं हालकुलोल किरि कमलावति करइ कलोल ।
पोता लाध्या पारिषितणां कापडि सरिस किरियाणा घणां ॥३८॥
एकि अटगलि मालि गढि चड्या इकि पाधारे दस दिसि दडवड्यां।
इकि छावडां अछइ छडछोक ते सीकिइ थ्या लूसइ लोक ॥३९॥
आगइ पंचायण पाषरिउ आगइ पन्नग पंषावरिउ ।
आगइ गज अंगि ज मदरूत वलि वारुणी भवि थिउं भूत ॥४१॥
सुंडाहल पूरइ परचंड दंतूसल जाणे जमदंड ।
पाडइ विसमा पोलि प्रसाद नर-नरिंद उतारइ नाद ॥ ४२ ॥

पाधडी—

तव आविउ धाइउ ते नारीभरतार कुंवारव पण करइ अपार ।
कोइ सुभट शूर साहसिक शुद्ध कोइ धीरवीर वंसह विशुद्ध ॥५१॥
कोइ जाइउ चउदिसि चपल अंग कोइ अकल अटल आहवि अहंग।
कोइ खित्तीय षलषंडणसमत्थ को अछइ छयल्ल खिति खग्गह हत्थ॥५२॥
तव धायुं धबड धसमसंत किरि आवइ केसरि कसकसंत ।
बब्बरीय झांटि झटकइ कवालि वलकलिउ वटाणु थिउ भ्रुकुटि भागि॥५३॥

× × ×

गडअडिउ गयंदु कि पडिउ पव्व सुर अंतरिपि पेक्खि अपुव्व ।
जयजयशब्दु जंपइ जगत पहु ब्रच्छ अच्चरिउ पेक्खि पुत्त ॥ ५६ ॥

गयगमणि रमणि तुरगय गमंति झड अनिलम्म अंगज नमंति ।
पयपंकय लंकतलि चिडरडंति पतिभत्ति चित्ति धरि चडवडंति ॥ ४७ ॥
जस जंघजूअल वररंभथंभ पिथल कि उरथल करिण कुंभ ।
करपल्लव नव शापा अशोक सौवन्नवन्न सारीररोक ॥ ४८ ॥
मुखकमल अमल शशिहरसरिच्छ निलवटि तिलय ताडीक मच्छ ।
कुंडल कि कान्ति पायार मार कोसीसनिकर परिगर अपार ॥ ४९ ॥
तिलपुल्ल नास संजुत्त मत्त त्रडि दाडिम दंत अहरा रगत्त ।
अंजनसह पंजनसरिस नित्त सीमंत कुंत किरि मयरकित्त ॥ ५० ॥

बुइ भमह कामकोदंडपंड कटि विंब प्रलंबित वेणीदंड ।
उरि हार तारश्रेणीसमान तनमंडल अवर न उपमान ॥ ५१ ॥
नाह कुरंगा रंणथलि जलविणु किमु जीवंती ।
नयण सरोवर प्रीतिजल नेहिइं नीर पियंति ॥
धरवीरराय धूआ मुहुसाले मज्झ राय नरवीरो ।
वर वीर सुदयवच्छो वंछउं शिव पुज्जि हे सहि ए ॥ ८ ॥
कलिजुगि कामुकतित्थो पत्थंतय अत्थ साहए सयलो ।
छडमासि अवहि अगाड मणवंछिय देइ माहेसो ॥

× × ×

हव धउल; राग धन्यासी

आसणतणउ अणाविउ ए नरवरिइं ए तरल तुरंग ।
साहणपति पलणाविउ ए पलाणि पखंग ।
तीणइ वरराउ चडाविउ ए ॥ ९४ ॥

चडंति षेवि जे जुडंति ते तुरंग आणयू जे सुद्धषित्त सालिहुत्त
लक्षणे वषाणिउ।
पायाल हुंति कीकी पयड होम दीउ आसणे सोहंति सुदय
वत्सवीर ते तुरंग आसणे ॥ ९५ ॥

चिहुं दिसि चामर ढलइ ए सिरवरि ए सोहइ छात्र।
विप्र वेउ-धुनि उच्चरइ ए आभा आगलि ए नानाविध पात्र ॥
बहु वंदिण कलरव करइ ए ॥ ९६ ॥

करंति वंदिणा अणिक्क मंगलिक्कमालयं।
विचित्त नित्ति पत्त पाडराग रंगतालयं।
चडी तुरंगि चंगि अंगि सार सुंदरी रसे।
ति चालवंति नारि च्यारि चामरं चिहु दिसे ॥ ९७ ॥

वर आगलि थिउ संचरइ ए आभा राण ले ए सरिसउ राउ।
पायदल पार न पामीइ ए आभा वलीयडउ ए नीसाणडे घाउ।
हय दीसइ गयरायसारसी ए ॥ ९८ ॥

करिंति सारसी गइंद संडिसुंडि डंबरं नीसाणढोलढक्कवाउ हूअ तात्र
अंबरं।
उचित्तवाउ दिंति राउ वेगि ताव रइकरो प्रेमि सुद्यवच्छवीर पत्त
तोरणइ वरो ॥ ९९ ॥

गयगामिणि गुण विन्नवइ ए आभा शशिमुखी ए करइ सिणगार।
हार एकाउलि उरि ठवइ ए आभा कंदर्पू ए समउ कुमार अहिण-
वउ इंद्र नरिंदवरो ॥ ३०० ॥

नरिंद इंद मत्त लोइ लोयमज्झि सोहए अदिट्ठदिट्ठ माणिणी मणंतरंगि मोहए।
भवानिपत्ति पायभत्ति कंत लद्ध कामिणी ते सुद्दवीर वन्नवंति गे गयंदगामिणी
॥ ३०१ ॥

कुंडलीउ ततः मौक्तिकदाम छंदः ।

पउमिणि हस्तिनी चित्रणी वारा संखिणी सार किद्ध संगारा ।
रतिपतिरंगि मिलवि सहि रामा पिक्खवि सुदयवत्स वर कामा ॥
जे कामनरिंदतणइ दलि सार गुडया मयमत्त पयोहर भार ।
जे हिल्लि सागिल्लि चलइ चमकंति ते सुदयवत्स सिउ रंगि रमंति ।
जे ऋट्टम दिट्ठ कि नट्ठ कुरंगि जे उप्पम रेह सनेह सुचंगि ।
जे चंदनि अंगि गमंति ते सुद्दयवच्छि सिउ रंगि रमंति ॥
करइ निज मानिनि आणणि सोह जे जाण जुआण तणइ मनि मोह ।
जे पत्तित्ति उर न मंति ते सुद्दयवच्छि सिउ रंगि रमंति ॥
ठवइ उरि हार कि तारयश्रेणि दुलंति नितंब प्रलंबित वेणि ।
जे ताराणि आरुणि नित्त घुमंति ते सुद्दयवच्छि सिउ रंगि रमंति ।

छप्पय—

हे सही कहि कुण कज्जि अज्ज उल्हास अंगि वहु ।
कुंकुमि कज्जलि कणयकुसुमि सिंगार किद्ध मुह ।
भरीय सेसि सीमंत कंत कंदप्पराय करि ।
गुडी साहण मयमत्त नित्त सज्ज कि उप्परि ।
माणिसि निसि मयंक मधुरति मधुप पहु वत्सलगूड मुझ मनि वसिउं ।
उल्हवण अनिल त कि तनुरयणि सुदयवत्समुख निहि जिसिउ ॥

छप्पय—

अग्गइ अहरा रत्त अहिविल्लि विलासीय ।
अग्गइ लोयण लोल अनइ कज्जलिहिं कलासीय ।
अग्गइ सिहिण सुथोर अनइ हाराउलि भारीय ।

अगइ गय मंथारि अनइ नेउर झंकारीय ।
अग्गइ सुकाम किय कामिनी अनइ वसंति निशि उज्जली ।
पुहु वच्छतणउ भ्रमरंगि ससि अनइ सुवर सुद्दा मिली ॥

× × ×

वंदिण तणइ वहिन क्षत्रिणि क्षित्रिणी मानइ भाइ भणी ।
ए नातरूं नवूं नही आज भाटभुवनि रहतां नही लाज ॥

× × ×

जिणि पाटणि पोढा प्रासाद मेरुशिखरसिउ वहइ विवाद ।
गरुउ गढ ऊंचा आवास किरि अहिणव दीसइ कविलास॥ ६७॥
माहि महेस विष्णु नइ ब्रह्म सहू समचरइ कुलोचित धर्म ।
जिनशासन गाढउं गहगहइ जीवदया देषी मन हरइ ॥ ६८ ॥
दिनकर भगतितणउ अतिभाव अधिकउ परमेसरी प्रभाव ।
जे जोगिणि चउसठिनूं ठाम चउसठि चेटकनउं तिहि ठाम ॥६९॥
गणपतिक्षेत्रपालनी ख्याति दिवसपाहिइं रूडेरी राति ।
ठामि ठामि मंडल मंडाइ ठामि ठामि नितु गुणीया गाइ ॥७०॥
ठामि ठामि ढोणां ढोइइं ठामि ठामि जोणां जोइइ ।
सातइ वसण संसालइ जेउ मांहि घणां छइं माणस तेउ ॥ ७१ ॥
इकि लीला लषमी लेइ जाइं भोला भमहि सान वीकाइं ।
मणा न कामणमोहणतणी वरतइं धूरत विद्या घणी ॥ ७२ ॥
वसइ वासि छत्रीसइं कुली माहि मोटा वहुत्तरि मंडली ।
चउरासी सूरा सामंत च्यारि महाधर मंत्रि अनंत ॥ ७३ ॥
चउरासी चुहटानि जुगति वरणावरणतणी वहु विगति ।
उत्तिम मध्यम लोक अपार भामा भला न पामइं पार ॥ ७४ ॥

करइ राज सालिवाहण राउ वइरीतणइ विधंसइ ठाइ ।
अऊठ पीठ पहिलुं पहिठाण सामीय आलितणूं अहिठाण ॥ ७५ ॥

वस्त—

कंत संभलि कंत संभलि कहइ कमलच्छि
जु मइं लुप्पइ मयरहर ते न पालि पत्थउ करिज्जइ ।
सीह विच्छूटइ संकलह ति किम देव दोरी धरिज्जइ ।
हत्थी अंकुस अवगणइ किम साहीजइ कन्नि ।
तिम प्रियतम पाधारतां मुक्क विमासण मन्नि ॥ ७८ ॥
सुणि सुदयवीरवयणं सव्वं जं चवइ सावलिंगी ए ।
पिय दिवस पंच पच्छइ तिहि गमिसु जिहि न पुच्छेसि ॥ ७९ ॥
तिणि वयणि सुद जंपइ मणि धरेवि रोसो हसेवि मुहकमले ।
तिहुयणि ते को ठाणं जिहि जुवई रहइ मह महिला ॥ ८० ॥
वयणशशी नयणमई हंसगई उरि करिंद मग्गि हरी ।
कणय पहाणंगंगी जत्थ तुयं तत्थ जीवभमणं च ॥ ८१ ॥
तिणि वयणि सुदवीरो गहवरिउ लग्गगल इसि वलंतो ।
गयगमणि म धरि दुहिल्लिउ निवारि नयणंमि नीर भरियाइं ॥ ८२ ॥

हव अडयल—

वलियौ रमणी रोयंति वारिहिं ।
लोअण लोहि सकज्जल वारिहिं ।
अवल जि नावूं वुल्लइ वारिहिं ।
जं मणि मुणइ स करे तिवारिहिं ॥ ८३ ॥

× × ×

अडयल—

आगि विरहि विलक्खौ पाणी लागी अंगि तिहां सपाणी।
कज्जलङ्ग दिट्ठ दुउ पाणी पीधूं पुरिसि पशूआरि पाणी ॥ ८५ ॥
नर नवरंग सही सावुज्जल किं कारणि पशु जेम पीयौ जल।
नारी नरकारि लागौ कज्जल पीधि भीजइ भय भरइ न अंजल ॥ ८६ ॥

× × ×

एकि भणइ ऊतारउ लांव एक सेक दिवरावय पांव।
एकि भणइ आलस मेल्हीइ एकी भणिइ मंडल मांडीइ ॥ १८ ॥
एकि भणिइ अम्ह हल्लउ हाथ एकि भणइ दिउ कडूउ काथ।
आपापणी कला सवि कहइ गुणीया अनइ वइद गहगहइ ॥ १९ ॥
गूजर वइद जिह्वारइं हसिउ जाणे धरणि धनंतरि जिसिउ।
दीठइ रूपि सरूप ओलषइ वैद अनेरा आलिइ झपइं ॥ २० ॥
एहनइ अंगि अग्गलउ अनंग नरवर को दीठउ नवरंग।
मूरतिइ मूरछा भाजिसिइ मिलिउ लोक देषी दाजसिइ ॥ २१ ॥

× × ×

किरि हाकी ऊठि हनुमंत किरि कोपानलि चडिउ कृतांत।
चडवड चउपट चालिउ इम किरि आविउ गुरु भारथ भीम ॥ १० ॥
मोकलि बांह गाढा वलवंत मोकलि जे सूरा सामंत।
मोकलि राउत रणि वाउला मोकलि जे आंगइ आउला ॥ १७ ॥
जिणिइ अरथिइं न भाजइ भीड जिणिइ न टलइ परणी पीड।
मागणमित्र कालि टालीइ ते संपत्ति सघली बालीइ ॥ २८ ॥
अरथिइं सघला सीझइं काज अरथिइं आपणां कीजइ राज।
अरथिइं सवि ढांकइ अक्षत्र नेची अरथ विछोडीसुं मित्र ॥ २९ ॥

वांस्या राय विछोडइ बंध पडी कुवेला ऊडइ कंध ।
गढगाढिम नवि सीझइ अत्थ तिणि वेला वाणीउ समत्थ ॥ २१ ॥

दूहा—

सूदा ! तुहाला साथ थिउं आंतरू अति उरतउ ।
हव जोसिइ जगनाथ साहस सामळ्या भणइ ॥ ४९ ॥
उंळे आंतरिएहि तउ पइलुं पामीउं नहीं ।
थाहण विचि विहि लेहि निहरइ नीजामा पगइ ॥ ५० ॥
ऊभी आस करेहि अबला आहेडी तणी ।
वर पइंठउ वि मरेहि केसरिनां पग किम नीसरइ ॥ ५१ ॥
नाह तुहाला नेह किम ऊसंकल एक भवि ।
जां दसवार न देह ए आपणउ न होमीइ ॥ ५२ ॥
माणिकमूंठि जलेहि पडइ तउ प्रापति पामीइ ।
नाह नवेरइ देहि दरसणि देपेवूं थिउं ॥ ५३ ॥
आसाळवी एक पीहरि मेलही पारणी ।
तिहनइ आज अनेकि ऊचाटइ ऊपांपळां ॥ ५४ ॥
सूदा शोक सरोप मनि माहरइ कांइ नहीं ।
सही समे थउ आप कीधां आज अणोसरा ॥ ५५ ॥
जिणुणी काजि न दीह आंक्या आवेशतणा ।
ते लेखेतां दीह करी कुडेरं दाझिसइ ॥ ५६ ॥

× × ×

आगइ एक न थरि वाथाहि अनइ पंच पुहुता पडमाहि ।
अतिऊंचा अंजनघनदेह फिरि महिमंडलि आव्या मेह ॥ ८७ ॥

घोरंधार अंधारुं करइ दिनकरतणा किरण आवरइ।
सेवालीउ चडावइ शीत केवीतणां कंपावइ चीत ॥ ८८ ॥
सूलीभंजण भंजइ अंग जीणि दीठइ पायक हुइ पंग।
अजउ अमउ बेहू भड भला उडीनइ शिरि तोलइं शिला ॥ ८९ ॥
इस्या वीर सूदानइ साथि वावनसरिसा आवइ बाथि।
अणीधार नवि लागइ अंगि बीजइ झूझि न आवइ बंगि ॥ ९० ॥
ऊभा भड छूंटी लिइं लोह तीहं आगलि कुण जीपइ जोह।
रायनइ हय मर हाथी बहू आघउ थिउ आराली सहू ॥ ९१ ॥
निवडनिहाय धरणि धमधमइं बूंबारव गयणंगणि गमइ।
खेहारवि नवि सूझइ सूर रणि विसर्यां वाजइ रिणतूर ॥ ९२ ॥
मयमत्ता दंतूसल मोडि दीइं घाउ कडयडइं करोडि।
घोडेसिउं घाल्या असवार रथपायक नवि लाभइ पार ॥ ९३ ॥

× × ×

छप्पय—

पुहुरि पहिल्लै विप्पराउ जागंतु लोइ।
तां निसिभरि नारी मसाहाणि सूलीतलि रोइ।
परिठवी पुड दया परदइ मर पत्तो।
कामिणी पूछीय कज्ज कंथ ऊवरिऊ भत्तो।
भोजन दियंतमिसि डायणी पाइ मांस मत्यइरि चडी।
उत्तिम तिवार असि वावरी करि स चूडि तुहनि पडी ॥ २२ ॥
बीजइ पुहुरि प्रधानपुत्र वलवंत वइट्ठौ।
तां उल्हाणौ अगनि तेज दूरह्यि दिट्ठौ।
पावककजि पहुतु प्रेत परवरियौ पण्यलि।
विचि खीचड कलकलइ बह्ल वानीस कुमतलि।

मुझ स्वामि होमसइं एवनौ एक्क गहीय बीजा गहिसु ।
धसि लिद्ध धगंतौ लक्कइं तीण ऊडी ग्या सइं सहस ॥ २३ ॥
खित्तीय तीजइ पुहुरि देंत नयरीदिसि दिक्खइ ।
विंतर वंसइ बंधि पूठि थ्यौ परिकम पिक्खइ ।
सत्त कमाड ऊघाडि रायसुति सूती लीधी ।
आणी आपनिवासि युवति जागती कीधी ।
मुझ वरि कि समरि जीण ऊगिरह त्रिहु त्रीजउ समरू सभट ।
पडछांहि ऊभ असिमर सरिस कीय वंकाल त्रिखंड घट ॥ २४ ॥
चउथइ चतुर चकोर वीरवंसुद्धर जग्गै ।
तां ऊठवि मइं मुरेडिउ जूअजीअउडु विमग्गै ।
सुद भणइ त न सारवइ कवडी न कडत्तह ।
तिणि तक्खणि आणयौ पाट जीण राइ रमंतह ।
शरकमल हराविउ हेल्रसि प्राणिप्रेतग्रह टालियौ ।
त्रिहुं मित्र अजग्गिइ एकलइं तिह ति पिंड प्रजाल्यौ ॥ ॥

× × ×

वस्त—

राउ हरपिउ राउ हरपिउ सुतह संपत्त ।
तव नयरी आणंद हूउ पंचशब्द वाजित्र वज्जइ ।
माय ताय जोहार किय गरूय वीर गंभीर गज्जइ ।
तिणि अवसरि पय प्रणमया सुदयवच्छ तिणि वार ।
माडी आसीसह दिइ राउ सिरि खुंपिउ भार ॥ ७२ ॥

गद्यभाग

पंदरमो सैको

प्राचीन गुजराती गद्यसंदर्भ[गु० वि०]मांथी

(१)

संवत् १४११—तरुणप्रभ—

"राजा अनइ महामात्यु बे जणा अश्वापहार-इतउ अटवी-माहि गया. भूखिया हूया. वणफल खाधां. नगरि आविया। राजा सूपकार तेडी करी कहइ ' जि के भक्ष्यभेद संभवइं ति सगलाई करउ' सूपकारे कीधा, राजा आगइ आणिया. राजेंद्रि चीतविउं—मधुर मोदक—पूपकादिक भक्ष्यभेद पाछेई भाविसिइं इणि कारणि पहिलउं बाजुल—ढोकलादिक भक्ष्यमेद भषी करी पाछइ मधुराहारभक्षणु कीधउं. किसइ कारणि? जिम सवहीं आहार-तणा स्वाद लिउं. महतइ पुणि जीमी करी वमन-विरेचनादिकु कीधउं. राजेंद्रि पुणि सर्वाहारभोगलुब्धि हूंतइ वमन-विरेचनादिकु न कीधउं। तिणि आहारि दोषि राउ मूयउ।" पृ० ५

"गच्छि एकि लघु क्षुल्लकु एकु वरसालइ वाहिरि वालकहं—माहि वाहलइ त्रेपणउं पेट हेठइ देई अनइ तरिवा लागउ. महात्मा आविया, चेला तरता देखी करी वटइं ति तेतलइं गुरु आविया. गुरि कहिउं— 'महात्माउ! चेलउ लहुडउ, भोलउभागउउ. म अडवडाउ (वडवडाउ)' ते ती वार चेलउ परहंसिउ. गुरे भणिउं—म वच्छ उगउ रहि. को काई नही कहइ, तउ चेलउ घणेरउं परहंसिउ. गलसरण भरिवा लागउ. गुरे माथइ हाथु देई करी आपणपा आगइ कीधउ. वसति आविया." पृ० ४८

---

(२)

संवत् १४५७–सोमसुंदर—

" ताम्रलिप्ती नगरीइं तामलि श्रेष्टि वैराग्यइं तापसी दीक्षा लिइं. नदी-नइं तटिं साठि वर्ष सहस्र तप करि पारणइं भिक्षा चिहुं भागि करइं. एक भाग मत्स्यादिक जलचररहइं दिइं. बीजो भाग गोग्रास–स्थलचररहइं दिइं. त्रीजो भाग काकादिक खेचररहइं दिइं. चउथु भाग २१ वार पाणीइं धोई पारणउं करइं." पृ० ७६.

" श्रीमहावीरनु जीव श्रीआदिनाथनइं (समयि) भरतेश्वरनउ बेटओ मरीचि नामि हूंतउं. श्रीआदिनाथकन्हइं मोकली दीक्षा लिवरावीओ. एक वार ग्लान थिओ. मनमांहिं जाणिउं–को सखा(सखा ?)ईओ करउं. पछइं कपिल क्षत्रीरहइं धर्म कहइं. बूझ्या, पूठि श्रीआदिनाथ कन्हइं दीक्षा लेवा मोकलइं. ते पूछइं–तूं कहइं किसिउं धर्म नथी श्रीआदिनाथ कन्हइं कां मोकलइं ? पछइं मरीचि कहिउं–कपिल ! धर्म इहांइ छइं, परइं छइं. इसिउं माइउं गोईउं वचन बोलिउं, तीणइं करी मरीचि कोडाकोडि सागरोपम भमिओ. पछइं श्रीमहावीर थिओ." पृ० ७९

---

(३)

संवत् १४७८–माणिक्यसुंदर—

" सव्वे भला मासडा पण वइसाह न तुल्ल ।
जे दवि दाधा रूंखडां तीहं माथइ फुल्ल ॥ " पृ० १२५

× × × ×

" अंगदेशि श्रीपुरिनगर, तिहां श्रेष्टि लक्ष्मीवर–श्रीलक्ष्मीइं सधर. तेहतणु पुत्र हुं श्रीपति पणि विषम देवगति. दस कोडि द्रव्य हूंती पणि

बापुजी साथि पहुती. पिता परोक्ष हूआ, पूठिइं जं वाहणमाहि घातिउं तं समुद्र सातिउं. कई वाणउत्रे ग्रसिउं, हाट चोरे मुसिउं, थल्वटनउं थल्वटइ रहिउं, कांई ठाकुर ग्रहिउं, घर बलिउं, समग्र मंडाण टलिउं, समग्र द्रव्य निस्तरिउं, एकलक्ष द्रव्य ऊगरिउं. पछइ अवर काजकाम छांडिउं, प्रवहण पूरिवा मांडिउं. भलइ दिवसि प्रवहण पूरिउ. त्रिन्नि सइं साठि क्रियाणां चडाव्यां, सप्तविध पक्वान चडाव्यां, सतविध करंबा लिया, पोता सपाणी भरिया, देव समुद्रवायस पूजाव्या, घाभिल मादल वाजित्र लगां, बावरि कोलणि नाचेवा लागी, गलेला हेलाहेल करवा लगा. कूउथंभउ ऊभउ कीधउ, नांगर ऊपाडिउ, सिढ ताडिउ, घामतीउ घामतउ लीचइवा लगु, वाऊरीऊ तलि पइठउ, नीजामउ मालि बइठउ, आउलां पडइं, सूकाणी सूकाण चालवइं, मालिम वाहण आलवइं, सुरवर लहलह्या, वादित्रनादि समुद्र गाजी रह्या."

× × × ×

"छासिइं केरउ आफरु दासिइ केरु नेह ।
कंबलकेरु मोलीउं घिसत न लागइ येव ॥" पृ० १४०–१४१

---

(४)

संवत् १५००–हेमहंस–

"पुलिंदानु जीव मरी जंबूद्वीप मणिमंदिरि नगरि राजा मृगांक राजा, विजया राणी, तेहनइ गर्भि अवतरिउ. ××× महोत्सव करी राजसिंह कुमार नाम दीधउं. मउडइ मउडइ बहुत्तरि कलापारीण हूउ. ××× मतिसागर मुहतानउ बेटउ सुमतिकुमार. तेहसिउं राजसिंहनइ मित्राई छइ ××× तिसइं नगरलोके मिली राजाहूइ एकांति वीनवइ–स्वामी! अहे

किम करूं ? ए राजसिंह कुमार नगरमाहिं जीणइ जीणइ सेरीइं सांचरइ तिहां तिहां आपणां वालकइ रोव्यतां मूंकी मूंकीनइ सौभाग्यना व्यामोहिआ स्त्रीना वृन्द गमे गमे जोइवा धाइ. अह्मारां घरनां काजकाम सघलाइ सीदाइ छइ × × × पछइ कुमर कहइ–मित्र ! चालउ तेह देशांतर × × × भणी जईइ. × इसिउं विमासी बेहू जण पङ्ग हाथि लेई तिहां भणी नीकल्या. ठामि ठामि अनेक आश्चर्य जोअता जोअता जाइ छइ. एकवार अरण्यमाहिं सूनइ देवकुलि सूते कहिएक पुरुषनुं करुण स्वर सांभलिउ. कुमार ऊठी पङ्ग हाथि लेई तेहभणी चालिउ. आगलि गिउ देपइ तु विकराल राक्षसइं पुरुष एक कक्षामाहिं चांपिउ छइ. ते आक्रंद करइ छइ. कुमरइं राक्षसहइ कहिउं–ए वापडउ मूकि, ईणइं ताहरुं सिउं विणासिउं. ?" पृ० १६७ थी

---

(५)

संवत् १४७१ पारसी पंडित लक्ष्मीधर वहेरामजी–अर्दाग्वीरा

(गुजरात वर्नाक्युलर सोसायटी संग्रह)

[२]

१. पछइ ते सातइ वइहइनि तेह अर्दाग्वीरा पुरुषतणी सातेए भार्या हुई, तीह सातइरहइं दीनतणउ कोमल नावर कीधी अछइ ॥

२. जउ तेहे स्त्री एतलउं वचनु सांभल्यउं सांभल्या पछी अपार दुःखिनी थई, यम तींह स्त्रीरहइं महाभारतर दुःख पामिउं ॥

३. ते स्त्री गुस्तास्प राजा आगलइ अनइ अपर बीजा मज्दईअस्न आगलि गेई । नमस्कार कीधउ । पछइ ऊभी रही । तेहे स्त्रीए बोलिउं

सु तह्मो मज्दईअस्न ईउ इसुं म करु। जउ अह्मइ सात वहइन अछउं अनइ सातइनउ एउ एकु जि भर्त्तार अछइ। अह्मइ सातइ वहइन एह भर्त्तारतणी कलत्र अछउं। जइमु एकु घर सातपणउं हुइ। तेहि सात पण हेठइ विचालइ एकु स्तंभ कीधउ अछइ। जइ कमइ ते स्तंभ काढीइ तु सातइ पण पडइ। पछइ गुस्तास्प राजा तअं वचन सांभुली कोपु कीधउ। तींह स्त्री प्रति राजा बोलिउ। जउ तह्मरहइं महावायु लिउ। व्याघ्र तह्मरहइं खाउं। तह्मारां हाड लुंडी ताणउ।

४. पछइ अर्दाग्वीरा पुरुषइ जिम दीठउ जउ गुस्तास्प राजां कोपु कीधउ, राजारहइं अर्दाग्वीरा पुरुषइं संतोष दीधउ। तेउ अर्दाग्वीरा पुरुष गुस्तास्प राजा आगलइ गइय। हाथ बेहू जोडइया। स्तुति अपार घणी कीधी। तउ अर्दाग्वीरा बोलइय। जइ कमइ आदेश हुइ तु पाय षाउं। आत्मा आराधउं। सुंपणउं करउं। पछइ मंगि ऊषधी दीधी। पछइ गुस्तास्प राजां आदेश दीधउ, बोलिउं जउ इसुं करइ।

५. पछइ अर्दाग्वीरा पुरुष आपणइ अग्निस्थ(स्था)नक गिउ। तीणइ अर्दाग्वीरा पुरुषइं इजिस्नि कीधी आत्मा आराधय पाय पाधउं। तेहे स्त्रीए मंगि ऊषधी सज्ज कीधी। अनइ पात्रि ठाहरि मधूभक्षण सरसी घाली। अर्दाग्वीरा पुरुष हेठ वस्त्रि वइसइ। राजारहइ अनइ बीजां मज्दईअस्न-रहइं जणाविवउं कीधउं। पछइ गुस्तास्प राजा अनइ अपर बीजाइ मज्दईअस्न आव्या। तेह अर्दाग्वीरा पुरुषरहइं मंगि ऊषधी दीधी। वस्त्र ऊपरि सुआरिउ। अनइ एर्वेद कीधा गहि सारी। जिम ते एर्वेद अर्दाग्वीरा पुरुषतणउं सइरु पुहरि वइठा राषइ अनइ नरक अवस्तावाणी पढइ उच्चरि.

६. अनइ ते साते भार्या अर्दाग्वीरा पुरुषतणा वस्त्र पाषलि फिरीनइ बइठी अनइ अवस्तावाणी उच्चरइ अछइ। जांजाण सात अहोरात्र हुइ.

[३]

१. अनइ तेह अर्द्दाग्वीरा पुरुषतणा शरीरतु आत्मा जीव चकात-दाइती इसइ नामि पर्वत अनइ चंदोरपुहलि नांमि मांचि पहुतु। सातमइ दिवसइ आत्मा वली आव्यः। तनउ सरीरमांहि आव्युः।

२. अर्द्दाग्वीरा पुरुषः वस्त्र उपर थकु ऊभ्यउ। जाणे किरि तउ सुखनिद्रायकु ऊथ्यः। उत्तम निर्मलु मनु अछइ अनइ उत्तमरहइं आनंद करइं।

३. तेहे भार्या कलत्रि अर्द्दाग्वीरा दीठउ अनइ जोइउ। पछइ पछइ तेह स्त्रीरहइ उत्तम आनंदु हऊअ जाणे किरि ते स्त्री स्वर्ग्र(र्ग)भुवनइ जीवती नींपनीं अछइ। पछ तेहे एवंद आगलि अर्द्दाग्वीरा पुरुषरहइं प्रणाम नमस्कार कीधउ। अनइ गुस्तास्प राजा आगलि जई अनइ दस्ता गोस्प-दस्त फरइसुस मइदीओमाह अनइ बीजाइ मज्दईअस्नरहइं प्रबोध कीधउ।

[४]

७. जंअं प्रचउर चालइ तउझरहइ तीणइं स्वर्ग्र करी अनइ सखाईआ थाउं स्वर्ग्रलोक अनइ नरकलोकइ अनइ चंदोरपउहउलइ जातां पलि-पांच नही।

८. जअं स्वर्ग्रलोकतणी समृद्धि रद्धि समाधानउ रूडउं अतहइ सउ-खउ उत्तमक्रीडा रलीआतपणउं अतहइ वइनोद उछव रामति अनइ सउ-गंधपणउं तुझरहइ आव देपाडउं। अनइ मुक्तात्मारहइं जेउ आनंद हर्ष अछइ।

हूं पांख विना वृक्षतलें पांदडांना पुंजमां पड्यो। ज्ञानि रहीं ते आहेडीइं न दीठो। त्यहां हूं तृषाक्रांत थयो। त्यहां थकी तपोवन ढूंकडुं हतुं त्यहां हूं अतिदुखि ढुकडो गयो। ते तपोवन जावालि ऋषि रहि। तेहनो पुत्र हारित सरोवरिं स्नाननि आवतां हूं अतिदुखी पड्यो दीठो। पछि शिष्य हस्ते हूं लीधो। जल पायूं। पछि ऋषिपुत्र, स्नान करी अशोकवृक्ष तलि जावालि शिष्यसंयुक्त वृंदमां बिठा हता त्यहां मुनि लेई गयो। ऋषिइं पूछ्युं पुत्रनि—येह, एह शुक त्यहां थकी लाव्यो! कह्युं—वनमाहिं दुखी तृषाक्रांत पड्यो तो दया जाणी लाव्यो। ऋषि त्रिकालदर्शी मुज सांहामुं जोई मुंने कह्यं, अविनय कीधांना एह फल। पछि शिष्य—पुत्रादिके ऋषिनि पूछ्युं—एहनो स्वामी! शो अविनय छि? ते ऋषिइं कह्युं—एकांत रात्रि विधिपूर्वक कहशुं। पछि रात्रि मुंनि पासे बिसारी सर्व आगलि ऋषिइं कथा कही, 'ती कथा सांभली' इम कही वैशंपायन शुक, ते, हवि राजा शौद्रक आगलि जावालि ऋषिनी कही कथा कहि छइ—

उजेणी नगरी पुरीशिरोमणि। त्यहां सूर्यवंशी तारापीड राजा अति विख्यात। तेहनो मंत्री शुकनाश नामि ब्राह्मण धीर अतिचतुर। ते मंत्रीनिं सर्व राजकार्य सूंपी राजा क्रीडा करिं। ते राजानें पुत्र नहीं"—

(पुरातत्त्व पुस्तक ५ (चैत्र १९८३) पृ० २४४)

(२)

अमरेलीनो शिलालेख सं० १६५० नो

संवत १६५० वरषे भादरवा सद १२ दने श्रीदीवान पान नवरंगपान हवाले प्रगणे अमरेली मीर श्री मिहमद हुसेन आहिशन नवापुराना माहजन समतजोग जत तमनि विठ माप छ. हीदवाण गय त्रुकणे सूहर मागे तेने....गधेडे गाल.

(पुरातत्त्व पु० ५ पृ० १८१)

(३)

कवि श्री विष्णुदास–सत्तरमो सैको–महाभारत

(हस्तलिखित प्रति–श्रीफार्बस गुजराती सभा–अं० १३३)

प्रभातकाल हवो सहु चाल्या करवा माहासंग्राम ।
दुर्योधन पांडव जीत्यानी करी ह्रदि शूं हाम ॥ ७ ॥

त्यारे कर्ण किहि माहारी वीद्यानुं सकल कार्ण देषाडुं ।
कि पांडव मुझनि मारि कि हु तेहनि नाश पमाडुं ॥ ८ ॥

आगि ईद्रि धनुष समर्प्यूं फरशूंरामनि हाथे ।
तेह वाय करि ग्रही युद्ध मि करवूं पांडव साथे ॥ ९ ॥

अर्जुनना शरषी माहारि बाकी सर्व सजाई होय ।
एहनि सारथी कृष्ण छि तेहवो माहारि नथी कोय ॥ १० ॥

ते शरषो आपणि शल्य छि सत्य जांणो मनमांहि ।
ते माहारो सारथी होइ तो युद्ध करूं जै त्यांहि ॥ ११ ॥

दुर्योधन एहवूं वाक्य सांमली मनमां थयो रलीआत्य ।
कह्यूं कर्ण हुं सैन्य लेइनि आवूं तुझ संघात्य ॥ १२ ॥

पछि कर्ण सावधांन थयो माहाधीर्यपणूं मन्य आंणी ।
तेणि समि वली शल्य प्रत्यि दुर्योधन बोल्यो वांणी ॥ १३ ॥

आहो ! ! ! शल्य तू माटि हुं रणमां रूडुं भाव्यो ।
कर्णतणूं सारथीपणूं करि ए प्रारथवा आव्यो ॥ १४ ॥

तुझ देषीनि ए समरांगण्य सुभट सहु को त्राहासि ।
यम अर्जुननि एक कृष्ण त्यम कर्णतणि तू पासि ॥ १५ ॥

ते ते सुभट पच्या रणमा ये माहावलीआ होय।
कर्णसंघाति तुझ देषी ऊभा न रहि कोय ॥ १६ ॥

शल्य किहि हुं हीनप्राक्रमी एहवूं तूझ मन्य आवि।
ये तू मुझनि कर्णतणुं सारथीपणुं करावि ॥ १७ ॥

क्रोधवाणे इम शल्य उचर्यो अरे पापी शूं बोलि।
हु एकलो संग्राम करूं पण नही को माहारि तोलि ॥ १८ ॥

प्राहारि पर्वत चूर्ण करूं अनि वसुधा पांण्य वीदारूं।
किहि तो समुद्रतणुं जल शोषूं को न सकि बल माहारूं ॥ १९ ॥

अणप्रीछ्युं अविचार्यूं वायक आंहां बोल्यो तूं इम।
सुतपूत्रनो मुनि सारथि करवा ईछि क्यंम ॥ २० ॥

जो त्यि एहवां वाक्य कह्यां तो युध करुं नवि लेश।
अतीक्रोधि उठी त्यांहाथो संचर्यो शल्य नरेश ॥ २१ ॥

दुर्योधन कहि अहो शल्य हु तव वचने मन्य राचूं।
तुझथी अधीको कर्ण नही ए तू बोल्यो मुझ साचूं ॥ २२ ॥

आर्तिवंत पूरुषनि रापवा पोते वर्द कहावुं।
शत्रू सर्वनि शल्यरूप त्यि साचू नांम धराव्यूं ॥ २३ ॥

दुर्योधन किहि हु मुझ अर्थे वाक्य कहुं छुं एह।
तुझ सरपो को सुभट नथी रणमां हय रापि येह ॥ २४ ॥

शल्य कहि सारथीपणूं हवि मि करवूं नीरधार।
ए रणमां कह्यूं कर्णनूं हुं नही करुं एक लगार ॥ २५ ॥

दुर्योधन कहि अहो शल्य तूं आंणे मन्य विश्वास।
एक मार्कंडयनु उक्त छि ते तुझनि कहुं अतीहास ॥ २६ ॥

माहारा पीतानि किहि मार्कंडेय सांभलि कौरवराय ।
को एक कालि देवदानव शूं युद्ध अपमीत थाय ॥ २७ ॥

हाहाकार तव थै रह्यो रे भूवन त्रण्य मोझार्य ।
प्रथम युद्ध तारकि करुं ते रणमां पाम्यो हार्य ॥ २८ ॥

त्रण्य पूत्र तेहनि हवा रे एक नांम कमलाक्ष ।
बीजो पूत्र ते वीद्युमाली त्रीजो ते तारकाक्ष ॥ २९ ॥

त्रोहि मलीने माहातप मांड्यो ब्रंह्मा थया तुष्टमांन ।
कह्यूं पूत्र मागो मन्य भावि ते आपू वरदान ॥ ३० ॥

तारकसुत वलता वदि ते ब्रंह्मानि शीर नामी ।
प्राणीमात्रथी अह्मो न मरीइ ए वर आपो स्वामी ॥ ३१ ॥

पछि ब्रंह्मा कहि मृत्युलपसृष्टीमां अमर नही को प्रांणी ।
ते माटि बीजो वर मागो ए कारण मन्य जाणी ॥ ३२ ॥

करी वीचार वीरंची प्रति पछि एहवूं बोल्या त्यांहि ।
त्रण्य भूवनमां रह्या थका अह्मो वीचरू त्रीभोवनमांहि ॥ ३३ ॥

सहस्र वर्षे ते नगर पछि मलि एगठा यारि ।
एके बांणे वेध करि अह्मो मरू पीतामह त्यारि ॥ ३४ ॥

सत्यवर आपी अनि बीध्याता हौआ अंतरध्यांन ।
रचवा त्रण्ये नगर वीचारी जोयू आभींतर ज्ञान ॥ ३५ ॥

पछि मयदांनवनि जै कह्यूं तेणि नगर रच्यां ततकाल ।
एक कनक एक रुप्यतणूं एक लोहमि अधीक वीशाल ॥ ३६ ॥

स्वर्गि कनक अंत्रीक्षि रूप्यमय कह्यूं न जाय वीयांण ।
लोहमि नगर रहि वसुधातलि शत योजन प्रमांण ॥ ३७ ॥

घर प्रकार अनेक अटाली सुवर्त्य मनोहर दीसि ।
अनेक द्वार वीराजीत रचना ये जोतां मन हीसि ॥ ३८ ॥

हेमनगरनो तारकाक्ष ते थै रह्यो अधीकारी ।
रुप्यनगर कमलाक्ष भोगवि माहाप्राक्रम बळधारी ॥ ३९ ॥

लोहमि नगरतणो अधीपति ते वीद्युन्माली कहावि ।
त्रण्य भुवनमां माहाबलीयो येहनी यमली को नावि ॥ ४० ॥

एणि प्रकारि त्रण्ये बांधव राज्य करि अवस्यमेव ।
मनमां ये ईछा करि ते त्यांहां पांमि ततपेव ॥ ४१ ॥

तारकाक्षनो पूत्र हरी तेणि माहा उग्रतप कीधो ।
श्रीरंची प्रगट हवा वरकारणि सत्य बोल करि दीधो ॥ ४२ ॥

हरी कहि ब्रंम्हाजी मुझनि एक वर करो पसाय ।
स्वामी अह्मारा नगरवीपि एक अमृतवापी थाय ॥ ४३ ॥

तेणि समि ब्रंह्माजी अंतर ध्यांन हवा वर आपी ।
हेलां मात्रमांहां नीमी एक अमृतकेरी वापी ॥ ४४ ॥

पछि उन्मत्त हवा ते दांनव माहाबलीआ ये होय ।
त्रण्य लोकमां देवप्रेश्वर दुपी कर्या श्रव कोय ॥ ४५ ॥

तेणि समि जई अमर कहि श्रीब्रंह्मानि शीर नामी ।
त्रैलोक्यमां तरकसुत आगलि क्यम रहीइं अहो स्वांमी ॥ ४६ ॥

ब्रंह्माजी वळता इम बोल्या अमर तह्मो अवीधारो ।
ये पापी तमनि दुपदायक ते तां हेपी अह्मारो ॥ ४७ ॥

जाओ शर्ण्य माहादेवतणि त्यांहां किहिजो नीज वृत्तांत ।
ईश वीना कोणि पापीनो आणी न सकि अंत ॥ ४८ ॥

ब्रंह्मानि पछि मुक्ष करी सुर त्यांहां आव्या ततखेव ।
मन एकाग्रपणि स्तव्यां त्यारि प्रसंन थया माहादेव ॥ ४९ ॥
ब्रंह्मा कहि तारकसुत आगलि अमर दुषी श्रव थाय ।
तह्म वीना तेहनो नाश करी को न सकि शंभूराय ॥ ५० ॥
पछि ईश किहि हुं मारीश हेलां मात्र मोझार्य ।
त्यारि दीव्यरूप अमारि रथ नीर्मो विठा श्रीत्रीपुरार्य ॥ ५१ ॥
रुद्र कहि सारथी करो को मुझ पि अधीको होय ।
ते तां तिंमि एणि रथ विंठा देत्य हणाए तेह ॥ ५२ ॥
पछि ब्रंह्मानि सारथी कर्या रे वर्त्यो जे जे कार ।
दांनव हणवा ईश संचर्या आणी प्रेम अपार ॥ ५३ ॥
जई युद्धनो समि रच्यो पूरवा अमरनी हांम ।
पाशुपतास्त्र वांहा मेहेली शीव करे माहासंग्राम ॥ ५४ ॥
त्रण्ये पुर तेणि समि वलीनि भस्मरुप थया त्यांहि ।
तारकासुत त्रण्ये पापी पछि पड्या रणमांहि ॥ ५५ ॥
पर्म क्रीपा कीधी माहादेवि वचन पोतानूं पाल्यूं ।
जयजयकार हवो त्रीभोवनमां अमरतणुं दुख टाल्यूं ॥ ५६ ॥
दुर्योधन किहि अहो शल्य तूं सांभल्य सत्य उपाय ।
ते माटि हवि कर्णतणुं सारथीपणूं कर्य राय ॥ ५७ ॥
रुद्ररुप ए कर्ण भणि जि तू ते वीरंची समांन्य ।
तेणि त्यांहां कर्यूं त्यम तिं करवूं कार्य नीदांन्य ॥ ५८ ॥
तेमाटि वली सांभल्य तुझनि हु कहु एक अतीहास ।
दुर्योधन राजा इम बोलि किहि शेवक वीष्णुदास ॥ ५९ ॥

* * * *

ते शल्यपर्वमां कथा सवंध कवीता किहे बांधीश प्रतीबंध ॥ ११ ॥
संवत सोल पंचावनो सार येष्ट शुद चोथ्य शनवार ॥ १२ ॥
ते दीन पूर्ण थई ए कथा बुद्धमांने बोलीश सर्वथा ॥ १३ ॥
गाई सांभलि तेहने वैकुंठवास वेह्न करजोडी किहि वीष्णुदास ॥ १४ ॥

---

(४)

वैश्यकवि नाकर–सत्तरमो सैको–महाभारत आरण्यक पर्व

(सं० श्रीकेशवराम शास्त्री)

प्रथम ते प्रणमी श्रीगणपतिनइं जोडीनइं बि पाणि ।
विघन हरु तम्यो कृपा करीनइं आपु अविचल वाणि ॥ १ ॥
एकदंत ज शोभतु गजवदन शोभइ तेह ।
दुंदल देव दया करी निज बुद्धि आपु एह ॥ २ ॥
मोदक-आहार अंतर्यामी कविनइं करु पसाइ ।
संमुख स्वामी अवलोकतां बुद्धि-ज्ञान परिपूरण थाइ ॥ ४ ॥
देव दानव असुर किंनर स्तवइ गुणभंडार ।
मुह्नइं दीन जाणी दामणु करु माहरी सार ॥ ६ ॥
शुभ कारणि प्रथम स्तवइ त्रैलोक मांहां देव ।
ताह्नरी कृपा विना पामइ नहीं बुद्धिज्ञान ज खेव ॥ ७ ॥
ते माटइ महाराज ! मुह्नइं करुनइं परम कृपाइ ।
इतिहास किहिवा बुद्धि माहरी सफलित-हृदया थाइ ॥ ८ ॥
कहेश महापुराण नइं कविता खोडि म देशु ।
मुझ बुद्धि-माने करुं रचना कृपा श्रीपरमेश ॥ १४ ॥

(पृ० २)

धरणि ढलिउ धर्मराजाजी ।
मूर्छा पडिउ नहीं घटि सानजी ॥ १ ॥

सान नहीं घटि रायनइं शौनक दिइ प्रतिबोध ।
ज्ञान ताहरूं किहां गयूं माहरा धर्मराजा ज्योध ॥ २ ॥

अज्ञाने इम आवरिउ तूं अंतर्गति अविलोकि ।
सुखदुःख सरज्यूं देहिनइं हर्ष किहि तिहां शोक ॥ ३ ॥

अरे पडी वेलाइ पांडवो तम्यो म मेहलु चित्ति धीर ।
तम्हारइ तिहां साहि छइ स्वामी श्रीज्यदुवीर ॥ ४ ॥

मूर्छा वली रायनी तव बोलिउ धर्मकुमार ।
शौनकजी तम्यो सांभलु गृहस्थना आचार ॥ ५ ॥

ब्रह्म क्षत्री वैश्य शूद्र जे मुख्य च्याहरि वर्ण ।
प्रातःकाले ऊठी स्नान संध्या [अनइं] सेवा स्मरण ॥ ६ ॥

उपवीतधारी सांचवइ ते आपणां सत्कर्म ।
ज्यज्ञ--ज्याजन--अध्ययन--अध्यापन--दान--प्रतिग्रहधर्म ॥ ७ ॥

शूद्र सेवा विप्रनी वली कथाकीर्तन बुद्धि ।
अन्य वर्ण अलगा ते थकी तेहनइं तेहवी विधि ॥ ८ ॥

अष्टादश अन्न ऊपनां हुइ शाकपाक विवेक ।
पणि शौनकजी तम्यो सांभलु पिहिलु दयाधर्मविवेक ॥ ९ ॥

अतिथि आविउ आंगणइ तेहनइं न करिवु नाकार ।
गौ गवानिक वास वायस श्वाननइ दिइ आहार ॥ १० ॥

परिवार पोषइ आपणु नइ ऊगरतूं रिहिशि कष्ट ।
[पवि]त्र अन्न ते प्रासतु जु हुइ घरमांहि ज्येष्ठ ॥ ११ ॥

यथासंपदा जेहनइं जेह्वी तेह्नइं तेह्वूं दान ।
राजानइं तां राजरीतिइं रंकनइं [रंकसमान] ॥ १२ ॥

पणि रत्नमणि कनकभूषण देतां अन्न अवारि ।
विमुख को वालिउ नहीं पछइं लिहिउ आहार ॥ १३ ॥

तो हि आशा माटि थयूं अनइं विपत आवी आज ।
ते गम्यूं श्रीगोविंदनइं जे द्वारिकां तणु राज ॥ १४ ॥

मइं पाप पूर्वे शां कर्यां छुंस्या कणकोठार ।
अतिथि को आविउ आंगणइ तेह्नइं नापिउं आहार ॥ १५ ॥

दुर्बलनी मइं भूख न लही अन्नकाजि करिउ नाकार ।
याचकजन मइं दुहविआं तेह्नइं मुखि करिउ तिरस्कार ॥ १६ ॥

पाक पूरण नीपना हूं ज्यमिवा बइठु ज्येष्ट ।
अन्नकाजि उवेखिआं मइं पोतइं पोष्यूं पेट ॥ १७ ॥

अंतर मइं एह्वुं करिउ ते आइं आव्यूं पाप ।
ऋषि ! तह्मनइं मूकी हूं ज्यमूं तु भोगवूं किहां आप ॥ १८ ॥

निःश्वास मूकी ऊठिआ नइं गया जिहां गुरु धौम्य ।
वृत्तांत सर्व मांडी कह्यूं एकांति बइशी भोमि ॥ १९ ॥

मुझनइं राइ जाणी आविआ मोटा जे द्विजराज ।
नाकार मुखिथु नवि कहूं देह प्राण थाइ त्याज ॥ २० ॥

तव धौम्य कहइ छइ धर्मनइं चिंता म करशु चिंति ।
विपत सघली भांजशि कहूं ऊपरि दृष्टांत ॥ २१ ॥

*   *   *

जनमेजे राइ ऊच्चरइ ते जल नयणथूं झरइ ।
राइ कहइ वैशंपायन मुहुनइं कुह्व रे ॥ १ ॥
वैशंपायन मुहुनइं कुहु एक संदेह मोटु आपि ।
धौम्य ऋषिनइं किहां थकु ए कश्यपसुत तणु जाप ॥ २ ॥
सद्य प्रभाकर प्रगटिउ अनइं आपिऊं वरदान ।
मूल मंत्र ज किहां थकु किम पाम्या परमनिधान ॥ ३ ॥
वैशंपायन वलतूं वदइ उत्तर सांभलु राइ ।
एक समइ इच्छा थई स्वर्ग मांहि सुरराइ ॥ ४ ॥
सूरजनूं एक स्तोत्र कीधूं नाम शत ऊपरि अष्ट ।
अंतर्गति आराधतां सविता थया संतुष्ट ॥ ५ ॥
आवीनइं ऊभा रह्या आपिऊं वरदान ।
आ वैभव ताह्रु अचल रिहिज्यो इम कही थया अंतर्धान ॥ ६ ॥
एह्वइ ऋषिजी आविआ कारि वीणा हरिगुणगान ।
आसन आपी अरचिआ नइं स्तवइ सुरराजान ॥ ७ ॥
(पृ० २०)

जनमेजे वलि पूछइ वात वैशंपायन कुहु साक्षात ।
एकमास ए अंतरि रह्यु ते पांडवे किम निर्वह्यु ॥ १ ॥
तेह्मां विघ्न थयां जे यथा तेह्नी मुहुनइं कुहुनइं कथा ।
वैशंपायन किहि सुणि राइ ! एक मासमां विघ्न बि थाइ ॥ २ ॥
सुखसमाधि वनमांहि रमइ एकवार एहवु आव्यु समइ ।
मृगया रमवा वनमां गया पांचे भाइ जूजुआ थया ॥ ३ ॥
त्रणि दिशाइं तेह परवर्या निकुल सिहदे एकठा पल्या ।
इम ते वनमां पांचे भाइ तेह समइ सांभलिनइं राइ ॥ ४ ॥

नव्यादि आश्रम सूना थाइ ऋषिजी नितिकर्म करवा जाइ ।
शाल्वतणी सुता सुंदरी जिद्रथनइं वल्या ते वरी ॥ ५ ॥

लग्न वेल ते दिन आविउ जिद्रथनइं संदेशु कहाविउ ।
परणेवा पधारज्यो तम्यो आंहि सामग्री कीधी अम्यो ॥ ६ ॥

जिद्रथि जान शणगारी बहु हय गज रथ ते लीधा बहु ।
भेरी मृदंग वाजइ घणी साथि................तणी ॥ ७ ॥

स्रीजन रथ मांहि गान करइ एणी पिरि जिद्रथ परवरइ ।
द्वुत-कामिवनी वाटें जाइ नीसाणना निर्घोष वगडाइ ॥ ८ ॥

तेणइ समि वनमांहि द्रुपदी एकली मनमांहि वदी ।
दुंदुभिनाद बहु सांभली स्रीनां गान सुणी मनि रली ॥ ९ ॥

कोइक राजा वरवा जाइ ते जोवा केरूं मन थाइ ।
पर्णकुटी ऊघाडी करी द्रुपदी जोवा ते नीसरी ॥ १० ॥

ऊपरि ऊपरि जोइ चढी जिद्रथ केरी द्दष्टिइं पडी ।
तव प्रधाननइं पूछयू भूपि ए स्री कुण दीसि तेजस्वरूप ॥ ११ ॥

सूर्यकोटि दीसि झलकार एहवी जानमां नथी कुह्य नारि ।
कोटरास परधान किहिवाइ तेहनि पूछवा मूंकिउ राइं ॥ १२ ॥

जाउ मित्र आवु पूछी वात कुह्यनी कामिनी कुण मा—तात ।
तिह्यारि प्रधान पूछवा गयु द्रुपदी आगलि ऊभु रह्यु ॥ १३ ॥

परधानें जै कहूं कामिनी ते मुह्यनइं किहि तूं भामिनी ।
परधान केहवु सोभइ त्यांहि बावल वृक्ष ऊभु वनमांहि ॥ १४ ॥

एहवी ऊभी द्रुपदनी बाल सिंहनी नारी पूछि शिआल ।
तिह्यारि द्रुपदी बोली वाणि पांडवपत्नी मुह्यनइं जाणि ॥ १५ ॥

एटलइं सांभली पाछु वल्यु जिद्रथनइं ते आवी मिल्यु ।
स्वामी पांडव केरी नारि एकली ऊभी मठनइ द्वारि ॥ १६ ॥
पांडव तु मृगया गया वन्नि कुहु नवि दीसइ पासइं जन्न ।
एह्वूं आवी प्रधानि कह्यूं जिद्रथनूं मन वल्लभ थयूं ॥ १७ ॥
द्रुपदी जाणी अवश्यमेव रथ खेडी चालिउ तत्खेव ।
जान जाती मेह्ली यदा द्रुपदीनि हरवा आव्यु तदा ॥ १८ ॥
कृष्णा मन्नि विचारइ त्यांहि एकलु रथ कुहु आवइ आंहि ।
मनमां एह्वी आवी भ्रांति सूनूं मंदिर छूं एकांति ॥ १९ ॥
शूं जाणिइं कुहु कपटी राइ मननी वात कली नवि जाइ ।
एह्वी वात विचारइ मन्नि वैशंपायन किहि राजन्न ॥ २० ॥
एटलि रथ आविउ ढूकडु मन्न केरु भागु ऊभरु ।
जिद्रथनइं उलखिउ नारिं तिहारइं प्राण आवइ ठाह्रि ॥ २१ ॥
एह तु पूज्य परुहुणु राइ मुझ दीठइ रलिआयति थाइ ।
एह्वूं रिदइ विचारी जोइ एह्ना मननूं कपट न होइ ॥ २२ ॥
रथ तां आवी रह्यु क्षणमांहि द्रुपदी ऊभां छइ ते त्यांहि ।
मुखि छेडु देइ पूछइ वात आसन आप्यूं किहि विसु भ्रात ॥ २३ ॥
भलइं पधार्या नणदुइ ! तम्यो परुणागति शी कीजिइं अम्यो ।
हवडां मृगया ग्या छइ राइ पाण्डव ते तां पांचे भाइ ॥ २४ ॥
मृग मारीनइं ल्यावशि घइरि करज्यो भोजन रूडी परिं ।
वासी ते तह्मनइं नवि रुचइ ताजूं हुइ ते तह्मनइं पचइ ॥ २५ ॥
जिद्रथ किहि हूं भूख्यु नथी पाछइं एह्वी वाणी कथी ।
तां मुझ साथइं आवे सही पांडव पासइं वनि शूं रही ? ॥ २६ ॥
ए वनवासी भूंडा दखी मुझ घिरि आवी थाज्ये सुखी ।
तिहारि वचन इम बोल्यां सती जा जा अकर्मी थयु कुमति ॥२७॥
(पृ० २९८)

व्याख्यान पांचमुं

अढारमी सदीनी गुजराती अने उपसंहार

१९४ हवे जे कृतिमां बराबर अद्यतन गुजराती वपरायेली छे तेनी अढारमी सदीनी त्रण चार कृतिओमांथी मेळवेलां नामो अने क्रियापदो इत्यादि जोई लईए.

ए कृतिओ विशे विशेष कशुं लखवापणुं रहेतुं नथी, अढारमी सदीनी कृतिओमां पहेली कृति खेमाहडालियानो रास—कर्ता लक्ष्मीरत्न (जैन), बीजी श्रीमद्भागवत—रचनार कवि रत्नेश्वर अने त्रीजी कविराज प्रेमानंदनी कृति छे अने ते राजा नैषधनी कथा. तथा चोथी कृतिरूपे द्रव्यगुणपर्यायनो रास (मूळ पद्य अने अर्थ गद्य) अने जंबूस्वामिरास पद्य—कर्ता उपाध्याय यशोविजय. ए चार कृतिओना कर्ताना समय विशे सुनिश्चितपणुं छे, एटले ए बाबत खास कशुं लखवापणुं नथी.

अढारमा सैकाना कविओ लक्ष्मीरत्न (जैन) रत्नेश्वर-प्रेमानंद अने यशोविजय (जैन)

१९५ विभक्तिना क्रमप्रमाणे नामो अने क्रियापदो तेमांथी आ प्रमाणे तारव्यां छे :

ए कविओना नामविभक्तिमाळा प्रयोगो

सात विभक्तिनां रूपो

विभक्ति-१—

लक्ष्मीरत्न—जनेसर, नृप, पुरुष, भगीक, खेमो, भगवंत, गुजरदेस, गुंणनीले, त्रण.

रत्नेश्वर—सूत, पाडव, अबोल्यो, बेटो, व्यासपुत्र, बालक, नाना, शुकजी, अर्जुन, सर्वे, जमा, सामा.

प्रेमानंद—पांडव, अरजुन, तापश, आव्यो, युधीष्टर, बडबडतो, वलता, नल, धर्म, पांडवो.

विभक्ति—२—

लक्ष्मीरत्न—चरण, विलास, कथा, जल, गुरू, रास, सानिद्ध.

रत्नेश्वर—वाद, निःश्वास, मोक्षमार्ग, गमन, वेष, कौतुक, मस्तक, शुकने, मुनिवरने, कर्मने.

प्रेमानंद—ध्यांन, जश, सरस्वतीने, राज, पुत्रने, श्रीपुरार, शेवा, द्रुपदीने, मुने, रीषशीषने.

विभक्ति—३—

प्रेमानन्द—नांमी, मे, (में) नले, कद्रष्टे, दीवसे, प्रतापे, नामें, पांडवे.

लक्ष्मीरत्न—कुंभें, ग्यांनें, नांमें, नामें, जिणें, भुजबलें, साथे.

रत्नेश्वर—तेणे, समे, शरीरे, हरखे, अतिथिरूपे, युधिष्ठिरे.

विभक्ति—४ तथा ६—

प्रेमानंद—सुतनु, नैशादतणो, नैशादराएनी, पर्वनो, वस्यानो (रहेवानुं), तेहेनी, भीमशेन्यनी, शेहेदेवने, चंद्रनुं, भाइनी, तेहनां, कोहोने (कोने), देशनो, तेहनो, तेहना, नलनी, नलनु, तेहना, तेहेनी, ताहारू.

रत्नेश्वर—पाम्यानो, परीक्षितने, अवधूततणो, जेह्नी, जेह्नूं, वरसना, जेह्नां, त्रिवल्लीनी, जेह्ना.

लक्ष्मीरत्न—श्रीजीनतणा, देंपारीनी, वेसानां, गुंजरनो, धर्मतणि, केइनें, जीवनुं, तेनुं, जेनी.

विभक्ति-५—

लक्ष्मीरत्न—..

रत्नेश्वर—कंठथकी, कर्येथी, आननथी, आसनथी.

प्रेमानंद—घेरथी

विभक्ति-७—

प्रेमानंद—वनमुझार, कैलाशे, पाशे, मध्यांने, दीशाए, वेलाए, हृदयामां, वनमां, काले.

रत्नेश्वर—मांहोमांह्य, सवलामध्ये, मनमां, कण्ठविशे, वेर्य, आसन्य, मोटामध्ये, सभामां, ठाम्य, आकाशे.

लक्ष्मीरत्न—एणे, मध्यखण्डे, सहेसमां, मेहहनिमें (मेहनीमां), जगमां, धन्याश्रीमां.

क्रियापदो

वर्तमान		भूत		भविष्य
१९६	कीजें	हुत्रो	बोल्या—	
लक्ष्मीरत्न—	होइ	प्रगट्यो	(बोल्या)	
प्रणमुं	रहे	कह्या	गुंठ	
द्यो	छे	बांध्युं	निपनुं	
सांभल्ज्यो	करे	कीधी	पडीओ	
रचुं	थयुं छे	दिधुं	वखांणि	
करज्यो	आपें	दीठो	लीधुं	
कहु				

	वर्तमान	भूत		भविष्य
रत्नेश्वर—	साधे	पूछ्या	ढांक्यां	होनार
सांभलज्यो	दीसे	बोल्यां	आव्यां	
कहे	ल्वे छे	पाम्यो	अतिशोभ्यो	
प्रमाणे	आवे	बेठो		
विखाणे	पूंछे	आव्यो		
वाधे	.	आव्या		
प्रेमानंद—	दीउ	वश्या	धरू	थयू हशे
धरू	नीशरे	गयो	थयू	भागशे
करू	छे	आव्यो	पांम्यो	आवशे
आदरू	जांउ	रहो	परणो	
कहु	पांमु	बेठा	धराव्यू	
वदे	आपे	आप्युं	गयो	
चांपे	नथी	पड्यो	मुको	
मागु	छउ	बोल्या	आव्यू	
आपे	केहे छे	भोगव्यू	होए जी	
लगाडे	कोहो	छांडी		

कृदंतो

१९७ लक्ष्मीरत्न—आवता, करतां, खातां, जातां, रडतां, चढते,

एः कविओना सांभलतां, कहंदा.

कृदंतप्रयोगो

रत्नेश्वर—विचारी, सुणीने, थैने, मेहूली, करंता, लै, फरंता, जोवा, दीसंतां, निरखी, देखी, राखीने, रहीने, करतो, हरवा, करवा.

प्रेमानंद—हरीने, आराधवा, तलाशवाने, आंणी, चढावी, जोतोजोतो, करीने, लेई, वीसरतो, श्राप, भस्यंती, करतां, आपी, करवा, करी, शांभली.

५ कविओना केटलाक शब्दो

१९८ केटलाक शब्दो—

लक्ष्मीरत्न—भावइ, कीरतार, पीत्या, दीपावर, मंडांण, गढ, वेसणो, अढार, वनराइ, सरग, तलेटी, मढ, मंदर, पोल, सप्तसुंमीयां, चरण, हाट, सरइयां,—पातशाह, मेम्मद वेगडो, हॅमर, पांन, ओमराओ, राणाराओ, मे'तो, माजन, दरवार, भाट, सेठ, माठुं, मेह, मेहवनि, काटुं-(काष्ठमय), दकाल, परजा, माप,—वेटा, मोजाइ, देवांन-(देहवर्ण) नात्य, जात्य, जुठां, मागि, पंपि, जोसी, सुरत, मानव्य, कागल, काम, रंक, वरद, दोषण, पसाप.

रत्नेश्वर—नाना—शास्त्र—विचक्षण—वाडव, सघलां, सूरय, वात वगाइक, आप, मुख्य (मुखे), अवमेव (अवश्यमेव), कलहल, उपनीत, आश्रम्म, कौतुक, केडे, हाड (हाडकां), वक्ष, वर्तुल, जंडेरी, वांका, भुज, आजानु, व्योम्य, जनमन, ऊभा, साह्मा, अम्यो (अमो), अमने, अम, ते माट्ये, पदोदक, ग्राम्य, निपट, समंवी, भरथार,—द्वेखी (द्वेषी), म्हामय, कंपारव, म्हामूंई, सूरज, हींसे, कूंडुं, कुचिष्ठत, शोहर, उन्नड, घूंसर, बीज, वरसाद, वादल, ओगणपंचास, गीर्वाण, प्राकृत, तोहे.

प्रेमानंद—सरस्वती, प्रणाम्य, नैशद, वैशंपायेन, चातुरमाश, आरणीक, दैतकदन, अरजुन, कैलाश, श्रीपुरार, शम (समय), तापश, कुंतीसुत, रातनीरात, चांपे, चर्ण, अंतश्करर्ण, भीमसेन्य, पासे, दातणपांणी, प्रातशांमग्री, रीस, वस्त्र, नींकुल, पोहोर, वणागी, देहेदेव, काम, पेश, मध्यांन, जोश, जोगणी, शांसु, श्वैदश, नीस्वाश, वीशरतो, रुदय,

रूषी, वीजोग, शरपो, आशन, शीध, शोमो भाग, कष्ट, शंतोष, दाशी, जुधीष्टर, ग्रथा, वेमांन, आक्षांन, जग्न, रीतुपर्ण, राय, वीरक्षेत्र, चोवीशा, न्यात्त, पदबंध, कालवाला, मुहुरत्त, शुरत, शार, शतर, वाशेठा, वरपे.

१९९ विभक्तिवाळां नामोनी यादी

यशोविजयजी—१ शारद. तूठी. कुकवि. वीर. आपण. गाम. संतोप. वडो. सो. अवबोध. जे. ते. केहवा. सोभागी.

२ दया. जाप. आंबेल (अम्ल—खाटी) द्राखने. वाणीने. सान्निध्य. सूत्र. मही. रचना. ते प्रत्यें. उपाय. स्वशिष्यने. अभ्यास.

३ तें. हियडे. जसविजये. शिष्ये. बुद्धि. रसे. भट्टाचार्यइ. हेतइं. जेणे. वचनद्वारे. अभ्यासे. अनुसारे. जेण. तेण. लीलाए. आपणे.

४ भरणने काज. हितहेत. जे माटई. उपकारनइं हेतइं ते माटिं. भणवाने काजे.

५ विशेषथी. अतिलोभथी. सुखथी. दुःखथी. सामान्यथी.

६ मुज. काव्यनो. विबुधतणुं. तेहनुं. भोजनतणी. भवना. स्त्रीने. तास. तुम्हारो. शुदिनो. प्रस्नरो. वाईरी. अवधिज्ञानरी. तेहनो. तेहनी.

७ पद. कंठे. जिहां. तळे. इहां. खंभात मध्ये. क्षत्रीकुण्डग्रामे. तेमांहे. गणमां. सूरीश्वरमां. —समुदायमांहे. कासीये.

संबोधन—आत्मार्थियो ! प्राणियो.

त्रणे काळनां क्रियापदोनी यादी

वर्तमान		भूत		भविष्य
पूछुं छुं	होय	दीञो	रह्यो	करशे
उपशमे	वाचई छइ	तूठी	थई	कहेशुं
आपो	छइ	आरोप्यां	चाली	थास्यइ
करो	विचारयो	कर्या	ऊपना	
नचावे	जाणज्यो	कियो	दिऊं	
करे	देखाडइ छई	विणठ्ठ	देपाड्युं	
होजो	करुं छुं	दीठुं	कर्या	
कीजे	कीजइं छइ	जोतरीया	थया	
वदे	छे (अनेकवार)	कीधी	मूक्या	
सांभलजो	सोहे, सोभे	शणगार्यां	वाघ्यो	
उघजो	गाय छे	चढ्या	साघ्यो	
लेखवे	भणज्यो	हुआ	थयो	
	कहे छे		प्रकाशी	

कृदंतो—

करत. हुंत. चढता. रमंत. सुणीने. देदीप्यमान. करीने. झरता.

केटलाक शब्दो—

उपगंग. सुरंग. हुं. दक्षिणावर्त्त. पवित्त. त्रिभुवन. गाम. सीम. नव्वटां. वानर. पेरे. सरवर. वारुका. ग्राम. आचारजपदकमळ. पवित्र. साथो. इंद्र. रसघूंट. द्राक्ष. साकर. मोहनगारां. कुंवर. अंबर. लवी. सचित्त. नवरा. नेय. चकडोळ. रंगरोळ. थारी. उच्छव. वाजित्र. वाजते. नूर. आनना. सनूर. गाजावाजा. समाचार. न्यापाचापि. तो. नंदनवन. आगमभावकर्युं. निसदीस. लिखावित.

અઢારમી સદીની ભાષામીમાંસા

૨૦૦ અહીં ઉપયોગમાં લીધેલી અઢારમી સદીની ચારે કૃતિઓમાંથી નિદર્શનરૂપે જણાવેલાં સાતે વિભક્તિવાળાં રૂપો, ક્રિયાપદો, કૃદંતો અને બીજા શબ્દોને વાંચવાથી એ સ્પષ્ટ જણાઇ આવે છે કે એ કૃતિઓમાં વપરાયેલી ગુજરાતી તે, અદ્યતન ગુજરાતી છે. તે કૃતિઓના કેટલાક પ્રયોગોમાં જૂની ગુજરાતીની છાંટ દેખાય છે ખરી પણ તે નગણ્ય જેવી છે, એથી અદ્યતન ગુજરાતીનો આરંભ અઢારમી સદીથી થયો છે એમ માનવાને વા કહેવાને કશો બાધ નથી. જૂની ગુજરાતીની છાંટવાળા જે થોડાક પ્રયોગો છે તે આપોઆપ સમજાય એવા છે, એટલે તેને જુદા ગણાવવાની જરૂર જણાતી નથી. જે સમયથી જૈન અને વૈદિક પરંપરાના ગુજરાતી કવિઓનું ગુજરાતીસાહિત્ય ઉપલબ્ધ થાય છે તે કાળની કૃતિઓના ક્રમવાર ઉત્તરોત્તર ઉદાહરણો વધારે પ્રમાણમાં આપતો આવ્યો છું અને તે રીત છેક છેલ્લી અઢારમી સદી સુધી રાખેલી છે. જે સાક્ષર બંધુઓ હજુ પણ જૈન અને જૈન નહીં એવા કવિઓની ભાષા વચ્ચે ભેદભાવ વા ભિન્નપ્રવાહ-મૂલકતા સમજતા હોય તેઓ કૃપા કરીને બારમી સદીથી અઢારમી સદી સુધીની ગુજરાતીનાં અહીં આપેલાં એ નિદર્શન-પ્રયોગો ધ્યાનપૂર્વક જરૂર તપાસે એવી તેમને મારી નમ્ર વિનંતી છે; અને એ ભ્રમ ભાંગવા સારુ જ નિદર્શનો વધારે આપવાની ઉક્ત પદ્ધતિ અહીં સ્વીકારી છે અને સાથે સાથે પ્રત્યેક ભાષણના અંતિમ પાનાંઓમાં મેં બારમી સદીથી માંડીને અઢારમી સદી સુધીના ગુજરાતી પદ્ય અને ગદ્ય સાહિત્યના નમૂનાઓ પણ આપ્યા છે. તે નમૂનાઓનું સળંગ નિરીક્ષણ પણ ઉક્ત ભ્રમ ભાંગવાને પૂરતું છે. સદીવાર ત્રણ કવિઓ તો લીધેલા જ છે.

અહીં સુધી ઉક્ત સદીઓના સાહિત્યનું નિરીક્ષણ કરેલું છે. હવે એ નિરીક્ષણનો નિષ્કર્ષ બતાવવા અંતિમ વચનરૂપ ઉપસંહાર કરીને આ વ્યાખ્યાન પૂરું થશે.

अढारमा सैकानुं पद्य तथा गद्य

अढारमो सैको

(१)

कवि-लक्ष्मीरत्न-संवत् १७४१-खेमा हडालियानो रास-

दुहा

आद्य जनेसर आद्य नृप आद्य पुरुष अवतार ।
भवभय भावइ भगवंत नरु करुंणानिधी कीरतार ॥ १ ॥
प्रणमुं तास प्रथम चरण द्यो मुझ वचन विलास ।
सांभलज्यो भवीक जन्न हुं रचुं पेंम रास ॥ २ ॥
कवण पेमो क्यां हुवो प्रगट्यो कवण प्रकार ।
सानिद्ध करज्यो गुरू सदा कहु कथा तस सार ॥ ३ ॥
गुरु माता गुरु पीत्या कीजें गरु पाये सेव ।
ज्ञांन दीवाकर गुरु कह्या नमो नमो गुरुदेव ॥ ४ ॥
कुंभें वांध्युं जल रहे जल विना कुंभ न होइं ।
ज्ञानें वांध्युं मन रहे गुरू विना ज्ञांन न होइं ॥ ५ ॥

चौपइ. राग रामगीरी

जंबुद्वीप भरत एणे ठांम मध्यषंडे मोटा मंडांण ।
गुजर देस छे गुंणनीलो पात्रा नामें गढ वेंसणो ॥ १ ॥
गढ उपर छें सोभा घणि अढार भार वनराइ तणि ।
मोटा श्रीजीन तणा प्रसाद सरग सरीशुं मांडें वाद ॥ २ ॥

वसें सेंहेंर तलेटी तास चांपनेर नामें शुवीलास।
गढ मढ मंदर पोल प्रकास सप्त भुंमीयां उत्तम आवास ।। ३ ॥
वरण अढार त्यां सुपि वसें सोभा देषि मन सुलसें ।
वेंपारीनी नही रे मणा सातसें हाट सरइयां तणां ॥ ४ ॥
नित्य चोकडीयां कोडी करे वेसानां मंदर वीससे ।
.... ॥ ५ ॥
पातसाह तिहां परगडो राज्य करे मेंम्मद वेगडो ।
सतरसेंस गुंजरनो धणि जिणें भुजबलें कीधी पोहवि घणि ॥ ६ ॥
सवालष हेंमर सोभता दस सहेसनां गज दीपता ।
सीतेर षांन बहोतेर ओमराओ अवर घणां छे रांणा राओ ॥ ७ ॥
नगर सेठ मेंतो चांपसी अहनिस धर्म तणि मति वसी ।
सेठ साथें माजन सोहाइं एक दीवस दरबारे जाइं ॥ ८ ॥
मारगं मलिओ दिधु मांन ओमराओ सालेदुषांन ।
षांन साथें आवता सेठ वंब भाट तव दीठो दृष्ट ॥ ९ ॥

× × × × ×

इंम करतां दिन केता वोल्या वरस थयुं छे माठुं ।
मेह न वुंठा मेहदनिमें वरस निपनुं काठुं ॥ ३० ॥
पडीओ दकाल कें परजा पीडे को केइनें नव्य आपें ।
आप आपणें मापें पातां धांनें कीमें न ध्रापे ॥ ३१ ॥
मात पीता बंधव ने बेटा भाई ने भोजाइं ।
नात्य जात्य गोत्रीजन जुठां एक अन्न साथें सगाइं ॥ ३२ ॥
अन वीना देवांन न दीपे वुध्य शुध्य सवी जाइं ।
कीडी कुंजर माषि पंषि अन सहु को षाय ॥ ३३ ॥

जांण्या जोसी अननें मागें पण मुरत अन्न जोइइं ।
अन्न वीना शुर सेवा न मांनें तो मानव्य कम वगोइं ॥ ३४ ॥
अनें रथ चंचल चालें अन रतनसी मागें ।
अन वीना तो वस्त्र न थाइं कागल रूडो न लागें ॥ ३५ ॥
अन वीना क्रम एक न चाले सर्व जीवनुं काम ।
सहु कोमां अन्नदाता मोटो तेनुं सुरनर करे वखांण ॥ ३६ ॥
अन वीना तेणे अवसरें वस्त्र वीना निसंक ।
पातसाह तां पडीयां देखें जातां रडतां रंक ॥ ३७ ॥

× × × ×

राग धन्यासरी

धन्य धन्य पेमो देदरांणि जेनी कीरत जगमां जांणि जी ।
दिधां दांन ते चढतें पांणि जी कविजने वात वखांणि जी ॥ धन्य०
॥ १२९ ॥

पातसाइं घणुं मांन ज दीइं साह वरद जेणे लीधुं जी ।
जातां वरद जेणे राख्यां सघलां देइं दांन मन प्रघलां जी ॥ धन्य०
॥ १३० ॥

× × × × ×

गल्या साधुतणा गुंण गाया अनें वलि रीपि राया जी ।
कवीजन मत कोइं दोषण म देख्यो गुंण हुआ ते गाया जी ॥ धन्य०
॥ १३२ ॥

संवत सतर एकतालिसा वरखें रास रच्यो मन हरखें जी ।
मागसर सुद पुंन्यम गुरूवांर गांम उंनाउं मोझार जी ॥ धन्य० १३३ ॥

पंडित हीररत्न परसीध्या तस पसाय रास कीधो जी ।
छट्ठी ढाल धन्याश्रीमां गावै सांभलतां सुख पावैं जी ॥ १३४ ॥

× × × ×

कीजे धर्म भवीक जन वृंदा लषमीरतन कहंदा जी ॥ १३५ ॥
(ऐतिहासिक राससंग्रह, भाग १ लो, सं. श्रीविजयधर्मसूरि)

(२)

कवि–रत्नेश्वर–संवत् १७४९–श्रीमद्भागवत

(संपादक—श्रीकेशवराम शास्त्री)

(पृष्ठ १४५)

सूत कहे सांभळ्यो शौनक देवरात नृप तेह ।
तेणे ए विध्य पूछ्या वाडव कहे विचारी जेह ॥ ५० ॥
नानाशास्त्रविचक्षण वाडव मांहोमांह्य विचारी ।
विविध विरोधी साधन बोध्यां सघळां संशय कारी ॥ ५१ ॥
कोय कहे जे विष्णू देवता कोय कहे शिव देव ।
कोय कहे ते सघला मध्ये सूरय सारो देव ॥ ५२ ॥
कोय कहे जे कालदेवता कोय स्वभाव प्रमाणे ।
कोय कर्मने श्रेष्ठ कहे इम अनेक वात विखाणे ॥ ५३ ॥
हवे घणाइक वाद सुणीने आकुल अन्तर्वेद ।
सांभल्य शौनक राजऋषि ते मनमां पाम्यो खेद ॥ ५४ ॥
आप अबोल्यो थैने बेठो मुख्य मेह्ली निःश्वास ।
मोक्षमार्ग पाम्यानो मनमां नव्य आव्यो विश्वास ॥ ५५ ॥
पूर्व पुण्य परीक्षितने आव्या व्यासपुत्र शुकदेव ।
ज्ञानसुधाभरसागरशशिवर तेणे समे अश्वमेव ॥ ५६ ॥

सुंदर धाम स्वरूपी शुकजी स्वेच्छा गमन करंता ।
वेष विशद अवधूत तणो ले महितल मांह्य फरंता ॥ ५७ ॥

झलहल तेजलता सम जेह्नी जटा यत्न विन वाधे ।
कण्ठ विशे उपवीत अचल त्यहां माला मोहिनी साधे ॥ ५८ ॥

जेह्नूं चिन्ह जणाय नहीं जे कोण वर्ण आश्रम्म ।
यथालाभ संतोषी शुकजी पूरणरूपी परम ॥ ५९ ॥

नाना बालक कौतुक जोवा केडे फरता क्रोड ।
कर्दम ने तृण तनुये वलगां अलगां बंधन छोड ॥ ६० ॥

सोल वरसना शुकजी त्यहिये कोमल चरण सुगात्र ।
कर उर स्कन्ध कपोल सुकोमल सुंदर शोभापात्र ॥ ६१ ॥

दर्शनीय ने दीरघलोचन उत्तम नासाकीर ।
तुल्यकर्ण भ्रुकुटी मुख सुंदर कम्बुकण्ठ सुशरीर ॥ ६२ ॥

कंठ थकी हेठेरां दीसे युग्म हाड त्यहां जेह ।
ते जेह्नां मांसे करी ढांक्यां नव्य दीसंतां तेह ॥ ६३ ॥

जेह्नूं वक्ष विशाल ने वली वर्तुल नाभिकूप ।
ऊंडेरी त्रिवल्लीनी रेखा उदर अनूप सुरूप ॥ ६४ ॥

नग्न दिगंबर वांका वलता अलकजटा भगवान ।
नारायण सरखो दीसंतो जेह्ना भुज आजानु ॥ ६५ ॥

श्याम शरीरे सदा काल जे यौवनवननी ज्योत्य ।
अंगतणी त्यहां उत्तम शोभा स्त्रीजनमन उद्द्योत ॥ ६६ ॥

हरखे हास्य करंता आवे निरखी सुंदर शोभा ।
शुकने देखी आसनथी सहू थया मुनिजन ऊभा ॥ ६७ ॥

यद्यपि शुक योगीनो अंतर्य तेज गूढ महिमाय ।
तेह्वां लक्षण जाणे मुनिवर सर्वे साह्मा जाय ॥ ६८ ॥
विष्णुरात आव्या अतिथिनी पूजा कीधी सार ।
मस्तक नामी आत्मनिवेदन कीधूं नृप निरधार ॥ ६९ ॥
पूज्या अरच्या शुकजी आसन्य बेठा अंतर्यामी ।
पाछल्य आव्यां अवला बालक नाठां विस्मय पामी ॥ ७० ॥
मोटा मध्ये मोटो मुनिवर तेह सभामां पेठो ।
ब्रह्मऋषि राजऋषि सुरऋषि मंडलमध्ये बेठो ॥ ७१ ॥
मुनिजनकेरा मंडलमध्ये अतिशोभ्यो भगवान ।
ग्रहतारानक्षत्र विच्ये जाण्ये ऊग्यो इंदुसमान ॥ ७२ ॥
जेह्नी बुद्धि अकुण्ठित ते मुनि आसन्य बेठा शांत ।
वैष्णवराज परीक्षित तेने अति पाम्यो अभ्रांत्य ॥ ७३ ॥
कर जोडी शिर मोडी कीधो मुनिवरने परणाम ।
विनयवचन मन स्थिर राखीने पूछे परीक्षित आम ॥ ७४ ॥
अहो अम्यो त्यां अधुना ब्रह्मन थैने क्षत्रीराज ।
सज्जन अमने सेवे एह्वा अम्यो थया छूं आज ॥ ७५ ॥
कृपा करीने अतिथिरूपे आव्या छो अम धैर्य ।
ते माट्ये अम्यो तीरथ कीधा सर्वोपरि करी पेर्य ॥ ७६ ॥
जेह्नूं स्मरण कर्येथी नरनां मंदिर पावन थाय ।
तेह्नूं दर्शन स्पर्श पदोदक कोण कहे महिमाय ॥ ७७ ॥

× × ×

(पृ० १०३)

मास घणा वही चाल्या तोहे अर्जुन नाव्या गाम्य ।
घोररूप अपशुकन देखता धर्मराय ते टाम्य ॥ ५ ॥
कालतणी गति घोर निहाली अवला ऋतुना धर्म ।
क्रोध लोभ अनृत आकुल नर करता पातक कर्म ॥ ६ ॥
कपटसहित विहार विलोक्यो राय युधिष्टिर निपट ।
मांहोमांहे मैत्र्य करे नर मन मध्ये रहे कपट ॥ ७ ॥
मात पिता ने सुहृद समंवी स्त्री भरथारशूं द्वेखी ।
मांहोमांहे कलह करंता राय युधिष्टिरे देखी ॥ ८ ॥
एहवां चिह्न अनेक ज दीठां अत्य अरिष्टशूं कर्म ।
दिवसे दिवसे लोकविशे म्हा लोभ अपार अधर्म ॥ ९ ॥

× × ×

आ जो रे नरवीर निहाली अति उत्पात विशाल ।
आकाशे उत्पात घणा ने अवनीगत उत्पात ॥ १८ ॥
अंगविशे उपचिह्न घणां ए आपणने भयकारी ।
आपणने ए म्हाभय कहे छे मोह पामे गति माहरी ॥ १९ ॥
लोचन जंघा ने कर माहरा फरके वारंवार ।
हृदे विशे कंपारव अति कांइ म्हा भूंडुं होनार ॥ २० ॥
आ जो रे आ फाल्ह सूरज साहमूं रहीने रोय ।
आननथी अंगारा ऊडे कांइक भूंडुं होय ॥ २१ ॥
माहरे सन्मुख श्वान रहीने गाढे रोतो जाय ।
शंका विन मुझ आगल्य ऊभो तेणे ते भय थाय ॥ २२ ॥

अधम पशु दक्षिण दिश जातां उत्तम पशु तां वाम ।
अश्व न हींसे रोता दीसे कांइक कूडुं काम ॥ २३ ॥
मृत्युदूत कपोत रह्यो करतो कुच्छित शोह्र ।
उलूक मन कंपावे माहरूं घुर्घर शब्दे घोर ॥ २४ ॥
कलकल शब्द काक लवे छे सर्व तणां सुख हरवा ।
ए सर्वे अपचिह्न अनेरां अवनी उज्जड करवा ॥ २५ ॥
धूंसर दिश ने रवि शशी पाछल्य जलकुंडल भयकारी ।
पर्वत साथ्ये पृथ्वी कांपे भय उपजावे भारी ॥ २६ ॥
वीज पडे वरसाद विना ने घन विन वादल गाजे ।
एह्वा आ उत्पात विलोकी माहरूं मन अति भाजे ॥ २७ ॥

× × × ×

(पृष्ठ २२९)

त्रेपन श्लोक तणो विस्तार रत्ने कर्युं यत्ने विस्तार ।
संवतनी संख्या सविलास सत्तरशे ओगणपंचास ॥ १०८ ॥
कार्तिक विधु सह एकादशी वार विधुसहित उल्लसी ।
मेघतनय दर्भावती गाम श्रीमाली रत्नेश्वर नाम ॥ १०९ ॥
गीर्वाण वाणीनो कवि तोहे प्राकृतनी मति हवी ।

(३)

कवि प्रेमानंद (हस्तलिखित गुटको—गु० व० सो०)

लख्या वर्ष—१७६२ रचना पछी २४ वर्षे लखायेल

(आरंभ)

अथ श्रीनैंशदराएनी कथा लखी छे.

राग केदारो—

श्रीशंकरश्रुतनु* ध्यांन ज धरू
सरस्वतीने प्रणांम्य ज करू ।
आदरू जोडवा जश नैशदतणो रे ॥ १ ॥

ढोठ—

नैशधराएनी कहु कथा पुन्य श्लोक जे राए ।
वैशंपायेन वांणी वदे आरणीक पर्वनो महीमा ए ॥ २ ॥
राज हारीने गया पांडव वशा दौतकवन मुझार ।
एकलो अरजुन गयो कैलाशे आराधवा त्रीपुरार ॥ ३ ॥
एहेवे शमे एक तापश आव्यो ब्रेहेदश एहेवूं नांमी ।
पुजा कीधी पांडवे ने आप्यो वश्यानो ठांमी ॥ ६ ॥
चातुरमाश ते त्यांहां रहो तेहेनो कुंतीश्रुत करे शेवा ए ।
रातनी राते वारा करता पांडव चांपे पाए ॥ ७ ॥
एकवार जुधीष्टर वेठा तलाशवाने चर्ण ।
ते शमे अरजुन शंभारो भराई आव्यूं अंतशकर्ण ॥ ८ ॥

× × ×

भीमशेन्यनी पाशे जो हु मागु दातणपांणी ।
तो वडबडतो जाए रीश चढावी मोटां व्रक्ष आपे आंणी ॥ ११ ॥
प्रातशांमश्री नीकुल पाशे कदाच जो हु मागु ।
एक पोहोर तां वार लगाडे एटली करे वरणागी ॥ १२ ॥

---

* લિપિકાર, વધે, 'શ્રુ' ને બદલે 'શ્રુ' લખે છે.

शेहेदेवने जो कांम दीउ तो शाधु मंन आंणे रोश ।
मध्यांने घेरथी नीशरे जोतो जोतो जोश ॥ १३ ॥
दक्षण दीशाए जोगणी छे जो जांउ तो दुख पांमु ।
पुरव दीशाए परवरू तो चंद्रनु घर शांमु ॥ १४ ॥
एहेवी रीत तो त्रणे भाइनी मे तो रहु नव जाए ।
द्रुपदीने मोकलु तो कोइ हरण करीने जाए ॥ १५ ॥
वण मागे वेलाए आपे मुने जे जोईए ते आंणी ।
फल जल मुख आगल लैई मेले ते तो गांडीवपांणी ॥ १६ ॥
तेहनां गुण हु नयी वीशरतो रहो छउ रूदयामां राखी ।
श्रुय शंतोप वीनां छउ श्रुनो मुनी हु पारथ पाखी ॥ १७ ॥
नीस्वाश मुकीने धर्म एम केहे छे कोहोनी त्रेहेदश रूपी ।
वन वशवूने वीजोग पड्यो हु शरखो कोई दुपी ॥ १८ ॥
राज आशन भुवन रीव शीवने हारी ।
एहेवू कोहोने थयू हशे स्वामी पीडा पांमी नारी ॥ १९ ॥
वलता त्रेहेदश एणी पेर बोल्या श्रु आंणे वैराग्य ।
नल दुख पांम्यो अरे पांडवो नथी तेहनो शोमो भाग ॥ २० ॥
रूप राएनु न मले धन नल नरेश शमांन ।
तेहना जेहवु कष्ट तमो नथी भोगव्यू राजांन ॥ २१ ॥
भीमक कुमारी नलनी नारी रूप कहु श्रु मांडी ।
ते नारी जांहां नही फल पांणी नले ते वनमां छांडी ॥ २२ ॥
दाशी रूप धरू दमयंती कुबद्र थयू नलनु गात्र ।
तेहना दुख आगल अरे राए जुधीष्टर ताहारू दुख कोण
मात्र ॥ २३ ॥

कर जोडीने धर्म एम बोल्या कोहो ब्रेहेदश्च रूषी राए ।
घणु दुख पांम्यो नलराजा ते श्रु कारण केहेवाए ॥ २४ ॥
कोण देशनो नरेश काहावे केम परणो दमयंती ।
ते नारी नले केम छांडी कां मुकी भमयंती ॥ २५ ॥
उतपत्य कोहो नल दमयंतीनी अथ ईती कथा ए ।
दुःखीआनु दुःख प्रकाश करतां भागे मन व्रथा ए ॥ २६ ॥

चलण—

व्रथा ए माहारी भागशे एम कहे जुधीष्टर राए ।
कहे भट प्रेमानंद नैशदतणी कथा ए ॥ २७ ॥

(अंतिम भाग, पृ० ३८६)

माता पीता गुरु वीप्र वैष्णव शेवा करे शर्व कोए जी ।
परनंदा परनारी परधंन को कद्रष्टे न जोए जी ॥ ३३ ॥
एहेवू राज नलनाथे कीधु पुन्यश्लोक धराव्यू नांम जी ।
पुत्रने राज आशन आपी गयो तप करवा राजंन जी ॥ ३४ ॥
अनशन व्रत करी देह मुको आव्यूं दीव्य वेमांन जी ।
वैकुंठ नल दमयंती पोहोतां पांम्यो श्रीभगवांन जी ॥ ३५ ॥
ब्रेहेदश्च केहे श्रुण राए जुधीष्टर एहेवो हवो नथी नव्य होए जी ।
ए दुख आगल ताहरा दुख ने जुधीष्टर श्रु रोए जी ॥ ३६ ॥
काले अरजुन आवशे राजा करी उतम काज जी ।
कथा शांभली पागे लागो मुनीवरने माहाराज जी ॥ ३७ ॥
परीताप गयो माहारा मंननो शांभली साधु चरीत्र जी ।
अवीचल वांणी ब्रेहेदशजीनी हु पत्तीत थयो पवीत्र जी ॥ ३८ ॥

थोडे दीवशे अरजुन आव्या रीझा धर्मराजंन जी ।
वैशंपायेन केहे जनमेजयेने थयू पुरण नल आक्षांन जी ॥ ३९ ॥
शांभले भणे वा लखे पुस्तक शर्व तीरथनु फल थाए जी ।
अष्ट मादांन जग्न तणु फल आपे वैकुंठ राए जी ॥ ४० ॥
करकोटकने नल दमयंती श्रुदेवने रीतुपर्ण राए जी ।
ए पांचेनां नांम ले श्रुतां उठतां तेने घेरथी कलीजुग जाए जी ॥४१॥
वीरक्षेत्र वडोदरू नांमे गुरू देश गुजरात जी ।
कृष्णश्रुत कवी भट प्रेमानंद वाडव चोवीशा न्यात्त जी ॥ ४२ ॥
गुरूप्रतापे पदबंधन कीधु कालवाला भांपी जी ।
आरणीक पर्वमां मुल कथामाहे नैशधलीला भाषी जी ॥ ४३ ॥
मुहुरत्त कीधु श्रुरतमांहे थयू पुरण नंदरबार जी ।
कथा नलदमयंतीजीनी शारमांहे शार जी ॥ ४४ ॥
शंवत शतर बारोठा वरषे जेठवदी दशमी मंगलवारजी ।
थै कथा पुरण वीस्तारजी........ ॥ ४५ ॥

लख्या वर्ष—शंवत १७८६ ना आषाड श्रुदी ६ मंदीवारे शंपुरण लखुं छे.

(४)

कवि—उपाध्याय—यशोविजयजी—संवत् १७२९—जंबूस्वामिरास

शारद सार दया करो आपो वचन सुरंग ।
तुं तूठी मुज उपरे जाप करत उपगंग ॥ १ ॥
तर्क काव्यनो तें तदा दीधो वर अभिराम ।
भाषा पण करी कल्पतरु शाखा सम परिणाम ॥ २ ॥

मात ! नचावे कुकवि तुज उदर भरणने काज ।
हुं तो सद्गुण पद टवी पूजुं छुं मत लाज ॥ ३ ॥
तंबू धर्म सुसाधनो कंबू दक्खिणावत्त ।
अंबू भवदव उपशमे जंबू चरित्त पवित्त ॥ ४ ॥
पवित्र करे जे सांभल्युं त्रिभुवन जंबूचरित्र ।
आविल पण मुज वाणीने करशे रसे पवित्र ॥ ५ ॥
अमृत पारणुं काननुं भविजनने हित हेत ।
करतां मुज मंगळ होजो ए भारती संकेत ॥ ६ ॥
श्रीनयविजय विबुधतणुं नाम परम छे मंत ।
तेहनुं पण सान्निध्य लही कीजे ए वृत्तंत ॥ ७ ॥

(पृ० २)

× × × ×

अमृत मधुर वाणी वदे तव जलधर गंभीर ।
वीर भविक हित कारणे समरथ साहस धीर ॥ १ ॥
सांभळजो श्रोता सवि कहेशुं सरस ते वात ।
सांभळता मत उंघजो मत करजो व्याघात ॥ २ ॥
उंघे ते सुंघे मही चुंघे नहि रसघूंट ।
साकर द्राखने परिहरे कंटक रातो उंट ॥ ३ ॥
निद्रा विकथा परिहरी गुरुमुख साहमुं जोय ।
सुणे जे हियडे उल्लसी श्रोता साचो सो य ॥ ४ ॥

(पृ० ४)

× × ×

गाम सीम ए रूखडां मोहनगारां हुंत ।
वानर परे चढता जिहां आपण वेउ रमंत ॥ १ ॥
तेह ए सरवर तेह जल तेह ज तीर मनोहार ।
कंठे आरोप्यां जिहां ताल नलीनना हार ॥ २ ॥
सोहे एह ज वालुका उज्वल जेसी कपूर ।
वालक्रीलाए आपणे कर्या जिहां घर भूरि ॥ ३ ॥
वात ल्यावी इम अनुज भवदत्त भेटे ग्राम ।
जे आचारजपदकमल पवित्र कियो अभिराम ॥ ४ ॥

(पृ० ६)

× × ×

हवे निज कर जोडी कहे नभसेना शुचि बोल ।
रहो पाम्ये संतोष करी मन धरी अचल अडोल ॥ १ ॥
परिणत वये व्रत आदरो हमणां गृही व्रत लाग ।
कीम अणपहेर्यो पहेरणे सोहे अभिनव पाग ॥ २ ॥
चक्रवर्ति भोजन तणी इच्छा कर्ये शुं होय ।
घर संपत्ति सरखे सुखे वर्ते दुःखी न सोय ॥ ३ ॥
जिम थवीरा अतिलोभथी आपही आप विणट्ठ ।
तिम अति इच्छा मत करो सुणो संबंध ते इट्ठ ॥ ४ ॥

(पृ० ५७)

× × ×

मीठुं लागे तेल तस घृत नवि दीठुं जेण ।
भवसुख तेम राचे म को शिवसुख संभेर तेण ॥ ७ ॥

દુઃખથી વિરમે જન સકલ સુખથી વિરમે બુધ ।
સુખદુઃખ સરખા લેખવે ભયના તે મુનિ શુદ્ધ ॥ ૮ ॥

હય જેમ દેવાણુપ્પિયે ! જાતિવંત ગુણવાસ ।
ઉત્પથગામી તેમ ન હું સુણ તસ કથા વિલાસ ॥ ૧૦ ॥

(પૃ૦ ૫૧)

× × × ×

મદ ઝરતા કુંજર જાણે સનિર્ઝર શૈલ ।
અંબર લાગી અંબાડી સુરગજ શું કરે મેલ ॥ ૭ ॥

ધવલ ધોરી જોતરીયા રથની કીધી તૈયારી ।
શણગાર્યા સાંબેલા ધવલ મંગલ દિએ નારી ॥ ૮ ॥

ગાય ગીત સુહાસણિ પહેરી નવલા વેષ
મદ મુદિત હુઆ સવિ ગામ અને સંનિવેશ ।
કેઇ ચઢ્યારે સુખાસન કેઇ ચઢ્યા ચકડોળ
અતિચતુર વિચક્ષણ કરે ઘણા રંગરોળ ॥ ૯ ॥

અષ્ટ મંગળ ચાલે આગે ચળી ચાટુકાર
અસિ–કુંત–ફલક–ગૃહ નર્મકાર રતિકાર ।
તિલ નાંખ્યા ન તળે આવે તેમ હુઆ પંથ
ધરણીનો કણ પણ ન રહ્યો કોઇ અપંથ ॥ ૧૦ ॥

ઉચ્છ્વ જુએ નરનારી વારી ચઢી ચૌવારી
વ્યાકુલ થઇ વાદિત્ર–શબ્દ સુણી સવિ નારી ।
તૂર દુગ્ધ જામાતા કલિ કજ્જલ સિંદૂર
ખટ હોય એ વલ્લભ સ્ત્રીને સહજ સનૂર ॥ ૧૧ ॥

गाजा वाजा सुणीने अर्ध तिलक करी एक
　　अर्धांजित दृग एक जोवा चाली छेक ।
एक नेउर पहेरे एक ज चरण पखाले
　　आधि कंचुकी पहेरी जोवा कांइक चाले ॥ १२ ॥

घसमसती कांइक कज्जल गले घाले ।
　　कस्तुरी लोचन ठवती आघी चाले ।
बावना चंदन रस पाए लगाडे बाला ।
　　अळतो हृदय स्थळ लाए करे चकचाला ॥ १३ ॥
(पृ० ८०)

× × × ×

तास शिष्य श्रीजितविजयबुध श्रीनयविजय गुरु भाया जी ।
वाचक जस विजये तस शिष्ये जंबूगुण ए गाया जी ॥ ६ ॥
९ नन्द ३ तत्त्व ७ मुनि १ उडुपति संख्या वरसतणी ए धारोजी ।
खंभनयर मांही रहीय चोमासुं रास रच्यो छे सारो जी ॥ ७ ॥
(पृ० ८३)

गद्य

(उपाध्याय यशोविजयजीए खंभातथी लखेलो कागळ)

इहां धर्मकर्म सुखइ निवर्तइ छइ. तुम्हारा धर्मोद्यमना समाचार जणाबीने परमसंतोष उपजाववा.

तथा तुम्हारो लिख्यो लेख १ प्रथम चैत्र शुदिनो लिख्यो आव्यो, समाचार प्रीछ्या, संतोष ऊपना. तथा प्रश्नरो उत्तर :—

साध्वी नानबाईरी अवधिज्ञानरी कपटमात्र जणाई छइं. तथा खंभातमध्ये श्रावक, सूत्र वाचई छइ, × × × × × तथा गुरुशिष्य संवाद तो बुद्धि जाणवो.

वडो लेख लिखाबी मोकल्यो छइ, सा. गदाधर थानइ ठाऊको मोकल्यो छईं. तिणमां नय निक्षेप प्रमाणरी मणा न रही छइ. वारंवार विचारयो.

तथा श्रीवर्धमान स्वामी क्षत्रीकुण्डग्रामे हवा. ते तो आगम-प्रमाण मध्ये अंतर्भवइ छइ. सामान्यथी आप्त सद्भावे तो शेषवत्—अनुमान प्रवर्तई. जे माटई अबाधित स्याद्वाद प्रवचनरूप कार्य छइ, ते आप्त कारण विना न संभवेई. पूर्ववदादि शब्दरो ए अर्थ छइ.

तथा न्यायाचार्य बिरुद तो भट्टाचार्यइ न्यायग्रन्थ रचना करी देखी प्रसन्न हुइ दिउं छइ. ग्रन्थ समाप्ति लिख्य छइ.— × × × न्यायग्रन्थ २ लक्ष कीधो छइ. × × × तथा धर्मलाभ जाणज्यो, धर्मोद्यम विशेषथी कर्यो, धर्मस्नेह वृद्धिवंत राप (ख) ज्यो.

उपाध्याय श्रीयशोविजय—संवत्—१७२९—द्रव्यगुणपर्याय रास—(प्रारंभ)

राग—देशाख चोपाइ

गद्य—तिहां प्रथम गुरुनइं नमस्कार करीनई प्रयोजन सहित अभि-

धेय देखाडइ छई—

[पहिलइ वि पदे मंगलाचरण देषाड्युं—नमस्कार कर्या ते १, आत्मार्थी इहां अधिकारी २, तेहनइं अवबोध थास्यइ—उपकाररूप प्रयोजन ३. द्रव्यनो अनुयोग ते इहां अधिकार

पद्य—

श्री गुरु जीतविजय मनि धरी
श्री नयविजय सुगुरु आदरी ।
आतम—अरथीनइं उपकार
करुं द्रव्यअनुयोग विचार ॥ १ ॥

गद्य—

श्रीजीतविजय पंडित अनइं श्रीनयविजय पंडित ए वेहु गुरुनइं चित्तमांहिं संभारीनइं आतमार्थी—ज्ञानरुचि जीवना उपकारनइं हेतइं, द्रव्यानुयोग विचार करुं छुं. अनुयोग कहिइं सूत्रार्थ-व्याख्यान. तेहना ४ भेद शास्त्रइं कहिया—

१ चरणकरणानुयोग—आचार वचन—आचाराङ्ग—प्रमुख

२ गणितानुयोग—संख्याशास्त्र—चन्द्रप्रज्ञप्ति—प्रमुख

३ धर्मकथानुयोग—आख्यायिकावचन—ज्ञाता—प्रमुख

४ द्रव्यानुयोग—षट्द्रव्यविचार—सूत्रमध्ये सूत्रकृतांग, प्रकरणमध्ये सन्मति, तत्त्वार्थप्रमुख महाशास्त्र.

ते माटिं ए प्रवन्ध कीजइं छइ. तिहां पण द्रव्य—गुणपर्यायविचार छइ, तेणइं ए द्रव्यानुयोग जाणवो.

× × × ×

अंतिम प्रशस्ति—गद्य—

तपगच्छरूप जे नन्दनवन ते मांहे सुरतरु सरिखो प्रगट्यो छे. श्रीहीरविजयसूरीश्वर. ते केहवा छे ? सकलसूरीश्वरमां जे सोभागी छे—सौभाग्यवंत छे. जिम तारानां गणमां चंद्रमा सोभे तिम सकलसाधुसमुदायमांहे देदीप्यमान छे. (२७३ गाथा)

तास पाटे—तेहनो पट्टप्रभाकर श्रीविजयसेन सूरीश्वर, आचार्यनां छत्रीश-छत्रीशीइं बिराजमान, अनेकज्ञानरूप जे रत्न तेहनो अगाध समुद्र छे. साहि ते पातस्याह, तेहनी सभामांहे वादविवाद करतां जयवादरूप जे जस ते प्रत्यें पाम्यों विजयवंत छे. अनेक गुणे करी भर्यो छे. (२७४ गाथा)

तेहने पाटे श्रीविजयदेवसूरीश्वर थया, अनेक विद्यानो भाजन, वळी महिमावंत छे, निरीह—ते निःस्पृही, जे छे.

तेहने पाटे आचार्य श्रीविजयसिंहसूरीश्वर थया, पट्टप्रभाकर समान, सकलसूरीश्वरना समुदाय मांहे लीहवाली छइ, अनेक सिद्धांत तर्क ज्योतिः-न्यायप्रमुख ग्रन्थे महाप्रवीण छे. (२७५ गाथा)

ते—जे श्रीगुरु तेहनो उत्तम उद्यम—जे भलो उद्यम, तेणे करीनें गीतार्थगुण वाध्यो. तेहनां जे हितशिक्षा तेहने अनुसारे—तेहनी आज्ञा-माफकपणुं तेणे करी ए ज्ञानयोग ते द्रव्यानुयोग—ए शास्त्राभ्यास साध्यो—संपूर्णरूपे थयो. (२७६ गाथा) × × × ×

श्रीकल्याणविजयनामा वड वाचक—महोपाध्याय विरुद पाम्या छे. श्रीहीरविजयसूरीश्वरना शिष्य जे छे, उदयो-जे उपना छे. जस गुणसंतति ते श्रेणि गाई छे—सुर किन्नर प्रमुख निसदीस—रात्रिदिवस गुणश्रेणि सदा काले गाय छे. (२७८ गाथा) × × × तेहना शिष्य गुरुश्री लाभविजय वड पंडित छे. (२७९ गाथा) × × गुरु श्रीजीतविजय

नामे तेह्ना शिष्य परंपराये थया. × श्रीनयविजय पंडित तेह्ना गुरुभ्राता-गुरुभाई संबंधे थया, (२८० गाथा) जेणे बहु उपाय करीने कासीये स्वशिष्यने भणवाने काजे मूक्या, तिहां न्यायविशारद एहवुं बिरुद पाम्या (२८१ गाथा) × × × ते गुरुनी भक्ति × तेणे करीने एह वाणी द्रव्यानुयोगरूप प्रकाशी–प्ररूपी वचन द्वारे करीने. कवि जसविजय भणइं कहे छे, ए भणज्यो–हे आत्मार्थियो प्राणियो ! ए भणज्यो–दिन दिन दिवसे दिवसे बहु अभ्यास करीने, भणज्यो अति अभ्यासे. (२८३ गाथा) × × ×

संवत् १७२९ वर्षे भाद्रवा वदि २ दिने लिखि ।
साहा कपूरसुत साहा सुरचंदे लिखावितम् ॥ छ ॥

उपसंहार

२०१ व्याख्यानोना पुरोवचनमां शब्द अने भाषाना स्वरूप विशे संक्षेपमां जणावेलुं छे. पछी भाषाभेदनां निमित्तो विशे सविस्तर चर्चा करेली छे. ए प्रसंगे निरुक्तकार यास्के आपेला शब्दोने अने प्रधान वैयाकरण पाणिनिना धातुसंग्रहमांना धातुओने निदर्शन रूपे जणावेला छे. भाषाभेदनां बीजां अनेक निमित्तो जणाव्यां छे. तेमां आर्य अने अनार्य– ए बे जातिओनो गाढ संपर्क पण एक खास निमित्त छे. ते बाबत पण केटलाक पूरावा आपीने सविस्तर विवेचन करेलुं छे. वेदोमां य अनार्य शब्दोनो संपर्क छे ए हकीकत पण जैमिनिना वचन साथे टांकी बतावी छे. एटलुं ज नहीं पण जेमनो अर्थ अवगत न थतो होय एवा वैदिक अनार्य शब्दोनो अर्थ अनार्यसमाज पासेथी मेळववो एवुं कुमारिलभट्टनुं सविस्तर निवेदन जणावीने एवुं पूरवार कर्युं छे के आर्य अने अनार्योनो गाढ संपर्क अने आर्योनी भाषा ऊपर तेनी प्रबल असर ए कल्पित कथा नथी ज. अनार्यो द्वारा थतुं आर्यशब्दोनुं उच्चारण अने आर्यो द्वारा थतुं अनार्यशब्दोनुं उच्चारण ख्यालमां आवे ए माटे चीनी प्रवासी इुएनसिंगनां उच्चारणो साथे बीजां पण केटलांक उच्चारणो जणावेलां छे. प्राकृत-भाषाओना मूळ उपादानने समजवा सारु वैदिक भाषानी घटना साथे तेमनी आंतरघटनानी सरखामणी विशेष विस्तारथी सप्रमाण करी बतावी छे. अने एथी ए आशय सिद्ध कर्यो छे के वेद समयनी प्रचलित भाषानुं ज नाम प्राकृतभाषाओ छे. यास्कना अने पाणिनिना समयनां एक ज शब्दनां भिन्न भिन्न उच्चारणो ज ते शब्दोनी प्राकृतमयता सूचववाने पूरतां छे. संस्कृत ऊपरथी प्राकृत आव्यानो मत अने प्राकृत ऊपरथी

संस्कृत थयानो मत केवी रीते अप्रमाण छे ते पण वीगतथी दर्शाव्युं छे अने हेमचंद्रे करेला "प्रकृतिः संस्कृतम्" वचननी संगति अने असंगति बन्ने युक्तिपूर्वक दर्शावेल्यां छे अने संस्कृत उपर प्राकृतनी असर तथा प्राकृत उपर संस्कृतनी असर ए बन्ने हकीकत पण विशेष उदाहरणो साथे चर्चेली छे. साथे प्राकृतभाषानी अवहेलना करवाथी आपणे जे कांई खोयुं छे ते दर्शावी हवे एवी अवहेलनानो त्याग करवा विशेष नम्रतापूर्वक साक्षरमंडलने विनंती करेली छे. पछी तो प्राकृत भाषाओ—पालि, अशोकनी धर्मलिपिनी भाषा, खारवेलनी धर्मलिपिनी भाषा, आर्षप्राकृत, अर्धमागधी, सामान्य प्राकृत, शौरसेनी, मागधी, पैशाची, अपभ्रंश वगेरे भाषाओनो सौनेसौनो परिचय आपेलो छे. जैन परंपराना दिगंबर संप्रदायना प्रवचनसार वगेरे ग्रंथोनी भाषानुं पण स्वरूप साथे साथे दर्शाव्युं छे अने 'अपभ्रंशनो समय तथा ते विषेनां प्रमाणो' ए बाबत घणा विस्तारथी चर्चेली छे अने एम सिद्ध कर्युं छे के अपभ्रंश साहित्यने पांचमा सैकाथी आरंभी शकाय.

प्राकृतना स्वरूपने पण अहीं प्रस्तावोचितरीते बताव्युं छे अने संस्कृतना महाकविओ य तेनी असरथी बची नथी शक्या एम बतावी देश्यभाषाना प्रभुत्वने पण सूचव्युं छे अने ते पण उक्त कविओना शब्दोमां ज जणाव्युं छे.

गुजराती भाषानी उत्क्रांति बताववा माटे ते भाषा साथे संबंध धरावती आटली नानी मोटी अनेक चर्चाओ कर्या पछी बारमा सैकानी कविताना नमूनाओमांथी ते सैकानी भाषानो परिचय आपवा प्रयत्न कर्यो छे. ते माटे जोईए ते करतां य वधारे निदर्शनो, वाक्यो वगेरे एटला माटे मूक्यां छे के अहीं बेठां बेठां ज आपणे आजथी आठसो वरस पहेलांनी आपणी गुजराती भाषाना स्वरूपने सरळताथी समजी शकीए.

गुजराती भाषानी उत्क्रांति

२०२ बारमा सैकानी गुजराती भाषानो शब्ददेह प्राकृतनी जेवो छे एटले के तेमां विजातीय संयुक्त अक्षरो जेवा के 'क्र', 'क्ल', 'क्त' वगेरे मुद्दल नथी आवता. 'श' के 'ष' नो प्रयोग नथी. ते बन्नेने बदले एकलो 'स' ज देखाय छे. स्वरोमां ऐ, औ, अं, ऌ पण देखाता नथी. संयुक्त 'र' वाळा एटले 'अंत्रडी' जेवा प्रयोगो उपलब्ध छे. परंतु 'आचार्य' जेवा तो नहीं ज. क्रियापदोमां अंते अइ, अइं, के अउ वगेरे जुदा जुदा स्वरो देखाय छे, तेमनो गुण थतो जणातो नथी अने नामोमां पण एवा स्वरवाळा विभक्तिप्रत्ययो गुणविनाना ज उपलब्ध छे.

अभयदेवनी कृति ईश्वरनी स्तुतिरूप छे. वादी देवसूरिनी कृति गुरुनी स्तुतिरूप छे अने हेमचंद्रनी कृति लौकिक बनावोने वर्णवे छे. एथी त्रणेनी भाषा एक ज छतां आगला बेनी भाषा करतां हेमचंद्रनी भाषा थोडी वधारे सुबोध छे अने तळपदी जेवी छे.

२०३ तेरमा सैकानी भाषाने समझवा पण ठीक ठीक सामग्री मूकेली छे. तेरमा सैकानी भाषामां अने बारमा सैकानी भाषामां नहींवत् अंतर छे छतां प्रमाणमां तेरमा सैकानी भाषामां प्राकृतपणुं ओछुं देखाय छे. नामना अने क्रियापदना देहनी रचना आपणी अद्यतन गुजरातीना वलणवाळी छे. सोमप्रभनी रचना करतां धर्मसूरिना जंबूचरियमां अने विजयसेनसूरिना रेवंतगिरिरासमां आपणुं आधुनिक वलण वधारे स्पष्ट छे. सोमप्रभे जणावेलां आ पांच पद्यो पण तेमना समयनी लोकभाषानो—चालु गुजरातीनो—ख्याल आपवाने पूरतां छे :—

खड्डु खणाविय सइं छगल, सइं आरोविय रुक्ख ।
पइं जि पवत्तिय जन्न सइं, किं बुब्बुयहि मुरुक्ख ॥ १ ॥
तीयह तिन्नि पियाराइं, कलि—कज्जलु—सिंदूरु ।
अन्नइ तिन्नि पियाराइं, दुद्ध जम्वाइउ तूरु ॥ २ ॥
अह कोइलकुलरवमुहलु भुवणि वसंतु पयट्टु ।
भट्टु व मयणमहानिवह पयडिअविजयमरट्टु ॥ ३ ॥
वडरुक्खह दाहिणदिसिहिं जाइ विदब्भिहि मग्गु ।
वामदिसिहि पुण कोसलिहि जहिं रुचइ तहिं लग्गु ॥ ४ ॥
पिया हउं थक्किय सयलु दिणु तुह विरहग्गि किलंत ।
थोडइ जलि जिम मच्छलिय तल्लोविल्लि करंत ॥ ५ ॥

(कुमारपालप्रतिबोध पृ० २५–३२–३८–५७–८६)

सोमप्रभनी कृतिनो नमूनो अने तेमांना शब्दो वगेरे आगळ बतावी गयो छुं. तो पण तेमना समयनी प्रचलित गुजरातीनो विशेष स्पष्ट ख्याल आवे ते माटे अहीं फरीवार तेमणे अवतरणरूपे जणावेलां उक्त पांच पद्यो फक्त

नमूना रूपे जणावेलां छे. तेमनी कृतिमां बीजां तो आवां अनेक पद्यो तेमणे अवतरणो रूपे मूकेलां छे. तेरमी सदीनी गुजरातीभाषानो ख्याल आप्या पछी चौदमी सदीनी कृतिओना लीधेला नमूनामांथी शब्दो—नामो क्रियापदो वगेरे जणाव्युं छे अने तेरमा करतां चौदमी सदीनी भाषामां शी विशेषता आवी छे तथा चालु गुजरातीनी साथे ते केटला वधारे प्रमाणमां मळी जाय एवी बनेली छे ते बधुं वीगतथी बताव्युं छे. साथे साथे बारमी, तेरमी अने चौदमी सदीनी गुजरातीभाषानां नाम—विभक्तिओ, क्रियापद—विभक्तिओ, कृदंतो वगेरे विशे पण लांबुं विवेचन करेलुं छे अने वचे वचे व्युत्पत्तिसंबंधी केटलीक चर्चाने पण छेड्या सिवाय रही शक्यो नथी, बारमा अने तेरमा सैका करतां चौदमा सैकानी गुजरातीमां विशेष फेरफार थयेलो छे अने तेनुं वलण वधारे प्रमाणमां नवी गुजरातीने मळतुं थवा मांड्युं छे.

२०४ अत्यार सुधी जेमनो प्रयोग न हतो एवा विजातीय संयुक्त अक्षरो क्ष, क्त, ब्य, त्य, र्य, ष्ट, ष्ठ, द्व, र्ग, श्य, न्य, थ्य, म्य, स्य, ल्य, त्त्व, र्त, र्थ, र्म, स्थ वगेरे व्यंजनो चौदमा सैकानी गुजरातीमां वपरावा मांड्या छे. संस्कृतभाषानो प्रभाव जोतां अने तळपदां उच्चारणो विशेष अशुद्ध भासतां तत्कालीन लेखकोए क्लिष्ट छतां शुद्धिपोषक होई ए संयुक्त व्यंजनोनो वापर स्वीकार्यो होय एवो भास थाय छे. आ समय पछी उत्तरोत्तर विजातीय संयुक्ताक्षरोवाळा शब्दो खूब वधता गया छे. पहेलां जे श, ष, स त्रणेने बदले एकलो 'स' ज वपरातो हतो ते हवे बंध थयो अने यथास्थान श, ष अने स ए त्रणे चौदमा सैकानी गुजरातीमां वपरावा लाग्या छे. अंत्य एवा, अइ, अउ, वगेरे भेगा पण थवा लाग्या छे अने गद्यनी भाषामां तळपदापणुं वधतुं चाल्युं छे. अत्यार सुधी 'ऐ' ने बदले 'अइ' के 'अय' वपराता ते बंध थई चौदमा सैकामां 'ऐ'

पण वपरावा मांड्यो छे. आ रीते आ सैकामां गुजरातीनी मोटी माशी प्राकृतनी असर ओछी थवा लागी छे. अने समृद्ध एवी नानी माशी संस्कृतनी असर ठीक प्रमाणमां जणावा लागी छे.

२०५ पन्दरमा सैकानी गुजरातीभाषामां चौदमा सैकानी जे संस्कृत-जन्य विशेषता हती ते, वधारे प्रमाणमां कळावा लागी छे. 'औ' स्वरनो प्रयोग पन्दरमा सैकानी गुजरातीमां थवो शरू थयो छे. अंतिम 'अइ' वगेरे स्वरोनो गुण करीने पन्दरमा सैकानी भाषा बोलीए तो ते अद्यतन गुजराती जेवी जणाया विना रहेती नथी. आ सैकाथी षष्ठी विभक्तिना 'रहइं' वगेरे प्रत्ययो नवा ज शरू थया छे, जो के तेमनुं मूळ, तेनी माता अपभ्रंशमां रहेलुं छे ज. पन्दरमा सैका पहेलांनी गुजरातीमां सर्वत्र 'कहइ', 'करइ' एवां 'छइ' विनानां ज क्रियापदो वपरातां हतां ते हवे आ सैकाथी 'छइं' वाळां वपरावां लाग्यां छे अने ए पद्धति ठेठ आज सुधी चाली आवी छे. पन्दरमा सैकाथी जैन अने वैदिक बन्ने कविओनी कृतिओनो उपयोग करेलो छे. अने तेमां य जैन करतां वैदिक कविओनी कृतिओनो वधारे उपयोग छे.

२०६ सोळमा सैकानी गुजरातीमां आद्य 'ज' ने बदले 'य' नुं उच्चारण थयेलुं मालूम पडे छे. हवे अहीं 'अइ' वगेरे लगभग संयुक्त थयेला वपरावा लाग्या छे. 'जेह्वुं' 'ताह्रूं' वगेरे प्रयोगोमां 'ह्' श्रुति संभळावा लागी छे अने सप्तमीविभक्तिवाळां नामो जेवां के 'आसनि' 'गामि' वगेरेने बदले 'आसन्य' 'गाम्य' एवा 'य'कारवाळा प्रयोगो पण वपरावा लाग्या छे, तथा जे नाम, छेडे 'इ' वाळुं छे जेमके हरि, रात्रि, प्रीति एनो अंत्य 'इ' 'य'रूपे बदलाईने वपरायेलो छे, एटले हर्य, रात्य, प्रीत्य एवा प्रयोगो थयेला छे. आवा प्रयोगो वाग्व्यापारजन्य विलक्षण-ताना पुरावारूप छे, ए स्पष्ट छे.

२०७ सत्तरमा सैकानी गुजरातीमां घणे स्थळे अंतिम दीर्घ 'ऊ' वपरायेलो छे. जेम 'नुं' ने बदले 'नूं' वगेरे. अने 'ऐ' तथा 'औ' नो प्रयोग छूटथी थवा लाग्यो छे, तथा 'ऋ' आदिवाळा शब्दोमां 'ऋ' ज कायम रह्यो छे, पण तेने बदले 'रि' नो प्रयोग वधारे प्रमाणमां नथी.

२०८ आ पछी अढारमा सैकानी भाषा तो अद्यतन गुजराती छे, एथी ए विशे विशेष विवेचन नथी कर्युं; परंतु जे रीते पन्दरमा सैकानी गुजरातीने समझाववा विभक्तिवार उदाहरणो, क्रियापदो, सर्वनामो वगेरे वीगतथी आप्युं छे ते रीते अढारमा शतकनी एटले आजनी गुजराती भाषाने समझाववा अनेक रूपो सविस्तररूपे आपेलां छे. आजे आपणे ज्यां 'स' नुं उच्चारण करिए छिए त्यां पण अढारमा शतकनी गुजरातीमां तालव्य 'श' नुं उच्चारण रहेलुं छे अने ज्यां आपणे त्यां 'ळ' नुं उच्चारण प्रवर्ते छे त्यां 'ल' नुं उच्चारण थयेलुं छे. बारमाथी ते ठेठ अढारमा शतक (एक श्रीयशोविजयजीनी कृतिमां क्यांय 'ळ' देखाय छे परंतु ते संशोधननो के मुद्रणनो दोष केम न होय?) सुधीनी गुजरातीमां क्यांय 'अवला', 'वली', 'काल' वगेरे शब्दोमां 'ळ' नुं उच्चारण जोवामां नथी आव्युं एटले कदाच 'ळ' नुं उच्चारण तद्दन आधुनिक होय अने दक्षिणना सहवासथी आव्युं होय ए बनवा जोग छे. प्राचीन समये वेदमां तेम ज प्राकृतभाषाओ पैकी पालिभाषामां अने पैशाचीभाषामां स्वतंत्र 'ळ' नुं उच्चारण चाले छे एटले ए पण संभव छे के दाक्षिणात्य वेदपाठीओना वा 'ळ' वाळी भाषाना सहवासथी वर्तमान गुजरातीमां 'ळ' नुं उच्चारण उमेरायुं होय.

२०९ चौदमा सैकानी गुजरातीथी ठेठ अढारमा सैकानी गुजराती सुधी-नी रचनाओमां कोई प्रकारना नियत बंधारणवाळी निश्चित जोडणी देखाती

નથી, ત્યાર પહેલાં વધારે પડતી અનિશ્ચિતતા નથી ભાસતી, તથા 'મુખ્ય' ને બદલે 'મુક્ષ્ય' જેવાં કેટલાંક વિચિત્ર ઉચ્ચારણો પણ સોળમી સદીની કૃતિઓમાં રહી ગયેલાં છે. સૈકાવાર એક એક સળંગ કૃતિની ભાષા—પરીક્ષા કરાય અને એ રીતે અઢારમા સૈકા સુધીનું સંપૂર્ણ ગવેષણ થાય તો ગુજરાતી ભાષાનું ઘડતર, બંધારણ, વ્યુત્પત્તિ, જોડણી અને એક એક શબ્દોનાં ભિન્ન ભિન્ન ઉચ્ચારણો એ બધી હકીકતો વિશે વધારેમાં વધારે પ્રકાશ પડે અને શબ્દોના રૂપાન્તરો તથા તેમના અર્થના ઇતિહાસ વિશે પણ ઘણું નવું જાણવાનું મળે; પરંતુ એ કાર્ય અનેક વર્ષ અને અનેક વ્યક્તિ સાધ્ય છે એથી અહીં તો મેં મારી શક્તિ અને મર્યાદા વિચારી સ્થાલીપુલાકન્યાયે સૈકાવાર ત્રણ ત્રણ કૃતિઓને તપાસવાનું નિર્ધારેલું અને તે પ્રમાણે તે તમામ કૃતિઓનું ગવેષણ કરી ગુજરાતી ભાષાનો ક્રમિક વિકાસ જે રીતે હું સમજ્યો છું તે રીતે બતાવવા પ્રયત્ન કર્યો છે.

